# સ્ત્રીબોધ

"દેશની હાલત સુધારવાની સરવેથી સરસ રીત એકે માતાઓ જ્ઞાની થાએ તેમ કરવુ"

(ને૦ બોનાપારટનુ કુરતાત)

(૫૮૩

## પુસતક ૭ મું.

જાનેવારીથી ડીસેમબર સને ૧૮૬૩ સુધી.

૦૫૯
સ્ત્રી બો.



ફાર્બસ ગુજરાતી
0 2012
મુંબઈ ૪૦૦ ૦૮૯

મુંબઈના

દફતર આશકારા છાપાખાના મધે છાપીઉછે

૧૮૬૩

# સાંકલીઉં સ્ત્રી બોધના પુસતક ૭ માનું.

### આંક ૧ લો—જાંનેવારી શને ૧૮૯૩.


સેરનાં સવાસેર અથવા બઈરીનાં સેકાર, બેરડાઇની સજા. ૧
સ્ત્રી એટલે શું ! .. ૬
દરાખનો ઉપીઓગ અને દરદના ઈલાજો .. ૭
એક આંધલા છોકરાનો અજાંએબ પ્રવાસ.. ૯
ધરધણીઆંનીઓનો જુલમ.. ૧૧
લેડી કેંનીંગ—(ચીતર સાથે) .. ૧૪
પાણીનાં બીછાંણા.. ૧૫
મરઘાંની દોસતી .. ૧૬
રાજા થવાની એક રીત.. ૧૭
રમુજે ફુરસત.. ૧૮
પરચુરણ બાબદો .. ૧૮
એક રંબારણનાં કાલાવાલા (રાસડો) .. ૧૯
નાણાથી આબરૂ મોટીછે તે વીશે ગરબી .. ૨૦


### આંક ૨ જો—ફેબરવારી શને ૧૮૯૩.


સેરનાં સવાસેર અથવા બઈરીનાં સેકાર, બેરડાઇની સજા. ૨૧
લગણ એટલે શું ! .. ૨૬
રોમ શેહેરનુ "કોલીસીઅમ." (ચીતર સાથે.) .. ૨૮
નાંજીબાઈની નરમાસ અને શુનાબાઇની સપાટ.. ૨૯
જાંન મીલટન નાંમનાં સાએરનો અંધાપો, (ચીતર સાથે) ૩૩
દુનીઆનો મુસાફર, (ચીતરો સાથે) .. ૩૫
"મીરાં કાંમ સાહેબનાં"—જનાવરોની ઉતમ કેલવણી નો એક દાખલો.. ૩૭
રમુજે ફુરસત.. ૩૮
પરચુરણ બાબદો .. ૩૮
વેમ તજવા વીશે ગરબી .. ૩૯
આનરએબલ રૂસતમજી જમશેદજી વીશે ગરબી.. ૪૦


### આંક ૩ જો—મારચ શને ૧૮૯૩.


સેરનાં સવાસેર અથવા બઈરીનાં સેકાર, બેરડાઇની સજા. ૪૧
લગણ કેઆરે કરવાં ? .. ૪૬
અકરશણ શકતી—કુદરતી કાએદા—(ચીતરો સાથે).. ૪૭
પંખા બનાવાનો હોનર.. ૫૦
લેડી આલીસ લીસલી—(ચીતર સાથે) .. ૫૧
"ઈસટીરીઆ" અથવા ચમક .. ૫૨
મન રાજાની મોટી દરબાર.. ૫૪
ઘુવડ પખશી—(ચીતર સાથે) .. ૫૭
રમુજે ફુરસત.. ૫૮
પરચુરણ બાબદો .. ૫૯
વસંત રૂતુ (કવીતા).. ૬૦
સતીઅ વીશે ગરબી .. ૬૦


### આંક ૪ થો—એપરેલ શને ૧૮૯૩.


સેરનાં સવાસેર અથવા બઈરીના શેકાર, બેરડાઇની સજા. ૬૧
લગન કેમ કરવાં ? .. ૬૬
એક તવાએલું માંણસ.. ૬૮
દુનીઆંનો મુસાફર—(ચીતરો સાથે) .. ૬૮
ધનાંકાકીનાં ધપકરા.. ૭૧
અસતરીઓના ધંધા—(ચીતર સાથે) .. ૭૪
નવાઈ સરખાં વશીએત નામાંઓ .. ૭૫
કુતરો અને તેની થોડીએક વાત—(ચીતર સાથે) .. ૭૭
રમુજે ફુરસત.. ૭૯
પરચુરણ બાબદો.. ૭૯
પતી પરબોધ .. ૮૦
અસતરીઓના સુધરવાથી દેશમાં સુધારો વેહેલો થાએછે. ૮૦


### આંક ૫ મો—મે શને ૧૮૯૩.


ખોટા હીરા ચલકે ઘણાં .. ૮૧
કેલવણી એટલે શું ? .. ૮૬
આસમાંની તલેસમાંતો, (ચીતરો સાથે).. ૮૮
માતાઓને ચેતવણી—દુધમલ બાલકોને જોઈતું દુધ. ૯૧
એક અબલાની ફરીઆદ.. ૯૨
અજાએબ જેવાં માંણસો, (ચીતરો સાથે) .. ૯૪
ઓરતોની શરમ .. ૯૬
માંછલી અને તેની થોડીએક વાત, (ચીતર સાથે) .. ૯૮
રમુજે ફુરસત .. ૯૯
પરચુરણ બાબદો .. ૯૯
"ઘડપણ વીશે" કવીતા.. ૧૦૦
રાણીના વડા પુતરને મુબારકબાદી (કવીતા).. ૧૦૦
તા૦ ૧ લી મેને દીને થએલી રચણા (કવીતા) .. ૧૦૦


### આંક ૬ ઠો—જુન શને ૧૮૯૩.


ખોટા હીરા ચલકે ઘણાં.. ૧૦૧
માતાઓને ચેતવણી, દુધમલ બાલકોને જોઈતો ખોરાક. ૧૦૬
દુનીઆનો મુસાફર—(ચીતરો સાથે) .. ૧૦૮
ધનજીશાહા અને રતનબાઈ.. ૧૧૦
ગાએણ અને ગાએણ ગાનારાઓ—(ચીતર સાથે) .. ૧૧૬
ધરતીની વસતીનું થોડુંક બેઆન .. ૧૧૭
જે થાએ તે સારાંને કાજ .. ૧૧૭
રમુજે ફુરસત—(ચીતરો સાથે).. ૧૧૮
પરચુરણ બાબદો .. ૧૧૯
દુકાલ વીશે મલાર રાગનું પદ .. ૧૨૦
સદ્દાલ વીશે પદ .. ૧૨૦

## આંક ૭ મો—જુલાઈ શને ૧૮૬૩.


ખોટા હીરા ચલકે ઘણાં .. .. .. .. .. .. .. ૧૨૧
પરીનસ આફ વેલસ, તેની બાંનુ અને તેનાં લગણ, (ચીતરો સાથે) .. .. .. .. .. .. .. .. ૧૨૬
માતાઓને ચેતવણી—હમેલનાં વખતનો ખોરાક.... ૧૨૯
આસમાંની તલેસમાંતો.. .. .. .. .. .. .. .. ૧૩૧
"કુટબ મીનાર"—દીલહી—(ચીતર સાથે) .. .. .. ૧૩૩
એક ભુતખાનાની વાત.. .. .. .. .. .. .. .. ૧૩૪
માંદલાઓ મનચેરસા .. .. .. .. .. .. .. .. ૧૩૫
કસતુરીઓ નાંમનું જાંનવર—(ચીતર સાથે) .. .. ૧૩૭
રમુજે ફુરસત .. .. .. .. .. .. .. .. .. ૧૩૮
પરચુરણ બાબદો.... .. .. .. .. .. .. .. .. ૧૩૮
એક કુલખશણી નારના બરથારની ફરીઆદ—(ગરબી) ૧૪૦
જીવને શીખામણ—(કવીતા) .. .. .. .. .. .. ૧૪૦


## આંક ૮ મો—આગશટ શને ૧૮૬૩.


ખોટા હીરા ચલકે ઘણાં .. .. .. .. .. .. .. ૧૪૧
દુનીઆંનો મુસાફર—(ચીતરો સાથે) .. .. .. .. ૧૪૬
માતાઓને ચેતવણી, હમેલનો સંભાલ .. .. .. .. ૧૪૮
શાહાજાદો લીઓપોલડ અને તેનો મેહેતાજી .. .. ૧૪૯
બીજાપોર શેહર અને તાંહાંની ઇમારતો, (ચીતર સાથે) ૧૫૧
જુની આંખે નવાં કોતક.. .. .. .. .. .. .. ૧૫૩
વીપવા માહારાણીજીની નકલ કરવા જોગ ચાલ.. .. ૧૫૮
રમુજે ફુરસત.. .. .. .. .. .. .. .. .. ૧૫૯
પરચુરણ બાબદો .. .. .. .. .. .. .. .. ૧૫૯
રાગ પરભાતી .. .. .. .. .. .. .. .. .. ૧૬૦
હરી હરી કેહેવા વીશે (ગરબી) .. .. .. .. .. ૧૬૦


## આંક ૯ મો—શપટેમબર શને ૧૮૬૩.


વફા ઉપર જફા.. .. .. .. .. .. .. .. .. ૧૬૧
દુનીઆંનો મુસાફર—(ચીતરો સાથે) .. .. .. .. ૧૬૬
અજીરણ અથવા બાદી.. .. .. .. .. .. .. ૧૬૮
હું અને મારી બાએડી.... .. .. .. .. .. .. ૧૭૦
બીજાપોર અને તાંહાંની ઇમારતો—(ચીતર સાથે) .. ૧૭૪
એક હીમતવાંન સીની વાત.... .. .. .. .. .. ૧૭૫
જંગલી હેવાંન સાથ વરોલાં આદમીઓ.. .. .. .. ૧૭૬
જુદી જુદી જાતના હરણો—(ચીતરો સાથે) .... .. ૧૭૭
રમુજે ફુરસત—(ચીતરો સાથે) .... .. .. .. ૧૭૯
પરચુરણ બાબદો.... .. .. .. .. .. .. .. .. ૧૭૯
રાખાવતે બાહાદુર શેઠ કાવસજી જાંહાંગીરજી રેડીમની વીશે ગરબી.. .. .. .. .. .. .. .. ૧૮૦


## આંક ૧૦ મો—અકટોબર શને ૧૮૬૩.


વફા ઉપર જફા .. .. .. .. .. .. .. .. .. ૧૮
દુનીઆંનો મુસાફર—(ચીતરો સાથે) .. .. .. .. ૧૮
શરીરમાંનાં કીડાઓ—બચાંનાં કરમ.... .. .. .. ૧૮
એક જુવાંન જોડું—મોહોબતની અસર .. .. .. ૧૯૦
મેહેરબાનુની મેહેરબાંની .. .. .. .. .. .. .. ૧૯૧
એક કંજુસ સખી .. .. .. .. .. .. .. .. .. ૧૯૩
અજાએબ જેવાં માણસો—(ચીતરો સાથે.) .. .. .. ૧૯૪
અજાએબ જેવા સપનાઓ.. .. .. .. .. .. .. ૧૯૫
ગજપુ.. .. .. .. .. .. .. .. .. .. .. ૧૯૭
સીસોલીઉ નામનું જાનવર—(ચીતર સાથે) .. .. ૧૯૮
રમુજે ફુરસત .. .. .. .. .. .. .. .. .. ૧૯૮
પરચુરણ બાબદો .. .. .. .. .. .. .. .. .. ૧૯૮
બચુબાઇ નાંમની એક છોકરી વીશે ગરબી .. .. .. ૨૦૦
આ દુનીઆમાં કોઈ રેહવાનુ નથી તે વીશે ગરબી .. ૨૦૦


## આંક ૧૧ મો—નવેમબર શને ૧૮૬૩.


વફા ઉપર જફા.. .. .. .. .. .. .. .. .. ૨૦૧
દુનીઆંનો મુસાફર—(ચીતરો સાથે) .. .. .. .. ૨૦૭
શરીરમાંનાં કીડાઓ—વારાનું દરદ.. .. .. .. .. ૨૧૦
એક વાતમાં સાત વાત.... .. .. .. .. .. .. ૨૧૧
કાલુનાં છટકાં.. .. .. .. .. .. .. .. .. ૨૧૫
નાટકો, નાટકકારો અને નાટકશાલાઓ, (ચીતર સાથે) ૨૧૬
લુકરીશીઆ અને મારગરેટ—બે કવી બેહેનો .. .. ૨૧૭
એક માનો ખોટો ધબરાટ .. .. .. .. .. .. .. ૨૧૯
રમુજે ફુરસત .. .. .. .. .. .. .. .. .. ૨૧૯
પરચુરણ બાબદો .. .. .. .. .. .. .. .. .. ૨૧૯
છોકરીઓને ઇંગરેજી નીશાલમાં દાખલ થવા વીશે ગરબી. ૨૨૦


## આંક ૧૨ મો—ડીશેમબર શને ૧૮૬૩.


વફા ઉપર જફા .. .. .. .. .. .. .. .. .. ૨૨૧
દુનીઆંનો મુસાફર—(ચીતરો સાથે) .. .. .. .. ૨૨૬
શરીરમાંનાં કીડાઓ—પરચુરણ જાત .. .. .. .. ૨૨૮
એક ફરેંચ પાહાદશાહની સાદાઈ .. .. .. .. .. ૨૩૦
પરીતી—(ચીતર સાથે) .. .. .. .. .. .. .. ૨૩૦
ધનબાઇ ધતુરો—તે કંટાલેછે કાંએ ! .. .. .. .. ૨૩૨
કાઠીઆવાડનો પોહોએક હેવાલ—(ચીતર સાથે).. .. ૨૩૫
લુકરીશીઆ અને મારગરેટ—બે કવી બેહેનો .. .. ૨૩૬
અજાએબ જેવા શપનાઓ .. .. .. .. .. .. ૨૩૭
રમુજે ફુરસત .. .. .. .. .. .. .. .. .. ૨૩૯
પરચુરણ બાબદો .. .. .. .. .. .. .. .. .. ૨૩૯
છોકરીઓની નીશાલો થઈ તેની ખુશીનુ પોલ .. .. ૨૪૦

# સ્ત્રીબોધ.

પુસ્તક ૭ મું. | જાનેવારી ૧૮૬૩ | આંક ૧ લો.


## સેરનાં સવાસેર

અથવા

## બઈરીઓના શેકાર—બૅરડાઈની સજા.

### એક વારતા. †

### પરકરણ પેહેલું.

### એક બેવકુફનો પાદશાહા.

"મને બઈરી જોઈએ—મને બઈરી જોઈએ."

"ઉમરે હું બુઢો થવા આવીઓ છેઉં. પઈસે ટકે ગરીબીમાં આવતો જાઉં છઉં. ખીસા ખાલી અને ભરમ ભારી દીશેછે, માંટે તેવા વખતમાં પરણી લેવામાં કદામ તડાકો પડે ખરો. બઈરી આવશેતો દૌલતની દેલી ને દેલીઓ આવશે. બઈરી આવશેતો શુખનો સાગર સરૂ થશે. મને બઈરી જોઈએ—હા, મને બઈરી જોઈએ."

આ બેવકુફી ભરેલા વીચારવાલુ આદમી પોતે બેવકુફ હોવું જોઈએ; અને તેમજ હતું. પીઆરી વાંચનારી બાઈઓ ગાંડું અથવા કમઅકલ માંણસ કોણને કહીએ તેનો જો નમુનો જોવો હોએતો આ ઉપલુ બોલનાર ધણી હતો; જે પોતાનાં મનનાં વીચારોને મોટે અવાજે બાહેર પાડવાને ડરતો નહી હતો. એકબારગી તેની એવી ઉમેદ હોએ પણ તે ધારી રાખવાને બદલે તે વીશે બુમ પાડીને બોલતું કોણ હશે? આ શખસ તેમજ કરતો હતો અને તેમાંજ તેની બેવકુફી પુરવાર થાએછે:

આ કમઅકલ શખસનું નાંમ ગુરગીન કરીને હતું. તેની થોડીએક ઓલખ આપવી જરૂરનીછે. "મોટુ પેટ, મોટી દાહાડી અને રોજની વારી" એમાં જેમ આપણાં કેટલાંએક લોકો દુનીઆંનુ તમાંમ સુખ ધારેછે તેમજ ગુરગીન સમજતો હતો. તેનું પેટાખાંનુ દેખાઈતું મોટું, અને બોહીઆંની ખીસાએ ઉપસેલું હતું. તેની દાહાડી તેની છાતી શુધી પુગેલી હતી અને ટુંકા પગ તથા ટુંકી ગરદન હોવાથી તે દેખાવમાં ઘણોજ બેહોલ હતો. ખાવો, પીઓ અને મોજ કરો એમ તે સઉને શીખાંમણ દેતો હતો. તે કઉવતે નબલો હતો અને તેનું મગજ કીટાઇ ગએલું હતું. બોલવાનાં કે ચાલવાનાં તેનાં સકાર નહી હતા, અને જારે રસતા ઉપર ફરતો તારે એકેકા એવા લપેરા ખાતો હતો કે બચાંઓ ગભરહે ધારીને તેની આગલથી નાહાસી જતાં હતાં, તથા ઓરતો અને મરદો તેને ગુરગીન પાલીઓ કરી ખીજવતાં હતાં.

ગુરગીન જુવાંનીમાં જોરમંદ હતો. રાજાની ચાકરીમાં તેણે લડાઇઓ મારેલી હતી, અને સંકટોમાંથી જેમ જાંન બચાવીઓ હતો તેમજ દરબારોમાંથી માંન, આંન અને નાંહાંની સરખી દૌલત મેલવી હતી. પણ તે ઉપર તેની મગરૂરી થોડી નહી હતી. ઘણી જવાંન ઉમરમાંથીજ તે મોજ અને ફંદમાં ફશીઓ હતો. બચપણથી તેને દારૂનો લખ લાગો અને તેમાં દૌલતને બરબાદ કીધી. પોહોંચખાનાં અને ધરમશાલામાં તેનો જનમારો ગુજરતો હતો. જાંહાં તે ખાંણાં પીનાંમાં રેહેતો અને ગોએઆ મફત મલીઆ હોએ તેમ પઈસા વેરતો હતો.

દૌલત ખોહી જીનદગી ગુમાવી અને કરએઆથી રદ થઇને જારે નાંચારી હાલતમાં વધારે આવવા લાગો તારે ગુરગીનને લગણ કરવાનુ ઇઆદ આવીઉં, આ વારતાની શરૂઆતમાં ટાંકેલા સબદોને તે ઘડી ઘડી બોલતો હતો અને પરણવાની ઉમેદને દમેદમ જાહેર કરતો હતો, પણ આપણ જાંણીએ છઈએ કે તે લગનમાં પઈસાવાલો થવાનો ઉપાએ સમજતો હતો, બાકી બીજી કસી મતલબ ઇઆ મુરાદ નેક કરવામાં તેની હતી નહી.

પોતાની એ બેવકુફી તે મોહોહેથી બોલતો હતો તેનુ કારણજ દારૂ હતું. પોહોંચખાનાં મધેનાં પોતાનાં ઓરડામાં નાસતો કીધા પછે તથા સરાબની જાંમ પેદરપે તેનાં મોટાં મેટાખાંનાંમાં જવા પછે તે ઘણો બેઅકલી બનીને પરણવા વીશે વીચાર કરતો હતો. એક હાથમાં દારૂનો શીસો, બીજા હાથમાં જાંમ અને મોહોડામાં બુક રાખીને તે બોલતો

† આ વારતાનો પાએઓ ગુરૂ શેકસપીઅરનાં એક નાંટક ઉપર રચીઓછે. એ માહા પુરૂષનાં કેટલાએક નાંટક બેલ આગ્મે આ પાંનીઆંમાં દાખલ થઇ ચુકાછે, અને હજુરે શુધી તેની મદદને પડતી મેલવાની કાંઇ ગરજ જણાંતી નથી. આજથી એક બલતે વારતાનાં આકારમાં પરગટ કરવા માંડીઓછે, અને તેને લીધે અમુલ નાંટકની ઠપ છપને બદલીને તેમાં હમોએ કેટલાએક ફેરફાર કીધાછે.

હતો કે "આ વખતે મારા સુંનાં સરખા જીવને કુમલાવા શા માટે દેઉં? મારો આ ખીલતો જોદ્ધા સરખો જનમારો વગર બાઈરીએ શા માંટે ગુજારૂં! ધણી વગરનાં ઢોર શુનાં; તેમ બાઈરી વગર હું બાવરો બની ગએઓછુ. નાં, નાં, કોઈબી સરસ મેડાંમેને સોધી કાહાડું અને કુમારો રેહેવા કરતાં પરણેલો કેહેવાઉંતો બેહેતર."

એ ગુરગીનનો વીચાર હતો.

આ વીચાર કરતાં વધારે દારૂ સાથ વધારે આરૂં મેહેકવાની તેને ઉલટ થતી હતી. તે સમજતો કે "દોલત ઉપર મેં મોહોટાઈ ચલાવીછે, પણ ઓરત ઉપર કદી સેડાઈ કીધી નથી. લશકરોમાં મેં રોર કીધીછે પણ નારી જાતીમાં સરદારી ચલાવાને હું ભુખેલો છુ."

એ ગુરગીનની ઉમેદ હતી.

પણ એકુ બે જાંમ વધારે ચહડાવે અને તેની અકલનો નકશો જુવો. તે બોલશેકે "પઈસાવાલી ઓરત પોતાનાં માટીને પઈસાવાલો કરેછે. માંટે મારેતો તેવીજ કોઈ ઓરત અથવા ઓરતોને શોધી કાહાડવી જોઈએ. એક તવંગર સ્ત્રી જારે એક દોલત લાવશે તારે તેવી બે સ્ત્રીઓથી બમની દોલત મલશે, વાસતે બનશેતો હું એકથી વધારે બાઈરી કરશ, પછે મરને તે કુમારી હોએ ઈઆ પરણેલી તેની પરવા રાખશ નહી. મારેતો લગન કરવાં અને પઈસા મેલવવા, માંટે મારી બાઈરી એક ઈઆ એક હજાર વખત પરણેલી હોએ અથવા નહીતો કુમારી હોએ તેનો હું વીચાર કરવાનો નથી."

એ ગુરગીનનો ઠરાવ હતો.

વીચાર કરતાં કરતાં તેનુ મન ફરતું હતું અને છેલે તે આ પરમાંણે ઠરાવ કરી રેહેતો હતો.

દરરોજ રાતનાં જારે કેટલાંએક માંણસો કેહેછે તેમ ગુરગીન દારૂથી ભારોભાર બનતો હતો તારે તે ઉપલો ઠરાવ કરીને શુતો હતો અને સવારનાં ઉઠતાં તે ઠરાવ પવણ ઉપર ઉડી જતો હતો. "ટંપાલ" ની અસર નીકલી જવા પછે તે પસતાવો કરતો હતો અને પોતાનાં ખરચને માંટે બક્ષાપો કરતો હતો. "ખાનાર પીનારને સાહેબ આપનાર" એ કેહેવાતને તે ભુલી જતો હતો અને પોતાનાં ચાકરોને કાહાડી મેલવા નીકલતો હતો. જેવી રોશી તેવી હીંઆં કીરીઆ હતી. જેવો ગેડ તેવા તેનાં ચાકરોબી હતા. તેઓ સાંમાંનનો પટો મારી જવામાં ઘણાં હશીઆર હતા તથા સેઠનાં સરખા બેવકુફ, બેઅકલી અને લાલચુ હતા તે સઘલા ચાકરોને કાહાડી મેલીને માતર બેને ગુરગીને પોતાની ચાકરીમાં રાખીઆ હતા, તેઓમાંનાં એકનું નામ હજીર અને બીજાનું નામ નજીર કરીને હતું.

આ ચાકરો પેતાનાં બેવકુફ સેઠનાં ઠરાવ ઉપર પેહેલાં અજાણ થતા હતા. જારે ગાલ પાક ઉપર આવીઆ અને જારે જીંદગીની લગભગ આખરી આવી તારે ગુરગીન સાહેબ બાઈરી કરી લાવવાનાં વીચારમાં પડીઆ, માંટે તે દીવો લઈ કોઈ બાઈરીને શોધી લાવશે તે વીશે આ ચાકરો ઘણી ઈંતેજારીમાં હતા. એક બોલતો હતો કે "ભાઈ નજીર, માં ખરો (એટલે જે ગુરગીન) તો ધાંધલીને લાવવા માંગેછે. તારૂં શું મતછે!"

નજીર—જવાબ દેતો કે—અરે વલી મન કીઆં જાંહાંનમમાં લેવા જાઉં. એ ગુએો ગુએો જોએઆ કરની. કોઈ ગુરતીને પકડી લાવશેતો આપણા બાપનું શું જવાનુંછે?

હજીર—પણ ઈઆર તેબી તેના જેવી છાકટી હોએ તો મજા પડવાની. બેઉ છાકટાં થઈને એવો તમાસો કરશે કે તેં ને મેં જનમમાં જોએઓ નહી હોએ.

નજીર—છાકટી હોવો ઈઆ નાં હોવો, પણ આપુણે તો છકાં પડશે. દુમબાને કહીશું અને પછે સેકાંણી સાથ લગણ થએઆં તેની વધામણીને મસે જે સો બસો ચીરીઆ તે ખરા.

આ નકારી ઉમેદમાં એ ચાકરો રહીજ ગીઆ હતા. તેઓ જોવા લાગા કે સેઠતો દરરોજ એકનો એક ઠરાવ કરેછે અને પછે તેમનો નીકાલ હવા ઉપર થાએછે, માંટે તેઓની ઈનતેજારી નીકલી ગઈ, અને ગુરગીનનાં ઠરાવઉપર કશું ધેઆંન આપવા લાગા નહી. પણ એક દાહાડે તેઓ ઠગાએઆ તેઓએ જોઈઉં કે ગુરગીન બાવાએ પકો ઠરાવજ કીધો અને રાતમાં વીચાર કીધા પછે સવારનાં બે ઓરતો ઉપર ધધરાવીને ચીઠી લખી કાહાડી તારે તેઓની અજબતીનો પાર રહેઓ નહી. ગુરગીન તે ચીઠીઓને પોતાની સાંમે મેલી પોતાનાં ચાકરોને હાંક મારવા લાગો. શેઠ જેણે તે વખતેબી ટીચેલો હતો, તે તેની જાુહનમાં હતો અને ખુરસી ઉપર ખરાડા મારતો હતો. ચાકરો આગલ ગીઆ અને રોગને ખાતર અદબ વાલી ઉભા રહેઓ. ગુરગીને હજીરને એક કાગજ આપીઉં અને ખોરશેદબાંનુ ઉપર લેઈ જવા કહેઉં, તથા નજીરને એક કાગજ આપી હોકમ કીધો કે મેહેરબાંનુને તે પોંહોંચાડી આવવું.

ચાકરો દાચાં વકાસી ઉભાજ રહેઆ. તેઓ હરઘડી સેઠની ટકોર કરતા હતા, અને તેનાં જવાબમાં સેઠની છુપી વાતો જાંણી લેતા હતા. તેઓ સમજવા છતાં, ખોરશેદ અને મેહેર તે કોઈ ઓરતોછે તે વીશે એકેકને પુછવા લાગા.

ગુરગીનથી તે જોવાએઉં નહી. તે બુમ પાડી ઉઠીઓ કે "અરે કંમબખતો, તમારૂં કાલુ કરો. હઈથી જાઓ, મેં કેહેઉં તે કાંમ બજાલાવો." પણ "ખોરશેદબાંનું તે કોઈ અને મેહેરબાંનું તે કોઈ" એ સવાલ તેઓ દમપર દમ પુછવા લાગા. ગુરગીનને આ સવાલો ઉપરથી ગુસો ચહડીઓ. એ બે બાંનુઓ સાથ તે પરણવા માંગતો હતો અને તેટલાજ માંટે આ ચીઠીઓ તેણે લખી હતી. તોબી ચાકરો તુરત રોડીઆ નહી અને તેની સાંમે ઉભા, એતો તેને મનસે મોટી તકશીર લાગી. માંટે ચીસ પાડીને તે બોલીઓકે "અરે ઓ આંધલા હજીર, ઓ બેહેરા નજીર તમારી શુધછે કે નહી? તમારૂં સર સેતાનસમાં જાએ, તમો હંઈથી મરો. જે બે નાંનનીઓને નાંમની મેં આ ચીઠીઓ આપીછે, તેઓની સાથે હું પરણવાનોછું તે શું તમો નથી જાંણતા? જાવો એ કાગજ લઈ જાઓ અને ખુશ ખબર મને આવીને કેહો."

હજુર ચાકરો ગએઆ નહી. તેઓએ જોએઉં કે પુછી લેવાનો વખત તેજ હતો, માંટે "સાહેબ એ બાંનુઓતો પરણેલીછે"—"સાહેબ તેઓનાં ધણી જીવતાછે"—"સાહેબ એ બાઈરી તમારીથી કેમ થશે?" એ સવાલો પુછવામાં તેઓએ ઢીલ કીધી નહી. તેઓને જે જવાબ મલીઆ તે આગલથી હમોએ જણાવીઆછે. ગુરગીનતો પરણીને પઈસા વાલો થ

વાની મુરાદ રાખી હતી, અને તેટલા માંટે તે બાઈરીઓ એક હોએ ઈઆ બે, અથવા તેઓનાં ધણી જીવતા હોએ કે મુવેલા તે વીશે તેને દરકાર નહી હતી.

ગુરગીનની ખાતરી હતી કે જે બે ઓરતો ઉપર તેણે પેતરો લખીઆછે તેઓ તેને પસંદ કરશે. તે વીચારતો હતો કે "એ ખોરશેદ અને મેહેર મારી શાથ ઘણી દોસતી રાખેછે. જારે હું તેઓનાં ઘરોમાં જાંઉ છઉં તારે તેઓ મારી ઉપર બહુ પીઆર દેખાડેછે. તેઓ મને ટપલા મારેછે, તથા મારી સાથ મજાખ કરેછે. તેઓ મારૂ આ મોટુ પેટ જોઈને મારા ઉપર મોહી પહેલીછે, તથા મારી તરફ મદદ હસતી રેહેછે. વલી પઈસેતો તેઓ પુછે, અને મારી ઉપર જારે રાજીછે તારે મારી ચીઠી કબુલ રાખી તેઓ મારી ઉપર પરીતી રાખશે, અને શેવટે પરણશે. તેઓનાં આવીઆથી મારૂં ઘર ગાજી રેહેશે. તેઓમાંની એક મારા જમના હાથ ઉપર અને બીજી દાવા હાથ ઉપર મને જેબ આપશે. એક આસટરેલીઆની શુનાતી ખાન, અને બીજી હીંદુસથાનનો હીરાનો ખજાનો થશે. એક લછમી અને બીજી સુરતી થશે. હું બેહુને રાખશ. ગામમાં જેઓ એક બાઈરીનાં ધણી છે, તેઓ કરતાં હું વધારે સરશ નીકલશ."

આ સપનાં સરખા વીચારોમાં ગુરગીનને ઉંઘ આવી અને હજીર તથા નજીર રસતા ઉપર ટોલ ટપા કરતા ચાલીઆ. તેઓ સેઠ કરતાં છપણ હતા, અને પઈસાનાં ગોલામ હતા પણ ગુરગીન તે વીશે કસો વીચાર કરતો નહી હતો. તેણે તેઓને આ કાંમ શોંપીઉં હતું, જે તેને મનસે જાહેર કરવામાં કશી શરમ નહી હતી અને તેથી તે ચાકરોને ખોરશેદ તથા મેહેરને ઘર જવાનું ફરમાવતાં તેને કશી બીહીક નહી હતી.

---

### પરકરણ બીજું.

## ખોરશેદબાનુ અને મેહેરબાનુ.

અકલનાં દુશમન પાલીઆ ગુરગીને પોતાનાં લોભનાં ફાંદાંમા ફસાવા માટે જે બે શેકારોને શોધી કાહાડીઆ હતા તે કાંઈ તેણે પાંથરેલી જાલ મધે સપડાએ એવા નહી હતા. ટુકામાં બોલીએતો જેવો ગુરગીન હતો તેવી તેણે ધારી રાખેલી ખોરશેદ અને મેહેરબાંનુઓ નહી હતી. ગુરગીન તેઓ ઉપર રાજી હતો, અને તેમજ તેઓનાં હોશાંન, સલુક તથા ચતરાઈ ઉપરથી કોઈપણ આદમી તેઓ સાથ પરીતીનો ગાઠ બાંધી શકે એવુ હતું. પણ તેટલા માટે એ બે બાંનુઓ ગુરગીન ઉપર કોઈબી પરકારે રાજી રેહે અથવા પોતાનાં વાહાલા ભરથાર તરફ કદીબી બદ દેઆંનત દેખાડે એવી તે સ્ત્રીઓ નહી હતી તેઓને ગુરગીન સાથ ઓલખાંન હતી, પણ તે ઉપરથી તે છાકટાએ ખમીત છકર ખાધી હતી. તેઓ ગુરગીનને પોતાનું રમકડું ગણતી હતી, તેને ખીજવી, પટાવી, અથવા હસાવીને તેઓ પોતાની રમુજ મેલવતી હતી, પણ કદીબી તે ફુલીઆ આદમી તરફ પોતાનું દીલ દોડાવે એવો બદશુરત ગુણ તે ખુબશુરત અબલાઓમા નહી હતો

ખોરશેદબાનુનાં ખાવંદનુ નામ **બીજન** અને મેહેરનાં ધણીનુ નાંમ **બેહમન** કરીને હતું. બીજન અને બેહમન બચગીથી એક એકનાં મીતર હતા, અને તેજ પરમાણે તેઓની ઓરતો ખોરશેદ અને મેહેરમા સહી મીઠીનો સંબંધ હતો. એ બધે જોડાં એક એકને અતીઘણે વાહાલાં હતાં. તેઓ સાથે જમતાં હતાં, સાથે ફરતાં હતાં. તેઓ અરસ પરસ એક એકને કાંમ લાગતાં હતાં અને પેલા બેઅકલી ગુરગીનને આગલી ઓલખાંનને લીધે તેઓ પોતાના ઘરમાં બોલાવતાં હતાં. બીજન અને તેની બાનુ ખોરશેદતો બે છોકરાંનાં માબાપ હતાં. તેઓમાં જરબાંનુ નામની છોકરી ઉમરે પુગેલી હતી અને તેનાં મા બાપ તેને પરણાવાનો વીચાર કરતા હતા, પણ તેજ વખતે ગુરગીન તે મોટી છોકરીની માંતા શાથ પરણવા નીકલીઓ હતો, એ જેવું હશવા સરીખુ બીજુ શું હશે?

ગુરગીનની એ ચાલ બેશક ખરાબ હતી અને તેનાં તેણે જે ફલ ચાખેઆછે તે શીઆની વાંચનારીઓને આગલ ચાલતા માલુમ પડશે.

એક દાહાડે ખોરશેદબાનુનો ખાવંદ બીજન ઘરમાથી પધારીઆ પછે તે પોતાનાં ઓરડામાં બેસીને પોતાને લાએક કાંમ કરતી હતી તેવામા ગુરગીનનો ખીદમતગાર હજીર એક કાગજ આપી ગએઓ. આ કાગજમા અલબતાં છાકટા ગુરગીનનાં લગણની દરખાસત લખેલી હતી. એ કાગજ ઉપર પોતાનું નામ જોતાંવાર મનમોવન ખોરશેદને અચરતી ઉપજી હતી. આ છાકટાને એટલું શું કાંમ પડીઉં કે તેનાં ખાવદને મેલીને તેની ઉપર કાગજ મોકલીઓ. એ વીશે ખોરશેદને કશું શુજીઉ નહી ઈનતેજારી માણસને વધારે ઉતાવલ કરાવેછે. ખોરશેદબાંનુને એટલીતો ઈનતેજારી હતી કે તેણીએ ગુરગીનનો રૂકો ઉખેડીને તુરત વાંચવા માંડેઓ.

"મારી વાહાલી ખોરશેદ—તું જાણેછે કે હું અકલ વગરનો આદમી છઉં અને તેટલા માટે આ કાગજ લખવાનુ કારણતો તું પુછવાની નથી, એમાં કાંઈ અકલની વાતજ નથી—એમા મોહોબતની વાતછે, અને હું તું ઉપર મોહોબત રાખુંછઉં. તુ જેમ જવાન નથી, તેમજ હું પણ જવાન નથી; માટે એ એક વાતમાં આપણ સરખાં છઈએ. તું જેમ રંગીલીછે, તેમજ હું પણ રમુજી અને રંગીલો છેઉં. વાહાલા—એ બીજી વાતમાં આપણ સરખાં ઉતરીઆં છઈએ. તુને દારૂનો શોખછે અને મને પણ છે; હવે એથી વધારે સારા ગુણ કીઆ જોઈએ? વાસતે આટલી વાત જાણી લે કે હું તને ચાહુંછું. હું એક શીપાહા છું માટે તને એમ નહી કેહતો કે મારી ઉપર દએઆ કર, પણ કહુંછઉં કે મારી ઉપર પરીતી કર.

માંટે મારી આસ,
નો કર નીરાસ,
રાખ વીસવાસ,'
હું તારો દાસ.

ગુરગીન."

એક પતીવરતા સ્ત્રી જણીએ પોતાનુ સઘલુ દલ પોતાનાં ધણીને દીધેલુ, જણીએ પોતાની આશા પોતાના ખાવીંદ ઉપર બાધેલી, જણીએ પોતાની પુરતી મેહેનતથી પોતાના ભરથારને રાજી રાખેલો, તેનીજ તરફ જારે એક નીમ બુઢીનો શખસ આવુ અપમાંન ભરેલુ લખી

હતો કે "આ વખતે મારા સુંનાં સરખા જીવને કુમલાવા શા માટે દઉં? મારો આ ખીલતો ગેટા સરખો જનમારો વગર બઈરીએ શા માંટે ગુજારૂં! ધણી વગરનાં ઢોર શુનાં; તેમ બઈરી વગર હું બાવરો બની ગએઓછુ. નાં, નાં, કોઈબી સરસ મેડાંણીને સોધી કાહાડું અને કુમારો રેહેવા કરતાં પરણેલો કેહેવાઉંતો બેહેતર."

એ ગુરગીનનો વીચાર હતો.

આ વીચાર કરતાં વધારે દારૂ સાથ વધારે આરૂં બેહેકવાની તેને ઉલટ થતી હતી. તે સમજતો કે "દોલત ઉપર મેં મોહોટાઈ ચલાવીછે, પણ ઓરત ઉપર કદી સેહાઈ કીધી નથી. લશકરોમાં મેં દોર કીધોછે પણ નારી જાતીમાં સરદારી ચલાવાને હું લુખોછુ."

એ ગુરગીનની ઉમેદ હતી.

પણ એકુ બે જાંમ વધારે ચહાવે અને તેની અકલનો નમુનો જુવો. તે બોલશેકે "પઈસાવાલી ઓરત પોતાનાં માટીને પઈસાવાલો કરેછે. માંટે મારેતો તેવીજ કોઈ ઓરત અથવા ઓરતોને શોધી કાહાડવી જોઈએ. એક તવંગર સ્ત્રી જારે એક દોલત લાવશે તારે તેવી બે સ્ત્રીઓથી બમની દોલત મલશે, વાસતે બનશેતો હું એકથી વધારે બઈરી કરશ, પછે મરને તે કુમારી હોએ ઈઆ પરણેલી તેની પરવા રાખશ નહી. મારેતો લગન કરવાં અને પઈસા મેલવવા, માંટે મારી બઈરી એક ઈઆ એક હજાર વખત પરણેલી હોએ અથવા નહીતો કુમારી હોએ તેનો હું વીચાર કરવાનો નથી."

એ ગુરગીનનો ઠરાવ હતો.

વીચાર કરતાં કરતાં તેનુ મન ફરતું હતું અને છેલે તે આ પરમાંણે ઠરાવ કરી રેહેતો હતો.

દરરોજ રાતનાં જારે કેટલાંએક માંણસો કેહેછે તેમ ગુરગીન દારૂથી ભારોભાર બનતો હતો તારે તે ઉપલો ઠરાવ કરીને શુતો હતો અને સવારનાં ઉઠતાં તે ઠરાવ પવણ ઉપર ઉડી જતો હતો. "ટંપાલ" ની અસર નીકલી જવા પછે તે પસતાવો કરતો હતો અને પોતાનાં ખરચને માંટે બલાપો કરતો હતો. "ખાનાર પીનારને સાહેબ આપનાર" એ કેહેવાતને તે ભુલી જતો હતો અને પોતાનાં ચાકરોને કાહાડી મેલવા નીકલતો હતો. જેવી હોશી તેવી હીંઆં કીરીઆ હતી. જેવો મેડ તેવા તેનાં ચાકરોબી હતા. તેઓ સાંમાંનનો પરો મારી જવામાં ઘણાં હુશીઆર હતા તથા સેઠનાં સરખાજ બેવકુફ, બેઅકલી અને લાલચુ હતા તે સઘલા ચાકરોને કાહાડી મેલીને માતર બેને ગુરગીને પોતાની ચાકરીમાં રાખીઆ હતા, તેઓમાંનાં એકનું નામ હુજીર અને બીજાનું નામ નજીર કરીને હતું.

આ ચાકરો પેતાનાં બેવકુફ સેઠનાં ઠરાવ ઉપર પેહેલાં અચરત થતા હતા. જારે બાલ પાક ઉપર આવીઆ અને જારે જીંદગીની લગભગ આખરી આવી તારે ગુરગીન સાહેબ બઈરી કરી લાવવાનાં વીચારમાં પડીઆ, માટે તે હીંવો લઈ કોઈ બઈરીને શોધી લાવશે તે વીશે આ ચાકરો ઘણી ઈનતેજારીમાં હતા. એક બોલતો હતો કે "ભાઈ નજીર, ધાંખરો (મતલબ જે ગુરગીન) તો ધાંખરીને લાવવા માંગેછે. તારૂં શું મતછે?"

**નજીર**—જવાબ દેતો કે—અરે વલી મન કીઆં જાંહાંનમમાં લેવા જાઉં! એ મુગો મુગો જોએઆ કરની. કોઈ ખુરતીને પકડી લાવશેતો આપણા બાપનું શું જવાનુંછે?

**હુજીર**—પણ ઈઆર તેબી તેના જેવી છોકરી હોએ તો મજા પડવાની. બેહુ છોકરાં થઈને એવો તમાસો કરશે કે તેં ને મેં જનમમાં જોએઓ નહી હોએ.

**નજીર**—છોકરી હોવો ઈઆ નાં હોવો, પણ આપણું તો છકાં પડશે. દુમબાને કહીશું અને પછે સેઠાંણી સાથ લગણ થએઆં તેની વધામણીને મસે જે સો ખસો મીરીઆ તે ખરા.

આ નકારી ઉમેદમાં એ ચાકરો રહીજ ગીઆ હતા. તેઓ જોવા લાગા કે સેઠતો દરરોજ એકનો એક ઠરાવ કરેછે અને પછે તેમનો નીકાલ હવા ઉપર થાએછે, માંટે તેઓની ઈનતેજારી નીકલી ગઈ, અને ગુરગીનનાં ઠરાવઉપર કશું પેઆંન આપવા લાગા નહી. પણ એક દાહાડે તેઓ ઠગાએઆ તેઓએ જોઈઉં કે ગુરગીન બાવાએ પકો ઠરાવજ કીધો અને રાતમાં વીચાર કીધા પછે સવારનાં બે ઓરતો ઉપર ધધરાવીને ચીઠી લખી કાહાડી તારે તેઓની અચરતીનો પાર રહેઓ નહી. ગુરગીન તે ચીઠીઓને પોતાની સાંમે મેલી પોતાનાં ચાકરોને હાંક મારવા લાગો. શેઠ જેણે તે વખતેબી ટીચેલો હતો, તે તેની જીહુનમાં હતો અને ખુરસી ઉપર બરાડા મારતો હતો. ચાકરો આગલ ગીઆ અને ટેંગને ખાતર અદબ વાલી ઉભા રહેઆ. ગુરગીને હજીરને એક કાગજ આપીઉં અને બોરચોદબાંનુ ઉપર લેઈ જવા કહેઉ, તથા નજીરને એક કાગજ આપી હોકમ કીધો કે મેહેરબાંનુને તે પોહોંચાડી આવવું.

ચાકરો ડાચાં વકાસી ઉભાજ રહેઆ. તેઓ હરઘડી સેઠની ટકોર કરતા હતા, અને તેનાં જવાબમાં સેઠની છુપી વાતો જાંણી લેતા હતા. તેઓ સમજવા છતાં, બોરસેદ અને મેહેર તે કેઈ ઓરતોછે તે વીશે એકેકને પુછવા લાગા.

ગુરગીનથી તે જોવાએઉં નહી. તે બુમ પાડી ઉઠીઓ કે "અરે કંમબખતો, તમારૂં કાલુ કરો. હઈથી જાઓ, મેં કહેઉં તે કાંમ બજાલાવો." પણ "બોરચોદબાંનું તે કેઈ અને મેહેરબાંનું તે કેઈ" એ સવાલ તેઓ દમપર દમ પુછવા લાગા. ગુરગીનને આ સવાલો ઉપરથી ગુસો ચહડીઓ. એ બે બાંનુઓ શાથ તે પરણવા માંગતો હતો અને તેટલાજમાંટે આ ચીઠીઓ તેણે લખી હતી. તોબી ચાકરો તુરત દોડીઆ નહી અને તેની સાંમે ઉભા, એતો તેને જનસે મોટી તકશીર લાગી. માંટે ચીસ પાડીને તે બોલીઓકે "અરે ઓ આંધલા હુજીર, ઓ બેહેરા નજીર તમારી શુધછે કે નહી? તમારૂં સર સનાડસમાં જાએ, તમો હંઈથી મરો. જે બે નાંજનીઓને નાંમની મેં આ ચીઠીઓ આપીછે, તેઓની સાથે હું પરણવાનોછું તે શું તમો નથી જાંણતા? જાવો એ કાગજ લઈ જાઓ અને ખુશ ખબર મને આવીને કેહો."

હુજુર ચાકરો ગએઆ નહી. તેઓએ જોએઉં કે પુછી-લેવાનો વખત તેજ હતો, માંટે "સાહેબ એ બાંનુઓતો પરણેલીછે"—"સાહેબ તેઓનાં ધણી જીવતાછે"—"સાહેબ બે બઈરી તમારીથી કેમ થશે?" એ સવાલો પુછવામાં તેઓએ ઢીલ કીધી નહી. તેઓને જે જવાબ મલીઆ તે આગલથી હમેએ જણાવીઆછે. ગુરગીનેતો પરણીને પઈસા વાલો થ

વાની મુરાદ રાખી હતી, અને તેટલા માંટે તે બાઈરીઓ એક હોએ ઈઆ બે, અથવા તેઓનાં ધણી જીવતા હોએ કે મુવેલા તે વીશે તેને દરકાર નહી હતી.

ગુરગીનની ખાતરી હતી કે જે બે ઓરતો ઉપર તેણે પતરો લખીઆંછે તેઓ તેને પસંદ કરશે. તે વીચારતો હતો કે "એ ખોરશેદ અને મેહેર મારી શાથ ઘણી હેસતી રાખેછે. જારે હું તેઓનાં ઘરોમાં જાંઉ છઉં તારે તેઓ મારી ઉપર બહુ પીઆર દેખાડેછે. તેઓ મને ટપલા મારેછે, તથા મારી સાથ મજાખ કરેછે. તેઓ મારૂં આ મોટું પેટ જોઇને મારા ઉપર મોહી પડેલીછે, તથા મારી તરફ મદા હસતી રેહેછે. વલી પઈસેતો તેઓ પુરછે, અને મારી ઉપર જારે રાજીછે તારે મારી ચીઠી કબુલ રાખી તેઓ મારી ઉપર પરીતી રાખશે, અને શેવટે પરણશે. તેઓનાં આવીઆથી મારૂં ઘર ગાજી રેહેશે. તેઓમાંની એક મારા જમના હાથ ઉપર અને બીજી દાવા હાથ ઉપર મને જેમ આપશે. એક આસટરેલીઆની શુનાંની ખાંન, અને બીજી હીંદુસથાનનો હીરાનો ખજાનો થશે. એક લછમી અને બીજી મુરતી થશે. હું બેહુને રાખશ. ગામમાં જેઓ એક બાઈરીનાં ધણી છે, તેઓ કરતાં હું વધારે સરશ નીકલશ."

આ સપનાં સરખા વીચારોમાં ગુરગીનને ઉંઘ આવી અને હજીર તથા નજીર રસતા ઉપર ટોલ ટપા કરતાં ચાલીઆ. તેઓ સેઠ કરતાં છપણ હતા, અને પઈસાનાં ગોલાંમ હતા પણ ગુરગીન તે વીશે કસો વીચાર કરતો નહી હતો. તેણે તેઓને આ કાંમ શોંપીઉં હતું, જે તેને મનસે જાહેર કરવામાં કશી શરમ નહી હતી અને તેથી તે ચાકરોને ખોરશેદ તથા મેહેરને ઘર જવાનું ફરમાવતાં તેને કશી બીહીક નહી હતી.

## પરકરણ બીજું.

## ખોરશેદબાનુ અને મેહેરબાનુ.

અકલનાં દુશમન પાલીઆ ગુરગીને પોતાનાં લોભનાં ફાંદાંમાં ફસાવા માટે જે બે શેકારોને શોધી કાહાડીઆ હતા તે કાંઈ તેણે પાંથરેલી જાલ મધે સપડાએ એવા નહી હતા. ટુકામાં બોલીએતો જેવો ગુરગીન હતો તેવી તેણે ધારી રાખેલી ખોરશેદ અને મેહેરબાનુઓ નહી હતી. ગુરગીન તેઓ ઉપર રાજી હતો, અને તેમજ તેઓનાં હોશાંન, સલુક તથા ચતરાઈ ઉપરથી કોઈપણ આદમી તેઓ સાથ પરીતીનો ગાંઠ બાંધી શકે એવુ હતુ. પણ તેટલા માંટે એ બે બાંનુઓ ગુરગીન ઉપર કોઈબી પરકારે રાજી રેહે અથવા પોતાનાં વાહાલા ભરથાર તરફ કદીબી બદ દેખાંનત દેખાડે એવી તે સ્ત્રીઓ નહી હતી. તેઓને ગુરગીન સાથ ઓલખાંન હતી, પણ તે ઉપરથી તે છાકટાએ ખચીત છકર ખાધી હતી. તેઓ ગુરગીનને પોતાનું રમકડું ગણતી હતી, તેને ખીજવી, પટાવી, અથવા હસાવીને તેઓ પોતાની રમુજ મેલવતી હતી, પણ કદીબી તે ખુલીઆ આદમી તરફ પોતાનુ દીલ દોડાવે એવો બદશુરત ગુણ તે ખુબશુરત અબલાઓમાં નહી હતો.

ખોરશેદબાનુનાં ખાવંદનુ નામ બીજન અને મેહેરનાં ધણીનુ નાંમ બેહમન કરીને હતું. બીજન અને મેહમન બચગીથી એક એકનાં મીતર હતા, અને તેજ પરમાણે તેઓની ઓરતો ખોરશેદ અને મેહેરમાં સહી મીઠીનો સંબંધ હતો. એ બંધે જોડાં એક એકને અતીશએ વાહાલાં હતાં. તેઓ સાથે જમતાં હતાં, સાથે ફરતાં હતાં. તેઓ અરસ્પરસ એક એકને કાંમ લાગતાં હતાં અને પેલા બેઅકલી ગુરગીનને આગલી ઓલખાંનને લીધે તેઓ પોતાના ઘરમાં બોલાવતાં હતાં. બીજન અને તેની બાંનુ ખોરશેદનો બે છોકરાંનાં માબાપ હતાં. તેઓમાં જરબાંનુ નામની છોકરી ઉમરે પુગેલી હતી અને તેનાં મા બાપ તેને પરણાવાનો વીચાર કરતાં હતાં, પણ તેજ વખતે ગુરગીન તે મોટી છોકરીની માંતા શાથ પરણવા નીકલીઓ હતો, એ જેવું હશવા સરીખુ બીજુ શું હશે?

ગુરગીનની એ ચાલ બેશક ખરાબ હતી અને તેનાં તેણે જે ફલ ચાખેઆંછે તે શીઆની વાંચનારીઓને આગલ ચાલતાં માલુમ પડશે.

એક દાહાડે ખોરશેદબાનુનો ખાવંદ બીજન ઘરમાથી પધારીઆ પછે તે પોતાનાં ઓરડામાં બેસીને પોતાને લાએક કાંમ કરતી હતી તેવામા ગુરગીનનો ખીદમતગાર હજીર એક કાગજ આપી ગએઓ આ કાગજમાં અલબતાં છાકટા ગુરગીનનાં લગણની દરખાસત લખેલી હતી. એ કાગજ ઉપર પોતાનું નામ જોતાંવાર મનમોવન ખોરશેદને અચરતી ઉપજી હતી. આ છાકટાને એટલું શું કાંમ પડીઉં કે તેનાં ખાવદને મેલીને તેની ઉપર કાગજ મોકલીઓ, એ વીશે ખોરશેદને કશું શુજીઉ નહી. ઈનતેજારી માણસને વધારે ઉતાવલ કરાવેછે. ખોરશેદબાંનુને એટલીતો ઈનતેજારી હતી કે તેણીએ ગુરગીનનો રૂકો ઉખેડીને તુરત વાંચવા માંડેઓ.

"મારી વાહાલી ખોરશેદ—તું જાણેછે કે હું અકલ વગરનો આદમી છઉં અને તેટલા માટે આ કાગજ લખવાનુ કારણતો તું પુછવાની નથી. એમાં કાંઈ અકલની વાતજ નથી—એમાં મોહોબતની વાતછે, અને હું તું ઉપર મોહોબત રાખુંછઉં. તું જેમ જવાંન નથી, તેમજ હું પણ જવાંન નથી; માટે એ એક વાતમાં આપણુ સરખાં છઈએ. તું જેમ રંગીલીછે, તેમજ હું પણ રમુજી અને રંગીલો છેઉં. વાહાવા—એ બીજી વાતમાં આપણુ સરખાં ઉતરીઆં છઈએ. તુંને દારૂનો શોખછે અને મને પણ છે; હવે એથી વધારે સારા ગુણ કીઆ જોઈએ! વાસતે આટલી વાત જાણી લે કે હું તને ચાહુંછું. હું એક શીપાહા છું માટે તને એમ નહી કેહતો કે મારી ઉપર દએઆ કર, પણ કહુંછઉં કે મારી ઉપર પરીતી કર.

માંટે મારી આસ,<br>
નો કર નીરાસ,<br>
રાખ વીસવાસ,<br>
હું તારો દાસ.

ગુરગીન."

એક પતીવરતા સ્ત્રી જેણીએ પોતાનુ સઘલુ દલ પોતાનાં ધણીને દીધેલુ, જેણીએ પોતાની આશા પોતાના ખાવીંદ ઉપર બાંધેલી, જેણીએ પોતાની પુરતી મેહેનતથી પોતાના ભરથારને રાજી રાખેલો, તેનીજ તરફ જારે એક નીમ બુદીનો શખસ આવુ અપમાંન ભરેલુ લખી

જોર કરશે માટે હું તો તેને આ વાત જણાવશાખી નહી અને તે જેમ ઘટતું વીચારે તેમ કરવા દઇશ.

બેહેમન—જો ભાઈ બીજન મારો વીચાર તારાથી જુદોછે. હું કાંઈ મારી બઇરી ઉપર શક નથી નાંખતો, તોપણ હું ધારૂં છઉં કે ઓરત જાત ઉપર ટીકી દોરી મેલવી ઘણી અનઘટતીછે. હું પરથમ છુપા લેબાશે ગુરગીનની પાસે જવશ, અને તેનો દોસત થઈ તથા તેનાં પાશામાં ભરાઈ તેનાં મનનાં વીચારોને પુછી લેવશ. એટલું કાંમ પેહેલાં હું કરવા વીનાં રેહેવશ નહી—કાંએકે આ ચાકરો કહી ગએઆછે તે વાત ખરી કે ખોટીછે તે જાંણવાનો મારો ઇરાદોછે.

આ ઠરાવ બીજનને દરૂસત લાગો. તેણે જોએઉં કે તેનો મીતર જો એ ઠરાવ ઉપર અમલ કરશે તો તેને નુકસાંન જવાનું નથી, માટે હાલ તુરત તેને અટકાવાની કસી જરૂર જોઈ નહી. બેહેમને તુરત પોતાનું નાંગ ફેરવીને "શેહેરી આર" નાંમ રાખીઉં તથા બીજો લેબાશ પોતાનાં દીલ ઉપર નાંખીઓ અને એ રીતે તઈઆર થઈને ગુરગીનના મોહોલાંખાંનાં તરફનો રસતો પકડીઓ.

—॥—

## સ્ત્રી એટલે શું ?

બેહેનો આ સવાલ હમો તમોને પુછીએ છઈએ એમાં નરસું કાંઈજ નથી, અને તેથી તમારા વીચારને માંટે આ સવાલ મેલતાં હમો આંનાંકાંની કરતા નથી. એમાં તમોને વીચાર કરવાની તસદી પડશે, પણ તેટલા માંટે હમો દલગીર થઈશું નહી. એ સવાલ ઊપર તમો વીચાર કરો તથા તમારી મેલે જવાબ શોધી કાહાડો એવી હમારી ખુશીછે, અને તેજ પરમાંણે એવા ધીઆંન ધરવા જોગ સવાલો વખતે વખત તમારા વીચારને માટે રજુરદ કરવાનો હમારો ઈરાદોછે. તેમાં આપણને કેટલેએક ફાએદો થવાની હમો આશા રાખીએ છઈએ, અને તેને લીધે આજ દીને આ સવાલ હમોએ તમારી સાંમે મેલીઓછે. દાંનાંવો કેહેના આવીઆછે કે પરથમ આપણે પોતા ઊપર નજર કરીએ, અને પછે પારકાઓ વીશે બોલવા માંડીએ. એ કેહેવાતને ધીઆંનમાં રાખીને તમારે પોતાને વીશે હમો આ સવાલ પુછીએ છઈએ તેનો વીચાર કરજો અને પછે તમો જે જવાબ શોધી કાહાડો તેનો હમારા નીચે ટાંકેલા જવાબ સાથ મુકાબેલો કરી જોજો. દુનીઆંની વસતીમાં ખોદાતાલાએ કીધેલા બે મોટા વરગ (નર અને નારી જાતી) ના બીજા વરગમાં તમો આવેલાંછો, માટે સ્ત્રી એટલે શું અથવા તેનીં દુનીઆંમાં શી ગરજછે ઈએ બીજી રીતે બોલીએતો નારીની શું શું નેમ ધારાએ રાખીછે ? તે હમારો સવાલછે, અને તમો તેનો જવાબ મેલવવાને મંનને કસરત આપો એ હમારી અરજછે.

કદાચ આ સવાલ ઊપર તમોમાંની કેટલીએક બાઈઓને હસવું આવશે. કદાચ તેઓ એ સવાલને નવાઈ સરીખો સમજશે, અથવા હમારાં અનજાંનપણાને લીધે હમોએ આવો સવાલ નાંખીઓછે એમ કદાચ તેઓ વીચારશે, પણ જો તેઓ વધારે વીચાર કરશેતો હમારો આ સવાલ તેઓને નાંહાંનો શુનો લાગવાનો નથી. હમો સમજીએ છેઈએ કે એ સવાલનાં ખરા અને પુરેપુરા જવાબથી આપણી ઘણીએક સ્ત્રીઓ નાવાકેફછે. તે નાંવાકેફીને લીધે ઘણા ગેરફાએદાઓ થાઓછે, અને બેહેનો તમોએ ખાતરી રાખવી જોઈએ કે અગરજો આપણી સરવે સ્ત્રીઓ પોતાની ફરજ અને પોતાને પેદા કરવાની મતલબ બરોબર સમજેતો તેઓ સંસારમાં જે માંઠો દેખાવ કરેછે તેમ થાએ નહી. તેઓ ઘણાંમાં ઘણું એટલું" જાણતાં હશે કે ઓરત મરદની ચાકરી કરવા માંટે," તથા સદાકાલ સુધી તેની તાબેદારી અને ગોલાંમગીરી કરવા માટે જનમીછે, પણ એ વીચાર ખોટોછે અને જેઓ એ પરમાંણે ખોટો વીચાર રાખતાં હોએ તેઓની ખાતરી કરવી જરૂરનીછે.

પુરૂશ અને સ્ત્રીનાં શરીરનાં બાંધા તથા ગુણમાં ચોકસ ફરક સરવેને દેખાઈતોછે. મરદ જોરાવર, કદાવર અને દેલાવરછે. ઓરત નાંજુક, નરમ, અને નખરાંદારછે. મીઠી જુબાંન, બોલવા ચાલવાની સેહેજત, શરમ અને મલાહાજો, ધાસની અને ધીરજ મરદ કરતાં સ્ત્રીમાં કુદરતથીજ આપણ વધારે જોઈએ છઈએ. પણ એ ગુણો ચોકસ કારણ સારૂ તેનાંમાં મેલેલા હશે. અને તે કારણો દેખાઈતાંછે. સ્ત્રીને પેદા કરવાની મતલબ શુંછે તે આ ફરક ઊપરથી દેખાએછે, કારણ કે એ ગુણોવાલું આદમી નરસાંના કરતાં સારાં કાંમ બજા લાવવાને વધારે સાંમરથવાંણછે.

માંટે નારી જાતીને પેદા કરવામાં કુદરતને ધારેલી નેમ શબદમાં અટકવી શકાએછે. તેનુ કાંમ કાંઈ માતર ચોકસ હવશ પુરા પાડવાનું નથી. તેનું કાંમ દુનીઆંમાં મીલાપની મેલવણી કરવાનુંછે. મરદને ઘરની મદદ આપવી, તેનાં દુખને વખતે તેને દીલાસો દેવો, તેનાં દરદ અને સંકટોને ઓછાં કરતાં,


તેની મોજમાં ભાગ લેવો, અને તેની ઈજત વધે, નાં
મ કાએમ રેહે, ઓલાદ આગલ ચાલે, તથા તે શુખ
પાંમે એવી ગોઠવણ રાખવી—એટલાં કાંમ તે કીર
તારે સ્રીને શોપી આપેલાંછે. ચમાંધાંનીને જાલવતી
વખતે, મનને ઠંડુ કરતી વખતે, તનને શુખી રાખતી
વખતે અને ઘેરને શંતોશી બનાવતી વખતે મરદને સુ
ખીઅ મદદ ઓરતથી મલેછે, અને તેમ થાએ એવીજ
મુરાદ તેના જનમ આપનારે રાખેલી દીશેછે.

સ્રી મરદ સાથ પોતાનાં લગણ કરીને "બઈ
રી" માં ખપેછે. એ વખતથી તે પોતાની ફરજો
અદા કરવા માંડેછે. પણ તેને માટે કુદરતે ધારે
લી મુરાદ પાર ઊતારવાનો લગણ તે એક ઊપાએ
છે. તેવા ઊપાએઓ કેટલાછે તે વીશે હમો હી
આં બોલતા નથી. હીઆંતો સ્રીનો દુનીઆંમાં સા
સાંરૂ જનમ થએલોછે તે માતર જણાવવા બેઠા છઈ
એ, અને નારીને પેદા કરતાં ખોદાએ શું મતલબ ધા
રીછે તેનો મુખીઅ સાર હમોએ ઊપર આપીઓછે.
બઈરી તરીકેની તેની ફરજ નહી પણ એક નારી
તરીકેની ફરજ ઊપર જો વીચાર કરીએછે તો આ
વાત આપણાં મન ઊપર ચોકસ ઠશેછે કે દુનીઆં
ને-વસાવનારૂ હુધારનારૂ અને શુધારનારૂ જે પ
રાંણી તે સ્રીછે. દુનીઆંની સરદારી ગોએઆ મર
દનાં હાથમાંછે પણ મરદનો જનમ સ્રીથી થાએછે.
તે તેને શીખવેછે, કેલવેછે, અને દુનીઆંમાં પોતા
નુ કાંમ બજાવી શકે એવી રીતે તેને તઈઆર કરેછે.
એ સ્રીનુ મોટુ અને મનપસંદ કાંમછે.

સ્રીનો વરગ ઘણો મોટો અને ઊમદા મતલબ
વાલોછે. સ્રીનો બાંધો ઘણો શોભાવંત અને પ
રાકરમો કરવા લાએક રચેલોછે. સ્રીની ઊતપંતી ને
કી તથા લાએકીનાં વધારાને માટે થએલીછે, એ ઘ
ણી કીમતી વાતછે. એ ખરેખર જોશું તો, ખોદાઈ
કાંમછે: આકાશનાં ફરેસતાઓની મીશાલે દુનીઆં
નાં ફરેસતા તે આપણી સ્રીઓછે. તેઓને ખોદાએ
ખોદાતાલાએ ચહડનો દરજો બખશેલોછે, અને તે દર
જાને લાએકની થવા માંટે દરએક અબલાએ કો
શેશ કરવી જોઈએછે.

પણ નેક બાનુઓ આપણી બેહેનપણીઓ તે
વી કોશેશ કરેછે એમ તમો કેહી સકશો ? નહી. તેઓ
નુ શું કાંમછે, તેઓએ શુ શુ કરવુ જોઈએ, અને શી
રીતે તેઓ આ ધરથીનાં ફરેસતામાં ગણાંએ, તેની
પણ તેઓને ખબર નથી. તેઓ માતર એટલુજ સ
મજેછે કે ઘણાં રડતાં અને કકલતાં બચાંઓની માં
થઈ, હાંડા ઘસડીઆ અથવા ઘર ચલાવીઊ, અને ભ
રથારની ચાકરી કીધી એટલે તેમની ફરજ થઈ ચુ
કી. પણ શું એ તમોને વાજબી વાત લાગેછે. દુની
આંને શુધારવાનુ શું ઓરતોનુ કાંમ નથી ? શું એવી
કોઈ લાએકીવાલી ઓરત થઈ ગેઈ નથી ? એ સરવે
વાત કબુલ રાખી શકાતી નથી. સ્રી બોધની વાંચ
નારીઓની એ વીશે પકી ખાતરી થઈ ચુકીછે. આ
જ શુધીમાં લાએકીવાલી અને સદગુણી સ્રીઓનાં એહ
દ દાખલા તેઓએ વાંચીઆછે અને તેઓ જાંણેછે કે
સ્રીનાં કાંમ ઘણા મોટાં અને વધારેછે, તથા તેને પે
દા કરવામાં ધારેલી મતલબ ઘણી નેક તથા ઈશવરી ને
મ વાલીછે.

## દરાખનો ઉપીઓગ અને દરદના ઈલાજો.



લીલી અને તાજી ગોલ દરાખને દબ
દઈને મોહામાં મારવાને સરવે જણ
તઈઆર થાએછે. એ ઊમદા ફલનાં
મીઠા અને મનપસંદ રસથી જારે મો
હું ભરાઈ જાએછે તારે બહુજ લેહેજત મલેછે. તે શવાદ
દીશત દરાખોનો સવાદદાર દારૂ બનેછે અને ઘણાં
માંણસો વલી તે દારૂની ઓર લેહેજત લીએછે. તે
ઓ તે દારૂ ઊપર જાંણે દેવાંનાં બની જાએછે અ
ને ગમે એટલો ઓટી જાઈને પછે તેની અસર તલે
એવાં ઘેલાં ચેરાં કાહાડેછે કે આસપાસનાંઓમાં નેમ
ની હશી અને શરીરમાં બીગાડો-થાએછે. એજ દ
રાખનો એક બીજો ઊપીઓગ હાલ જણાએઓછે.
તે માંણસનાં દરદ ઊપર ઈલાજ તરીકે ખપેછે. દરદને ૧
ખતે કડવી દવાને બદલે મુઠા ભરી ભરીને દરાખ ખા
વાની મલે તે વાત કોણ નાંપાડે ? એક દેશમાં તેમ
બનેછે અને એવુ કેહવાએછે કે તેથી કરીને ઘણાં રો
ગી માંણસો તદન સાજાં થઈ જાએછે.

ઈશ્રીરોપખંડનાં જરમની દેશમાં દરકીહાંમ નાં
મનુ એક પાહાડી પરગાંન રાહીન નદીની ડાબી બોરદુ
નાં કીનારા ઊપર આવેલુછે. તાંહાં બોહોલા વીલતા
રની ટેકડીઓ હારેબંધ નજરે પડેછે અને તે

તમાંમ ટેકરીઓ દરાખનાં વેલાથી ભરેલીછે. તાંહાં અને તેની આસપાસ આસરે પચીસ માઈલની આખી જગામાં દરએક ખુને તાજી દરાખોનાં મોટા વેલા ઝુહુલતા અને ઝુમખાદાર, માલુમ પડેછે, જેઓને જોતાંવાર તેમને માટે ખુબ ઊતપંત થાએછે. એ દરાખોમાં બારથી પંદર જાત હોએછે. તે સઘલી જાતની દરાખો એકજ ખેતરમાં ઊગી શકેછે, પણ તે એકદમ ઓલખાતી નથી તેમજ વલી તે દરએક જાત વચે રંગ, અને છાલની જાડાઈમાં જે ચોકસ ફરક છે તે પીછાંણવાનુ કાંઈ જાહાજી મુશકેલ પડતુ નથી. ચોકસ જાતની દરાખોની છાલનો અંદરથી જુદો અને બાહેરથી જુદો રંગ હોએછે. કોઈ દરાખ કાલી હોએછે અને કોઈમાંથી સારો ગખવાસ નીકલેછે.

દરકીહાંમ ખાતે આ દરાખ દવામાં ખપેછે. તેને દરદો દફે કરવાનાં કાંમમાં વાપડવામાં આવેછે અને તેથી કરીને તે દરાખ દવાની દરાખ કરી ઓલખાએછે. તે કાંઈ ચોકસ દવાઈની સાથે ભેલીને ખવાડવામાં આવતી નથી, પણ આખી દરાખો દરદીનાં ખાધામાં આવેછે અને એમાં તેનો જે મોટો ખપ થાએછે તે ખપને લીધે દરકીહાંમ ખાતે ઊગતી દરાખ બીજાં દેશો તરફ જાજી આવતી નથી. તેનો વેપાર અને ખપ તાંહાંને તાંહાંજ ચાલેછે, અને તે ખપ કાંઈ નાંહાંનો નથી. તાંહાંનાં વઈદોનુ હેવુ મતછે કે તે તરફ ચાલતાં કેટલાંએક દરદો ઊપર તે દરાખ ઘણી કારગત લાગેછે. તે વાત ખરીછે કે નહી અથવા તે દરાખની તેવી અસર થાએછે કે નહીં તે જોકે ચોકસ જણાતું નથી, તોપણ આટલુ ખરૂં[illegible] તે દરાખો દરદ ઊપર અતીઘણી વપડાએછે.

શેહેરનાં કેટલાએક બાગો જાંહાંની જમી[illegible] લીતરી ભરેલી અને હવા શરીરને શાંનતી આપે[illegible] હોએછે, તાંહાં સાંહાંજને વખતે દરદીઓ ફરવા નીકલેછે. પાસેજ નદીનો કોઈ ભાગ આવેલ હોએછે, અથવા નહીતો સારા પાગેઆ ઊપર તાંહાં હમાંમ બાંધેલી હોએછે. તે જગોએ દરએક દરદીના [illegible]માં એક નાંહાંની ટોપલી મુકવામાં આવેછે. તાંહાંજ વલી દુકાંનદારો મોટા છાપરીઆ વાલી જગામાં ટેબલ બીછાવી રાખેછે અને તે ટેબલ ઊપર તમાંને દરાખનાં જથાને ગોઠવી મુકેલા રાખેછે. દરદીઓ તે[illegible] દરાખના ઝુમખાને ઝુમખા ખરીદ કરેછે અને પછે જાંહાં જગા મલે તાંહાં બેશી જાઈ તેનાં ડુબુસા મારેછે. આ દેખાવ ઘણો જોવા લાએક થઈ પડેછે. બુઢાં અને જુવાંન તાંહાં દરાખ ઊપર લુનાલુટ ચલાવેછે, અને જે આજારી માંણસોને સણીથી સરસ પકવાંન ખાવાનો શોખ નહી થાએ તેઓ દેખાદેખીથી આ દરાખને જમી જાએછે.

કેટલાંએકોને આ જાતની દવા ઘણી ભાવી આવશે. તેઓ કેહેશે કે કવડાં ઓશડો પીવા કરતાં આ દરાખ ખાવાનુ ભલુ. તેઓએ જાણવુ જોઈએ કે ચોકસ દરદો ઊપર જરમનીનાં વઈદો એ દવા ફરમાવેછે. તેમાં ઘણુ કરીને તાવનો મરજ હોએછે. વલી એ દવાની ચોકસ મોસમો હોએછે, અને તેમાં સપટેમબર તથા અકટોબર મહીનાની મોસમ ઘણી લાએક ગણાએછે. પણ તેમ દરાખ ખાએઆ કીધાથી જ દરદ દફે થાતુ હોએ એ બીનાં હજુર શક ભરેલી છે. આપણી પાશે માંનવાનાં કારણોછે કે અગર જો એ દરાખ ખાધા પછે દરદ દુર થતુ હોએતો તેની ખુબી એ દરાખ કરતાં તાંહાંની હવામાં વધારે હશે, કારણ કે તાંહાં દરાખવાલા દરદીઓ સદા ફરવા જાએછે. વલી તાંહાંનાં પાંણીની અસર પણ સારીજ હશે. માંદગીને અટકાવા માંટે હાલના વખતમાં હમાંમખાંનાઓ ઘણા ઊપીઓગી થઈ પડેઆંછે. ઈગલંડમાં પણ કેટલાએક રોગો ઊપર પાંણીનો ઈલાજ લાગુ પાડવામાં આવેછે, માંટે દરકીહાંમ ખાતે દરાખનાં વપરાસ પછે જો કેટલેએક દરજજે રોગનો [illegible]આવો બંધ પડતો હોએતો તે દરાખથીજછે અને [illegible]નાં કુદરતી કારણોથી નથી એમ કેહેવાઈ શકાશે [illegible].

કેટલાએક વઈદોનુ એવુ મતછે કે કોઈબી દરદ [illegible]પર દવાની ગરજ નથી. આ મત આપનાર અનુભવવાલા માંણસોછે, તોપણ તેઓના એ મતની સાંમે મજબુત વાંધા ઊઠાવામાં આવીઆછે. પણ તે વાંધા ઊઠાવનારાઓ આટલુવો કબુલ કરેછે કે હરએક જાતનુ ઓશડ દરદને દુર કરતુ નથી. દુખ જે મટેછે તે માતર કુદરતી કારણોથી મટેછે અને દવા ઘણુ કરીને કુદરતને મદદ આપેછે. કુદરતે જીંદગી ગુજારવા માટે ચોકસ નીએમો બાંધી આપીઆછે. તેથી ઊલટુ જો માંણસ ચાલેતો તેની સુખાકારી બીગડે, પણ તે કાંએદા ઊપર જો પાછુ જલદીથી ધેઆંન આપીશે

તો સુધારો થાવાની આશા રેહેછે. ઓશડ તે સુધારાને વધારે આગલ પાડેછે, બાકી ખરો ઈલાજ એછે કે તેવાં દરદોનુ કારણ શોધી કાહાડી તે મુલને દુર કરવું. આ મત ઘણુ વજણદારછે અને વાચનારી બાઈઓને હમારી એજ ભલાંમણ છે કે દરદ મટી જાવાની આગમચ દર્દ નહી થાએ એટલા માંટે કુદરતે જે ધારા બાંધીઆછે તેમને તોડવા નહી. તાજી હવા દમમાં લેવી, કસરત રાખવી, અને એ વીનાએ બીજી સારી રીતીઓ પરમાંણે ચાલવાનુ ખોદાઈ-ફરમાંનછે, અને તે મુજબ જો ચાલીઆંનો દવાઈની જાહીંજી જરૂર પડવાની નથી.

---

## એક આંધલા છોકરાનો અજાએબ ખવાસ.

"પીઆંનો ફોરટ" નાંમની વાજાની પેટીને હમારી કેટલીએક વાંચનારી બાઈઓએ જોઈ હશે. આપણાં લોકોમાં સોમાં પાંચ ઘરે હાલ તે પેટીને આપણ જોતાં હોઈશુ, પણ ઈંગરેજ લોકોમાંનો સોમાં ૫ ચાણ ઘર વાલાઓ પોતાનાં ઓરડામાં એ કીમતી વજંતરને રાખેછે. વાજાંની પેટીઓ ઘણી જાતની હોએછે. તે ઘણીખરી કુંચીથી વજાડવાની હોએછે, પણ આ "પીઆનો ફોરટ" ને તો હાથના આંગલાંથી વજાડવી પડેછે, અને જે મીશાલે સીતાર ઊપર હાતને ઘણી કસરત આપવી પડેછે તે મીશાલે "પીઆંનો" ઊપર પણ આંગલાંને રમાડવાં જોઈએછે. એ પેટી ઊપર આશરે ચાલીસ પીસતાલીસ ચાંપ હોએછે અને તે દરએક ચાંપ વજાડવાથી ચોકશ રાગ નીકલેછે, જેવા ઘણા એક રાગને સાથે મેલવીએનો ગાએણનો શુંદર સરોદ દીલને ઠંડક દીએછે. એ ઊપરથીજ જણાંએછે કે "પીઆંનો" વજાડવાનુ કાંમ કાંઈ સેહેલુ નહી હશે. વજાડનારને એટલી બધી ચાંપ અથવા રાગ ઈઆદ રાખવા જોઈએછે અને તેની સાંથે તે દરએક રાગની જે નીશાંન ચોપડીમા હોએ તે નીશાંન જોઈને તે રાગ વજાડવા પડેછે. એટલા માંટે એ પેટી વજાડનારાઓને ઘણા વરશની તાલીમ લેવી પડેછે અને છેક બચપણથી જેઓને "પીઆંનો" વજાડવાનો માહાવેરો હોએછે તેઓની આંખ ચોપડી ઊપર તથા આંગલાં ચાંપ ઊપર એવીતો જહડફથી દોડેછે કે તેની તારીફ થાશે નહી.

આવુ હથડુ કાંમ પોતાની મેલે શીખવુ એ ઘણુ અજાએબ જેવુંછે. પણ વધારે અજાએબ જેવું એછેકે આવા શુંદર રાગને આંધલાં માણશો પણ વજાડી જાંણેછે એનું કારણ તેઓની સાંભલવાની ઈંદરી ગણાએછે. આટલી વાત ખરીછે કે જે કમનશીબ માણસો પોતાની આંખ સરખા બેમુલા રતણને ખોહી દીએછે તેઓને તેમની બાકીની કવડાસ ભરેલી અને કંગાલ જીંદગીમાં જરાબી કરાર આપવાને કુદરતે ગાએણનાં બેહદ શોખની બખશેશ કીધેલી હોએછે. તેઓની આંખનો ખંગ કાંનમાં વાલી આપેલો હોએછે, અને તેથી તેઓ ગાએણ સારૂં વજાડી તથા સમજી શકેછે. તેઓને પણ તેમાં તાલીમ જોઈએ. મગર જે આંધલા છોકરા વીશે હમો આ બેઆન કરીએ છઈએ તે છોકરાનો કશી પણ તાલીમ વીનાં "પીઆનો" શીખેઓછે અને ઝડપથી હથડા રાગ તે ઊપર વજાડી શકેછે, એમ વાંચીને હમારાં વાંચનારાંઓને અતીશએ અચરતી ઊપજશે. આ આંધલા છોકરાએ પોતાના ઊપલા ખવાસથી અમેરીકાની આલમને હેરત કરી નાખીછે. "પીઆંનાં ફોરટ" ઊપર તેનાં આંગલાંને દોડતાં જોઈને સરવે કોઈ દાંતમાં આંગલા પકડેછે.

આ છોકરાનો હેવાલ જાંણવા જોગછે. તે એક ગોલાંમનુ ફરજંદછે, અને તેને લીધે તેને કેલવણીનાં ક. ખ. પણ લખતાં ઈઆ વાંચતાં આવડતા નથી, બરોબર બોલીએનો તેને પુરૂ પાધરૂ બોલતાં વટીક આવડતુ નથી, એટલુજ નહી પણ તે ચાલતાં અથવા બેસતાં ઊઠતાં પણ શીખીઓ નથી. તેનુ નાંમ ટાંમ કરીને છે; તે મી૦ ઓલીવર નામનાં એક આબરૂવાલા વેપારીનાં ઘરમા રહેલોછે અને લોકો તેને "આંધલો ટાંમ" એ નાંમે ઓલખેછે ટાંમ જારે માંતર થોડાએક મહીનાંની ઊમરનો હતો તારે તેની માંને તેનાં હાલનાં સેઠે પોતાનાં ખેતરનાં કાંમને માંટે ગોલાંમડી દાખલ ખરીદ કીધી હતી તે વખતે ટાંમને મી૦ ઓલીવરે માંતર દયાને ખાતર પોતાને તાંહાં રાખીઓ હતો. કારણ કે ટાંમ બીજી કોઈબી રીતે તેને કાંમ લાગશે એવી તેને આશા નહી હતી. ટાંમ જનમથીજ આંખે આંધલો, પગે ખોરો, સગીરે દુબલો અને દુનીઆદારીએ રદ થાએલો હતો. પુરતી માવજત નહી હોવાથી તે ખાઈને પાલીઆની મી

શાલે પડી રેહેતો હતો, અને તેટલા માટે તેની હાલત ઊપર રેહેમ કરી મી૦ ઓલીવરે તેને પોતાને ઘર રાખીઓ હતો. તેની માં જારે સવારથી રાત સુધી ખેતરનાં કાંમ ઊપર જતી હતી, તારે આ આંધલો ટાંમ પોતાનાં શેઠનાં ઘરનાં ઓટલા ઊપર બેસીને જુફીઆ કરતો હતો. ઘરનાં હેવાંનો કરતાં તેની હાલત વધારે સારી નહી હતી. લોકો તેને ચાલતાં ને હાલતાં ટપલા મારતાં હતાં—બચાંઓ તેને ખીજવતાં હતાં—અને ચોકસ વખતે તેને ખોરાક નાંખી જવા શીવાએ તેની કશી વધારે બરદાસત લેવાતી નહી હતી.

હમણાં તેને નજરે જોઈ આવેલા એક આબરૂવાલા ગરહસથે તેનો જે હેવાલ છપાવીઓછે, તે ઊપરથી જણાએછે કે એજ ઓબીઓલ અને બેડોલ છોકરો આજે સરવે લોકોમાં નાંમદારી ભરેલો થએઓ છે. તેની ઊંમરનો માંતર બાર વરશનીછે. તેનો આકાર અથવા દેખાવ કોઈબી રીતે સુધરીઓ નથી—તોપણ હાલ તેણે જે કીરતી વધારીછે તે ઊપરથી ફીલસુફોને બોલવાનો પકો પાએઓ મલેછે કે માંણસનાં બાહેરનાં દેખાવ ઊપર ભરોસો રાખવો નહી. ઘણી બદસુરત ચાંમડીવાલુ આદમી અંદરથી હીરાની મીશાલે જહલકેછે, અને ઘણી શોભાવંતી સજણી કોઈવાર ઘણી બદ દેઆંનત નીકલી આવેછે. તેવીજ આપણા આ ટાંમની હાલતછે. જે લોકો તેને ધીકારતાં હતાં તે લોકો તેને આજે વખાંણેછે, અને જે લોકો તેને ટપલા મારતાં હતાં તે લોકો આજે તેનાં ઊપર ચાહા રાખવા લાગાંછે.

આગલ કોઈને ખબર નહી હતી કે આ આંધલો, જંગલી ટાંમ ભીતરમાં ઘણોજ ઊંચી મનશકતી વાલો છોકરોછે. સાત વરશ સુધી તેને માટે લોકો ઠગાએઆં હતાં. તેઓ એટલુ જાંણતાં હતાં કે ટાંમને ગાએણ ઊપર સારી શોખ હતો, અને જારે મી૦ ઓલીવરની છોકરીઓ પોતાની "પીઆંનાં ફોરટ" ઊપર ગાએણ ગાતી હતી તારે ટાંમ સુરનાં મેઆનથી સાંભલતો હતો અને પોતાનાં અંધાપાંનુ દુખ સઘલુ ભુલી જતો હતો. એક દાહાડે રાતને સમે જારે સરવે કોઈ ઊંઘાએલાં હતાં તારે મી૦ ઓલીવરનાં ઘરમાં જે જગોએ "પીઆનો ફોરટ" મેલેલી હતી તાંહાંથી ગાએણનો સરોદ આવવાથી તેઓ જાગી ઊઠીઆં. આ રાગ પેહેલાં ઘણો ધીમે પણ પછે ઘણું જોસથી સંભલાવા લાગાં અને માલુમ પડીઊં કે એ રાગ તેઓ જાગી ઊઠીઆં તેની અગાઊથીજ વાગતા હતા. આગલ જઈ જોઈઊં તો આંધલો ટાંમ પીઆંનોની સામે બેઠેલો હતો અને તાંહાં શું કરતો હતો? ઘણાજ ગોતેબર રાગને વજાડતો હતો! "પીઆનો ફોરટ"ને તેણે તે દીવશે પેહેલવેહેલો હાત લગાડીઓ હતો, અને તેજ દીવશે તેણે એવા રાગ વજાડીઆ હતા, કે જે રાગ વજાડતાં મી૦ ઓલીવરની છોકરીઓ સું પણ તેમનાં ગાએણનાં ઊસતાદની મેહેનતને લીધે કનટાલી જાતા હતા. તે રાગને આંધલો ટામ કોઈનીબી શીખવની વગર વજાડતો હતો, અને સઊની ખાતરી થઈ હતી કે એ નાંહનું બાલક કાંઈ ધીકારી કાહાડવા જોગ નહી પણ વખાંણવા જોગ મનનુછે.

તે અગતનાં દીવશથી ટાંમની દશા બદલાઈ હતી. તેનાં શેઠે તારથી તેનાં ઊપર ધેઆંન આપવા માંડીઊં. ટાંમ દરરોજ "પીઆંનોની" સામે બેસવા લાગો, અને થોડા દીવશમાં તે નાંમીચા ગાએણકારોને માહાત કરવા લાગો. તે વાત ગાંમમાં જાહેર થઈ. આ બાર વરશની વએનાં આંધલા છોકરાનુ ગીત સાંભલવા જગેજગથી લોક આવવા લાગાં. તેમાં મી૦ ઓલીવરને કમાંની થઈ. તેણે ટાંમને દેખાડવા સારૂ જાહેર મીજલશો બોલાવી, અને દરેક તમાસગીર પાસેથી ચોકસ ભાવ લેવા માંડીઓ. તે મીજલશમાં આંધલો ટાંમ પોતાના શેઠનો હાથ ધરી પીઆંનોની સાંમણે આવતો અને પછે એવા મધુર રાગ વજાડતો હતો કે તમાંમ મીજલશીઓને લાગેલા હરખનો પાર નહી હતો. નામીચા ખેલાડીઓ સઊથી બીકટ ગીતને જો એકજ વખત વજાડતાં તો પછે ટાંમ તેનો શાંભલીને એવુ ઈઆદ રાખતો કે બીજી વખતે તે કશી ભુલ કીધા વીના વજાડી જતો હતો. તે ગીત પુરૂ કીધા પછે ટાંમનો હરખ તેની છાતીમાં સમાતો નહી હતો. તે પોતાનાં ગુરબીને કોટી કરતો હતો અને તેને ખુશાલીથી પગ અફાડતો જોઈ તમાસગીરો તેની ખુશાલીમાં દીલોજાંનથી શાંમેલ થતા હતા. આ હેવાલ જે લખનારે આપીઓછે તે લખેછે કે હજુર સુધી ટાંમ પોતાનાં એ અજાએબ ખવાસથી આલમને અચરત કરેછે.

—∞○●—

## ઘરધણીઆંનીઓનો જુલમ.

પારસી લોકોની કેટલીએક ઘરવાલીઓ ઘણી કસમજ અને કલાંટ હોએછે. બાહુનો ઊપર તેઓ ચાહે તેવો જુલમ કરેછે અને ઘણુ કરીને જારે તેઓનાં ઘરમાં તેમને આંકોસમાં રાખનારો "માટીડો" નહી હોએ, તારે તેઓ પોતાના ગરીબ બાહુનો ઊપર જે જફા ગુજારેછે તેનો કંઈ પારજ નથી. તેવી અલબતાં થોડીજ ઘર ધણીઆંની હોએછે પણ તેઓનો મુખીઅ જુલમ એકે બાહુનો ઊપર તેઓ મોટાઈ ભોગવવા માંગેછે, અને તેઓ તરેહવાર બાંહાંને છીટાં શોધી કજીઆ કરેછે. તેવી કલાંટ ઓરતો ઘરમાં જે કંકાસ રાખેછે તથા ગાલાગાલીથી પાર પડોશીઓને કંટાલો આપેછે તે ઘણો શરમ ભરેલોછે. પણ તેઓ એવા કજીઆમાં શરમ સમજતી નથી અને તેથી મોટી બુમ પાડવાને તેઓ આંનાકાંની કરતી નથી.

એવી એક ઘરધણીઆંનીએ પોતાને હાથે પોતાની જે ફજેતી કીધી હતી તે ઘણી હસવા જરખીછે. એ ઘરધણીઆની "બાવરવાલી બચુંબાઈ" ને નાંમે ઓલખાતી હતી. તેનું કારણ એ હતું કે જારે તે બાહુનો સાથ કજીઓ કરતી હતી તારે એટલા ગુસામાં આવતી કે બાવરની ચીર લઈને કોઈ વખતે મારવા દોડતી હતી. તે ઊપરથી "બાવરવાલી બચુંબાઈ" કરી તેનુ નાંમ પડી ગએલું હતું. તે પોતે જેમ કંજુસ હતી તેમજ મુરખ હતી, અને પઈસાનો તથા અકલનો ખરચ આડે મારગે કરતી હતી. તેનું ઘર તેનાં ભરથારથી મલીઉં હતું, જે ભરથાર પરદેશમાંજ મરણ પાંમીઓ હતો અને જેની પુંજી ખાનારૂં આ બાવરવાલી 'બચુંબાઈ શીવાએ બીજું કોઈ નહી હતું. ગરીબીમાંથી તવંગરીમાં આવીઆને લીધે તેની તકોબરીનો છેડો નહી હતો. તેનો મીજાજ ઘણો પાજી હતો, અને ગાંમની મોટી સેઠાંણીઓમાં પોતાનેબી ગણતી હતી. એટલા માટે પોતાના બાહુનો કરતાં પોતાને ચહડની સમજતી હતી, અને ગજ ભરે પણ તસુ ફારે નહી તેવી વાતો કરતી હતી. જારે વાત કરે તારે "મારૂં ઘેર મારૂં ઘેર" બોલીઆ કરતી હતી, પણ જો તમો તેનો અવતાર જુવો તો તેનાં ઊપર હશવા વીનાં રેહો નહી.

એટલુ તો એ ઘરધણીઆંની વીશે બોલીઆં. હવે તેનાં ઘેરનું જુજ બેઆંન આપવું જોઈએ. પણ તેવણનાં ઘર વીશેનો બુઢાંઓ કેહછે તેમ નહી બોલવાનાં ઘણા ગુણ. જુની મરઘા સેરીમાં તેનું ઘર હતું. સેરી આવી કે તાંહાંનું ઘર તે વલી કેવું હોએ? ઘરનો મોહોલો એટલોતો કુમાદે હતો કે આગલી બારીએથી જોઈએતો સાંમાં ઘેર નાખનાં દાંતડા આગલ દેખાએ! તેથી કરીને ઊજરડું એટલું પડે કે દેખતાં માંણસની આંખમાં અંધારી આવી જાએ. આ ઘરમાં પવણબી કાંઈ છેકજ બંધ નહી હતો. જારે શેહેરમાં તોફાંણ થતુ તથા લોકોનાં ઘરનાં છજીઆં ઊડી જતાં તારે આ ઘરમાં થોડો થોડો પવણ આવતો હતો. ઊભાં ચોમાસામાં બાહુન લોકોનાં ઓરડામાં દરીઆવ થતો હતો, અને તેથી ખાટલા તથા વાસણો સારી રીતે ધોવાઈ જતાં હતાં. દોસલાંનાં દીવસો ઊપર ઘેર ધોવાની કાંઈ ગરજ રેહતી નહી હતી. એવું નાંમીચુ તે ઘર હતું અને બચુંબાઈ પોતાના તે ઘર ઊપર મગરૂર હતી.

ઘર અને ઘરધણીઆનીની આવી હાલતને લીધે બચુંબાઈના બાહુનો જાહાજુ શુધી ટકતાં નહી હતાં. તેઓને રાખતી વખતે આ સેઠાણી લાંબી લાંબી વાતો કરતી હતી અને મોટી મોટી કબુલાતો આપતી હતી. જો નલ ભાગેલા હોએ, અથવા જો રાંધણી મધેની ચુલાવાટી ગેપ થએલી હોએતો "બે તરણ દીવશમાં તાબરતોબ કરીઆ મજુરને બેસાડી સમરાવી આપવા" કેહતી હતી. પણ તેઓને રાખીઆ પછે બચુંબાઈ તેઓ સાથ તરેહવાર કારણે કજીઆ કરતી હતી. એ તેની મોટી ખાંમી હતી અને કોઈબી રીતે તે સુધરતી નહી હતી. ગેહેલા માલા ઊપર તે રહી હતી અને તેનું કારણ એજ હતું કે ઊપર જે કોઈ આવજાવ કરે તે સરવે તેની નજરે પડે. પોતે ઘરવાલી માટે બાહુનોની સરવે ખબર રાખવાનો તથા ખાંનગી વાતો જાણવાનો પોતાનો હક સમજતી હતી. જે પારકું આસાંમી આવતું તેને હેઠવથીજ સવાલો પુછતી હતી અને જો કોઈ શખસનો બાહેરનો દેખાવ સારો નહી હોએ તો પછે તેને હેઠવ મોકલાવી દેતી હતી. મહીનો પુરો થતાં વારજ બાવરવાલી બચુંબાઈને ભાડું જોઈતું હતુ અને નહી તો પછે તેનેમશે કજીઆ કરતી હતી. ખરકીમાં દીવો મેલવાના બાહુનોએ વારા પાડેલા હતા. બચુંબાઈનો જારેવારો હોએ તારે તે ટમળલરને બદલે કોડાકો મેલે અથવા અરધી રાતમાં દીવો બુજવાઈ જાએ તો કોઈ

થી બોલાતું નહી હતું, પણ જો કોઈ બાહુતથી એક વખત તેમ થએઊં તો તેનો કજીઓ જુદો કરતી હતી. એવી એવી ઘણી ચાલ ચલાવીને બચુંબાઈ બાહુતોને કંટાલો આપતી હતી.

એક દાહાડે આ ઘરવાલીને તેને માંથેનુ બાહુત મલીઊં. તે બાહુતનો મીજાજ બચુંબાઈ કરતાં આકલો હતો. દોલ પાલનનો ડોસાભાઈ માતબરીમાંથી ગરીબી હાલતમાં આવીઆ પછે નાંચારીને લીધે આવાં હલકાં ઘરમાં આવી વસીઓ હતો. તે પોતાની ગુંજાસ માંફક ગુજરાંણ કરતો હતો. તેની બઈરી નામે ઘનાંબાઈ ઘણી ગરીબ અને સરમાઊ હતી. ધણીને મદદ કરવા માંટે દલણુ દલીને અથવા બાહેરનુ શીવી સાંધીને થોડી ઘણી કમાંઈ કરતી હતી. ડોસાભાઈ જઈને રહેઓ કે પછે આ ઘરવાલી સાથ તેની બઈરીને થોડા દીવસમાં કજીઓ થએઓ. ડોસાભાઈનાં નાહાનાં એક પુરાં બચાંની વરસગાંઠને દાહાડે તેની બાએડીએ "સેવ ઓવાળી." પણ ઘરવાલીને તાંહાં તેણે સેવ મોકલી નહી, તોબી બચુબાઈ જારે પેહલાજ માંલા ઊપર રહેલી હતી તારે તે વાત જાણવા વીનાં રહી નહી. દાદર ઊપરથી ઊતર ચહડ જોઈને તે પાંમી ગઈ અને પછે પોતાનાં મનમાથી તે વાતને ભુલી ગઈ નહી. આ બાહુને બીજાંઓને તાંહાં સેવ મોકલી અને તેને તાંહાં નહી મોકલી માંટે તેનાં મનમાં ઘણું માઠું આવીઊં.

ડોસાબાઈની બાએડી દરરોજ સહવારનાં ઘટીએ અનાંજ દલવા બેસતી હતી. એક દાહાડે બચુબાઈનાં ઘરમાં બાજ હતી, માંટે તેણે આ સીને ઘટી ફેરવવાની મનાંઈ કીધી. ઘનાંબાઈ તેની સાંમે થઈ અને માંગી લીધું કે અગતનાં કારણસર તેને આ દલનું કરવું પડીઊંછે માંટે દલવા દેવું. બચુબાઈનો તેમાં મીજાજ ગીઓ, તે બુમ પાડી ઊઠી કે, "ઓ વાએ, આ એ શું જુલમ! તમારાં-જેવાંનો કોઈ બાહુત નહી જોએઆંતાં. રોજ બરો ગજરમાં ઘસર ઘસર કરવા બેસોચ. કાંઈ પાર પડોસીમાં ઊંઘ જાએચ તેની જાંણોછો કે નહી?" ધનાંબાઈનો ઠરાવ હતો કે ઘરવાલી બોલે તેને જવાબ આપવો નહી અને દલણું ચલાવીઆ કરવું. આવું જોઈને બચુબાઈને ધીરજ આવી નહી, માંટે ઊપર ચહડી આવી અને કજીઓ કરવા લાગી." જો એવાં બાહુત વગર ગહાવસ, તારે મનસે શું હું બોલુજ તે કાંઈ ઘાસ કાપુચ. ઓવાએ આવીબી કોઈ બઈરીછે." એ શીવાએ બીજી ઘણીએક બોહોસ કરવા લાગી. ધનાબાઈએ દલણુ ગાંડી વાલીઊં, પણ તેવામાં ડોસાભાઈ બાહેરથી આવી લાગા. ધનાબાઈએ તેને સઘલી હકીકતથી વાકેફકીધો. તેનાં ધણીનો મીજાજ ઘણો આકલો હતો. તેણે પોતાની ઘરધણીઆનીને શાવવા નહી દેવાનોઠરાવ કીધેલો હતો, માટે આ એક વખતે બાવરવાલી બચુંબાઈ ફાવી ગઈ તે જાણીને દલગીર થએઓ. જે ઘરવાલી ના કેહે તે તેનો મરદાદ બાંજવા માટે કરવું જોઈએ એમ ધારીને ધનાબાઈને તેણે પાછી દલવા બેશાડી. હદલ ઘરવાલીએ તે જોઈઊં તો ખરૂં, પણ તેના ધણીએ હોકમ કીધો એટલું જાણીને તેનાથી પાછો કજીઓ થઈ શકીઓ નહી. જો તે ગડબડ કરતે તો તેનું કાંઈ ચાલતે નહી કેમકે સાંમી બોરદુએ "માટીડો" હતો. તેથી તે હારીને બેસી રહી અને બીજાં બાહુતોમાં તેની ફજેતી થઈ. જેમ વખત ગીઓ તેમ તે ઠંડી પડી અને જાણે કજીઓ થએલોજ નથી તેમ ચાલવા લાગી.

તારપછે વલી એક વખતે બાવરવાલીએ કજીઆનું છીટું શોધીઊં. તે વખતે તો "માટીડા" ની પણ ધાસતી ખાધી નહી અને હીમતથી ઊપર ચહડી. પરથમનો ધનાબાઈની સાથે વાત કરવા લાગી, તે બોલી કે "ઓ વાએ ધનાબાઈ તમારોતો કાંઈ જુલમછે." ધનાબાઈએ ખોલાસો પુછવા ઊપરથી તે બોલી કે, "અરે વલી પુછોચ શાંનુ? બરીઆ અખાડા અખાડા કરતાંનો હવે હું થાકી ગેઈચજો. એમ નથી પરવરવાનું હું તમુને સાફ કેહુંચ." ધનાબાઈએ જવાબ દીધો, "મારૂં માથું દુખેછે, વાસતે માએ બોલોતો જરા હલુસે બોલો; એવો કુચલો માંડી વાલો."

બચુબાઈ—ઓવાએ તારે બોલુખી નહી. આએ આપડામાં હું કાંહાંથી આવી, વાંકનો વાંક ને ઊપરથી ચાપલુસી કરતી દેખું. આખો દાહાડો દાદર પરથી ધપર ધપર ઊતરતાં માથું નહી દુખતું?

ધનાબાઈ—પણ ચાપલુસી શાંની? હમારો સું વાંક પડીઓ તે કહો.

બચુંબાઈ—વાંક નહી? રાતનાં બાર બાર વાગા સુધી ઘેરનાં બારણાં ઉગાડાં પડી રેહેચ તે જરા હવે આવીને બંધ કરીં જઈઓની.

ધનાબાઈ—માએ, પેહેરે માટેનો તમે રેહુનો, ને એ કામ મારૂ શાંનુ?

**બચુંબાઈ**—તો તારો વર કાંહાં કાંહાંથી થઈને આવે ને પછે હું બારણાં ધાંકીને પાછાં હુગાડવા જાં ઊં કે?

**ધનાબાઈ**—તારે હુગાડાં રાખી બેસો.

**બચુંબાઈ**—ને પછી? કોઈ સુવો હેથે ભરાઈ બેસ શેતો તારો કાકો જવાબ આપશે?

**ધનાબાઈ**—જોવો આ ઘેરવાલાં તમે વલી કજી આ કરવા આવીઆંચ. મેં તમુને કહેલી નહી કે મારૂ માંથુ દુખેચ? હું આજારીછુ.

**બચુંબાઈ**—અરે પણ સાંની આજારીછે. પો હોરી ચોહોરા થઈને જમેચ. સેવ ને મલીદા ખવા ઓચ? ને ઘેરની વાત આવેચ તારે સાંની આજારી પડેચ?

**ધનાબાઈ**—(ગુસામાં) તો તુબી કાંએ નહી રાં ધીને ખાતી. પેટનાં બલીઆં ગાંમ બાલવા આવી ચ કે?

**બચુબાઈ**—આઓ જોઈલી કે મારી ઊપર તગા ડો કરેચ, અરે આ કસતુરન મુંગી મુંગી મરી રેહે. રાંન ખાએચ, પીએચ, ને મારી સાથ વાત કરતાંજ મરેચ.

હવે પીઆરી બાઈઓ આ બે ઓરતોનો મી જાજ કેમ રેહે. જેવો કજીઓ આપણાં ઘણાંએક ઘ રોમાં આપણ જોઈએ છઈએ, તેવો કજીઓ હીંઅ શરૂ થએઓ. બંધે જણ ગાલાગાલી ઊપર આવી આં એક બોલતી કે "તુ કાંહાં મારો ઘડો લેવા આ વી." બીજી બોલતી કે "ઘડો લીઓરે તારી માંએ બેહેનો." તુરત જવાબ મલતો કે "ઓતું ગાલ ની દેતી મરેરે. મારો ઘડો પખોરીને આપુરે. રાં ન તારી સાત પાંચ છે તેને ગાલ દેની." એથીબી વધારે કજીઓ આગલ ચાલીઓ. તેઓ એક એક ની ખાંમીઓ સોધવા લાગાં. બંધે જણ સાથે ગા લ દેતાં હતાં અને તેથી બંધેનુ સંભલાતુ નહી હતું. "દીક રા દીકરી મરે અને દોજખમાં જાઓ" ઈતીઆદી બો લો જે સાંભલી આપણને કમકમાટ છુટે તેવા બોલ બાવરવાલી બચુંબાઈ બોલતી હતી અને તેનો તેવો જ જવાબ પણ વલતો હતો.

સેવટે ડોસાબાઈ સેક ઊંઘમાંથી જાગીને બાહેર આવીઓ. તેને જોઈને ઘરવાલી ઢબરાટમાં પડી. પોતે એકદમ ઠંડી પડી ગઈ અને ડોસાબાઈ સાથ વાત કરવા લાગી. પણ ડોસાબાઈએ જોએલી કે વલી તેને ફ્જેત કરવાનો તે વખત હતો, માંટે તે પોતે એકદમ ગરમ થઈ ગએઓ. તે એવા ધુમાટા માંર વા લાગો કે બચુંબાઈ ધ્રુજવા પડી. તેણે તે ઓરત ને એકદમ હેથે ઊતરી પડવાનો હોકમ કીધો. ઘર વાલીએ તેને ઘર ખાલી કરવાની અરજ કીધી, પણ ડોસાબાઈએ સાફ જવાબ આપીઓ કે સરકારનો ધારોછે કે ઘેરનાં ભાડુતને ખાલી કરવાની બે મ હીનાં અગાઊ નોટીસ આપવી. બચુબાઈમાં એટલી સમજ નહી હતી કે જેથી ડોસાબાઈનુ બોલવુ ખરૂછે કે ખોટું તે વીચારી શકે. તેનુ આ "માટીડા" સાથે કાં ઈ ચાલતુ નહી હતું અને તેથી બીજાં ભાડુતોમાં વ જણ ખોહી દેતી હતી.

ડોસાબાઈ ઘર ખાલી કરી ગીઓ નહી. તેજ પરમાંણે ઘરવાલીનાં એકબી શુખનને તે ધેઆંન આ પતો નહી હતો. તેથી ઊલટુ જરા જરામાં સીપા ઈને તેડી લાવવાની ધમકી આપતો હતો. તે મોટા મોટા ખોટા બોલતો હતો, તથા સરકાર અને ધારા ની ખોટી ખોટી વાતો કરતો, તેથી બચુબાઈ ઘ ભરાતી અને તે સઘ ખરૂ માંનતી હતી. એક વખ તે જારે ઘરમાં વરસાદનુ પાંણી ઘણું ગલીઊ અને જારે ઘરવાલીએ તે સમરાવી આપવાને નાં પાડીઊ તા રે તે એક સીપાઈને ખરેખર તેડી લાવીઓ. તે સી પાઈએ ધમકી આપી અને ઘેર જે ઘણી માંઠી અવસ થામાં હતું તે વીશે સરકારમાં ખબર કરવા કહેલી. તે ઊપરથી બચુબાઈએ પોતાની મેલે મરાંમત શરૂ કી ધી. આવી આવી રીતે જારે આ ઘરવાલી થોડી ઘ ણી જેર થઈ તાર પછે ડોસાબાઈને બીજે ગાંમ ચાક રી મલી. તેની બાએડી પોતાનાં માં બાપને તાંહાં ગઈ અને ડોસાબાઈએ ઘર ખાલી કીધું.

વાંચનારી બાઈઓ, આવી રીતનાં કજીઆ આપણ કેટલાંએક ઘરોમાં વારેઘડીએ સાંભલીએ છઈ એ. તે કેવા હલકા તથા નકામાં હોએછે તે થોડું ઘણું દેખાડવા માટે ઊપલો સેજ હેવાલ આપીઓછે. એમ ખરેખર બનેછે. નકાંમી બાબદો ઊપરથી આપણી ઓરતો ગાલગલોચ કરેછે અને એક એકને કડુવા દી એછે. તે અનઘટતુંછે એટલુંજ નહી પણ જે કાંઈ બો લાએછે તે સઘલું અરથ ઈઆ મતલબ વગરનું હોએ છે. માટે એવી કજીઆ કરવાની ચાલ છોડીદેવી જો

ઈએછે કે તેથી ગાંમમાં હશી થવાનું અટકે અને સંપ તથા સમાધાનીથી વખત ગુજરે.

## લેડી કેંનીંગ.

જે માંનવંતી બાંનુની એક નાંહાંની તસવીર સ્રી બોધનાં વાંચનારાંઓને માંટે આ આંક સાથ જોડીછે તે ઊપલાં મથાળાંમાં તાંકેલાં મુબારક નાંમની લાએકીવાલી લેડી કેંનીંગછે. તેનુ નાંમ આ દેશની થોડી ઘણીબી ખબર રાખનારાઓની છાતીમાં કોતરી રાખેલુછે અને તે નાંમને તેઓ પોતાની ઈઆદગારીમાંથી ખીસવા દેશે નહી. તે નાંમ હીઆંનાં દેશીઓને વાહાલુ થઈ ગએલુંછે, અને આ દેશની દરએક અબલાએ પણ સરખી રીતે એ સદગુણી સ્રીની પીછાંણ રાખવી ઘટેછે. કેટલાંએક મોટાં માંણસોની બાએડીઓને જોવાને અથવા તેની હકીકત જાંણવાને ખંતી હોએછે, કાંએક તેવાં મોટાં માંણસ પોતાને લાએક બાએડીઓથી મોટું શુખ પાંમેછે. લેડી કેંનીંગનો ભરથાર મોટું માંણસ થઈ ગએલોછે. તેની આ ચંચલ સ્રી વીશે આપણે થોડુ ઘણુ પણ ઈઆદ રાખવું જોઇએ.

લેડી કેંનીંગને જે વાંચનારી બાઈ ઓલખતી નહી હશે, તેનાં મનમાં કદાચ એવો વીચાર આવતો હશે કે જે મીશાલે જોન આફ આરક લડાઈનાં મેદાંનોમાં જબરદસ્ત ફોજને લઈ ગઈ હતી, અથવા જે મીશાલે ગરેસ ડારલીંગે મરતાં માંણસોનાં બાહાદુરીથી જાંન બચાવીઆ હતા, તેજ મીશાલે લેડી કેંનીંગ પણ કોઈ મોટાં પરાકરમમાં પરકાશી નીકલી હશે. એ ધારણાંમાં થોડી ઘણી ભુલછે. લેડી કેંનીંગમાં ઊપલી નાંમીચી સ્રીઓનાં સરખી રીતે દુનીઆંમાં ચેગાત કરી મેલવાનો ગુણ નહી હતો. તેણીએ કાંઈ જંગો ઘુજાવીઆં નહી હતાં, અથવા મરદાંનગી ભરેલી રીતે કાંઈ મોટી મુસીબતોને ટાલી નહી હતી. તેણીએ મરદનાં સરખી હીંમત અને ખબરોને બદલે, સ્રીને લાએકનાં પોતાના ગુણોમાં માંન મેલવીછે; અને તેટલા માંટે તે કાંઈ ઓછી લાએકીવાલી ગણાતી નથી, અથવા કાંઈ થોડી પરખેઆત થઈ નથી.

હીંદુસથાંનની સરકારનો વડો અને આ દેશનો માંજી વાઈસરાએ લારડ કેંનીંગ ગએ વરશે અતરેથી રવાંને થએઓ હતો. તે નાંમદારે આપણાં દેશનાં લોકો તરફ જે મેહેરબાંનગી ભરેલી નજર અને માએઆ તથા પરીતી દેખાડી હતી તેને માંટે તેણે અતરેનાં તમાંમ રેહેવાસીઓમાં માંન મેલવીશે હતું. તેની બાંનુ આ લેડી કેંનીંગ હતી. આસરે આઠ વરશની વાત ઊપર તે પોતાના ખાવીંદ સાથે આ દેશમાં આવી હતી અને તારથી તે આપણાંમાં જાંણીતી થઈ હતી. તારથી પરારનાં વરશ શુધી તે પોતાના માંનવંતા ભરથારની સાથે રહી હતી, અને જારે લારડ કેંનીંગ ઘણીએક કીરતી પાંમીઆ પછે હીંદુસથાંનથી રવાંને થવાની તઈઆરીમાં હતો તારેજ મેહેરબાંન જીવની લેડી કેંનીંગ જંગલની તાપની અસરથી મરણ પાંમી હતી. તેનુ એ દુખ ભરેલું મોહોત તારીખ ૧૮ મી નવેમબર ૧૮૬૧ ને દીને નીપજીઊં હતું. દારજીલીંગ નાંમનાં પરાંતમાંથી તેને તાવનો ભુંડો મરજ ઊઠીઓ હતો અને થોડાજ દીવસનાં અરસામાં કલકતા મધે તે મરજનો ભોગ થઈ પડી હતી. તેનાં એ મોહોતનો ગમ કુલે આલમે કીધોછે, તેનુ મરતીઊક સાંભલીને આપણું આખું દેશ રડીશેછે.

લેડી કેંનીંગ ઘણી કહરેલ અને પહરેલ સ્રી હતી. જુદા જુદા એલમો અને વીદીઆઓની તેણે પુખત કેલવણી લીધી હતી, અને નાંમીચા હુનરોમાં તેને ઘણી સારી અજમાંએસ હતી. મુખીઅ કરીને ચીતારીનો તેનાંમાં વખાંણવા જોગ શોખ હતો. તે નાંમીચા ચીતારો પાડતી હતી, તથા એ અગતનાં હુનરને આગલ વધારવાને તે ઘણી ખંતી હતી. લેડી કેંનીંગ સખી દીલની, માએઆલુ અને મીલનસાર હતી અને પોતાના લાગવગ તથા ઓલખમાં જે જે માંતબર ઈઆ ગરીબ આદમીઓ હતાં, તેઓને ઘટતે વખતે મદદ આપવાને તથા કાંમે લાગવાને તે આંનાંકાંની કરતી નહી હતી.

લેડી કેંનીંગનો મરતબો આ દેશમાં ઘણો મોટો હતો. તેનાં ભરથારની પદવી સરવેમાં ચહડતી હતી, તોપણ તેને માંટે તેની બાંનુમાં જરા મગરૂરી નહી હતી. આ દેશનાં લોકોનું તે ઘણું ભલુ ઈછતી હતી. અગર કરીને આપણી દેશી સ્રીઓનાં સુ



લેડી કેનીંગ

ધારા ઊપર તે સારૂં ધેઆંન આપતી હતી. આ દેશમાં એલમ હોનરોનો ફેલાવો કરનારી મંડલીઓમાં લેડી કેંનીંગની ખાસ મદદ હતી. જારે તે મુંબઈમાં આવી હતી તારે અતરેની છોકરીઓની નીશાલોમાં કેલવણી લેતી સરવે છોકરીઓ ટાંઊનહાલમાં ભેગી થઈ હતી અને લેડી કેંનીંગે પોતાને પનોતે હાથે તે છોકરીઓમાં ઈનાંમો વેંહેંચીઆં હતાં. તે વખતે દેશી સ્ત્રીઓને કેલવાએલી જોવાને તેણે ઘણી મરજી દેખાડી હતી. તારપછે જારે વીહારનાં તલાવનો પાએઓ નાંખવાની કીરીઆ થઈ હતી, તારે લેડી કેંનીંગ ડુંગરે ડુંગર ચહડી હતી તથા આસપાસના દેખાવોનાં ચીતાર ઊતારી લીધા હતા. સખાવતનાં કાંમોમાં તે નાંણાંની મદદ આપતી હતી, અને એવીજ બીજી સાબેતીઓ ઊપરથી પુરવાર થએઊં છે કે લેડી કેંનીંગ એક પુરવીન તથા દેશહીતકારી સ્ત્રી હતી.

ભરથાર તરફ પીઆર રાખવામાં લેડી કેંનીંગ ઘણી મેહેનતુ હતી. તે આ દેશમાં આવીઆ પછે અતરે જે મોટો બલવો થએઓ હતો, અને લારડ કેંનીંગને માંથે જે મોટી બલા આવી પડી હતી તે વખતે લેડી કેંનીંગની હાજરીથી તેનાં ઊપર સારી અસર થઈ હતી. જેવી એ બાંનું તેવોજ તેનો ધણી દાહાપણ અને ધીરજ વાલો હતો. થોડાએક મહીનાંમાં તે બલવાનો આતસ બુંજવાઈ ગએઓ હતો. તારથી લેડી કેંનીંગે કેટલીએક ઊમેદો ધારી હતી. તે ઈંગલંડ જવા પછે મોટું માંન પાંમવાની હતી. પણ અફસોસ ! એવાં માંણસને ખોદાતાલા પોતાની પાસે જલદીથી બોલાવી લીએછે. લેડી કેંનીંગને આ દેશમાં મોહોતનુ તેડુ આવીઊ અને તેનો ધણી પોતાને વતન ગીઆ પછે તુરતજ મરણ પાંમીઓ.

લેડી કેંનીંગની તસવીર જોતાંવારજ આપણી છાતીમાં જુસો થઈ આવેછે. તેનાં મોહોતનો બનાવ આપણી ઈઆદદાસતમાં તાજોછે, અને તેનાં ચેહરાની ખુબસુરતી આપણી નજર સાંમુંછે. તે ઘણીજ ગંભીર, મીઠા સ્વભાવની નારી થઈ ગઈછે. તે વીચાર અને અંદેસો કરતી બેઠીછે. નેકી અને લાએકી તેની શુરત ઊપરથીજ દેખાએછે. તેનાં લેબાસનો કાંઈ ભપકો નથી, ઈઆ તેનાં મગજમાં કાંઈ ગરૂરીનો પવન નથી. તે નીરદોસ અને શુંદર શીકલથી તવારીખનાં સફામાં બીરાજેછે. જેમ કેટલીએક સ્ત્રીઓ પોતાની બાહાદુરીનાં જાગતા દાખલા આપી ગઈછે, તેમજ આ સ્ત્રીએ પણ હીમત અને બાહાદુરી પોતાના ખાંનગી ઘરમાં દેખાડેલીછે અને એ સઘલી ઓરતો માતર પોતાના ઘરમાંજ એવાં દાહાપણ અને ધીરજનાં દાખલા આપેતો હમો તે કાંઈ થોડુ સમજીશું નહી.

---

## પાણીનાં બીછાંણા.

આ જમાંનાંમાં ઈનસાંન શું નથી બનાવતુ? તેનાં મગજમાં ખોદાતાલાએ અકલ સરીખું અતી ઊતમ ગોહર મેલીઊછે અને તેનાં પરતાબથી કરીને આજને કાલ દુનીઆંમાં એ માંણસ એટલોતો દીપી નીકલીઓછે કે એક ઈસવરી તલેસમાંત અને દુનીઆઈ મોજેજા દાખલ તેને ગણવામાં આવેછે. જે જે વાતો કોઈએ સપનાંમાં વીચારી નહી હતી તેને આ જમાંનાનુ આદમી ખરી પાડેછે અને એ પરમાંણે આગલા કીસા અથવા કાંહાંનીઓમાંનાં જાદુઈ ભરેલા તલેસમાંતો એક કોરે રહેઆછે.

વીદવાંન માંણસોએ દરદીઓનાં દુખ મટાડવાનો વીચાર પેહલાં કીધોછે, અને તાર પછે દરદનું જોસ નરમ પડે તાંહાં સુધી તેને આરાંમ કરવાનાં ઈલાજો સોધી કાહાડીઆછે. પાણીનાં બીછાંણા એવી શોધોમાંની એક શોધછે. કેટલીએક વખતે દરદીઓને રોગનાં હોમલામાં ગમે એવું નરમ બીછાંણુ બરડામાં ખુંચેછે, અને અગત કરીને જારે તે માંણસ પોતાનાં દરદથી કાએલ થઈ તવાઈ જાએછે તથા જારે તેને એકની એકજ બોરદુએ કોરવાલીને સુવું પડેછે તારે તેને બીછાંણાથી વધારે પીડાકારી ભોગવવી પડેછે. એ પીડાકારી ઓછી કરવા માંટે પાણીનાં બીછાંણા બનાવેલાં હોએછે.

એ જાતનાં બીછાંણાઓ આજ કેટલાંએક વરસ થએઆં ઈંગલંડની ઈસપીટાલોમાં વપરાતાં આવીઆછે. અતરેની સર જમશેદજીવાલી ઈસપીટલમાં પણ કોઈવાર એવાં બીછાણાં વપરાએછે દરદી માણસને ચાંમડાં અથવા રૂનાં કરતાં પણ નરમ બીછાણાં ઊપર સુવાડવા માટે પાણી વાપડવામા આવે

છે. તે દરદી પાંણી ઊપર સુવેછે. બીછાંણામાં નલીની મારફતે ગરમ અથવા ઠુંડાં પાંણીનાં ચોકસ જથાને એકઠો કરી રાખેછે, અને તે ઊપર ઘણુ કરીને ગતાપરચાની એક નાંહાંની ગોદરી અથવા રૂંજનીનુ પડ કરેલુ હોએછે. તે ગોદરી ઊપર દરદી આરાંમ કરેછે, પણ તે બીછાંણામાં એવી ગોઠવણ હોએછે કે જેથી દરદી પાણી ઊપર સુતોછે એમ તેને લાગે નહી. તેવા દરદીને સરદી પોંહાંચી જવાની કાંઈ ધાસતી રેહેતી નથી અથવા તેની તનદરોસતીમાં કાંઈ બીગાડ થતો નથી. જોકે તે બીછાંણા ગમેનાં પાંણી ઊપર તરેછે, તોપણ તે ગોએઆ હવા કરતાંબી કાંઈ નરમ વસતુનાં બીછાંણા ઊપર સુતો હોએ એમ તેને લાગેછે. તેથી તેને ઓછુદુખ તથા થોડો અકરસાત ઊપજતો હશે એમાં શક નથી.

આવું ઊપીઓગી બીછાંણુ પેહલ વેહેલું ડાકટર આરનાટે બનાવીઊં હતું. તે થોડાંએક વરસની વાત ઊપર એક દરદી સીની દવા કરતો હતો. તે સીનો એવો મરજ હતો કે તેનાંથી સાધારણ બીછાંણાં ઊપર પોતાનો ભાર ખમાંતો નહી હતો. તેને લીધે આગસથા પવણથી ભરેલાં ગોદરાં તેને સુવા માંટે આપીઆં હતાં. તોબી તે દરદીને ઊપંજતુ દુખ તેથી જરાજ ઓછુ થએઊ નહી હતું. એ માંમલો જોઈને એથીબી વધારે પોચાં બીછાંણા બનાવવા ઊપર ડાકટર આરનાટે પેઆંન લગાડીઊં. તેણે વીચાર કીધો કે પાણીની સપાટી ઊપર સરીર ઘણુ હલકુ રેહેછે અને દરએક બોરદુએથી પાણીનુ સરખુ દબાંણ થાએછે. એવા વીચારથી તેણે પાણીનું બીછાંણુ બનાવીઊં હતું અને તારથી તેનો ખપ વધતો ગએઓછે.

—∘•—

## મરઘાંની દોસતી.

કેટલાંએક જાંણીતાં અને નામાકીત માંણસો આ નાંહાંનાં અને નજીવાં પરાંણી તરફ અચરત સરખો પીઆર દેખાડી ગએઆંછે. તેઓએ તેમને ઘણાં સંભાલથી રાખીઆં હતાં, તથા તે પરાંણીઓનાં જીવને ધાસતી નહી પુહે એટલા માંટે બંદોબસત કીધા હતા. તે પુરશોએ કરેલી તેવી દોસતીના હેવાલ વાંચતાં આપણને અચરજ પેદા થાએછે.

પુરવમાં પરખેઆત થએલા સેહેનસાહ હોનોરીઅસ વીશે એવું કેહેવાએછે કે તે મરઘીઓનો ઘણો શોખી હતો. મુખીઅ કરીને તેણે જે એક મરઘી પાલી હતી તેનાં ઊપર તેનો અજાએબ જેવો ચાહ હતો અને તે મરઘીને તરેહવાર લાડમાં રખાવી હતી. તેણે તે મરઘીને "રોમ" શેહેરનુ નાંમ આપીઊ હતું. વાંચનારી બાઈઓ જાંણેછે કે રોમનુ પુરાતમ શેહેર ઈટલીનુ પાએતખત ગણાતુ હતું. તે આગલા વખતમાં ઘણાં દબદબા તથા જાહોજલાલી ભરેલુ હતું. તે પનોતુ નાંમ સેહેનસાહા હોનોરીઅસે પોતાની મરઘીને આપીઊં હતું. એક વખતે તે રાજવંસીથી જારે રેવેનાં ખાતે રહેલો હતો તારે આલારીક લડાઈમાં રોમ શેહેર ફતેહ કીધા પછે એક ગોલાંમ તે વીશે આ સાનસાહાને ખબર કરવા આવીઓ. તેણે કહીઊં કે "સાહેબ રોમનો નાંસ થએઓ." સેહેનસાહા પોતાની પીઆરી મરઘીને સમજી અતી ઘણો અચરત થએઓ. તેણે પુછીઊં કે "અરે! અતર ઘડીતો તે મારા હાથમાંથી દાંણા ખાઈ ગઈ અને તેટલા વારમાં તે શાથી મરણ પાંમી?" પણ તેનાં ગોલાંમે ખોલાસો કીધો, જારે તેણે જાંણીઊં કે "રોમ" મરઘી નહી પણ રોમ શેહેર ઊપર આ બનાવ બનીઓછે, તારે તેને જરાબી ધીરજ આવી, અને તે બોલીઓ—"હું બીધો હતો કે રખે મારી મરઘી મારા હાથમાંથી ગેઈ હોએ."

ફરાંનસ દેશનાં પરખેઆત શાસતરી સાંમીઊએલ બરનારડ, જે સને ૧૭૩૯ માં મરણ પાંમીઓ હતો, તેને એક મરઘી ઊપર અતીશએ વેહેમ હતો. તે મરઘી કાલા રંગના પીછની હતી. તેની સાથ સાંમીઊએલ પોતાની હઈઆતીને કાંઈ સંબંધ સમજતો હતો. એટલા માંટે તે આ મરઘીનો ઘણો સંબાલ લેવાડતો હતો, અને પછે જારે એ વીદવાંન મરણ પાંમીઓ તેજ વખત ઊપર તેની પીઆરી મરઘી પણ મુઈ હતી! મોહોતને વખતે સાંમીઊએલની ઊમર ૮૮ વરસની હતી.

ઈટાલીમાં પાથરોની નાંમનો એક કવી સને ૧૮૦૨ માં મરણ પાંમીઓ હતો. તેને એક મરઘા સાથ એટલીતો દોસતી હતી કે તેને વીશે પોતાની કવીતાઓમાં પણ તે લખી ગએઓછે. આ વાત ઘણી રમુજી છે. એક જાહેર લખનાર અને કવેસર

બીજી દાંનાઈની વાતો કરતાં પોતાનાં મરઘાની વખાંણ કરે તે નવાઈ સરીખું લાગેછે.

મરઘી સાથે હાલનાં લોકો કાંઈ દોસતી રાખતા હોએ એવું આપણ જાણતાં નથી અને તે જાણવાની આપણને વકીબી નથી. તોપણ આ વાત ખરીછે કે મરઘા મરઘીને આપણી સ્ત્રીઓ ચોકસ વજણ આપેછે. તેઓ એ પરાંણી ઊપર કેટલોએક વેહેમ રાખેછે, અને મરઘા અથવા મરઘીની માણતા માનેછે, તે ઘણુ હસવા સરીખુછે. ઊપર ટાંકેલા નાંમાંકીત પુરૂશોનો માતર એક શોખ હતો અને તે વાસતે તેઓ મરઘી તરફ દએઆ કરતા હતા. પણ આપણી ભોલી ઓરતો તેઓ વીશે વેહેમ રાખે તથા ચોકસ કીરીઆમાં તેઓનાં જીવનો ભોગ આપે એતો વધારે શરમ ભરેલી અને વધારે રમુજી બીનાંછે.

---

## રાજા થવાની એક રીત.

મારાં મોટાં માંએને જોડી કાહાડેલી વારતાઓ વાંચવાનો શોખ ઘણો હતો. તેથી કરીને જારે હમો સંઘા ભાઈ બેહેનો અને બીજાંઓ પરવારતાં પડતાં હતાં તારે તેવણની પાસે ગોલ કુંડારૂ કરીને બેસતાં હતાં અને તારબાદ તપકીરનો ફુંશરો મારીને તથા બે તરણ વાર છીંકીને પછે તેવણે વાંચેલી વાત ચલાવતાં હતાં. એક દાહાડે તેવણે હમારી આગલ એક વારતા આ પરમાણે કરી સંભલાવી હતી.

"બસરા શેહેરમાં હસન નાંમનો એક માંતબર ઊમરાવ રેહેતો હતો. તેની પાસે ધન દોલતનો ઘણો મોટો ખજાંણો હતો અને માલ મીલકત, ગાડી ઘોડા તથા જહવેરાતોનો તે ધણી હતો. આ સઘલી દોલત હસનને બાપનાં વારસામાંથી મલી હતી, પણ તે બદ ઈલતમાં ફસી પડેલો હતો, માંટે દોલતનો બરોબર સંભાલ લેઈ શકીઓ નહી હતો. મોજ મજાહામાં તેણે તે સઘલી દોલત ગુમાવી નાંખી અને થોડાં વરશનાં અરસામાં તે બે બદાંમનુ માંણસ થઈ પડીઊ. તેની માંતબરીમાં તેને ગલે વલગનારાં માંણસોનો તોટો નહી હતો; પણ તેની ગરીબાઈમાં તેનો કોઈ ભાવ નહી પુછતુ હતું.

આવી હાલતમાં તે એક દાહાડે બસરાનાં કોટની દેવાલ ઊપર બેસી મોટો અફસોસ કરતો હતો. તે પોતાને, ગાંમને, દુનીઆંને અને ખોદાને ગાલ દેતો હતો તથા ઈઆતો પોતાની દોલત ઈઆ નહીતો કે મોહોત માંગતો હતો. તેવામાં તેની પાસે એક દુરવેશ આવીને બોલવા લાગો કે 'અરે કમબખત હસન, તું શેકટનો ગમ શા માંટે કરેછે. ખોદાએ તારૂ નરશુ કીધુ નથી.' હસને પોતાની કડવી ફરીઆદ કીધી તથા આ દુરવેશને અરજ કીધી કે કોઈ તસેલમાંતથી તેને પાછો આગલી માતબર હાલતમાં લાવી મેલવો. દુરવેશે જવાબ દીધો કે 'ભવા હસન મને ખોદાતાલાએ તારૂ ભલુ કરવાનો હોકમ કીધોછે. વાસતે જેમ હું કેહું તેમ બજા લાવવાને તું કબુલ થાએતો તુંને હું એક રાજો બનાવશ' હસને હા પાડીઊ અને દુરવેશ બોલીઓ કે 'તારી દોલત તુંએ ગુમાવીછે તેમાં તારી તકસીરછે પણ એ બનીઊ તે કાંઈ નહી બનતુ થશે નહી. હવે હું તને એક વરશની મુદત આપુ છઊં. એટલી મુદતમાં તારી જીંદગીને શુધાર, તારા જુસાઓને દાબી રાખ, તારા ભુંડા હવસોનો તીઆગ કર, તારી રોટીને માંટે મેહેનત કર, દારૂનો ઈનકાર કર, ભુખ લાગે તારે ખાવાનુ કર, અને થાકી જાએ તારે શુવાની ટેવ રાખ. એ પરમાણે એક વરશ શુધી જો તું ચાલશેતો પછે તે મુદતની આખેરીએ તુંને એક નામીચુ રાજ મલશે.'

"આ નસીહતને ધેઆંનમાં રાખીને હસને એક આબરૂ ભરેલો ધંધો કરવા માંડીઓ. તે દરરોજ સવારનાં સકારેથી ઊઠીને મેહેનત કરવા લાગો, પોતાને હાથે બનાવેલી રોટી તેને વધારે સવાદ આપતી હતી, તથા પોતે થાકે તારેજ હુંગાવાથી તેને આગલનાં કરતાં વધારે મીઠી નીંદ લાગતી હતી. જારે તેને ગુસો ઊપજતો તારે તે દુરવેશને ઈઆદ કરીને પાછો ઠંડો પડતો હતો. એ રીતે તેની મુદતનુ એક વરશ ગુજરીઊં તોપણ તે દોલતમંદ થએઓ નહી માંટે પાછી ફરીઆદ કરવા લાગો. તુરત તાંહાં પેલો દુરવેશ હાજર થએઓ અને બોલવા લાગો કે 'અરે નાંદાંન શું તુને રાજ નથી મલીઊં કે તું પાછો રાજો થવા માંગેછે? આ ગએઆં એક વરશમાં તેં પાદશાહી કીધીછે. તારૂ રાજ તે તારૂ શરીરછે. એ ઘણું મોટું રાજછે. એમાં બ

ખેડો નહી થાએ તેનો સંભાલ રાખતાં તું ગએ વરશથી શીખીઓછે. એ તારૂં રાજ સમાંધાંનીથી ગુજરીગીછે, માંટે તુને મુબારકબાદી આપું છઉં. હાલ તરત તું એ રાજ ઊપર અમલ કર અને તારી રઈઅત જેવી કે ગુસો, લોભ, ગુરુરી, મોજ, ઈતીઆદીને તારા તાબામાં રાખ. એ રઈઅતને નરમ પાડતાં ઘણો વીલમ લાગશે, ચાને તેટલી મુદતમાં તું એક દોલતનો ધણી થશે, હસને તેમજ કીધું. પોતાનાં જુસાઓ ઊપર બરોબર લગાંમ રાખવાથી તે પુંજી એકઠી કરતાં અને કર કસર તથા શુખથી રેહેતાં શીખીઓ અને થોડાં વરશમાં તે પાછો માંલદાર થએઓ."

બેહેનો, મોટાં માંએની આ વાત ઘણી ઘટતીછે. આપણ આપણાં પોતાનાં સરદાર છઈએ. આપણ શરીર તે આપણું રાજછે અને આપણું મંન તે આપણું તખતછે. આપણે સઘલાં જણ એ રાજને મનમાંનતી રીને ચલાવતાં શીખીઆં નથી. માંટે બીજે લોભ કીધાની આગમચ આપણાં જુસા, આપણાં ગુણ અને આપણા મીજાજને તાબામાં રાખવાની આપણે ટેવ પાડવી જોઈએ. તેઓ ઊપર ફતેહ મેલવીનો એક મોટાં રાજ ઊપર ફતેહ મેલવી એમજ સમજજો.

—///—

## રમુજે ફુરસત.

૧. હું આદમ નથી, નાં હેવાંન, ના જાહાડ,
નો મછી, નાં માંટી, નાં ધાતુ, નાં પાહાડ,
નાં ઢોર કે નાં પસુ, નાં ફુલફલ મેવો,
પણ હું જે છઉં તોજ તમોખી છવો.
નથી હાથ પગ કે ઈંદરી, નથી દીલ મારૂ,
તો પણ આવુ ને હાલું ને એનથી ફરૂં;
ગાઉને ગાઉ દોડુંછું એક પલની માંહે.
દુનીઆં સુખી સદા મારાથીજ થાએ.
મોહોડું નહી તોપણ છે મને અવાજ.
દેખાતી નહી તોપણ કરૂં દીલ નવાજ,
આકલમંદ નથી, નથી ગનેઆંનખી કાંઈ,
ન માંતા ન પીતા ન બેસમજ દાઈ.
ન જાણું કાંઈ બુરું કાંઈ માંરું, સારૂ,
નાં દુખ, નાં વીપત, નાં મીના ફરૂ.
પણ હું નહી રે ઉતો ન પાંમો સુખ,
પછી આપુંબ આરાંમ દુર કરી દુખ.
જનમ મારો થએઓ પરૂથવીની આગ ડ,
બાપ મારો પોતા, નાં સગા કે સગ.
મારે કોઈબી ચીજની નથી દરકાર,
પણ ગાંમ, શેહેર, પરજા અને સરકાર,
સરવે મારી હસતીને આપેછે પેચાંન,
મારા વીનાં થાએ સઉ જાંનથી બેજાંન.
ઘર, વાડી, બાગ બગીચા કે મેહેલ
માં વાટ મારી જુવેછે સરવેનાં દેવ.
એ મારાં ગુણ નથી છુપાંરે બેહેન,
માંટે નાંમ શોધી કાહાડો માંની મારૂ કેહેન.

૨. હું સઘલી જગા ઉપર હોઉછું. કોઈ વેલા હું ઉંચા પાહાડો ઉપર ચલકતા ફુતરની મીસાલે હોઉછું, કોઈ વેલા ઉંડા ખાડાઓમાં જથાબંદ હોઉછું, અને કોઈ વખને આસમાન ઉપર બેમાલુમ થઈ ઉડી જાઉછું. માહારા વના કોઈ પણ જીવને ચાલતુ નથી. એક નાહનુ બાલક પણ માહારૂ નામ જલદી શીખેછે. માહારા બોલ સાથે તેનો પેહલો હરફ કોઇને કેહેતો તમુને મને લાવીને વાપડવા સારૂ આપશે. વલી માહારા બોલનો પેહલો હરફ એકલો લઇએતો તેમાંથી "સવા પાંચ" એવો માંએનો થઈ શકેછે.

—

### સવાલોના જવાબ.

૧ લો—કલમ.
૨ જો—તપકીર.
૩ જો—મંદર.

—•—

## પરચુરણ બાબદો.

હવે બાકી શુ રહેશે ! ફરાંનસનો શેહેનશાહ આસરે બે માંસની વાત ઉપર જારે કેમપેન ખાતે મોજને ખાતર જઈ રહેઓ હતો તારે એક નાંમીચા કારીગરની તેણે મુલાકાત કીધી હતી. તે કારીગરે વીજલીનો એક નવો ઉપીઓગ કીધોછે. વાજાંની પેટીઓમાં તેણે વીજલીનો સાંચો લાગુ પાડીઓછે, જેથી એકજ વખતે જુદી જુદી રાગની પેટીઓમાં એકજ રાગ ગવાઈ શકાએછે. આ કારીગરે પોતાની એ કલાથી સેહેનસાહાનાં મેહેલમાંનાં જુદા જુદા ઓરડાઓમાં મેલેલી રાગની પેટીઓને સાથે વજાડી હતી. તે હાલ એવુ જણાવા નીકલીઓછે કે તે પોતાની આ કલાથી જુદાં જુદાં અને ઘણા દુરનાં શેહેરોમાં મેલેલી રાગની પેટીઓને તે એકજ વખતે વગાડી શકશે. વાંચનારાંઓ કદાચ પુછશે કે હવે બાકી શુ રહેશે.

—

એરંડીઆંનો જોલાબ—એક લખનાર લખેછે કે આ ગુણકારી દવા પીતાં બચાંઓ જેઓ આંનાકાની કરેછે તેઓને તે જોલાબ આપવાની એક સેહેલી રીતછે. તે એમ કે મધીઅમ ગરમીનાં ચુલા ઉપર એક ડીકરૂ મેલીને જોલાબનું એરંડીઉ તેમાં ગરમ કરવુ. તેમ કરતાં એ એરંડીઆંમાં એક ઈંડુ ભાંગવુ અને તેને એરંડીઆં સાથે સારીપઠે કાલવી નાંખવું. ચુલા ઉપર તે એરંડીઉં જરા ઘાટૂ થવા પછે તેમાં

થોડુએક નીમખ અથવા ખાંડ અને કોઈબી ખુશબોને ભેલી આ પછે તે બચાંને પાવુ તેથી તે બાલક આ ભેલાબને પીતા આચકો ખાશે નહી અને તેજ પરમાણે એરંડીઆમાં એદુ આવીઆથી તેઓને કાંઈ અડચણ થશે નહી.

**ધેઆંન ધરવા જોગ સીખાંમણ**—જો આપણાં હાથ સખી થઈ નહી શકેતો દીલને સખી રાખવામાં સદ્દગુણછે.

આપણામાં જે ખાંમીઓ ઘણીછે તે જો આપણે સમજીએતો આપણી જીંદગીમાં ખામી નથી એમ કેહેવાએ

દાહેપ્યાં માણસનાં ગજવામા નહી પણ મગજમા પઇસા હોએછે.

આપણી પછવાડેની કીરતીને જોવા કરતાં આપણી આગલની આબાદાની તરફ જોવામાં સોભાછે.

**એક નવી જાતનુ પાલણુ**—ઈગલંડનુ જે મોટુ સંગરહસથાંન હમણેજ બંધ થએલછે તેમાં બચાંઓને શુવાડવાનુ એક નવી જાતનુ પાલણુ દેખાડવા મેલીઉં હતું. તે પાલણાંમાં એવી ગોઠવણ હતી કે જેથી તેમા હીચ નાંખતી વખતે સરેસતા પરમાણેની આડી એકથી બીજી બાજુએ નહી પણ ઉભી ઈઆને માંથા આગલથી પગ આગલ હીચ આવે. કેહેછે કે આ જાતનાં પાલણાથી શુતેલાં બચાંની તનદરોસતી ઉપર સારી અસર થાએછે.

**દારૂગોલાનો ખપ**—આ દુનીઆંનાં જુદાં જુદાં રાજોમાં દરરોજ સવાર સાંજ જે તોપ પડેછે, તથા મનવારો, ગોદીઓ, બટેરીઓ, ઈતીઆદી ઉપરથી સલામતી અને માંન અકરામને ખાતર જે તોપો છોડવામાં આવેછે, તેમની દરરોજની એકનદર સંખીઆ ૧ લાખ ૫૦ હજાર તોપની થાએછે અને તેની ગણતરી પરમાણે એ કાંમમાં દર વરશે ૧ કરોડ ૨૦ લાખ રૂપીઆનો દારૂગોલો ખપેછે.

**એક એકાંત ગાંમડું**—હાઈલાંડસનાં પરગણાંમાં જાંહાંથી અતરે આવનારાં લશકરને કેટલાએક લોકો "ઘાગરા પલટણ" નાં હલકાં નાંમથી ઓલખેછે, તાહા એક નાંહાંનુ ગાંમડુંછે, તે આખાં ગાંમડાંમાં માતર ૯ માણસો વસેછે, જેઓમા ૫ મરદો અને ૪ સ્ત્રીઓછે. તેઓની જુમલે ઉંમર ૬૦૦ વરસનીછે. એ આખી વસતી પરણેઆ વગરનીછે.

**ચેતવણી**—કેટલાંએક રમકડાઓમાં ફલ અને મેવાનાં પણ ખોટાં બનાવેલાં રમકડા હોએછે. લાકડાં અથવા મટોડીનાં આંબો, દાડમ, નારંગી, કેલાં, દરાખ ઈતીઆદી એવી કારીગરીથી બનાવેલાં હોએછે કે ઘણીવાર માંણસો ઠગાએછે. એ રમકડાંઓ ઉપર જે રંગ દીધેલો હોએછે, તે રંગમાં અને ઘણુકરીને લીલા રંગમાં એક જાતનું જેહેર હોએછે. લંડનમાં એક ચઉદ વરસની વએની જવાન છોકરી હમણાજ મરણ પામીછે. તેનાં મોહોત ઉપર થએલી તપાસથી માંલુમ પડીઉંછે કે તે છોકરીએ એક દેકાંણેથી એવી ખોટી લીલી દરાખને ઉંચકીને મોહોમાં મેલી હતી, તે વખતે તેનાં મોહોમાં તે દરાખનો રંગ ઓગરીઓ હતો, અને તે રંગમાનાં જેહેરથી આ છોકરી મરણ પામીછે.

**નીમખ**—માણસની જીંદગીમાં નીમખ એક જરૂરની વસતુછે. કેહેછે કે આગલા જંગલી વખતોમા ગુનેહગારોને નીમખ વગરનો ખોરાક ખવાડવામાં કઠણ સજા ગણાતી હતી, તેથી તે ગુનેહગારો ઘણા દુબલા બનતા હતા, તથા ઘણીવાર નીમખ વીનાનાં ખોરાક ઉપર રેહેવાથી તેઓ મરણ પાંમતા હતા. આપણા લોહીમાં જે ખારછે તેમાંનો હરપી ભાગ નીમખથી બનેલોછે. એ ખારનો કેટલોએક જથો પરસેવાના તથા બીજા આકારમા દરરોજ બાહેર નીકલેછે, માટે લોહીમાં તેની જગા પુરવા સારૂ દરરોજ ખોરાકમાં નીમખ લેવાની જરૂર પડેછે.

**એક પકો ચોર** — મોઘવારીનાં સબબથી એક શખસ બરોબર પોતાનુ ગુજરાન ચલાવી શકતો નહી હતો, તે એક દાહાડે પોતાની પાસે પીસટોલ રાખીને રસતા ઉપર જઈ ઉભો. રસતામાં તેને એક મુસાફર મલીઓ તેને ઉભો રાખીને આ લુછો શખસ બોલીઓ કે—"તારા પઈસા આપ નહીતો તારો જીવ આપ." તે મુસાફરે એક તાલ કીધી, તે બોલીઓ કે "જો ભાઈ તારી આ પીસટોલ મને આપ, કાએકે રસતામાં મને ઘણી જરૂર પડશે. તેનાં બદલામાં આ મારૂ સંધું નાંણું તારે હવાલે કરશ" પેલા લફંગાએ પોતાની પીસટોલ આપીને નાંણું લીધું. તારબાદ તે મુસાફરે એ ચોરને કહેઉં કે "પઈસા આપ નહી તો જીવ આપ" પણ ચોર સારીપઠે જાંણતો હતો કે તેણે માતર ધમકીને ખાતર દેખાડી હતી, માટે તે બોલીઓ કે "ભાઈ મેં તુંને ધમકી આપી તેમ તું મને ધમકી આપવા આવીઓછે, પણ ચોરને તાંહા ચોર પહરાણો કેમ આવે. જો એ પીસટોલતો ખાલીછે." મુસાફર નાંચાર થઈ ચાલતો થએઓ.

## એક રબારણનાં કાલાવાલા.

(ભરવાડીઆનાં રાગમાં.)

(રાસડો.)

સાથે તું લે વહાલીડા, સાથે તું લે મને,
નહીતો આ જીવડો જાય રે નાહોલીયા. ૧
ચોરણો કડલગ વહાલીડા, માથે તો ફાળીયું,
દીલે કડીયું ને પગે જોડા નાહોલીયા. ૨
ધાબળો ઓઢયો વહાલીડા, સુંઆળો ધાબળો,
ધાબળો ઓઢી ને આવું સાથરે નાહોલીયા. ૩
કુવાડી તેં વહાલીડા, લાંબા હાથાની ખભે,
રાખી બહુ કાપતાં ડાળાં નાહોલીયા. ૪
પાવાને બોખ વહાલીડા, દોહવાને હાડલું,
ખભે ટંગાવ્યા ભલા દીપતાં નાહોલીયા. ૫
લોઢું ચકમક વહાલીડા, ગુંજામાં બીવડાં,
સાભેરનું રૂ તમાકુ ફુંકવા નાહોલીયા. ૬
ચીપીઆ સોયા વહાલીડા, કાંટાને કાઢવા,
પીળા ડોળાના કાળા રંગના નાહોલીયા. ૭

લીધી તેં ડાંગ વહાલીડા, લીધી કર ડાંગ જે,
ફરતી ખડંગ કડું ચાલતાં નાહોલીયા. ૮
છેડલે બાંધીયાં વહાલીડા, ડુંગરી ને રોટલા,
ચપટીઓ બાંધની સુંપે નાહોલીયા. ૯
બરમાં ખજે વહાલીડા, ચાણલ નવાં તે વળી,
ચાલે આગળ સહુ ટોળું નાહોલીયા. ૧૦
બધાંઓને વહાલીડા, સાથે તું રાખતો,
વાંકો કરયા શા મને નાલે નાહોલીયા. ૧૧
ડુંગરા પર તું વહાલીડા, ઘરમાં હું એકલી,
બેએને જુદાં રેવું એ ખોટું નાહોલીયા. ૧૨
મેહુલો વરસે વહાલીડા, ગાજે ને ગરગડે,
વીજળી ચોપાસ બે લાગે નાહોલીયા. ૧૩
એકલો જારે વહાલીડા, દુખી તું થાય ને,
ઉંચા રેહ આપણા જીવડા નાહોલીયા. ૧૪
ધોલકી રૂડી વહાલીડા, ડાંગો પાળજાથી કરી,
મારે રમીશું ઉંડે રંગમાં નાહોલીયા. ૧૫
હમણાનો નય વહાલીડા, છોરૂ કો આપણે,
છોરૂ થયેથી રેવું ઘરમાં નાહોલીયા. ૧૬
અબળાની હોંસ વહાલીડા, પુરી તું પાડતી,
ફરી ચોમાસું આવું નાવે નાહોલીયા. ૧૭
ઘણીએ ઓક વહાલીડા, ગામો ને ગોંદરે,
દીઠી પણ ડુંગરા ન દીઠા નાહોલીયા. ૧૮
જોવું રૂડું વહાલીડા, રૂડું તુંજ બોલવું,
ભમવું રૂડું ને રૂડું ખાવું નાહોલીયા. ૧૯
હાંકવું રૂડું વહાલીડા, રૂડું તે કાપવું,
રૂડું રોવુ ને રૂડું પાવું નાહોલીયા. ૨૦
રાનો રૂડાં વહાલીડા, રૂડા તે ડુંગરા,
કેદી હું દેખું પછી કેહની નાહોલીયા. ૨૧
પાણી બહુ વેહ વહાલીડા, ભારી પીવાપરે,
લીલા ચારાને ચરે બકરાં નાહોલીયા. ૨૨
સાથે ખાવા વહાલીડા, બેસીને રોટલા,
વચમે તે દુધ દોહી પીવાં નાહોલીયા. ૨૩
લાગું તુજ પાય વહાલીડા, લાગું તુજ પાયરે,
રાખા ચોમાસે મને સાથરે નાહોલીઆ. ૨૪
નરમ દલમાં વહાલીડા, આવે જો આંકડી,
સાથે લે રાંકડી છે, આખડી નાહોલીયા. ૨૫

---

## નાણાથી આબરૂ મોટીછે તે વીશે ગરબી.

"કેહેવા દેને કાન, તારી માને કેહેવા દેને કાન"
એ રાગનીછે.

આબરૂ અદકી જાણ, નાણા થકી આબરૂ અદકી જાણ—ટેક.
આબરૂ જાતાં આપને હાથે,
પગમાં તજે જન પ્રાણ, નાણા થકી આબરૂ અદકી જાણ. ૧
આબરૂ હીણની ઉમરી વાતો,
મોટી એતો મહોકાણ; નાણા થકી આબરૂ. ૨
જેની આબરૂ નહી તેનાં જગતમાં,
ખોટાં રેખાય વખાણ; નાણા થકી આબરૂ. ૩
આબરૂ જાતાં તુરત જણાયે,
બલંપણમાં ભંગાણ; નાણા થકી આબરૂ. ૪
લાજ જતાં જન છેક પીલાયે,
ઘાણી તણો જેમ ઘાણ; નાણા થકી આબરૂ. ૫
ઠામે ઠામે હલકો વળી ઠરશે,
વગર મુલે વેચાણ; નાણા થકી આબરૂ. ૬
સારી સભામાં પછી તેતો શોભે,
છેક જેવું હોય છાણ; નાણા થકી આબરૂ. ૭
નાણું જજો પણ લાજ ન જશો,
અંતરમાં એમ આણ; નાણા થકી આબરૂ. ૮
અદબથી બોલે ને અદબથી ચાલે,
એ આબરૂનું એંધાણ; નાણા થકી આબરૂ. ૯
નીરલજ જનનાં વચન નઠારાં,
બહુ ખટકે જેમ બાણ; નાણા થકી આબરૂ. ૧૦
આબરૂદારના બોલ અનુપમ,
પંડીત કરશે પ્રમાણ; નાણા થકી આબરૂ. ૧૧
આબરૂ મેળવી આ દુનીઆમાં,
લખેણી લેવી લાણ; નાણા થકી આબરૂ. ૧૨
દલપતરામ તણો દેવ રીઝ,
હોય ન કશીએ હાણ; નાણા થકી આબરૂ. ૧૩

---

## ગરબી. ૨

આબરૂ મોંઘો માલ, નાણા થકી આબરૂ મોંઘો માલ—ટેક.
પુરણ આબરૂ તે જન પામે,
ચાલે જો ચોખી ચાલ, નાણા થકી આબરૂ મોંઘો માલ. ૧
આબરૂ કાચનુ વાસણ કહીએ,
તુટેતો બગડે તાલ, નાણા થકી આબરૂ. ૨
સાધતાં તે પાછી સાંધી ન શકીએ,
ખાંતે કરી જુઓ ખીયાલ, નાણાં થકી. ૩
આબરૂથી ગણો ઓછી કીમતનાં,
હીરા, મોતી ને લાલ, નાણા થકી આબરૂ. ૪
સાકર, દરાખનો સવાદ તજીને,
ઝડપથી આબરૂ ઝાલ, નાણા થકી આબરૂ. ૫
આબરૂછે શુરવીરની શોભા,
ધીંગડમલની ટાલ, નાણા થકી આબરૂ. ૬
સાહેબી આબરૂ હીણુ શું કરવી,
શું કરવો સુખપાલ, નાણા થકી આબરૂ. ૭
આબરૂનાં ફુલ લોભાઈ ઉમદાં,
ફાલીપો ફુલીપો છે ફાલ, નાણા થકી આબરૂ. ૮
આબરૂમાંથી સરવે સાંપડશે,
રેડકુંછે એતો રાળ, નાણા થકી આબરૂ. ૯
ચીંતામણીસમ આબરૂ ચોખી,
વીરમ નથી એકે વાલ, નાણા થકી આબરૂ. ૧૦
આબરૂદારના શત્રુને અંતર,
સાલે ઉંડાંગરી સાલ, નાણા થકી આબરૂ. ૧૧
દલપતરામ કહે રીઝે રીઝમાં,
દીન નીચ દીન દયાળ, નાણા થકી આબરૂ મોંઘો માલ. ૧૨

# સ્ત્રીબોધ.

પુસ્તક ૭ મું. ફેબરવારી ૧૮૯૩ આંક ૨ જો.


## સેરનાં સવાસેર

અથવા

## ચઈરીઓના શેકાર—ખેરડાઈની સજા.

એક વારતા.

### પરકરણ ચોથું.

### એક "મકારે ઓરત."

કાજ વશટાલાંમાં ફરનારાં આદમીઓની આબરૂ કેવી છે ! વાંચનારી બાઈઓ જવાબ દેશે કે નઠારી, તે ખરી વાતછે. એ ધંધાદારીઓ મરદ અને ઓરતનું જોડું બન બે સાડી આપવાનું કાંમ ચલાવેછે. તે ધંધો હાલ હલકોછે, અને તે કરતાં એ ધંધામાં સાંમેલ થનારાઓ પોતાનાં પેટને ખાતર એક કારજ સાંધવાને જે હલકી ઇઉકતીઓ કાંમે લગાડેછે તેને માંટે તે વધારે હલકો ધંધો થઈ પડીઓછે. જે એક જોડું બંધાએઉં તે ખરૂં, એવો તે કાજ કરનારાઓનો વીચાર હોએછે, કેમકે એકબી ગાંઠ બંધાવાથી તેઓ પઈસા અથવા કપડાંનાં મોટાં ઈનાંમની ચોકસ આશા રાખેછે. તેને લીધે એક જોડાંનું કાજ કરતી વખતે તે આગલ ચાલતાં કેવું નીકલશે, અથવા તે માંટી અને બઈઅર વચે મેલાપ થશે કે નહી, તેનો ઈચ્આ તેવીજ બીજી બાબદોનો તેઓ વીચાર કરતા નથી. એક હાથ ઉપર તેઓ પરણતા કુવરની તરફવાલાઓ આગલ છોકરીની હદથી જીઆદે વખાંણ કરેછે, અને "અરે શાહેબ છોકરી દીવાની જોત જેવીછે—તે પાંણી પીએતો તેનાં ગલાંમાંથી ઉતરતું દેખાએ—અરે સાહેબ એવાંનાંતો પગ ધોઈને તેનું પાંણી પીજીએ." એવા એવા બોલોથી સારી અસર ઉતપંત કરવા માંગેછે. બીજા હાથ ઉપર તેઓ કનેઆની તરફવાલાઓ આગલ એજ પરમાંણે કુવરની વખાણ કરેછે. તેઓતો જેતે વાતે માંથાકુટે જોડું ઠેકાણે પાડી પઈસા કમાવાની મતલબ રાખેછે. માંટે જુઠું બોલવાને, લુતરું કરવાને, તારી મારી મલાવવાને અથવા અથડા અથડી કરાવાને તેઓ જરાબી આંનાકાંની કરતા નથી. એથી આ બદીઓની તેઓને ટેવ પડી જાએછે અને તેઓ દરએક કામમાં પઈસાને ખાતર પાપ માંથે ઓલવેછે.

પેલી કસકુનમ મનીજેહ એવીજ ચાલની હતી. આ સ્રીથી વાંચનારી બાંનુઓને ગએઆ આંકમાં હમોએ જાંણીતી કીધી હતી. પેલા બે દોસતો બીજંન અને બેહેમનની બાંનુઓ ખોરશેદ અને મેહેરે લફંગા ગુરગીનને સજા કરવાનો જે ઠરાવ કીધો હતો. તે ઠરાવમાં પાર પડવા સારૂં તેઓએ મનીજેહને વચે નાંખી હતી. મનીજેહ કાજ વસટાલાં કરનારી હતી અને તે ધંધાને લીધે એ ઓરત જે સાચુ જુઠું કરતી ફરતી હતી, તથા તુમલાં લડાવવામાં જે બાહાદુરી દેખાડતી હતી તે જોઈનેજ તેને ખોરશેદ અને મેહેરબાંનુંઓએ ગુરગીનને સજા કરવાના ,કાંમમાં સાંમેલ કીધી હતી. ખોરશેદ એ સ્રીને પોતાની છોકરીનાં કારજ ઉપરથી ઓલખતી હતી અને તેથી તેને આ કાંમ સોપવામાં આવીઉં હતું.

મનીજેહ ખરેખર એક મકારે ઓરત હતી. તે હોમાંન હકીમ નાંમનાં એક ગાંમડીઆ વઈદનાં ઘરમાં પગારદાર કારભારીનાં કાંમ ઉપર રહેલી હતી, પણ તેનાં શેઠે ઘરનુ દરએક કાંમકાજ તેને માંથે નાંખીઉં હતું. છાકટા ગુરગીનની મીશાલે તેહેને પણ ખાવા પીવાનો શોખ હતો અને તેથી કરીને હોમાન હકીમને ઠગીને તે એટલીતો મોજ કરતી હતી કે તેનાં ઘરની દાસીને બદલે તે સેઠાંણીનાં સરખી હતી. હોમાંનનો હોકમ હતો કે પારકાં માણસોને ઘરમાં દાખલ કરવાં નહી. તોપણ કોઈ વખત જારે કાજ વશટાલાંનાં કાંમ સારૂ બાહેરનાં આદમીઓ આવતાં તારે મનીજેહ છુપી રીતે તેઓની મુલાકાત કરતી હતી અને શેઠનાં આવી જતાં વાર તે તેઓને જુદી જુદી જગાઓમાં સંતાડી દેતી હતી. હોમાંન એમાંની કેટલીએક ઠગાઈથી જાંણીતો હતો તે છતાં પણ એ શેઠ તે ઉપર અખાડા કરી જતો હતો અને મનીજેહને રાજી રાખવાની વેતરણ કરતો હતો, તેનું એક કારણ એ હતું કે મનીજેહની તેને એક ગરજ હતી. ગરજને વખતે માંણસ કોઈનેબી ગલે પડેછે. હોમાંને આ દદાને એક કાંમ સોપેલુ હતું અને તેમાં પાર પડવાને ખાતર તે મનીજેહ તરફ જરા રેહેમદીલ થતો હતો. બીજંન અને તેની બાએડી ખોરશેદની જરબાંનુ નાંમની એક છોકરી હતી. તે એક પુતરીજ હતી. તેની સુરત અને શુરત ગાંમમાં ગવાતી હતી તથા તેનાં નેક ગુણો અને લાએકી પરકાશી નીકલી હતી. તે જવાંન અને પરણવાજોગ ઉમરમાં આવેલી હતી, તથા તેના મા બાપ તેને માંટે જમાઈની શોધમાંજ હતાં. તે જમાઈ થવાની હોમાંન હકી

મ વધી રાખતો હતો. શુંદર જરબાંનુની મોહોબતમાં એ ગાંમડીઓ નાદી વહદ ચકચુર થઈ ગએલો હતો. જરને તે પોતાનો શેકાર સમજતો હતો અને જે ગીશાલે પેરો છાકરો ગુરગીન બોરગેદ અને મેહેરને મેલવવાનાં અખતરા મારતો હતો, તેમજ આ ગાંમડીઓ હકીમ જર સાથ નેકાહ કરવાની અનીવણી ઈતનેજારી દેખાડતો હતો. તે સઘલી ઉમેદ તેણે મનીજેહ ઉપર બાંધી હતી. તે જાંણુતો હતો કે આ સૌ કારજમાં ફરનારી હતી, માંટે પોતાનુ કાંમ તેને સોંપવા વીના વધારે તે કશુ વીચારતો નહી હતો. તે મનીજેહને એકથી વધારેવાર આરજ કરતો હતો, અને એ કપાતર ઓરતે તેની છાતીએ હાથ આપેલો હતો. જરબાંનુ સાથ તેને સારી ઓલખ હતી, માંટે તે બોલતી હતી કે "મારા શેઠ તમે ધીરાતો થાવો. જર તમારી બાંનુ નહી તો બીજી કોણુની થશે વારૂ ? જો જો શાહેબ હું જો તેને સમજાવા બેસીશતો તે જવાબ આપશે કે 'હા મારો વર નાંમદાર હોમાંન હકીમ.'" આવી વાત સંભલીને હોમાંન હકીમ મનસે મથણ થતો હતો અને કસકુનમ મનીજેહને રાજી રાખવા માંટે તેને દરએક પરકારની છુટ આપતો હતો તથા સરવે મોજ કરવા દેતો હતો.

મનીજેહનો વીમાર કાંઈ પોતાનાં સેઠ તરફ નહી હતો. કારજ કરવાનો તેનો ધંધો હતો અને રાત દીવસ જુઠું બોલવાની તેને ટેવજ હતી, માટે પોતાના શેઠને ઉપલા બોલોમા તે સાચી વાત કેહેતી નહી હતી. જરબાંનુંનાં ધણી થવાની હોમાંન હકીમ શીવાએ બીજાઓને પણ ઉમેદ હતી. તેવા એક બીજા ધણીનું નાંમ બાબક કરીને હતું. તેનાં સગાં વાહાલાં આબરૂવાલા હતાં, પણ તેનાં પોતામાં કાંઈ "દમ નહી હતો." તે સરાબનો શોખી, ખાવા પીવા અને પેહેરવા હોડવામાં એશકી હતો—પણ મગજેતો તે એક બુબખ હતો. તેણે પણ પોતાની વાત મનીજેહને હાથ નાંખી હતી. મનીજેહને તે વારેવાર પઈસા આપતો હતો અને તેથી એવી આશા રાખતો હતો કે જરબાંનુ સાથ તેનાં લગણ કરાવાનું કાંમ તેજ પાર ઉતારશે. એ કુતરી સી તેને પણ જવાબ દેતી હતી કે "જો ભાઈ બાબક—તું કેહેશે કે હું અમસથી ઈતરાજી કરૂં છઉં, પણ તું જાંણેછેતો ખરો કે હું ઘણી કાંમની ઓરત છેઉં. એકતો મારા સેઠની ચાકરીમાં રાત દાહાડો મને રેહેવું જોઈએછે અને બીજું શું ! જે બાંનુ તરફ તેં દીલ લગાડીઉંછે તેજ બાંનું સાથ પરણવાની મારો શેઠ પણ હટ લીએછે.' મેં તેને ધીરજ આપેલીછે, પણ તેથી વધારે કાંઈ હું બજાલાવશ નહી. જરબાંનુ તારીજ બાએડી થશે. તેનું અરાધું મન મેં પીગલાવીઉંછે, અને બાકીથોડુંજ રહેઉંછે." આવો જવાબ સાંભલીને બાબક પણ બહુ મલકાતો હતો અને પોતાને ભાએગસાલી ગણુતો હતો.

આ મકારે ઓરત તેનેબી ઠગતી હતી. લોભને ખાતર તે પોતાનાં સેઠને હા કેહેતી હતી, અને બાબકને પણ ભરૂસો આપતી હતી, પણ સુંદર જરનાં કાંઈ એ બે શેકારીઓ નહી હતા. ખુશરો નાંમનો એક તરૂણ પુરૂષ જરબાંનુનો દીલદાર હતો, અને તે ઉપલા બંને કરતાં જુદાજ ખાશઅનો હતો. તે જવાંન, હીમતવાંન, અને વીરવાન હતો—તથા તંને અને મને ભરપુર હતો. પણ ધંનની બાબદમાં તે બીચારાની જરા લગાર ખાંમી હતી—અને બેહેનો આપણે જાંણીએ છઈએ કે ધણી ધન દોલતને આ દુંનીની દુનીઆં કેટલુ માંન આપેછે. તેટલી બધી દોલત ખુશરો પાસ નહી હતી તોપણ, તે મનીજેહ ઉપર આધાર બાંધીને બેઠો હતો તથા એ ઓરતને તે સરવે કરતાં વધારે નાંણુ આપતો હતો. મનીજેહ તેની સાથ વાત કરતી વખતે કેહેતી કે "જો શીઆંનાં ખુશરો તારી પરીતી મને પસંદછે. જે બીજા બે જણાંઓ જર ઉપર જીવેછે તેઓ કરતાં તારી સારી ચાલ મને પસંદછે. તું મને શારીપઠે નાંણું આપેછે અને એવાં સારાં કાંમ તું સદા કરતો રેહેજે. જો ભાઈ જરબાંનુ તારી ઉપર પુરતી રીતે રાજીછે અને આખરે જો તું તેનો ખાવંદ નહી થાએતો માંરૂ નાંમ મનીજેહ નહી."

એ રીતે તે ખુશરોનેબી ધીરજ આપતી હતી. પણ આ સખુનોમાં મકરબાજ મનીજેહ ખુશરોને શું ઠગતી હતી ? નહી. તે ખુશરો વીશે ખરેખર ખુશ હતી, અને તેનો વીચારજ હતો કે ઉપલા બંધેને દોલતા રાખીને આ મરદ સાથ સોભાવંતી જરનું જોડું બાંધવું. તેનાં બે કારણ હતાં. તે મનસે વીચારતી હતી કે "જર ખુશરોને ગમે તેની આગમચ ખુશરો મને સારીપઠે જર આપેછે. તેનાં એ પઈસાનાં બદલામાં તેને તે જર અપાવવી ઘટેછે. પણ વલી જરબાંનું પોતે ખુશરોને ચાહેછે, તે ઉપરથી તેને તે સાથ પરણાંવવું વધારે સેહેલુંછે. હોમાંન હકીમતો એક હજાંમછે—અને બાબક કોઈ ખરો બુબખછે. તે બેઉને માંટે વલી જરને નવું કાંહાં સમજાવા બેશું ! ખુશરો વીશે તે અગાઉથીજ રાજીજેલીછે, એટલુજ બસછે—અને એ બેની મરજી થઈ. કે પછી કાંઈ પાસતી રેહેવાની નથી."

એટલા માંટે જારે મનીજેહ જરની મુલાકાત કરતી હતી, તારે ખુશરોની વખાંણ ગાતી, તથા બાકીના બેની બદગોઈ કરતી હતી—તો જોકે તે તરણેથી તેને લાભ હતો, ખુશરો અને જરનુ જોડું જોકે લાએક હતું તોપણ જરના માં બાપને સમજાવવાની ભારી કડાકુટ હતી. તેની માં ખોરશેદ ખુશી હતી કે તેની બેટી હોમાન હકીમ સાથ પરણે. તેનાં બાપ બેહેમનની ખુશી હતી કે તેની બેટી પેલા બબક સાથ પરણે. પણ જરની ખુશી હતી કે એ બેહુને પડતા મેલી લાએક ખુશરો સાથ લગણ કરવાં. પણ તે લગણ પાર પાડવા માંટે એ માં બાપનુ એકમત લાવવુ એ પણ ઘણુ કઠણ કાંમ હતું. માંટે મનીજેહનો એવો ઠરાવ હતો કે જો ખુશરોને તેઓ કબુલ નહી રાખેતો કાંઈ ઠગ વીદીઆ વાપરીને જરને તેની સાથ છુપી રીતે પરણાવી નાંખવી. હાલસુધીતો એ માટી અને બઈઅેર બંને જણ ખુશરો ઉપેર ખફા હતાં. હોમાંનં હકીમનો ઘરમાં પગ પસારો હતો કારણ કે ઘર ધણીઆંની તેનાં ઉપર રાજી હતી. તેમજ બાબકને ઘરધણી ચાહાતો હતો અને તેથી તે ઘરમાં હાજર થઈ જરબાંનુ આગળ પોતાનો ભપકો દેખાડી શકતો હતો. પણ ખુશરોતો ઘરમાં આવવાની તાકાત રાખતો નહી હતો કારણ કે તેને જોતાં વારજ જરનાં માં બાપ તેને કાઢાવી કાહાડતાં હતાં. તોપણ જેમ જરબાંનુ ઉપલા બે નકાંમાં માંણુસોને વધારે જોતી હતી તેમ તે તેઓને વધારે ધીક્કારતી હતી.

આ સઘલાં કારણોને લીધે મનીજેહના હાથમાં ઉપાએ એજ હતો કે જરબાંનુતું બનતાં શુધી મત ફેરવવા દેવુ નહી. એથી પેવા બે જણ એ મકારે ઓરતના તરફથી ઠગાતા હતા, અને તે દરએક જણને શેવટ સુધી એવીજ આશા હતી કે મનીજેહ તેનીજ તરફથી કોશેસ કરશે. મનીજેહ પોતાનો મકર પોતેજ જાંણુતી હતી, આ ગુચવારો કેમ છોડવીઓ તે હજુર પછે જોતાં જઈશુ તેજ પરમાંણે પેલા લફંગા ગુરગીન વીશે તેને જે કામ મલેલું હતું તે પણ તે ભુલી ગઈ નહી હતી.

---

## પરકરણ પાંચમું.

## ગુરગીનનું મોસારૂ.

હવે જરા આપણે પોહોંચખાનાંમાં પેલા બેરડા ગુરગીનનાં ઓરડા તરફ નજર પોહોંચાડીએ. આપણે બારનું ઉઘાડીએ અને અંદર દાખલ થઈએ. તાંહાં આપણી નજર શા ઉપર પડેછે? તાંહાં ટેબલ, ખુરસી ઈતીઆદી સાંમાંન ગોઠવેલોછે; તાંહાં બારીઓને પરદા તથા દેવાલને કાગજ લગાડેલાંછે, પણ તે સરવે કરતાં પેહેલ વેહેલાં આપણી નજર એક બેઠક તરફ દોડેછે. પેહેલી નજરે આપણને એમ લાગે છે કે તાંહાં એક મોટી ગાંસડી મેલેલીછે. તે ગાસડીને રાતા રંગનાં કપડાંથી બાંધેલી લાગેછે. પણ નહી જરા આગલ જવાથી તે બેઠક ઉપર ગાંસડી નહી પણ એક જીવતું માંણુસ બેઠેલું દેખાએછે. તે સરીરે ઘણુ જાડુ હોવાથી તથા તેનો મધીઅ ભાગ ઉપસેલો અને ગોલ હોવાથી આપણને તે ગાંસડી સરખો લાગેછે. તેનુ માંથુ ઘણુ નાંહાંનુ હોવાથી તથા તે માંથાંમાં પીછ ઈતીઆદી ખોસવાથી તે દુરથી ગાંસડીના ઉપલા છેડા સરખા લાગેછે. પણ તેતો રાતા પોશાકમાં એક માંણુસછે, તે શખસ બેસવાને બદલે અરડાઈ પડેલોછે, તે ઘણો ભપકાવાલો અને એસકીછે તથા તેની પાસે ખાવા પીવાની પદારથોછે.

વાંચનારી બાઈઓ અટકલી કાહાડશે કે આ શખસ અલબતાં આપણો જાંનીતો ગુરગીન હશે. હા—એજ ગુરગીન હતો. તેણે પેલી બે ઈમાંનદાર બાંનુઓ ખોરશેદ અને મેહેર ઉપર જે ચીઠીઓ લખી હતી તેમનો જવાબ નહી આવીઓ માંટે તે વીચારમાં પડેલો હતો. તેનાં મનમાં તરેહવાર વાત આડી આવતી હતી. એ બે બાંનુંઓ તેનાં ઉપર રાજીછે તથા પોતાનાં ભરથારોને તજી તેની સાથ નીકલી આવશે એવી તેની ખાતરી હતી, માંટે જવાબ નહી આવવાનાં કારણમાં તે એટલુંજ સમજતો હતો કે ચાકરોએ ચીઠી બરોબર પોહોંચાડી નથી. એટલા માટે હજીર અને નજીર ઉપર બહુ ગુસે થઈ ઘડીમાં હાથ પગ પછાડતો, અને ઘડીમા ચાબુક લેઈ મારવા ઉઠતો. એમ કરતાં તે ઘણો થાકી જતો હતો અને થાક ઉતારવાનાં વીચારથી અચર કચર ચગરી, દારૂ પીઈ તથા સુઈને વખત કાહાડતો હતો. એવી હાલતમાં હરઘો છાકટો, હરઘો સાવધ, હરઘો જાગતો, હરઘો ઉંઘમા ગુરગીન પડેલો હતો.

એક નોકરે આવીને બે વખત બુમ પાડી તારે તરીજ વખત ગુરગીને સાંભલીઉં કે મનીજેહ નાંમના કોઈ સ્રી તેને મળવા આવીછે. ગુરગીને હોકમ આપીઓ કે તેને આવવા દીએ અને પેલી કસકુનમ તુરત આ મંગલમુરતીની સાંમે આવી ઉભી. તે બંધે જણ એક એકને ઓલખતાં હતાં, પણ ગુરગીન બચાંનો મીશાલ હતો. તે કોઈથીબી ઠગાઈ જતો હતો. અને ખોરશેદ તથા મેહેરબાનુંઓએ તેને સજા કરવાનો જે ઠરાવ કીધો હતો તે ધેઆંનમાં રાખીને તેમના હોકમ પરમાણે મનીજેહ ગુરગીનને ઠગવાનો વીચાર કરી આવી હતી.

મનીજેહ આવતાંને વાર ગુરગીનને નમશકાર કીધા અને "કેમરે છોકરી! કાંહાંથી આવી?" એમ બોલીને ગુરગીને તે નમસકારનો જવાબ વાલીઓ. મનીજેહ કાંઈ છોકરી નહી હતી, પણ ગુરગીનને મનસે તે તેમ હતી. તે ઉપરથી તેઓ વચે વાતચીત ચાલી અને મનીજેહએ જેમ બને તેમ ગુરગીનને પેહેલાંતો વખાણી વખાણીને સાતમે આસમાંને ચહડાવીઓ. તે બોલી કે—"અરે સાહેબ છોકરી કોણને કેહવોઅ? આજ કાલ હવે ઠપી જવાનો વખત આવીઓ સાહેબ."

ગુરગીન—વારૂ ચાલ મારી ચુક થઈ. તુને ડોગી કે હેવશતો કઈ નહી?

મનીજેહ—હા સાહેબ. ને મને એટલી રજા આપો કે તમુને જવાં મરદ તરીકે સમજુ.

ગુરગીન આ શબદ સાભલતાંજ ચોંકીઓ. તેની ઉમર પુરી થવા આવી તોપણ તે જવાં મરદ દાખલ ગણાએ એમ જાંણીને તેની પાઆ છાતી બાહેર નીકલી આવી. તે બોલીઓકે "ડોગી મનીજેહ મને તું શું જવાંન મરદ ગણેછે?"

મનીજેહ—અરે મારા મેહેરબાંન તમે વલી પુછોછો, કેમ? સારાં ગામમાં તમારી અકલ ને હોશીઆરી ને દાહાપણની વખાંણ વખાણ થઈ રહેલીછે. તારે જવાંન અને ઘુડામાં શું ફરકછે તેતો સાહેબ સમજતા હોશો.

ગુરગીન—અલબતાં. પણ મારી ઉમર વીશે તું શું ધારેછે?

મનીજેહ ઘણો વીચાર કરવાનું ડોલ ઘાલીને ખરી ઉમર જાંણવા છતા બોલીકે—"મુરબી સાહેબ એ સવાલ તમે બરાબર નાંખીઓ. એવા સવાલ નાખવાનીબી તાશીરછે અને જારે મારા સરખી મીસકીન ઓરતને તમે એ પરમાંણે પુછવાની મેહેરબાંની કરોછો તારે જવાબ આપવાની રજા લઉં છઉ કે સાહેબ આસરે તરીસએક વરશનાં ખીલતા જવાન સરખા દીસોછે."

આ લાંબી વખાંણ ઉપરથી ગુરગીનતો છલકાઈ જવા લાગો. તે સમજીઓકે આ સ્રી તેનાં દેખાવ ઉપરથી ઠગાઈ છે, પણ તે એમ નહીં સમજીઓકે મનીજેહએ તેને બેહેકાવા માટે તેની ઉમરમાથી અરધા અરધ વરશ બાદ કીધાં છે. તે બોલીઓકે—"પોરી તારી જબાંતો કાતર સરખી દીસે છે. તુ એ કાંહાંથી શીખી."

મનીજેહ—નેકનાંમ સેઠ હું આરજ કરૂંછઉંકે મારી મશખરી ના કરો. હું કાંઈ તમારી ઉમર વીશે ખોટું નથી બોલી, આ તમારા કરચલીઆ કેસ, તમારૂ ગોલમટોલ મોંહ, તમારૂ ઉપસેલુ પેટ, તમારા ઠીંગણા પગ, એ સરવેથી

સાહેબનો દેખાવ એક પહાંણુ સરીખો દીસેછે. ને આજે ગામની તમામ ઓરતોમાં ગુરગીન સાહેબ—ગુરગીન સાહેબનાં નાંમ બોલાએછે. એ કાંઈ સાહેબ જેવી તેવી વાતછે?

ગુરગીન—અલબત નહીં. મારા એ ગુણને ખાતર તો હું ખુશી છેઉં, પણ વારૂ પીઆરી મનીજેહ (ગુરગીન રાઉ સીન "પીઆરી" કેહેતો હતો) મારા હોશાંનની વખાંણ તેં કોણ કોણને મોહોડે સાંભલીછે?

મનીજેહ જે સહુરાઈ કરવા લાગી તેથી આસતે આસતે ગુરગીન ઠગાવા લાગો. માંટે તે બોલી કે—"અરે સેઠ કોણ શુ પુછો છો! અમીરજાદીથી તે ગોલાંમડી સુધીનાં મોહોમાં તમારૂંજ નામછે. પણ અગત કરીને પેલી બે પરીજાદ ખોરશેદખાંનુ અને મેહેરબાંનુંતો કઈ તમારી ઉપર ફીદા ફીદાછે."

આ બે નાંમ સાંભલીને ગુરગીનનો હરખો જીવ આવીઓ. તે અરડાઈ પડેલો હતો તાંહાંથી ઉઠીને બેઠો, અને મનીજેહએ જોઈઉ કે આ બે નાંમથી તે વીજલીની પેરે ચમકીઓ. માંટે ગુરગીને ખોરશેદ અને મેહેરબાંનુ વીશે જારે વધારે વીગતો પુછી તારે મનીજેહ આગલ માર્યા કે—"વાહવાહજી તેઓનીતો વાતજ નાં પુછો. તેઓ તમોને જોયા વગર ભુખે ખાતાં નથી ને હુંગે હુંગાતાં નથી. સાહેબ માંનસો, દીસનાંબી તેઓને સપનાં આવે છે અને તમોને સપનાંમાં જોએછે. તેઓનાં માંટીઓ, તેમને પુછેછે કે 'તમે એમ ગુમરાહેલાં કેમ ફરોછો, તારે તેઓ ખરો જવાબ આપતાં નથી, તે ઉપરથી તેઓને કજીઓ થએછે. અરે સાહેબ નહી બોલવાનાં ઘણાં ગુણ."

ગુરગીન—જો મનીજેહ આ વાત સાંભલી મારો હરખ સમાતો નથી, પણ તું કાંઈ જાંણેછે? મેં તેઓ ઉપર કાગજ લખીઆંછે તેનો તેઓ શું જવાબ વાલશે?

જવાબ કેહેવાતો મનીજેહ તાંહાં આવેલી હતી. તે હું જારે ગુરગીને સાંભલીઉં તારે ઉઠીને ઉભો થએઓ અને તેની ચીઠીનો જવાબ પુછવા લાગો. મનીજેહએ તેને ટવલાવીને જવાબ કેહેવાનો ઠરાવ કીધો હતો. માટે પરથમ તે બોલી કે—"સાહેબને કેહુ જે આપણી મેહેરબાંનુ કેની સાહેબ?—"

ગુરગીન—હા હા ઓલખી તેને શુંછે?

મનીજેહ—તેને શું હોએ સાહેબ. તેનો સારી પએછે. ખાએછે, પીએછે અને તમારા હકમાં દુવા દીએછે.

ગુરગીન—હું તે પુછતો નથી, તેણે શું કેહેવાડીઉછે?

મનીજેહ—હારે જી. એઓએ જવાબ કેહુ. તમે જરા દુર આવો કોઈ સાંભલશે.

એ પરમાંણે ઘણોજ ઈનતેજાર કરીને મનીજેહએ મેહેરબાંનુંનો જવાબ કહેઓ, તે ઘણો લાંબો જવાબ હતો, પણ તેની મતલબ એ હતી કે મેહેરબાંનુંને ચીઠી પોહોંચીછે, અને તે વાંચીને તેણીએ એટલાંનો ખુશી થએઆંછે કે તેણુ મારે છે કે ગોકણી રખત ગુરગીન સાથે બેસીને વાત કરવી. માટે મનીજેહ બોલી કે "આજે રાતનાં આગરે બાર વાગતે તમે મેહેરબાંનુનાં ઘરમાં આવજો. તે વખતે તેણીનો ખાવંદ બેહેમન ઘરમાંથી બાહેર જશે અને તે તું તમારી સાથે વાત ચીત કરશે."

હવે ગુરગીનને બીજું શું જોઈએ? તેણે મનીજેહને પુછીને ખાતરી કરી લીધી કે બેહેમન તે વખતે ઘરમાં રેહેશે નહી. તેજ પરમાંણે તેણે એવીબી ખાતરી કીધી કે ખોરશેદ અને મેહેરબાંનુઓ ઉપર જોકે તેણે ચીઠીઓ લખીછે, તો પણ એ બંધે જણે એક એકને તે વાત જાહેર કીધી નથી. તેણે તો એ બંધેને છુપી રીતે પરણી ઠગવાનો ઈરાદો રાખીઓ હતો, માંટે રખે તેઓ વાત કરે અને તેની ખોટાઈ જાહેર પડે એવી તેને ધાસતી હતી. મનીજેહએ તે ધાસતી દુર કીધી, પણ તે ખોટું હતું. એ બાંનુંઓએ સંપ કરીને ગુરગીનને મેહેરનાં ઘરમાં બોલાવીઓ હતો, અને તાંહાં તેને સજા કરવાનું ઠરાવીઉં હતું. ગુરગીને મેહેરનાં ઘરમાં આવવાનું કબુલ કીધુ અને મનીજેહ તાંહાંથી ગઈ.

થોડાજ વારમાં ચાકરે આવીને ખબર કીધીકે શેહેરીઆર નાંમનો કોઈ શખસ ગુરગીનને મલવા માંગેછે. તેને આવવાની ગુરગીને રજા આપી અને શેહેરીઆર શામો આવી ઉભો.

શેહેરીઆર કોણ હતો? હમારા વાંચનારાઓ તેને ઓલખેછે. તે કાંઈ ખરેખર કોઈ અનજાંણો શખસ નહી હતો. તેતો પેલી મેહેરબાંનુનો ખાવંદ બેહમન હતો. વાંચનારાંઓને ઈઆદ હશેકે ગુરગીનના ચાકર નજીરે પોતાનાં સેઠની ચીઠી મેહેરબાંનુને પોહોંચાડીઆ પછે તેનાં ખાવંદ પાસ આવીને સઘલી ખબર કહી હતી. તે ઉપરથી બેહમનને પોતાની બાએડીની ઈમાંનદારી ઉપર શક ગએઓ હતો, અને રખે તે લુછા ગુરગીનની શેકાર થઈ પડે તેની તેને ધાસતી હતી. બેહેમનને તેનાં દોસત બીજને જોકે ઘણો વારીઓ હતો તોપણ તે સમજીઓ નહી હતો. છુપો લેબાસ લઈને તથા શેહેરીઆરનું નાંમ રાખીને ગુરગીન પાસ જવું તથા તેને ઠગીને સરવે વાત જાંણી લેવી એવો બેહેમનનો ઠરાવ હતો. તે ઠરાવ મુજબ આ વખત શેહેરીઆર ગુરગીનની પાસે આવીઓ અને તેની ખાતરી હતી કે મકરથી પુછતાં અથવા પઈસાની લાલચ આપતાં બેવકુફ ગુરગીન સરવે વાત કહી દેશે.

"શેહેરીઆરે" આવીને શલાંમ લગાવી, અને ગુરગીને જારે ઓલખાંણ પુછી તારે તે બોલીઓ કે—"સાહેબ ઓલખાંણ શું આપુ. મારૂ નાંમ શેહેરીઆરછે. મારો બાપ નથી, માં નથી, ભાઈ કે ભાંડુ નથી. પણ મારા પઈશા ઘણાંછે. મારા બીજા દોશતો નથી, પણ પઈશા મારા દોશતછે. મારો હાથ ઘણો ડુલોછે, અને જીવ સખીછે. તમારૂ નાંમ મેં સાંભલીઉ, તારે તમારી મુલાકાત કરવા આવેઉ. મારી પાસે આએ એક નાંણાંની થેલીછે. મને તેનો ઘણો ભાંર લાગેછે વાસતે સાહેબને આપી દેવા માગુ છઉં."

આ વાતથી ગુરગીનની અચરતીનો પાર રહેઓ નહી. તોપણ શેહેરીઆરે જરા બોહોશ કીધી અને કહેઉ કે જો નાણુ લેવાએતો પછે તે પોતાનુ કાંમ કેહે. ગુરગીને તે પેલી કબુલ રાખી અને પછે "શેહેરીઆર" આગલ બોલીઓ. "મેં સાંભલીઉછે કે તમારો જીવ ઘણો સારોછે, અને ગરીબોની તરફથી તમો મેહેનત કરોછો. વાસતે મારી એક અરજછે. પણ તે અરજ એવીછે કે તેમાં હું બેઅક

લી હરૂ છઉ. તેોબી જારે તમારીથીજ તે પાર પડશે તારે મારી એબ કબુલ કરૂ છઉ. તે એબ એછેકે આ શેહેરમાં મેહેરખાંનુ નાંમની જે શુંદર નારી રેહેછે તે મારી સાથ નેકા પાડવાને નાં કેહેછે. તે ઉપરથી હું ઘણો દુખી થાઉ છઉ. અગરજો તમોને તે એોરત સાથ એોલખ હોએતો એટલુ મારૂ કામ પાર પાડી આપાવો, તેથી તમારો આભાર હું કદી ભુલશ નહી." એ વીનાંએ બીજી ઘણીએક વાતો કીધી. શેહેરીઆરે (અથવા બરોબર બોલીએતો છુપાએલા બેહેમનને) પોતાની સાથ થએલી વાત ઉપરથી જાંણી લીધુ કે તેની મેહેરબાનુ સાથ ગુરગીનને ઘણી દોશતીછે, અને ગુરગીન બેહેમનની (ઇઆ ને તેની પોતાની) તરફ વેર રાખેછે. આવી વાતો ગુરગીનને મોહાડેથી સાંભળતાં તેનો પીતો ઉછલી આવતો હતો. પણ તેનેતો વધારે બીનાઓ જાંણવી હતી માટે તે મુંગો મુંગો સાભલતો હતો.

અંતે બેવકુફ ગુરગીન પીગલીઓ. તે પઇસા ઉપર લલચાએઓ અને હાલ તરતતો શેહેરીઆર (બેહમન) ને ખેરવવા માટે જવાબ આપીઓ કે "જો ભાઈ મેહેરખાંનું સાથ પરણુવાનો તો મેં ઇરાદો રાખ્યીઓ હતો, પણ તારે ખાતર તે ઇરાદો હું કાહાડી નાંખુ છઉં. આજે રાતનાં આઠ કલાકે હું મેહેરના ઘરમાં જનાર છઉં. તેણે મને તેડાવેલો છે તે વખતે તારે વાસતે હું વાત કરી જોવશ. એનો પેલો મુંજી માંટી બેહમન તે વખતે બાહેર જવાનોછે, માટે હું મેહેર સાથ પુરતી વાત કરી લેવશ. કાલે તમે પાછા આવજો અને હું જવાબ દેવશ."

બેહેમનને એટલોજ જવાબ જોઇતો હતો. ગુરગીન જેને "મુંજી માટી" કેહેતો હતો તે તેની સાંમેનો આ છુપા લેબાસનો શેહેરીઆર હતો. તે ઉપલું બોકાલું સાંભલી ઘણોજ ગુશે થએઓ. તે બોલીઓ કે "આ શી મારી બઇએરની ઇમાનદારી ? ઠીક ઠીક, આ પાલેલો કુતરો પગ કરડેછે, એને એનો સવાદ દેખાડશ. આઠ વાગતે જારે એ મારે ઘર જવાનોછે તારેજ હુંબી ઘર જવશ, અને એ નાપાકને તાંહાજ જબે કરશ. મારી સાથે બોલા બીજંનને લઇ જવશ. તે ગઢોછે. તે પોતાની બાએડી ઉપર ઘણો વીસવાસ રાખેછે, પણ આજે તેની ખાતરી કરી આપશ કે એોરત કેવી બેગ વરતછે."

એવો ઠરાવ કરીને બેહેમંન બાહેર પડીઓ અને શેહેરીઆર તરીકેનો છુપો લેબાશ દુર કીધો.

---

## પરકરણ છઠું.

## બેરડાઇનો બદલો.

વખત થએઓ. સવાર, બપોર, સાંજ—ઘડી, પલ, કલાક, ચાલીઆ ગીઆ. રાત પડી અને ઠરાવેલો વખત નજદીક આવીઓ, છ સાત વાગી ગીઆ અંતે આઠની ટકોરી થઇ અને આગલા વખતનો શુરો ગુરગીન તઇઆર થઇ પોતાનાં પોહોંચખાંનાંની બાહેર નીકલીઓ. તેણે ખુબ એસકી કીધી હતી, આરસીમાં દસવાર મોહોડુ જોએઉ, અને દસવાર ખાંખી માલુમ પડી હતી. છેલે તે તઇઆર થએઓ અને "જવાં મરદ" તરીકે દેખાવાનો ફાકો રાખી મેરે...

રાત ઘણી અંધારી હતી લોકો પોતપોતાના ઘરમાં ગએલાં હતાં, તારે ગુરગીન ઘરમાથી બાહેર નીકળેલો હતો. તે પોતાનુ મોટુ પેટ પરાવાડતો રસતે ચાલતો હતો, મેહેરખાંનું અંબધી મનસે મલકાતો હતો અને એવુ સમજતો હતો કે એજ પરમાંણે ખોરશેદબાનું પણ તેને પીઆરથી પોતાનાં ઘરમા બોલાવશે.

પણ વાંચનારાઓને કેહેવાની આગત નથી કે ખોરશેદબાનું અને મેહેરબાનુનાં દીલ એકજ હતા તેઓએ સાથે મલીને પણ એખલી મેહેરનેજ નાંમે આશા ભરેલા ગુરગીનને મેહેરના ઘરમા બોલાવીઓ હતો ખામુખા જે વખત તેના ધણીને ઘરમાં આવવાનો હતો, તેજ વખતને મેહેરે પસંદ કીધો હતો અને ગુરગીન ઉપર ખોટું કેહેવાડીઉં હતું કે તે વખતે બેહેમંન ઘરમાથી બાહેર રેહેગે તેઓએ એવો સંપ કીરેલો હતો કે બેહેમનનાં આવીઆનેી અગાઉ ગુરગીનને તેની ધાસતી આપી એક કંડીઆ અથવા મોટા એક ટોપલામાં બેસાડવો અને પછે નદીમાં નાખી દેવાડવો. તેમા મોટી મજાહા પડવાની તેઓ વકી રાખતાં હતાં તથા એવું સમજતાં હતાં કે એમ કીધાથી ગુરગીને તેઓ ઉપર ચીઠી લખી જે બેરડાઇ કીધી તેનો બદલો વલી જશે.

મેહેરે અગાઉથી તઇઆરીઓ કરી રાખેલી હતી. મોટો ટોપલો જેમાં ધોબણ મેલા કપડાં લેઇ જતી હતી તે ગોઠવી રાખીઓ. ગોઠવણ પરમાંણે ખોરશેદબાનુ ઘરની બાહેર ગઇ થોડાવારમા ગુરગીન બાવા ધીમે ધીમે દોલતા હાથીની મીશાલે ચાલી અ રીચા મેહેરબાંનુને મલવાની મુરાદમા તેવણ એટલાતો હરખાતા હતા કે દાદર ઉપર પગ નહી ઠરતો હતો, તથા એકથી વધારેવાર ઠોકર લાગી હતી અંતે ઓરડામાં આવીઆ. મેહેરબાંનું એસતેકબાલ લેવા આવી, અને ગુરગીનને બેસાડવાની ખુરશી આપી.

હીંઆં જે વાતચીત થઇ તે ઘણીજ થોડી હતી. ગુરગીનનું જેવું મોટું પેટાખાંનું હતું, તેટલી બધી પેટ ભરીને તે વાત કરવાનો હતો. તે રાતોરાત મેહેરબાંનુને પોતાની મોહોબત જાહેર કરવાનો હતો. તે પુછવાનો હતો કે તે જવાન લાગેછે કે નહી ? તાર પછે તે મેહેરબાંનુ સાથ પરણવાની વાત કરવાનો હતો. અલબતાં તે જવાન મરદની મીશાલે બોલવા જતો હતો પણ તેમ બોલાતું નહી હતું, કાંએકે તેનો અવાજ તદન જુદો હતો. તે છાતી કાહાડીને બેસવા જતો હતો, પણ તેનાંથી બેસાતું નહીં હતું, કારણ કે દારૂ ટીચેલો હતો. તે ઘણાં દોલ દેખાડતાં નીસફલ થતો હતો અને એકગમથી તેનુ બેવકુફી ભરેલું બોલવાનું જોઇને જેમ મેહેરને હસવું આવતું હતું તેમ બીજી ગમ તેને દેખાડવા માટે તેણે કરેલા દેખાવો ઉપરથી તેની રમુજમાં વધારો થતો હતો.

પણ બીચારાથી જાજી વાતચીતતો થઇ નહી. આગમચથી કરેલી ગોઠવણ મુજબ ખોરશેદબાંનું આવી લાગી. ગુરગીને થોડોજવાર અગાઉ કબુલ કીધેલુ હતું કે ખોરશેદબાંનુંને તે પસંદ કરતો નથી, પણ બાતેનમાં તેણેતો તે બાનું ઉપરખી ચોઠી લખેલી હતી. માટે આ જગોએ તે ગુરગીનને જોઇને ગુસે થશે તથા ચીઠીની વાત મેહેરને જાહેર કીધાથી મેહેરની ... તે જારો પડશે એવી તેને ધાસતી પેઠી તે બે...

સાહેબનો દેખાવ એક પહાંણુ સરીખો દીસેછે. ને આજે ગામની તમામ ઓરતોમાં ગુરગીન સાહેબ—ગુરગીન સાહેબ નાંમ બોલાએછે. એ કાંઈ સાહેબ જેવી તેવી વાતછે?

ગુરગીન—અલબત નહીં. મારા એ ગુણને ખાતર તો હું ખુશી છેઉં, પણ વારૂ પીઆરી મનીજેહ (ગુરગીન સઉ સાંને "પીઆરી" કેહેતો હતો) મારા હોશાંનની વખાંણ તેં કોણ કોણને મોહોડે સાંભલીછે?

મનીજેહુ જે સહુરાઈ કરવા લાગી તેથી આસતે આસતે ગુરગીન ઠગાવા લાગો. માંટે તે બોલી કે—"અરે સેઠ કોણ શુ પુછો છો? અમીરજાદીથી તે ગોલાંમડી શુધીનાં મોહોમાં તમારૂજ નામછે. પણ અગત કરાંને પેલી બે પરીજાદ ખોરશેદખાંનુ અને મેહેરખાંનુંતો કઈ તમારી ઉપર ફીદા ફીદાછે."

આ બે નાંમ સાંભલીને ગુરગીનનો હરખી જીવ આવીઓ. તે અરડાઈ પડેલો હતો તાંહાંથી ઉઠીને બેઠો, અને મનીજેહુએ જોઈઉ કે આ બે નાંમથી તે વીજલીની પેરે ચમકીઓ. માંટે ગુરગીને ખોરશેદ અને મેહેરખાંનુ વીશે જારે વધારે વીગતો પુછી તારે મનીજેહ આગલ ચાલી કે—"વાહાલાજી તેઓનીતો વાતજ નાં પુછો. તેઓ તમોને જોવા વગર લુખે ખાતાં નથી ને હુંગે હુંગાતાં નથી. સાહેબ માંનશો, દીસનાંભી તેઓને સપનાં આવે છે અને તમોને સપનાંમાં જોએછે. તેઓનાં માંટીઓ, તેમને પુછેછે કે 'તમે એમ ગુમરાહેલાં કેમ ફરોછો, તારે તેઓ ખરો જવાબ આપતાં નથી, તે ઉપરથી તેઓને કછીઓ પએછે. અરે સાહેબ નહી બોલવાનાં ઘણાં ગુણ."

ગુરગીન—જો મનીજેહ આ વાત સાંભલી મારો હરખ સમાતો નથી, પણ તું કાંઈ જાંણેછે? મેં તેઓ ઉપર કાગજ લખીઆંછે તેનો તેઓ શું જવાબ વાલશે?

જવાબ કેહેવાતો મનીજેહ તાંહાં આવેલી હતી. તે શું જારે ગુરગીને સાંભલીઉં તારે ઉઠીને ઉભો થએઓ અને તેની ચીઠીનો જવાબ પુછવા લાગો. મનીજેહુએ તેને ટવલાવીને જવાબ કેહેવાનો ઠરાવ કીધો હતો, માટે પરથમ તે બોલી કે—"સાહેબને કેહુ જે આપણી મેહેરખાંનું કેની સાહેબ?—"

ગુરગીન—હા હા ઓલખી તેને શુંછે?

મનીજેહુ—તેને શું રોએ સાહેબ. તેતો સારી પથેછે. ખાએછે, પીએછે અને તમારા હકમાં દુવા દીએછે.

ગુરગીન—હું તે પુછતો નથી, તેણે શું કેહેવાડીઉંછે?

મનીજેહુ—હારે જી. ઓએ જવાબ કેહું. તમે જરા દુર આવો કોઈ સાંભલશે.

એ પરમાંણે ઘણોજ ઈનતેજાર કરીને મનીજેહુએ મેહેરખાંનુંનો જવાબ કહેઓ. તે ઘણો લાંબો જવાબ હતો, પણ તેની મતલબ એ હતી કે મેહેરખાંનુંને ચીઠી પોહોંચીછે, અને તે વાંચીને તેવણુએટલાંનો ખુશી થએઆંછે કે તેવણ ચાહેછે કે મીઠો વખત ગુરગીન સાથ બેસીને વાત કરવી. માટે મનીજેહ બોલી કે "આજે રાતનાં આગરે આઠ વાગતે તમે મેહેરખાંનુંનાં ઘરમાં આવજો. તે વખતે તેવણુનો ખાવંદ બેહેમન ઘરમાંથી બાહેર જશે અને તે તું તમારી સાથે વાત ચીત કરશે."

હવે ગુરગીનને બીજું શું જોઈએ? તેણે મનીજેહને પુછીને ખાતરી કરી લીધી કે બેહેમન તે વખતે ઘરમાં રેહેશે નહી. તેજ પરમાંણે તેણે એવીબી ખાતરી કીધી કે ખોરશેદ અને મેહેરખાંનુંઓ ઉપર જોકે તેણે ચીઠીઓ લખીછે, તો પણ એ બંધે જણે એક એકને તે વાત જાહેર કીધી નથી. તેણે તો એ બંધેને છુપી રીતે પરણી ઠગવાનો ઈરાદો રાખીઓ હતો, માંટે રખે તેઓ વાત કરે અને તેની બેરડાઈ જાહેર પડે એવી તેને ધાસતી હતી. મનીજેહુએ તે ધાશતી દુર કીધી, પણ તે ખોટું હતું. એ બાંનુંઓએ સંપ કરીને ગુરગીનને મેહેરનાં ઘરમાં બોલાવીઓ હતો, અને તાંહાં તેને સજા કરવાનું ઠરાવીઉં હતું. ગુરગીને મેહેરનાં ઘરમાં આવવાનું કબુલ કીધુ અને મનીજેહ તાંહાંથી ગઈ.

થોડાજ વારમાં ચાકરે આવીને ખબર કીધીકે શેહેરીઆર નાંમનો કોઈ શખસ ગુરગીનને મલવા માંગેછે. તેને આવવાની ગુરગીને રજા આપી અને શેહેરીઆર શાંમો આવી ઉભો.

શેહેરીઆર કોણ હતો? હમારા વાંચનારાઓ તેને ઓલખેછે. તે કાંઈ ખરેખર કોઈ અનજાંણો શખસ નહી હતો. તેતો પેલી મેહેરખાંનુનો ખાવંદ બેહેમન હતો. વાંચનારાંઓને ઈઆદ હશેકે ગુરગીનના ચાકર નજીરે પોતાનાં સેઠની ચીઠી મેહેરખાંનુને પોહોંચાડીઆ પછે તેનાં ખાવંદ પાસ આવીને સઘલી ખબર કહી હતી. તે ઉપરથી બેહેમનને પોતાની બાએડીની ઈમાંનદારી ઉપર શક ગએઓ હતો, અને રખે તે લુછા ગુરગીનની શેકાર થઈ પડે તેની તેને ધાસતી હતી. બેહેમનને તેનાં દોસત બીજંને જોકે ઘણો વારીઓ હતો તોપણ તે સમજીઓ નહી હતો. છુપો લેબાસ લઈને તથા શેહેરીઆરનું નાંમ રાખીને ગુરગીન પાસ જવું તથા તેને ઠગીને સરવે વાત જાંણી લેવી એવો બેહેમનનો ઠરાવ હતો. તે ઠરાવ મુજબ આ વખત શેહેરીઆર ગુરગીનની પાસે આવીઓ અને તેની ખાતરી હતી કે મકરથી પુછતાં અથવા પઈસાની લાલચ આપતાં બેવકુફ ગુરગીન સરવે વાત કહી દેશે.

"શેહેરીઆરે" આવીને શલાંમ લગાવી, અને ગુરગીને જારે ઓલખાંણ પુછી તારે તે બોલીઓ કે—"સાહેબ ઓલખાંણ શું આપુ. મારૂ નાંમ શેહેરીઆરછે. મારો બાપ નથી, માં નથી, ભાઈ કે ભાંડુ નથી. પણ મારા પઈશા ઘણાંછે. મારા બીજા દોશતો નથી, પણ પઈશા મારા દોશતછે. મારો હાથ ઘણો ડુલોછે, અને જીવ સખીછે. તમારૂ નાંમ મેં સાંભલીઉં, તારે તમારી મુલાકાત કરવા આવેઉં. મારી પાસે આ એક નાંણાંની થેલીછે. અને તે નો ઘણો ભાર લાગેછે વાસતે સાહેબને આપી દેવા માગુંછઉં."

આ વાતથી ગુરગીનની અચરતીનો પાર રહેઓ નહીં. તોપણ શેહેરીઆરે જરા બોહોશ કીધી અને કહેઉ કે જો નાણુ લેવાએતો પછે તે પોતાનુ કાંમ કેહે. ગુરગીને તે થેલી કબુલ રાખી અને પછે "શેહેરીઆર" આગળ બોલીઓ. "મેં સાંભલીઉંછે કે તમારો જીવ ઘણો સારોછે, અને ગરીબોની તરફથી તમો મેહેનત કરોછો. વાસતે મારી એક અરજછે. પણ તે અરજ એવીછે કે તેમાં હું બેઅદ

લી દરૂ છઉં. તોણી જારે તમારીથીજ તે પાર પડશે તારે મારી એબ કબુલ કરૂ છઉં. તે એબ એછેકે આ શેહેરમાં મેહેરબાંનુ નાંમની જે શુંદર નારી રેહેછે તે મારી સાથ ને હા પાડવાને નાં કેહેછે. તે ઉપરથી હું ઘણો દુખી થાઉ છઉં. અગરજો તમોને તે ઓરત સાથ ઓલખ- હોએતો એટલુ મારૂ કામ પાર પાડી અપાવો, તેથી તમારો આ ભાર હું કદી ભુલશ નહી. " એ વીનાંએ બીજી ઘણીએક વાતો કીધી. શેહેરીઆરે (અથવા બરોબર બોલીએતો છુ પાએલા બેહેમને) પોતાની સાથ થએલી વાત ઉપરથી જાં ણી લીધુ કે તેની મેહેરબાંનુ સાથ ગુરગીનને ઘણી દોશ તીછે, અને ગુરગીન બેહેમનતી (ઇચ્છાને તેની પોતાની) તર ફ વેર રાખેછે. આવી વાતો ગુરગીનને મોહોડેથી સાંભળ તાં તેનો પીતો ઉછલી આવતો હતો. પણ તેનેતો વધારે બીનાઓ જાંણવી હતી માટે તે મુંગો મુંગો સાંભલતો હતો.

અંતે બેવકુફ ગુરગીન પીગલીઓ. તે પઈસા ઉપર લ લચાએઓ અને હાલ તરતતો શેહેરીઆર (બેહમન) ને ખે રવવા માટે જવાબ આપીઓ કે " જે બાઈ મેહેરબાંનું સા થ પરણવાનો તો મેં ઈરાદો રાખીઓ હતો, પણ તારે ખાતર તે ઈરાદો હું કાહાડી નાંખું છઉં. આજે રાતનાં આઠ ક લાકે હું મેહેરનાં ઘરમાં જનાર છઉં. તેણે મને તેડાવેલો છે તે વખતે તારે વાસતે હું વાત કરી જોવશ. એનો પેલો મુંજી-આંટી બેહમન તે વખતે બાહેર જવાનોછે, માટે હું મેહેર સાથ પુરતી વાત કરી લેવશ. કાલે તમે પાછા આવ જો અને હું જવાબ દેવશ."

બેહેમનને એટલોજ જવાબ જોઈતો હતો. ગુરગીન જે ને "મુંજી આટી" કેહેતો હતો તે તેની સાંમેનો આ છુપા લેબાસનો શેહેરીઆર હતો. તે ઉપલું બોકાલું સાંભલી ઘણો જ ગુસે થએઓ. તે બોલીઓ કે " આ શી મારી બઈએરની ઈમાનદારી ? ઠીક ઠીક, આ પાલેઓ કુતરો પગ કરછે, એ ને એનો સવાદ દેખાડશ. આઠ વાગતે જારે એ મારે ઘર જવાનોછે તારેજ હું બી ઘર જવશ, અને એ નાપાકને તાંહાં જ જબે કરશ. મારી સાથે બોલા ખીજંનને લઈ જવશ, તે ગહેલોછે, તે પોતાની બાએડી ઉપર ઘણો વીસવાસ રાખેછે, પણ આજે તેની ખાતરી કરી આપશ કે ઓરત કેવી એબ વરતછે."

એવો ઠરાવ કરીને બેહેમંન બાહેર પડીઓ અને શેહે રીઆર તરીકેનો છુપો લેબાશ દુર કીધો.

## પરકરણ છઠું.

## બેરડાઈનો બદલો.

વખત થએઓ. સવાર, બપોર, સાંજ—ઘડી, પલ, કલાક, ચાલીઆ ગીઆ. રાત પડી અને ઠરાવેલો વખત નજદીક આવીઓ, છ સાત વાગી ગીઆ અંતે આઠની ટકોરી થઈ અને આગલા વખતનો શુરો ગુરગીન તઈઆર થઈ પોતાનાં પોહોંચખાંનાંની બાહેર નીકલીઓ. તેણે ખુબ એસકી કીધી હતી. આરસીમાં દસવાર મોહોડુ જોએઉં, અને દસવાર ખાંમી માલુમ પડી હતી. છેલે તે તઈઆર થએઓ અને "જવાં મરદ" તરીકે દેખાવાનો ફાંકો રાખી મેહેરબાંનુંનાં ઘર તરફનો રશતો લીધો.

રાત ઘણી અંધારી હતી. લોકો પોતપોતાનાં ઘરમાં ગએલાં હતાં, તારે ગુરગીન ઘરમાંથી બાહેર નીકલેલો હતો. તે પોતાનુ મોટુ પેટ પસવાડતો રસતે ચાલતો હતો, મેહે રબાંનું સંબંધી મનસે મલકાતો હતો અને એવું સમજ તો હતો કે એજ પરમાંણે ખોરશેદબાંનું પણ તેને પીઆરથી પોતાનાં ઘરમાં બોલાવશે.

પણ વાંચનારાઓને કેહેવાની અગત નથી કે ખોરશેદ બાંનું અને મેહેરબાનુનાં દીલ એકજ હતા. તેઓએ સાથે મલીને પણ એખલી નેહેરનેજ નાંમે આશા ભરેઆ ગુરગીન ને મેહેરનાં ઘરમાં બોલાવીઓ હતો. ખાજુખા જે વખત તેનાં ધણીને ઘરમાં આવવાનો હતો, તેજ વખતને મેહેરે પસંદ કીધો હતો અને ગુરગીન ઉપર ખોટું કેહેવાડીઉં હતું કે તે વખતે બેહેમંન ઘરમાંથી બાહેર રેહેશે તેઓએ એવો સંપ કીધો હતો કે બેહેમનનાં આવીઆની અગાઉ ગુરગી નને તેની ધાસતી આપી એક કંડીઆ અથવા મોટા એકે ટોપલામાં બેસાડવો અને પછે નદીમાં નાંખી દેવાડવો. તેમા મોટી મજાહા પડવાની તેઓ વકી રાખતાં હતાં તથા એવું સમજતાં હતાં કે એમ કીધાથી ગુરગીને તેઓ ઉપર ચી ઠી લખી જે બેરડાઈ કીધી તેનો બદલો વલી જશે.

મેહેરે અગાઉથી તઈઆરીઓ કરી રાખેલી હતી. મોટો ટોપલો જેમાં ધોબણ મેલાં કપડાં લેઇ જતી હતી તે ગોઠ વી રાખીઓ. ગોઠવણ પરમાંણે ખોરશેદબાંનુ ઘરની બાહેર ગ ઈ થોડાવારમા ગુરગીન બાવા ધીમે ધીમે દોલતા હાથીની ચ્ચી શાલે ચાલી આ ગીઆ. મેહેરબાંનુને મલવાની મુરાદમાં તેવ ણ એટલાતો હરખાતા હતા કે દાદર ઉપર પગ નહીં ઠરતો હતો, તથ એકથી વધારેવાર ઠોકર લાગી હતી. અંતે ઓ રડામાં આવીઆ. મેહેરબાંનું એસતેકબાલ લેવા આવી, અ ને ગુરગીનને બેસાડવાની ખુરશી આપી.

હીંઆં જે વાતચીત થઈ તે ઘણીજ થોડી હતી. ગુ રગીનનું જેવું મોટું પેટાખાંનું હતું, તેટલી બધી પેટ ભરીને તે વાત કરવાનો હતો. તે રાતોરાત મેહેરબાંનુને પોતાની મોહોબત જાહેર કરવાનો હતો. તે પુછવાનો હતો કે તે જ વાંન લાગેછે કે નહી ! તાર પછે તે મેહેરબાંનુ સાથ પરણ વાની વાત કરવાનો હતો. અલબતાં તે જવાન મરદની ચ્ચી શાલે બોલવા જતો હતો પણ તેમ બોલાતું નહી હતું, કાંએકે તેનો અવાજ તદન જુદો હતો. તે છાતી કાહાડીને બેસવા જ તો હતો, પણ તેનાંથી બેસાતું નહી હતું, કારણ કે દારૂ ટી ચેલો હતો. તે ઘણું દોલ દેખાડતાં નીસફલ થતો હતો અ ને એકગમથી તેનુ બેવકુફી ભરેલું બોલવાનું જોઈને જેમ મેહેરને હસવું આવતું હતું તેમ બીજી ગમ તેને દેખાડવા માટે તેણે કરેલા દેખાવો ઉપરથી તેની રમુજમાં વધારો થતો હતો.

પણ બીચારાથી જાજી વાતચીતતો થઈ નહી. આગે મથથી કરેલી ગોઠવણ મુજબ ખોરશેદબાંનું આવી લાગી. ગુ રગીને થોડોજવાર અગાઉ કબુલ કીધેલું હતું કે ખોરશેદબાં નુંને તે પસંદ કરતો નથી, પણ બાતેનમાં તેણેતો તે બાંનું ઉપ રખી ચીઠી લખેલી હતી. માટે આ જગોએ તે ગુરગીનને જો ઈને ગુસે થશે તથા ચીઠીની વાત મેહેરને જાહેર કીધાથી મે હેરની આગલ તે જુઠો પડશે, એવી તેને ધાસતી પેઠી. તે બો

રશેદને આવવાનો બાહેરથી અવાજ સાંભળતાંજ ઘબરાવા લાગો અને મેહેરને અરજ કરવા લાગો કે તેને કેથે સંતાડવો. આ અરજ ઘણાં કાલાવાલા કરાવા પછે મેહેરે બાહાલ રાખી તથા ગુરગીનને એક ઓરડામાં સંતાડીઓ.

મેહેરબાંનુ આવીને આગલથી કરેલા સંપ પરમાંણે બોલવા લાગી કે "અરે અરે પીઆરી મેહેર તુંએ શુ કાંમ કીધું ! તારો વર ઘુમ મારતો તારા ઘર તરફ આવેછે." મેહેરે હલુ રહીને ખોરશેદને એસારત કીધી કે મોટે બોલવું, જેથી પછેના ઓરડામાં ગુરગીનને સઘલુ સંભલાએ. માંટે ખોરશેદ વધારે મોહોટેથી બોલવા લાગી કે "મેહેર, મેહેર તારો ખાવીંદ બેહેમન હાત ને પગ અફાડેછે. તેને કોઈએ એવુ કહેલુછે કે તુંએ તારા ઘરમાં કોઈ બેગાંનાં મરદને સંતાડીઓછે. તે ઉપરથી પોતાના દોસતોને લઈને તે ઘસારા મારીઓ લઈ આવેછે. અરે નેક દીલની મેહેર તું એમ કેમ દેવાંની થઈ !" મેહેરે પરથમનો ગુરગીનને સંભલાવા સારૂ સઘલુ નાં પાડીઉ તે બોલી કે "અરે ખોરશેદ એ તું શું ગપાતો લાવી. મેં કોઈને સંતાડીઓ નથી. તું સંધી જુઠી વાત બોલેછે." ખોરશેદે વધારે ધાંધલ કીધી અને મેહેર પછે બીહીતાં બીહીતાં કબુલ કીધું કે—"હા ખોરશેદ એક જણને મેં સંતાડેલોછે. શું મારો ધણી ખરેખર આવેછે !" ખોરશેદે આગલા સંપ પરમાંણે વલી બુમ પાડીને કહેઉ કે—"અરે તુંને એ શુજ શું પડી ? બેહેમનતો આ ખબર સાંભલીને દેવાંનો થઇ ગએઓછે. અરે તે તેને અને તુંને બંનેને મારી નાખશે."

આવી વાતો સાંભલી મેહેરબાંનુ અતીઘણી ઘબરાતી હતી, અને તે જોઈને પેલા છુપા ઓરડામાં ગુરગીનનાં હોશપોશ ઉડી જતા હતા. ધાસતીથી તેનો જીવ શુકાઇ ગએઓ, અને તે પરસેવાથી ભીંજાઈ ગએઓ. તેમ તેમ મેહેર વધારે ઘબરાટનુ ડોલ કરવા લાગી, ખોરશેદે ઉપાએ દેખાડીઓ કે—"આ કંડીઓ આપણી પાશેજછે, એમાં તે આદમીને બેસાડીને કેથે મોકલાવી દેવો જોઈએ." પણ વલી મેહેર બોલી કે—"નાંરે બેહેન—જે આદમીને મેં સંતાડીઓછે, તે આદમી ઘણો જાડોછે અને એ કંડીઆમાં સમાશે નહી." આ વાત સાંભલીને ગુરગીનની ધીરજ રહી નહી. તુરત બાહેર નીકલી આવીઓ. તે બોલીઓ કે "અરે મને દેખાડો મને દેખાડો. તે કંડીઓ હું તો જોઉ." તે દેખાડે શું તેટલાંતો ગુરગીન તેની અંદર શીકડાઈને બેઠો. બેહેમન વીશે તેને એટલોતો ડર હતો કે તેની નજર આગલથી દુર જવા સારૂં તે કંઈબી કાંમ આપે લેવાને રાજી હતો. મેહેરબાંનુંએ તમાંમ મેલાં તથા ગંદીલાં કપડાં તરે તેને ડાબી દીધો. એક ગમથી મેહેર એ કાંમ કરતી હેરમાં ખોરશેદ મોટે મોટે સાથે ગુરગીનને ઠપકો આપતી હતી કે—"તમે મને ચોડી લખી, પણ આ તમારી ઈમાંનદારી. તમે મને ઠગીછે, ઈતીઆદી." ! ગુરગીનને હીઆં ભારી ગરમ લાગી આવી, પણ-કરે શું ! શાવે તાંણાં તેણે સાંભલીઆ કીધાં. મેહેરે તેને મેલાં કપડાંમાં ઘાંકીઆ પછે ચાકરોને બોલાવીઆ, તે ચાકરોને અગાઉથી શીખાવી મેલેલું હતું, તેમ તેઓએ આવીને કંડીઓ માંથા ઉપર મેલીઆ.

એટલામાં મેહેરબાંન બેનાના દોસત આશનાવો સુધાં આવી પુગો. તેણે "શેહેરીઆર" નાં ખોટાં નાંમથી પોતાની બાએડી વીશે ગુરગીન પાસથી સઘલી વાત જાંણી લીધા પછે ઘણાં માંણસોને લઈને ગુરગીનને મારવાની ધારનાથી તે પોતાના ઘરમાં આવીઓ. તેણે બારણાંમાંથીજ પેલા ચાકરોને કંડીઓ બાહેર લેઈ જતાં અટકાવીઆ, પણ ખોરશેદ અને મેહેરબાંનુઓ વચે પડી. તેઓ બોલીઆં કે "એનો મેલાં કપડાંનો ટોપલોછે તે લઈ જતાં તમે ચાકરોને સાંનાં અટકાવોછો." તે ઉપરથી તેણે તે ટોપલો જાતો મેલીઓ. ચાકરો તેમાં ગુરગીનને માંથા ઉપર મેલીને લઈ ચાલીઆ, તથા બાઈએ અગાઉથી આપેલા હોકમ મુજબ તેને તે કંડીઆ શુધાં પડોશની એક નદીમાં નાંખી આવીઆ.

બેહેમને ઘરમાં આવીને મોટો ગોંગાટ કરી મેલીઓ તેની ખાતરી હતીકે ગુરગીનને તેની બાએડીએ સંતાડેલોછે. માંટે દરેક ખુણે ખંટોલે ફરીને ગુરગીનની સોધ કરવા લાગો ગુસાથી તે શોએઆ દેવાંનો બની ગએઓ હતો. બારી બારનાં અફાડતો તથા હાત પખ છીહીખતો હતો, પણ અંતે ગુરગીન તેને મલીઓ નહી, તે ઉપરથી પોતાનાં સરવે દોસતોનાં દેખતાં તેને ઘણુ નરસ લાગુ. તેણે તેઓ પાશેથી માફ માંગી, તથા પોતાની બાએડી ઉપર તે ખોટો શક લઈ ગએઓ એમ સમજવા લાગો. તેણે વીચારીઉકે ગુરગીને તેને ઠગીઓછે માંટે સવારનાં પોહોરમાં તેને ઘર જાઈ ખોલાસો પુછવાનો ઠરાવ કીધો.

---

## લગણ એટલે શું ?

ગએઆ આંકમાં સ્ત્રી એટલે શું તેનો આપણે વીચાર કીધો હતો. આજે લગણ એટલે શું તે સવાલ હમો મનની કસરતને માંટે મેલીએ છઈએ. હમણાં લોકોમાં લગણનાં દીવશો ચાલેછે. ગએ આ મહીનામાં ઘણા લગણ ગએઆંછે અને આ મહીનામાં પણ લોકો મોટી ઊલટ સાથે પોતાના બચાંઓને પરણાવેછે. મા બાપો એ રીતે તેમનાં જોડાં બાંધવામાં ભલાઈ સમજેછે, અને જેઓ પોતાના ફરજંદોને પરણાવતાં નથી તેઓ "ભલાઈ" જોવાને બેનસીબછે, એમ નેઓ વીશે બઈરાં લોકો બોલેછે. એવી "ભલાઈ" ને ખાંતર ઘણા મા બાપો મોટી ધુમસર પોતાને તાંહાં વીહા કરેછે.—તોપી વધારે ઘર બઈરાંનાં નેડાં કરવાંમાં આવેછે, તથા સેંહેંકડો માંણસનાં ખાંનાં પીનાં ચાલેછે. સજન ઘણી સોભાએમાંન રીતે તાંહાં હાજર થાએછે. બાંનુંઓ પોતાના સઉથી ઊંચા પોશાકમાં શીણગાર પાંમીને તથા સઉથી ઊંચા જવાહેરાતમાં મઢાઈને બીરાજેછે. એ પરમાંણે જાંહાં જોઈએ છઈએ ત્યાંહાં લગણ—લગણની ધુંમ મચી રહેલીછે.

પણ હમારી જે બેહેનપણીઓ આ ખુશાલીમાં
આગેવાની કરેછે, અથવા જેઓ મોટા દમામ સાથ તે
માં ભાગ લીએછે તેઓને હમો પુછના માંગીયે છઈએ
કે લગણ એટલે શું ? જે નાંજનીઓ ખરેગાર થઈને
ભાર બોજમાં જઈને આદરણી અથવા વરણીમાં ફરે
છે, તથા પોતાની ઘુંઘરીઓના ખનખનતા અવાજથી
આસપાસ દરએક ચીજમાં જાંને જીવ મેલી દીએછે,
તેઓને હમો પુછીયે છઈએ કે લગણ એટલે શું ? લગ
ણ એ ઘણો નાંહાંનો બોલછે, અને આપણી બાંનુઓ
દરરોજ તે બોલને બસો વખત બોલતાં હશે, પણ હમા
રો સવાલ એછે કે તેઓએ એ બોલ ઊપર શું પુરતો
વીચાર કીધોછે ? લગણસરાઓને વખતે-થતી મોટી
ધુમધામોમાં સ્ત્રીઓ જે મુખીયા ભાગ લીએછે—તેઓ
સહવારથી જઈને મોજખી કરેછે, તથા તેઓ સઊથી
સારી શોભાખી આપેછે—તે ઊપરથી કેટલાએક લોકો
મગન થઈ બોલેછે કે "લગણનો દાહાડો ઓરત લોક
નોછે." એમજછે તારે હમો પણ હમારી બેહેનીઓને
જ આ સવાલ પુછીએ છઈએ, અને હમોને ઊમેદછે કે
તેઓ તેનો વીચાર કરશે.

હમારી ખાતરીછે કે હમારાં સીઆંના વાંચના
રાંઓમાંથી ઘણાંજ થોડાં જણે આ બાબદ ઊપર વી
ચાર કીધો હશે. લગણ એટલે શું ? એ સવાલતો તે
ઓનાં મનમાં કદીબી ઊતપંત થએઓ નહી હશે; કા
રણ કે તે વીશે તેઓ પોતાને અનજાંણાં સમજતાં ન
થી. બચપણથી તેઓ લગણસરામાં આવ જાવ કરેછે,
અને તાંહાં શું થાએછે તે તેઓ જાંણેછે. લગણની એ
ક મહીનો આગમચ તઈઆરીઓ થાએછે, એક પખ
વાડીઊ આગમચ "કપરાં ચપરાં" ની ખરીદીઓ ચા
લેછે, એક અઠવાડીઊ આગમચ અરધ મુહુરતની અ
ને બીજી કીરીઆઓ ચાલેછે, છ દીવસ આગમચ
માંદવસોરો થાએછે, તરણ ચાર દીવશ આગમચ ખાં
નાં પીનાં ચાલેછે, એક દીવશ આગમચ ભોલી સ્ત્રીઓ
તેડાંમાં રખડેછે, અને લગણને દીવશે ઘણી મેહેન
ત કરતાં થાકી જાએછે તથા લગણની ઘણીઆંણી
નું બોલતાં બોલતાં તથા ચોકીને પગે હાતે પડતાં ઘાંટુ
બેસેછે. એ સઘલી લગણની નીસાનીઓછે. એ
સઘલું આપણે નાંહાંનાં બચાં હતાં તારથી જોતાં
આવીઆં છઈએ. તારે કેટલીએક વાંચનારી બાઈ
ઓ કદાચ કહેશે કે વલી લગણ એટલે શું એમ પુ
છવાનુ કેવું ? હા એમા પુછવાનું, વીચારવાનું અ
ને સમજવાનુંછે અને જો આપણાં બચાંની માતા
ઓ તે સઘલું ખરેખર સમજતાં હોએતો તેઓ આ
પરમાંણે લગણ કરેબી નહી. જો તેઓ લગણની
ખરી ખુબીઓ જાણતાં હોએતો તેઓ સમજે કે પો
તાનાં બચાંને તેઓ જે રીતે પરણાવેછે તે રીતે પર
ણાવામાં ભલાઈ નહી પણ બુંડાઈછે, શવાબ નહી પ
ણ પાપ, મોટું મરગરજાંની પાપછે.

નારી જાતીને ખોદાતાલાએ આ દુનીઆમાં
જનમ ના સારુ આપીઓછે તેનો વીચાર આપણે ગ
એઆ આંકમાં કીધો હતો. આપણે જાંનીએછે કે
આ દુનીઆંને હસાવનારી તથા રડાવનારી, ખુશી ક
રનારી અથવા દલગીર કરનારી, સ્ત્રીછે. સ્ત્રી તે
આ દુનીઆંની માતાછે, સ્ત્રીથી પરથવી વશેછે,
અને તમાંમ ઊતપંતી થએલીછે. મરદનો મદદગા
ર અને સદાનો સાથી સ્ત્રીછે. પોતાની બાએડીની
દોલતીમાં તેને સઊનાં કરતાં વધારે લાભછે. પરથ
વીનો પાએઓ સ્ત્રી ઊપર રચેલોછે, અને સંસાર
તેનાંથી ચાલેછે. મરદને દીલાસો દેવો, તેને રાજી રા
ખવો, અને તેને સાહે થવું એ સ્ત્રીનું કાંમછે, તે
કાંમ પાર પાડવાંનો જે ઊપાએ તે લગણછે. લ
ગણની આગમચ જે બે જીવ હતા તે જોડાઈને એક
થાએછે, અને પછે એવા ગંઠાઈ રેહેછે કે બેમાંના
એકનાં મરણ સીવાએ તેઓ કદી છુટાં થઈ શકેજ
નહી. પરણવાની આગમચતો તેઓ છુટાંજ હતાં,
અને તાંહાં સુધી પોતાની જે ખરી ફરજ ઈશ્વરે બાંધી
આપી હતી તે અરસપરસ બજાવી શકતાં નહી હતાં, પ
ણ માટી અને બઈએરનું જોડું બંધાએઊં એટલે તેમ
ની ફરજ શરૂ થાએછે. તે જોડું બાંધવાનો ઊપાએ
શું ? લગણ માટે લગણથી સંસારની શરૂઆત થા
એછે. પોતાની ફેરજીઆતનો ખરો રસનો તે લગણછે.

લગણતો માણસની હઈઆતીને જરૂરનાંછે દુ
નીઆંમાં ખોદાતાલાએ સરજેલુંછે કે આદમીએ એક એ
કને કાંમ લાગવું. કોઈબી માણસને સાથી વગર ચા
લે નહી. વલી દરએક ચીજ સદા મીઠી હોતી નથી. તે
મજ દરએક ચીજમાં કવડાસ પણ નથી. દુનીઆં
માં તરતી અને ડુબતી, મીઠાસ અને કવડાસ, ખુશા
લી અને ગમગીની, તડકું અને છાંએઆ, વરસાદ અ
ને તોફાન, આગ અને પાંણી સાથે ચાલેછે. તે સઘલું

એખતું માણસ વગર બોલવે ભોગવી શકે નહી. તેમાં
તેને દુખ અથવા સુખ ખચીત લાગવું જોઈએ, અને
તેણે બીજાંને જરૂર જાહેર કરવું જોઈએ, કે જેથી તે
ને મદદ, દીલાસો, અથવા આરામ થાએ. લગણથી
મરદ ઓરતને અને ઓરત મરદને એ પરમાણે સદા
નાં ભાગીઆ દાખલ લીએછે, અને તેઓ ખોદાની ના
મુંસોગંદ ખાએછે કે તેઓએ એક એકને ચાહાવું, રા
જી રાખવું, અને કાંમ લાગવું. એથી માણસ સદાકા
લ શુધીનાં એક એવા સાથીને મેલવી શકેછે જે તેનાં દુ
ખ અથવા સુખને વખતે પોતાને તેમજ થએલું ગણેછે

એટલો વીચાર કીધા પછે આપણે ફરીથી આપ
ણા મંનને સવાલ કરીએ કે લગણ એટલે શું ? શું સ
વારથી સાહાંજ અને રાત સુધી વાડીએ જઈ મોજ કીધી
તો તે લગણ થએઆં ? નહી. શું માહ્નસોરો રોપી
ઓ, અથવા બચાને પાટલે બેસાડી ચકરડામાં ફરીઆ,
અથવા સારીઆ પાપડ, ટોપલીએ ટોપલીએ વેહેચીઆં
અથવા ઘી, ગોલના કાંસીઆ આગલ મેલીને મોઢું સોંઢું
પુછીઊતો તેમાં લગણ થઈ ચુકાં ? નહી શું એક છો
કરા અને છોકરીને સાંમાંસાંમું બેસાડી આડા અંતર
કીધા, અથવા પાસે પાસે બેસાડી ચોખા નાંખીઆ,
અથવા તેમના હાથમા નાલીએર અને ગલે હારડો નાં
ખી રસતે રસતે ફેરવીઆતો તે લગણ થઈ ચુકાં ? ન
હી. એ સરવે રમત સરખું લાગેછે. એમાનો ઘણો
વેંહેંમ અને ઘણું ઘેલાપણુછે. તારે લગણ તે શું ?
ઊપલા ખોલાસા ઊપરથી શીઆની અખલાઓ મત
આપશે કે લગણ એક એવી કીરીઆછે જેથી મરદ
અને ઓરત પોતાના મોહોત સુધી સાથે રહી એક એ
કને હરએક રીતે કાંમ લાગવાનાં કોલ કરાર કરેછે. ત
તો એક ખોદાઈ બનાવછે, અને તેટલા માટે તેમાં ઘ
ણી ગમભીરાઈ, ધીરજ, તથા દાહાપણની જરૂરછે.

## રોમ શેહેરનું "કોલીસીઅમ".



જુની ચીજો ઊપર કેટલાએક માણસોને ઘ
ણો પીઆર હોએછે તેઓને જુંની મીલકતોને કાહા
ડી નાંખવા ગમતી નથી. તેજ પરમાંણે પુરાતન વ
ખતની ઈમારતો જોવાનો ઘણાએકોને અતીઅંત શો
ખછે તે જોનારજ આપણને તેનો અગલી વખ
ત ઈઆદ આવેછે તે વખત ઊપર તેના ધણીઓ
અથવા મુરબીઓ કેવી હાલતમા હતા, તે વખત ઊપર
માંણસની સથીતી કેવી હતી, એલમ અને હોનરનો
ફેલાવો કેટલો હતો, અને વખતનાં જોરથી તેવી નાં
મીચી ઈમારતોનો કેવો નાંસ થાએછે, એ સંધી વાતો
તેવી ઈમારતો જોવાથી આપણાં ધેઆનમાં ઊતરેછે.
દુનીઆમાં જે સઊથી મોટી અને સઊથી જુની જોવા
લાએક ઈમારતોછે, તેમા નામદારી ધરાવનારી એ
ક ઈમારતનો ચીતાર હમોએ ઊપર આપીઓછે.
એ ઈમારત રોમ શેહેરમાછે, અને "કોલીસીઅમ" નાં
નાંમથી તે ઓલખાએછે.

રોમ શેહેર આગલા જમાંનામાં ઘણી મોટાઈ
ભોગવી ગએલીછે, અને તે મોટાઈની ઈધાંણી દાખલ
આ પુરાતન ઈમારત મોટા દમામ સાથ ઊભેલીછે.
ઈસવી સને ૭૦ માં આ ઈમારતનુ બાધકામ શરૂ થ
એલ હતું, અને એ પરમાણે દોહોડ હજારથી વધારે
વરસ થએઆં એ નામીચી હવેલી પોતાના પાએઆ
ઊપર મકમછે. આ "કોલીશીઅમ" દુરથી ઘણોજ ભ
પકો આપેછે. નજદીક જતાં તે એક મોટા ડુંગરનાં
સરખું લાગેછે, અને તેના ઘણા ભાગ ઊપર નજર
પણ પોહોચી શકતી નથી. એક ગોલ કીલો બાધી

લીધો હોએ તેવો તેનો આકારછે. તેનો ઘેરાવો ૧૬૦૦ ફીટછે અને તે એટલુનો ઊચુંછે, કે, આંમી એનસ નાંમનો લખનાર કહી ગએઓછે કે, "તેની ઊંચાઈ ઈનસાંનની આંખથી જોવાશે નહી." વાચનાર સાંભલીને અચરત થશે કે વેસપેશીઅન નામનાં રૂમી સેહેનશાએ આ રાખથી મકાંન બાંધવા પાછલ તીસ હજાર માંણસોને કાંમે લગાડીઆં હતાં. તોબી એ સેહેનશાનાંજ રાજમાં તે "કોલીશીઅમ" બંધાઈ ચુકું નહી હતું. પણ તેનાં મુવા પછે તેનાં દીકરાની પાદશાહાતને વખતે બંધાઈને તઈઆર થએલું હતું. એટલી વીગત ઊપરથી આ ઈમારત કેવી મોટી અને કેટલી મકમ હશે તેનો વીચાર થઈ શકેછે.

આટલી બધી મેહેનતથી શું કારણ સારૂ આ અમલો ઊઠાવવો પડીઓ એ જાંણવાની આપણને ઈનતેજારી પેદા થાએછે. શું તે કોઈનો રેહેવાનો મેહેલ હતો? શું તે કોઈ જાહેર જમન કરવાનો મોટો ઓટલો હતો? નહી. આ મકાંનતો માંતર એખલાં એક માંણસનો એક બુરો હવશ પુરો પાડવા માટે બાંધેલુ હતું. પુરાતન વખતમાં માંણસ અને જનાંવર વચે લડાઈ થતી હતી, અને તે જોઈને લોકો મોટી મોજ પાંમતા હતા. પાદશાહો એવી લડાઈનાં જાહેરમાં તમાશા કરાવતા હતા, અને એક પાદશાહાનાં તેવા શોખને માંટે તમાશા કરવા સારૂ આ ગંજાવર, "કોલીશીઅમ" બાંધવામાં આવીઊં હતું. મેદાંનમાં ફરેંચ ખેલાડીઓ પોતાની કસરતને માટે જે મોટા તંબુ મારેછે, તે ઘણીએક વાંચનારી બાઈઓએ દીઠા હશે. તે તંબુના આકારનું આ "કોલીશીઅમ" હતું અને હજુરછે. તેમાં લડાઈ કરનારાઓને માટે એક મોટું ગોલ કુંડારૂં બાંધેલું હતું, તેની આસપાસ "કોલીશીઅમ" નાં છેક ઊપલા છેડા સુધી ચહડ ઊતર બેઠકો-કીધી હતી અને જારે રાજાના હોકમથી માણસ અને જંગલી હેવાંન વચે લડાઈનો ઘાટકી તમાશો થતો હતો તારે આ સઘલી બેઠકો તમાશગીરોથી ખીચોખીચ ભરાતી હતી. એવું કેહેવાએછે કે રોમના "કોલીશીઅમ" મા ૮૦ હજાર આદમીઓ ભેગાં થતાં હતાં.

આ ઈમારતની બાહેરની આખી ઊંચી દેવાલ ફતરની બાંધેલી દેખાએછે. તે ફતરની લાડીઓને લોહોડાંથી જડી લીધેલીછે, તેમાં બોતેર આરકાંછે, અને તે દરએક મેરાબ આગલથી ઊપર જવાના બોતેર દાદરછે. દાદરનાં છેડા ઊપરથી બેઠકો શરૂ થાએછે, જે બેઠકો ચુંનાં મરોડાંથી બાંધી લીધેલીછે, અને તેમની આસપાસ થાંભા ઈતીઆદીનો શીનગાર કીધેલોછે. જારે આ મકાંનમાં પેહેલવેહેલો તમાંસો થએઓ હતો તારે તેનાં ગોલ કુંડારાંમાં ૫૦૦૦ જનાંવરોને લડાઈને માટે દાખલ કીધાં હતાં. તેઓ એકએક સાથ મરાઈને લોહીલુવાંન થતાં હતા, તથા તેઓની જથાબંધ સંખીઆ મરણ પાંમતી હતી, તેમાં લોકો મોટી રમુજ મેલવતાં હતા. મગર ખરેખર જોતાં તે રમુજની જગા નહી પણ કસાઈવાડો હતો. આ મોટી કતલ પુરી થવા પછે રાજાનાં હોકમથી આખાં "કોલીશીઅમ" ને ધોઈ નાંખીઊં હતું, તથા બદબો નહી થાએ એટલા માટે ખુશબોના પાંણીના મોટા ધોત રેડીઆ હતા એ ખુશબોમાં વાઈન દારૂને કેસર સાથ મેલવીને છાંટવામાં આવીઓ હતો.

એટલું બધું તે વખત ઊપર ઘાટકીપણું હતું. રાજા આ ઈમારતમાં જીવતાં માણસને હેવાનોની સાંમે મેલાવતો, અને જારે તે હેવાંન તે માંણસને ચીરી નાંખતાં તારે રાજા જોઈને હસતો હતો આ ઘાટકી રમત હાલ નીકલી ગઈછે, અને એ જાલમ રાજાઓનુ નાંમ નીસાંન નાબુદ થએલુંછે. આ મકાંન પણ નાસ પાંમવા લાગુંછે. તેમાંની લાડીઓ એક પછે એક નીકલતી જાએછે. તેનો આજે, નહીતો હજાર વરશ પછે થોડો ઘણો બી નાસ થશે. દુનીઆમાં કોઈ ચીજ ટકવાની નથી, તારે માંણસનાં શું ભાર?

## નાંજીબાઈની નરમાંસ અને શુનાબાઈની સપાટ.

કીકાભાઈ કચકડાંવાલાનાં કબીલામાંની નાજીબાઈ નામની નાંહાંની છોકરી જરા શીખેલી હતી. આપણી બાંનુઓ એક હુશીઆર છોકરીને "પરીખશાની છોકરી" કરીને નવાઈ સરખુ નાંમ આપેછે, અને તે પરમાંણે નાંજીબાઈ પણ પરીખશામાં ગએલી પોરી બોલાતી હતી. તે માતર પંદર સોલ વરશની હતી, અને પોતાના વર સાથ ભાંએખલા તર

૫ એક નાંહાંનાં ઘરમાં ઘણીખરી રેહેતી હતી. વર આફીસમાંથી એકસો રૂપીઆનો પગાર લાવતો હતો, અને તેટલા માટે પોતાની બાએડી તથા એક નાંહાંની બેહેનની સાથે શુખથી રેહેતો હતો. તે શુધરેલા વીચારવાલો હતો. તેની બાએડીએ નીશાલ છોડીઆ પછે તેણે તેનો અભીઆસ જારી રખાવીઓ હતો, તથા પોતે તેને સીખવતો હતો. નાંજીબાઈને પોતાનેખી વાચવા લખવાનો શોખ હોવાથી તે જલદીથી શીખી જતી હતી. તેથી કરીને તેનાં વીચાર પણ શુધરેલા હતા, અને તેને લીધે પોતાનાં ધણી શાથે ઘણી બાબદોમાં એકમત થવાથી તેઓ વચે કજીઓ અથવા ગેરસમજુતીને બદલે પીઆર, માએઆ અને મોહોબત હતી.

નાંજીબાઈએ કેટલાએક આડા અવલા વેહેમ અને નકારી છીરોને તજી દીધી હતી તેનો અને તેનાં વરનો એવો વીચાર હતો કે જેથી આપણી તનદરોસતી શુધરે, આપણને સારૂં લાગે તથા આપણાં હકમાં ફાએદા થાએ તે ઊપર અમલ કરવામાં કોઈનો દર રાખવો નહી. જેઓ વેહેમીછે તેઓ તેની સાંમાં થાએતો તેની ચીંતા કરવી નહી. તેઓ જે કાંઈ બોલે તે સાંભલીઆ કરવું અને આપણે બનતાં શુધી આપણી સમજ માફક ચાલવું. તેવા વીચારથી આ માંટી બઈરોએ પોતામાં ઘણોએક ફેરફાર કીધો હતો. એવા ફેરફારમાં નાંજીબાઈએ પોતાનાં પગમાં સપાટને બદલે બુટ અને ઈસટાકીન પેહેડીઆં હતાં.

નાંજીબાઈનાં સગાં વાહાલાંઓ નાજીબાઈની ચાલને પસંદ કરતાં નહી હતાં. નાંજીબાઈનાં બપાઈ અને કાકા, કાકીઓ જીવતાં હેતાં. તેઓ તથા બીજાંઓ એવું સમજતાં હતાં કે નાંજીને તેનાં ધણીએ ઘણી છકાવી મેલીછે. તેઓનાં તાંનાં સાંભલી નહી શકવાને લીધે નાંજીબાઈ દરરોજ તેઓની મુલાકાતે જઈ શકતી નહી હતી તોપણ તે તેઓને ભુલી ગઈ નહી હતી. તેઓ વીશે પોતાના દીલમાં તે ખરે ખરો પીઆર અને માંન ધરાવતી હતી, પણ તેઓ પોતાના વેહેમને ખાતર તેની આ નેકી ઊપરથી કવલાસ દેખાડતાં માટે તે દલગીર થતી હતી.

એક દાહાડે નાજીબાઈ પોતાની બપાઈને મલવા ગઈ તારે એક સારા તેહેવારને લીધે તે જગોએ બે ચાર વધારે બઈરાંઓ ભેગાં થએઆં હતાં. નાજીને તાંહાં ખુશ ચેહેરે બચાંની મીસાલે બુટ અને ઈસટાકીન ઊપર ફરતાં જોઈ ઘણાંઓનાં પેટમાં ચુંથાઈ આવીશે હતું. તે ખમી નહી શકવાથી શુનાંબાઇ નાંમની એક સગીએ તાંહાંજ વાત કાહાડી. તે બોલી કે "અરે હોરીઆવ નજી એ વરી તેં શું આએ નવો અવતારલીધો?" નજી જવાબ આપે તેની આગમચ પાસે બેઠેલી એક સ્ત્રી બોલી કે—"એતો વાએ મોટી કેરવાઈને કલેરૂ થઈ તે બુટ મોજાં નહી પેહેરે." તરીજી વચે નીકલી આવી કે "માએ વરની આગલ લાડ કરેછે." આ પરમાંણે શુનાબાઈએ કાહાડેલી વાતને બરોબર ટેકો મલવાથી શુનાંબાઈને આગલ બોલવાની હીમત આવી. તે બોલી કે "અરે માંએ એ તે શું કંઈ લાડ બરીઓચ કે? બાવાજીનાં બુચાંની પખે ટપક ટપક કરીને ચાલવા સીખીચ. અરે બરીઆરે એ સકાર, તારો વર જાંગલો થાએચ. પેલાં લાંબાં લાંબાં લટીઆં વધારી મેલીઆં, ને ટુંકી બોહેની દગલી પેહેરી, તેને જોઈને વરી તુને જાંગલી થવા ગમતું હોશે. જા જા દીકરી એ આપુણે આ બરૂવાલાંને નહી છાજે."

આ સઘલી ભોલી સ્ત્રીઓનાં મનમાં એવો વીચાર હતો કે ઊપલાં તાંનાંથી નાંજી પશેમાંન થઈ હશે, પણ તેમ કંઈ નહી હતું. તે જાંણતી હતી કે સચાઈ તેની તરફછે. તેણે જે કીધુંછે તે સઘલુ ભલાંને માંટેજ કીધુંછે, તથા આ સઘલું બોલનારાંઓ પોતાની મુરખાઈ તથા અદેખાઈને લીધે બોલેછે, એવી તેની ખાતરી હતી. તેટલા માંટે તે જાજી શરમાઈ નહી હતી. તે બોલી કે "શુનાંબાઈ તમે બોલી રહઆં? હવે મારાબી બે બોલ સાંભલો. મેં બુટ પેહેડીઆં અને તમે સપાટ પેહેડી તેમાં મોટો ફરક શું પડીઓ? તમે ગુસે થવા વગર મને જવાબ આપો." શુંનાંબાઈ પાસ જવાબનાં શું ટોટા હતાં? "ઓવાએ ગુસેને બુઓ સાંનું કરેચ? કંઈ લારે લારે બોલતાં સીખીચ! સપાટ ને બુટમાં ફરક નહી જાંણતી તો જા ઘેર જઈને ટોપલે ભરાઈ બેસ" એ શુનાંબાઈનો જવાબ હતો!

નાંજીબાઈએ જવાબ ત્રેલવવાની બેહોશ કીધી તારે શુનાબાઈજી બોલીઆં કે "બાપ દાદા જેમ ચાલતા આવીઆ તેમ આપણે ચાલીએ. તારી માએ મમાઇએ બુટ પેહેડીઆંતાં? તારાં આએ બપાઈશું બુટ પેહેરેચ? તારે તારીથી કમ પેહેરાએ." નાં

જીબાઈએ ઊતર વાલીઓ કે "તેવણે નહી કીધુ વા સતે આપણેબી નહી કરીએ એ કાંઈ દરૂશત વાત ન થી. જો તેમ હોએ તારેતો બાવાનાં વખતમાં ખા વાની ચીજ મોઘી મલતી હતી વાસતે હમણાં આપ ણે સસ્તી મલેતો નહી લઈએ બાપદાદા રેલવેમાં ન હી બેસતા હતા વાસતે આપરેબી નહી બેસીએ. બા પદાદાનાં વખતમાં વીહારનું પાંણી નહી હતું વાશતે હમણાંનાં વખતમાંબી નહી લેવું જોઈએ." શુનાંબાઈ એ આ લાશાંણને આગલ ચાલવા દીધું નહી તે વ ચે પડીને બોલીકે "અરે બસ બસ નાહાલે મોને એટલી ટકટક નહી કરોએ સમજપરી ? જબાને છેક જ વીખરાતી નાંખીચ કેની પણ પછવાડેથી ભારી પ ડશે. તું દાહી દોહારી થઈ નીકલીચ તો જા વરના હાથ મો હાથ લઈને ફરવા જા, ને અધુરાં કૌતકછે તાંહાં પુરાં કર. અરે આ નાંદાંન ભોંએમાંથી ફુટતાં વારજ એવી નસાખંદી ચાલ નહી ચલાવીએ. એ શેઠી ઠીનાં પોરીઆઓ તો કંઈ એવા થઈ નીકલીઆચ અગાઊતો એવું નહી જોએશેંતું. હવે તારે સદરો કસતીબી કાહાડીજ કાંએ નહી નાંખતા ? જા વરની સાથે પાદરીને તાંહાં જા, ને ફરંગી બનેતો ગાંમનું પાપ ધોવાઈ જાએ."

નાંજીબાઈએ જોએશેં કે આવે ઠેકાંણે તકરા ર કરવી બેજા હતી. ઊપલી ઓરતો કાંઈ તેનાં જ વાબ સાંભલવા અને અરસ પરસ ખાતરી કરવા બે ઠી નહી હતી, પણ પોતાનાં સરેસના પરમાંણે તેનાં ઊપર પોતાનો ગુશો દેખાડતી હતી. માંટે તેઓને જવાબ આપીઆ કરવાને બદલે એકજ વખત બોલી ને ખેશી જવા માંટે નાંજીએ આટલાજ સખુનો કહે આ કે "બેહેન સુનાંબાઈ હું નાંદાન અને નાંહાંની ઊ મરની છઊં તે ખરી વાતછે. પણ તીઆરેતો મારા સરખાં બચ્ચાં સાથ કજીઓ કરવાનુ તમોને છાજતું નથી. તમે વીચાર કરો કે મેં આ બુટ પેહેરીઆંછે તે માં નરસુ કંઈજ નથી. બુટથી હું વધારે સારી રીતે ચાલી શકુ છઊં. તેથી મને ચાલતી વખત જહડફ આવેછે, અને દર ઠોકર ઓછી લાગેછે. ઈશટાકીન પે હેરીઆથી સરીરમાં ગરમી આવેછે અને પગ શોભે છે. વાસતે મેં એમ કીધું તેમાં તમારી શું ચોરી કી ધી ? અને વલી જી ભરાએચા મારા વરે શું વાંક કી ધો કે તેને તમે ગાલ દેવોછો. હું ગેરટુજ કેહું છઊં, કાંએકે એથી વધારે બોલોમાં જવાબ આપવાથી ત મો ગુશે થાઓછો." એટલા નરમાસ ભરેલા બોલો ઊપરથી શુનાબાઈ વધારે દાહી થઈ અને વધારે કવ ડા બોલ બોલવા લાગી. છેવે નાંજીએ એક ટાઊકો મેલીઓ અને નાદાનને મોહાડે લગાડવી જોઈએ ન હી, એવું બોલીને શુનાંબાઈએ તે પછે નાંજીનુ નાંમ ન હી લીધું.

ઊપલી બેવકુફ બાએડી શુનાંબાઈ ઘણી બો લી દરાજ હતી તેને લીધે તે ઘણી ફુલી ગઈ હતી, તથા તેનાં સરખી અકલવાલી ઓરતો તેને વલી માં ન આપતી હતી. તે ઘણી વેહેમી અને ઘણી છીટ વાલી હતી કપાલનાં છેક નીચલા ભાગ શુધી તે માથાબાંનું બાંધતી, પેરી કદી પેહેરતી નહી હતી, અને બુટ રેકી સપાટ પેહેરવાની પણ તેને શરમ હતી. એવી કમ અકલી હોવા છતાં તે મોટાઈ કરવા જતી હતી, અને રસતા ઊપર ચાલતી વખતે એકકી મી નીટે એકકું દગલું ભરતી હતી. "માટીડા" ને જોઈને છેક નીચી શોડ કરતી હતી, તથા પારકાં આદમી આગલ તે ખરેખર લજવાતી હતી.


એક દાહાડે શુનાંબાઈની એક સગીને તાંહાં લગણ થનાર હતાં. માંટે સગીની તરફથી બે તરણ બાએડીઓને લઈને તે તેડાં કરવા નીકલી હતી. તેણે પોતાનાં પગમાં નાંહાંનાં પંજાની સપાટ પેહેડેલી હતી, અને રસતાઓ ઊપર ફસર ફસર સપાટ ઘસડીને ચાલતી હતી. તેનાં પગ અને સપાટ ધુલે કરીને ભરાઈ ગઈ હતી, કોઈ કોઈ વખતે પગમાં કાંકડા ખુચતા હતા, અને કોઈ વખતે પગમાંથી સપાટ નીકલી જતી હતી. તેવામાં એક ગલી તરફ તેઓને તેડાંવાલો ઓબેદ લઈ ગએઓ. તે ગલીમાં વીહારનો પાંણીનો નલ તરત નો છુટી ગએલો હતો અને આખી ગલીએ કાદવ થ એલો હતો. શુનાંબાઈનાં એક સગાંનું ઘર તેજ ગ લીમાં હતું, તાંહાં તેડાં કરવાની શુનાંબાઈની ફરજ હતી. તેની સાથે આવેલાં બઈરાંઓ ગલીની બાહે ર ઊભાં, અને શુનાંબાઈને તેડું કરવા જવાની ફર જ પડી. એકતો સપાટ અને પગ ઊપર મંન મંન ધુલ, તાંહાં વલી બીજો કાદવ નડીઓ. તોપણ પડતી ખડતી શુનાંબાઈ આગલ ચાલી. તેનો પગ બે તરણ વાર સરી જતાં બચીઓ હતો, તોપણ તે ખ રડાવા વગર રહી નહી, અને જારે ઘણો કાદવ હા

વાથી સપાટ હાથમાં લેવી પડી તારેતો પગ સબર દબર કાલા સહી જેવા થએઆ.

આ વખતે બપોરનાં બાર વાગેલા હતા. છોકરાઓ નીશાલેથી તરતનાં છુટેલા હતા, અને આ ગલીમાં કાદવ જોઈને તેઓ એક એકની બહુ મશખેરી કરતા હતા. તેવામાં શુનાંબાઈની સપાટ ઊપર તેઓની નજર પડી. તેઓએ જોએઊ કે આ સ્રીએ ખુબ, ઘરેણુ તથા એસકી પોશાકનો સીણગાર કીધેલો હતો, પણ બીચારીને સપાટ હાથમાં લઈને ચાલવુ પડતું હતું. એ નવાઈ સરખો દેખાવ જોઈને તેઓ મોટેથી હસવાલાગા, જેથી લોકોનાં ઘરોમાં અવાજ ગઓ, અને આસપાસના બઈરાંઓ જોવા નીકલીઆં. આ ફેસતો જોઈને શુનાંબાઈને બરડે પાંણી ઊતરીઊ. તેની એવી ફજેતી કદી થઈ નહી હતી, પણ તેનુ કંઈ ચાલીઊ નહી, અને જેક ગલીને નાકે તેનાં સગાંનું ઘર આવીઊં તેવી શીહીડી ઊપર ચહડી ગઈ. તેણે ખરડાએલા અને ભીંજાએલા પગમાં વલી સપાટ પેહેડી, અને ઊપર જઈને પગ ધોઈ નાખવાનો વીચાર કરીને દાદર ઊપર ચહડી. આ વખતે શુનાંબાઈનો જીવ ધબરાતો હતો. તેડાં કરવા સારૂ ફરતાં ફરતાં તેનો દમ ઊપર આવી ગએલો હતો. તેવામાં વલી તે ખરડાઈ ગઈ હતી, અને છેવે તેનો ફેસતો થવાથી તથા છોકરાઓએ તેની આબરૂ લીધાથી તે ઘણી ઘબરાતી હતી. એવી હાલતમાં ચહડતાં ચહડતાં દાદરની આગલજ મેલેલું એક ઘરીનુ પઈ શુનાંબાઈનાં પગનાં નલામાં જોરથી વાગું. તેની કરતો ઘણી લાગી પણ આબરૂને ખાતર તે બીજા માલ ઊપર ચહડી. તેવામાં વલી દાદરનાં શાંડીઆં વચગાલે હુંગાડાં હતાં, અને શુનાંબાઈની એક સપાટ પગમાંથી છટકી જે ગઈ તે પાધરી છેક ભોંએતલીએ જઈને પડી. હવે શુનાંબાઈ શું કરે. એક પગમાં સપાટ અને બીજો ખરડાએલો પગ હુંગાડો પડેઓ માંટે શુનાંબાઈએ હાંકમારી પોતાની સગીને હેઠે બોલાવી. તેની સાથે ભર ભાડુતો નીકલી- આવીઆં અને શુનાંબાઈ તેઓને લઈને એક હુંગાડે પગે હેટલ આવી, તેણે સઘલી હકીકત કહી, તે સાંભલીને સરવેએ તેને એક બાજટ ઊપર પગ ચાંપતી બેસવા દીધી તથા તેઓ ખોવાએલી સપાટ શોધવા લાગાં.

શાંટક એવું બનીઊં કે જે સ્રીઓ અંધારી ખરકીમાં સપાટ શોધતી હતી, તેઓમાંજ શુનાંબાઈની નજર કેટલેએક વખત પછે પેલી લાઓકીવાલી નાજીબાઈ ઊપર પડી. તેજ ઘરમાં તે દીવશે નાંજીબાઈ પોતાનાં એક શહીને મલવા આવી હતી. તે શુનાંબાઈનો શાધ સાંભલી હેટલ ઊતરી આવી હતી અને શુંનાંબાઈની શપાટ શોધવામાં મદદ કરતી હતી. તેને જોઈને શુંનાંબાઈનું દીલ પીગલી ગએઊં. તે વખતે પણ નાંજીનાં પગમાં બુટજ હતાં, અને તેથી નાંજીને પડતી શગવડને તે પોતાની સપાટથી નડેલી અગવડ સાથ સરખાવી શકી. તારે તેની ખાતરી થઈ કે સપાટ કરતાં બુટ પેહેડવાથી વધારે શએદ થાએછે, તથા તેની ખાતરી થઈ કે નાંજીબાઈને બુટ પેહેડવા ઊપરથી તેણે જે તાંણાં મારીઆ હતા તે ખોટા હતા. તે છતાં નાંજી તેનો ગુસો રાખવાને બદલે આ વખતે તેની સપાટ શોધવા પડી, માંટે શુનાંબાઈ ઊપર ઘણીજ અસર થઈ અને પોતાની આગલી ચાલને માંટે તેની આંખમાં પાંણી આવી ગએઆં. અંતે નાંજીબાઈએજ સપાટ શોધી કાહાડી, અને પછે શુનાબાઈનાં પગ ધોવાનુ પાંણી લાવી આપીઊં. તેટલા વખતમાં શુનાંબાઈનાં પગ દુખતા નરમ પડીઆ. નાંજીએ જોઈઊ કે શુનાંબાઈ બુટ ઈસટાંકીનનાં ફએદા તેજ જગોએ સમજી હતી, માંટે વધારે બોલીને તેને ખીજવવાનુ તેણે પસંદ કીધું નહી. શુનાબાઈને એવી ખબર હતી કે નાંજી તેનુ આગલુ બોલેલુ આ વખતે ઈઆદ દેવાડશે, પણ નાંજીબાઈતો કશું બોલી નહી તારે શુનાંબાઈએ તેને સાબાસી આપી- તે પછે શુનાબાઈ તેડું કરીને તાંહાંથી રવાંને થઈ તથા તેની સાથે જેઓ તેડાં કરવા આવેલાં હતાં તેઓ વાટ જોઈને જતાં રેહેવાથી શુનાબાઈ પોતાને ઘર ગઈ.

તે દીનથી શુનાબાઈએ નાજીબાઈ ઊપર પાછો પેઆર રાખવા માંડીઓ, તથા કચકડાંવાલા કીકાભાઈનાં કબીલામાંની એક સીખેલી સ્રી કેવી હતી તે સમજવા લાગી.




જાન મીલટન નામનો સાએર અને તેની દીકરીઓ

## જાંન મીલટન નાંમનાં સાએરનો અંધાપો.

એક આંધલાં માંણસની હાલત કેવી દએઆ કરવા જોગછે! તેનો દેખાવ જોતાં વારજ કેટલી રેહમની રેલ આપણાં દીલમાંથી ચાલુ થાએછે! તેને જારે પોતાનો ગમ ઈઆદ આવેછે તારે જીંદગીને કદુવા દીએછે, અને પોતાનું મોહોત ચાહેછે. જે આદમી પઈસા ટકાનાં અને બીજાં શુખને માંટે બપોર રાત બરાડા મારેછે, તથા પોતાને મનસે ધારેલી મોજ ભોગવવાની આશાથી પોતાના હવશોને પુરા પાડવા સારૂ પઈસા અને વખતની ખુવારી કરી દીએછે, તેને એટલુંજ પુછો કે આંખ વનાં તેનું સરવે શુખ શા કાંમનું છે? તેને તમો પુછો કે પઈસા અથવા આંખ એ બેમાંથી એક ચીજને પસંદ કરવાનું કાંમ જો તેને માંથે આવી પડેતો તે પઈસાને પસંદ કરશે કે આંખને? અલબતાં દુનીઆંનાં દરએક શુખને તે આપી દેશે, પણ પોતાની આંખનાં બેસુલાં રતનથી તે કદી છુટો પડવા ચાહાશે નહી.

જે માંણસો પોતાનાં માઠાં નસીબે આ કીમતી જવાહેરને ખોહી બેસેછે તે માંણસો પોતાની જીંદગીને નકાંમી ગણેછે. પણ ખોદાતાલાએ તેવાં આદમીને પણ ચોકસ જાતનાં શોખ અને શુખ બખશેલાંછે, જેની હાજરીમાં તે બહુ આનંદ પાંમેછે અને ઘડીભર પોતાનાં દુખને ભુલી જાએછે. તેનાં તેવા વખતમાં અગરજો તેની સાંમે કાંઈ ગાએણ ઈઆ મીઠી વાત ચાલી હોએતો તે ખુશી થાએછે; અથવા જો તેની મનમાંનતી સેવા થતી હોએતો તેનું મન રાજી રાજી થઈ જાએછે; અથવા જો તેણેજ ઊગાડેલાં જાહાડમાંથી મધુર ફલ ફુલની લપટ ઈઆ સવાદ મલેછેતો તેને એટલીતો ધીરજ અને શંતોશ આવેછે કે પોતાનાં સરખો શુખી તે બીજાં કોઈને સમજતો નથી. એવાં શુખનો એક દાખલો ઈંગલંડમાં વખનાએલા સાએર જાંન મીલટનની જીંદગાંનીમાંથી મલી આવેછે.

આ માંન પામેલા કવીરાજ સદીની સદી થઈ વખનાંતો આવીઓછે. કવીતા બનાવવાનાં અને સેહરાઈ કરવાનાં એલમમાં તે એટલોતો માહીતગાર અને કાબેલ થઈ ગએઓછે કે તેણે જોડેલી નાંમીચી કવીતારૂપી કથાઓ અને બીજું મોટી ઊલટથી વાંચવામાં આવેછે. એ તેનાંમાં ખોદાતાલાએ મોટી ખુબી મેલી હતી, અને તે ખુબીનાં સબબથી તેને પોતાનાં અંધાપાનાં વખતમાં અતીશએ શુખ મલીઊં હશે એમાં કાંઈ નવાઈ નથી. તે ઈસવી સને ૧૬૦૮ ના ડીસેમબર મહીનાંની તારીખ ૯ મીને દીને લંડન ખાતે જનમીઓ હતો અને ૬૬ વરશની ઊમરે પુગા પછે તે સને ૧૬૭૪ માં મરણ પાંમીઓ હતો. પોતાનાં સોલમાં વરશ શુધી તેણે નાંહાંનાં કેલવણીખાતાંઓમાં તરબીએત લીધા પછે તે મોટી મદરેસામાં દાખલ થએઓ હતો. તેનાં માંબાપ ગરીબ હતાં તોપણ સીખવા પાછલ તેને એટલીતો ઊલટ હતી કે ઘણી નાંહાંની ઊમરથી તેની શકતીઓને પીછાંણવામાં આવી હતી. અભીઆસ કરવા ઊપર તેનું ભારી મન લાગેલું હતું, જે પછે સને ૧૬૩૨ માં પાદરીનો ધંધો કરવાનો વીચાર તેણે છોડી દીધો હતો. તેથી ઊલટુ પોતાનાં બાપનાં ઘરમાં જઈને રૂમી અને ઈઊનાંની ગરંથોનો અભીઆસ જારી રાખીઓ. પાંચ વરશમાં તેણે તે અભીઆસ પુરો કીધો અને તેટલા વખતથીજ કવીતાઓ જોડવાનો તથા પુસતકો લખવાનો માહાવેરો ચાલુ કીધો. સને ૧૬૩૮ માં તે ઈઊરોપખંડ તરફ મુસાફરીએ નીકલીઓ જાંહાંથી આસરે દોહોડ વરશે તે પાછો પોતાને દેશ આવીઓ હતો.

મીલટનનો પેહેલ વેહેલો ધંધો સીખશકનો હતો. તે જારે પોતાને દેશ પાછો ફરીઓ તારે પરજા રાજદુવારી અને ધરમ સંબંધી બાબદોમાં ઊસકેરા એલી હતી. મીલટને તે ઊસકેરણીમાં ભાગ લેવાને બદલે તેણે પોતાની બેહેનનાં બે દીકરાઓને કેલવણી આપવાનું શરૂ કીધું, અને થોડાવારમાં બીજાં માંબાપો પણ પોતાનાં ફરજંદોને તેના સંભાલ તલે આપવા નીકલીઆં. એ ઊપરથી મીલટને એક નીશાલ કાહાડી અને તાંહાં નવા પાએઆ ઊપર કેલવાણી આપવાનું કાંમ તેણે શરૂ કીધું. તે છતાં પણ રાજસંબંધી ઘબરાટમાં તેનું મન ખેંચાવા વીનાં રહેઊં નહી. કાથલીક ધરમ સંબંધી મોટી ભાંજગડ તે વખત ઊપર ચાલતી હતી અને શરૂઆતમાંજ તે ભાંજગડને લગતાં તેણે ચાર નાંહાંનાં પુસતકો કાહાડીઆં હતાં.

સને ૧૬૪૩ માં જાંન મીલટન પરણીઓ હતો, પણ તેને સારી બાએડી મલી નહી હ

તી. એક મહીનામાંતો તે મીલટનનાં ઘરમાંથી નીકલી ગઈ હતી. તારપછે મીલટને પોતાના તે લગનને રદ કીધાં હતાં લખવાની બાબદમાં તેને હાથે એટલીતો જહડપ આવી ગઈ હતી તથા કોઈબી બાબદ ઊપર ચીત લગાડતાં વાર તે લખી કાહાડવાની તેને એવી ઊલટ હતી કે પોતાનાં લગણ બુંડાં નીકલવાથી લગણ સંબંધી બાબદો ઊપરજ તેણે પુસતક લખવાનું શરૂ કીધું. તે વીશે તેણે બે પુસતકો કાહાડવા પછે, તથા બીજી બાએડી કરવાનો ઠરાવ કીધા પછે મીલટનની આગલી ઓરતે તેને ઘર આવીને માફ માંગી, અને તેનાં ભરથારે દએઆ કરીને તેને પાછી રાખી. તારપછે મીલટને બીજાં બે તરણ ચોપાંનીઆં છપાવીઆં હતાં અને એ રીતે સઘલા વખતને તે લખવામાં તથા અભીઆસ કરવામાં ગુજારતો હતો.

રાત દીવસનાં અભીઆસથી કરીને મીલટન પોતાની આંખથી રદ થઈ પડીઓ. તેનાં આગલા દીવસો જેમ સારા વખતનાં હતા, તેમ તેનાં પાછલા દીવસો માઠી હાલતનાં હતા. તે જેમ પઈસે ટકે ગરીબ થએઓ, તેમજ આ પરમાંણે ઈંદરીઓથી હેરાંન થવાને લીધે તેને ઘણો ગમ લાગો હતો. આંખ સાજી હતી તેટલામાં તેણે આસરે દશ પુશતકો તથા ચોપાંનીઆંઓ પરવરતાવીઆં હતાં. તોપણ વાંચનારી બાઈઓએ જાંણવું જોઈએછે કે જે મોટી અને નાંમીચી કવીતાથી જાંન મીલટનનું નાંમ આજ અમર થઈરહેછે તે કવીતાઓનેતો તેણે પોતાનાં અંધાપાનાં વખતમાં જોડી હતી. આંખનો ઊપીઓગ બંધ પડવાથી તેને પોતાનાં મકાંનમાંજ બેસી રેહેવુ પડીઊં હતું અને તેમ બેસી રેહવાથી કરીને તેનો ઘણોખરો વખત વીચાર કરવામાં જતો હતો, જેમ વીચાર કરીઆ કીધાથી તેણે પોતાની જગ પરસીધ કવીતાઓનો જનમ આપીઓ હતો. એ કવીતાઓ જોડવામાં તેનું મોટું શુખ હતું, અને તેમાંને તેમાં રોકાઈ રેહવાથી અંધાપાનો ગમ તેને જાજો લાગો નહી હતો.

આ વખતમાં મીલટનને તેની દીકરીઓથી પુરતી મદદ મલી હતી, અને તે તેનાં અંધાપામાં વધારે સારૂં શુખ હતું. મીલટન જે નાંદર કવીતાઓ પોતાનાં મનમાં બનાવતો હતો, તે તેને મોહાડેથી શાબલતાં વારજ તેની દીકરીઓ લખી લેતી હતી અને તેથી કરીને તે કવીતાઓ દુનીઆંની વાંચનારી આલમમાં પરસીધ થઈ શકી હતી. એમાં તેને કેવો આંનંદ લાગો હશે. તેનાં પોતાનાં જાહાડે તેનાં પાછલા વખતમાં તેને ફલ આપીઆં, તથા તે જાહાડની કેલવણી ઊપર તેણે પેહલાં સારૂ ધેઆંન આપવાથી તે કેલવણી ઊગી નીકલી એથી તેને કેટલો શંતોશ ઊપજીઓ હશે ? એક હાથ ઊપર આંખને ખોહોવાથી તેને મોટો બલાપો લાગેલો હતો. તે બલાપો તેણે પોતાની કવીતામાં કોઈ કોઈ જગોએ જુદી જુદી ઢપમાં જાહેર કીધેલોછે. એક ઠેકાંણે તે લખેછે કે "ખોદાનો પેહલો તલેસમ રોશની મારીથી છુપીછે, અને જે ભાંત ભાંતની ચીજોમાં તેથી મોજ આવેછે તે સઘલી રદ થઈ પડીછે, જે જો હતેતો મારા દુખમાં મને ચેન પડતે અને નીચ માંણસ અથવા જીવજંતનાં કરતાંબી હલકી પદવીએ હું નહી આવતે. જીનાં જનાવર મારા કરતાં સુખીછે. તેઓને તેમની આંખવડે દેખાએછે. પણ મને છતી આંખે અંધારી આવીછે, અને હંમેસનાં ટરકટ, ધીકાર, ગાલ, તથા નુકસાંનને ઘરની માંહે અથવા બાહેર મને તાએબે થવું પડેછે. મારામાં અરધો જીવ રહેઓ નથી, પણ અરધુ મોહોત મને ઘેરેછે. અરે ! બપોરને વખતે મને સંધુ કાલુ, કાલુ લાગેછે. ઊગતા દીવસને જોવાની આશા રદ ગેઈછે." આ ગમ ભરેલા સબદો મીલટને બીજાંને માંટે લખીઆછે, પણ તે પોતા ઊપર લાગુ પાડીઆછે. તેવા બલાપાના વખતમાં કવીતા જોડવાની પોતાની શકતીને તેણે ખરેખર કીમતી બખશેસ દાખલ ગણી હશે, તથા તે કરતાં પોતાની દીકરીઓને પોતાની સાથું લખતાં વીચારી તે ઘણો ખુશી થએઓ હશે.

પાસેનાં ચીતરમાં મીલટન મોહાડેથી બોલીને પોતાની દીકરીઓ પાસે લખાવેછે. એક નાંમીચા ચીતારાએ આવાં એક ચીતરને ચીતારીને ઈંગલંડનાં છેલાં મોટાં સંગરહસથાંનમાં મેલીઊ હતું, અને તે ઊપરથી આ નાંહાંની નકલ ઊતારીછે. કેલવણી પાંમેલી દીકરીઓનાં કેવા આસીરવાદછે તથા જઈફીને વખને માંબાપને તેથી કેવો ફાએદો થાએછે તે આ ચીતર તરફ ઘડીભર નજર કરતાં આપણને જણાએછે.

# દુનીઆનો મુસાફર.

પત્ર ૯.

પેઆરાં બેહેન,

ગએઊં કાગજ લખવા પછે જરા સરેસતા કરતાં વધારે વખત ગએઓછે. તેનું કારણ એછેકે હું હાલ તરત ઊતાવલેથી મુસાફરી કરવા ઊપર મંડીઓ છઊં અને જેમ બને તેમ જલદીથી દેશે દેશ ફરવું તથા જોવા જોગ ચીજોને જોવી એવોજ મારો ઠરાવ હોવાથી લખવાની ફુરસત પણ મેં લીધી નથી. એ ઊતાવલનો સબબ એછે કે એકતો હું લાંબી મંજલોથી જરા લગાર થાકો છઊં. તમો જાંણોછો કે ઓખલા એશીઆખંડ મધે આજ શુધી મે મુસાફરી ચલાવીછે, જે દેશોની ઘણીખરી હાલત માંડીછે. એ દેશામાં કાંઈ લાંબી મંજલોને શેહેલી કરવા માંટે રેલવેઓ નથી. પણ ગાડાં, ઘોડા અથવા ઊંટ ઊપર મુસાફરી કરવી પડેછે અને કેટલોએક કંટાલો ઊપજેછે. તેની સાથે વલી મારાં વતનથી દુર જવાને લાંબી મુદત થવા આવીછે અને તેથી એકવાર ફરીથી તમ સરીખાં વાહાલાંને મલવાની હાંશ પેદા થાએછે. પણ મને દુનીઆં ફરીને જોવાનો જે શોખછે, તે પુરો પાડવાની મને એક તક મલીછે. મેં સાંભલીઊ છે કે ઈંગલંડમાં એક મોટું સંગરહસથાંન ઊંઘડીઊંછે, અને તેમાં તમાંમ દુનીઆંની કારીગીરીને એકઠી કરવામાં આવીછે. જારે હું દુનીઆમાં ઊપર તપકે ફરી આવવા માંગુ છઊં તારે આ મોટો મેલો જે થોડાજ મહીનાં ચાલુ રેહશે તે જોવો જોઈએ. એથી એશીઆખંડની મારી મુસાફરી જરા વધારે ઊતાવલથી કરવાનુ મમે એક નવુ કારણ મલીઊછે. માંટે જલદી તમોને આવી મલીઆ પછે ઈઊરોપ જવાનો મારો એરાદોછે. તોપણ જોવા લાએક ચીજો રહી જાએ અથવા હું સરેસતા કરતાં પણ ઘણુ અધુરુ બેઆંન લખી મોકલુ એવી રીતે મુસાફરી કરતો નથી.

ગઈ વેલાએ મેં આરબસતાંનથી કાગજ લખીઓ હતો. રૂશીઆ દેશથી તુરકી દેશમાં થઈને હું તાંહાં ગએઓ હતો. દુનીઆમાં આદમીનુ જે પેહેલું જોડું જનમ પાંમીઊં હતું, તે આ તુરકી દેશની સરજમીન ઊપર જનમેલું કહેવાએછે. તાંહાંનાં રેહવાસીઓનુ તથા બીજું બેઆંન મેં લખીઊં હતું. કદાચ તમોને ખબર નહી હશે કે તુરકી દેશમાં કુતરાંઓની વસતી અતી ઘણીછે, અને એટલાતો ઊભાઈ જાએછે કે આખી વસતીમાં દરએક ઘર દીઠ બે કુતરાં ગણવામાં આવેછે. વલી એ પુરાંનાં દેશમાં હાલ બીજાં ફાડી ખાનારાં પરાંણીઓનો ઊપદરવ ચાલેછે. તે તથા આરબસતાન દેશે જાંહાં આ હવાંનો ઊપરાંત જહતુની મુસલમાનોની તમાંમ વસતીછે તાંહાંથી હું સહી સલાંમત આવીઓ છઊં એટલુંજ હાલ તરત બસછે. જહતુંની મુસલમાંનોમાં તથા જંગલી લોકો અથવા જનાંવરોની વસતીવાલાં દેશોમાં મુસાફરી કરવાનું કાંઈ શેહેલું કાંમ નથી. મંગો પારક નાંમનો નાંમીચો મુસાફર જેનું એક ચીતર મેં તમારી ઊપર બીડીઊંછે, તેનાં સરખા ઈઊરોપીઅનો છુપા લેબાશે તાંહાં જઈ આવેલાછે. તેવા એક મુસાફરનું જુદા લેબાસનું ચીતર ગઈ વેલા તમારી ઊપર મેં બીડીઊં હતું.



જહતુની પરજાનાં ઊપલા દેશોમાંથી નીકલેલો હાલ હું ઈરાંનમાં આવીઓછઊં. એ દેશ એશીઆખંડનાં મધીઅ ભાગમાંછે. તેની પુરવ દશાએ આફગાનીસતાંન દેશ, તથા તેની પશચીમે સમુદર અને તુરકી દેશનો એક ભાગ આવેલોછે. અલબરજનો પાહાડ તેની ઊતર તરફછે, જે દરીઆની સપાટીથી ૧૪૬૦૦ ફીટ ઊંચોછે. તેનો કેટલોએક ભાગ ઊજડ અને પેદાએશ વીનાં પડેલોછે. તોપણ જાંહાં ખેતીવાડી ચાલુછે તાંહાં ઈરાંણના લોકોએ શુંદર બાગ બનાવેલાછે, જેમાં ખુશબોદાર અને મનોરૂંજક ગોલાબ તથા બીજાં ફુલોનો પમરાટ બહુ વેહેજત આપેછે. ઈરાંણનો ગોલાબ સરવે ઠેકાંણે ગવાએછે. ઈરાંણના રેહેવાસીઓ એ ગોલાબનાં ઘણા સોખીછે, અને તેમાંથી કીમતી અતર તથા બીજી ખુશબો બનાવેછે. ઈરાંણના એક મરદ અને ઓરત રેહેવાસીનું ગોલાબ

નાં બાગ શુધાંનું એક ચીતર તમોને ભેટ કરૂં છઊં.




ઈરાણનાં મુસલમાન રેહેવાશીઓ આવી લાંબી ટોપીઓ પેહેરેછે. નસરઊદદીન નાંમનો શાહા હાલ હીઆં રાજ ચલાવેછે, તેની પણ ટોપી તથા બીજો લેબાસ એવા આકારનોછે. બેહેન, આ સ્રીનો પોશાક આપણી પારસી ઓરતોનાં હાલનાં પોશાક કરતાં વધારે શોભઈતો અને સગવડ ભરેલો લાગેછે એવા એવા જુદા જુદા પોશાકો જોઈને આપણી બાનુંઓ સઊથી સારા લેબાસને પસંદ કરી પોતામાં ફેરફાર કરેતો હું બહુ ખુશી થવશ. આ ઈરાંણનાં રેહેવાસીઓ તુરકી તથા આરબસતાંન દેશનાં મુસલમાંનો કરતાં વધારે ભલા અને નમાનાછે. તેઓ મોજ મજાહ ઊપર અતીઘણું ધેઆંન આપેછે, અને કવીતાના શોખીછે. ઈરાંણની ફારસી ભાશા ઘણી લેહેજત આપેછે અને એ ભાશા જાંણનારાઓ એક અવાજે કેહેછે કે ફારસી ભાશાની કવીતા અતી ઊતમછે, તથા તે કવીતા જોડનારાઓ નાંમીચા શાએર થઈ ગએઆછે.

ઈરાણમાં કેટલાએક હોનર અને ઊદીઓગનો સારો ફેલાવો થએલોછે. તાંહાંના લોકો પોત પોતાનાં ચોકસ ઘરોમાં રેહેછે અને આરબ તથા તાતાર લોકની મીશાલે ઘણું કરીને તેઓ ભટકતા ફરતા નથી. તેઓ રૂ, રેસમ, તંબાકુ, અને બીજી જીણસોની ખેતી વાડી કરેછે, જે પાક ઈઊરોપ તરફ જાએછે અને સારી કીમત લાવેછે. ઈરાંણનાં આ રેહેવાસીઓ વલી રેશમનું વણતર પણ સારૂં કરી જાંણેછે. તેઓ બકરાંનાં ખાલમાંથી શાલ બનાવેછે, ઊંચા ગાલીચા વણેછે, તલવારનાં પોણાં બનાવેછે, પણ તે સઘલું તેઓ હાથની મદદથી કરેછે. જે લોકો ગામે ગાંમ ભટકેછે તેઓ ઊંટની સાથે ઘોડાને પણ પોતાની મોટી મીલક



ત સમજેછે. એ પરાંણી તેઓને બહુ કાંમ લાગેછે. ઈરાંણી બકરા અને મેંઢા ઘણાં ફરબે તથા શુખીઆરા આવેછે. તેઓનું ઊન પણ સારી રીતે કાંમ લાગેછે. તેઓ વજણે ઘણાં ભારી હોએછે, અને એક લખનારે



આપેલો એવો હેવાલ મેં વાંચીઓછે કે એક બકરાની એખલી પુછડી હાથમાં નહી ધરાએ એટલી ભારી હતી.

ઈરાંણનો શાહ નશરઊદદીન ઘણું સારૂં માંણસછે. તેનાં કેટલાએક વીચારો સારાછે. એથી આપણને ખુશી થવું ઘટેછે. પીઆરાં બેહેન, તમે વીચારીઊં હશે કે હાલ હું ફરતો ફરતો જે દેશમાં આવીઓ છઊં તે એક વખત ઊપર આપણ પારસી લોકોનું જાહોજલાલી ભરેલું રાજ હતું, એવું મને વારેવાર ઈઆદ આવેછે. તે વખત ઊપર એ દેશની કેવી આબાદ હાલત હતી, અને હાલ તે કેવું નામ પાંમીઊ છે, તેની ઈંધાંણી કેટલીએક ઈમારતો ઊપરથી મલી આવેછે. વલી થોડાંએક નાંહાંનાં ગાંમોમાં છુટા છવાએઆ પારસીઓ પણ નજરે પડેછે, તેઓ ઊપર આ પરાએઆં રાજમાં જે સીતમ ગુજરેછે, તેનાં હેવાલ વાંચી તથા સાંભલીને મારી છાતી ભરાઈ આવેછે. તેઓનાં માઠાં નસીબ ઊપર હું દએઆ કરૂં છઊં. તેઓને માંટે મુંબઈમાં એક ધરમનું ફંડછે. તેની તરફથી ઈરાંણમાં એક પારસી ગરહસથ તેઓનાં હક સંભાલવા માંટે આવેલોછે. સારાં ભાએગે શાહાની ભલી સોચનાંને લીધે ઈરાંણનાં પા

રસીઓ હાલ જરાખી શુખીછે. શાહા પોતાની પરજાનું ભલું ચાહેછે, અને તેવાં હેતુથી કેટલાએક છોકરાઓને તેણે ઈઊરોપ ખંડમાં કેલવણી લેવા મોકલીઆછે, એમ અગાઊ છપાએલું છે.

હું છઉં તમારો,
પેઆરો ભાઈ.

—ooo—

## "ધીરાં કાંમ સાહેબનાં"—જનાવરોની ઉતમ કેલવણીનો એક દાખલો.

ધીરજ અને મેહેનતથી માણશ કેવાં મોટાં કાંમ બજાવી શકેછે તે બીસેટ નામનાં એક નાંમીચા ખેલાડીએ દેખાડી આપીલું છે. તે ખેલાડીનો હેવાલ જાણવા જોગ અને અજાએબ જેવોછે. તેણે વરશનાં વરશો શુધી નહી મનાએ એટલી ધીરજ રાખીને ઘણાં હઠીલાં જનાંવરોને ઊતમ કેલવણી આપવામાં મોહું માન મેલવીલું છે. "ધીરાં કામ સાહેબનાં" એ કેહેવાત તેણે ગેઓઆ પુરવાર કીધીછે. કોઈબી જનાવર માણસના તાએબામાં રહી શકેછે, એમ સાબેત કરવાનો તેનો ઠરાવ હતો અને તેટલા માંટે તેણે અતીઘણી મેહનતથી જુદાં જુદાં જનાવરોને કેલવીને તઈઆર કીધાં હતાં, તથા તે મેહેનતનાં બદલામાં તેને સારી પુંજી મલી હતી. તે પેહેલાંતો માતર મોચીનો ધંધો કરતો હતો, પણ એક દાહાડે તેને એવો વીચાર શુજીઓ કે જનાંવરોને "હું મારા તાએબામાં કાંએ નહી રાખું?" જેવો તેણે વીચાર કીધો કે તુરત મેહેનત કરવા માંડી અને શેવટે ધીરજ રાખવાથી તેણે મેલવેલી ફતેહ અજાએબ જેવી ગણાઈછે.

પેહલમ તો તેણે એક ઘોડા અને કુતરા ઊપર અખતરા કીધા. તેઓને સઘલી પરકારની કેલવણી આપીઆ પછે, બે વાંદરોને તેણે પોતાના સંભાલ તલે સીખવવા માંડીલું. તેની મેહેનતથી એક વાંદર તંગ દોરડાં ઊપર નાચવા સીખીઓ, તથા તે જારે કસરત કરતો હતો, તારે બીજો વાંદર પોતાના એક હાથમાં બતી ધરીને બેસતો તથા બીજે હાથે વાજાંની પેટી વગાડતો હતો. એજ વાંદરોને તેણે દોડતા ઘોડા ઊપર નાચ કરતાં શીખવીલું હતું. જનાવરોની કેલવણી તેનાથી બનશે કે નહી તે તપાસવા માટે તેણે આટલો અખતરો અજમાવીઓ હતો અને તેની ઊપલી ફતેહ જેહવી તેવી નહી હતી. તારપછે બીસેટે સરેસતાની ધીરજથી તરણ બીલાડીઓને એવી કેલવણી આપી હતી કે જેથી તેઓ રાગની પેટીની સાંમે ગાએણ પોથી મેલીને પેટી વજાડી શકતી હતી તથા તેની સાથે પેટીને મલતા રાગ પોતાને મોહોડે ગાતી હતી. એ બીલાડીઓ તથા ઊપર કહેલા ઘોડા, કુતરા તથા વાંદરોનો તેણે જાહેરમાં તમાશો કીધો, અને થોડા દીવસમાં ૧૦ હજાર રૂપીઆનો તે ધણી થઈ ગએઓ હતો.

આ ફતેહ બીસેટની ધીરજનું ફલ હતું, તે ઊપરથી તેણે વધારે અખતરા કરવા માંડીઆ. તેણે એક નાંહાનું ગસલું ખરીદ કીધું, અને તેને બચગીથી જે કેલવણી આપી હતી તેથી કરીને તે પરથાંમ ઊપર "માંરચ" નામનાં રાગનો અવાજ કરતું હતું. તાર બાદ તેણે પખશીઓનો પીછો પકડીઓ. તે ચુરી, ચકલી, અને બીજાં પંખેરાંઓને એવી તાલીમ આપી શકીઓ હતો કે તેઓ એક મીજલશમાંનાં કોઈબી ધણીનાં નાંમની જોડણી કહી જતાં હતાં, એટલુંજ નહી પણ તેઓ ઘડીઆલમાંનો કોઈબી વખત કેહેતાં હતાં, તથા બીજું પરચુટણ કાંમકાજ કરતાં હતાં. તેઓને કેલવીઆ પછે બીસેટે છ મરઘાઓની તાલીમ શરૂ કીધી અને ઘણી મેહેનત લઈ તેઓને ગાએણ સાથ નાચતાં શીખવીઆ. હાલનાં વખતમાં ઘણીએક સ્ત્રીઓને ઘડીઆલ જોતાં આવડતું નથી, પણ નાહાનાં ચલીઆં તમુને બરોબર વખત જણાવે તથા બીજાં કાંમકાજ કરે એ કાંઈ થોડી નવાઈ નથી.

હજુર શુધી બીસેટ પોતાની મેહેનતમાં અટકીઓ નહી હતો. જેમ વધારે ધીરજ દેખાડતો હતો તેમ તે વધારે અજાએબ જેવાં કાંમ બજાવતો હતો. તેણે પાંણીમાં વસનારાં પરાંણીઓ ઊપરે પોતાનું ધેઆંન લગાડીલું હતું. જમીનને ચાક વટે સફેદ કીધા પછે બીસેટ એક કાચબાનાં પગને કાલો રંગ લગાડતો હતો. તારબાદ બીસેટનાં હોકમ મુજબ તે કાચબો સફેદ જમીન ઊપર પોતાનાં કાલા પગ વતે ચોકસ પુરશોનાં નાંમ ચીતરતો હતો, એટલુંજ નહી પણ છેવે તેણે માછલીઓને કેલવણી આપી અને મોટા તમાસાઓમાં દેખાડી આપીલું હતું કે મછી સરખાં પરાંની ઊપર સરદારી મેલવવાનું તેને મનસે ઘણુ સેહેલ હતું.

છેલે બીસેટે એક ડુકરને કેલવણી આપવા માં ડી. આ જાતનું જનાવર ઘણુંજ હટીલું અને ઘણુ જ કઠંગું છે. ડુકરને સીસામાં ઊતારતાં તેને ખોદ ઈઆદ આવતો હતો. જોકે તેની ધીરજ ખરેખર વખાંણવા જોગ હતી તોપણ આ હટીલાં પરાંનીને કેલવણી આપતાં તેની ધીરજ રહી નહી. ઘણાં મહીનાં ગુજરી જવા છતાં આ ડુકર કાંઈજ નહી સુધરીઊ, તારે બીસેટે પોતાના કાંમને પડતું મેલવાનો ઠરાવ કીધો, પણ તેવામાં વલી તેને એક નવી રીત ઈઆદ આવી અને છેલે આ ડુકરને નમનતાઈ ભરેલું કરવામાં તે ફતેહ પાંમીઓ ! એ વખતે તેને કેવો હરખ ઊપજીઓ હશે. આ ડુકરને કેલવણી આપતાં સોલ મહીનાં લાગા હતા, પણ એટલા વખતમાં તેની ધીરજનો કાંઈ પાર નહી હતો. આ ડુકર જાહેર રસતા ઊપરની એક મીજલસમાંનાં કોઈબી ધણીનાં નાંમની જોડણી તથા હરશે કહી શકતું હતું; તથા હીસાબ ઓલખતું હતું, પુછેલા બોલ દેખાડતું હતું, કલાક મીનીટ અને સેકંડ બરાબર દેખાડતું હતું, અને ગુઠણભરીએ પડીને નમશકાર કરતું હતું. ડબલીન શેહેરમાં એક વખતે જાહેર રસતા ઊપર બીસેટ આ ડુકરનો તમાસો દેખાડતો હતો તેવામાં એક સતાવાલાએ તેને તાંહાંથી હાંકી કાહાડીઓ અને તેનાં ડુકરને જપત કીધું, તેથી બીસેટની સઘલી મેહેનત રદ ગઈ અને લંડનમાં આવીઆ પછે નાંસીપાસીનો ગમ તેને એવો શખત લાગો કે થોડા દીવસમાં આજારી પડીને તે મરણ પાંમીઓ. મરણ પાંમવાની આગમચ બીસેટે ઘોડા, કુતરા, વાંદર, બીલાડી, સસલાં, કાચબા, માંછલી, મરઘા, નુરી, ચલીઆં, અને ડુકર, એટલાં જનાંવરો ઊપર મોટાઈ મેલવી હતી.

## રમુજે ફુરસત.

૧. બેહેનો, માહારી એક વાત સાંભલો. તે લાંબી નથી અને તેથી તમોને કંટાલો આવશે નહી. મારાં પગ નહી હોવાથી ખમેર્યીઆંમાં જોહાંકાવી દેતાં. મને વાર લાગતી નહી હતી. એક દાહાડે એક ઉંડા ખાડા તરફનો મેં રસતો લીધો હતો તેવામાં બેહેનો તમો જાંનજો, કોઈ બેગાંનાં શખસે અને ઉંચકી લઈને મારા ચેહેરા ઉપર એવાતો જોસથી ટોસો મારીઓ કે મને કાલો ધાહા લાગી રહેઓ, તેવી હાલતમાં તે મને નાંખી ગએઓ, પણ ઘણે વારે કોઈ એક બીજે શખસ દએઆ કરતો હોએ તેમ મને ઉંચકી લઈ ગએઓ. એક બીજી જગા ઉપર લઈ જઈને તેણે એક તરીજા વડાને મારા ચેહેરા ઉપરનો ધાહા દેખાડીઓ. તે જોઈને તે વડાએ મને કેથે લઈ જવાનો હોકમ આપીઓ માંરે મને સારીપડે બંધ કરવામાં આવીઓ અને એક પેટીમાં નાંખીને લઈ ચાલીઆ. હું ધાંરો કે રખેને મને મુવેલો ગણી કેથે દાટવા લઈ જતા હોએ, પણ નહી બેહેન હું તો જીવતો છઉં, પણ એક તદન જુદી જગામાં તમો સરવેથી દુર આવીઓ છઉં. હું મારૂ નાંમ તમોને જણાવતો નથી, પણ તે શોધી કાહાડવાની તમોને વીનંતી કરૂં છઉં.

૨. હું નાંહાંનો પણ ઉપીઓગી છઉં, કલસીઆમાં હું છઉં પણ પાંણીમાં નથી, કલાઈમાં હું છઉં પણ ધાતુમાં નથી; તમારી કમરમાં હું છઉં પણ સરીરમાં નથી. કદાચ લોકો મને ચાહે નહી, કારણ કે મારાથી કજીઓ થાએછે. પણ તેઓનાં કપાલમાં મારી હસતીછે, અને અકલમાં પણ હું છઉં, મારાથી અકલાટ થાએછે અને વલી મારા વગર કરાર વલવાનો નથી.

૩. પાંચ હરફનો એક એવો બોલ શોધી કાહાડો કે જેતાં ૧ લા હરફથી દીલ ખુશ કરવાનો એક હોકમ સમજાએ. ૧ લો તથા ૨ જો હરફ એક ગમથી બીજી ગમ જવાનો વીચાર આપેછે, પણ ૧ લો અને ૫ મો હરફ તેજ વીચાર વધારે શુધ્ ભાશામાં આપેછે. વલી ૧ લો તથા ૪ થો હરફ કંકાસનુ મુલછે, અને ૩, ૪, તથા ૫ મો હરફ પાંણી કાહાડવાનું એક હથીઆર આપેછે. પણ જો પાંચે હરફોને સાથે લઈએતો હાલ જમાંનાના એક શુરા પેહેલવાંનનું નાંમ થાએછે.

૪. એક ફુલ જે સવાદમાં મીઠુંછે, એક બીઉં જે માંથી કેફી જીનસનો પાક થાએછે, એક પદારથ જેથી પગ ધંકાએછે, અને એક શેહેર જે આગલા વખતથી જાંણીતું થએઉ છે, તેમને એવી રીતે શોધી કાહાડો કે જેથી તેમનાં પેહેલા હરફ લઈએતો ઈરાંનનાં એક આગલા પાદશાહનુ નાંમ તથા છેલા હરફ લેઈએતો એક પેહેલવાંનનુ નાંમ મલી આવે.

## સવાલોના જવાબ.

( જુઓ ગએઆ આંકના સવાલો )

૧. હવા.

૨. પાંણી.

## પરચુરણ બાબદો.

**એક ઘરગતુ શોધ**—ઘહુંના આટા મધેનાં જે ભાગથી ખાવાનાં પાંઉ અથવા રોટી કાલો રંગ પકડેછે, તે ભાગને આટાનાં બીજા સારા ભાગમાંથી બાહેર કાહાડવા માંટે એક મી૦ મોજી નાંમના શખસે નવી કલા શોધી કાહાડીછે. આ કલા ઘણી ફાએદા ભરેલી કેહેવાએછે અને ફરાનસનાં સતાવાલાઓએ તેને માટે સારૂ મત આપીઉંછે.

**મુંબઈમાં ગોસતનો ખપ**—દરરોજ મુંબઈની વસતીમા વધારો થાએછે. અને તેમજ ખાધ ખોરાકીનો મોટો ખપ થાએછે. મુંબઈની પરજાનો મોટો ભાગ બકરાંના ગોસતને ખોરાકમા લીએછે. તે ગોસત દરરોજ કેટલું ખપેછે તથા કેટલાં માણુસનાં તે ખાધામાં આવેછે તે જાંણવાને કેટલીએક વાંચનારી બાઈઓ ખુસી હશે. તેનો એક સેજ અડસટો હેઠળ આપીએછે મુંબઈમાં દરરોજ ૧૪૦૦ બકરાને ખોરાક થકી મારવામાં આવેછે. દરએક બકરૂં સરેરાસ ૭૦ રતલનું ગણીએ તો એટલા બકરાનુ જુમલે ૯૮૦૦૦ રતલ ગોસત થએઉં. હવે દર માણુસના ખપમાં દરરોજ ૦૧ રતલ ગોસતનો અટકલો કરીએતો દરરોજ શુમારે ૩૯૨૦૦૦ માણુસો વચે ઉપયો જયો વેંહેંચાએછે.

---

**કમાઈની નવી રીત**—જે પરજા શુધારામાં ઘણી આગળ વધેલીછે તે તરેહવાર જાતનાં ધંધા અને કમાઈ કરવાની રાહ શોધી કાહાડેછે. હમણા વેલાત તરફ કેટલાએક ગરહસથોએ એકઠા થઈને લોકોનાં ઘર તથા દુકાનોના બારીબરના સાફ કરવા માટે એક કંપની ઉભી કીધીછે. તે કંપનીએ પોતાના હાત તળે ઘણાંએક માંણસોને રાખીઆંછે, તથા તેથી લોકોને તથા કંપનીને બધેને ફાએદો થવાની વકીછે, એજ પરમાંણે આજારી માંણસોને સારી રીતે લાવવા લેઈ જવા માટે એક બીજી કંપની પણ તાંહા ઉભી થઇછે.

---

**ચેતવણી**—થોડાએક દીવસની વાત ઉપર લંડન શેહેરમાં એક છોકરાએ પોતાના ચેહેરા ઉપર એક ખોટુ મોહોડુ પેહેરીઉ હતું અને પછે એક નાહાંનાં બાલકને બીહીવડાવીઉ હતું. એ બાલકને તેથી એટલીતો ધાસતી પેઠી હતી કે તેનાં ભેજાં ઉપરનો એક નેશ ફાટી ગઈ અને તે બચું મરણ પાંમીઉ. માતાઓએ પોતાના બચાને ધાસતી દેતી વખતે કેટલોએક સંભાલ રાખવો જોઈએ.

---

**એક રાખશ**—ફરાંસમાં એક બરાઈસ નાંમનો શખસ રેહેછે. તેના શરીરનુ કદ અતી ઘણુ મોટુછે. તે ૭ ફીટ અને ૬ ઈંચ ઉંચોછે. તે જો પોતાના હાત બાહેર કાહાડેછે તો સઉથી ઉંચાં માણુસોની પલટણમાનુ કોઈબી માંણસ તેને લાગા વગર તે હાત તળેથી ચાલી શકેછે. અલબતાં કે ટલાંએક નીચાં ઘરોનાં બારણામાં દાખલ થતાં બરાઈસનું માથું નડતું હશે.

---

**થોડીએક કેહેવતો**—હેઠલ ટાંકેલી થોડીએક સીખાંમણની વાત ઈંગરેજીમાથી ઉતારી લીધીછે.

શુખી થવાનો ઉપાએ એછે કે દીવશમાં કામ ઉપર અને સાંજનાં વીચાર ઉપર બેસવું.

પાણીના સમુદર કરતા દારૂના પીપમાં હંમેસ-વધારે માણસો ડુબેછે.

પઈસાનાં શુખ કરતાં ઘરનાં શુખનો લોભ વધારે સારોછે.

નાંહાંનાં બચાંની મોટી નીશાલ તેનું ઘરછે, અને તેની માંનો ચેહેરો તેની ચોપડીછે.

**છાંટા પાંણીની અસર**—એક દાહાડે પોલીસમાં એક છાકટાને તપાસવા માંટે ઉભો કીધો હતો, તે વખતે કેટલીએક રમુજી વાતચીત થઈ હતી. બંધવાએ પેહેલેથી કોટવાલને પુછવા ઉપરથી તેણે જવાબ દીધો કે "તેં કોઈનું ખરાબ કીધું નથી, પણ તું છાકટો થએઓ અને રસતા ઉપર તારો પોતાનો સંભાલ લઈ નહી શકીઓ." બંધવો—"પણ હુ ઘણીવાર છાકટો થતો હતો, અને આજે જ મને શા માટે ઉભો કીધોછે?" કોટવાલ—"તે ખરીવાત પણ આજે નવો ધારો નીકલીઓછે." બંધવો—"વાહા વારે સાહેબ લોકોને દારૂ વેચવાની તમે રજા આપોછો, પણ દારૂ પીનારને પકડી લાવોછો એ કેવો ઈનસાફ?" કોટવાલ—"તુંને માતર દારૂ પીવા માટે નહી પણ ઘણો દારૂ પીવા માટે પકડીઓછે." બંધવો—"અને સાહેબ મેં માતર તરણ બાટલી પીધા, એમા શું ઘણો દારૂ થએઓ?" કોટવાલ—"અલબતાં. એટલા દારૂથી તું રસતા ઉપર તુટી પડીઓ, તથા તાંહા બેસી રહેઓ તો તું પાછો ઉઠી શકીઓ નહી." બંધવો—"હું પડી ગએઓ તેમાં મારો વાક નથી. તમારા રસતા એવા ખરાબ હતા કે મારા પગ ઠરીઆ નહી, અને હું રસતા ઉપર બેસી રહેઓ તેનું કારણ એછે કે રસતા ઉપરના સઘલાં ઘર મને ફરતાં દેખાએઆં. તારે મેં વીચારીઉ કે માંરૂ ઘર ફરતું ફરતું મારી પાસે આવશે તે વેળા હું ઉપર ચહડી જવશ. તેવામાં તમે મને પકડીઓ." આ જવાબ ઉપરથી કચેરીમાં બહુ હસવાનું થએઉં હતું.

---

## વેમ તજવા વીશે ગરબી.

સુણો શામળા હું તમ માટે પેલી થઈ જો. એ રાગ.

તજો વેમ કેમ સુસ્ત થઇ બેસી રહયા જો,
દારૂણ દુખ દીઠે દીઠું પણ બેફીકરા થયા જો. તજો વેમ૦ ટેક.

મારી મારી ભારી નાતની પંગત ભરીજો,
ભાત ભાતના પકવાને નાત આદરી જો. તજો વેમ૦ ૧
વરઘોડા કાઢયા વડા વડા ગામમા જો,
ધીક નાણુ પડયા એના નગરા નામમાં જો. તજો વેમ૦ ૨
કામ આમ કરી ખીચાતી મેળવી ઘણી જો,
પણ વેમ વાળી વાત ભાત નહી હણી જો. તજો વેમ૦ ૩
રાજપાટ તણો ઠાઠ જુઓ આગળે જો,
આળ *પપાળ એ સઉ થયુ છે આપણે જો. તજો વેમ૦ ૪
દેશ ને વીદેશ બેશ હીંદુ દેશ હતો જો,
વડી વીખીયાતી પામીને હતો એ છતો જો. તજો વેમ૦ ૫
ગામે ગામ ખીયાતી એની અતી ચાલતી જો,
તીયારે હીંદુની ગહપત મોજ માનતી જો. તજો વેમ૦ ૬
પછી ભ્રાત એવી વાતનો આવી અડી જો,
જેથી વીપતી અતી હીંદુને પડી જો. તજો વેમ૦ ૭
લક્ષમી વાસ લેઇ ત્રાસ પામીને ગઈ જો,
પણ પકડવાની શકતી કાઇ નહી રહી જો. તજો વેમ૦ ૮

---

* કશુ ન હોતુ.

પેસાં માન હીંદુસ્તાનનું અની ધણું જો,
લક્ષુમી વાસના જવાથી થયું કોડી તણું જો. તજો વેમ૦ ૯
શુરપણું ભરપુર આણી ઉરમાં જો,
પછી પરવરો પરપંચ ન રહી ભુરમાં † જો તજો વેમ૦ ૧૦
વળી કેડ કસી વીદીયા વગીના વરો જો,
વેમવાળી ચાલ હાન હાલ પર હરો જો. તજો વેમ૦ ૧૧
આળસ રસ જે નરસ તે મનનો તજો જો,
શણગાર સઉ સુગુણના શોભે સજો જો. તજો વેમ૦ ૧૨
અવીચારી ને નકારી ભારી રીતને જો,
કરો ઉરથી એ દુર ધરી પ્રીતને જો. તજો વેમ૦ ૧૩
ભુત, પ્રેત, ડાકણ, શાકીણી એ તુતછે જો,
ભોળા જંનને એ મંન અદભુતછે જો. તજો વેમ૦ ૧૪
છોટું મોટું ખોટું ખરચ તે સઉ છાંડજો જો,
સારાં કામનો ધરી હામ પાયો માંડજો જો. તજો વેમ૦ ૧૫
કસી કેડ સ્થીતી પેલાંની સ્થપાવજો જો,
વેમ મુકીને સુનીતી રીતી લાવજો જો. તજો વેમ૦ ૧૬
દેશ સુધરે એ આશ દાસ મંનછે જો,
પુરી પાડનાર પુરૂથવીના પાલંનછે જો. તજો વેમ૦ ૧૭

વી. ધ.

---

## આનરએબલ શેઠ રૂસતમજી જમશેદજી વીશેની ગરબી.

સર જમશેદજીના સુત, રૂસતમજી રૂડા;
ઓપે જેના અદભુત, અતી જશના જુડા. ટેક.

મુંબઈ ઇલાકાના મહાજનમાં, મોટું જેનુ માનરે;
કરે વીનાયતના વાસી પણ, જેના ગુનનુ ગાન
રૂસતમજી રૂડા. ૧

પીતા પ્રમાણે પુણ્ય પરાક્રમ, ઉદારતાનુ અંગરે;
પીતા બરાબર પંડનો ચેરો, રૂપ અને વળી રંગ
રૂસતમજી રૂડા. ૨

પોતે જયાં જયાં તમે પધારયા, તયાં તયાં કીધા નામરે;
સંસારી જન સઉ સંભારે, કીધાં એવાં કામ
રૂસતમજી રૂડા. ૩

ધનય પીતા તારાં ને, ધનય તારો અવતાર રે;
બીજા કોઇથી ન બને એવા, કીધા પર ઉપકાર
રૂસતમજી રૂડા. ૪

સંવત ઓગણીશસે ઓગણીમાં, આવયા અમદાવાદ રે;
માગશર મહીનો મહાશુભકારી, આ સઉ કરશે યાદ
રૂસતમજી રૂડા. ૫

બાળકીઓની ત્રણે નીશાળો, તેનો કરીનતપાસ રે;
સોંપી રૂપઈયા સાડાચારસેં, એની પુરી આશ
રૂસતમજી રૂડા. ૬

ખરશેદજી ફરદુનજી સારા, શોભે જેની સાથરે;
નામ સુણીને નગર નગરથી, આવે ગરીબ અનાથ
રૂસતમજી રૂડા. ૭

ગુણવંતી આખી ગુજરાતે, વાએ ચાલી વાતરે;
જેજે કામ કરયાં અહીં આવી, પરગટ થયાં પરખીયાત
રૂસતમજી રૂડા. ૮

નમરપણુ ને નીરમળ બુધી, ચીતમાં ચતુરસુજાણ રે;
એ ગુણ તારા અતીસુધ ઓપે, ચીધ વીધ થાએ વખાણ
રૂસતમજી રૂડા. ૯

ભલા ભલા જન તુજને ભેટી, સઉ પાંમે સંતોશરે;
આશીશ આપેછે અગણીત જન, દેખી તને નીરદોશ
રૂસતમજી રૂડા. ૧૦

ઇશવર લાંબી આયુશ આપે, ભરે ભલા ભંડાર રે;
પુરથવી ઉપર પુરણ પરસરે, વંશતણો વીસતાર
રૂસતમજી રૂડા. ૧૧

જમશેદજીએ જશના રોપા, રોપયા ઠામો ઠામરે;
ખુસબોઈ કયામુરી પરસરેછે, જોવા આવયા આ ગામ
રૂસતમજી રૂડા. ૧૨

ગુજરાતી ધનવંત ગરહસથો, જે શાણા શાહુકાર રે;
ઉદારતાની રીત દેખાડી, તેં આવી આ વાર
રૂસતમજી રૂડા. ૧૩

ભલે તને ભગવાને આપી, લક્ષમી લીના લેહેર રે;
ભલી રીતે તેં ભોગવી જાણી, મનમાં રાખી મેહેર
રૂસતમજી રૂડા. ૧૪

હીંદુસતાનના છો હીમાયત, પરજાનુ દુખ હરનાર રે;
દેશ બધાની ફીકર ધરોછો, દીલમા સરવ પરકાર
રૂસતમજી રૂડા. ૧૫

પીતા બરાબર કીરતી પાંમયા, ઠામોઠામ અપાર રે;
આનરએબલનો ખીતાબ આપયો, શરકારે ગણી સાર
રૂસતમજી રૂડા. ૧૬

સદા સુખી રહો કુટંબ સુધાં, સદા કરો શુભ કામરે;
દીન દીન પ્રત્યે એવી આશીશ, દેછે દલપતરામ
રૂસતમજી રૂડા. ૧૭

---

## પોંહોંચ.

કવેશવર દલપતરાંમે બનાવેલાં "ગુજરાતી પીંગલ" ની એક નકલ માંન સાથ કબુલ રાખીછે.

"ભલુ ઇછનારી બેહેન"—તમે "હધીપતીજી" ને અરજ કરોછો કે તમારી બાબદને "સ્ત્રી બોધમાં નાંખવીજી." તમે હજુરાઇસકુલમાં જાવોછો, માંટે તમોએ તમારી કામે નાત પરમાંણેની બાબદો લખવી અને હમણેથીજ તેમને છપાવાનો લોભ રાખવો નહી. તમે લખેલી બાબદ ઠીકછે, પણ તે બાબુખા કોઇ ચોપાંનીઆમાં લેવા જોગ નથી. માટે "હધીપતીજી" તમુને ભલાંમણ કરેછે "જી" કે તમોએ હાલ તરત એવો માહાવરો જારી રાખવો, અને હજુર થોડી મુદત પછે જાહેર કટારોમાં દેખાવ દેવો. તમે ગુસાની ખરાબી વીશે બાબદ લખીછે, પણ સ્ત્રી બોધમાં તમારી બાબદ નહી આવી માટે તમોએજ ગુસો કીધોછે "જી."

"સીરીનબાઇ શુકલાજી" તથા "નારમલ સકાલર" પોંહોંચીઆંછે.

---

† ભોળાપણું અથવા અજ્ઞાનપણું.

# સ્ત્રીબોધ.

પુસતક ૭ મું. | મારચ ૧૮૯૩ | આંક ૩ જો.

## સેરનાં સવાસેર

અથવા

## ચાઈરીઓના શેકાર—બેરડાઈની સજા.

—∞o∞—

એક વારતા.

---

### પરકરણ સાતમું.

### લાલચુનો લુમકો.

"ઓ બાપરે ! ઓ માએરે ! ઓ બાપના બાપ આવરે ! અરે ખોદા તેડી લેરે !" એવા એવા શબદો આપણા બેરડા ગુરગીનને હવે ઓચરવા પડેછે. પણ જેઓએ એ ચરબદાર આદમીને તેની મોજ અને શોખનાં વખતમાં જોએઓ હોએ, તેઓ તેને મોહોડેથી આવા સખુનો સાંભલીને એકદમ કેમ માંને કે—જે ધણી આ પરમાણે પોતાના પોહોચખાંનાંના પલંગ ઉપર પડીને બરાડા મારેછે તે પેલો રંગીલો, રસીલો ગુરગીનછે. ખરેખર તેનો આ દેખાવ અચરતી ઉપજાવેછે. ગઈ રાતનાતો તે માથાંથી પગ શુધી બહુ એસકી અને ખરેગાટ થએઓ હતો. ગઈ રાતનાતો તે મોટી ઉલટથી ચાલીને મેહેરબાંનુંના ઘરમાં ગએઓ હતો અને જોકે તેની ઉમર બુઢી થવા આવી તોપણ તેને કદી ઘાર ખાએ નહી એવો ગુરગીન તનદરોસત અને મોજીલો લાગતો હતો. પણ થોડા કલાક ગએઆ અને આજે તે પોતાના બીછાંના ઉપર લોથમાર પરેલોછે, તેની ગડબડ અને મસતી સઘલી દુર થઇછે, તેનો મસાલેદાર ખોરાક અને લેહેજતદાર સરાબ સઘલો ઉડી ગએઓછે, અને ભેંસની મીસાલે તે બીછાના ઉપર અરડાઇને મોટે અવાજે બખારેછે તથા "માએરે અને બાપરે". કરી બુમ મારેછે. એ કાંઈ જેવો તેવો ફેરફાર નથી. એ ફેરફારથી ગુરગીનનાં ચાકરોને જોકે અચરતી ઉપજી હતી, તોપણ *વાંચનારી બાઇઓતો એ ફેરફારનુ કારણ જાને* છે—ગુરગીન તે રાતનાં ખોરશેદ અને મેહેરબાંનુઓને મલી આવીઓ હતો, જેઓએ તેને ઠગીને નદીમાં નખાવી દીધો અને એ પરમાંણે સખત સજા કીધી હતી, તે સજાની મજા આજે ગુરગીન બાવા ભોગવેછે. તે તાહાડે ઠકરેછે, તેનાં ચાકરો પગ ચાપેછે અને આસપાસનાઓ તેનો રકાસ જુવેછે.

ખોરશેદ અને મેહેરબાંનુઓએ તેને કાઈ આ મોટી સજા કીધી નથી. ગુરગીનના અપરાધ સાથ સરખાવતાતો એ નાંહાંની સજાછે. તેના સરીરને કાંઇ ઇજા પોહોચી નથી. તેને કાંઇબી દુખ પોહોચાડવાની તેની ભલી માશુકોએ ધારણા રાખીજ નથી. તેઓનો એવોજ ઠરાવ હતો કે જેવી ચીઠી ઓ તેણે તેઓ ઉપર લખી હતી તેવી ચીઠી બીજી વખતે કોઈ ઉપર નહી લખે, એટલા માંટે તેને જરા સવાદ દેખાડવો. માટે આ કમઅકલ દઈતને તેઓએ એકવાર પોતાને તાહાં બોલાવીઓ. તેમ કરીને તેને મોટી ઘાસતીમા નાંખીઓ, તારપછે તેને મોટા ટોપલામાં નાંખીઓ, અને છેલે તેને મોટી નદીમાં નાખીઓ. એ વખતે ખરેખર તેનાં પેટમાં આડાં ને ઉભાં આવીઆં હશે. રાતે જારે લોકો પોતપોતાના ઘરોમાં ખાંણાં પીણાંની મોજ ભોગવે તારે ગુરગીનને બે ચપરખંડા ચાકરોના માથા ઉપર જાવું પડે તથા એક મોટા પણ પોતાનાં જાડાં કદ કરતાં નાંહાંના ટોપલામા ચોરની મીશાલે ભરાઇ રેહેવું પડે, અને તેવી હાલતમાં તેને ચાકરો મુરદાંની મીશાલે લઈ ચાલે એ સઘલુ તેને સપના સરખું લાગુ હશે. વલી તે ટોપલામાં કચરો, મેલાં કપડા, અને ફાતાં તુટાં ચીંદડાંઓની વચે તેને ભરાઈ બેસવું પડીઉં હતું, એટલુંજ નહી પણ છેલલે તેને ચાકરોએ પાણીમાં નાંખી દીધો અને તે તમાંમ ભીંજાઇ ગએઓ, એતો વલી સઉથી મોટુ દુખ તેને આવી લાગુ હશે. એકતો તેનુ જાડું બદન હતું, બીજુંતો તે ઘણા ગુસામાં આવેલો હતો, તરીજુ તે ગુગલાએલો અને પરસેવાથી ભીંજાએલો હતો, ચોથુતો તે ખાધેલો પીધેલો હતો, તેવામાં પોતાને પાંણીની અંદર પડેલો જોતે અતીઘણો ઘભરાએઓ હતો.

એ સઘલો ઘભરાટ તેજ માંતર ગુરગીનની આ માંદગીનું મુલ હતું તેને ખરેખર કાંઇ દરદ થએલુ નહી હતું પણ તેનું મંન એટલું ઉસકેરાએલું હતું. તાહાડાં પાંણીથી તેને જરા તાહાડ વાગેલી હતી, તેમાં વલી ઘર આવીને ચાહેની મીસાલે ટમબલર ભરીને કાચો બરાંડી ઓટી ગએઓ હતો. તેથી તેનું મંન કાંઈ ઓર હાલતમાં આવી ગએઉં હતું. બાકી તેનું ખમીર કોઈબી શંકટ ખમવાને શકતીવાંન હતું જેમ વખત જતો તેમ તેને જરા ધીરજ આવતી હતી અને સવારનાં દસ વાગા એટલામાં તો ગુરગીનને સારી સાંનતી આવીઆથી તે ઉઠી ઉભો થએઓ હતો.

જો કે ગુરગીન આવી નહી ધારેલી હાલતમાં આવી ગએઓ હતો, તોપણ ખોરશેદ અને મેહેરખાંનુએ ઉપર તેને કંઈ ગુસો નહી હતો. તે નેક સ્ત્રીઓ ગુરગીનને હાર પાડવા માંટે એવી કોશેસ કરતાં કે તેથી ગુરગીન તેઓને કોઈબી રીતે બદનાંમ કરે નહી. તેનો સઘલો ગુસો મેહેરનાં ખાવંદ બેહમંન તરફ ટાકેલો હતો, કેમકે પોતાનાં મનમાં એમજ સમજતો હતો કે જારે તે તેની વાહાલી મેહેર સાથે વાત કરતો હતો તારે જો બેહમન તાંહાં આવી નહી લાગતે તો તે સુંગે સુંગે પોતાની મુરાદમાં પાર પડી સલાંમત ઘર આવતે. એટલા માટે ગુરગીન બેહમન ઉપર એટલોતો ખીજવાએલો હતો કે જો કોઈવાર તે એખલો મલેતો તેનું એક બી હાડકું આખું રાખે નહી. ગુરગીન વીચારતો હતો કે "મારાં દુખનુ કારણ એ હરાંમખોર બેહમંનછે. બાકી ખોરશેદ અને મેહેરખાંનુંએએ મારો બચાવ કરવા સારૂં અને સંતાડીએ તથા તેના જોવા વગર મને ઘરની બાહેર મોકલાવીએ તેમાં તેએએ ઉપકાર કીધોછે. વારૂં ખોદાતાલા એવી ઓરતોને સલામત રાખે અને તેઓ સદા એવાં સારાં કાંમ કરતી રેહે."

એવા એવા વીચારોથી ગુરગીનની આગલી મોહોબત પાછી સજીવન થઈ. ખોરશેદ અને મેહેર ઉપર તેનું ધેઆંન પાછું રોકાએઉં, અને તેનાં વીચારમાં અગાઉની ગીશાલે વલી પાછો તે બેવકુફ બની ગએઓ. તે બોલીઓકે— "આ! હા કેવી સારી છોકરીઓછે! મારા શરખા નોનવાંન અને નાંમીચા માંણુસને એવાં ઇનાંમ મલવાં જોઈએ. અરે ખોદા! મેં હીમત ભરેલાં કાંમોમાં જનમારો ગુજારીઓછે, અને મને આ ચાંન તથા પુંજી શું ધુર મેલવા મલીછે? ખરૂં ઇનાંમતો આવી બાએડીઓછે. તેઓ ઉપર મને વધારે હકછે કાંકે મારી મેહેનત તથા દોલતથી હું તેમને લાએક છઉં. બીજંન તથા બેહેમન સરખાઓને એ નારીઓ છાજતી નથી. તેઓ તેમનો બરાબર ઉપીઓગ કરતા નથી, પણ અગરજો તેઓ મારા હાથમાં આવેતો હું આજે દુનીઆમાં આશકારા થઈ જાઉં." એવા એવા વીચારમાં ગુરગીન ગરક ગએઓ, અને તેઓને ફરી મલીને બીજીવાર તેઓને લલચાવી જોવાનાં તે ઉપાએઓ શોધવા લાગો.

તેવામાં ચાકરે આવીને ખબર કીધી કે "સાહેબ, મનીજેહ નાંમની કોઈ ઓરત તમુને પુછેછે." તેથી ગુરગીન ગોએઆ પાછો જીવતો થએઓ. ખોરશેદ અને મેહેરખાંનુઓની ખાતરી હતી કે આ ઘરડાં ઘુવડને એકવાર શાલ પાંમરી હોરાડવાથી તે કાંઈ સુધરવાનો નથી. તેઓએ તેને બીજીવાર બોલાવી બીજીવાર ઘોનાં મારવાંનો જે ઠરાવ કીધો હતો તેટલા માંટે મકરબાજ મુનીજેહ આ મુલાકાતે ઉપર આવી અને સલાંમ કરી વાત કરવા લાગી હતી.

અગરજો-તમોએ મનીજેહને જોઈ હોએતો તમુને હસવુ આવવા વીનાં રેહ નહી. લોકોને લરાવી મારવાનો તેનો ખવાશ ગોએઆ તેનાં ચેહેરા ઉપર ચીતારેલો હતો, પણ ગુરગીન બાવા કાંઈ તેવુ શમજતા નહી હતા. મનીજેહ જારે ફતર સરખી છાતી વાલાં આદમીને પીગલાવતી તારે ગુરગીનતો તેની આગલ ખચું હતું. તે કાંહાંથી આવી તે કેહેવાની તેને જરૂર નહી હતી કારણ કે તેનો દેખાવ કેહેતો હતો કે જાંહાંથી તે ગઈ કાલે આવી હતી તાંહાંથીજ પાછી આજે આવીછે. પેહેલો સવાલ ગુરગીનેજ પુછેઓ—કેમ માહારી મેહેરખાંનુ શું કેહેછે?

મનીજેહ—અરે મેહેરખાંન કેહેશું! તે મોહાડેથી તો કંઈ પુરતું કહી શકતીજ નથી. તે આંખમાંથી, નાંખમાંથી, અને પેટમાંથી પણ બોલેછે.

ગુરગીન—સતીઆનાંસ! તારે તે પરવરશે કેમ! એતો વલી કાંઈ સાધારનથી ઉલટીજ ઓરત દીસેછે. પણ તેબી ઠીકજછે. હું કાંઈ બીજા માંણસોનાં જેવો નથી, તારે તે પણ બીજી બાઈરીઓનાં જેવી નહી હોએતો સારૂ. બનતાં સુધી હમે સરખા હશુતો બાકીની જીંદગીમાં સાથે સરખાં રહીશું

મનીજેહ—અરે નારે સાબ એવુ શું બોલોછો? ખોદા તમુને સલાંમત રાખે, ને તમારા લાંબા આવરદા કરે, ને તમુને—

ગુરગીન આ ભાશાંણ સાંભલી શકીઓ નહી. તે બોલીઓ કે—"અરે એ નથી જોઈતું. માહારા જીવની કલેજી શું કેહેછે તે બોલ."

મનીજેહ—તેતો હું કહી ચુકી. નેક મેહેરખાંનુ બોલેછે અને નથીબી બોલતી. તે આંખોમાંથી રડેછે, નાંખમાંથી ફુંફારા મારેછે, અને મોહાડેથી ચીસ પાડેછે. ઓ ગુરગીન, ઓ ગુરગીન એમ કાલ રાતની તે બુમ મારેછે. અરે સાહેબ તે પુનેમી ચાંન સરખી અબલા તમારે લીધે સું હેરાંન થાએછે!

ગુરગીન જવાબ શું આપે? ઉપલો હેવાલ સાંભલી તેની છાતી ઢક ઢક થતી હતી. તેનુ હઇડું એટલુ હરખાતુ હતું કે તેનું મોહોડુ ઉંઘડતું નહી હતું. એવુ જોઈને મનીજેહ તેને વધારે ઉસકેરતી હતી. "અરે સાહેબ ગઈ રાતે પોતાનો ખાવંદ આવી લાગાથી તમારી સાથ મેહેરખાંનુ વાત કરી શકી નહી. તમે જારથી ગએઆ તારથી તમોમાં તેનો જીવ ભરાઈ રહેઓછે, અને વીચારેછે કે તમારૂ સુ થએઉ હોશે. આ તમારૂ મોટુ પેટ ને નાંહાંનુ માંથુ, તમારી પોહોલી પેશાંની, તમારી અરધો ગજ બેહેલી છાતી, તમારૂ ઢીંગના ખતૂક સરખું દીલ જોઈને મેહેરખાંનુએ પોતાના ખાવંદને નાપસંદ કીધો. તે બોલેછે કે અરે ગુરગીન કોઈ પોહાડ સરખોછે—ગુરગીન કોઈ મોટી ભેંસ સરખોછે. ઈઆને કે તમો તેને પસંદ પડીઆછો. તમે ખબુતર જેવા ઓલાદને રાખે ભરેલા છો, અને તે ખબુતરીની ગીશાલે તમારે માંટે ભમતી ફરેછે. તમે તેને કલેજી ગણોછો—અને તમુને હોજરાં (!) સરખા સમજેછે તથા બોલેછે કે એ ખલી કલેજીથી જીવાએ નહી." આ સઘલી બેવકુફી ગુરગીનનાં ભીજાજને મલતી આવી, તોપણ તે મેહેરખાંનુનો પેગાંમ જાંણવાને ખંતી હતો માટે મનીજેહને પુછવા ઉપરથી તેને જવાબ મલીઓ કે—"તમો આજે બાર ઉપર બે કલાકે મેહેરખાંનુનાં ઘરમાં આવજો. આજે બેહેમન પોતાના દોસતો સાથ મોજ કરવા જનારછે વાસતે બપોર પછે આખો દાહાડો તમે મેહેરખાંનુનાં ઘરમાં રહી પેટ ભરીને વાત કરી શકશો." આવી લાલચનો લુમકો ગુરગીન સરખો માં

ણસ હાથથી જતો મેલે ?-નાં. તેણે પેહેલાં જરા આંનાકાંની દેખાડી. પછે જરા ધાસતીઓ જણાવી કે જો પેલો લુચો બેહેમંન વલી આવી જશેતો તેને વલી હેરાંન કરશે, અને તોપણ છેલે બાર ઉપર બે વાગતે મેહેરબાંનુને ઘર આવવાને કબુલ થએઓ. મનીજેહની મતલબ પુરી પડી અને તે આલતી થઇ.

ગુરગીન સાહેબ તઈઆર થવાને ઉઠતા હતા તેવામાં પેલો ભેદ ભરેલો "શેહેરીઆર" તુરત આવી લાગો. બેહેમંન ગુરગીનથી ઠગાએઓ હતો, અને ગઈ રાતના (ગુરગીન ટોપલામાં ભરાવાથી) તેનાં ઘરમાં આવીઓ નહી માંટે વલી પાછો "શેહેરીઆર" ને નાંમે ગુરગીનની પાસેથી ખોલાશો મેલવવાને ખંતી હતો. "કેમ શેઠ સાહેબ મેહેરબાંન મેહેરબાંનુનો કાંઈ જવાબ કેહેશો ?"

ગુરગીન—અરે ભલાં આદમી રાતે ઉંઘ આવી હતી કે નહી.?

"સેહેરીઆર"—મુરબી સાહેબ ઉંઘતે કેમ આવે ? આ મારી આંખો જોવોની લાલ લોહી જેવી થઇછે. આ મારા ગાલમાં ખારા પડીઆછે અને ગુરા નીપરાઈને હેઠે પડેછે. તમારી ઉપર બધો આધારછે. મોહોબત મારૂં દરદછે, મેહેરબાંનુ મારી દવાછે, અને તમો મારા વઈદછો.

ગુરગીન—અરે જારે તારા વઈદને ને તુંને શું કહું ! તારે લીધે ઈઆર મેં કેવી કેવી આપદા ભોગવીછે.

"સેહેરીઆર"—પણ સાહેબ તમે કાંએ મેહેરબાંનુ પાસે જવાના હતા તેનું શું થએઉં !

ગુરગીન—હું ગએઓ હતો. (આ વાત સાંભલીને જ બેહેમન ચોંકીઓ) પણ મારૂં મોત લેવા તાંહાં ગએઓ હતો. તું માણસે ! પેલો નાપાક બેહમન કોઈ ખારસતીનો ખારસતીછે. તારા જેવો એકવરીઓ, મુવેલો, ને ઉપરથી તેના ભોજાનનોતો કાંઈજ પાર નહી મલે. મારી એકજ લાત તેને સો ગોલાંતીઆં ખવાડે અને તોબી મારા પગને જરા અલવલ નહી આવે. તેનાં કરતાંતો ગાંમના જાહાડુવાલાબી સારા હોશે. કંઈ નહી એ ચંડાલ મારા હાથમાં આવવો જોઇએ.

ગુરગીનને ખબર નહીં હતી કે "સેહેરીઆર" તેજ બેહેમંન છુપા લેબાસે ઉભોછે. બેહેમન ગુરગીનના મોહોમાંથી નીકલતી આ સઘલી ગાલોને સાંખી ગએઓ હતો, કારણ કે તેને વધારે વાતો જાંણવી હતી, માટે ગઈ રાતનો હેવાલ તેણે પુછીઓ. ગુરગીને જે હેવાલ કહેઓ તે આપણ જાંણીએ છઈએ તોપણ તેને મોહોડેથી તે સાંભલ એ. "જો ભાઈ તારે અને તારા પઈસાને ખાતર ગઈ રાતે હું હારમાર થઈ આવીઓ છઉં. હું જઈને મેહેર સાથ વાત શું કરૂં તેવામાંતો પેલો મુજી માંટી હેવાંનની પેઠે બુંમ મારતો આવી લાગો. તારે મારૂંતો મોહોત થઇ ગએઉં, પણ તોબી બચીઓ. તે કમઅકલે બુમ મારીઆ કીધી અને હું એક ટોપલામાં દદરતો દદરતો બાહેર આવેઓ. તોબા ખોદા તોબા ! મારા કોજગરા જીવ ઉપર શું જફા પડીછે ! દારૂના પીપનો જાંહાં મને શોખ તાંહા પાંણીના દરીઆમાં મને નાખી દીધો. તાંહાં જેમ વાઘ તરફરે તેમ હું તરફરીઓ. બકરાંની મીશાલે મેં બુમ પાડી. દારૂની ગરમી અને પાંણીની સરદી મને સાથે થઇ. માંથું અને હાથ પેગ સાથે ભાગા. મારૂં પેટ ફાટ ફાટ થવા લાગું."

હવે બેહેમંનનો ખોલાસો થએઓ. તેનાં ઘરમાંનો ટોપલો હવે તેને ઈઆદ આવીઓ. તેની બાએડીની બેવફાઈ ઉપર પાછો ગર્ક ગએઓ, પણ જારે ગુરગીને એમ કહેઉં કે—"આજે બપોરના મેહેરબાંનુંએ મને પાછો બોલાવીઓછે. હવે જોઈએ આજે કેમ બેહેમન આવી શકશે"—તારે બેહેમનનું દીલ ઉભાઈ આવીઉં. તે ગુરગીન આગલથી નીકલી આવીઓ અને તેણે પક્કો ઠરાવ કીધોકે બે કલાકને આમએ જરૂર ઘરમાં જવું અને ગુરગીન જેવો હાથમાં આવે તેવો તેનુ પેટાખાનું ફોડી નાંખવું. બેહેમન બોલીઓ તેમ આ લાલચુએ વલી મોટો ઝુમકો ખાવાનો ઠરાવ કરીધોછે પણ બીજીવાર તે કેવી સજા પાંમશે તે જોવાનું રહેઉંછે.

---

પરકરણ આઠમું.

## જર ઉપર જોર.

મકરબાજ મનીજેહ જરા પઈસાની તાંનમાં આવી ગએલી હતી. તે વીચારતી હતી કે "આજ એકુ બે દીવસ થએઆ મુશ્કાંમનાં પડેછે. હોમાંન હકીમ મારો સેઠ મારા ઉપર ગુસે થાએછે કારણકે નેક જરબાંનુ સાથે તેનાં લગણ કરાવામાં મેં ઢીલ નાંખીછે, એવું તે સમજેછે. પણ જારે તેનો તાંહાં લાગ લગાડવાની મારી મરજીજ નહી તારે ઢીલ નાંખવા સીવાએ બીજું શું કરૂં ? તેજ પરમાંણે પેલા બાબક વીશે પણ જરબાનું સાથ મારૂં કાંઈ ચાલતું નથી. તેને લીધે તે પણ મારી સાથે થોબલો ચહડાવીને ફરેછે અને તેથી કરીને આજ એકુ બે દીવસ થએઆ ગજવું કાંણું થઇ પડીઉંછે, માંટે હવે ઈલાજ કરવો જોઈએ."

એમ વીચાર કરતાં રસતા મધે તેને શાંમેથી ખુશરો આવી મલીઓ. તે ઘણી ઈનતેજારીથી મનીજેહ સાથ વાત કરવા માંડી, પણ તેનો સઘલો જીવ પઈસામાં ભરાઈ રહેલો હતો, અને આ ટાંકણે ખુશરો પાસેથી કાંઈ ઓકાવાની તેની મતલબ હતી. માંટે જોકે ખુશરોએ પુછીઉં કે "કેમ બાઈ શું દર જરબાંનુ પાસેથી શું વધાઈ લાવી ?" તોપણ મનીજેહએ કાંઈબી જવાબ આપીઓ નહી. તે ઉપરથી ખુશરોએ ફરી ફરીને એ સવાલો નાખીઆ અને છેલે તેને પુછવાની ફરજ પડી કે— "મનીજેહ મનીજેહ એમ કાંએ કરેછે ? કાંઈ ઘણી ઉદાસછે—જો મેં ગુસે કીધી હોએતો મને માફ કરજે, પણ મારી શું તકસીર થઈકે મને જવાબ આપતી નથી." હવે મનીજેહ બોલી— "અરે ઈઆર સું જવાબ આપુ. તોરેલીધે રાત ને દીસ મેહેનત કરૂં છઉં. તારે લીધે જરબાંનુનાં મોંખુપથી હારમાર થાઉં છઉ અને હુનસેવામાં પડી છઉં. એટલુજ નહી પણ તારે ખાતર બે બરજાદ આદમીઓને જરથી દુર રાખવા પડેછે. એ સઘલુ કાંમ પાહાડ જેવુંછે અને તુને તેની કાંઈ કેદર નથી." ખુશરોએ મનીજેહની મેહેનતનો ઉપકાર માંનીઓ અને પુછીઉંકે તેની ઉદાસીનુ કારણ શું એછે ?

મનીજેહ—નહીરે ઈઆર તારી મેહેરબાંની મારા ઉપર કાંહાં ઓછીછે. મારે માંટે તારી કેલી હંમેસ તું ઢુંગાડી મુકેછે. આજે જેટલા માંગુ તેટલા પઈસા આપવાને

તું તઈઆર થાએછે. એ કાંઈ જેવી તેવી મેહેરબાંની નથી.

ખુશરો—તેની હમતાંબી તુંને કાંઇ જોઇએછે ?

મનીજેહ—અરે પેલા. તારે તું એમ સમજેછે કે હું આટલું બધું બોલી તે આજેબી તારી પાસેથી પઈસા લેવા સારૂ ? નહી. હું તુને અમથી વાત કેહું છઉં.

વાંચનારી બાંનુઓ શું મનીજેહ અમથી વાતજ કેહે છે ? એ વાત કાહાડવાની તેની મતલબતો એછે કે બનેતો ગજવું ભરવું.

ખુશરો—મનીજેહ તારી મેહેનત સાથ સરખાવતાં મેં તુંને જે પઈસા આપેઆછે તે કુમ નથી.

મનીજેહ—ખુશરો તારી ગરીબાઈ સાથ સરખાવતાં મેં તારી પાસેથી જે કાંઈ લીધુંછે તે પુશકલછે. હવે મેં ઠરાવ કીધોછે કે તારી વધારે મેહેરબાંનીઓની મારી પીઠ ઉપર ચોર પર ચોર ચહડવા દેવી નહી. પણ હવે જારે મને પઈસા જોઈએ, જેમકે આજેબી મને જરા જરૂરછે—તારે તારી પાસેથી નાંણુ ઉછીનું લેવું.

વાત સરમમાં પડી. ખુશરોએ તુરત પોતાની કોથલી કાહાડી. તે બોલીઓ કે—"લે મનીજેહ તુને કેટલા જોઈએછે ?

મનીજેહ—રકમતો મોટી જોઇએછે. માંગનારાઓ માંપતી ઉપરાંની કરેછે, અને જરબાંનુ સારૂ મારા શેઠ હોમાંનની તરફથી મેહેનત નહી કરતી તેથી તે મને પઈસા આપવાને નાં પાહેછે. તેથી મોટું દેવું થએઉંછે, પણ હાલ તરતતો તમારી પાસે જેટલું હોએ તેટલાંની મેહેરબાની કરી દેવો.

ખુશરોએ તરત કોથલી ખાલી કરી આપી અને તે લીધા પછે મનીજેહ ટોંગ કરવા પણ સચાઈનું દોલ ઘાલીને બોલી કે—"ઈઆદ રાખજે ભાઈ—એ નાંણું મેં ઉછીનું લીધુંછે." તેની ખાતરી હતી કે ખુશરો ના પાડશે, અને તેમ થવાથી તે બોલી કે—"ખુશરો તું મને દરરોજ શરમાવીઆ કરેછે, હું જો એમ જાંણુતે કે તેં મને એ નાંણા ભેટ કીધાંછે તો હું લેતેજ નહી. મેં ઉછીના માંગીઆં અને તેં મારે હવાલે કીધાં, મારે હું સમજી કે તું ઉછીના નાંણા આપવાને કબુલ થએઓ. હવે તું પાછાં લીએ એવું હું વીચારતી નથી, પણ તારી મરજી—વારૂં તારી એટલી ભલાઇછે. હવે હું જાઉ છઉં અને ઈઆદ રાખજે કે મેહેરની છોકરી જર સૈવરટે તારી બાએડી થશે."

અગરજો જરબાંનુંને મારે જોર કરનારા પેલાં બે જણ હોમાંન અને બાબક વચમાં નહી હતેતો ખુશરોને જર સાથ જોડુ બાંધતાં વાર લાગતે નહી, પણ ઉપલા બે શખસોમાંનાં હોમાંન ઉપર જરની મા રાજી હતી અને બીજા બાબક ઉપર જરનો બાપ મેહેમન રાજી હતો અને તે બંને જણ પોત પોતાને મન ભાવતા જમાઈ લાવવા માંગતાં હતાં. તેઓએ પણ મની જેહને હાથ વાત નાંખી હતી અને એસી તેઓને ભરૂંશોં આપવા છતાં તેઓની તરફથી મેહેનત કરવાને બદલે તેઓની સાંમે તજવીજ રાખતી હતી. તેનો શેઠ હોમાંન હકીમ ઘણો મીજાજી હતો, તેમજ બીજો બાબક છાકટો હતો. તેઓ બંને જણ પોત પોતાનાં મનમાં સમજતાં હતા કે તેઓ જર ઉપર જોર કરવામાં એક એકનાં હરીફ હતા. તેઓ એ વીશે એક એકમાં વેર રાખતા હતા, અને મનીજેહ તે વેરમાં વધારો કરતી હતી. ઉપલે દીવશે તેણીએ હોમાંનને બાબક વીશે ઘણું ઉલટું સમજાવીઉં. તે બોલીકે અરે સાહેબ " એ બાબક જાંહાંથી તમોને જોએછે તાંહાંથી ગાલ દીએછે. એની તમારે ખાતરી કરવી હોએતો અતર ઘડી એને આપરા ઘરમાં બોલાવી લાવશ અને તમે સંતાઇને સાંભલજો કે તમારે વીસે તે કેવી ગાલ ગલોચ કરેછે." હોમાંને આ વાત કબુલ કીધી. તે એક ઓરડામાં દુરથી સંતાએઓ અને પછે બાબક આગલ મનીજેહએ હોમાંન વીશે ઉલટી ઉલટી વાતો કાહાડી, તે ઉપરથી બાબક છાંટાપાંણીનાં બાહારમાં એવું એવું બોલીઓકે હોમાંનને મીર ચહડી અને બાબક સાથ મોટી લડાઈ કીધી.

આવી લડાઈઓ કરાવવામાં મનીજેહની મતલબ એવી હતી કે જેતે વાતે એ બે જણ દુર જાએ તેટલાં જર સાથ ખુશરોની મુલાકાત કરાવવી તથા તેનાં માંબાપ ઉપર ખુશરો વીશે સારી અસર કરવી. જે દીને બપોરનાં બે કલાકે ખોરશેદ અને મેહેરે ગુરગીનને બીજી વારનું તેડું મોકલીઉં હતું તેની અરધો કલાક આગમચ ખુશરો જરબાંનુની મુલાકાત કરવા આવીઓ. જરબાંનુ ખુશરોને મારે ખરેખર ખુશી હતી, પણ તેણે પોતાનાં માંબાપનીજ અડચણ લીધી હતી. જરની માં આ વખતે આગલ હતી, અને ખુશરો તેની પાસે જાએ શું એટલામાંજ તે બોલી ઉઠી કે "ભાઇ તમે મારા ઘરમાં આવીને મારી છોકરીનાં કાંન નાં ભરો." ખુશરો અને જર સાથે બોલતાં કે—" જોવો માંએ, તમારો આ વાધો ઘણો ખોટોછે. બચાં પરણાવાની એ રીત નથી. તમો પોતે પરણવાનાં નથી મારે તમોએ તમારી ખુશી પરમાંણેનો જમાઇ શોધવો ઘટતો નથી. પરણતાં ફરજંદની વધારે મરજી જોવી જોઇએ, કાંકે તેઓ અરસ પરસ રાજી હોએ તોજ બાકીની જીંદગીમાં સુખ જીવે." પણ નહી—ખોરશેદબાંનું અને તેનો ધણી બીજાંન ખુશરો ઉપર નારાજી હતા અને ખુશરો બહુ નાચાર થતો હતો.

થોડા વારમાં ગુરગીનને બોલાવાને ઠરાવેલો વખત થએઓ મારે ખોરશેદબાંનું જલદીથી મેહેમંનનાં ઘર તરફ જવા નીકલી.

## પરકરણ નવમું.

## સવાસેરનો સવાદ.

અતીઆર સુધીમાં સીઆંની વાંચનારીઓને આ વાત સીધ થઈ હશે કે લફંગા ગુરગીન ઉપર સેરનાં સવાસેર થવાનુ ખોરશેદ અને મેહેરબાંનુઓએ જે કાંમ ઉઠાવીઉં હતું તે બજાવવાની તેઓમાં પુરતી શકતી હતી. તેઓએ આ લુછા શખસને પોતાને તાંહાં બોલાવવાનો પેહેલીવાર જેમ આગમચથી સંપ કરી રાખીઓ હતો તેજ પરમાંણે આ બીજી વખત પણ તેને બોલાવીને શું સજા કરવી તથા તેને સવાસેરનો સવાદ કેમ દેખાડવો તે વીશે પણ આગમચથી બંદોબસ્ત કરી રાખીઓ હતો. મેહેરબાંનુએ પોતાના ઘરમાં બે કલાકને અમલે ગુરગીનને બોલાવીઓ હતો અને

તેઓએ થોડીએક વાત કીધા પછે ખોરશેદબાંનુ તેઓને ધબરાટમાં નાંખવાની હતી. વલી મેહેર જાનતી હતી કે તેનાં ભાંટી બેહેમંનને તેની વફાદારી ઉપર શક હતો. મેહેરબાંનું ઘણી મસખેરી હતી માટે પોતાનાં ભરથારને મજા અને ખાતર ઠગીને તેનાં શકને વધારવાનો તેનો વીચાર હતો.

આગલ જણાવીઆ પરમાંણે જારે ખોરશેદ પોતાની દીકરી જર સાથ તથા તેનાં લાએક દીલદાર ખુરારો સાથ વાત કરીને ઘરમાંથી બાહેર નીકલી તારે ગુરગીન મેહેરના ઘરમા આવી ચુકેઓ હતો. ચંચલ મેહેરબાનું એખલી ઠગાઈ થકી ગુરગીન સાથ મીઠાસથી વાત કરતી હતી અને તેની દરએક રીતે સગવડ તપાસતી હતી. તેને બેસવા માંટે તેનાં કદને બરની ખુરસી આપી હતી; તેને ખાવા માંટે સવાદદાર પકવાનો અને દારૂ હાજર કીધા હતા; તેને માટે તે પોતે હેરા ફેરા ખાઈને મેહેનત લેતી હતી. એથી ગુરગીન ઘણો ખુશી હતો, અને વીચારતો હતો કે આખો દાહાડો બરાવાનોછે અને તેથી પુરતી વાત થશે.

પણ થોડા વારમાં વલી ખોરશેદબાંનુનાં પગલાં સંભલાએઆં!

આ શું જુલમ! ગુરગીનની સરવે આશા ભગ થઈ. મેહેરબાંનુ અચરતીથી દાંતમાં હાથ પકડીને ઉભી, અને ગુરગીન બાવાનો ચેહેરો ફગલાઈને ફીકો થઈ ગએઓ. તેને મનસે અગરજો તેનાં પગ તલેની જમીન ફાટી હતેતો તે નીચે પડીને ખુસીથી દટાઈ જતે. પણ આ વખતે વલી ફજેતી થવાથી તેને ધાસતી લાગી અને તેનો અટકાવ કરવાનો કસો ઉપાએ તેને સુજીઓ નહી.

ખોરશેદબાંનુતો નજદીકમાં સંભલાઈ, માંટે ગુરગીન એક બોલ બોલવા વગર પાસેનાં ઓરડામાં જઈને ભરાએઓ. ખોરશેદે આવીને વલી આગલની મીશાલે ધાંધલ કરવા માંડી. તે બોલી કે "અરે મેહેર એ તેં શું કાંમ કીધું! વલી તેં કોણને ઘરમાં રાખીઓછે?"

મેહેર એક ગમથી જવાબ દેતી કે "હાએ કોણ? કોઈ બી નથી" અને બીજી ગમથી ખોરશેદને અસારત કરતી હતી કે ગુરગીન સાંભલે તેમ મોટે અવાજે બોલવું.

ખોરશેદ—અરે શું પીઆરી બાંનુ તું દેવાંની કેમ થઈછે! મારાથી તું ખરી હકીકત છુપાવેછે, પણ તાહારા ચેહેરા ઉપરથી જણાએછે કે વલી બીજી વાર તેં કોઈને ઇઆરી આપીછે. મને તેમાં કઈ નથી, પણ તારો વર વલી પાછો ગુસે થએઓછે. તે મારા ભરથારને લઈને તારાં ઘર તરફ આવેછે, અને એટલોતો ઉસકેરાએલોછે કે આખી દુનીઆંને ઉંધી વાલી નાંખે. અરે આજે તે તુને જરૂર મારી નાંખશે. તે કેહેછે કે દુનીઆંની તમાંમ ઓરતો બઈમાંનછે. તે કેહેછે કે તેં મશતાંન મરદોને માટે ઘર ઉંઘાડુ રાખીઉછે. ઓ ખોદા! તે કેવી ગાલો દીએછે તેનો લાલ લોહી જેવો ચેહેરો જોઈને મને બીહીક લાગેછે.

મેહેર—મારા કરતાં મને મારા દોશતની વધારે ધાસ તીછે.

ખોરશેદ—પણ તે કાંહાંછે તેને બાહાર તો કાહાડ.

મેહેર તેને બોલાવે તેની આગમચ ગુરગીન પોતેજ ધબરાટમાં નીકલી આવીઓ અને તેને સલાંમત નહસાડવાનાં ઉપાએ પુછવા લાગો. મેહેરે પોતાનાં ભરથાર બેહેમંનને ઠગવા માટે આગલા દીવસનો ટોપલો પાછો તઇઆર કરીને મેલીઓ હતો. ખોરશેદે તે ટોપલો દેખાડીઓ પણ ગુરગીને તે નાં પાડીઓ કારણકે "એ ટોપલામાં મારૂં બદન સમાતું નથી. મારૂ અરધુ પેટ દબાએછે અને ગારો દમ ઉપર આવી જાએછે." તારે હવે કરવું શું! ગુરગીને પેટીમાં સંતાવા માંગીઉ, પણ એવી એકુ ફાલતુ પેટી નહી હતી ગુરગીન કોઈ ભોએરૂં શોધવા લાગો, પણ તેનેતો બેહેમંને તાલું દીધેલું હતું. ગુરગીને ધુમાંડીઆમાં ભરાવા માંગીઉં, પણ બેહેમંનને એવી ટેવ હતી કે ઘરમાં આવતાંને વાર ધુમાડીઆ તરફ ફેરો મારવો. એવાં નજીવાં કારણથી આ ઓરતોએ ગુરગીનને તદન હરાવી નાંખીઓ. હવે ગુરગીને એકદમ બાહેર જવા માંગીઉ પણ ખોરશેદે કહેઉં કે બેહમંને દરએક બારણા આગલ ચોકીબાંન રાખીઆછે. અંતે મેહેરને એક ઉપાએ સુજીઓ (જે અલબતાં આગાઉથી ધારી રાખેલો હતો) અને તે એ હતો કે ગુરગીને એક બુટી ઓરતનો લેબાસ લઈ ઘરની બાહેર નીકલી જવું. એટલા માટે ગુરગીન એક પાસેનાં ઓરડામા ગએઓ.

એક મીનીટ ગઈ અને બેહમંન ઘણા ગુસાથી ઘરમા આવીઓ. તે પોતાની સાથે પોલીસના માણુસોને તથા કેટલાએક દોશતને લઈને આવીઓ હતો અને ગુરગીનને તાહાં પકડવાની તેની એટલી ખાતરી હતી કે સોગંદ ઉપર સોગંદ ખાતો હતો, તેવામાં ગુરગીન પેલા ઓરડામાંથી એક દદાનો પોશાક પેહેરીને આગલ આવીઓ. બેહેમંનની તેનાં ઉપર નજર પડી અને ધસારાબંધ ગુરગીન ઉપર તુટી પડીઓ. તેણે કાંઈ ગુરગીનને ઓલખીઓ નહી હતો, તોપણ તે એટલા ગુસામાં આવીઓ હતો કે ઘરમાં જે મલે તેને મારવાનો તેનો વીચાર હતો. વલી મેહેરબાનુએ ગુરગીનને જે ઓરતનો પોશાક આપીઓ હતો તે ઓરત વીશે બેહેમંનને એવો શક હતો કે તે દાકણીછે. માંટે તેનાં ઘરમાં નહી આવવાનુ તેણે તે ઓરતને ફરમાંવીઉ હતું, અને તે છતાં પણ તેને પાછી હાજર થએલી જોઈને બેહેમંને લાત, મુકી સીવાએ તેનીસે બીજી વાત કીધી નહી.

એ રીત સેર ઉપર સવાસેર થનારી સીઓથી સવાદ પાંમીને ગુરગીન કેસરી જમીને બાહેર નીકલીઓ અને પછે બેહેમંન તેની શોધને માટે ઓરડાના જાહાડા જોવા લાગો. તેની નજર પેલા ગોઠવી રાખેલા ટોપલા ઉપર પડી એટલે તેનો હરખ સમાએઓ નહી. તેની ખાતરી હતી કે એ ટોપલામાં ગુરગીનને સંતાડેલોછે. માટે તેણે બુમો પાડી ચાકરોને બોલાવીઆ, તથા ટોપનો ઉંધો વલાવીને સઘલા કચરામાં પોતે શોધ કરવા લાગો. મેહેરબાંનુ હસતાં બોલી કે "અરે એ ખરાબ કચરાને હાથ શું લગાડોછો!" પણ બેહેમંન બોલતો કે "નાપાક—તારા કરતાં એ કચરો વધારે ખરાબ નથી. તે ફરએ બકરાને ગઈ કાલે એમાંજ તેં છુપાવીઓ હતો. નીકલ બાહાર નીકલ—આજે શેકાર હાથમાં આવીઓ" એમ બોલીને તે સઘલાં ચીંદડાં ઈતીઆદી ખોલી નાંખીને તપાસતો હતો.

પણ નહી, અંતે ગુરગીન મલીઓ નહી. બેહેમનની હસી થઈ, તે ખોટો પડેઓ અને સઘલાઓ તેને વલી પાછો ઠપકો આપવા લાગાં.

---

## લગણ કેઆરે કરવાં ?

સોરાબશાહા સુરતીની સુખલીબાઈ પોતાના છોકરાંને પરણાવા નીકલીછે. તેમાંનાં એક છોકરાની આઠ વરસની, અને છોકરીની છ વરસની ઊમરછે. તેણે પોતાને લાએક વેહેવાંણ શોધી કાહાડીછે, અને વહુને મોટું ઘરેણું કરવાની તથા પોતાના જમાઈને ગાડાં ભરીને રીત આપવાની તે તઈઆરી કરેછે, પણ તે અને તેના સરખી બીજી બેહેનો લગણ સંબંધી ઊલટા વીચારો રાખેછે, માટે સમજુ માણસોને મોટી દલગીરી ઊપજેછે. તેવી બાંનુંઓની થોડી ઘણી ખાતરી કરવાને હમોએ ઊપલો સવાલ નાંખીઓછે. ગએ આ આંકમાં લગણ એટલે શું તે હમોએ સમજાવીઊં હતું, અને જે શીઆંની વાંચનારીઓએ તે વખતે ધેઆંન આપીઊં હશે તે બાઈને લગણ કેઆરે કરવાં એ સવાલનો નીચલો ખોલાસો કદાચ ખાતરી ભરેલો માલુમ પડશે.

લગણનો ગાંઠ ઘણો પવીતરછે. તેથી મરદ અને ઓરત સાથે જોડાઈને એવા સપત લીએછે કે બાકીની જીંદગી તેઓએ સાથે ગુજારવી અને બેહુ જીવને એક ગણીને અરસપરસ મદદ કરવી, કાંમે લાગવું, તથા દીલાસો દેવો. એ રીતે લગણ કીધાથી તેઓ દોસતી માંડેછે અને સનસારમાં પડેછે. લગણથી તેઓ દુનીઆંદારીનાં રસતા ઊપર આવેછે અને પોતાની નાંહાંની જીંદગીના સુખની શરૂઆત કરેછે. એ કેટલો સુભ સંબંધછે તે વીશે લમબાંણ કરવાની કાંઈ જરૂર નથી, અને તેમજ આ વાત લબાંણથી જણાવવાની પણ અગત દીસતી નથી કે એ ગાંઠ બાંધતી વખતે ગુરતો સંભાલ અને સાહુચેતી રાખવી ઘટેછે. તે એક હાથ ઊપર સુખનો સાગરછે, તેમજ બીજા હાથ ઊપર જો તેમા સંભાલ નહી રાખીઓ તો તે દુખનો ઊંડો ગાર થઈ પડેછે. તેમાં એકવાર જો પડીઆં તો પાછુ નીકલી શકાતું નથી, એટલા માટે સરવેની ફરજછે કે એક જોડું બાંધતી વખતે તેનાં આવતા વખતની હાલતનો ખુબ વીચાર કરવો. એવા વીચારોમાં લગણ કેઆરે કરવાં—તે સવાલને સઊથી આગમચ ધેઆંનમાં લેવો જોઈએ.

મરદ અને ઓરતને ખોદાતાલાએ અરસ પરસનું કાંમ સોંપીઊંછે. તેઓ અરસપરસ ભાગીઆં અને સાથી થવાને અવતરીઆંછે. મરદ ઓરતનું પાલણ પોશણ કરીને તેનો સંભાલ લીએછે તથા તેને સુખ દેખાડેછે. ઓરત તેની ચાકરી કરવાને, તથા તેને સાહાએ થવાને બંધાએલીછે. ભરથારનું સુખ શોધવાની તેની ફરજ છે. એક સ્રી જો પોતાનાં ભરથારનો એક હવસ પુરો પાડે, અથવા ઘણાં ફરજંદોને પેદા કરી આપેતો તેમાં સરવે સુખ આવી ચુકુ નથી. તેણે પોતાનાં ધણી તરફ તાબેદાર રેહેવું જોઈએ, તેણી લાએક હોશીઆરીથી પોતાના ઘરનો સંસાર ચલાવવો જોઈએ; તેનાં દીલપસંદ મીજાજથી પોતાનાં ધણીને સદા તાહાદો મીઠો રાખવો જોઈએ; તેણે પોતાની કાબેલીએતથી બચાંઓની સારી માવજત લેવી જોઈએ; તેણે પોતાની અજમાએશથી કબીલામાં દાહી દાહી વાતો કરવી જોઈએ, તેણે પોતાનાં ઊદીઓગથી ઘરબાર સોજું અને સફાઈ ભરેલું રાખવું જોઈએ; તેણે પોતાનાં તનથી ગુસો અને મનથી વેહેમ દુર કરીને સદા હસતે ચેહેરે રેહેવું જોઈએ તથા ગાઈ વગાડી અને રમાડીને સરવેને રાજી રાખવાં જોઈએ. એક પરણેલી ઓરત એ સરવે ફરજો બજાવવાને બંધાએલીછે. એ ફરજો તેને ખોદાતાલાએ લખી આપીછે, અને જો તે ફરજો બજાવી શકેતો તેણે એક મરદ સાથ જોડાઈને લગણ કરવાં જોઈએ.


આ સરવે ફરજો કાંઈ નાંહાંની નથી તે કાંઈ સેહેલીબી નથી. તે બજાવવાનુ શરૂ કીધાની આગમચ તે ફરજો શીખવી તથા સમજવી ઘટેછે અને તેમ શીખતાં કાંઈ થોડો વખત લાગતો નથી. દરએક સ્રીએ એ ફરજોને પુરેપુરી પીછાંનવી જોઈએછે, જે પીછાંનતાં તેણે પોતાની ઊમરનો મોટો ભાગ રોકવો જોઈએછે, કારણ કે જો તે પોતાની સરવે ફરજો જાંણે નહી તો પરણેઆ પછે તેમને તે બજાવી કેમ શકે ? અને જો તે બજાવી નહી શકેતો પરણેલું શું પરમાંન અથવા જીવવું શું પરમાંન ? રસતે ચાલતાં ગાએ ઢોર, અથવા જંગલમાં ભટકતાં વાઘ વરુઓમાં પણ નર અને માંદા હોએછે, પણ તેઓ અરસ પરસની ફરજ જાંણતાં નથી. તેઓ જંગ

શી હેવાંનછે, પણ ખોદાતાલાએ માંણસને અકલ બખશીછે, તથા તેઓને અરસપરસની ફરજ આપીને આ દુનીઆંમાં મોકલીઆછે તોબી પીઆરી બાંનુએ જો આપણ એક એક તરફની ફરજ નહી પીછાનીએતો પછે હેવાંનમાં અને માંણસમાં ફરક શું રહેઓ ? કંઈજ નહી. તેજ પરમાણે ઓરત પોતાના ભરથાર તરફની ફરજોને સમજતી નહી હોએતો તેને એક પરાએઆ ધણી સાથ જોડી આપવું આપણને રવાછે ?

એ ઊપરથી આપણ જોઈએ છઈએ કે નારી જાતીએ મરદનાં સંબંધમાં આવીઆની આગમચ પોતાની ફરજો સમજવી જોઈએ. એ કાંમ કાંઈ એક દાહાડાનુ અથવા એકુ વરશનુ નથી. એ સઘલી ફરજો બજાવવા માંટે સ્ત્રીએ કેલવણી લેવી જોઈએ. તેણે વાંચતાં લખતા સીખવું જોઈએ, કે જેથી તે પોતાનાં ઘરનો વહીવટ તથા હીસાબ રાખી શકે તેણે સીવવાનાં અને બીજા હોનરો જાંણવા જોઈએ કે તેથી તે પોતાનાં કબીલાને લગતુ કાંમકાજ બજાવી શકે. તેણે ગાવા સીખવું જોઈએ કે તેથી તે પોતાના કુટુંબને મોજ આપી શકે તેણે નીતીનાં પાઠ સીખવા જોઈએ કે તેથી તે ઘરમાં સારી ચાલ ચલણ રાખીને બચાંઓને તેવી ચાલ શીખવી શકે. તેણે કુદરતી એલમનો અભીઆસ કરવો જોઈએ કે તેથી તે વેહમી વીચારોને દુર કરી શકે તેણે સાધારણ ગનેઆંનમાં વધારો કરવો જોઈએ કે તેથી તે પોતાનાં કબીલાને દરએક રીતની મદદ આપી શકે. એ સઘલુ શીખવા વીનાં કાંઈ આવડે નહી, અને તેજ પરમાંણે એ સઘલુ કાંઈ એકુબે વરસમાં શીખી શકાએ નહી. તે સાધે જારે તે શઘલુ આવડે નહી, તારે કોઈબી સ્ત્રી પોતાની ફરજ બજાવી શકે નહી. જો તે ફરજ બજાવી નહી સકેતો ભરથાર અથવા કબીલાને શુખ દઈ શકે નહી, અને જો શુખ દઈ નહી શકેતો તેણે પરણવું ઘટેબી નહી, એ દેખઈતુંછે.

આ કારણો ખોલલી રીતે કહી આપેછે કે એક છોકરા અથવા છોકરીને બચગીમાં પરણાવવું ઘણું અનઘટતુંછે. તે સાત આઠ વરસની વએમા પોતાની ફરજ શું સમજે ? માટી બઈએર તે શું અને લગણ તે શું, દુનીઆં તે શું અને સંસાર તે શુ, એ સઘલું નાંહાની ઊમરમાં તે કેમ જાંણે ? અને હમો ફરીથી પુછીએ છઈએ કે જો તે તેમ નહી જાંણતા તેને પરણાવી દેવામાં શું તકસીર નથી ? ખરેખર જેઓ એક એકને પીછાંને નહી તેઓને આખી જીંદગીને માટે જોડી રાખવાં તથા એ પરમાણે તેઓ વચે કજીઆ કંકાસનું બી રોપવું એ ગુનાહાનું કાંમછે જે મા બાપો બચાં પરણાવેછે તેઓ એ મોટો વાક કરેછે. લગણ કેઆરે કરવાં ? એ સવાલનો ખરો જવાબ એજછે કે જારે પરણતું જોડુ પોતાની અરસપરસની ફરજો સીખી રહે તથા એક એક સાથ પીઆરથી રહી તે ફરજો બજાવશે એવું લાગે તારેજ તેમના લગણ કરવાં જોઈએ. માટે મા બાપોએ પોતાના ફરજંદોને પેહલાં પરણાવવાનો વીચાર કરવો નહી પણ પેહલાં કેલવણી આપવાનો વીચાર કરવો ઘટેછે

## અકરશણ શકતી—કુદરતી કાએદા.



આ ચીન દેશનો કોડીનો મેહલ જેનુ બેઆન હમો અગાઊ આપી ચુકા છઈએ, તે એક સેસમાં બેસેલા બતાસાના પડાના આકારને જરા લગાર મલતો આવેછે. એક પડાની મીસાલે એ ઈમારત તલીએથી પોહોલી અને ઊપરથી સાંકડીછે એજ પરમાણે ઘણીખરી ઈમારતો, દેહેરાઓ, દેવલો, ઈતીઆદીનો પા

ઓઆ તરફનો ભાગ વધારે મોટો અને કુશાદે હોએછે, તથા જેમ તેની ઊભરની ઊંચી થતી જાએછે તેમ તેના મજલા નાંહાંના તથા નીચા બાંધવામાં આવેછે, તેનું કારણ શું હોશે વારૂં ? તે નીચેથી સાંકડા અને ઊપરથી પોહોલા કાએ નહી રાખીઆ ? વાંચનાર જવાબ દેશે કે જો આ મેહેલ ઈઆ બીજી કોઈબી ઈમારતના નીચલા કરતાં ઊપલા ભાગને પોહોલો બાંધીઓ હતેતો તે ટકાઊ થતે નહી અને જલદીથી તુટી પડતે. જેમ એક સાધારણ વાસણ તલીઆંમાંથી પોહોલું અને ઊપરથી સાંકડું હોએછે તેમ તે જમીન ઊપર વધારેવાર ઠરેછે તથા ઢલી જતું નથી. તે પરમાણે આ મોટી ઈમારતોનું તલીઊં પોહોલાઈમાં વધારે રાખવાનું કારણ એછે કે તે તુટી પડે નહી. પણ તારે હમો એમ પુછીએ છઈએ કે ઈમારતોનાં નીચલા કરતાં ઊપલા ભાગ કદમાં મોટા રાખવાથી તે જલદીથી તુટી પડેછે તેનું કારણ શુ ?

હમારી વાંચનારી બાઈઓમાંથી ઘણીજ થોડી જણી આ બનાવનું કારણ કહી શકશે. તેઓ કદાચ કેહેશે કે એક ચીજ જેમ ઊંચી જાએ તેમ તેને વાંકી વલતાં વીલમ લાગતો નથી, અને જારે વાંકી વલેછે તારે તે તુટી પડવી જોઈએ, પણ આ ખોલાસો મન માંનતો નથી. તે ચીજને વાંકી વલવાનું હમો કારણ માંગીએ છઈએ. જો તેનો ઊપલો ભાગ ભારી હોએછે તો તેને જોકે કોઈ આંચકો મારતું નથી તોપણ તે પોતાની મેલે નીચે કેમ આવેછે તે બીના જાણવા માંગીછે. વધારે સેહલાઈને માટે બીજો દાખલો લઈએ. એક ચીજને હાથમાંથી મેલી દેતાં તે નીચે જઈ પડેછે તેનું કારણ શું ? હમો જવાબ આપીશું કે તે ચીજને જમીન પોતાની તરફ ખેંચેછે અને તેથી તે નીચે જાએછે. એ રીતે દરએક ચીજને ખેંચી રાખવાની શકતીને "અકરશન" શકતી કરી કેહેછે.

આ બાબદ એવીછે કે તેમાં જરા લંબાંણથી ખોલાસો કીધા વીના તેની એકાએક સમજ પડવાની નથી. બારીક તપાસ ઊપરથી જણાએઊછે કે આ આખી શરૂશટીનાં બંધાણમાં ખોદાતાલાએ ચોકસ કાએદાઓ ઠરાવીઆછે. તેણે આ દુનીઆંમાં મોટી વસતી અને ઊતપંતી કીધીછે. આસમાંન તરફ સુરજ, ચંદર અને સીતારાઓ ખુબ દીપકથી દીપેછે. પાંણીમાં અને હવામાં ચરંદાં, પરંદાં અને માહીની પેદાએસ કીધાંછે. એ વીનાએ બીજી તેની અતીઅંત કારીગીરી દુનીઆમાં દેખાએછે, અને તે સઘલી ઊતપંતીઓને તે કીરતારે ચોકશ કાએદા પરમાંણે કરેલીછે. તેઓએ કેમ રેહેવુ, કેમ ફરવું અને પોતપોતાનાં કામ કેમ બજાવવાં તે વીશે તેણે નીઅમો બાંધીઆછે અને તેજ નીઅમો પરમાંણે ગારેહો ફરેછે, દરીઓ દોડેછે અને આ જગતની ચહડતી તથા પડતી ચાલેછે. તે નીઅમો અગતનાછે અને ખોદાતાલાની બનાવતો તપાસવાની અથવા કુદરતની કારીગીરીઓ ઊપર ધેઆંન આપવાની જેનીબી મરજી હોએ તેણે ઊપલા કુદરતી નીઅમો પરથમ જાણવા ઘટેછે.

“અકરસણ” શકતી એવા કુદરતી કાએદાઓમાંનો એક ઘણો અગતનો કાએદોછે. “અકરશણ”નો અરથ ખેંચાંણ થાએછે. ખોદાતાલાએ દરએક ચીજમાં એવી એક શકતી મેલીછે, અને મુખીઅ કરીને મોટાં કદની ચીજ નાંહાંનાં કદવાલી ચીજને પોતા તરફ ખેંચી રાખે એવી તેની અશરછે, દુનીઆંની સપાટી ઊપર જેટલી બધી પદારથોછે, તે શરવેનાં કરતાં પરથવીનું કદ ઘણુ મોટુછે અને તેથી તે સરવે વસતુઓને પોતાની તરફ ખેંચી રાખેછે. એનુ નાંમ અકરશણ શકતીછે. એ નીઅમ શરૂસટીમાં શરવે જગોએ લાગુ પડેલોછે. સુરજ આ પરૂથવીને ખેંચેછે અને તેથી પરૂથવી સુરજની આસપાસ ફરેછે. પરૂથવી ચંદરને ખેંચેછે અને તેથી તે દુનીઆંની આસપાસ ચોકશ હદ સુધી ફરેછે. ચંદર દુનીઆંનાં પાંણીને ખેંચેછે અને તેથી ભરતી તથા ઓટ થાએછે વાદલાંઓ મોટા ડુંગરથી ખેચાએછે અને પાહાડી પરાંતોમાં વરસાદનો જથો વધારે હોએછે તેનું તબી એક કારણછે. ટુકમાં અગરજો ખોદાતાલાએ આ સંસારની રચનાંમાં અકરશણ શકતી મેલી નહી હતેતો અરસ પરસ અથડાઅથડી થવાથી દુનીઆંનો કેવો નાસ થતે તે કેહવાઈ શકાતુ નથી.

આ સઘલા વીચારો કદાચ કોઈ વાંચનારાંઓને સપનાં સરીખા લાગશે. સુરજ થંબછે અને દુનીઆં ફરેછે, એવી એવી વાતો બોલનારને તેઓ કદાચ ઘેલામાંબી ખપાવે. પણ એ ખરી વાતોછે અને તેનો ખોલાસો જાણવા જોગછે. તોબી તે ખોલાસો પાંમવાની આગમચ એ બનાંવોને માટે ઈશવરે નેમે

લા કાએદા જાંણવા ઘટેછે. આ અકરશણનો કાએદા ચોકસ તપાસ ઊપરથી ઝુરવાર થએઓછે. તેનુ મુખીઅ માંન શર અઈજાક નીઊટન નાંમના ફીલસુફને ઘટેછે. તે એક દીને પોતાનાં બાગમાં બેઠો હતો તેવામાં જાહાડ ઊપરથી એક ફલ પડતાં જોઈને તેનાં મનમાં સવાલ ઊઠીઓ કે તે ફલ જમીન ઊપર શામાંટે પડીઊ ? ઊંચે કેમ નહી ગએઊ ? એ સવાલ ઊપરથી તેણે ખુબ વીચાર કરવા માંડીઓ અને તેણે સરવેની ખાતરી કીધી કે તે ફલને ધરતીએ પોતાની તરફ ખેંચીઊં હતું. તે ફલને નીચે પડવાનું એ શીવાએ બીજુ કોઈબી મનમાંનતુ કારણ જણાતુ નથી. કોઈબી વજણદાર ચીજને અધર રાખતાં તે નીચે આવેછે. હલકી પદારથો ઊંચે જાએછે, પણ તે હવાના વજણથી ઊપર તકી રેહછે, બાકી જે જગામાંથી હવા કાહાડી નાખી હોએ તે જગામાં ધુમાડો ઈઆદ કોઈબી ચીજ ઊપર ચહડતી નથી પણ ધરતીની તરફ આવેછે. એમા ધરતીના ખેંચાણ સીવાએ બીજું કંઈ લાગતું નથી.

આ અકરશણ શકતી ઘણી જાતની હોએછે. જે શકતીથી ઝીણી ઝીણી કણરસો સાથે મલેછે તથા તેનો એક આખો કટકો થાએછે તેને "સનેહ અકરશણ" કેહછે. એથી દરએક પદારથ પોતાની મેલે ભાગી જવાથી અટકેછે અને આખી રેહછે. પાસેના ચીતરમાં દેખાડી



આ પરમાંણે જો પાંણીમાં બે કાચના તખતાને એક છેડેથી જોડીને મેલીઆ હોએતો તેમાં પાંણી ઊંચુ ચહડેછે, અથવા જેમ બારીક છેડેની નલીને પાંણીમાં રાખી હોએ તેમ તેમાં વધારે પાંણી ચહડેછે. એ ખેંચાણ શકતીને "કેશ અકરશણ" કેહછે. એ શકતીથી કપડાંનો કટકો, તથા વાંદલું પાંણી ચુસી શકેછે, અને તે શકતી માણસના ઊપીઓગમાં ઘણી રીતે આવીછે. એ સઘલી જાતનાં અકરશણમાં "ગરૂતુ અકરશણ" નાંમની ખેંચાણ શકતી સઊથી અગતની અને દરએક ચીજમાં વધારે ફેલાવો પાંમેલીછે. જેથી દુનીઆં સરખી એક મોટી ચીજ નાંહાંની ચીજને પોતાની તરફ ખેંચી રાખેછે તે શકતીને "ગરૂતુ અકરશણ" કેહછે.

ગરૂતુ અકરશણની શોધથી માણસે પોતાના કાંમ કાજમાં એ નીઅમનો અતીઘણો લાભ મેલવીઓછે, તેને લગતા કુદરતી કાએદા ધેઆનમાં લેવા જોગછે. દરએક પદારથની વચોવચમાંની જગાને "મધીઅમ મીંડું" કેહછે. જેમકે એક તરાજુને અથવા એક લાકડીની વચોવચમાંનાં ભાગને લટકાવી ઈઆ થોભાવી રાખવાથી તે લાકડી સમતોલ રેહછે, પણ જો એકુ છેડેથી તેને લીધી હોએતો તે નીચે પડી જાએછે. એક ચકરને વચોવચમાંથી જો ટાંગીઊં હોએતો તે થોભી રેહછે, અને બીજા ભાગમાંથી ટાંગી રાખતાં તે સમતોલ હાલતમાં થોભવાને બદલે ઢલી જાએછે. એવી વચોવચમાંની જે જગા તેને મધીઅમ મીંડું કરી નાંમ આપીઊંછે. હવે કોઈબી પદારથના મધીઅમ મીડાંમાંથી જો એક લીટી દોરીને નીચે લઈ ગએઆ હોઈએ, અને જો તે લીટી તે પદારથના તલીઆંની અંદર હોએતો તે ચીજ ખચીત ઊભી રેહે એવો કુદરતનો કાએદોછે.




પાસેના ચીતરમાં એક પદારથને ઊભી કરેલીછે. A નામની નીશાંન આગલ તેનું મધીઅમ મીંડું આપણ સમજીએ. તે મીડાંમાંથી દોરેલી એક લીટી તલીઆંની અંદરજ B આગલ આવેલીછે, અને તેથી તે ચીજ થંભ ઊભીછે. પણ વલી આ





બીજી પદારથનો ચીતાર જુવો. તેમાં A આગલ મધીઅમ મીંડુછે, પણ તેમાથી ડોરેલી લીટી B આગલ આવેછે, જે જગા તેનાં તલીઆંથી બાહેરછે અને તેથી તે ચીજ થોભી શકતી નથી પણ ઢલી જાએછે. એ પરમાંણે કુદરતનો કાએદાછે કે હરએક ચીજનુ મધીઅ મીંડુ જો તલીઆંની હદ સુધી હોએતો તે ચીજ થોભી રેહ પણ જો તે તલીઆંથી બાહેર જાએતો તે નીચી પડવી જોઈએ.


આ કાએદો જાંણવાથી માંણસને કીમતી ખોલાસો થએઓછે. દરએક પદારથનુ તલીઊં જેમ પોહોલુ હોએછે તેમ તેનુ મધીઅમ મીંડું તલીઆંની વચે રેહછે. એમ જાંણવાની ચીન દેશનાં જે મેહેલનુ ચીતર ઊપર આપીઊંછે તેને તથા બીજી ઈમાંરતોને હેઠાણમાંથી ખામુખા પેહેલલી રાખવામાં આવેછે. સુનાંબાઈની સેસમાંનો પડો થાલીમાં થોભી રેહછે તેનુ કારણ પણ એ

જછે કે તેનુ મધીઅમ મીંડુ હમેશા તલીઆંની વચે રેહેછે. મશતીખોર છોકરાઓ મારા મારી કરતી વખતે પગ પોહોલા અને એકએકથી દુર રાખેછે તે પણ હેઠાંણને વધારે પોહોલુ રાખવા માંટેછે. બોજો ઊંચકી લેઈ જતી વખતે માંણસ વાંકો વલેછે તે અને બીજા દાખલાઓ ઊપરથી દેખાએછે કે મધીઅમ મીંડાને તલીઆંની વચે રાખવાનુ માંણસને કુદરતીછે.

માંણસનું મધીઅમ મીંડુ હંમેસાં કમર આગલછે. તાંહાંથી જો તેને એક લાકડી ઊપર ઘોભાવીએ હોએતો તે શમતોલ હાલતમાં રહી શકેછે. પણ આ વાત ધેઆંનમાં રાખવી ઘટેછે કે જેમ એક ચીજ ઊંચાઈએ વધારે હોએછે તેમ તેનું મધીઅમ મીંડાંની ઊંચાઈ પણ વધેછે અને તેથી તેનાં તલીઆંને તેટલું વધારે પોહોલું રાખવાની જરૂર પડેછે. એક છોકરો જમીન ઊપર ઊભો રહીને વાંકો વલેતો તેને પડી જવાની થોડીજ ધાશતી રેહેછે. પણ પાસેનાં ચીતરમાં દેખાડીઆ પરમાંણે તે જો એક ખુરશી ઊપર ઊભો રેહેછે તો તેનુ મધીઅમ મીંડુ વધીને A આગલ જાએછે, અને તેથી જો તે વાંકો વલેતો મધીઅમની લીટી જે હાલ તલીઆંમાં B આગલછે તેને C આગલ આવી જતાંવાર લાગતો નથી. માંટે તે જલદીથી ઊંધો વલેછે.




તેજ પરમાંણે એક માલનાં ગાડાંમાં જેમ વધતો માલ લાધીઓ હોએ તેમ તેનું મધીઅમ મીંડું ઊચે જાએછે, અને પાસેનાં ચીતરમાં દેખાડીઆ પરમાંણે એક પ્તર ઊપર ચહડી જતાં તેનાં મધીઅમની લીટી તલીઆંની બાહેર U આગલ જવાથી તે ગાડુ ઊંધું વલેછે.



કસરતના ખેલ વાંચનારી બાઈઓએ જોએઆ હશે. જે ધણી દોરડાં ઊપર નાચવાની કસરત કરેછે તે નાચતી વખતે એક લાકડી હાથમાં રાખેછે, અને પોતાના મધીઅમ ભાગને તલીઆંની અંદરજ રેહેવા દેવા માંટે લાકડીને હીલવીને પોતે સમતોલ રહી શકેછે. દોડતા ઘોડા ઊપર કસરત કરનારી ઓરતો જારે વાંકી વલેછે તારે પોતાનો પગ ઊંચો કરેછે તેનું કારણ પણ એજછે કે પોતાના મધીઅમ મીંડાંને તલીઆંની તલે રાખવું. લોકોને રસતામાં જારે ઠોકર લાગેછે તારે તેઓ વાંકાં વલતાં વાર એજ કારણને માટે હાથ પગ લાંબા કરેછે. એ રીતે ગરતુ અકરશણ અને મધીઅમ મીંડાંનો ઈશવરનો દાહાપણ ભરેલો કાએદો જાણવાથી માણસ પોતાનો સંભાલ રાખી શકેછે. તે પોતાના ઘર બાર તથા બીજી ચીજો શાહુચેતીથી બનાવેછે. દરીઆમાંની બોટ વાંકી વલતી હોએતો ઘબરાટમાં ઊભો થવાને બદલે તે બેસી રેહેછે કે જેથી તેના મધીઅમની લીટી હદની બાહેર જાએ નહી.

અકરશણ શકતી અને મધીઅમ મીંડાંનો એવો ગુણગારો કાએદો ઈશવરે નેમી રાખીઓછે તેથી દુનીઆંમાં શરવે સમાંધાંનીછે.

## પંખા બનાવાનો હોનર.

ચીનથી ઘણીએક સાહેલીઓનાં ખાવંદ ઘણાં નામીચા પંખા ભેટ મોકલેછે. તે પંખા અતી નાંદર કારીગીરીથી બનાવવામાં આવેછે. તેમાં સોભઈતાં પીછ અને નકસીદાર પડને સાથે જોડી નાંખેલાં હોએછે, પણ એ હોનર એખલાં ચીન દેશમાં ફેલાએલો નથી. પંખા બનાવાનો સરસ હોનર ઈઊરોપ ખંડમાં ફરાંનસ દેશ મધે ચાલેછે. જે પંખા માંતર સવાફદીઆંનાં ભાવથી મલી શકેછે તે પંખા બનાવાનુ કાંમ વીસ જુદા જુદા માંણસોથી બનેછે. તેઓને તે પંખાનાં ચોકસ ભાગનાં કાંમ સોંપી મેલેલાં હોએછે અને તેથી કરીને તે પંખો જલદીથી બનેછે. વલી ફરાંનસમાં પંખાનો હોનર એટવો વધી ગએઓછે કે, તેમાં જોઈતાં જુદાં જુદાં કાંમનાંબી જુદાં જુદાં કારખાનાંઓ હોએછે. જેમકે પંખાને લગતાં લાકડાં કાપીને તેને પંખાનો આકાર આપવાનાં કારખાંનાંઓ જુદાં હોએછે. તારબાદ તે પંખાની પટીઓ ઊપર નકસી કોતરવાનાં કારખાંનાંઓ જુદાં હોએછે. તે પછે તે પંખાનાં કાગજોને છાપી કાહાડવાની જુદી જગા હોએછે. એ દરએક કારખાંનાંવાલાને સારી કમાંની થાએછે. એ પરમાંણે એક પંખો જુદી જુદી જગાઓમાં ગીઆ પછે તઈઆર થાએછે.



આલીસ લીસલી ઉપર આપેલી ધાર

આઈસ નાંમનાં ખાતાંમાં લાકડાંની પટીઓ બનાવવાનું કાંમ ચાલેછે. તેમાં એ કાંમ ઊપર આસરે ૨૦૦૦ મરદો, ઓરતો અને બાલકો રહેલાંછે. તેઓ છેક હલકાં લાકડાંથી સુખડનાં ઊચાં લાકડાં ઊપર કાંમ બજાવેછે. તે પાટીઆંની-ચીપો ઊપર છાંદર પાડવાને ઘડીઆલની કમાંનનાં કટકાઓ મધેથી બારીક કરવતીઓ બનાંવેલી હોએછે. કેટલાએક પંખાઓની પટી ઊપર સીપનાં જે પડ આવેછે તેવાં એક ઈંચ પડમાં નકસી કોતરવાને ૧૬૦૦ આંધરાં પાડવાં પડેછે. એ શઘલું કાંમ ફરાંનસનાં ગાંમડાંઓમાં થાએછે. તાંહાંથી પુરૂ થવા બાદ પારીસમાં તેમને લગતું બાકીનું કાંમ થાએછે.

આસરે વીસ વરશની વાત ઊપર કાહાડેલી ગણતરી પરમાંણે પારીસમાં પંખા તઈઆર કરવાનાં ૧૫ મોટાં કારખાંનાં હતાં. તેમાં ૧ હજાર માંણસો કાંમે લાગેલાં હતાં, તથા દર વરશે ૪ લાખ, ૪ હજાર ૨૦૦ રૂપીઆની કીમતનાં પંખા બનેઆ હતા. તારપછે સને ૧૮૪૭ માં એ કારખાંનાંઓની સંખીઆ વધીને ૧૨૨ ની થઈ હતી, અને તે વરશમાં ૧૦ લાખ રૂપીઆની કીમતનાં પંખા વેચાએઆ હતા. તે વખત ઊપર એકજ કારખાંનાંમાં ૫૭૫ માંણસો હતાં હાલ એ ઊમદા હોનર એથીબી વધારે ફેલાએઓછે. એ ઊપરથી તે દેશમાં થતા પંખાનો ખપ જણાંઈ આવેછે. ઈઊરોપમાં સ્ત્રી લોકોમાં પંખાનો ઘણો ખપછે, જેઓ ઘરમાં તેમજ બાહેર જવે આવવે પોતાની પાસે પંખા રાખેછે.

## લેડી આલીસ લીસલી.

ઈંગલંડ દેશમાં સુમારે ૩૦૦ વરસની વાત ઊપર રાજ પાટમાં મોટો ઘબરાટ ચાલતો હતો. તે વખત ઊપર જે રાજા રાજ ચલાવતો હતો તેને તેની આડી ચાલને માંટે ફાંસી દેવામાં આવીઓ હતો અને તારબાદ "કાંમન વેલથ" નાંમથી પરજાની તરફથી રાજ ચાલતું હતું. તે વખત ઊપર વીનચેસટર ખાતેની એક જાહેર જગામાં એક દુખ ધરવા જોગ બનાવ બનીઓ હતો. તાંહાં એક સ્ત્રીને ફાંસી દેવામાં આવનાર હતી અને તેટલા માંટે ફાંસીનાં લાકડાં તથા બીજા અસબાબની તાંહાં પુરતી ગોઠવણ રાખવામાં આવી હતી. ઠરાવેલા વખતની થોડુંએક આગમચ અતીશએ ભીડ થઈ હતી, જેમાંનાં લોકો તાંહાં બનવાનાં બનાંવને માંટે દલગીર તથા ઊસકેરાએલાં દેખાતાં હતાં. થોડાવારમાં સરકારી માંણસો પોતાનાં હથીઆર તથા પેહેરા સાથે તાંહાં હાજર થએઆ તેઓની વચે એક ગમભીર દેખાવની સ્ત્રી ચાલતી હતી. તે સ્ત્રીને તેઓએ ઘણું કઠણ દીલ રાખીને ફાંસીનાં લાકડાં ઊપર ચહડાવી અને થોડી મીનીટમાં તેણે પોતાનો પરાંણ તે કીરતારને હવાલે કીધો. એ સ્ત્રીનું નાંમ લેડી આલીસ લીસલી કરીને હતું.

અગરજો લેડી આલીસ કાંઈ ખરા અપરાધને ખાતર ફાંસીની સજાએ પોહોંચી હતેતો તેને માંટે કોઈ જાજા દલગીર થતે નહી, અથવા તેની ફાંસીનો બનાવ એટલો ઈઆદ રેહેતે નહી. પણ આ ભલી ઓરત કાંઈ મોટા વાંક વગર તથા પોતાની ભલી કોશેસને માંટે આવી હાલતે પોહોંચી હતી. એટલા માંટે તે જગતમાં આશકારા થઈછે. સદગુણી અને હીમતવાંન ઓરતોની ટીપમાં તે પોતાનું નાંમ નોંધાવી ગઈછે. ચીતારાઓ તેની કીરતીને તરેહ તરેહવાર આકાર આપેછે. તેમાંનાં એક આકારની તસવીર પાસેનાં સફામાં હમોએ આપીછે. તેનાં ફાંસીનાં વખત ઊપર ઈંગલંડમાં ધરા ધરી ચાલતી હતી. સેડજેમોરની મોટી લડાઈ તરતની થએલી હતી. પરજા વચે વીભાગ થએઆ હતા અને રસતે રસતે ખુન ચાલતાં હતાં. તેવા વખતના ચીતારને ઈંગલંડની પરજા મોટી ઈનતેજારીથી જુવેછે, પણ આપણ એક હીમતવાંન અબલાની લાએકીની નોધ દાખલ તેને નજર કરીએ છઈએ.

લેડી આલીસનો ભરથાર જાંન લીસલી મોટો ઓધેદાર હતો. પારલીઆમેંટની રાજદુવારી સુભામાં તથા ઈનસાફની વડી અદાલતમાં તેણે ઓધા ચલાવીઆ હતા. તોપણ ઊપલી ઊસકેરણીનાં વખતમાં તેણે કેટલાંએક જબરદસતીનાં કાંમ કીધાં હતાં. તે કાંમો ઊપર તેની લાએકીવાલી ઓરત રાજી નહી હતી. કોઈને પણ દુખ નહી દેવુ એવી તેની મરજી હતી અને તેટલા માંટે તે સંકટનાં વખતમાં જે નાંચાર આદમીઓ તેનો આસરો માંગવા આવે તેઓને

મદદ કરવાને ભલી આલીસ લીસલી ખંતી હતી. એમાં તેની કાંઈ તકશીર નથી. કોઈબી કારણને માંટે માંણસો એક એક સાથ લડી મરે એ વાત તેનાં ધીઆંનમાં ઊતરતી નહી હતી. તે પોતે અરસ પરસ મદદ કરવાને ખુસી હતી. તેથી કરીને ખરાબ-અવસથાનાં આદમીઓ તેનાં ઘરનો આસરો લેતાં હતાં. તેઓમાં રાજની સાંમેવાલાઓ પણ તેને ઘર આવતા હતા, કેમકે લેડી આલીસે સરવેને માંટે પોતાનાં દરવાજા ખોલા મેલેલા હતા.

એક વખતે આલીસનાં ઘરમાં એવા રાજાની સાંમી ખોરદુનાં બે માંણસો આવી ભરાએઆં. આલીસને ખબર નહી હતી કે તેઓ બલવાખોર ટોલીમાં નાંછે. માંટે તેણીએતો સરેસતા પરમાંણેની ભલાઈથી તેમને આસરો આપીઓ. પણ તે વીશેની ખબર સતાવાલાઓને થઈ. તેઓ ઊચાઊચ લેડી આલીસનાં ઘરનાં જાહાડા જોવા આવીઆ, અને ઊપલા બંને જણને તેઓએ શોધી કાહાડીઆ. તારબાદ વલી સતાવાલાઓનાં હોકમથી લેડી આલીસને કેદ પકડવામાં આવી. રાજની સાંમે ફીતુરી કરનાંરાઓને ઊતેજણ આપવાનો મોરો અનેઆએ તેનાં ઊપર મેલવામાં આવીઓ. તે હોકમ ઊપરથી સરકારી અમલદારોએ હથીઆર બંધ થઈને લેડી આલીસને કેદ કીધી. તે વખતે રસતે ચાલતાં દરએક આદમીને દલગીરી ઊપજી હતી. પાસેનાં ચીતરમાં તેનોજ દેખાવ આપેલોછે તેમાં સરકારી અમલદારો તાંનાંજાંણીનાં સખુનો ઓચરતા તથા ધમકી આપતા લેડી આલીસને લઈ ચાલીઆછે, અને તેની તરફથી એક પારકી ઓરત તેઓની આગલ ગુઠણ મરીએ પડીને વીનંતી કરેછે. એથી આ સીને લગતા ચીતારમાં વધારે રસ મલેછે.

લેડી આલીસને કેદ લઈ ગએઆ પછે જે દીને તેને ઈનસાફની અદાલતમાં ઊપલા મોટા પણ ખોરા અનેઆએને માંટે ઊભી કીધી હતી, તે દીને અદાલતમાં મોટી ભીડ થઈ હતી. જે બલવાખોરોને છુપાવવાનો વાંક તેનાં ઊપર મેલવામાં આવીઓ હતો તેઓને ઈંગરેજી ધારા પરમાંણે પેહેલાં સજા કરવી ઘટતી હતી. અને તેઓ ગુનેહગાર ઠરવા સીવાએ આલીસને તપાસવી ઘટતી નહી હતી. તોપણ આલીસની સાંમે દરએક સતાવાલાઓ દાંત કકરાવતા હતા. તેઓએ ઊપલા રેવાજથી ઊલટા જઈ એક જુરીની હજુર આલીસની તપાસ ચલાવી. બંધીની સાંમે પુરતા શાખસી પડેઆ નહી. જુરીને વીચાર કરવાનો જડજે વખતબી આપીઓ નહી, અને જેમ તેમ કરીને આલીસને અપરાધી ઠરાવી. એવું મત જુરીથી સાંભલતાંવાર લેડી આલીસ લીસલીને જીવતી બાલી નાખવાનો હોકમ થએઓ, પણ તાર પછે જારે તેની તરફ દએઆ કરવાની ઓલતેમાસ થઈ તારે ગરીબ આલીસને ફાંસીની સજા મલી, તે હોકમ પરમાંણે ઊપર લખેલું તેમ આ નીરદોશ સ્રી પારકાઓને મદદ આપતાં મોહોતનો ભોગ થઈ પડી.

આલીસ લીસલી તવારીખના સખ્તમાં ઊપલા જુલમને લીધે જાંણીતી થઈછે. જે વેલાએ તે ફાંસીથી મરણ પાંમી તે વેલાએ તેની ઊમર મોટી હતી. ખુજરોબી ભરેલાં વરસો ગુજારીને તે ઘણી શીઆંની તથા પાકાં મનની થઈ હતી, તેટલા માટે તેણીએ ઊપલી સજા ધીરજ અને હીમતથી ખમી હતી. તેની ખાતરી હતી કે તેણે એક પવીતર ફરજ બજાવીછે અને તેટલા માટે ઈશવરની સાંમે જતી વેલા તેને કસી ધાસતી લાગી નહી હતી.

---

## "હીસટીરીઆ" અથવા ચમક.

દુનીઆંમાં દરએક ચીજનું ગનેઆંન અગતનુંછે. તેમજ આપણને વારે ઘડીએ થતાં દરદોને લગતું થોડું થોડું ગનેઆંન મેલવવાથી ઘણાં ફાએદા થાએછે. તે દરદ સાથી થાએછે, અને તેને દુર કરવા માંટે સીસી બાબદો અગતનીછે તે વીશે થોડી ઘણી માંહીતગારી મેલવવાથી આપણ તેને લગતો સંભાલ રાખીએ છઈએ અને બનતાં શુધી તેવાં દરદનાં કારણોથી દુર રહીએ છઈએ.

"હીસટીરીઆ" નાંમનો મરજ ઘણો બુરોછે. તેને આપણાં લોકો ઘણુ કરીને ચમકનાં નાંમથી ઓલખેછે, અને તે મરજ આપણી ઓરતોમાં હાલ ઘણો ફેલાવો પાંમેલોછે. એ મરજ અગત કરીને સ્રીઓનેજ થાએછે અને જારે તે થાએછે તારે તે મરજવાલી ઓરતની એવી હાલત બનેછે કે આસપાસનાં આદમીઓને તે જોઈ જરૂર દએઆ ઊપજે. એવાં

મરજને લગતી થોડી એક વીગતો હમારી શીઆંની વાંચનારી બાઈઓને બેઆંન પોહોચાડવા જોગ થઈ પડશે એવું હમો વીચારીએ છઈએ. જારે એ મરજથી તેઓનીજ બેહેનપણીઓ વધારે ફસેછે તારે દરએક સમજુ સ્ત્રીની ફરજછે કે એ મરજને લગતું વીગતવાર ગનેઆંન રાખીને પોતાને તથા પોતાની બેહેનપણીઓને ફાએદો કરવો.

"હીસટીરીઆ" નો મરજ જેમ સરીર સાથ તેમજ મંન સાથ સંબંધ રાખેછે, તેથી ભેજાંની અને બીજી નેસોની હાલતમાં એવો મોટો ફેરફાર થઈ જાએછે કે માણસ ગોએઆ પોતાની શુધી અને બુધીને ખોહી દીએછે. ભેજું માણસની વીચારશકતી અને ઇંદરીઓની સમજનું મુખીઅ મથકછે. તેની અસરથી તેના સરીરના જુદા જુદા ભાગો મનમાનતી રીતે પોત પોતાના કામ બજાવેછે; પણ જારે ભેજું બીગડેછે તારે તે માંણસની હાલત બદલાઈ જાએછે. જેનેબી "હીસટીરીઆ" નો મરજ થએઓ હોએ તેનાં મન ઊપર કાંઈ માઠી અસર થાએછે એવું વીદીઆએ દેખાડી આપીઊંછે, પણ તે ભેજું તેવા મરજને વખતે કેવી હાલતમાં આવેછે તે આજ સુધી માલુમ પડીઊં નથી.

આ મોટા ફેરફારને લીધે "હીસટીરીઆ" નાં મરજવાલી સ્ત્રી જે હલાકી ભોગવેછે તેથી કેઈ વાંચનારી બાઈ અનજાંની હશે ? જારે એ દરદનું જોર થઈ આવેછે તારે તેની નીસાંનો જોકે સઘલી ઓરતોમાં સરખી જણાતી નથી, તોપણ એ દરદની અસર ઘણુ કરીને સરખી ઊતરેછે. કેટલીએક સ્ત્રીઓને પેહેલાં દુટી આગલ કાંઈ ચમરો ટોડે તેવું લાગેછે, અને તે પછે છાતી આગલ કાંઈ દુચો થએલો જણાએછે. એ દુચા સરખાં દરદથી તે સ્ત્રી ઘણી ઘબરાએછે અને તે જરા જરામાં ગુંગલાઈ જાએછે. થોડા વારમાં તેનું સઘલું બદન ધુજવા લાગેછે, તથા તે બેશુધીમાં આવતી જાએછે તારથી તે મરજની અસર વધતી માલુંમ પડેછે. અફસોસ ! આ વખતનો દેખાવ નબલી છાની વાલાં આદમીથી દેખી શકાતો નથી. તે ગરીબ સ્ત્રી પોતાના હાથ પગ એવા જોરથી પછાડેછે કે તે નબલી હોએ તોપણ તરણ ચાર માણસો તેને થોભાવી શકે નહી. તેવી હાલતમાં તેને જગેજગ વાગેછે; તે પોતાના બાલ તોડી અને પીખી નાંખેછે; તે પોતાના કપડાંને ફાડી તોડી નાખેછે, અને ભએ ભરેલા અવાજ કાહાડેછે. એ પછે થોડેવાર વલી ને મુગી મુગી પડી રેહેછે, તેવામાં તે કોઈ વખતે પાછી શુધીમાં આવેછે, અને કોઈ વખતે દરદે જોસ કીધાથી તેને વલી પાછી ચમક થાએછે. એવી હાલતમાં કોઈવાર દાહાડાના દાહાડા ખોરાક વગર, તથા રાતની રાત ઊંઘ વગર ગુજારેછે. તેનું બદન તદન લેવાઈ જાએછે અને એ વીનાએ બીજી ઘણી હલાકી તે ભોગવેછે.

કેટલીએક વખતે "હીસટીરીઆનાં" મરજની અતીશણી માંઠી અસર જોવામાં આવેછે. કોઈ વખતે તે મરજ વાલી ઓરતનાં ચાવનીઆં અને છાતી એવી રીતે બેસી જાએછે કે તે એક મુડદાંનાં સરખી લાગેછે. તેની બેશુધીને મોહોતમાં ખપાવાનાં દાખલા પણ મોજુદછે. વેસીલીઅસ નાંમનો નાંમીચો વઈદ એક વખત ઊપર એક સ્ત્રીને મુએલી સમજીને તેનું બદન ચીરવા જતો હતો. પણ તેણે તાજુબી સાથે જોએઊં કે જેવો તેણે તેનાં સરીર ઊપર પેહેલ વેહેલો કાપ મેલીઓ તેવીજ તે ઓરત ચોંકી ઊઠી. એ ઊપરથી તેને માલુંમ પડીઊં કે તે સ્ત્રી "હીસટીરીઆનાં" મરજથી એટલી બેસુધ થઈ પડી હતી કે તેમાં અને મુએલી ઓરતમા કાંઈ ફરક નહી હતો.

ઈસવી સને ૧૭૪૫ માં એજ પરમાંણે એક કરનલ રસલની બાએડીની છાતી બેસી ગઈ હતી. તેનો ભરથાર અને બીજાં સગાં વાહાલાં તેને મુએલી સમજીઆં હતાં, પણ તેની લાસને તુરત દફનાવામાં આવી નહી હતી. તેનું કારણ એ હતું કે કરનલ રસલને પોતાની બાએડી ઊપર ઘણો પીઆર હતો, અને તેથી તેણે તેની લાસને વધારે વખત સુધી ઘર મધે રાખવા ચાહી હતી. પણ થોડાવારમાંતો તે સ્ત્રી હીલવા લાગી, અને પાછી શુધીમાં આવી. તેથી કરીને તે બીચારી જીવતીને જીવતી દટાઈ જતાં અટકી હતી. એવી રીતે બેશુધીથી ઘણીવાર માંણસ મુડદાં સરખું થઈ પડેછે. એ ઊપરથી દેખીતુંછે કે એક માંણસનાં મુવા પછે તેને તુરતજ ઘરમાંથી બાહાર કાહાડવાની રસમ ગેરફાએદા ભરેલીછે.

"હીસટીરીઆનો" મરજ સાથી થાએછે તે ઊપર હવે બેઆંન પોહોંચાડીએ. ઊપર કહેઊંછે તેમ ભેજાં અને બીજી નેસોની હાલતમાં ફેરફાર થવાથી એ મરજ થઈ આવેછે. એ ફેરફાર થવાનાં કારણો ઘણાં છે. દસતાંન અને ઘરબસતાંનનાં મરજો એવાં કાર

મદદ કરવાને ભલી આલીસ લીસલી ખંતી હતી. એમાં તેની કાંઈ તકશીર નથી. કોઈબી કારણને માંટે માંણસો એક એક સાથ લડી મરે એ વાત તેનાં ધેઆંનમાં ઊતરતી નહી હતી. તે પોતે અરસ પરસ મદદ કરવાને ખુસી હતી. તેથી કરીને ખરાબ-અવસથાનાં આદમીઓ તેનાં ઘરનો આસરો લેતાં હતાં. તેઓમાં રાજની સાંમેવાલાઓ પણ તેને ઘર આવતા હતા, કેમકે લેડી આલીસે સરવેને માંટે પોતાનાં દરવાજા ખોલા મેલેલા હતા.

એક વખતે આલીસનાં ઘરમાં એવા રાજની સાંમી બોરદુનાં બે માંણસો આવી ભરાએયાં. આલીસને ખબર નહી હતી કે તેઓ બલવાખોર ટોલીમાંનાંછે. માંટે તેણીએનો સરેસતા પરમાંણેની ભલાઈથી તેમને આસરો આપીઓ. પણ તે વીશેની ખબર સતાવાલાઓને થઈ. તેઓ ઊચાઊચ લેડી આલીસનાં ઘરનાં જાહાડા જોવા આવીઆ, અને ઊપલા બંને જણને તેઓએ શોધી કાહાડીઆ. તારબાદ વલી સતાવાલાઓનાં હોકમથી લેડી આલીસને કેદ પકડવામાં આવી. રાજની સાંમે ફીતુરી કરનારાઓને ઊતેજણ આપવાનો મોટો અનેઆએ તેનાં ઊપર મેલવામાં આવીઓ. તે હોકમ ઊપરથી સરકારી અમલદારોએ હથીઆર બંધ થઈને લેડી આલીસ

તા હતા. તેઓએ ઊપલા રેવાજથી ઊલટા જઈ એક જુરીની હજુર આલીસની તપાસ ચલાવી. બં વીની સાંમે પુરતા શાખસી પડેઆ નહી. જુરી વીચાર કરવાનો જડજે વખતબી આપીઓ નહી, ને જેમ તેમ કરીને આલીસને અપરાધી ઠરાવી. વું મત જુરીથી સાંભલતાંવાર લેડી આલીસ લીને જીવતી બાલી નાખવાનો હોકમ થએઓ, પર પછે જારે તેની તરફ દએઆ કરવાની એ થઈ તારે ગરીબ આલીસને ફાંસીની સજા મલી કમ પરમાંણે ઊપર લખેલું તેમ આ નીરદો રકાઓને મદદ આપતાં મોહોતનો ભોગ થઈ

આલીસ લીસલી તવારીખના સફા જુલમને લીધે જાંણીતી થઈછે. જે વેલાએ મરણ પાંમી તે વેલાએ તેની ઊમર મો જરોથી ભરેલાં વરસો ગુજારીને તે ઘણે થા પાકાં મનની થઈ હતી, તેટલા માટે લી સજા ધીરજ અને હીમતથી ખમી તરી હતી કે તેણે એક પવીતર ફરજ તેટલા માટે ઈશવરની સાંમે જતી વે તી લાગી નહી હતી.

વાદીએ શાખસી આપી કે "મારૂ નામ મજલુ
મછે. હું મજદુરી કરૂં છઊં, અને આ બંદીવાનને
ઓલખુ છઊં. એણે મારી ઊપર ઘણા જુલમ ગુ
જારીઆછે. મારા મુરબી, એના જુલમાતની હું શું
વાત કરૂ, તે જુલમ મને ઈઆદ આવેછે તારે મારી
છાતી ભરાઈ આવેછે, તેથી એટલુંજ બોલું છઊં કે તે
ણે મને દોલતમંદમાંથી ભીખારી બનાવીઓછે અને
તેણે મને મારા જુવાન છોકરાની જુદાઈનો હમેશનો
દાગ મારા શીનાને આપીઓછે મારી દોલત નાસ
પાંમી તે કોઈ વગર સંભાલથી થઇ હશે અને મારા ફ
રજંદનું મરણ કાંઈ બેમારીના શબબથી નીપજીશે હ
શે એમ તમો વીચારતા ના. મેં એક વેપારી સાથે રા
સમાં માલ લઈ અતરે વેહચી લીધો હતો, અને તે મા
લ એકજ મુલક તરફ વેચવા મોકલીઓ હતો. તેમા પેલા
વેપારીને મોટો નફો આવીઓ અને મારી સઘલી દો
લત તણાઈ ગઈ, જેથી હાલ હું ચીથડેહાલ બનીઓ
છઊં. માહરાં પેઆરાં ફરજંદને કાંઈ બેમારી હતી
જ નહી પણ તેને ફકત રસતામાં ચાલતાં પગમાં ઠોક
ર વાગવાથી તે મરણ પાંમીઓછે. અગરજો તમો એ
વું કેહશો કે હું પોતાનું કામ પોતાના વીચાર પરમા
ણેજ કરૂ છઊં અને તેવું છતાં નુકશાન નીપજે તો
તેમાં નસીબનો વાંક શું, એતો એવો બનાવ. પણ
શાહેબ તે બનાવને બનાવનાર કોણ? કોઈજ નહી પ
ણ એ બંદીવાન નસીબછે. એ વીશે વધારે તજવીજ
કીધાથી તમો શાહેબોને રોશન થશે આ એક ગરંથ
મારા હાતમાંછે તેમા એવી ચાલ વીશે શું લખીઊં
છે કે 'ઈનશાનના નશીબમાં જે લખાએલું હોએ તે તે
ની આગલ આવે.' એ પરમાંણે નશીબે મારી ઊપ
ર જુલમ કીધોછે, મારી દોલત ખોહી દીધીછે, અને
મારાં વાહાલાં ફરજંદનો પરાંણ લીધોછે."

મજલુમની ફરીઆદ પુરી થવા પછી દરબારમાં
સોભાગશા વેપારીની અને બીજી શાખસીઓ લેવાઈ
હતી. તારબાદ અકલે પરતીવાદી નસીબને બોલાવી
મંગાવીઓ અને તેને પુછીઊં કે—

"તમે શું પરતીવાદીના કપાલમાં નરશા લેખ
લખીઆ હતા"?

નસીબે જવાબ દીધો કે "જેમ એ કેહછે તેમ ન
હી (ઈઆને આગલથી નહી) પણ જે કામ તે કરી ર
હેલો હતો, તે કામની બીનાનું બયાન રાજાના ધરં
મનો ઊપાધીઓ અંતકરંણ મારી ઊપર મોકલતો
હતો અને તે હું મારી તવારીખની ચોપડીમાં લખી
રાખતો હતો બાકી હું બીજું કાંઈ જાણતો નથી."

અકલ—તમે એ લેખ આગલથી લખેઓછે
એમ ધરંમ પોથીમાંથી શાકશી પડેલીછે.

નસીબ—મારા શાહેબ મેં લેખ બીલકુલ આ
ગલથી લખીઓ નથી, તે હું એજ પોથીમાંથી શાબે
ત કરી શકીશ. જુવો હીઆ લખીઊંછે કે નશીબ,
'આગલા કરમોમાંથી નીકલછે.'

શાહેદીઓની તપાસ પુરી થએઆ પછે વાદી
મજલુમનો હીમાએતી દરવેશ પોતાનું બાગાંન કરવા
ઊઠો તે બોલીઓ કે આ બંદીવાન ઊપર એવી ફ
રીઆદી થએલીછે કે આ બચારા અશીલ વેપારી
ને તેની શગલી પુંજી, દોલત છીનવી લઈને તેને પા
એમાલ કીધોછે. ધરંમ પોથીમાં શાફ લખીઊંછે કે, 'ઈ
નશાનના કપાલમાં જે લેખ એ બંદીવાન લખે તે
મ થવું જોઈએ.' એ બોલી બાબતને ગુચવારામાં
નાખવાને પરતીવાદી એજ ધરંમ પોથીમાંથી બતાવે
છે કે, 'નસીબ આગલા કરમોમાંથી નીકલેછે'. તેનો અ
રથ તે એમ સમજાવા માંગેછે કે 'અવલ કરંમ અ
ને બાદ નસીબ,' એ અરથ ખરોછે પણ તેથી એની
મતલબ પાર પડે તેમ નથી એ બે શ્લોકને એકઠા
કીધાથી તેમનો અરથ એમ થાએછે જે 'ઈનશાનના ન
સીબમા જે લખાએલુ હોએ તે આગલ આવે અને ન
સીબ આગલા કરમોમાથી નીકલેછે' દુનીઆમાં જે થા
એછે તે નસીબથી થાએછે, નશીબ એક બીજછે અ
ને કરમને તેનું ફલ સમજવું. ઈનશાન જનમેછે તે
આરેજ આ શંશાર ચલાવવા તેને શાથે કુદરતની હથી
આરો હોએછે જેવાકે ઈ દરીઓ, ઈતીઆદી. તે હથી
આરો સઊને સરખી રીતે મલતાં નથી. કોઈને ઓ
છાં, કોઈને વધુ, કોઈને નરમ, કોઈને નરમ એમ મ
લેછે અને તેથી કોઈ આંધલો, કોઈ બેહરો, કોઈ દાહ
ઓ, કોઈ દેવાનો હોએછે. તે શખસ પોતાનાં નશીબ
થી તેવો થાએછે. નશીબ પોતાની મરજીમા આ
વે તેમ રાજાને રંક અને રંકને રાજા બનાવેછે અ
ને એ વાત જગજાહેર પરશીધ થએલીછે. ગઈ તવારીખ
ને પુછો કે હજારો લડાઈઓ કોણે કરાવી, ખોદાના
લાખો બંદાનાં જાનની ખરાબી કોણે કીધી, બાદશાઈ
ઓ કોણે ઊંધી વાલી, વલી એક ભીખારીને ટીક

રાની જુદાઈ કોણે કરાવી ? ભાઈ અને બેન, ખાવંદ અને ઓરતમાં મારા મારી કોણે કરાવી ? કોઈ એજ નહી પણ તેના નશીબે, વાશતે તમોને મારી એવી અરજછે કે એ લુછાં નસીબને તેની ઘટતી સજા એ પોહોંચાડવો

આ ભાશાંણનો નસીબનાં હીમાએતીએ ટુકમાં જવાબ આપીઆ પછે અકલે પોતાનો ચુકાદો આપીઓ હતો. તે નાંમદાર ઈનસાફ કરતી વખત બોલીઓ કે આ મુકદમો એટલો અગતનોછે કે એના ચુકાદા ઊપર ઈનશાનની હાલતનો ચુકાદો થાએછે મારા ભાઈ ગનાને ઈનશાનની બધી હાલતથી મને વાકેફ કીધોછે. હાલમાં એક તરફથી એવુ શાબેત કરવાની કોસેશ કીધીછે કે ઈનશાનની હાલતની ઊથલ પાથલ સરવે નશીબથી થાએછે અને બીજી તરફથી એવુ બતલાવામાં આવીઊછે કે, તેતો ફકત તવારીખની નોંધ રાખનારછે, એટલુજ નહી પણ તેના એવા કામથી ઈનશાનને ફાએદા થાએછે. એ બેઊ પખાશ વાલાએ પોતાના પુરતા દલીલ દાખલા આપીઆછે અગર સરવ કામ નસીબથીજ બનતાં હોએતો કોઈ નરશુ કરમ કરે તેમાં તેનો વાંક કેવાએ નહી, અને તેનો બદલો લેવાની પણ કોશેસ કરવી જોઈએ નહી. એ વાત ઊપર એતેકાદ રાખવાથી ઈનસાફ કેવો ઊધો વલે, તે કેહવાની જરૂર નથી. વાદી વેપાર કરતો હતો પણ તેને જારે નસીબ ઊપરજ એતેકાદ હતોતો શાઆરૂ તે વેપાર કરવા ગએઓ વારૂ ? એ અગતનો સવાલછે. અગરજો સઘલુ નસીબથીજ બનતેતો એને હાથ હલાવીઆ વગર પરબારો નવાવો તેને મોડામાં પડતે, પણ હુ ધારૂછઊ કે તેને પોતાને નસીબ ઊપર એતેકાદ નથી:

સઘલી ચીજો નસીબથીજ બનેછે એમ સમજીને લોકો બેસી રેહતો દુનીઆં ઊંધી વલે. લોકો પોતાના ગુજરાનને કીજે મેહનત કરે નહી, તનદરોશતીને કીજે માવજત રાખે નહી, અને શુખ દુખના કાઈબી એલાજ કરવા જાએ નહી કાએજે, તેના કેહેવા પરમાણે શઘલુ નસીબથી બનેછે તારે એલાજો કરવાનુ કામ શું છે ? પણ તેઓ પોતેજ તેપર ભરશો નહી લાવીને તરત એલાજ કરવા દોડેછે.

હરેક બનાવ કારણો વગર નીકલતો નથી કારણો જે સમજી શકતા નથી તેને તે નસીબ ઠોકી બેશાડેછે. વલી બાજે શખસો મોત શેવાએ સઘલી બાબતો શંજોગથી નીકલેછે એવુ કબુલ કરેછે, પણ તેને હુ જણાવવા માંગું છઊ કે મોત પણ શંજોગ સેવાએ થતુ નથી. જેમકે એક ફાનશ આપણે રોશન કરીએ અને તેને કાંઈબી હરકત નહી પોચેતો જાંહાંશુધી તેનામાં તેલ હોએ તાંહાંશુધી રોશન રેહેવુ જોઈએ. પણ જો કાંઈ બતીમો ફેર હોએ, અથવા કાંઈ ધકો લાગાથી તેલ છલકે, અથવા જોરથી અંદર પવન આવે, અથવા પવન આવતો બંધ થઈ જાએ, અથવા ગલાશ તુટી જાએ, તેવો કાંઈ સંજોગ બનવાથી, તેલ છતાં બતી ગુલ થાએછે. તેમ માણશ પણ સાવચેતીથી પોતાની હઆતી લાંબી કરી શકે; એમ સાબેત થઈઊછે. મુંબઈના કોટની બાહેર કેટલાક મોહલાઓ, કે જેમાં ગટરો તથા શફાઈ હતી નહી, તેમાં આગલ વરશ દાહાડે એક હજાર આદમીએ ૪૦ થી વધારે મોત થાતાં હતાં. તેજ મોહોલાઓમાં આજ ચાર પાંચ વરશ થએઆં ગટરો અને સફાઈ કીધાથી તેઓના મોતની ગણતરી હાલ એક હજાર આદમીએ આશરે ૨૫ની ઊતરેછે. આ ઊપર વીચાર કરતાં સાફ જણાએછે કે આદમી નશીબને ફેરવી શકછે. હવે જારે નશીબમાં લખીઊ હોએ તેમજ કેમ બને ? કેટલીએકવાર હુશીઆર આદમી નાસીપાસ થએલો, અને અપટ પોતાની મુરાદને પામેલો આપણ જોઈએ છઈએ, તે નસીબથી થતું નથી. જેટલાં અપટ માંણસો નાહાની પદવીથી ઊંચે દરજે ચહડેછે, તેનાં કરતાં હુશીઆર માંણસોની મોટાઈ પાંમવાની શંખેઆ ઘણી વધારે હોએછે. જો એક ટોપલીમાં પાંચસો નંગ બીલોરકાંમ તેમાં અરધાં મજબુત અને અરધાં હલકાં ભરીને એક ઊંચી દીવાલ ઊપરથી નાખી દઈએતો તેમાંથી દસ બાર નંગબી આખાં બચી જશે, અને જે બચશે તેમાં મજબુતનો ભાગ વધારે હશે, તેમજ આપણે [illegible] સારૂ નરસું સંજોગ ઊપર આધાર રાખેછે તેનો દાખલો એછેજે સરીઆમ રશતામાં એક કીમતી જવાહેર પડીઊ હોએ તે કોઈનેબી નજરે પડવું જોઈએ પછે તે દોલતમંદને ઈઆ ભીખારીને જેને મલે તેને નશીબે આપીઊ, એમ કેહવું ભુલ ભરેલુંછે.

આ બાબતને મલતા મારી પાશે ઘણા દાખલા છે, તે ટાંકીને આ ભાશાણ લંબાંણ કરવાની હું અગ

ત જોતા નથી વાસતે દરબારનો એવો ચુકાદોછે કે નસીબ બંદીવાનં મુતલગ - બેગુનાછે. અજબ જેવુછે કે કોઈના હાથથી સારૂ કામ થાએછેતો "મેં કીધુ એમ કેહછે" અને નરસુ થાએછેતો નસીબને બદનામ કરેછે. તે ઊપરથી ચોખાહું દેખાઈ આવેછે કે માણસ પોતાની એક તકશીર ઢાકવાને વાસતે વગર વજુદની ચીજને વચમાં લાવી મુકેછે, તેમ ન કરતાં ઈનસાનને લાજેમછે કે જે કામ પોતાની ધારણાથી બને અને જે દુખની ગલીમાં શ્રએછે, તેમાંથી નીકલવાની ધીરજથી તજવીજ કરવી. પણ નસીબ ઊપર વાંક દઈ બેસી રેહવું જોઈતું નથી. વાગતે મારો અભીપરાએ એછે કે આ બંદીવાનને તેની ઊપર કીધેલી ફરીઆદીમાંથી છોડી દેવો સજાવારછે.

ઊપલો મોતબર ચુકાદો દરબારમાંના સરવે લોકોને એટલોતો પસંદ પડીઓ કે તેઓએ તે સાંભલીને ખુશાલીનો પોકાર ઊઠાવીઓ. તે પોકારથી હમો હમારી ઊંઘમાંથી જાગી ઊઠીઆ અને જોએઊંતો એમન રાજાની દરબાર હમારા સપનાંમાજ આવી હતી.

(મલેલું.)

---

## ઘુવડ પખશી.



જે માંણસનો ચેહરો ઊદાસી ભરેલો અથવા આકાર ઘણો ગંભીર હોએછે તે માંણસને લોકો ઘુવડનાં સરખો ગણેછે. એ મીશાલ કાંઈ ખોટી નથી. પખશીઓની બનાંવટમાં ઈશવરી કરામત ઘણી દેખાઈ આવેછે. કુદરતની કલમથી એ જીવજંતોનાં સરીર ઊપર એવા ખુશનુમાં અને રંગ બેરંગી ચીતારો દીઠામાં આવેછે કે તે જોવાથી માંણસની આખમાં ટાહડક પડે અને દીલમાં શંતોશ પેદા થાએ. પણ ઘુવડ પખશીને જો દુરથી જોએઊં હોએતો તેને સીણગારવામા કુદરતે ઘણી ખાંમી રાખી હોએ તેમ દીસે છે એવું જોકે, ખરેખર કાંઈ નથી, તોપણ ઘુવડ પખશીનો દુરનો દેખાવ જોઈ લોકો તેને ઘણું નાંપસંદ કરતાં હોએ તેમ દીસેછે. કોઈબી ચીજની નજદીકથી અથવા બારીક તપાસ કરનારાં થોડાંજ આદમીઓ હશે. બાકીનાંઓ તે ચીજને માંતર આંખથીજ તપાસી જોશે અને પછે પોતાનુ મત આપવા નીકલશે. તેઓ તેના પડ છુટાં પાડશે નહી, અથવા તેના સાધા તપાસશે નહી. તે ઊપરથી તેઓ કેટલીએકવાર ભુલ ભરેલા વીચારો આપશે. એવા વીચાર ઘુવડ વીશે પણ ઘણાંઓને હોએછે. એ પખશી દુરથી જોકે જરા બદસુરત દીસેછે તોપણ તેનાં ઊપર નકસી ચીતારવામાં કુદરતની કલમ નબલી નથી

કેટલીએક વાંચનારી બાઈઓએ ઘુવડ પખશીને જોએલી નહી હશે, કારણ કે એ પખશી હંમેસાં રાતની વખતે બાહેર આવેછે. જારે દુનીઆ જાગેછે, તારે ઘુવડ ઊંઘ કાહાડેછે આખો દાહાડો એવી રીતે ગુજારીઆ પછે, જારે બીજાં જીવજંતોની રાત શરૂ થાએછે તારે ઘુવડની સહવાર પડેછે અને પછે તે ફરવા નીકલેછે. એ, ઘુવડ પખશીમાં કુદરતે મુખીઅ ગુણ મેલેઓછે, અને જાંણવાજોગ એટલુ છે કે ઘુવડની એ હાલતને મલતી, રીતે તેને બનાવીઊછે. બીજાં પખશીઓનાં પીછાં રંગબેરંગી હોએછે, પણ ઘુવડની પાંખ તથા પીછનો રંગ ઘણુ કરીને કાલાસ ઊપર હોએછે. તેનુ કારણ એછે કે શીહારાતને સમે ફરનારૂ એ પખશીછે. અગરજો તેનાં બદનને રાતને મલતો રંગ આપીઓ નહી હતેતો ઘુવડ પોતાનુ કાંમ ચલાવી શકતે નહી. તોએપણ ઘુવડનાં પીછમાં જે બારીક કાંમ લેવામા આવીઊંછે તે જોવા જોગછે.

કેટલાંએક જીવજંતોનો શેકાર કરવાને જાંણે ખોદાતાલાએ ઘુવડને જનમ આપીઓછે. કેટલાંએક નાંહાંનાં પંખીઓ, ઊંદરો, સસલાંઓ, ઈતીઆદી, જેથી માંણસને ઘણી ઈજા થાએછે તેમને ખાવાનું કાંમ ઘુવડનુંછે. એ ખોરાકને શોધવા માંટે તથા દુનીઆંમા ફરવા હરવા માંટે ઘુવડ રાતને વખતે બાહેર નીકલેછે. તે ખોલાં મેદાનમાં, ખડકો ઊપર અને જાહાડો અથવા ઈમારતો ઊપર જઈને બેસેછે. તે વખતે તે અધારાંમા જાજું દેખાએ નહી એવો તેને કુદ

રતે રંગ આપીઓછે. એથી કરીને જે પરાંણીઓ તેને વસ થવાનાં હોએ તેઓ તેને જોઈ શકતાં નથી. પણ ઘુવડ પોતાનાં શેકારને વણંજ દુરથી જુવેછે. ઘુવડની આંખ ઈશવરે ઘણી મજબુત, મોટી અને તેજદાર બનાંવીછે. તે આંખની આસપાસ હાડકાંની એક વીટીછે જે જરૂર પડવે નાંહાંની અથવા મોટી થઈ શકેછે. તેમાં આંખની કીકીને એક નાંહાંનાં હાડકાંના ફુલીઆંની વચોવચમાં મેલીછે, અને તે હાડકું શુમાંરૂ હોવાથી આંખને વધારે શકતી આવેછે. તેજ પરમાંણે પોતાના શેકારની હીલચાલ સાભલવાને ઘુવડનાં કાંનને પણ કુદરતે ઘટતા સંભાલથી બનાવીઆછે. તે જેમ અંધારામાંની દરએક ચીજ જોઈ શકેછે તેમજ અવાજો સાંભલી શકેછે. એટલુજ નહી પણ ઘુવડની પાંખને ખોદાતાલાએ જોરેમંદ બનાવીછે. તેથી ઊડવામાં ઘુવડની જહડપ અજાએબ જેવીછે તે મનભાવતી ઊતાવલથી ઊડી શકેછે અને એ રીતે પોતાના દુશમન ઊપર ધાવી જાએછે. ખોદાતાલાએ જેમ માંણસને તેનાં કાંમને લાએક બનાવીઊછે તેમજ ઘુવડ સરખાં નાંહાંનાં પરાંણીની જાલવણીને માંટે સંભાલ લેવામાં કાંઈ બાકી રાખીઊ નથી.

ઘુવડ ઘણી જાતનાં હોએછે. તેઓનાં રંગમાં અને સીકલમાં સેજસાજ ફેરફાર જણાંએછે. તેઓ ઊપર કહેલાં ખોરાકને તે સાથે માંછલી ઈતીઆદી શોધી લાવેછે અને પોતાનાં માલામાં લઈ જાઈને ખાએછે, તથા પોતાના બચાંને ખવાડેછે. તેમને કાંઈ માલા બાંધવા પડતા નથી. તેઓ ઘણુ કરીને ઊંડી અને અંધારી જગા અથવા ખાડાઓમાં વસેછે. તેઓને દીસનાં કાંઈ ચીજ દેખાતી નથી, અને તેથી ઊજરડાંવાલી જગામાં તેઓ કદી દેખાતાં નથી. તોપણ જો કોઈવાર અકસમાંત બનાવથી દીસને વખતે કોઈ ઘુવડ વસતીમાં આવેછે, તો તેના માઠા હાલ થાએછે. બીજાં જણાંવરો તેની આસપાસ ધોંધાત કરેછે અને તેને કંટાલો આપેછે. છોકરાઓ તેને સેહેલાઈથી પકડી શકેછે. ઘભરાતી વખતે ઘુવડ કાંઈ ઘણો કઢંગો અવાજ કરેછે. તે ઊપરથી અને તેનાં દેખાવ ઊપરથી કેટલાંએક દેશોમાં તેને માંટે એવો વેહેમ રાખવામાં આવેછે કે જારે ઘુવડ પખશી બોલતું સંભલાએ તારે કાંઈ માંદો બનાંવ બનશે એમ સમજવુ. ઘુવડ માંણસથી પાલી શકાએછે. પણ તે ઘરમાં જાજુ ઊપીઓગી જણંતું નથી. દીસનાં તે પોતાનાં શેઠ ઈઆ ધણીને ઓલખી શકતું નથી, પણ આલશુની મીશાલે પડી રેહેછે. રાતનાં તે પાછુ હુશીઆરીમાં આવેછે અને રમત તથા ગમત કરતું હોએ તેમ દીસેછે.

---

## રમુજે ફુરસત.

૧. બેહેનો તમે સંભાલજો. હું એ બોલની એક પદારથ છેઉં. મારા પેહેલા ઉપીઓગી ભાગને હાથ લગાડતાં ના, અને તમારાં બચાંને આગલ લાવતાં ના, નહીતો કે જે આવશે તે તેનો સવાદ પામીને જશે. તેજ પરમાણે બેહેનો મારો બીજો સમુદરમાં ઉપીઓગી ભાગ જારે તમારે માટે વપરાતો હોએ તારે ચેડાં કાહાડશોના. નહીતો કે તમો નાસ પાંમશો, પણ મને આખી વીચારો અને હુંતમોને મારા પેટમા સમાવશ તથા જાંહાં જવશ તાંહા તમુને સાથે લઈ જવશ.

૨. હું સઉને ઘર હોઉં છેઉં, માટે તમોએ મને ઓલખવો જોઈએ. માહારો ચેહેરોછે અને હાતછે. જારે મારા હાથ હીચેછે તારે લોકો કેહેછે કે હું ચાલુ છેઉં, પણ જારે હું ચાલું છેઉં તારે એક જગોએથી બીજી જગોએ જતો નથી પણ જાંહાનો તાંહાંજ પડી રહું છેઉં. (ઇ ગરેજી ઊપરથી)

૩. હેઠલ ટાંકેલી દરએક લીટીમાંના હરફોમાંથી એક એક ચોકસ બોલ નીકલેછે, પણ તે હરફોને ઉલટ પાલટ તથા બરોબર અરથ વગરની ટપમાં મેલીઆછે અને તેમાથી તેમને લગતો બોલ શોધી કાહાડવાનું વાંચનારનું કાંમછે.

૧ જાણ પાહાડ.
૨ તાતા વડી ઓહા.
૩ સારીઓ તકલાવ.
૪ વર રાંધવ!
૫ લપુ રર.

---

## સવાલોના જવાબ.

(જુઓ ગએઆ આકના સવાલો)

૧ પોસટમાં નાંખેલું કાગળ.

૨ ક અખેર—કલસીઓ, કલાઈ, કમર, કજીઓ, કપાલ, અકલ, અકલાટ, કરાર.

૩ ગારીબાલડી—ગા, ગારી, ગાડી, ગાલ, બાલડી.

૪ કેર, ખસખસ, સપાટ, અને રૂમ, એ સબદોનાં પેહેલા હરફોથી "કેપ્પસરૂ" નું નાંમ આવેછે અને છેલા હરફોથી "રૂસતમ" નુ નામ થાએછે.

## પરચુરણ બાબદો.

**એક તલેસમાતી ફુલ**—હોકાઇઅંતરનો અરથ વાંચનારી બાઈઓને ખબર હશે. સમુદર મધે વાંહાંણ ચલાવનારાઓ એ ઇઅંતર ઉપરથી દસા પારખેછે. તેમાં લોહોચુંબકની એક સોએને જીહુલતી રાખવામાં આવેછે અને તે સોએ સદા ઉતર તરફ ફરીને ઉભી રેહેછે, તે ઉપરથી દસા જણાંએછે. એ રીતે દસા પારખવા માંટે એ ઇઅંતરને હુનરથી બનાવવું પડેછે. પણ હમણા કુદરતથીજ એવું એક ફુલ ઉગેછે, કે જે ઉપલાં ઇઅંતરની જગો સારેછે. તે ફુલને તમે કોઈબી દેસ, હવા ઇઆ ગરમીમાં લઈ જાઓ, પણ તેમાંના પાતરાં સદા ઉતર દસા તરફ વલેછે અને તે ઉપરથી દસા પારખી શકાએછે. એ ખરેખર એક તલેસમાતછે.

---

**તંબાકુ અને કાફી**—દુનીઆંમાં દર વરસે ૨૦૦૦૦૦૦૦૦૦ (બે અબજ) રતલ કાફી ખપેછે, અને સુમાંરે ૪૪૮૦૦૦૦૦૦૦ (ચાર અબજ ઉરતાલીસ કરોડ, રતલ તંબાકુ ખપેછે એવી ગણતરી થઇછે.

---

**સપનાં સરખી શોધ**—ફરાંનસ ખાતે વસનારો એક વીદવાંન, પરજાને એક નવાઈ સરખી કબુલાત આપવા નીકલીઓછે. હવાની સીસી મધે પારાની અહડ ઉતરથી વરસાદ અથવા તોફાંન થવાની એકુ દીવસ અગાઉથી આપણને ખબર પડેછે. પણ ઉપરો ફરેચ વીદવાંન એજ ઉપીઓગને માંટે એક સુધારેલું હથીઆર શોધી કાહાડવા માગેછે. તે એટલા શુધી કેહેછે કે તેના સાંચામાંથી એક તોફાંણ થવાનું હોએ તેની પચાસ વરસ આંગમચથી ખબર પડશે! આ વાત હાલ તરત નહી માણવા જોગ લાગેછે, પણ જો એ શખસે એવી રીતના સાંચાને શોધી કાહાડીઓતો તે ખરેખર ઉપીઓગી થઈ પડે.

---

**ધંધાદારી ચોરો**—મોટાં દેશોમાં કેટલાંએક આદમીઓનો ચોરી કરવાનો ધંધોજ હોએછે, તેમાં કેટલોએક ભાગ સીઓનો પણ હોએછે. સને ૧૮૬૦ ના એકજ વરસમાં વેલાત ખાતે ૬૧૮ સીઓ પાંચ પાંચ વખત બંદીખાને જઇ આવી હતી. એ ઓછાંમાં ઓછી સંખીઆ હતી, પણ દસ વખત કેદખાંનું ભોગવનારી ૫૮૪ ઓરતો, અને દસથી વધારે વખત સજા પાંમી આવેલી ૨૫૪૮ ઓરતો તે દેશમાંથી મલી આવી હતી.

---

**થોડીએક શીખામણ**—ઇંગરેજી ઉપરથી થોડીએક દાંનાંઈની વાતોને હેઠલ ઉતારીછે—

"હંમેસ બને તેટલું લેવો, બને તેટલું આપો, અને બને તેટલું બચાવો.

"શંકટને બીજી વખત દુર કરવા ચાહાતાં હોવેતો તમો તેની પેહેલી વખતની શીખાંમણ સાંભલી લેજો.

"બચાંને કેમ બોલવુ તે શીખવતી વખતે કેઆરે બોલવું તે પણ શીખવવું જોઈએ.

"જેમ હવા ઉપર ઉડી જવામાં નુકસાંનછે તેમજ ખાડામાં પડવાથીછે. માંટે જેમ અનઘટતો ઠપકો ખરાબી કરેછે તેમજ અનઘટતી વખાંણથી થાએછે.

"માંણસની જીભ બે ધારની તલવારનાં સરખીછે. એક ધારથી તેનાં દોસતો અને બીજી ધારથી તે પોતે કપાએછે."

---

**જાએફલ અને જાવંતરી**—આ પદારથ આપણા દેશમાં ઘણી ખપેછે. તેમા કેટલાએક ગુણછે. કેહેછે કે તેથી ખોરાક હજમ થાએછે. હીંદુસતાંનમાં દર વરસે ૧૦૦૦૦૦ (એક લાખ) રતલ જાએફલ ખપેછે પણ વેલાત ખાતે ૩૦ કરોડ રતલ જાએફલનો ખપ થાએછે. જાવંતરીનો ખપ એ બધે દેશોમાં સરખો થાએછે.

---

**એક નવી જાતની બાટલી**—ઇંગલંડના એક મી૦ ડરીવેટ નાંમના કારીગરે નવી જાતની બાટલીઓ બનાવવા માંડીછે. તે અતી ઘણી કાંમની થઇ પડશે એમા કસો શક નથી. તે બાટલીમાં એક ઉપર અને બીજો નીચે એવા બે ભાગ કીવેલા હોએછે, તેથી તેમાં જો કોઈબી દવા દારૂ ઇઆ બીજી ચીજને રેડી હોએછેતો તેમાંનો બારીક બારીક કચરો ઉપરના ભાગમા અટકી રેહેછે અને તે પદારથ સાફ થઈને નીચેના ભાગમાં જઈ ઠરેછે. એ રીતે દારૂ ઇઆ બીજી કોઈબી વસતુ આ બાટલીમાં પોતાની મેલે ગલાએછે, અને જારે માંગીએ તારે નીરમલ થઈને બાહેર આવેછે.

---

**હીમત કેવી હોએ?** આસટરીઆ દેશની સીઓએ હીમતનો એક દાખલો આપીઓછે. ઇઉરોપીઅન લેડીઓને પેહેરવાના એક જાતના ગવનને "કરીનોલીન" કરી કેહેછે, તે પેહેરવાથી તેઓ જરા જરા સોભેછે ખરી, પણ તે ગવન ઘણી અગવડ કરેછે. તે અતીશએ પોહોલો હોએછે, અને ઘણી જગા રોકેછે, તે સાથે તેમાં જીણું કપડું આવેછે અને તેથી તેને સલગી ઉઠતાં વાર લાગતો નથી એ જાતનાં પોશાકને હમણાં હમણાં નાંપસંદ કરવામાં આવેછે તોપણ ઇઉરોપીઅન ઓરતો તેને કાહાડી નાંખતી નથી. આસટરીઆ દેશની ઉપલી સીઓ સમજુ હોવાથી તેઓએ આ પોશાકને બનતાં સુધી અટકાવાનો સંપ કીધોછે. જે જગોએ એવા પોશાકવાલી સીઓ હાજર થતી હોએ તે જગોએ આ ઓરતો પોતે હાજર થતી નથી. એથી તેઓ કેટલાંએક લોકોનાં ધીકારમાં આવેછે, તોપણ પોતાની મતલબ સુધારાને લગતી હોવાથી તેવા ધીકારની તેઓને દરકાર નથી. આપણી બાંનુંઓ લોકોનાં લાભને લગતાં એક કાંમમાં એવી હીમત કેઆરે દેખાડશે?

---

**જેવાની સાથે તેવા**—એવું કેહેછે કે અગાઉ એક વખત વેલાત ખાતે એક ખાંનાંની તેબલ ઉપર કોઈ બાંનુની સલાંમતી લેવાડતી વખતે એક નવાઈ સરખો રવઈઓ પાલવામાં આવતો હતો. તે એમકે જે ઘણી સલાંમતી લેવાડે તે ધણી તે બાંનુનાં માંનને ખાતર પોતાની કોઈ જણસ, કપડું ઇઆ ચીજને બાહાર કાહાડી ટેબલ ઉપર મુકે અને પછે શપલાઓ પોત પોતાની પાસેથી તેજ વસતુને કાહાડી આપે. એક દાહાડે સર ચારલસ સેડલે એક સોબઈતો ગયે

બંધ પેહેરીને જમવા બેઠા હતા. તેવામાં તે ગલેબંધ મશખેરી ને ખાતર કાહાડી નખાવાને અર ચારલસનાં એક દોસતે એક લેડીની સલાંમતી લેવાડતી વખતે પોતાનો ગલેબંધ છો ડીને શલગાવી દીધો. તે ઉપરથી તે બાંનુંના માનને ખા તર સઘલા મીનજલસીઓએ તેમજ કીધુ, પણ સર ચારલશ ને પોતાનો કીમતી ગલેબંધ કાહાડતી વખતે બારી પડીઉ હતું. એક બીજી વખતે પોતાના મીતરની મ સખેરીનુ વેર લેવા માટે સર ચારલસે એક લેડીની સલામતી લેવાડી, અને પોતાનો એક દોદરો થઈ ગ એલો દાંત મોહોડાંમાંથી કાહાડીને બાહેર મેલીઓ. એ ઉપરથી આસપાસના સરવે મેજબાનોને તેમ કરવાની જ રૂર જણાંઇ. સર ચારલસના પેલા મીતરની પેહેલી વારી આવી, અને પોતાનો એક દાંત તોડી પાડતા તેને બોદા ઈ આદ આવતો હતો. પણ સઘલા મીનજલસીઓએ પોત પો તાનાં દાંતને કાહાડીઆ કે નહી તેની પકી ખબર નથી.

---

## વસંતરૂતુ.

(હોરી.)

આવો સખી ગીતડાં ગાઇયે,
રૂતનો રસ લઇયે. ટેક.
ખીલ્યો આ બ્હાર વસંત રૂતુનો,
બાગમાં ફુલડાં શોભે,, હારે જુઓ બાગમા.
રંગ પરાગ ઉડી આંખે આવે,
કો ન જુવો ઉડી લોભે આવો૦ ૧
સાંજ સમે પંખીડા ગાયે,
કુંજ જ મનોહર લાગે; હારે સુણો કુંજ૦
વાદળની શોભા સહુ જોતાં,
બહુ પ્રેમ આનંદ જાગે; આવો૦ ૨
નમંદ નારી પીયુ અને પ્યારી,
રંગ રમે સુખદાઇ; હારે બેની રંગ.
પાડ પ્રભુનો માનીયે બેનો,
કે આજ નથીજ જુદાઇ. આવો૦ ૩

અસત્ય દડમા જે કોઈ દોહેરે;
થાકીને લોથ થનારછે રે, બાઇઓ સત્યપણામાં સારછે. ૫
અસત્યથી જે ફાયદો ઇછેરે,
વીપરીત એતો વીચારછે રે, બાઇઓ સત્યપણામાં સારછે. ૬
અસત્યની અભીલાખા અઘરીરે;
હરકત તેમાં હજારછે રે, બાઇઓ સત્યપણામાં સારછે. ૭
અસત્ય જેના પેટમા પેસેરે;
કરડો એતો કટારછેરે, બાઇઓ સત્યપણામાં સારછે. ૮
એક અસત્યને આશરે ઉભારે;
અવગુણ બીજા અટારછેરે, બાઇઓ સત્યપણામા સારછે. ૯
અસત્યના જે અક્ષર એતોરે;
કાળના દુતની કતારછે રે, બાઇઓ સત્ય પણામાં સારછે ૧૦
અસત્ય શીરપર કેમ ઉચકીએરે;
ભુંડાઇનો એ ભારછેરે; બાઇઓ સત્યપણામા સારછે. ૧૧
અસત્યને આપે ઓળખજોરે;
દુષ્ટપણાનો દેદારછે રે, બાઇઓ સત્યપણામાં સારછે. ૧૨
અસત્યમા ગુણ એકે ન ગણશોરે;
અવગુણનોજ અંબારછે રે, બાઇઓ સત્યપણામાં સારછે. ૧૩
જુઠા બોલાને માથે જગમાં રે,
દુખનો મોટો મારછે રે, બાઇઓ સત્યપણામાં સારછે. ૧૪
અસત્ય સાથે અવસ્ય જોઇ લોરે;
લંછન લાખની લારછેરે, બાઇઓ સત્યપણામાં સારછે. ૧૫
અસત્યથી સુખ કયાથી ઉપજેરે;
ભયનો એજ ભંડારછેરે, બાઇઓ સત્ય પણામા સારછે. ૧૬
સાચા બોલાની સોબત સારીરે;
જુઠાને દુરથી જુહારછેરે, બાઇઓ સત્ય પણામાં સારછે. ૧૭
અસત્ય બોલવું કે ચાલવું આદરેરે;
પાપનો એજ પ્રકારછેરે, બાઇઓ સત્યપણામા સારછે. ૧૮
સદૈવ કરીએ સત્યની સેવારે,
સુખનો એ સરદારછેરે, બાઇઓ સત્યપણામાં સારછે. ૧૯
દલપતરામ કહે દુનીઆમાંરે;
સત્ય સઉનો આધારછેરે, બાઇઓ સત્યપણામાં સારછે. ૨૦

---

ઈ ચીજ દેખાતા ... જ ગામાં તેઓ કદી દેખાતાં નથી. તોપણ જો કોઈવા ર અકસમાંત અનાવથી દીસને વખતે કોઈ ઘુવડ વ સતીમાં આવેછે, તો તેના માઠા હાલ થાએછે. બી જાં જણાંવરો તેની આસપાસ ઘોઘાત કરેછે અને તેને કંટાલો આપેછે. છોકરાઓ તેને સેહેલાઇથી પકડી શકેછે. ઘભરાતી વખતે ઘુવડ કાંઈ ઘણો ક ઢંગો અવાજ કરેછે. તે ઉપરથી અને તેનાં દે ખાવ ઉપરથી કેટલાંએક દેશોમાં તેને માંટે એ વો વેહેમ રાખવામાં આવેછે કે જારે ઘુવડ પખ શોબોલતુ સંભલાએ તારે કાંઈ માંઠો બનાંવ બન

## સવાલોના જવાબ.

(જુઓ ગએઆ આકના સવાલો )

૧ પોસટમાં નાંખેલું કાગજ.

૨ ક અખેર—કલસીઓ, કલાઇ, કમર, કપાલ, અકલ, અકલાટ, કરાર.

૩ ગારીબાલડી—ગા, ગારી, ગાડી, ગાલ,

૪ કેર, ખસખસ, સપાટ, અને રૂમ, એ સ... હેલા હરફોથી "કેસ્પીસર" નું નાંમ આવેછે અને ... ફાથી "રૂસંતમ" નુ નામ થાએછે.

સુખ" તે મી૦ મતને
નનામા નામનાં એ
માથ કબુલ રાખીએ
ગાની બાબદમા આ
અને જોકે તેની ક
પી જોઈતી જણાતી
લોગડે એમા ક
તે લાએકની ઘણી
ખાતરીછે કે
પર હમારી થી
સરોજ રોકી
કેલવણી વીછે
તે રસીલા
રા પતરમાં

# સ્ત્રીબોધ.

પુસતક ૭ મું. એપરેલ ૧૮૬૩ આંક ૪ થો

## સેરનાં સવાસેર

અથવા

### બઈરીઓના શેકાર—બેરડાઈની સજા.

એક વારતા.

પરકરણ દસમું.

### દોસતીની દરબાર.

ખોરશેદ અને મેહેરબાનુઓ કેવી ચંચલ, શીઆંની અને વફાદાર હતી તે આપણે અતીઆર સુધીમાં જોઈ લીધુછે. પણ તેઓનાં શીઆંનપણનો સરસ દાખલો એછે કે જે ભેદ ભરેલાં કાંમમાં થોડાએક દીવસ થએઆ તેઓ પડેલાં હતાં તે કાંમથી તેઓએ પોત પોતાનાં ભરથારોને વધારેવાર અનજાંણા રાખીઆ નહી. ગુરગીને તે બંને જણ ઉપર અપમાંન ભરેલી ચીઠીઓ લખવાથી તેઓ તેની તરફ બાહેરથી ખીજાસ દેખાડી અંદરખાંનેથી તેને કેવી સજા દરતાં હતાં, તે વાત તેઓએ બીજંન અને બેહેમંનને જાહેર કરવામાં વીલમ લગાડીઓ નહી. એ તેઓની શીઆંનપણનો નમુનોછે.

જારે બેહેમનની પકી ખાતરી હતી કે ગુરગીન તેનાં ઘરમાં ભરાએલોછે, અને તેથી કરીને જારે ઉલટભર થઈને ગુરગીનની શોધને માટે પોતાનાં ઘરમાં આવીઓ તારે એ નાંખીઆ ચોકારને ખોરશેદ અને મેહેરબાનુઓએ છુપે લેખાથે નહસાડી મેલવાથી તે તેને જડીઓ નહી અને તેથી બેહેમંન જેમ કુછઓત તેમજ ગુસે થએઓ હતો. બાંનુઓએ તેનાં મંનની એવી ઉસકેરાએલી હાલત જોઈ હતી કે, જો તે ઠંડો નહી પડેતો કાંઈ અફરા તફરી કરી મેલતે. વલી આ બે બાંનુઓને ઈઆદ હતું કે ગુરગીનને લગતી ખબર થી તેઓએ પોતાનાં ભરથારોને અનજાંણા રાખીઆ તે માંતર તેઓને રમુજ ખાતર ઠગવા માટે તથા પોતાની વફાદારીની તેઓને ખાતરી કરવા માંટેજ હતું. પણ હવે તેઓ ને ઝાજે વાર અનજાંણા રાખવાનુ દરસત વીચારીઉં નહી, કેમકે તેઓનાં કેહેવા પરમાંણે તેથી "મશકેરીની લશકેરી" થઈ જતે. એટલા માંટે ડાહાપણ વાપરીને તેઓએ બેહેમંનનાં ગુસાને નરમ પાડીઓ અને પછે જે ખરી વાત હતી તે સરવેની આગલ જાહેર કીધી.

એતે ખરૂં શીઆનપણ! સરવે આદમીઓએ તેમજ કરવું જોઈએછે. જારે ઘટે તારે મશખેરી, અને જાંહાં ઘટે તાંહાં ગંભીરાઈ પકડવી જોઈએ. મશખેરી ઈઆ ગુસાને હદથી જીઆદે બાહેર જવા દેવા નહી જોઈએ અથવા આસપાસ ખરાબી થાએ એવા ઉપાએઓ ઉપર ધેઆન આપવું નહી જોઈએ. ખોરશેદ અને મેહેરબાંનુઓએ પોતાના ભરથારોનાં શકને દુર કીધાથી બેહેમંનને સઘલો ખોલાસો થએઓ અને પોતાના ખોટા વેહેમને માંટે પોતાને હસવા લાગો.

બેહેમંને અને તેની સાથે આવેલાં બીજાં આદમીઓએ જારે આ બાનુઓને મોહોહેથી ખરો હેવાલ સાંભલીઓ તારે પરથમતો તેઓએ તે વાત માંની નહી. પણ પછે તેઓની ખાતરી થઈ કે જે રમુજી શખસને ઠાર મારવા માંટે ગુરગીન આટલા લેજા મારતો હતો, તે શખસ ખરેખર તેનાં ઘરમાં આવીને ભરાતો હતો, પણ આ બે સ્ત્રીઓનાં ફરેબથી તે તેની જાંણ વગર છટકી જતો હતો. એટલુંજ નહી પણ તેમ થતાં તેઓની તલાવટથી તે પોતાનાં કરતુકની સજા ભોગવીને જતો હતો અને તેઓનો ભરથાર શકમાં ને શકમાં ગોતાં ખાતા હતા. એ હેવાલ ઉપરથી જેમ ખોરશેદ અને મેહેરબાંનુઓની ઈમાંનદારી અજવાલાંમાં આવી તેમજ તેઓનો હસમુખો સવભાવ સરવેએ જાંણી લીધો.

હીઆં પુરતો ખોલાસો થએઓ. બેહેમંનનો હરખ તેનાં મોહોડાંને રસતે ઉભાઈ આવીઓ. તે ખરા પીઆરનાં જોસાથી પોતાની લાએકીવાલી ઓરતને ગલે વલગીઓ અને ઘણો વખત સુધી ખુશાલીમાં મકસુર થઈ તેવીને તેવી હાલતમાં રહેઓ. આહા! શું તે દેખાવ! કેવાં શાંતોસી જાડી બઈએર! કેવો સુખી ભરથાર! જેની બાએડી એટલી ઈમાનદાર અને ડાહાપણવાલી હોએ તેને બીજું કોઈ શુખ જોઈતું નથી.

હવે કરવું શું? ગુરગીનને બે વખત સજા થઈ. પણ શું તેટલાં ઉપરજ તેને રેહેવા દેવો? બીજંન, બેહેમંન, ખોરશેદ, મેહેર, ઈતીઆદી એ સવાલનાં વીચારમાં પડીઆં. તેમ કરતાં તુરત એવો સવાલ ઉઠીઓ કે શું એટલી સજાથી ગુરગીન ઠેકાંણે આવશે? નહી. એ વાત ઘણી શક ભરેલી

હતી. એકે મત આપીઉં કે—"હવે તમે એને ફરીથી બોલાવો અને મારી ખાતરીછે કે તે આવવાનો નથી." બીજાએ જવાબ દીધો કે "હું ધારૂં છઉં કે કદાચ તે આવશે." એ રીતે તકરાર કરતાં એવો ઠરાવ થએઓ કે તેને ખોરશેદ અને મેહેરબાંનુએોએ ફરીથી તેડુ મોકલવુ અને અગરજો તે વલી પાછો આવેતો તેને છેલવેલી એવી સજા કરવી કે તેથી તે સમજીને એકદમ ઠેકાંણે આવે.

એટલો વીચાર કીધા પછે તેને શું સજા કરવી તે બંબદ વચે આવી. બેહેમંને ખોરશેદ તથા મેહેરબાંનુઓને એવો ઉપાએ દેખાડીઓ કે "તમો ગુરગીનને પાછો ઘરમાં બોલાવો. તેની આગમચ ઓરડામાં તેલનુ એક મોટુ પીપ ગોઠવી રાખો અને પછે હું જેવો આવી લાગુ તેવો તેને તેમાં ઉતારી પાડો." એ ઉપાએને સઘલાઓએ હસી કાહાડીઓ.

બીજંને મત આપીઉ કે "એનાં કરતાં વધારે સરસ ઉપાએ એછેકે ગુરગીનને ઘરમાં બોલાવીઆ પછે જારે બેહેમંન આવી લાગે તારે તેને એક ઘોડાનુ મોહોડુ પેહેડાવી ઘરનાં તબેલા મધે તેને બીજાં જનાંવરોની મીશાલે બંધાવવો. એ પછે બેહેમંને સવારીને માંટે ઘોડો લેવાને તબેલામાં જવુ, અને ઘોડાવાલાને અગાઉથી ચોક્સ હોકમ કરી મુકવા. તે મુજબ જારે ઘોડાવાલો ગુરગીનને ઘોડા દાખલ હાજર કરે તારે બેહેમંને તેનાં ઉપર બેસીને છેક જાહેર રસતાની અધવચમાં તેને લાવવો. ગુરગીન એટલો બેવકુફછે કે તેને જો સલાંમતીને ખાતર ઘોડા દાખલ ચાલીઆ કરવાનુ આપણી બાંનુઓ ફરમાવે, તો તે સાચુ માંનીને તેમ કરવાને આનાંકાંની દેખાડે નહી, પછે તેને રસતામાં લાવીને બેહેમંને તેનાં ઘોડાનાં મોહોડાંને ખેંચી કાહાડવુ તથા લોકોનાં દેખતાં મારીને તેને ફજીએત કરેવો."

આ ઉપાએ પણ વલી નહી બને એવો લાગો. ખોરશેદ બોલીકે "એથી તો ગુરગીનનાં ફેસતા સાથ રસતામાં આપણો પણ ફેસતો થાએ એવું મને લાગેછે. અગરજે ગુરગીન રસતાની અધવચમાં જવાની આગમચ પોતાનાં સવારને પીઠ ઉપરથી ઉડારી મેલેતો શો હાલ થાએ ?"

છેલે મેહેરબાંનું બોલીકે—"દોસતો આ છાકટાને સજા કરવાનો સઉથી સરસ ઉપાએ કાંઈ એકદમ મલવાનો નથી. તમે જરા ધીરજ પકડો. જેનાં કાંમ તે તેજ કરે. એવા ઉપાએ શોધી કાહાડવાનું સદા આપણું કાંમ નથી પણ મનીજેહ સરખી ઓરતોનુંછે. આજે તે મારી જરનાં લગણ સંબંધી માંરી મુલાકાત કરવા આવનારીછે, વાસતે હાલ તરત તમે સબુર કરોતો તેને હું પુછી જોઉં. તે કાંઈ સારોજ ઉપાએ દેખાડશે."

એ વાત સઘલાંઓને પસંદ પડી. ગુરગીનને સજા કરવીતો જોઈએ અને કોઈ એવી સજા કરવી જોઈએ કે તેમાં સરવે જણ સાંમેલ થાએ તથા તેથી તે ફરીથી ખોરશેદ અથવા મેહેરનુંજ નહી, પણ એકબી પારકી ઓરતનું નાંમ નહી લીએ. એવી સજા શોધી કહાડવાનું મનીજેહને માંથે નાંખી હાલ તુરતતો આ બરસ પરસનાં દોસતોની દરબાર બરખાસત થઇ.

### પરકરણ અગીઆરમું.

## તઈઆરીપર તઈઆરી.

ફસી પડેલો ગુરગીન! કેવા તેનાં હાલ! કેવી તેની અવસથા! પણ વાંચનાર, એક છાકટા અને છંદખોર માંણસની બીજી કેવી અવસથા થતી હશે? ગુરગીન હારગાર અને હેરાંન થાએછે. લોકોએ તેની પુઠ પકડીછે. બાએડીઓ તેને ફસાવેછે અને મરદો તેની સાથ છેડતી કરેછે. એ સઘલું તેની ચાલથી થાએછે. અગાઉતો તેની પુઠે એબલી ખોરશેદ અને મેહેરબાનુંઓ થએલી હતી. હવે તેને સજા કરવામાં તેમનાં ધણીઓ અને બીજા અલફાતુઓ ભાગ લેવા લાગા, એ તેની ચાલથી થએઉં. છાટો પાંણી "વગુદ પડે." છાટો પાંણી એ સરવે હાંણી કરેછે.

પણ આટલી સજા પાંમવા છતાં તે ઠેકાંણે આવીઓ નથી. ગુરગીનને મેહેરબાનુંની તરફથી ફરીને તેડુ આવેતો તે જાએ ખરો નહી જાએ એવું જો વાચનાંર વીચારેતો તેમાં તેની ભુલછે. અગર તે વીશે ખાતરી કરવી હોએતો તેની મનીજેહ સાથની તરીજી મુલાકાત આપણી આંખ આગલછે.

**મનીજેહ**—શેઠ સાહેબ!

**ગુરગીન**—અરે વલી તું આવીકે? નાપાક જરોની મીશાલે મારી પુઠે વલગીછે અને મને છોડતી નથી.

**મનીજેહ**—મારા શેઠ તમો શું બોલોછો? એતો દુનીઆં એવીછે—જારે આપણે કોઈનું ભલું ઈછીએ તારે આપણ ઉપરજ સઉનું વાદલ આવી ઉતરે.

**ગુરગીન**—અરે ભલું કરતીતો તું મુઈ. ચંડાલ—તારૂં મોહોડું જોઉં છઉં કે મારૂં માથું ફરેછે. તારી શીકલ જોઈને મારા પેટમાં આડાં અને અવલાં આવેછે. તારા પેટમાંનું પાંણી નથી હીલતું, પણ હુંઈ આ જે શું શું થએઉં તે જાણેછે?

મનીજેહ જોકે આગલા દીવસની સઘલી વાત જાંણતી હતી તોપણ બોલી કે—"નારે સાહેબ મને કાંઈ ખબર નથી. તમોતો સારી તનદરોસતીમાંછો. ખોદાએ રાખે મેંઢાનાં બાવરાની મીસાલે તાજા તમતમતા થઈને બેઠાછો, અને વલી હું આજે વધાઈ ભરેલી ખબર લઈને પાછી આવી છઉં."

ગુરગીન ઉપલી સરવે મશખરીને ખરી સમજીઓ. બુઢી સ્ત્રીનાં લેબાસમાં તે બેહેમંનને હાથ જે માર ખાઈ આવીઓ હતો, તેથી તેનાં હાડકાં કલતાં હતાં. તોપણ તે બોલીઓ કે "છોકરી મનીજેહ, હું જાંણું છઉં કે વલી તુંને પેલી દદાઓએ મોકલીછે. પાછી મને ટેડવા આવીછે કે શું!"

**મનીજેહ**—હા સાહેબ. તેડવા અને વલી બીજી જે વાત કેહેવાનીછે તે કેહેવા.

**ગુરગીન**—આજેતો જેવી આવી તેવી તું પાછી જા. હું આવવાનો નથી અને તારી વાત સાંભલવાનો નથી. કસુનમ તમો લોકો મને હેરાંન કરવા બેઠાંછો.

**મનીજેહ**—અરે ખોદા આવરે! આ શું જમાંનોછે જે માણસ સાચું તેજ જુઠું ઠરેછે. એ સી વા

ત ! અરે મેહેરબાંન શેઠ તમે કાંઈ ખુશનુમાં શરાબની જુમમાં આવી વાતો બોલોછો. બીચારી મેહેરબાંનુંએ તમુને ઘરને ઘર બોલાવીઆ, તારપછે તમુને શંકટમાંથી નહસાડીઆ તમારે ખાતર પોતાનાં વરને હાથે મારનો માર ખાધો અને ઉપરથી તમો એ રીતનું બોલોછો. એટલી બધી સચાઈનું ડોલ ઘાલીને મનીજેહ ઘણાં ટોંગ કરવા લાગી. તે બુમ પાડીને બોલી કે "અરે એવાં તાંનાં નહી ખમાશેજો ! હું મારો જીવ કાહાડી નાંખશજો. અરે આ કોઈ એવોણી માંટીહોછે. વારૂં ભાઈ ખોદા તારૂં ભલું કરશે. હું તારા ફાએદાને માંટે આવી અને તું મને આજે આવો બદલો આપેછે." એટલુ બોલીને મનીજેહ ખોટા ગુસામાં ઉઠી ગઈ અને તાંહાથી પાછી આવવા નીકલી.

તેની ખાતરી હતી કે ગુરગીન તેને જવા દેશે નહી, કેમકે તેનાં ઉપલા બોલવાથી એ ભોલોભટ પાછો પીગલીઓ હતો અને મનીજેહની વાત સાંભલવાનાં વખત ઉપર આવતો હતો. માટે મનીજેહ જારે ટોંગને ખાતર ઉઠી તારે ગુરગીને તેનાં કાલાવાલા કીધા અને તે પાછી બેઠી. તે નરમ પડીને બોલી કે "જુવો ભાઈ એક રાંક આદમી વીશે એમ કદી નહી વીચારીએ. મેહેરબાનુંનો ભરથાર ગઈ કાલે કેવો ગુસામાં હતો તે તમોએ જોઈઉં હશે. તેણે પોતાની મસતી અને મારામારીથી આખી રાત સુધી ઘરમાં કોઈને સુવા દીધાં નથી. એટલુંજ નહી પણ આખા મોહોલાનાં રેહેવાસીઓની આંખનાં પાપણ ધંકાએઆં નથી. લોકો કેહેછે કે તે દેવાંનો થએઓછે. પણ જારે લોકો તેનાંથી કંટાલેછે તો તમો વીચારકરો કે તેનાં ઘરમાંનાં આદમીઓ કેમ રહેઆં હશે. અરે બધા ચાકરોનાંતો તેણે હાડકાં ભાંજી નાંખીઆંછે. પણ તારે તેની બાએડીના શું હાલ થએઆ હશે ઓ ખોદા. ! તમોતો તેને જોઈનેજ પરાંણ મુકો તેનાં બાલ તદન પીંખાઈ ગએઆછે, તેનાં હાત પગ અડી-પડીઆછે, અને મારે મારે તવાઈને ગુરા સરખી થઇ પડીછે. વલી પોતા કરતાં તમારી તેને વધારે ફીકરછે. તમે કેમ છો, સારીપેઠે તો છોની !"

આ ભાશાણનાં વખતમાં ગુરગીન પીગલીને પાંણી સરખો થઈ ગએઓ હતો. તેને પોતાનુ શંકટ ખરેખર ઈઆદ આવીઉં અને તે બોલીઓકે "જો મનીજેહ મારે બરદે પેન મારેછે અને કમર વલતી નથી, એટલો માર મેં બેહેમનને હાતે ખાધોછે. હું એક પક્રાણના લેબાસે મેહેરને ઘર ગએઓ, અને બુટી ઓરતનાં લેબાસે મને મારે ઘર આવવું પડીઉં. હીમતવાંનની પેઠે હું બાહેર ગએઓ અને હીચકારાની પેઠે મેં માર ખાધો. મારા તાટીઆ સેકાઈ ગએઆ છે. મેં ખુબ મેથી ખાધીછે અને તાપનાં ગોલાની મીશાલે મારા ઉપર મુકીઓ પડીછે. મનીજેહ હું તદન રોદરો થઇ ગએઓ છઉં."

મનીજેહ—તોબા ખોદાએ ! પણ હવે શેઠ તમે ઉલટ પકડો હું ઘણી ખુશ ખબર લાવી છઉં. મેહેરબાંનુ સમજેછે કે એવા ઘેલા ભરથારનાં ઘરમાં તમોને બોલાવવા એ હવે ધાસતી ભરેલુંછે, તે સાથે દીસ હોએ કે રાત તોબી કોઈ નહી ને કોઈ તમારી મોહોબતની વાત જાંણેછે. બીજા હાથ ઉપર તમોને જોવા વગર તેને ચાલતું નથી, માંટે તેણે પોતાની મીતર ખોરશેદની મસલહત લઈને એક એવો ઉપાએ શોધી કાહાડીઓછે કે તે સેહેલો અને તમુને પસંદ પડે એવોછે.

ગુરગીન—શું તે ઉપાએ પરમાંણે ચાલવાને નાં પાડે ! તે શું આ બે પરીચેહેરે ઓરતોની દોસતી જતી મેલે ? નહી નહી.

તેણે પુછવા ઉપરથી મનીજેહએ ઉપાએ દેખાડીઓ. "આપણાં શેહેરની પાસે એક ખેતરમાં જે મોટુ જાહાડછે તે જગા ઉપર પશંગ નાંમનો શેકારી અસલ તાંહાં વસતો હતો. તે હાલ મરણ પાંમેયોછે, પણ તેને વીશે લોકમાં એવો વેહેમછેકે તે ભુત થએઓછે-અને દરરોજ રાતનાં માથે સીંગડાં બાધીને તાંહાં આવીને ફેરા ખાએછે તથા સાંકલ અફાડેછે. એ વાત તમો માંનોછો !"

ગુરગીન—ખોટી વાત—બધી ખોટી વાત.

મનીજેહ—બરોબર. તારે હવે ખોરશેદ અને મેહેરબાંનુ એવુ ચાહેછે કે આજે રાતના બાર કલાકને અમલે તમે પશંગ શેકારીની મીશાલે પોશાક પેહેડીને તાંહાં આવો અને તે વખતે એ બાંનુઓ તમારી મુલાકાત લીએ. તેથી ફાએદો એ થશે કે કોઈ તમોને જોશે નહી, અથવા જોશે તો તમારી આગલ બીહીકને લીધે આવી શકશે નહી."

અંતે ગુરગીન કબુલ થએઓ. તેણે જોઈઉં કે આ બે ઓરતોને ફુસલાવાની એ સઉથી સરસ જોગવાઈછે. એટલા માંટે તેણે સીંગડાં તઈઆર કરાવીઆં અને નવી જાતનો પોશાક ભાડે મંગાવીને રાતનાં બાર કલાકની રાહા જોવા લાગો.

વાંચનારી બાંનુઓ જાંણેછે કે ગુરગીનને માંટે શેવટની એક સજા કરવાનું ખોરશેદ અને મેહેરબાંનુંઓએ તથા તેમનાં ખાવંદ બીજને અને બેહેમંને વીચારી રાખીઉં હતું. પણ તેને સજા કરવાનો સઉથી સરસ ઉપાએ શું તે શોધી કાહાડવાનું તેઓએ મનીજેહને માથે નાંખીઉં હતું. તેથી એક સરેવજની ખશલતની ઓરતે ઉપલો ઉપાએ દેખાડીઓ. હતો. તે એવી રીતે કે ઉપલાં જંગલમાં ગુરગીનને પરથમ બોલાવવો. તારપછે કેટલાએક છોકરા અને છોકરીઓને પરીઆંનો પોશાક આપીને બલતી મમાલો સાથે તે જંગલમાં રમવા મોકલવાં, અને તેઓએ તાંહાં જઈને ગુરગીનને બુમ પડાવવી, જે પછે બેહેમંન ઈતીઆદીએ જઈને તેને તાંહાં પકડવો તથા ફજીએત કરવો.

આ ઉપાએ બતાવામાં મનીજેહએ એક બીજી પણ મતલબ રાખી હતી. ખોરશેદની છોકરી જરબાંનુ સાથ જે તરણ.જણ પરણવા માંગતા હતા, અને જેઓનાં પઈસાથી તે તાજી થઈ હતી, તેઓનાં કંટાલાનો છેડો લાવવાં માંટે મનીજેહએ આ તક લીધી હતી. જરની માં એક ધણી ઉપર, બાપ બીજા ઉપર, અને જરબાંનું પોતે તરીજા ઉપર રાજી હતી. તેઓમાંથી તરીજા ધણી સાથ જરનાં નેકા પાડવાની મુખીઅ મતલબ રાખીને તેણે ઉપલો ઉપાએ તેનાં માંબાપને તથા મેહેર અને બેહેમંનને દેખાડીઓ. તેણે ઉપલાં જંગલમાં કેઈ ઈઉકતીથી એ લગણ હાર પાડીઆં તે આગલ વાંચતાં જણાશે, પણ હાલ તરત એટલું ઈઆદ રાખવું કે ઉપલાં જંગલમાં ગુરગીનને તોબા બોલાવા માંટે જે છોકરાંઓ પરીનાં પોશાકમાં હાજર થાએ, તેઓમાં જરને સરદાર બ

નાવીને તે જંગલમાં પરીઓની શાથે મોકલવાની સરવે જણે ગોઠવણ કરી શાખી હતી.

---

### પરકરણ છેઠ્ઠું.

## લાઈરીનાં શેકાર—બેરડાઈની સજા.

મધરાતનો વખતછે. બારનો અમલ થવા આવેલોછે. દુનીઆંનાં લોકો ઉંઘ કાહાડેછે અને આપણાં લોકો કેહેછે તેમ "શુવું ને મરવું સરખુછે." જે બાગ અને બગીચા, મેહેલ અને મોહોલા વસતીથી ભરેલા, ગાજતા ગગડતા, હતા, તે સઘલા થંબ થઇ ગએઆછે. દરએક જગોએ શીહા અંધારૂં ફરી વલીઉછે. એક પસુ કે પંખીનો અવાજ સંભલાતો નથી. જાહાડ ઉપરનું એક પાતરૂં હીલતું નથી. આકાશ ઉપરનો એક સીતારો જલકાટથી ખાલી નથી. મધરાત—ભએંકાર મધરાત પોતાનાં દમાંમ સાથ "પરકાસે છે." અને ગુરગીન બાવા પોતાનાં બે શેકારોની શોધમાં જંગલ તરફ ફરવા નીકલીઆછે.

આ વખત જો ગુરગીન ઉપર કોઇ વાંચનારી બાંનુની નજર પડતે તો તેનાં મનમાં કેવી દેહેશત પેદા થતે તે વીચારી શકાતું નથી. ગુરગીનની શીકલ અસલથી બીહાંમની હતી, તરાંમરી જેવું માથુ, અને બોહીઆં જેવાં પેટને લીધે આડે દાહાડે લોકો તેને જોઈને બીહીતાં હતાં. પણ ઉપલી રાતના જારે ગુરગીન ખાસુખા ભુતનો લેબાસ લઈ બાહેર પડીઓ તારે તેનાં માઠા દેખાવથી કેટલો બધો વધારો થએઓ હશે. તેણે માથે સીંગડાંતો બાધીઆં હતાં, હાથમા મોટી સાંકલ લીધી હતી, મોહોડે માંથે ખાખ લગાડી હતી અને એ પરમાંણે સઉથી કંગાલ આકારમાં સાંકલ વજાડતો તે ઠરાવેલાં જાહાડ આગલ આવી પોહોંચીઓ, તથા પશંગ શેકારીની મીશાલે તે જાહાડની આસપાસ ફેરા ખાવા લાગો.

*

થોડા વારમાં ખોરશેદ અને મેહેરબાનુંઓ હાજર થઈ. હવે ગુરગીન ગોએઆ ધરતી ઉપર ઉભો રહી શકીઓ નહી. તે એટલોતો હરખાએઓ કે ખોદાએ તેને પાંખ આપી હતેતો તે ઉડી જવા વીનાં રેહેતે નહી. પણ તેતો એક ખાકી ઇનસાંન હતો, લોભ અને લાલચમાં ફસેલો હતો, અને જે બે નેક ઓરતોને તે પોતાનાં શેકાર દાખલ ગણુતો હતો તેઓએ તેને માંટે કેવી સજા ઠરાવી હતી તેની તેને ખબર પણ નહી હતી.

ગુરગીન છાકટાની મીશાલે વગર અરથની વાતો કરવા લાગો. તે બોલીઓ કે "ઓ મારી દીલ નવાજ તમે હીઆં આવીઆંતો ખરાં, પણ તમુને અકલ કાંહાંછે. અને તમે એકુ મેહેલમાં લઈ જાવો અને તાહા ખાંણુ કરાવો. ખોદાતાલાને કેહેવો કે તાંહા પરેટાનો વરસાદ વરસાવે, અને આખા દરીઆના પાણીનો દારૂ થઈ જાએ, કે પછે બધા જનમનાં જનમ સુધી આપણ સાથે રહીને મોજ કરીએ." આવી બેવકુફી ઉપર ખોરશેદ અને મેહેરને હસવુ આવતુ હતું. તોપણ ગુરગીન બોલતો હતો કે "પરીઓ તમે બે જણુછો, અને હું એખલો છઉં. તમો મને કાપો અને અરધો અરધો વેંહેંચી લેવો, પણ મારાં બે સીંગડાં તમારા બે ભરથારોને આપો."

આવી નકાંમી વાત કરતાં થોડો વખત ગએઓ, અને દુરથી એકાએક ઉજાસ દેખાએઓ તથા મોટી ગડબડ સંભલાઈ. ખોરશેદ અને મેહેરબાંનુઓ સમજીઆં કે તેઓએ ગોઠવેલો સાંચો ચાલુ થએઓછે, માટે તેઓ નાહાસી ગએઆં, અને ગુરગીન એખલો ધભરાતો રહી ગએઓ. તેણે જોઈઉતો પરી લોકોનુ એક ટોલુ તેની સામે આવીઉ. તેમા કોઈ પરી સફેદ, કોઈ લીલા, કોઈ જાંબુરી ઇતીઆદી રંગના પોશાકમાં હતી, અને દરએકના માથા ઉપર એકેકી બલતી જોત હતી. ગુરગીનની ખાતરી થઇ કે દરરોજ રાતના જંગલમાં આકાશની પરીઓ રમવા આવેછે એમ લોકો જે કેહેછે તે ખરી વાતછે. તેણે વીચારીઉ કે પરી લોકો આદમીને જોઈને હેરાન કરેછે, માંટે ગુરગીન જાહાડની પછવાડે ભરાઈને સુતો સુતો થારા જોવા લાગો.

પરીઆંઓ આગલ આવીઆં. ખોરશેદની છોકરી જર તેઓમાં સરદારી કરતી હતી. તે એકને હોકમ કરતી હતી કે રાજાના મેહેલની અગાસી ઉપર જઈને સુખનાં આસીરવાદનાં ફુલ છાંતી આવવાં. બીજીને હોકમ કીધો કે જે નઠારાં માણસો હુંગાએલાં હોએ તેઓને જઈને ચમટા ટોડી આવવા ઇતીઆદી. એવા હોકમ કરતાં કરતાં એકાએક જરખાંનુ બોલી કે—"છોકરાંઓ તમારી સુધ કાંહાં ગઈછે. તમોને કાંઈ વાસ આવેછે ?" સઘલાં પરીઆં બોલી ઉઠીઆં કે "હા બાનુ સાહેબ આ જંગલમાં કેથેબી કોઈ માણસ ભરાએલુછે એવો વાસ આવેછે." પરીઓનાં સરદાર જરે હોકમ કીધો કે "જાવો તે ખાકી ઇનસાંનને શોધી કાહાડો. તેનાં સરીરને આગ લગાડો. જો તે પાપી હશે તો બલી જશે, પણ જો તે નેક હશેતો આગથી તેને અસર થશે નહી." આ હોકમથી ગુરગીન ધભરાવા લાગો, પરીઆંઓ તેની પાસે ગએઆં, તેઓ ગીતગાવાલાગાં અને ગુરગીનને બલતી જોત દહુજાડવા લાગાં.

પીઆરી વાંચનારી બાઇઓએ ઈઆદ રાખવું કે આ રમતમાં જરબાંનું સાંમેલ થઈ નહી હતી. તે ગુરગીનને કાએલ કરવા આગલ ગઈ નહી, પણ જંગલનાં ચોકસ ભાગમાં ઉભી રહી હતી. તાંહાં તેનો દીલદાર ખુશરો આવી પોહોંચીઓ અને મનીજેહની ગોઠવણ પરમાંણે ખુશરો સાથે તે જગોએથી પરણવા સારૂં જતી રહી.

આ ગોઠવણ ઘણી અચરત સરખી હતી. જરબાંનુ અને આ ખુશરો વચે કેવી સારી મોહોબત હતી, તોપણ તેનાં માબાંપ કેવી અડચણ લેતાં હતાં તે હમોએ અગાઉ જણાવીઉ હતું. ખોરશેદ પોતાની છોકરીને ગામડીઆ હોમાંન સાથ પરણાવા માંગતી હતી, બીજંન છાકટા બાબક ઉપર રાજી હતો. તે ગુચવારાને કેમ મીટાડવો તેનાં વીચારમાં મનીજેહ ગોતાં ખાતી હતી. ઉપલી રાતનાં જંગલમાં જે મેલાવરો થવાનો હતો તેનો લાભ લઈને તેણે આ ગોઠવણ કરી રાખી હતી.

મનીજેહએ પરથમ બીજંનને શમજાવી મેલીઉં હતું કે—"જુવો ભાઈ, તમો તમારી દીકરીને બાબક સાથ પરણાવાને શાજીછો. માંટે આજે જરને લીલા લેબાસમાં જંગલ મધે જવા કે

હુને, અને બાબકને અગાઉથી ચેતાવી મેલજો કે તેથી તે તાંહાં આવીને તેને ઓલખશે તથા લઈ જઈને છુપો છુપો પરણી લેશે—કે જે પછે તમારી બાએડીનો વાંધો ચાલશે નહી" એ વાત કબુલ રાખીને બીજંને પોતાની દીકરીને હોકમ કીધો કે તે રાતનાં પરીનાં સરદાર દાખલ લીલો લેબાસ પેહેરવો, અને જેવો બાબક તેને બોલાવે તેવીજ તેની સાથ જતું રેહેવું. જરખાંનુએ આ હોકમ બાહાલ રાખીઓ.

તારપછે મનીજેહ જરખાંનુંની માતા ખોરશેદ આગલ ગઈ, અને બોલીકે—"જુવો બાઈ, તમારી દીકરીને તમો હોમાંન હકીમ સાથ પરણાવા માંગોછો, તે વાત મને પસંદછે, અને આજ રાતની સારી તકછે. વાસતે તમો તેને પીલા રંગનો પોશાક પેહેરાવીને જંગલમાં મોકલજો અને પછે હોમાંનને કેહેજોકે આવીને તાંહાથી જરને કાહાડી લઈ જાએ. તારપછી તમારો વર વાંધો કાહાડશેતો કાંઈ વલવાનું નથી." એ બોનો ખોરશેદને પસંદ પડી, માંટે તેણે પોતાની દીકરીને એવો હોકમ આપીઓ તથા રાતના પરીનાં સરદાર દાખલ પીલા પોશાકમાં જવાને અને હોમાંન બોલાવે તારે તેની સાથ જતી રેહી છુપાં લગણ કરવાને જરખાંનુએ માતાની આગલબી કબુલ કીધું.

પણ એ સઘલું કરવામાં જે ભેદ હતો તે જરખાંનું જાંણતી હતી. મનીજેહએ તે રાતને માંટે એક તદન જુદીજ ગોઠવણ કરી રાખી હતી. તેણે એક છોકરાને લીલી પરીનો પોશાક પેહેરાવીઓ હતો, તથા એક છોકરાને પીલો પોશાક પેહેરાવીઓ હતો. શુંદર જરખાંનુંએ પોતે સફેદ ચંદની સરખો લેબાસ પેહેરીઓ હતો, અને મનીજેહએ ખુસરોને કહી રાખેલું હતું કે રાતનાં જંગલમાં સફેદ લેબાસની જે પરી આવે તેને જરખાંનું જાંણવી.

એ પરમાંણે જંગલમાં જે વેલાએ છાકટો ગુરગીન પોતાની માશુકોને મલવા આવીઓ હતો, તેજ વખતે હોમાંન, બાબક અને ખુશરો પણ પોતાનાં શેકારની શોધમાં નીકલેલા હતા. જે વખતે પરીઓનાં સરદાર જરખાંનુએ હોકમ કીધાથી સરવે છોકરાંઓ ગુરગીનને એક હાથ ઉપર હેરાંન કરવા ગએઆં, તેજ વખતે બીજા હાથ ઉપર હોમાંન હકીમ નીકલી આવીને પીલા પોશાક વાલા છોકરાને બાએડી જાંણી ઘસડી લઈ ગએઓ, બાબક આવીને લીલા પોશાકવાલાને લઈ ગએઓ, અને છેલે ખુશરોએ ધીરજથી આવીને પોતાની વાહાલી જર સાથ વાત કીધી તથા તેનાં સફેદ પોશાક ઉપરથી ઓલખીને ખુસી થતો એક મંદીર તરફ રવાંને થએઓ.

પેલીગેમ ગુરગીન ઉપર સજાર ધાર આવેલી હતી. મનીજેહનાં હોકમ મુજબ પરીઆંઓ તેને ચમટા તોડતાં, અને નખ ભોકતાં તથા તેને કંટાલો આપતાં હતાં, જેથી તે બુમ મારતો હતો તથા જેમ પોતાનાં દારૂને તેમજ પોતાની માશુકોને તદન ભુલી ગએઓ હતો. એ રીતે થોડોવાર કંટાલો આપીને પરીઆંઓ નાંહાસી ગએઆં અને તેઓની બદલીએ ખોરશેદબાનુ તથા મેહેરબાંનુ અને બેહેમંન તથા બીજંન આવી લાગા.

તેઓએ આવીને ગુરગીનને પકડીઓ તથા તેને બહુ ફજેત કરી નાંખીઓ. ગુરગીન ફરીઆદ કરવા લાગો, પણ તે એક ગેમ હતો, અને ચાર જણ તેને જવાબ દેનારાં હતા.

ખોરશેદ બોલી કે—"લુછા ગુરગીન, તુંએ મારી ઉપર અપમાંન ભરેલી મીઠી"

મેહેર—અને તેજ પરમાણે મને પણ અપમાન આપવાને તું લજવાએઓ નહી.

ખોરશેદ—તુંએ મારા ભરથાર તરફથી મારૂં દીલ ખેંચવાની ચેતરણ કીધી.

મેહેર—અને તેજ પરમાણે મનેબી તુંએ લલચાવા માંગી.

ગુરગીન—પણ હું ફાવીઓ નથી એ ખરી વાતછે.

તારબાદ વલી તેમના માંટીઓ ઠપકો આપવા લાગા—

બીજંન—અરે છાકટા ગુરગીન તુંને મેં મારા ઘરમાં ઘાલીઓ.

બેહેમન—તારેજ પાલેલા કુતરાએ પગ કરડીઓ.

બીજંન—અરે કમબખત તું કેવો લુછોછે.

બેહેમન—કે હમારી બાએડીઓને ફુસલાવાની પેરવી કીધી.

ગુરગીન—પણ હું આજે જોઉ છઉં કે તેઓએ ખરી ઈમાનદારી દેખાડીછે, અને તમારી સાથ એકસંપ થઈ મને સજા કીધીછે. હવે સાહેબો અને બાંનુઓ હું તમારી આગલ મારી માલનો પસતાવો કરૂં છંઉ અને કબુલ થાઉં છંઉં કે મારા બુઢાપાને વખતે આ બાબદમાં મેં જેમ મારી અકલને વેચીછે તેમ ફરીથી હું કદી કરશ નહી. ખોરશેદ અને મેહેરબાંનુઓ તમોને તમારી વફાદારીને થકી હું શાબાસી આપુ છઉં. બીજંન અને બેહેમન તમોને આવી નેક બાએડીઓ મલીછે માંટે તમોને હું ખરા ભાએગસાલી ગણું છંઉં અને દુવા માંગુ છંઉં કે ખોદા તમારાં જોડાંનો સંપ કાએમ રાખે.

એ રીતે ગુરગીને પસતાવો કીધાથી તથા તે સુધીમાં આવીઆથી આ ભરથારોએ તેની તકસીર માંફ કીધી અને પોતાને ઘર જવા લાગાં.

પણ તેવામાંજ તાંહાં હોમાંન હકીમ ખોરશેદ આગલ ફરીઆદ કરતો આવી લાગો. તે બોલીઓ કે "અરે ખોરશેદ તમોએ નખોદ વાલીઉં. મારી સાથ પરણવા માંટે તમે તમારી છોકરી નહી પણ છોકરો આપીઓ. હું પીલા પોશાકવાલી પરીને જરખાંનું જાંણી ખેંચી ગએઓ, પણ રસનામાંથી વાત કરતાંજ મને જણાએઉં કે તે કોઈ છોકરો હતો."

હોમાન એ રીતે ફરીઆદ કરતો હતો તે ઉપરથી ખોરશેદ પોતાની ધારણાંમાં નીસફલ થઈ માંટે તેનો ધણી ખુશી થતો હતો અને વીચારતો હતો કે તેની છોકરી બાબક સાથ ખરેખર ગઈ હશે. પણ તેટલામાંજ બાબક પણ આવીને પોકાર મારવા લાગો. તે બોલીઓ કે "ઈઆર બીજંન હુંતો સુજર ધલરાએઓ છઉં. તમોએ મુને ફરમાવીઉ તેમ હું લીલા લેબાસવાલી પરીને મારી સાથે લઇ ગએઓ પણ પાછલથી મેં જોઇઉં કે તે કાંઈ જરખાંનું નહી પણ કોઈ મસતીખોર છોકરો હતો."

ખોરશેદ અને બીજંન આ વાત સાંભલીને ઘભરાટમાં પડીઆં, તેઓએ પોત પોતાને પસંદ પડતા જમાઈ કરવાની ઈઉકતીતો કીધી, પણ તેમાં ફાવીઆં નહી માંટે અંદેશો કરવા લાગાં, અને જરખાંનું કાંહાં ગઈ તેનાં શકમાં પ

ડીઆં. એ શક થોડા વારમાં જરખાનુંએજ આવીને દુ
ર કીધો.

આ વખતે બાંમદાદ થવા આવેલી હતી. જાહાંડોએ
લીલો પોશાક પેહેરેલો હતો અને ઠંડો પવન આ
વતો હતો, તેવામાં દુરથી જરખાંનુ પોતાનાં ખાવંદ ખુસરો
સાથ ધીરજથી વાત કરતી આવી લાગી, તેને જોઇ તેનાં મા
બાપની ગેભ્યેઆ છાતીજ બંધ થઇ ગઈ. તેઓ બંને જણ
આવીને માબાપને પગે લાગાં અને પછે જરખાંનુ બોલી કે,

"મારા વાહાલાં માતાજી, નેક નાંમ પીતાજી, તમો મ
ને જોઇને અચરત થાવોછો, પણ મારો ખોલાસો સાંભલશો
તો પછે તમોને અચરત થવાનું કારણ મલશે નહી. જે ધાં
ણી મારા જમનાં હાથ ઉપર ઉભોછે તેની સાથ હું આજે
પરણી છઉં, તેનાં ઉપર મને ઘણોજ પીઆરછે, અને અસલ
થી હમો એક એકને ચાહાતાં હતાં. પણ તમો માં બાપ
તેની સાથ મારૂં જોડું બાંધવાને ના પાડતાં હતાં, અને તે
થી આજનાં સરખી જોગવાઈની હમો વાટ જોતાં હતાં. બા
વાજી, તમો મને જે ધણી સાથ પરણવા કેહેતા હતા તેના
ઉપર જેમ મારૂં દીલ નહી હતું, તેમજ માતાજી તમે દેખા
ડેલો શખસ પણ મને પસંદ નહી હતો. તે છતાં પણ ત
મો પોત પોતાની પસંદગીનાં શખસને જમાઈ કરવા સારૂં મ
ને તરેહવાર વાતો શીખવતાં હતાં. ગઈ કાલેજ બાવાજી ત
મે મને લીલો પોશાક પેહેરવા ફરમાવીઓ કે તેથી હું બાબ
ક સાથ નીકલી જાંઉ, અને મારાં માએ ઠગાએ. માએ મ
ને પીલો પોશાક પેહેરવા કહેઓ કે તેથી હોમાન અને લઈ
જાએ અને મારા બાવા ઠગાએ એ રીતે તમારી મતલ
બને વાસતે મને નાંપસંદ પડે એવા ધણીઓ સાથ
પરણાવા સારૂં તમે મને ઠગવીદીઆ શીખવવાને આમકો ખા
ધો નહી, પણ તે વાત મને દરૂસત લાગી નહી. માતાજી
ઠગાતેતો તેવણ ખફા થતે, પીતાજી ઠગાતેતો તેવણ મને ગા
લ દેતે, અને વલી તેથીબી મારી મરજી પરમાંણેનો માંટી મ
ને મલતે નહી. તે ઉપરથી મેં ઉપલા બેહુ શખસોને પડતા
મેલી મારા ખુસરો સાથ નીકલી જવાનો સંપ કરી રાખી
ઓ હતો, કે તેથી મા બાપમાના એકજ જણ નહી પણ બં
ને જણ પોતાની ખોટી મતલબમાં ફાવી શકે નહી. એમાં
મેં કાંઈ ખોટુ કીધુ નથી, અંતેબી તમોમાંનાં કોઈ ઠગાતે,
અને તેમજ હાલ પણ ઠગાએઆંછો, પણ તેનાં બદલામાં
તમો હીઆં જુવો. મેં મારી હોશીઆરીથી ખુસરો સાથ
લગણ કીધાંછે. હમે તમારા ફરજંદ કેવા સુખી છઈએ.
અને હમારી બાકીની જીંદગીમાં હમો સુખ જોઈશું.
માંટે વાહાલા મા અને બાપ હમારાં જોડાંને આસી
રવાદ દેવો."

જરખાંનુનાં આ ભાશાંણથી તેનાં મા બાપ ઉપર અસ
ર થઇ. તેઓએ પોતાની ભુલ જોઈ અને પોતાનાં જમાઇ
ખુસરોને કબુલ રાખીઓ. તે લગણની ખુશાલીમાં તેઓ
એ આખો દાહાડો ગુજારીઓ, ગુરગીને પોતાની બેરદાઈ છો
ડી દીધી, અને આપણી વારતાનો છેડો આવીઓ.

નેક વાંચનારીઓ, જે બાએડી ખોરશેદ અથવા મેહેર
સરખી વફાદાર હોએ તેનાં ભરથારને કેટલું સુખ, તથા જે
છોકરી જરખાનુ સરખી મંચલ હોએ તેનાં બાપને કેટલી
ધીરજ મલે તેનો તમોજ વીચાર કરો.

# લગણ કેમ કરવાં ?

લગણનો ગાંઠ એટલોતો પવીતર, મોટો અને
જોખમ ભરેલોછે કે તેને લગતી દરએક બાબદ ઊપર
જેમ વધારે વીચાર કરીશું તેમ આપણને વધારે ખો
લાસો થશે. જારે ખોદાતાલાએ મરદ અને ઓરતને
અરસ પરસનાં કાંમ સોંપીને એક બીજાંને મદદ લા
ગવાનું ફરમાવીઊંછે, તથા જારે લગણથી તેઓ સદા
કાલ સુધીનાં એવા સંબંધમાં આવેછે, કે જે કોઈબી હ
થીઆર ઇઆ ઊપાએથી તુટી શકતો નથી—તારે તે
ગાંઠને કેવો અગતનો અને જોખમ ભરેલો ગણવો જોઈ
એ તે આપણે વીચારી લીધુંછે. અને તે ઊપરથી તુરત
જ આ સવાલ ઊતપંત થાએછે કે એમછે તારે તે સંબંધ
કેઈ રીતે મેલવવો જોઈએ ? લગણ કેમ કરવાં જોઈએ?
એ જરા વીચાર કીધાથી આપણી ખાતરી થશે
કે લગણ ઘણાં સંભાલ, ધીરજ અને ગમ્ભીરાઈથી ક
રવાં જોઈએછે. તેમાં બનતાં સુધી પુખતે વીચાર અ
ને આગલ પાછલનાં દરશતાંટ તપાસવામાં ઢીલ કરવી
નહી જોઈએ, કેમકે સઊ કોઈ જાંણેછે કે એકવાર જો
તેનાં ગાંઠમાં જોડું બંધાએઊં તો તે છુટી શકવું ઘ
ણું કઠણછે. પછવાડેથી તે તેને માંથે એક બેડીની મી
શાલ થઈ પડેછે અને તેઓ ઘણોખરો જનમારો તે
નાં બલાપામાં બાલી બાલીને ગુજારેછે. માંટે જેઓ
હાલ મોટાં મોટાં લગણો કરવાનું માંથે લીએછે તેઓ
જો તેમ કીધાની આગમચ લગણ કેમ કરવાં તે વાત
ની વાકેફગારી મેલવેનો ઘણો ફાએદો થાએ એવું હ
મો ઈછીએ; છઈએ એટલુંજ નહી પણ દરએક સમ
જુ માંણસની તે ખાહેસ હશે.

આપણાં લોકો ઘણુ કરીને એક દીવસ વાડી
જઈ લગણ કરેછે. ખેતવાદીનાં રસતા ઊપર
જો કોંઈ વખત તમે ઊભા હોવોતો કદાચ જોશો કે
ખઈરાંઓથી ખીચોખીચ ભરાએલી ગાડીઓની હાર
લાગેલીછે. તેમાં પારસી સ્ત્રીઓ જે રીતે બેઠેલી હોએ
છે તે ઊપરથી કોઈ વાર ધારવાને બની આવેછે કે તે
ઓને ગાડીમાં બેસતાં પણ આવડતું નથી. તેઓ એ
ક એકનાં ખોલા ઊપર બેસેછે અને ઘણીવાર પગ
મુકવાની જગામાં પણ તેઓ ફસડાઈ જાએછે. એવી
હાલતમાં તેઓ જુદી જુદી વાડીએ જાએછે. તાંહાં
સારીપેઠે ખાએછે, કાગડાની પેઠે ગડબડ કરીને સ

ઘલી જગાને ગજાવી દીએછે, બચાંઓ રડારડ કરી નાંખેછે અને રાતનાં તેવીજ હાલતમાં ઘર આવેછે. તેટલા વખતમાં અરસ પરસ પેહેરાંમણીઓ થાએછે. વરણી તથા સોપારામાં સરવે જણ ફરવા જાએછે કોઈને હાથની બાંગડીની ખીલી નીકલી જાએછે અને કોઈ છોકરાંની સાંકલી ખોહોવાએછે.

આવી ધુમધાંમને આપણાં લોક લગણ કેહેછે. તે સાથે લગણનાં ટાંકણાંની ચોકસ કીરીઆ પણ હોએછે. પરણતો છોકરો કેટલીએક વખત પાટલે બેસેછે અને તેને સેસ ભરવામાં આવેછે, ઈઆને તેને કપાલે ચાંલો, હાથે નાલીએર, અને ગલે હારડો આપવામાં આવેછે. સાંજને વખતે છોકરો સાહાજણની સાથે છોકરીને ઘર જાએછે અને તાંહાં તે જોડાંને સાંમાંસાંમું બેસાડીને કાચા શુતર વટે તેમનાં હાથ પગ બાંધવામાં આવેછે. તારબાદ તેઓની વચે એક ચાદર ધરેછે અને આસંપાસથી બઈરાં વોબાંન ધુપાવેછે અને એ સીવાએ બીજી કીરીઆ થાએછે. એવી કીરીઆઓની શરૂઆત કેટલાએક દીવસ આગમચથી થાએછે. રસતા મધે ખાડો ખોદીને આંબાનાં પાતરાં દાટવામાં આવેછે અને તેને માંદવસોરો કેહેછે. કેટલીએક ઓરતો ખાંદી પરામાં હલદ છુંદવા બેસેછે અને તેને હલદ સુરત કેહેછે. કેટલીએક ઓરતો બાલકને પાટલા ઊપર નાગું બેસાડીને તેને ગોલ ચકરડાંમાં ફેરવેછે અને તેને એલા ટેલા કેહેછે. એવી એવી ઘણી કીસમની કીરીઆઓ થાએછે અને તે સરવેને આપણા લોકો લગણ કેહેછે.

પણ પીઆરી બાંનુંઓએ વીચારવું ઘટેછે કે એખલું એમજ કીધાથી કાંઈ લગણ થઈ ચુકતાં નથી. લગણના ગાંઠની મોતેબર મતલબ અને ઊતમ ગોઠવણો ધેઆંનમાં લેતાં તેને એમ બચાંની રમતનાં સરખાં ગણવામાં ગુનાહ માલુમ પડેછે. લગણમાં જેટલો સંભાલ લેવાની તથા વીચાર કરવાની જરૂરછે તેટલું સઘલું ઊપલાં કાંમોમાં આવી રેહેતું નથી. પરથમતો જોડું પસંદ કરતાં, અથવા પરણાવા ધારેલાં છોકરા છોકરીનો લાગ બન બેસાડતાંજ વીચાર કરવો ઘટેછે. તેની આગમચ વલી હમારા ગએઆ આંકમાં જણાવીઆ પરમાંણે તેઓને અરસપરસની અને દુનીઆંમાંની ફરજોનું પુરતું ગનેઆંન આપવાને કેલવીને તઈઆર કરવા જોઈએ તેમ કરતાં તેઓને ઘણા વરસની મુદત લેવા દેવી જોઈએ, અને તાર પછે જારે તેઓ કસાઈને તથા સારીપઠે પાક ઊપર આવીને સંસારના સાગરમાં લપેટાવાને લાએક થાએ, તારે તેઓને લગણના સુખનો સવાદ આપવો જોઈએ. તેમ કરતાં આસપાસના સગાં વાહાલાંને બદલે ને જોડાંની મરજી વધારે તપાસવી જોઈએ, જેઓ પરણતાં હોએ તેઓને વધારે રાજી રાખી પરણાવાં જોઈએ. કાં એકે જેઓ તે-જોડાંને પરણાવાની આગેવાંની કરતાં હોએ તેઓ તેમની બાકીની જીંદગીમાં તેમને કાંઈજ કાંમ લાગવાના નથી, પણ જોડાંને મોહોત સુધી એકએકસે જોડાઈને જનમારો કાહાડવોછે, માટે નેઓએ અરસ પરસના ખવાસ તથા મીજાજની તપાસ કીધા પછે તેઓની ખરી મોહોબતનો તેઓને લાભ લેવા દેવો ઘટેછે. તાર પછે લગણની જે કીરીઆ હોએ તે કરવા દેવી રવાછે. કીરીઆને વખતે ગમભીરાઈ અને ચુપકીદી એખતીઆર કરવી ઘટેછે. જે મોટાં કાંમમાં તે જોડું પડેછે તે કાંમની ખુબીની અસર આસપાસનાં આદમીઓ ઊપર થવી જોઈએછે.

લગણ કેમ કરવાં ? એ હમારા સવાલનો ખોલાસો ઊપલી વીગતો ઊપરથી મલેછે, પણ આપણા દેશીઓમાં લગણ કેમ થાએછે તે સઊને જાણીતી બીનાંછે. શું હીંદુ કે પારસી લોકોમાં ઊપર જણાવીઆ જેવી ઢીંગલાં ઢીંગલીની રમત થાએછે, અને તેને બેસમજ લોકો લગણ સરખું મોતેબર નાંમ આપેછે. ખરેખર જોતાં એમાં બેવકુફીછે. લોકો ખામુખા પોતાના બાલકોને બચગીમાંથી પરણાવી દેવામાં ભલાઈ વીચારેછે, અને જે ભાએગસાલી મા બાપે એ, નાંમની ભલાઈ કીધી નહી હોએ તેને તેઓ નવાઈ સરખી રીતે હસેછે. કેટલાંએક લોકો ગાંમમાં પોતાનો પઈસો દેખાડવા તથા મોટાં જમન કરીને નાંમ મેલવવા માટે લગણ કરેછે. કેટલાંએક લોક એક બીજાંનો પાર વાલવા માટે બચાં પરણાવેછે. કેટલાંએક લોકો નવાંસવાં પરદેશ જવા નીકલેછે માટે તેનું કારણ વચે લાવીને ફરજંદોના નેકા કરી લીએછે. કેટલાંએક લોકો ઘરમાં કાંમકાજને માટે માણસ મેલવવા સારૂં વહુને લાવેછે. એ રીતનું આપણ ઘણીવાર જોઈએ છઈએ. એક સ્ત્રી બીજીને ઘર જતાં તેને મોટાંમાં મોટી ભલાંમણ એવી કરેછે કે—"આંજીજી એખવે હાથે તે છોકરાં બચાં સાથ કેમ બને. ખોદાએ રાખે દાહારેનાં બચાં થ

એઆં, હવે માએ તમુનેન્વહુ જોઈએ." કોઈ દાહી દો હોરી એવી વાત કરવા નીકલેછે કે "માએ, છોકરાં પ રણાવો કે હમે ખાવા આવીએ અને વહુ આવેતો ઘર મા કાંમ લાગે." એ મતલબને માટે ઘણી સાસુઓ વ હુને મેલવેછે, પણ એ ઊપરથી સાફ દેખાએછે કે પો તાના ઘરમાં ચાકરડી નહી, માટે તેઓ છોકરાને પર ણાવીને ઘરના કાંમકાજને સારૂ પારકી છોકરીને લા વેછે, ઈઆને થોડાં ઘરેણાને બદલે હંમેસ શુધી લડોરૂં કરનારી ચાકરડી રાખેછે! કેટલાંએક લોકો પોતાના શો ખને ખાતર બચાં પરણાવેછે, અને કેટલાંએકોના પેટ માં બચાં હોએછે તારથી તેમના નામ પાડી મેલેછે.

બેહનો, એમ આપણમાં લગણ થાએછે, પણ એ રીત છાજતી નથી. તમો માણસમાં ખપોછો, ત મોને ખોદાતાલાએ આંખ અને અકલ બખશીછે; તેથી તમો જોવોછો અને વીચાર કરોછો, તમોને ઈશવરે હઈડું આપીઊંછે, તમો નાજુક, નરમ અને માએઆ લુછો. તોપણ તમો તમારાં બચાંઓને આ જંગલી રી ત પરમાણે લગણ કરીને ફસાવોછો, એ કેવું શરમ ભ રેલુંછે!

## એક તવાએલું માંણસ.

ડબલીન શેહેરનાં સંગરહસથાંન મધે એક માં ણસનાં હાડકાંનું ખોખું લોકોને દેખાડવા માંટે આ જ ઘણાં વરશ થએઆં રાખી મેલીઊંછે. તે માંણ સની તુક તવારીખ ખરેખર ચાંનાંક આપનારીછે. એ વું કેહવાએછે કે હાલ જે મીશાલે તેનાં સરીરનું ખો ખું નજરે પડેછે તેજ મીશાલેની તેની હાલત તેનાં મરણને વખતે થઈ હતી. તે પોતાની પાછલી જીંદગીમાં, એટલોતો તવાઈ ગએઆ હતો કે તેનાં સ રીર ઊપરનું સગલું માંસ નીકલી ગએલું હતું અને મરતી વખતે તેનું એખલું ખોખું બાકી રહેઊં હતું. એવું પરીનાંમ તેની પોતાની ચાલથી નીપજીઊં હતું.

આ કમ બાએગ આદમી પોતાની જવાંણીનાં વખતમાં ઘણો તનદરોસત અને પુશત બાંધાનો હતો. તે વખત ઊપર તેની કાઠી સાબુત હતી, માંટે આસ પાસ સારૂં જોર દેખાડતો હતો. પણ મછવાડેથી જા રે તેનું સરીર લેવાતું ગએઊં તારે તેનો આકાર એ વોતો બીહાંમણો અને બેદોલ થઈ ગએઓ હતો કે બ ચાં તેને જોવાથી બીધાવનાં રેહે નહી ધીમે ધીમે તેનાં બદનનાં દરએક ભાગનુ માસ તવાતું ગએઊં, અને હા ડકાં બાહેર નીકલવા લાગાં. તેનાં સરીર ઊપર જી ની ચાંમડી બાકી રહી હતી, અને તેની આંખ તથા આંતરડાં સલાંમત રહેઆથીજ ગોએઆ તે જીવતો હતો. તેનાં સાંધાઓ એક એક સાથ એવા મલી ગએઆ હતા કે તેનાથી હીલાતું અથવા ચલાતું ન હી હતું. તેનાં દાંત એક એક સાથ મલી જવાથી તેમનું એક આખું હાડકું થઈ ગએઊં હતું અને તે એટલું શખત થએઊં હતું કે કસો ખોરાક ગલવા માં ટે આ શખસ મોહાડું ઊઘાડી સકતો નહી હતો. તે માંતર પાંણી, દુધ અને એવી ચીજો ઊપર જીવતો હતો. એ સરવે પદારથોને તેના ગલાંમાં રેડવા માંટે તે જરડાઈ ગએલા દાંતમાં એક આંધરૂ પાડીઊં હતું! હાવી હાલતમાં તે ઘણાં વરસ શુધી જીવીઓ હતો.

આ શખસને ઊપલી દએઆ કરવા જોગ હાલ તમા આવી જવાનું કારણ તેની બદ ચાલ હતી. તે ને દારૂ પીવાનો ઘણો બુરો લખ લાગો હતો અને બી જી ખરાબ ઈલતોનો તે ભોગ થએલો હતો. એક રા તનાં બદી ભરેલાં પોતાનાં કરતુકોથી ફારેગ થવા બા દ તે ઘર તરફ જતો હતો. તેવામાં તેને રસતા ઊપ ર ઊંઘ આવી, અને એ રીતે ખોલાં મેદાંનમાં આખી રાત ગુજારવાથી તેની તનદરોસતીમાં એકાએક બીગા ડ થએઓ હતો. તારથી તેનો અવતાર બદલાતો ગ એઓ અને આખેરે તે ઊપલું મોટું દુખ ભોગવીને મરણ પાંમીઓ.

## દુનીઆનો મુસાફર.

પત્ર ૧૦.

મારાં પીઆરાં બેહેન,

છેલો કાગજ આપણાં પુરાંતન વતન ઈરાંણ દે શમાંથી લખવા બાદ આફગાંનીસતાંનથી તીબેટ થઈને હાલ હું બરમાં દેશમાં આવીઓ છઊં. આફગાંની સતાંન જેને ઘણુ કરીને લોકો કાબુલ કેહછે તેમાં થોડા

એક દીવસ ગુજારીને જોવા અને જાંણવા જોગ ચીજોને મેં જોઈ લીધીછે. એ દેશ ઈરાંણની પુરવ દસાએ આવેલુંછે અને તેની ઊતર તરફથી હીંદુ કુશ નાંમનો એક મોટો પાહાડ લાગેલોછે. તેની રાજધાંની કાબુલ શેહેરછે, જાંહાં મુસલમાંન લોકોનું રાજ ચાલેછે, અને દોશતમહમદ નાંમનો એક ઘણો જઈફ અમીર હીઆં હાલ રાજ ચલાવેછે. કાબુલની તમાંમ વસતી મુસલમાંન લોકોનીછે, અને શેહેરોમાં જાંહાં જોઈએ તાંહાં આ નાંહાંનાં ચીતરમાં દેખાડવા પરમાંણે દાહાડી અને ફેંટાનાં આદમીઓનો જમાવ જોવામાં આવેછે.



પણ કાબુલ દેશનાં વીસતાર સાથ સરખાવતાં તેમાં પચાસ લાખ માંણસોની જે વસતીછે તે કાંઈ મોટી નથી. તેજ પરમાંણે વલી એ દેશમાં ખેતીવાદીનું કાંમ જોઈએ તેવું થાએલું નથી. દેશનો મોટો ભાગ પાહાડો અને ઊજડ મેદાંનોથી ભરેલોછે. ઘણું કરીને ચોખા, રૂ, ખાંડ, અનાંજ અને બીજી જીણસોનો થોડો થોડો પાક ચાલેછે. તંબાકુનો પાક મોટોછે અને મુખીઅ જનાંવરોમાં ઘેંટાંછે, જેઓનુ ઊંન ઘણું ઊંચુંછે. થોડાં ઘણાં રેસમનો પણ હીઆં પાક થાએછે અને તેનાં તથા ઊગતા રૂનાં કપડાં પેહેડીને કાબુલી લોકો ફરેછે.

આ લોકો લડાએક અને હીમતવાંનછે. તેઓ પહરોણાંઓને પોતાનાં ઘરમાં સારી ઈજત આપેછે, તથા તેઓની મદારત કરેછે, પણ કેટલીએકવાર તે પહરોણાંઓ ઘરની બાહેર ગએઆ પછે બીચારાઓ લુટાઈ જાએછે. એ દેશનું રાજ કાંઈ વજણદાર નથી. વારેવાર હીઆં નાંહાંની લડાઈઓ થાએછે. જુદાં જુદાં શેહેરો ઊપર જે જુદા જુદા હાકમો રાજ ચલાવેછે તેઓ કોઈવાર આપએખતીઆર થવા જાએછે, અને પોતાને માંથેનાં રાજાનાં હાકમોની થોડીજ દરકાર રાખેછે. ઈસવી સને ૧૭૭૯ પછે કાબુલમાં આવી કીસમની મારામારી વધી હતી. સને ૧૮૩૯માં ઈંગરેજ સરકાર વચે પડવા ગઈ હતી, અને એક હકદાર શાહાને તખતે બેસાડવાની તેમાં મતલબ રાખી હતી. તે વખતે ઈંગરેજોની ફતેહ થઈ હતી. પણ તારપછેનાં બીજાં વરસમાં કાબુલી લોકોએ બલવો કીધો હતો, જે વખતે શીઆલાનાં સબબથી ઈંગરેજી લશકરને મદદ મલી નહી હતી અને તેને લીધે આસરે ૫૦૦૦ ઈંગરેજી સીપાઈઓ કતલ થએઆ હતા. આફગાંનીસતાંનમાં હેરાત નાંમનાં શેહેરમાંથી આપણાં દેશ તરફ સેહેલાઈથી અવાઈ શકાએછે, માંટે કેટલાંએક રાજવાલાઓનો દોરો એ શેહેર ઊપર તપી રહેઓછે.

તીબેટ દેશ આફગાંનીસતાંનની પડોશમાંછે. એમાં અને આપણા દેશ વચે હીમાલએ નામના મોટા પાહાડ આવીઆથી એ દેશ આપણથી છુટુંછે. એ પાહાડ દુનીઆંમાં સઊથી ઊંચા ગણાએછે. તે પાંચ માઈલ ઊંચાછે, અને તે ઊપર હંમેસાં બરફ બંધાઈ રેહેવાથી જારે સુરજ પરકાશેછે તારે ઘણાજ ગંજાવર કદ સાથ દુરથી તેમનો દેખાવ દબદબા ભરેલો તથા મથાલું સુંના રૂપાંની મીશાલે જહલકતું લાગેછે. તેનાં મથાલાં સુધી કોઈકાલે માણસથી જવાએલું નથી, તથા પંખી ઈઆ પસુ કદાચજ તાંહાં જતાં હશે. એ પાહાડોની પછવાડે તીબેટ નાંમે એક નાંહાંનું એકમારગી દેશછે, જેનું મુખીઅ શેહેર લાસા નામનુંછે. એ દેશ એશીઆખંડની લગભગ વચે હોવાથી સઘલી જાતની હવા તથા મોસમની તાંહાં ફેરબદલી થાએછે. તાંહાં મોટી નદી અને સરોવરો આવેલાંછે, જેમાંનો એક સરોવર દરીઆની સપાટીથી ૧૫૦૦૦ ફીટ ઊંચો કેહેવાએછે.

તીબેટમાં ઘણાજ થોડા મુસાફરો આવી ગએઆછે, અને તેમાં ઘણી થોડી વસતીછે. તાંહાંના લોકો તાતાર વંશનાં પણ વધારે નરમ ખવાસનાછે. તેઓ હંમેસ શુધી ઊંડા વેહેમનાં ગારમાં દુબી રહેલાછે. તેઓનો ધરમ વલી ઓર તરાંહંનોછે. હું ધારૂછઊ કે તેનુ તુક બેઆંન તમોને રમુજ આપશે. તીબેટના લોકો "મોટા લાંમાં" ની માંનતા કરેછે. તે માંણસછે અને તેને તેઓ મોટા દેવમાં ખપાવેછે. તેને વશે તેઓ એવુ વીચારેછે કે તે આ દુનીઆંમાં ખોદનો અવતારછે અને જારે તે સવરગવાસી થાએછે તારે ઈસવરી અવતાર તેનાં દીલમાંથી નીકલીને બીજાનાં દીલમાં જાએછે. તે ઘણા ખરા કુમારાં રેહેછે. "લાંમાં" બે મોટાં થાણકમાં આંતરે આંતરે વસેછે, તેની આસપાસ લોકો ભેગાં થઈને તેની માંણતા કરેછે, પણ જે જગામાં તે રેહે તાંહાં તેઓ કોઈ સ્રીને રાતના રેહેવા દેતા નથી. એનુ કારણ જણાંતુ નથી. કેહેછે કે એક પાહાડ ઊપર પીકટાલા નામનુ મંદીરછે તેમાં દસ

હજાર ઓરડાછે, અને તે દરએક ઓરડામાં સુનાં રૂપાની મુરતીઓછે. પણ એમ કેહેવાઈ શકાએછે કે તીબેટનાં લોકોમાં ઊપલા એક "લામાં" ના હાથ નીચે બીજા અગણીતલામાંઓછે, જેઓ જુદાં જુદાં મંદીરોમાં રેહેછે અને રાજ દરબારમાં આગેવાંણી કરેછે.

તીબેટનાં ધરમગુરૂઓમાં પરણવાની છોટછે એટલુજ નહી ! પણ, બેહેન, હીઆંનાં સાધારણ લોકો વીશે પણ એ બાબદમાં અજાએબ જેવી વાતો ઘણે મોહાડે સંભલાએછે. તીબેટનાં લોકો શુલેહ સંપજવાલાછે. જારે તેઓ સલામ કરેછે તારે પણ એમ બોલેછે કે "આપણ સરવે ભાઈ છઈએ," અને એ વાતને ધરમનાં કારણોથી તેઓ માંણેછે એટલુજ નહી પણ તે મુજબ ચાલેછે. કેહેછેકે છ સાત ભાઈઓ વચે એકજ બાએડી હોએછે અને તેનાં એટલા બધા માંટી હોએછે, પણ તોબી તે ભાઈઓ વચે કસો કંકાસ થતો નથી. તેઓનું રાજ ચીનની તાબેદારીમાંછે. તેઓ ચીન સાથ ઠીક વેપાર ચલાવેછે. તેઓનાં દેશમાં ખેતીવાદી ઘણી થોડીછે, પણ હીઆ જણાંવરો પુશકલછે અને અગત કરીને એ દેશનાં મેંઢાનું ઊન આખી દુનીઆંમાં વખનાંએછે. કાશમીરી શીઆલ એ ઊનમાંથી બનેછે, અને તે શીઆલ એવીતો નાંદર કેહેવાએછે કે ઈરોપનાં કારખાંનાંવાલાઓ તેવી શીઆલ બનાંવતાં હારી ખાએછે.

હવે હું બરમાં દેશ તરફ આવું છઉં. એ દેશ અસલ ઘણો કાબુ ધરાવતું હતું અને હીંદુસતાંનમાં ગંગા નદીની હદ સુધી એક વખતે તેનો અખતીઆર ચાલતો હતો. સને ૧૮૨૫ માં ઈંગરેજો સાથ તાંહાંનો રાજાને મોટી લડાઈ થઈ હતી. તે લડાઈ બે વરસ સુધી તકી હતી અને ઈંગરેજોને તેમાં દસ કરોડ રૂપીઆનો ખરચ બેઠો હતો. પણ તેનાં બદલામાં બરમીસ રાજે પુરતી સીકસ્ત ખાધી હતી અને હાલમાં એ રાજ થોડાંએક પરાંતો સુધી વેંહચાઈ ગએલુંછે. જેમાં આવા, રંગુન, ઈતીઆદી થોડાંએક મુખીઅ શેહેરોછે. પોતાની ઘણીખરી સતા ખોહોવા છતાં બરમાં દેશનો રાજા રઈએનમાં હજુર મોટું માંન ધરાવેછે. તેને માંન આપવા માંટે દરએક માંણસને તેની આગલ ચતો પાટ થઈ જવું પડેછે, તથા વીસ વરસથી વધારે ઊમરનાં દરએક માંણસને દર વરસનો તરીજો ભાગ સરકારની કોઈબી ચાકરીમા રોકવો પડેછે.

બરમાં દેશમાં બુધ ધરમ પાલવામાં આવેછે. આગલા જમાંણાંમાં બુધા નાંમના વીદવાંને એ ધરમનો પાએઓ નાંખીઓ હતો અને બરમાં ખાતે તે હજુર ફેલાએલોછે. એ ધરમમાં મુરતીઓની માંણતાછે, અને તેવી એક મુરતીનો ચીતાર મેં આ કાગજમાં બીડીઓછે. એ ધરમમાં કેટલીક નીતીછે અને નાંતનાં ફરકને તેમાં ધીકારેલોછે. બરમાં ખાતે બુધ ધરમ પાલનાંરા ચઊદ વરસથી વધારે વરસનાં દરએક માંણસને ચોકસ મુદત ધરમ સંબંધી કેલવણીમાં ગુજારવી પડેછે, જેથી તાંહાં શુ મરદો કે ઓરતો વાંચતાં લખતાં શીખેલાછે.



એ કેલવણી તેમનાં ધરમ ગુરૂઓથી મલેછે, જેઓ પાસેનાં ચીતરમાં દેખાડવા મુજબનો પોશાક પેહેરેછે. પણ આ કેલવણીથી તેઓને કાંઈ જાજો ફાએદો થએઓ નથી. બરમીસ લોકો તીબેટનાં રેહેવાસીઓ કરતાં પણ વધારે વેંહેમીછે અને ઈલમ અથવા હોનરોથી તદન અણજાંણાછે.



બરમાનાં રેહેવાસીઓનો હેવાલ જાણવાજોગછે. તેઓ સરીરે ભરેલા, તનદરોસત અને ઠીક બાંધાનાછે. તેઓની ચાંમડીનો રંગ કાલાસ ઊપરછે, અને ચીનઈને મલતી ભાશા બોલેછે. તેઓ ઘણાં રમુજી લોકોછે. તેઓ સારા મીજાજનાં અને મોજ મજાહનાં શોખીછે. મુખીઅ કરીને મુકી દાવમાં તેઓ કેટલીએક વખત કાહાડેછે. તે સાથે વલી મરઘાં લડાવાની ઘાટકી રમતનાં તેમજ વલી સેતરંજની ફાએદેમંદ રમતનાં તેઓ ઘણાં શોખીછે. સોંગ અને ઢોંગ કરવામાં તેઓ એકાછે તથા વાંહાંણ બાંધવાનો હોનર સારો જાંણેછે. સોની, લુહાર, રંગારા, ઈતીઆદી ધંધાથી તેઓ ગુજરાંણ ચલાવેછે. પાંન સોપારી ખાવાનો તેઓને ઘણો માહાવરોછે અને મુખીઅ કરીને તેઓમાં બીડી પીવાનો એટવો લખછે કે બચાંઓનાં મોહાડામાં પણ તે જોવામાં આવેછે.

બરમાં દેશનાં લોકો જનાંવરોને માંન આપેછે.

હીઆના "સફેદ હાથી" ને તેઓએ અચરત સરખો દરજ્જો આપીઓછે. તેનાં સરીર ઊપર અતીશએ જરી



આન લાપેછે તથા તેને બીજી ઘણી રીતે સોણગારેછે, અને પછે મોટા સરઘસને વખતે તેઓ તે હાથીને આગલ કાહાડેછે. તે હાથીનુ એક સુંદર ચીતર મેં તમોને ભેટ કીધુંછે. લોકો એ હાથીને પગે વટીક લાગેછે. એવા ઘણાં વેહમને લીધે બરમીસ પરજા ખેતીવાદીનાં તથા બીજા સુધારાને ભુલી ગઈછે. ખોદા તાલાએ બરમાં દેશમાં બહુ ખજાંણો ભરીઓછે. જમીન ઘણી ફલવંતછે, તથા હીરા, માણેક, ઈતીઆદીની ખાંણ એ દેશમાં પુશકલછે. વલી ફેરણો, કસતુરી, ઈતીઆદી પણ હીઆં સારી મલેછે. એ દેશમાં તેલનાં મોટા કુવાછે તેમાંથી દર વરસે હંસી લાખ રતલ તેલ નીકલેછે અને તે બાલવાનાં કાંમમાં આવેછે. એવાં સુખી દેશમાં અપટ પરજા આવી ગઈછે, પણ આપણે દુવા માંગવી જોઈએ કે ખોદાતાલા એ માણસોની હાલતમાં લાએક સુધારો કરે.

હું છઉ તમારો,
વાહાલો ભાઈ.

## ધણાંકાકીનાં ધપકરા.

બેહેનો રવાંણને બેસવા જવાની તમોનેતો નવાઈ નહી હશે. પણ હું મારી પચીસ વરસની ઊંમર છતાં એકજ વખત પાંકરણે બેસી આવી છંઊં. તે વખતે મારા વરના ધણા કાકી (માંએ તેવણને બેહેસત) મને પોતાની સાથે લઈ ગએઆં હતાં. તાંહાં ઘણાં બઈરાંઓએ એક પછે એક રૂદન કીધુ હતુ અને કુતીકુતીને અથવા કેટવાએક મરદો કેહેછે મતે નકામાં ધપકરા વઈને માંથુ દુખવીઊ હતુ ને એકજ વખત બેસવા જવાથી હું બીજે દાહાડે જરા આજારી પડી હતી, કેમકે અસલથી હું નબલી દેહેવાલી છંઊ. વલી જી ભરાઆ મારા ધણી ધનજીશાહને બઈરાંઓની એવી રડાકુતની ઘણી છીટછે. તેથી તેવણ મને એવે ઠેકાંણે જવાથી સદા અટકાવતા આવીઆછે. તેવણે મને એવી રસમનાં ગેરફાએદાની સમજ પાડીછે તથા બીજુ ઘણુએક શીખવીઊછે તે ઊપરથી હું જોઊ છંઊં કે એ રીતે પાંકરણે બેસી "રરણુ" રડવાની તથા ધપકરા લેવાની રસમ પસંદ કરવા જોગ નથી.

પણ મારા કાકી સાસુ અથવા બેહેસતણુ ધણાં કાકીની વાત ઊપરથી હું મારી પોતાની વાત ઊપર આવી છંઊં. મારેતો તેવણનો થોડોએક હેવાલ આપવોછે. તેવણ પાંકરણે પોકરણે પરખેઆત હતાં. પારસી લોકોમાં જુદી જુદી ઓરતો જુદાં જુદાં કાંમમાં એવીતો "વાહેરને માંહેર" હોએછે કે તેઓને આપણાં બઈરાંઓ તેટલા માંટે ઘણો પસંદ કરેછે. કોઈ ચાલતી વખતે લટકા કરીને તથા હંસની મીશાલે લાંબું ડોકુ કાહાડીને ધીમે ધીમે ચાલેછેતો ચોંટા માગે વેહવાં વેહવાં જોવા નીકલેછે અને ખુશી થઈને બોલેછે કે "માંરી કીધીને જોઈકે, કેવી સારી પખેથી ચાલેછે! પોરીઓ, તમેબી વારૂ એમ કાંએ નહી ચાલતી હોશે?" કોઈ માંથા ઊપર છેક છેડા સુધી સોર તાંણીને ફરેછેતો તે ઘણીજ શીઆંની સ્ત્રીમાં ખપેછે. કોઈ બોલવે બાઘર હોએછે અને બે તરણ હસવાનાં બોલ જાંણવાથી તે મોટી મશખેરી કેહેવાએછે અને બઈરાંઓ તેને ઘેરેઘેર અસે મસે બોલાવેછે. કોઈ કજીઆ કરવામાં ચપલ હોએછે, કોઈ કારજ કરવામાં માંહીતગારી ધરાવેછે, કોઈ ગરબામાં સારી તાલી વજાડતાં શીખેલી હોએછે—અને મારાં ધણાં કાકી (માંએ તેવણને બેહેશત) જારે જીવતાં હતાં તારે ધપકરા લેવામાં એવાતો સરસ હાથ ચલાવતાં હતાં કે બીજાં બઈરાંઓમાં તેવણે તેટલા માંટે નાંમદારી મેલવી હતી.

અસલતાં પીઆરાં વાંચનારાઓ જેમ મારા ધોરી ધનજીશાહાએ મને ફરમાંવીઊછે તેમ મરનાર કાકીને લગતી થોડીએક હકીકત કેહેવામાં હું એક માંણસની પછવાડે તેની ગીબત કરતી નથી. ધણાં કાકી

તરફ અસલથી મને પીઆર હતો અને તેવણ મારા માએ જેવાં હતાં, પણ પાંઠરણે પાંઠરણે બેસવા જવાથી બીજાંઓને જોઈને તેવણને રડવા કુટવાની જે ટેવ પડી હતી તે મને તે વખતથીજ નાંપસંદ હતી. ધણાં કાકી પોતાની જીંદગીનાં પેહેલા ભાગથી એવી ઓરતોની મીજલશ તરફ ધેઆંન આપતાં આવીઆં હતાં, અને તેવણનાં પાછલા વખતમાં તેવણને ધપકરા લેવાનો માહાવેરો પડીઓ હતો. તેવણનાં કેટલાંએક વાહાલાં ખેશીઓનાં કાળજગરા જીવ નીકલી જવાથી બુઢાપામાં તેવણને બલાપો લાગો હતો અને તેથી જુદે જુદે પાંઠરણે બેસવા જતી વખતે "રરણુ" રડવાની તેવણને ટેવ પડી ગઈ હતી તથા પોતાનો બલાપો સદા જાહેર કરતાં હતાં. તેવણ બીજાં બઈરાંઓને મુંગાં રાખતાં હતાં અને પછે પોતે ધપકરા લઈને બોલતાં હતાં. એવી રીતે રૂદન કરવાનુ તેવણને સાધારણ થઈ પડીઊ હતુ અને જગે જગ તેમ કરવાથી એવુજ લાગતુ હતુ કે ખરા ગમને બદલે માંતરશોખને ખાતર તેવણ એવાં "ભાશાંણ" ચલાવતાં હતાં.

જોકે આ ચાલ સારી નહી હતી તોપણ ઘણાંએક બઈરાંઓને તે પસંદ પડતી હતી અને તેઓ ધણાં કાકીને તેવણનાં ધપકરાને માંટે સાબાશી આપતા હોએ એવું મને દીસતું હતું. તેવણ જો બોલતી વખતે અરધો કલાક લીએતો, તેઓ બીજી ઓરતો આગલ વાત કરતા બોલતાં હતાં કે "અરે માંએ કોઈ બારે હથીઆરી બઈરી દેખું. મરે કલાકનાં કલાક સુધી રૂદન જારી રાખેચ પણ સુંગી નહી રેહતી." એતો તેઓને મનસે મોટી અચરતીની વાત હતી, અને એવાં એવાં લોકોની ઊસકેરણીથી ધણાં કાકીને ઊપરથી ઊતેજણ મલતું હતું.

ધણાં કાકીની વેહેવાંણ વીરબાઈ નાંમની હતી. જેવાં ધણાં કાકી ઊમરે બુજરગ હતા તેવાં વીરબાઈ વેહેવાણનાં વરસ પણ ભરતીમાં આવીઆં હતાં, અને મારા ધણા કાકી કેહેતાં તેમ "પચાસને પાંચ વરસ ઊપર" હતા. ઈઆને વીરબાઈની વએ ૫૫ વરસની હતી પણ ધણાં કાકીને એ આંકડો નહી આવડવાથી તેવણ ઊપલી ગણતરી આપતાં હતાં. એ બે વેહેવાંણો વચેની સગાઈતો છેક ઘણા વરસની થએલી હતી. વીરબાઈની છોકરી ચાંદણબાઈ નાંમની હતી અને તે ધણાં કાકીનાં એક પુરા કાઊસશાહા સાથ બચગીથી પરણેલી હતી. એ બે માંટી બઈએરને બનાંવ નહી હતો. કાંઊસશાહ પોતાની ઓરતની ચાલ ચલણ ઊપર રાજી નહી હનો, અને તે છોકરી જરા તેવીજ હતી. કાઊસશાહાએ તેને ઘરમાંથી કાહાડી મેલેલી હની. તે તો પોતાની બઈરીને ઈંગરેજ ઓરતનાં જેવી ચાલ ચલણની જોવા માંગતો હતો. પણ માંએ તે કેમ બને? ઓજીઆને એટલી અકલ નહી હતી કે હાલની ઓરતો તેવી સરસ તે કાંહાંથી નીકસે. ચાંદણ પોતાની માંને ઘર રહેલી હતી, અને હરવાઈને તેને એટવા સકાર નહી હતા કે માંટીને સમજાવી પટાવીને રાજી રાખવી. તે મીજાજની કુતરી હતી અને તેથી વરે એક દાહાડે કાહાડી મેલી તો તેની દરકાર કીધા વીનાં મહીરે ઘર જઈને રહી. તે દાહાડાથી વરને ગુસો લાગો અને તેને બોલાવી નહી. વીરબાઈ વેહેવાંણે ધણા કાકી ઊપર ઘણીવાર કેહેવાડીઊ, પણ તેવણનું છોકરાની હક આગલ કાંઈ ચાલીઊ નહી. તેથી વીરબાઈ વેહેવાંણને ધણા કાકી સાથ કજીઓ થએલો હતો. પણ વાંચનારી બેહેનો તમોજ વીચાર કરો કે ધણાકાકીની એમાં શું તકસીર હતી.

એક દાહાડે વીરબાઈજી વેહેવાણની વડી માંસી મીઠીઆઈ અતેસારથી આજારી ચાલીઆ બાદ મરણ પામી. જારે વીરબાઈ વેહેવાંણનીજ ઊમર "પચાસ ને પાંચ વરસ ઊપર" હતી તારે તેવણના આ માંસીની વએ તેથીબી ઘણી વધારે જોઈએ. તેની માંદગીનાં વખતમાં ધણાં કાકી કજીઆને લીધે તેવણને જોવા ગએઆં નહી હતાં, પણ તેવણ ગુજરવાબાદ કાંઈ બેસવા જવા વીનાં ચાલે? નહી. ધણાં કાકી તેનાં નવ દીવસના પાંઠરણામાં છ દીવસ સુધી બેસી આવીઆં હતાં. જોકે આ કાંઇ જુવાંન મોહોત નહી હતુ તોપણ વીરબાઈ વેહેવાંણે અને તેની સગી વાહાલીઓએ પાંઠરણાં ઊપર એવાં એવાં રૂદન કીધાં હતાં કે કોઈ જુવાંનનાં મોહોત પાછલ તેટલુ થાએ નહી. પોતાની માંસીનાં મોહોતથી વીરબાઈ વેહેવાંણ ધણુ રૂદન કરતાં હતાં. તેવણને ખરેખર દીલમાં એવુ લાગતુ હતુ કે નહી તે હું કહી શકતી નથી, પણ જારે દરએક જણ તાંહાં "રરણાં" માં પોત પોતાના વીચાર આપવા બેઠાં તારે કજીઓ થએઓ હશે કે નહી તેનો વીચાર વાંચનારાંઓએજ કરવો.

એક વખતે મરનારની છોકરીઓએ કુટી લીધા પછે વીરબાઈ વેહેવાંણની આગમચ મારાં ધણાકાકીએ ધપકરા લેવા માંડીઆ. દાદરની તલે અંધારામાં એક ઘોલીઆની ઈસને અઢેલીને તેવણ બેઠેલાં હતાં. સહવારથી તાંહાં જઈને બેસવાને લીધે તેવણ ઘણી અગવડમાં હતાં, અને બપોરના રૂદન થાલીઊ તાંહાંસુધીતો જરા રતી ઊંઘાએઆં હતાં "રરણાં" ને વખતે તેવણે ઊઠીને રડવા માંડીઊ—તેમાં તેવણ પોતાની છાતી અશડતાં ગએઆં અને બલાપો જાહેર કરતાં ગએઆં. તેવણ ઘણુ કરીને પોતાના સગાં વાહાલાંને ઈઆદ કરી રડવા તથા પોતાને થએલાં દુખ જાહેર કરવા લાગાં. તેવણ રાગ કાહાડીને વલી રરતાં હતાં. પોતાનો એક ભાઈ જે દરીએ ડુબો હતો તેને પરથમ રડીઆબાદ પોતાને લગતી વાત ઊપર તેવણ આવીઆં. તેવણનાં એ રૂદનમાંનો થોડોએક ભાગ તમારી સામે મેલતાં મને કંઈ આસક લાગતી નથી.. અલબતાં ધણાંકાકી જે કાંઈ બોલીઆં હતાં તે હશી કાહાડવા જોગ હતુ. તોપણ તે કેવુ નકાંમુ ટાહેલુ હતુ તે દેખાડવા માંટે નમુનાં ઊતારવાની મને ફરજ પડેછે—

"અરે માએ હું કાંહાંણી કીરતે જીવીયરે માએજીરે—અરે માએ તરણ તરણ વખત મરતી મરતી ઉઠીરે માએજીરે—અરે માએ બીછાંણાપર બાલીને મારીયરે બાપજીરે—અરે માંએ આજારી હુતી તારે વેહેવાંણ આવીયરે માએજીરે—ને મને કેહેને તારા દીકરાને સમજાવરે માએજીરે—તો માએ દુખથી હું બુમ પારૂં ને મને એથી બીજી બુમ પારવી પરીરે માએજીરે— માએ મારા એકના એક કાવસા પર લોહીનું પાંણી કીધુયરે માએજીરે—આએ તેનાં કાળગરા જીવપર વેહેલા પાડીરે માએજીરે—માએ મને એવી શુ બઈરી અપાવી એમ મારો દીકરો બોલેરે માએજીરે—ને વલી મને બીજી ગમથી ગાલે ગાલે ધોઈ નાંખીરે વેહેવાણરે."

એવું એવું પોતાની વેહેવાંણના કજીઆ વીશે બોલીને ધણાકાકી ધપકરા લેતાં હતાં.

પણ વીરબાઈ વેહેવાંણથી આ સઘલું ખમી શકાએઊં નહી. તેણે વીચારીઊં કે મને જવાબ આપવો જોઈએ, માટે ને બોલવા તલક થતી હતી પણ ધણાકાકી મુંગા રેહેતાં નહી હતાં. એ ઊપરથી વીરબાઈ બોલી કે "ઓ વાએ માએ એતે શું વાત, જરા મુંગાંરેહો. અસનો ઘણાંજણ બોલવાનાંછે." ધણાંકાકી હજીર ચાલુજ રહેઆં હતાં, અને વીરબાઈ બુમ પાડીઆ કરતી હતી, તે ઊપરથી "ચુપોરે, કોઈ મને બોલવા દેવોરે" એવી ફરીઆદ તેઓ બંધે જણ સાથે કરવા લાગાં. અંતે સેવટ એમ આવીઊં કે કાકી મુંગાં રહેઆં અને વેહેવાંણે "રરણું" શરૂ કીધું. ઘણુંએક બોલીઆ પછે તેવણ ધણાકાકીને લગતી બાબદ ઊપર આવીઆં. તેવણ બોલીઆં કે—

"અરે મારી દીકરીતો ખુણે પરી રરેરે આઈ બાઈઓરે—અરે માંએ બોલો ખંખેરવા નહી પાંમીરે માએરે—અરે તારાં સાશુ સસરાં જુલમગાર જુવાક જેવાં જડીઆં તેમાં આપણું શુ ચાલેરે—અગાઉથી એવુ કોઈ જાણતાંતાં નહી આઈ બાઈઓરે—ગાંમમાં ઘણાં વર જોએઆય પણ એવા નહી કોઈ હોયેરે માએજીરે—કોઈ જેવાતો હાથ પકરીને બઈરીને પટાવેરે માએજીરે—દીકરીનાં એવાં ફુટેલાં નશીબ બેઠાં જો આઈ બાઈઓરે—કાજ કરતાં ને કરાવતાનાં વેઆર મરે જો માએજીરે—એવાં વેહેવાઈ વેહેવાંણને ઓવાર નીવાર કરી બેસીએરે માએજીરે."

એ રીતે વીરબાઈ પોતાની વેહેવાંણને જવાબ આપતાં ચટકો લગાડવા સરીખું બોલી હતી એમ તેનાં રરણાના ઊપલા સાર ઊપરથી જણાએછે. આ ચટકાના બદલામાં તેને બે વધારે તાંણાં મારવાને ધણાકાકી તઈઆર થએઆં. તેવણે પાછું "રરણું" શરૂ કીધું અને તેમાંનો અગત જોગ ભાગ નીચે ઊતારીઓછે—

"અરે બલતીને બાલે તેનો રાજખમો થાગ લાગશે જો માંએજીરે—અરે જે મને ગાલ દીએ તેને ગાલ પાછી લાગેરે—મારો દીકરો સઉનાંમાં બેલી રાખેલોછે જો માએજીરે—અરે માએ એ સાસુ નહી પણ પેલે ભવની વેરણરે માએજીરે, આઈબાઈઓ જેવો તમે વાંક કોણનોછે જો બાઈઓરે—મને કેજે દીકરાને મુંડ મારીને તેં તારા હાથમાં લીધોરે બાઈઓરે—અરે દીકરો એવોછે કે કોઈનો નહી થાએરે આઈબાઈઓરે—અરે તેને કોઈ કેહેતો સાત વખત ઓવારી નાંખુરે માએજીરે."


ધણાકાકીના એવા એવા શબદોથી વીરબાઈ વેહેવાંણનો ગુસો વધી ગએઓ. તેની તરફથી તેની બેહેને જવાબ આપીઓ અને ધણાકાકીની તરફથી તેવણની દીકરી બોલવા લાગી. પણ એ દરએક જણ પોતાનાં રરણાંમાં એક એકને ગાલ દેવા સીવાએ વધારે કસું કરતાં નહી હતાં. તે ગાલ, બેહેનો, આ હેવાલમાં પરગટ કરી તમોને કંટાલો આપવાને હું ચાહાતી નથી. એટલુંજ કહુંછઊ કે ધણાકાકીનાં ધપકરા ઊપરથી વાત ઘણી વધી પડી અને તેથી રડવાનું બંધ પડીઊ તથા કજીઓ ચાલુ થએઓ. સઘલાં સગાં વાહાલાં સાથે બોલવા લાગા અને કોઈનું સાંભલી શકાતું નહી હતું. બેહસતણ ધણાકાકી ઊપર ગાલનુ વાદલ

તરફ અસલથી મને પીઆર હતો અને તેવણ મારા માએ જેવાં હતાં, પણ પાંઠરણે પાંઠરણે બેસવા જવાથી બીજાંઓને જોઈને તેવણને રડવા કુટવાની જે ટેવ પડી હતી તે મને તે વખતથીજ નાંપસંદ હતી. ધણાં કાકી પોતાની જીંદગીનાં પેહેલા ભાગથી એવી ઓરતોની મીજલસ તરફ ધેઆંન આપતાં આવીઆં હતાં, અને તેવણનાં પાછલા વખતમાં તેવણને ધપકરા લેવાનો માહાવેરો પડીઓ હતો. તેવણનાં કેટલાએક વાહાલાં ખેસીઓનાં કાજગરા જીવ નીકલી જવાથી બુઢાપામાં તેવણને બલાપો લાગો હતો અને તેથી જુદે જુદે પાંઠરણે બેસવા જતી વખતે "રરણ" રડવાની તેવણને ટેવ પડી ગઈ હતી તથા પોતાનો બલાપો સદા જાહેર કરતાં હતાં. તેવણ બીજાં બઈરાંઓને મુંગાં રાખતાં હતાં અને પછે પોતે ધપકરા લઈને બોલતાં હતાં. એવી રીતે રૂદન કરવાનુ તેવણને સાધારણ થઈ પડીઊ હતુ અને જગે જગ તેમ કરવાથી એવુજ લાગતુ હતુ કે ખરા ગમને બદલે માંતરશોખને ખાતર તેવણ એવાં "ભાશાંણ" ચલાવતાં હતાં.

જોકે આ ચાલ સારી નહી હતી તોપણ ઘણાંએક બઈરાંઓને તે પસંદ પડતી હતી અને તેઓ ધણાં કાકીને તેવણનાં ધપકરાને માંટે સાબાશી આપતા હોએ એવું મને દીસતું હતું. તેવણ જો બોલતી વખતે અરધો કલાક લીએતો, તેઓ બીજી ઓરતો આગલ વાત કરતા બોલતાં હતાં કે "અરે માંએ કોઈ બારે હથીઆરી બઈરી દખું. મરે કલાકનાં કલાક સુધી રૂદન જારી રાખેચ પણ મુંગી નહી રેહતી." એતો તેઓને મનસે મોટી અચરતીની વાત હતી, અને એવાં એવાં લોકોની ઊસકેરણીથી ધણાં કાકીને ઊપરથી ઊતેજણ મલતું હતું.

ધણાં કાકીની વેહવાંણ વીરબાઈ નાંમની હતી. જેવાં ધણાં કાકી ઊમરે બુજરગ હતા તેવાં વીરબાઈ વેહેવાણનાં વરસ પણ ભરતીમાં આવીઆં હતાં, અને મારા ધણા કાકી કેહેતાં તેમ "પચાસને પાચ વરસ ઊપર" હતા. ઈઆને વીરબાઈની વએ ૫૫ વરસની હતી પણ ધણાં કાકીને એ આંકડો નહી આવડવાથી તેવણ ઊપલી ગણતરી આપતાં હતાં. એ બે વેહવાંણો વચેની સગાઈતો છેક ઘણા વરસની થએલી હતી. વીરબાઈની છોકરી ચાંદણબાઈ નાંમની હતી અને તે ધણાં કાકીનાં એક પુરા કાઊસશાહા સાથ બચગીથી પરણેલી હતી. એ બે માંટી બઈઓરને બનાંવ નહી હતો. કાંઊસશાહ પોતાની ઓરતની ચાલ ચલણ ઊપર રાજી નહી હતો, અને તે છોકરી જરા તેવીજ હતી. કાઊસશાહાએ તેને ઘરમાંથી કાહાડી મેલેલી હતી. તે તો પોતાની બઈરીને ઈંગરેજ ઓરતનાં જેવી ચાલ ચલણની જોવા માંગતો હતો. પણ માંએ તે કેમ બને? ઓજીઆને એટલી અકલ નહી હતી કે હાલની ઓરતો તેવી સરસ તે કાંહાંથી નીકલે. ચાંદણ પોતાની માંને ઘર રહેલી હતી, અને હરવાઈને તેને ઓટવા સકાર નહી હતા કે માંટીને સમજાવી પટાવીને રાજી રાખવી. તે બીજાજની કુતરી હતી અને તેથી વરે એક દાહાડે કાહાડી મેલી તો તેની દરકાર કીધા વીનાં મહીરે ઘર જઈને રહી. તે દાહાડાથી વરને ગુસો લાગો અને તેને બોલાવી નહી. વીરબાઈ વેહેવાંણે ધણા કાકી ઊપર ઘણીવાર કેહેવાડીઊ, પણ તેવણનું છોકરાની હઠ આગલ કાંઈ ચાલીઊ નહી. તેથી વીરબાઈ વેહેવાંણને ધણા કાકી સાથ કજીઓ થએલો હતો. પણ વાંચનારી બેહેનો તમેજ વીચાર કરો કે ધણાકાકીની એમાં શું તકસીર હતી.

એક દાહાડે વીરબાઈજી વેહેવાણની વડી માંસી મીઠીબાઈ અતેસારથી આજારી ચાલીઆ બાદ મરણ પામી. જારે વીરબાઈ વેહેવાંણનીજ ઊમર "પચાસ ને પાંચ વરસ ઊપર" હતી તારે તેવણના આ માંસીની વએ તેથીબી ઘણી વધારે જોઈએ તેની માંદગીનાં વખતમાં ધણાં કાકી કજીઆને લીધે તેવણને જોવા ગએઆં નહી હતાં, પણ તેવણ ગુજરવાબાદ કાંઈ બેસવા જવા વીનાં ચાલે? નહી. ધણાં કાકી તેનાં નવ દીવસના પાંઠરણામાં છ દીવસ સુધી બેસી આવીઆં હતાં. જોકે આ કાંઈ જુવાંન મોહોત નહી હતુ તોપણ વીરબાઈ વેહેવાંણે અને તેની સગી વાહાલીઓએ પાંઠરણાં ઊપર એવાં એવાં રૂદન કીધાં હતાં કે કોઈ જુવાંનનાં મોહોત પાછલ તેટલુ થાએ નહી. પોતાની માંસીનાં મોહોતથી વીરબાઈ વેહેવાંણ ઘણુ રૂદન કરતાં હતાં. તેવણને ખરેખર દીલમાં એવુ લાગતુ હતુ કે નહી તે હું કહી શકતી નથી, પણ જારે દરએક જણ તાંહાં "રરણાં" માં પોત પોતાના વીચાર આપવા બેઠાં તારે કજીઓ થએઆ હશે કે નહી તેનો વીચાર વાંચનારાંઓએજ કરવો.



સ્ત્રીને લાએક ધંધા–પેલાતની તાર ઑફીસ.

તી કે તે અસલ પુંજીમાં હુમેરવાથી સને ૧૮૨૨ માં
તે મોટી પુંજી સાડા નવ લાખ રૂપીઆની થઈ પડી.
એ રકમનું વીઆજ દર વરસે ૩૦૦૦૦ રૂપીઆને શુ
મારે આવવા લાગુ અને ગાંમનાં લોકોને તેથી એટ
લું તો સુખ થઈ પડીઊં કે પારકા શેહેરનાં રેહેવાસી
ઓ વગર મેહેનતે મુફત ગુજરાણ ચલાવાને તે ગાંમો
ખાતે આવી વસીઆં હતાં એ રીતે મરનાર જારજ
જરવીસે ગરીબ માંણસોમાં ધરમ દાંન કરવાની મતલ
બ રાખી હતી, પણ તેથીતો ઓર આલસાઈ વધી હ
તી અને લોકોને કાંમ ધંધો મેલીને મુફત ખીચડી મ
લવાને લીધે તેઓ બેદરકાર થએઆં હતાં.

આવા વશીએતનાંમાં ઊપરથી એક વાત જાં
ણવામાં આવેછે. તે એછે કે જુદા જુદા ધણીઓને
જે ચીજ ઊપર શોખ હોએ તેની તરફેણમાં તેઓ
પોતાના વશીએત કરતા આવીઆછે. કેટલાંએક લોકો
ને નવા વરસનાં તેહેવાર ઊપર મોજ કરવાનો અતી
શએ શોખ હોવાથી એવા દીવસ ઊપર રકમો ખરચ
વાને તેઓએ પોતાનાં વશીએતનાંમાં મધે હોકમો
આપીઆછે. સને ૧૭૨૯ માં એક જાંન મારટીને
પોતાનું વશીએત કીધુ હતું. તેણે પોતાના ગાંમ મધેના
ચોકસ શખસોમાંના દરએકને બસો રૂપીઆ અપાવી
આ હતા, તથા દર વરસે તેનુ જે વીઆજ ઊપજે તેમાંથી
નવાં વરસને દાહાડે ગોસતના વીસ બાવરા ખરીદ ક
રીને તેને વીસ ગરીબ માણસો વચ્ચે વેહેચી આપવા
નું ફરમાવીઊં હતું. એવી રીતે બીજાં ગાંમડાંઓમાં પ
ણ દર વરસે જુદા જુદા ધણીઓએ નેમેલી પુંજીમાંથી
વેહેચણીઓ થાએછે.

વલી કેટલાએક વશીએત નામાં વધારે નવાઈ
સરખાં એટલા માટે હોએછે કે જે ધણીઓ શોકેથી સ
ખાવતની વકી રાખી નહી હોએ તે ધણીઓ તે કાંમ
ને રકમો આપી ગએઆછે. વેલાતમાં થોડાએક
ભીખારીઓ એ ચાલથી જાંણીતા થએઆછે અને તે
ઓના વશીએત નામાં અચરતી ઊપજાવેછે. તેઓ લો
કોની શખાવત ઊપર જીવીને મરણ પાંમીઆછે અને
તારણાદણી પોતાની પુંજીને શખાવત [illegible] જીવના
રા શખશોના સવાલીન [illegible]
લોનકેશાએર ખાતે ક [illegible]
લો. તેના ગજવામા [illegible]
જ સીકા) નીકલીર [illegible]

કાંમોને માટે એક ખાલી જગા ખરીદ કરવાનો તે હો
કમ આપી ગએઓ હતો. સને ૧૮૨૪ માં વેલાતના
એક રસતા ઊપરથી એક મણીની લાસ મલી આવી
હતી, તેની પાસે દોહાડસો રૂપીઆ હતા, જે રકમ
ને શતાવાલાઓએ બેંકમાં મેલી હતી, અને તેના વી
આજમાંથી દર વરસે ગરીબ લોકોને વેહેચણી કીધા
માં આવેછે.

ઘણાંખરાં નવાઈ સરખાં વશીએતનાંમાં ધરમ
અને ધરમનાં મકાંનો સાથ વધારે તાલુકો રાખેછે.
કોઈ દેવલમાં સફાઈ રાખવા બાબે, કોઈ ચોકસ ઘોડ
ને સારી હાલતમાં રાખવા માંટે, કોઈ ચોકસ તેહેવાર
ની કીરીઆ કરાવા માંટે, કોઈ કાંઈ સારા બનાવનાં
દીવસની ઈઆદગારીને માંટે ચોકસ ખરચને સારુ પો
તાનાં વશીએતનાંમાં મધે રકમો ફરમાંવી ગએઆછે.
વલી કોઈએ દેવલ મધેનાં આલસુ લોકોને ઊંઘમાંથી સ
કારા ઊઠાડવા માંટે માંણસ રાખવાનો ખરચ કરવા
નું કેટલાંએક વશીએતનાંમાં મધે ફરમાવીઊંછે. કો
ઈ લોકો ધરમની જગામાંથી કુતરાંને હાંકી કાહાડવાનો
ખરચ પોતાનાં વશીએતનાંમાંથી આપેછે. લોકોમાં
લગણ વધારે કરાવા માંટે કોઈ શખસો એવા હોકમ કરી
ગએઆછે કે તેમની પુંજીમાંથી પરણતાં ચોકસ જોડાં
ને લાએક રકમ ભેટ કરવી.

બરીસટલ ખાતેનાં એક વેપારીની શખાવતથી
આવન નદી ઊપર એક લોહાડાનો પુલ બાંધવામાં
આવીઓછે. તે પુલની તવારીખ જાંણવા જોગછે. એ
પુલ બંધાવનાર વેપારી જારે મરણ પાંમીઓ તારે તે
ણે દસ હજાર રૂપીઆ અનામત રખાવીઆ હતા. પ
ણ એ રકમ નાંહાંની હતી માંટે એવું ફરમાવીઊં
હતું કે તેનું વીઆજ હુમેરવાથી જારે તે પુંજી
વધીને એક લાખ રૂપીઆની થાએ તારે આ ન
દી ઊપર એક ફતરનો પુલ બાંધવો. આ રકમ
સને ૧૮૨૧ માં વધીને ચાલીસ હજાર રૂપીઆની થ
ઈ હતી, અને એજ રીતે વધીને સને ૧૮૫૧ માં તે
રકમ એક લાખથી ઊપર થવાની વકી હતી, પણ તેવા
માતો એવી ખબર પડી કે ઊપલી પેહેલી ગણતરીમાં
[illegible] હતી. વીઆજની રકમ વધારે ગણવી ઘટતી હ
[illegible] તેમ કીધાથી સને ૧૮૨૧ માંજ ઊપલી રક
[illegible] ર રૂપીઆની ગણવામાં આવી, તે ઊપર
[illegible] એક લાખની રકમ થાએ તાંહાં સુધી વા

ટ જોવાને બદલે સતાવાલાઓએ આ સાઠ હજાર રૂપીઆની રકમમાંથીજ એક લોહોડાંનો પુલ બંધાવીઓ. એ રીતે તે વેપારીનાં મુવાપછે ચાલીસ વરસે તેનીજ સખાવતનાં નાંણાં વધી વધીને કાંમ લાગાં.

હીંદુસતાંનનાં લોકો ગાઓને ચોકસ માંન આપેછે. વેલાતમાં કેટલાંએક વશીએત કરનારાઓ પણ પોતાના વશીએતનાંમાં મધે ગાઓને વીશે હોકમો ફરમાવી ગએઆછે. પણ વાંચનારીએ ઈઆદ રાખવુ કે તેઓએ તે પરાંણીની માંણતાને માંટે તેમ કીધુ નથી. ચેશાએર નાંમનાં ગાંમ મધે કેટલાંએક લોકો એ પરમાંણે ગરીબ માંણસોને દર વરસે એકેકી ગાએ આપવાનો હોકમ કરી ગએઆછે. તે ગાએઓ એક ચોકસ શખસનાં સવાધીનમાં રેહેછે અને દર વરસે તેમની તપાસ થાએછે.

આ બાબદ લાંબી થાએછે માંટે અજાએબ જેવાં વશીએતનાં એકુબે દાખલા આપી હમો બંધ કરીએ છઈએ. સને ૧૭૯૯ માં હેનરી ગરીન નાંમનો ઈંગરેજ મરણ પાંમીઓ હતો. ઈંગરેજીમાં "ગરીન" બોલનો અરથ લીલો થાએછે, અને ઊપલા શખસનુ નાંમ પણ "ગરીન" હોવાથી તેણે વશીએતનાંમાં મધે તે ઊપર ધેઆંન આપીઊં હતું. તે એવુ ફરમાવી ગએઓ હતો કે તેની મીલકત તેની "ગરીન" નાંમની બેહેનને આપવી. તેણે દર વરસે લીલા રંગનાં ચાર બદીઆંન ખરીદ કરવાં, તે દરએક લીલાં બદીઆંન ઊપર લીલી કોર મેલવી, અને ચાર ગરીબ સ્ત્રીઓને તે બદીઆંન ભેટ કરવાં કે તેઓને તે તેહેવારનાં દીવસ ઊપર પેહેરવાને કાંમ લાગે. મેલબોરન ખાતેએક ઈંગરેજ સને ૧૭૯૨ માં મરણ પાંમીઓહતો. તેનુ નાંમ મી૦ ગરે કરીને હતું. "ગરે" શબદનો અરથ ભુરો રંગ થાએછે. એ વાતને ધેઆંનમાં રાખીને મી૦ ગરેએ વશીએત નાંમાંમાં ફરમાવીઊં હતુ કે તેની વકીલાતણમેરી "ગરે" એ બે હજાર રૂપીઆ ખરચીને જમીન ખરીદ કરવી. તેમાંથી જે નફો આવે તેમાં દર વરસે તે રંગનાં છ બદીઆંન તથા છ ડગલા ખરીદ કરવા અને તે ગરીબ માંણસોને વેંહેંચવા.

## કુતરો અને તેની થોડીએક વાત.



ચોપગાં જણાવરોમાં કુતરો પોતાના શીઆંનપણ અને નીમખહલાલીથી જેટલી જાંણમાં આવીઓ છે, તેટલાં બીજાં કોઈ જણાવર આવીઆં નહી હશે. તેની વફાદારી અને માંણસ તરફની મમતાને માંટે પુસતકો લખાએઆંછે, અને તેનાં એ ગુણના અગણીત દાખલાઓ મલી આવેછે. સ્ત્રી બોધની શીઆંની વાંચનારીઓને માંટે એવા દાખલા વારેવાર રજુ કરવામાં આવીઆછે. તેને લગતી કાંઈબી બાબદ વાંચવાનો કેટલાંએક લોકોને ગોએઆ કુદરતી શોખ થઈ ગએઓછે, એટલુ બધુ એ પરાંણી પોતાની પરીતીથી તેઓને વાહાલું થએલુંછે. ભરવાડ, સીપાઈ, અને મુસાફર તેની ખુબીઓને એક અવાજે પસંદ કરેછે. મી૦ બુચેલ નાંમનો એક વખનાંએલો મુસાફર લખેછે કે—"દરએક જગોએ એખલો કુતરો હમારી સાથ ભેલાવામાં તથા હમારે ઘર રેહેવામાં મોજ જાુવેછે, એટલુજ નહી પણ હમો એખલા તેનેજ ધેઆંન આપીએ એવુબી તે ઇછતો હોએ એમ લાગેછે. માતર કુતરો હમુને સારીપઠે પીછાંણેછે, હમારો સંભાલ લીએછે અને શંકટના વખતમાં હમોને ચેતવણી આપેછે."

કુતરાને આગલા જમાંનાથી જંગલી લોકો અતીઘણું માન આપતા આવીઆછે અને તેની પુંજા કરતા આવીઆછે. જંગલો અને ઊજડ જગાઓ જાંહાં મદદ મલવાની આશા રાખવી શેકટછે તાંહાં કુતરો જંગલી માણસનો સાથી થઈ પડેછે. તેના જખમનું લોહી કુતરો ચુસેછે અને એ પરમાણે ઘાહાને રૂજ લાવેછે. તેના બીછાંણા આગલ કુતરો બેશીને તેનો સંભાલ લીએછે. મીસર દેશમાં સારાં કાંમોમાં કુતરાનાં આકારને આગલ પાડવામાં આવતો હતો. વફાદારીની નીશાંન દાખલ પાદરીઓ કુતરાનું મોહોડું પેહેરતા હતા, અને લાએકી અથવા નેકીની નીશાંણમાં કુતરાને ગણતા હતા. રૂમના

લોકો પોતાની ધરમની કીરીઆઓમાં કુતરાને મુખીઅ ભાગ આપતા હતા. એહેતાંનીઅતને દુર કરવા માટે કુતરાની મુરતીને ઘરો મધે રાખવામાં આવતી હતી. એક વખતે બનેલો મોટો રાજદુવારી બનાવ કુતરાએ ચેતવણી આપવામાં ગફલત કીધાથી બનીઓછે એમ ધારીને કેટલાંએક વેહેમી લોકોએ શેહેરમાંના કુતરાંઓને સજા કીધી હતી, અને દર વરસે ચોકસ કીરીઆ કરીને એકેક કુતરાને ફાંસી દેતા હતા. જરતોસતી ધરમમાં પણ કુતરાને તેની નીમખહલાલીને માટે ચોકસ વજન આપેલુંછે. ઈઠીઓપીઆ ખાતે એક જીવતા કુતરાને ચોકસ જગામાં રાખીને તેને રાજાનું નાંમ આપવામાં આવતું હતું, અને લોકો તેની સેવા કરતાં હતાં, એટલુંજ નહી પણ ધરમ ગુરૂઓ તેમના અવાજ ઊપરથી તરેહવાર અરથ ઊઠાડતા હતા ! .

કુતરો કાંઈ એક કાંમનો નથી. ઘરની જાલવણીને માટે તે દરખાંનનું કાંમ કરેછે. ગરીબ ઓરતો પોતાને કાંમે જતી વખતે જે બચાંને રાખી જાએછે તેની નેગેહેબાંની કરનાર એખલો કુતરોછે. ભરવાડનો કુતરો તેના ગોવાલાંને એકઠું કરવામાં મદદ આંપેછે. ખેલાડીનો કુતરો તેના શેકારને જહડફથી પકડી આપેછે. પાહાડી જગાઓમાં કુતરો દટાઈ ગએલાં માણસોને ખેંચી કાહાડેછે. સમુદરોમાં કુતરો ડુબેલા જીવને ઊપર લાવેછે. ગરીનલાંડમાં જારે દરીઆના પાંણી બંધાઈ જાએછે તારે લોકોની વગર પઈડાંની ગાડીને કુતરો ઘસડી લઈ જાએછે. તે ગાડીમાં છ અથવા આઠ કુતરા જોડેછે અને તેઓ એક દીવસમાં સાઠ માઈલની મંજલ કાપેછે. તારતાર દેશમાં કુતરો તોફાંણની ખબર આપેછે, તે એમકે જારે તોફાંણ થવાનું હોએછે તેની આગમચ એ શીઆંનું પરાંણી પગ વતે બરફ ખોધી નાખેછે. ધરથીકંપ થવાની આગમચેતી પણ કુતરાથી મલેછે. સને ૧૮૩૫ ના ગેલકાચુઆસકો ખાતે ધરથી કંપ થવાની આગમચ સરવે કુતરાઓ શેહેર છોડીને નીકલી ગએઆ હતા. લશકરમાં કુતરો લડાઈ કરવાના કાંમમાં આવેછે. જારે આઠમો હેનરી રાજો ફરાંનસમાં લડીઓ હતો, તથા જારે પીરૂ દેશમાં ઈસપાંનીઅરડોએ ધાટકીપણું ચલાવીઊં હતું, તારે ફાડી ખાનાર કુતરાઓને લોકો ઊપર છોડી દીધા હતા. ઈલીજાબેઠ રાંણીના વખતમાં આએરલાંડની લડાઈમાં એક સરદારે એવા ૮૦૦ કુતરાઓને પોતાની સાથે રાખીઆ હતા.

એક વીદવાન એક કુતરાની અકલનો દાખલો આ પરમાણે આપેછે—"આ કુતરાને એક બીજા જોરાવર કુતરાએ દુખ દીધું હતું. જારે તે મારે ઘર આવીઓ તારે તેને જે ખાવાનું મલીઊં તેમાંથી તેણે અરધું ખાધું અને બાકીનું જાલવી રાખીઊં. એ રીતે થોડાએક દીવસ સુધી કીધાબાદ તે આસપાસના કુતરાઓને બોલાવી લાવીઓ અને પોતે જાલવેલા ખોરાકથી તેઓને સારીપેઠે જમાંડીઆ. તાંહાંથી જમીઆ બાદ કુતરાઓનુ એ સરવે ટોલું ઘર આગલથી નીકલીઊ ! અને હું પણ તેઓની પછવાડે ગએઓ. કેટલાએક મોહોલાઓ પસાર કીધા પછે આ નાંહાંની ફોજ શેહેરની હદ આગલ આવી પુગી અને મારા કુતરાએ તેઓને પોતાનો દુશમન દેખાડવાથી સઘલાઓ તેના ઊપર તુટી પડીઆ અને તેને શખત સજા કરી આવીઆ."

પારકી મીલકતની જાલવણી ઊપર કુતરાઓ અજાએબ જેવી રીતે દીલ દોડાવેછે. એક દાહાડે બાઠ ખાતે એક લેડી ફરવા ગઈ હતી. તેણે જોઈઊ તો એક કુતરો તેનાં રસતાની વચે આવીઓ અને તેને આગલ જતાં અટકાવા લાગો. એ ઊપરથી વીચાર કરતાં તેને જણાએઊ કે તેણે પોતાનો રૂમાલ ખોહેઓ હતો તેથી તે પાછી ફરી, અને કુતરાની પછવાડે પછવાડે ચાલી. તેમ કરતાં રસતા ઊપરથી તે રોમાલ મલી આવીઓ અને પછે તે કુતરો પોતાના ધણીની પાસે ગએઓ. તેજ જગોએ એક બીજે વખતે એક છોકરો ટોપલી ભરી ખાવાના કેક લઈને ઘોડા ઊપર જતો હતો, તેવામાં તેની ગફલતીથી ટોપલી મધેનાં "કેક" એક પછે એક વેરાઈ ગએઆં તોપણ તે છોકરો ચાલી ગએઓ, અને પછે જોઈઊ તો તેનો કુતરો જે તેની સાથે ગએઓ હતો તે ફાઈલાં કેકના મોરા ભાગને ધરમાં લઈ આવીને પાછો ગએઓ અને એ રીતે એકુબે ફેરા કરીને એક બી કેક ખાધા વીનાં સરવેને સલાંમત લઈ આવીઓ.

સને ૧૬૬૦ માં એક કુતરો પોતાના ધણીની ઘોડ ઊપર તરણ વરસ શુધી પડી રહેઓ હતો. ચાલુ સદીમાં પણ એવોજ એક દાખલો નોધાઈ રહેઓછે. લીસલી ખાતેનો એક કુતરો પોતાના ધણીને એટલો બધો ચાહાતો હતો કે તેનાં મુંવાથી તે કુતરાને ઘણો ગમ લાગો હતો એટલા માંટે તે તેની

ઘોડ આગલ જઈને બેસી રહેલો હતો, અને તાંહાંને તાંહાં નવ વરસ ગુજારીઆં હતાં. એ ઊપરથી લોકોને તેના ઊપર દયેઆ આવી હતી, તેટલા માંટે તેઓએ તાંહાંજ તેને માંટે એક જુંપડુ બંધાવીશી હતુ અને તેને દરરોજ ખાવાનુ લાવી આપતાં હતાં.

સને ૧૮૧૫ માં એક કુતરો કેટલાંએક માંણસોનાં નાંમ બરોબર બોલતાં સીખીઓ હતો.

---

## રમુજે ફુરસત.

૧ ગાયેકવાડ રાજા જારે આગલા ગવરનરને મલવા આવીઓ તારે જો હું નહી હતેતો તેની સવારી થતે નહી. દેસેદેસ મારી હસતીછે, પણ માંતર તેમાંજ મારી કીરતી નથી. કોઈબી સરજમીન મારા વગર ખાલી નથી, આકાસમાં હુ દેખાવ દેઉછઉ, અને સમુદરમાં પણ હું છઉં.

૨ હું એક ઉપીઓગી પદારથ છઉં. મારૂ માથુ તેજ પુછડુ અને પુછડુ તેજ માથુછે. ઉંધો ઈઆ ચતો પણ હું સરખોને સરખો છઉં. પણ ખબરદાર! મારૂ પુછડું નાં કાપતાં જો કાપશોતો તમુને હું કાડી લઈ જવશ, અને જો માથુ કાપશોતો તમોને સારો સવાદ આપસ, પણ બંધે ભાગ રેહેવા દેવો અને હું તમુને ઘણો ઉપીઓગી થવશ.

૩ ભુગોલનાં સવાલો.
૧ બચાંઓને મનસે કીઉં કોલાઉ સરસ?
૨ ટેબલ ઉપર ખાઈ જવા જોગ દેશ કીઉં?
૩ રેલવેમાં બેસીને સારાં માંણસો કાંહાં જાએ?
૪ સુરતનો કીઓ ભાગ કેઆંની ઈરાંણીઓની ઈઆદ આપેછે?

૪ ઉલટાવેલા શબદો.
૧ રર સદા.
૨ ગગાની આડી.
૩ કાચુ રેણક.

---

## સવાલોના જવાબ.

(જુઓ ગએઆ આંકના સવાલો.)

૧ આગ—બોટ.
૨ ઘડીઆલ.
૩ ઉલટાવેલા બોલો.
૧ જાહાડપાંણ.
૨ તાહાડીઓ તાવ.
૩ સાકરીઓ તલાવ.
૪ તરધવરાં.
૫ ભરપુર.

## પરચુરણ બાબદો.

**માંણસની પાંખ**—પારીસ ખાતે એક ડાકટર લાંમબેલ નાંમનો પરખેઆત વઈદ વસેછે. તે હાલ એવું જાહેર કરેછે કે અગીઆર વરસ સુધી મોટી મેહેનતથી અભીઆસ કીધા પછે એક એવી ઈઉકતી શોધી કાહાડીછે કે જેથી માંણસ હવામાં કોઈબી જગોએ ઉડી શકે. આ વઈદ કેહેછે કે તે ગરીબછે અને તેને નાંણાંની તાંણ પડેછે, બાકી નહીતો કે તે હમણાંને હમણાં એ સાંચો બનાવી દેખાડતે. તોપણ તે કેહેછે કે અગરજો તેને નાંણાંની મદદ મલશેતો તે એ સાંચો બનાવી આપશે અને તેથી કરીને કોઈબી માંણસ જાંહાં ગમે તાંહાં પખસીઓનાં સરખી જહડફથી ઉડી શકશે. ઈઉરોપીઅન લોકો કાંઈ હીઆંનાં લોકોની મીશાલે એવા નથી કે વીદીઆ હોનારને મદદ આપવાને નાં પાડે. તે જ પરમાંણે વીદીઆએ કાંઈ આજે થોડું કાંમ કીધું નથી તે ઉપરથી કદાચ ઉપલું કાંમ બની શકે એમ લાગેછે.

---

**થોડીએક કેહેવાતો**—"તડકાંને વખતે આપણી આસપાસ માંખની મીશાલે લોકો ભમશે, પણ જે તોફાંનને વખતે પાસે હોએ તેને ખરો મીતર ગણવો."

"જારે ગરૂરી અને ગરીબાઈ સાથે પરણેછે તારે તંગી અને તકસીર તેનાં બાલક થાએછે."

"જીગરનાં દરવાજામાં ઉભેલો ચોકીબાંન જેની તરફ પોતાની તીર તાંકે, તેને દીલનાં મેહેમાંન દાખલ કદી ગણવો નહી."

"રસતા ઉપરનાં જે ખડકો એકજ વખતનાં શંકટથી પસાર થાએછે, તેનાં કરતાં જીણી કાંકડીઓ સદા પગે નડવાથી વધારે કંટાલો આપેછે."

"મુસીબત સાથ લડવાનાં કરતાં, તેને આપણ ઘણીવાર કેદ કરીએ છઈએ."

---

**આપેલાં બાલકો**—જેમ આપણી ઓરતો કેટલીએક ખોરાકીને નીમખ દીએછે તેમ ઈઉનાંન દેશમાં નાંહાંનાં બાલકોને નીમખથી આપવામાં આવેછે. તે દેશની સ્રીઓમાં એવો વેહેમછે કે બાલકનાં જનમ પછે એક વખતબી જો તેનાં સરીરને નીમખ દીધું નહી હોએતો, જીંદગીમાં તે બાલક સુખી થતું નથી અને નીમખ રોટી મેલવતાં તેને મુશકેલ પડેછે. તેથી તે વેહેમી અબલાઓ બાલકની ખરાબીનો વીચાર કરતી નથી. કેહેછે કે એ ચાલથી બચાંની ચાંમડી લાલ લોહી જેવી થાએછે અને કેટલીએક વખતે બાલકને ધુજરી થાએછે તથા તે મરણ પાંમેછે.

---

**એક નવી કલા**—કેટલીએક વખતે બાટલી અબેલ ભરી રાખેલું જેહેર ભુલથી પીવાઈ જાએછે અને તેથી ખરાબી નીપજેછે. એવા દાખલા ઘણીવાર બનેછે તેનો અટકાવ કરવાને એક મી૦ બરડ નાંમનાં ઈંગરેજે એક નવી કલા શોધી કાહાડીછે. તેણે તે બાટલીઓને માંટે એવા બુચ બનાવીઆછે કે તેથી તે બાટલી ઉંઘાડનારને અંદરનાં જેહેર વીશે ચેતવણી મલેછે. તે બુચને મથાલે ચોકસ આકારમાં દાં

તા બતાંવીઆછે, અને બુચને ઠુંધાડતાંવારજ આંગલી મધે તે દાંતા ભોકાઈ જવાથી ઉપલી ખબર મલેછે.

---

**બદાંમ**—આ સવાદદાર જીણી પદારથનો દરએક દેશ માં વધતો ઈઆ ઓછો ખપ જોવામાં આવેછે. એવી ગણતરી થઈછે કે સને ૧૮૬૦ માં વેલાત ખાતે સઘલી મલીને ૨૨૪૪૪ મણ કવડી બદાંમ તથા ૭૮૫૫૨ મણ મીઠી બદામ જુદાં જુદાં દેશોમાંથી આવી હતી.

---

**લાંબી જીંદગી**—મોરેવીઆ ખાતે હાલ એક ખેડુત રેહેછે. તેની ઉમર એકસોને ઉડતાલીસ વરસનીછે, તો પણ તે ઘણો તનદરોસત અને સુખી દીશેછે, તથા તેનાં મરવાની કંઈ પણ નીશાંણુ જણાતી નથી. અગાઉ તે સીપાઈનો ધંધો કરતો હતો. તેની ઉમરની ભરતીમાં તેની એક બાએડી મરણ પાંમી હતી. તારબાદ એ શખસ જારે નેવું વરસની વએનો થએઓ તારે ફરીથી પરણીઓ હતો. તે ઘણુંખરૂં દુધ પીને તથા પટેટા ખાઇને જીવેછે.

---

**આજાએબ જેવી ચોરી**—ઈંગલંડમાં એક કુલવંતી સ્રીને અજાએબ જેવી રીતે લુટવામાં આવીછે. જે ગાડીમાં તે બેઠી હતી તેજ ગાડીમાં એક બીજો મરદ હતો. ગાડી ચાલવા પછે તે મરદે આ સ્રીને એક વરતમાંન પતર વાંચવા આપીઉં. તે પતરમાંથી કેટલીએક ખુશબો નીકલતી હતી, પણ તે વીશે વીચાર ન કરીને વાંચતાં વાંચતાં એકાએક તે સ્રી બેસુધ થઈ પડી. તારપછે જારે તે પાછી સુધીમાં આવી તારે તેને જણાએઉં કે પેલા મરદે વરતમાંન પતર ઉપર બેસુધીની દવા છાંટીને તેને તે વાંચવા આપીઉં હતું, અને જારે સ્રી ઉપર દવાની અસર થઇ તારે તેનું ગજવું કાતરીને તે નાહાશે હતો.

---

**બરાંડી દારૂ**—આ દેશનાં લોકોમાં બરાંડી દારૂનો ખપ આસતે આસતે વધતો ચાલીઓછે પણ ઇઉરોપખંડમાં તેનો જે ખપ ચાલેછે તે અતીઘણો મોટોછે. એ દારૂનો મુખીઅ જથો ફરાંસ દેશમાં બનેછે, અને ફરેંચ લોકો ઘણો ખરો પીએછે. દર વરસે ફરાંસમાં ૨૦ કરોડ ગેઆલન બરાંડી બનેછે અને ૧૩ કરોડ ગેઆલંન એજ દેસમાં ખપેછે.

---

## પતી * પ્રબોધ.

સામરો અજહુ નહી આપો, એ રાગનું હોરી પદ.
પ્રીતે સંભળાવુંછુ પીયારી,
માની શીખ લેજે તું મારી. પ્રીતે. ટેક ॥
કલેશ વીશેષ કદી નવ કરીયે, ભરીયે શીતલ ગુણ ભારી;
સંપ સદા સહુ સજ્જન સંગે, નેહથી રાખીયે નારી—
અભીમાન ઉરથી ઉતારી, પ્રીતે સંભળાવુંછુ પીયારી. ૧.
સાસુ ને સસરાના સાંમુ ન વદીયે, ધરમ વીરૂદ્ધ તે ધારી;
નણદલ જેઠાણીને પણ નમીયે, છે તે સદા સુખકારી—
વીવેકથી જોને વીચારી, પ્રીતે સંભળાવુંછુ પીયારી. ૨.
ભાવ વડે વલી વીદ્યા રે ભણીયે, ગ્નાન પ્રકાશ દેનારી;
તે થકી પંડીત લોકમાં તું થઈશ, લાયક પદવી લેનારી—
શોભા વધશે અતી સારી પ્રીતે સંભળાવુંછુ પીયારી. ૩.
સમજાશે સત્ય અગત્યની મતલબ, નાસશે ભ્રમણા નઠારી;
ઉતમછે ફળ ભણવામાં એવાં, ભીતર રાખ સંભારી—
વીવીધ નીતી રીતી વધારી પ્રીતે સંભળાવુંછુ પીયારી. ૪.
આગળ ઉપર લક્ષજ દેઈએ, વીતેલી વાત વીસારી;
શોક કીધા થકી શું ફળ સુંદરી ! વ્યરથ વલોવવું વારી[1]—
નલે નવનીત[2] આરારી[3] પ્રીતે સંભળાવુંછુ પીયારી. ૫.
શ્રી હરી સમરણ કરીયે ફરી ફરી, પ્રેમ-સદનમાં[4] પધારી;
ભવજલ તરીયે ને સ્વરગ સંચરીયે, પંડીત કહેછે પોકારી—
પોતા તણી છાતી ઠોકારી, પ્રીતે સંભળાવુંછુ પીયારી. ૬.
સુખડ, શેરડીના-ગુણ સંઘરી, નીંબ દુરગુણ દે નીવારી;
સારી શીખામણ સાંભળતાં છતાં, જેણે ન ચાલ સુધારી—
ભુમી તેણે ભારેજ મારી પ્રીતે સંભળાવુંછુ પીયારી. ૭.
અષ્ટ ચરણ આછે કષ્ટ હરણ ત્રીય, જેવી સુધા[5] ભરી આરી;
કહે રણછોડ હોરી પદ કોડથી, સ્વામીએ શીક્ષા ઉચારી—
હતી જ્યાંહી સાસુ કુમારી પ્રીતે સંભળાવુંછુ પીયારી. ૮.

* સ્રી પ્રતીયે પતીનો બોધ.

૧ પાણી. ૨ માખણ. ૩ જમનાર ૪ પ્રેમનુ ઘર. ૫ અમરૂત.

---

## સ્રીઓના સુધરવાથી દેશમાં સુધારો વેહેલો થાયછે.

સ્રીઓ સુધરે સુધારો સરવ જાણવોરે લોલ,
સદા સત્ય સાર એજ ઉર[1] આણવોરે લોલ. ૧.
સાચ સુખ આ સંસાર તણું જેટલુંરે લોલ,
થાય પ્રાપ્ત માત્ર સ્રી થકીજ તેટલુંરે લોલ. ૨.
કદી હોય કોક ઘેર સ્રી કુ[2]લક્ષણીરે લોલ,
પતી નીજને દમે તે નીત્ય જ[3]લક્ષણીરે લોલ. ૩.
કરી કલેશ એ કુ[4]ભારજા નીતે લડેરે લોલ,
દમી સ્વામીને હરેક કામમાં નડેરે લોલ, ૪.
હોય જેમ આં સાસુપ ચોંટો ધા[5]પડોરે લોલ,
બળ્યો તેમ તે રહે સદાય બાપડોરે લોલ. ૫.
કોઈ વાતનો ઉકેલ સુઝ ના પડેરે લોલ,
હાય દઈવ એમ મંનમાં કહી રડેરે લોલ. ૬.
નાર એવી ને મળે જો કંથ એહવોરે લોલ,
પડે તાલ સરવ કોને જોવા જેહવોરે લોલ. ૭.
તજી શરમ કરમ એવું નાર જે કરેરે લોલ,
લોક ફીટકાર તેની પુઠે ઓચરેરે લોલ. ૮.
ભણીનાર ભેટ જાણે ભલી વાતનોરે લોલ,
તજે છેક તે કુછંદ એવી જાતનોરે લોલ. ૯.
ભુદા વેહેમ પ્રેમ આણી સરવ વેહેર[6]શેરે લોલ,
શીખી સદગુણો તણો પુશાક પેહેરશેરે લોલ. ૧૦.
ચાલ એવી માતકેરી છોરૂ શીખશેરે લોલ,
થયે મહોટ સુસ્વભાવનાં ભલાં થશેરે લોલ. ૧૧.
થાય ફાયદા અધીક જેહ એ થકીરે લોલ,
સવીતો કહે અમુલ્ય તે હતો નકીરે લોલ. ૧૨.

૧ દીલમાં. ૨ નઠારી ચાલની. ૩ રાખસની બઈરી. ૪ નઠારી બઈરી. ૫ ગુમ્મરીઆનો. ૬ કરવતથી કાપશે.

# સ્ત્રીબોધ.

પુસતક ૭ મું. મે, ૧૮૬૩ આંક ૫ મો.

## ખોટા હીરા ચલકે ઘણાં

અથવા

## બેમરવત બેટા બેટીઓ.

એક વારતા. †

### પરકરણ પેહેલું.

### તરણ બેહેનોનું બયેઆંન.

પાદશાહા જાલેજર જાબલુસતાનનાં આખા રાજપાટ ઉપર શઘલી સરદારી ધરાવતો હતો, પણ તેનુ રાજ ઘણું મોટું નહી હતું. કેટલાંએક પરાંતો ઉપર તેની સતા ચાલતી હતી, અને તેટલાં પરાંત મલીને તેનું રાજ થએઉ હતું. તે એવા વખતમાં રાજ કરતો હતો કે જે વેલાએ સુધારો અથવા એલમ થોહોજ પરકાશતો હતો. તેનાં વખતમાં કાંઈ દરીઆ ખેડવાને મોટાં બારકસો નહી હતાં અથવા જમીન ઉપર લોટાંનો ઘોડો વીજલીની મીસાલે દોડતો નહી હતો. તેનાં વખતમાં કાંઇ ઇઅંતરો અને ઇઉકતીઓથી માંણસ હવામાં ઉરતું નહી હતું અથવા દુનીઆની જંજાલોને ટાલી શકીઉં નહી હતું. તે વખત એકમારગીપણાંનો હતો. સરવે જણ પોત પોતાની વાત જાંણનાં હતાં. રઈએત તે વખતનાં વીચાર પરમાંણે સુખી હતી અને પોતાનાં ગરીબ જીફડાઆં ખોદાતાલાએ જે નીમખ રોટી આપી હોએ તે ઉપર શુકર ગુજારી કરતી હતી.

તે વખત ઉપર પાદશાહા જાલેજરનું ઉપતું રાજ હતું. તેનાં રાજ ઉપર સરવે જણ ખુશી હતાં અને લોકોને ખુશી રાખવાં એવી ભલી મુરાદ તે ધરાવતો હતો. પોતાની રઈએતને તે પોતાના બચાં દાખલ ગણતો હતો અને તે વખત પરમાંણે તે અગનેઆંન લોકો ઉપર ઠીક સમાંધાનીથી રાજ ચલાવતો હતો. તેનાં દુશમનો જાજા નહી હતા, અને તેઓ તેના તખત ઉપર ધસારો કરતા નહી હતા. તે કાંઈ લડાઇ ઇઆ ખુનરેજીથી ફલવંત જમીનો ઉપર લોહીની નદી ચાલુ કરતો નહી હતો. માંટે રઈએત સદા એવુંજ ચાહાતી હતી કે જાલેજર પાદશાહા તેઓને માંથે સદા રાજ ચલાવે તો ઘણબારૂ.

પણ એમ કદી બને ? વાચનારી બાંનુઓ, આ દુનીઆંમાં કેઇ ચીજ ટકાઉછે ? વખત સરવેને હજમ કરેછે. સઉથી મજબુત અને કાબુવાલો કીલો વખતની દોર આગલ ફનાં થાએછે, તો માંણસ જાતનાં તાંહાં શુ ભાર. આ જગતમાં સદાની કોઈ ચીજ નથી. મોડે ઇઆ વેહેલે તેનું શેવટ આવવાનુંજ. તે સઉથી બંધીઆર મેહેલમાં અને મોટાં સુખનાં સમુદરમાં વસતો હોએ, તાંહાં પણ જમ દાખલ થવાનો અને તેનાં તેડાં આગલ તેની દોલત ઇઆ દરજાનુ કાંઇ વલવાનું નથી. જારે કોઇબી માંણસથી એક પલવાર તે વખતે થોબાતું નથી તારે પાદશાહા જાલેજર સદા કાલ સુધી કેઈ રીતે જીવે.

તેને જઈફ ઉમરમાં આવતાં કાંઇ વાર લાગો નહી હતો. જેવો તે આગલ જવાંન હતો તેવોજ તે હાલ જઈફ થઈ પડીઓ હતો. આ દુનીઆંની જંજાલમાં ઘણાં વરશ ગુજારીને તે દુખનાં વમલમાંથી પાર ઉતરીઓ હતો અને ઘોડની કીનારી ઉપર હવે તે આવી બેઠો હતો. તેના બાલ પાકેલા હતા, તેની દાહાડી તેની છાતીને સાફ કરતી હતી, તે કમરમાંથી જરા વાંકો વલીઓ હતો, અને તેને હાથે ધુજરી થઈ હતી. તેનો સરવે દેખાવ ફરેસતાનાં સરખો દીસતો હતો અને તેની ચાલચલણ ફરેસતાને વધારે ચલતી હતી. તે મીઠો, માએઆલુ અને મેહેરબાંન હતો.

આવી નાતવાંનીનાં વખતમાં તે પોતાનુ રાજ ચલાવી શકે એ વાતજ નહી બને એવી હતી. માંટે આ ઉમરમાં પોતાનુ તાજ પોતાને માંથેથી ઉતોરવાનો, અને પોતાની જઇફીના વખતમાં ઘરગતુ તથા બાહેરની જંજાલોમાંથી છુટવાનો તેણે વીચાર કરી રાખીઓ હતો. પોતાની જીંદગીનો બાકીનો ભાગ ઇશ્વરની પરારથનામાં અને આરાંમ તથા ચેનમાં ગુજારવાનો તેનો ઠરાવ હતો. તે પોતે પોતાના અંતનો વખત સમજતો હતો માંટે પેલી જીહાંન પોંહોંચવાની તઇઆરી કરવાનો હવે તેણે પકો ઇરાદો કીધો હતો.

---

† આ નવી વારતાનો પાએઓ માહાગુરૂ શેકસપીઅરનાં એક નાટક ઊપર રચવામા આવીઓછે જે વારતાનો હમારા છેલા આંકમા છેડો આવીઓછે, તેની મીસાલે આ નવા કીસામા કાંઇ હસવા સરખી બીનાઓ અથવા હલકી કીસમના માણસોનો હેવાલ નથી. એમાતો વધારે ગમભીર અને વીચારમા લેવા જોગ બાબદો છે, તથા માણસ જાતની કેટલીએક ખામીઓનો ગુરૂ શેકસપીઅરે ચીતાર આપીઓછે એવુ વાચનારી બાનુઓને એ વારતા વાચતાં માલુમ પડશે.

પણ રાજ કોણને આપવું ? તેનો એકબી દીકરો નહી હતો, તેમજ તે ફરજંદ વનાંનોબી નહી હતો. તેની એક ૪ રતાં વધારે દીકરી હતી, અને તેજ તેને મનસે દીકરાઓ હતા. આપણાં લોકની મીશાલે તેને મનસે દીકરા અથવા દીકરીમાં ફરક નહી હતો. તે કાંઈ દીકરાનો જનમ નહી થવાથી નાંખુશ નહી હતો, અને આપણાં લોકની મીશાલે દીકરીઓને કાપવા વાહારવાની વાતો કરતો નહી હતો. હીઆં દીકરીનેતો લગભગ નકાંમી ગણવામાં આવેછે. તેને ગાલ દીધી, અથવા તેને પડતી નાખી, અને તેની કલેજી ખાવા માંગીતો તેમાં લોકો કાંઈ અનઘટતુ સમજતા નથી, પણ બુટો જાલેજર પોતાની દીકરીઓને એવુ અપમાંન આપતો નહી હતો. તે સમજતો હતો કે દીકરા અને દીકરી સરખાં માંણસછે અને ખોદાતાલાએ તેઓમાં સરખી શકતી મેલીછે. એટલા માંટે તેની ખાતરી હતી કે જેમ તેનો દીકરો હતે અને તે રાજ ચલાવાને શકતીવાંન ગણાતે, તેમ આ તરણ દીકરીઓને તેવી નહી ગણવાનુ કાંઈ કારણ નથી.

આ તરણ બેહેનોમાંની સઉથી વડી બેહેનનુ નાંમ ફરંગીજ કરીને હતું. તેની ઉમર આસરે ૨૫) થી વધારે વરસની હતી. તે નોજવાંન અને કુમારી હતી. તે પહરેલ અને ફહરેલ હતી. તેની જલકતી અને તીણી આંખ કહી આપતી હતી કે તેનુ મગજ ઉંડું અને વીચાર શકતી મોટી હતી. તે ચપલ, અંચલ અને ચાલાક હતી. તેનાં કપાલ ઉપર સરવે ચરીતરની નીશાંન હતી. તેનાં ગોલાબી રોખશારા અને પરવારાં સરખા હોટ, તેના કમાંનદાર ભવાં અને નદફી આંખનાં પલકારા, એ સરવેથી જેમ તેના ચેહેરાને સોભા મલતી હતી, તેમજ તેની ચાલચલણની ગોએઆ ચેતવણી મલતી હતી. તેની જબાં કાતરની મીશાલે ચાલતી હતી અને પોતાનાં બાપ તરફ તે અતીઘણો પીઆર દેખાડતી હતી.

તેની બીજી બેહેન નાંમે ગુલનાર ફરંગીજનાં સરખીજ હતી. એ બેહેનની ઉમર આસરે તેવીસ વરસની હતી. તેનું સરીર સીધું અને મરોરદાર હતું તથા સરીરનાં સોલ સીણગાર કરીને ફરવામાં તે ઘણો હરખ લેતી હતી. તે નાજુક, નરમ અને નખરાંદાર હતી. બોલવા ચાલવામાં તે ફરંગીજનાં સરખી હતી, અને ખબરદારી તથા હોશીઆરી રાખવાનો તેનો મુખીઅ ગુણ હતો.

પણ બુટા જાલેજરની તરીજી અને સઉથી નાંહાંની બેટી આ બેથી જરા જુદા ખવાશની હતી. તે સુંદરીનું નાંમ પીરોજ હતું અને તેનાં દીલમાં ખરી પીરોજગરી હતી. તે ઘણીજ સોભાઈતી, અને ઘણીજ સાદી હતી, તથા જેમ પોતાનાં શરીરનાં અલુશણમાં તે વધારે સાદી રેહેતી તેમ તે વધારે જેબ આપતી હતી. તેનો ચેહેરો ખુશનમાં અને ઘાટ ઘટમ સુંદર અને રૂપ માહાતાબને શરમાવે એવું હતું. તે ખરેખર મોંતેબર કેલવણી પાંમેલી હતી, અને સારૂં તથા નરસું પીછાંણવાની તેનાંમાં ઉમદા શકતી હતી. તે બોલવે સારી નહી હતી. તે સદા થોડું પણ સાચું બોલતી હતી, અને એકવાર બોલવાની આગમચ બે વાર વીચાર કરતી હતી.

એવી રીતની આ તરણ બેહેનો હતી અને તેઓને પોતાનું રાજ સોંપી જવાનો બુટા જાલેજરનો વીચાર હતો. આ તરણડે બેહેનો કુમારી હતી, અને તેઓનાં હાથ મેલવવા માંટે જુદા જુદા ઉમરાવો તથા રાજવંસીઓ લાંમબી મુદત સુધી વેતરણ કરતા હતા. હમણાં જારે બુટા જાલનો શેવટનો વખત નજદીક આવીઓ, તથા જારે તે તેને રાજ આપવા નીકલીઓ તારે તેઓને રાજ સાથ ભરથાર પણ અપાવવાનો તેનો વીચાર હતો. તેની વડી અને વચલી એ બે દીકરીઓનાં બે ઉમેદવારો જાલની દરબારમાં હાલ આવીઆ હતા અને તેઓને જાલેજર પાદશાહાએ પોતાને તાંહાં થોભાવી રાખીઆ હતા. તેની તરીજી બેટી પીરોજની ખુબસુરતી અને નેક ચાલ ઉપરથી તેનો હાથ બે જણ માંગતા હતા અને તે બંધે ઉમરાવો દુરના દેસ મધેના રેહેવાસી હોવાથી જાલની દરબારમાં આવી પોંહોંચીઆ નહી હતા.

બુટા જાલેજરની સરવે આશા તેનાં આ તરણ ફરજંદો ઉપર હતી. તેણે એક બાપ કરતાં વધારે પરીતીથી તેઓને ઉધારીઆં હતાં, અને તેઓને મોટાં કરવાને તેણે પોતાનાં લોહીનું પાંણી કીધું હતું. તેની ખાતરી હતી કે તેની આ તરણ લાએકીવાલી દીકરીઓ તેનાં બુઢાપામાં તેની સેવા કરશે, અને તેની જીંદગીનો પાછલો વખત જેમ બને તેમ સખાંધાંનીમાં ગુજારવા દઈ તેને કાંઈ મેહેનત આપશે નહી. એવા વીચારથી પોતાનાં રાજને પોતાની બેટીઓ વચ્ચે વેંહેંચવાને તેણે હદથી જીઆદે ખુશાલી દેખાડી હતી.

---

### પરકરણ બીજું.

## ઘડપણ તે બચપણ.

"ઇનસાફ સાહેબ, ઇનસાફ. રાજાએ વાજબી ઇનસાફ કરવો જોઈએ, ખોદા સદા ઇનસાફને ચાહેછે. કુદરતમાં દરએક ચીજને લાએક ઇનસાફ મલેલોછે. માંણસે પણ તેજ કાએદા પરમાંણે ચાલવું જોઈએ, અને રાજાએ સરવેને સરખા હક તથા સરખો ઇનસાફ આપવો જોઈએ."

આ શુખનો ખરેખરી દાંનાઈનાછે, અને તે ઉપરથી તેને બોલનાર શખસ ઘણો શીઆનો અને ફીલસુફી મંનનો લાગેછે. અલબતાં આ શુખનો કોઈએ જાલેજર રાજાના મેહેલમાં ઓચરીઆછે, અને તે કોણ શખસછે ? શું કોઈએ તેને નુકસાંન કીધાથી રાજા પાસે ઇનસાફ કરાવા આવીઓછે ? શું તે કોઈ દુખીની દાદ માહાવા માંગેછે ? નહી. એ શખસ બુટા જાલેજરનો એક દરબારી અને તેને ખાશ મસલતનો આપનારછે. તે રાજાની દરબારનાં દીવાંનખાણાંમાં બીરાજીઓછે અને એક બીજા અંમલદાર સાથ વાત કરેછે. તેનુ નાંમ જામાસપછે, અને જે બીજા દરબારી સાથ ગોફતેગોમાં મશગુલ થએઓછે તે ફરાંમરજ એવું કીરતીવાન નાંમ ધરાવેછે.

ફરાંમરજ—નેકનાંમ જામાસપ હું એવું સમજુ છઉં કે આજની દરબારમાં પાદશાહા પોતાની વડી દીકરીને વધારે નવાજશે.

જામાસપ—ના ભાઈ ના. એ વાતતો આપણે બેઆલમાંબી ઉતારવી નહી જોઈએ. રાજાએ એક દીકરી તરફ વધતો અને બીજી તરફ ઓછો પીઆર રાખવો નહી જોઈએ. તેણે તરણડે બેટીઓ તરફ સરખી આંખે જોવું જોઈએ, અને તરણડેને પોતાના રાજના સરખા ભાગ આપવા જોઈએ.

ફરૂંમરજ—ભલા જામાસપ એ વાત વાજબીછે, પણ તમે જાણોછો કે બુટો જાલ પોતાની દીકરી ફરંગીજ અને ગુલનાર તરફ ઘણો મોહીતછે. તરીજી પીરોજ ઘણી એકમારગી અને થોડું બોલનારી હોવાથી તે જઈફ જાલની પુરતી પરીતો ખેંચવાની નથી.

જામાસપ—તેની ચીંતા નહી. ભાઇ ઇઆદ રાખજો કે જે થોડું બોલેછે તેજ કોઈ દાહાડે કોમ લાગશે. લાંબી જીભ રાખીને મોટી મોટી વાતો કરતાંતો સઉને આવડેછે. જે ખોટા હીરા હોએ તે ઘણા ચલકેછે. સરવે બેટીઓને સરખું રાજ આપવાની મેં જાલને ભલાંમણ કીધીછે અને તમે આજની દરબારમાં તેને તેવીજ રીતે કરતાં જોશો.

ફરૂંમરજ—એ વાત સાંભલી હું ખુસી છઉં. બુજરગ જામાસપ આજ વરસો થએઆં તમો રાજાને કીમતી મસલત આપોછો અને હું ધારૂં છેઉં કે તમારી મસલતથી આપણા પાદશાહે આજે ઘણી કીરતી મેલવીછે. તમો પાદશાહાની સેવા બજાવામાં રાજની સેવા બજાવોછો, અને સદા સચાઇની તરફેણ કરોછો તેથી તમોને માંન ઘટેછે.

એ રીતે આ શીઆંના દરબારીઓ વાત કરતા હતા તેવામાં દરબારની તઇઆરી થઈ ચુકી. પાદશાહાને દીવાંનખાંનામાં હાજર થવાનો વખત થએઓ. થોડાવારમાં રણસીગડાંનો અવાંજ આવીઓ અને બુઢો જાલ પોતાની શુંદર દીકરીઓના ટેકાથી ચાલતો આવી તખત ઉપર બીરાજીઓ. આ વખતે તે દીકરીઓના ચેહેરા ખુશ હતા. તેઓ પોતાના પીતાના રાજને પોતા વચે વેંહેંચી લેવાની તેજ વખતે વકી રાખતાં હતાં, એટલુંજ નહી પણ આજે તેઓના લગણ પણ નકી થવાના હતાં. એ રીતે ગોએઆ નવો જનમ લેવાનો તેઓનો તે દીવસ હતો. અલફાતુ દીકરીઓને બદલે રાંણી અને ધરીઆંની થવાનો તેઓને મનસે તે દીવસ હતો.

જે બે ઉમરાવો જાલની બે છોકરીઓની ઉમેદવારીને માટે તેના મેહેલ તરફ આવીઆ હતા, તેઓ આ દરબારમાં હાજર થઈ શકીઆ હતા. તેઓમાંના એકનું નામ પસંગ, અને બીજાનું નામ નોદર કરીને હતું. તરીજી બેટીનો હાથ લેવાની ઉમેદવારી ધરાવનારા રાજવંસીઓ દરબારને વખતે આવી નહી પુગાથી જાલેજરે તેમને બોલાવા જવાને ફરાંમરજને હોકમ કીધો હતો. એ હોકમને માન આપી ફરાંમરજ દરબારમાંથી રવાંને થએઓ, અને પસંગ તથા નોદર રાજાની દરબારમાં બીરાજીઆ. આ વાત ભુલી જવી જોઇતી નથી કે રાજો પોતાનાં નીમખહલાલ દરબારી જામાસપને ઘણું માંન આપતો હતો, માંટે તેને દરબારમાં બેસવાનો ખાશ હોકમ થએલો હતો.

કાંમ શરૂ કરતાંજ તેણે પરથમ પોતાનાં જમાઇઓને ચુંટી કાહાડીઆ. પશંગ વડી છોકરી ફરંગીજને માંગતો હતો, તેને તેનાં સવાધીનમાં આપી. નોદરનાં હાથમાં વચલી દીકરી ગુલનાર ગઈ, અને નાંહાંની પીરોજને માંટે ઈરાંન તથા તુરાંનથી શાહાજાદાઓ આવીઆ બાદ વીચાર કરવાનું ઠરાવીઉં હતું. એ રીતે આ બેહેનોનાં જોડાં બંધાઈ ચુકાં હતાં અને તે જોડાં કદ તથા આકારમાં સારાં દીસતાં હતાં એમાંતો કાંઈ શક નથી. છોકરીઓએ પોત પોતાનાં એ ભરથારો ઉપર પસંદગી જણાવી હતી, અને તેથી બુઢો જાલ ખુશી થઇ ગએઓ.

એટલું કીધા પછે રાજની વેંહેંચણી કરવાનો વખત થએઓ બુઢા જાલે રાજનાં નકસા ઉપર તરણ ભાગ કીધા પણ તે તેમને સપુરદ કીધાની આગમચ એવી મરજી દેખાડી કે તેની દરએક દીકરીએ કાંઇબી બોલીને પોત પોતાંની ઇછા તેને જાહેર કરવી. એ ઉપરથી પરથમ વડી ફરંગીજ બોલી કે—

"નેકનાંમ મુરબી, તમારી તરફ મારો કેટલો પીઆર છે તે જણાવવાનાં મારી પાસે પુરતા શબદો નથી. માંટે એટલુજ કહું છઉ કે મારી આંખ, મારી હઇઆતી અને મારાં છુટાપણાં કરતાં હું તમોને વધારે ચાહુ છઉ. જેબી ચીજ મારે મનસે વાહાલી, કીમતી ઇચા નવાઇ સરખીછે, તેનાં કરતાંબી મારા બાપને વધારે ગણું છઉ, અને સમજું છઉ કે મારી જીંદગી, કાએઆ, તનદરોસતી અથવા ખુબ સુરતીમાં મારો બાપછે. મારો એ પીઆર મારા દમને અટકાવેછે, અને મારી જબાંને નાતવાન કરી નાંખેછે"

પોતાની વડી છોકરીના આ શબદો ઉપરથી જઇફ જાલ ઘણોજ મગન થઈ ગએઓ. તે દેખાડીને બોલીઓ કે "દીકરી આ નકસા ઉપરનો આ ભાગથી આ ભાગ હું તારે હવાલે કરૂછઉ, જેમાના ફલવંત ખેતરો, નામીચાં જંગલો, અને કીમતી પરાંતો સરવે તારા અને તારા ધણી પશંગનાં સવાધીનમાં આવશે."

એ પછે તેની વચલી બોલકની બેટી ગુલનાર બોલી કે "મારા મેહેરબાંન પીતા, જે લોહી મારી બેહેનમાંછે તેજ લોહી મારામાંછે. તે જે કાંઈ ચાહેછે તેજ હું પણ ચાહુ છઉ, બલકે ગોએઆ તેણે મારા સબદો અને મારાજ દીલની વાત તમુને કહીછે. મારો પીઆર તમારી ઉપર પુરતો અને પુરતા કરતાંબી વધારેછે. હું એટલુજ કહુંછઉ કે તમારા પીઆરમાં હું સઉથી મોટી મોજ જોઉંછઉ, અને કોઇબી બીજી ખુશાલી સાથ મને ગોએઆ દુશમની થઇછે."

આ ભાશાંણે બુઢા જાલ ઉપર પુરતી અસર કીધી. તેણે પોતાનાં રાજનો બીજો ભાગ તેના હવાલામાં આપીઓ અને તેને તથા તેનાં ખાવંદ નોદરને આસીરવાદ દીધા.

હવે તરીજી, સઉથી નાંહાંની અને એકમારગી પીરોજને બોલવાની વારી આવી. જોકે તે નાદાન દીસંતી હતી અને સાદી ફરતી હતી, તોપણ તેનાં બાપનો તેના ઉપર ઓછો ચાહા નહી હતો. તેણે એ દીકરીને માંટે રાજનો એક ભાગ રાખેલો હતો, પણ તેનાં બોલવાની વાત જોતો હતો. તોબી પીરોજે પોતાની બેહેનોને મીઠી મીઠી વાતો બોલતાં જોઈ એવોજ ઠરાવ કીધો હતો કે તેને આ વખતે લાંબાં ભાશાંણ કરવાની કાંઈ જરૂર નથી. માંટે તે મુંગી રહી, અને તેથી અંતે જાલને બોલવાની ફરજ પડી.

જાલ—હવે મારી રાંક દીકરી પીરોજ, જેના હાથ સાથ હાથ મેલવવાને બબે ઉમરાવો ખોટીછે, તે દીકરી શું ચાહેછે તે જાંણવાને હું ખંતી છઉં. દીકરી પીરોજ તું હવે શું બોલેછે?

પીરોજ—કાંઈ નહી જી.

આ જવાબ ઉપરથી બુઢા જાલને અચરતી ઉપજી. તેની, જારે બીજી બેટીઓ આટલું બધું બોલી તારે આ છોક

રી કાંઈબી બોલીને પોતાનો પીઆર નહી દેખાડે, એવું જોઈને તે તાજુબ થએઓ. તેણે પોતાની બેટીને ફરીથી પુંછીઉં અને ફરીથીબી પીરોજે એજ જવાબ આપીઓ! એ ઉપરથી જાલેજર જરા ખફા થએઓ, તે બોલીઓ કે "બેટી કાંઈ નહી બોલતી તેની મતલબ શું તે તુને આ વખતે જણાવવું જોઈએ."

પીરોજ—બાવાજી, મારાં દીલને હું મારાં મોહોડાંમાં લાવી શકની નથી. મારી ફરજ પરમાંણે હું તમો સાહેબને ચાહું છઉં—નાં વધારે, કે ના ઓછું.

આ જવાબે જાલને જરા ખફા કીધો. તે જેમ જઈફ થએઓ તેમ તેની અકલ ગોએઆ ઓછી થઈ હતી, અને તેની દીકરીઓ તેની ખોટી વખાંણજ કરે એવી તેની ખાહેશ હતી. એવી ખોટી વખાંણ કરવાને પીરોજ રાજી નહી હતી. તેની વાજબી ચાલ જોવા વગર પાદશાહાએ ફરમાવીઉં કે "બેટી પીરોજ, તું બોલેછે તે જરા સંભાલીને બોલ." પણ પીરોજ સંભાલ શું લીએ? તેણે ખોલલી રીતે જાહેર કીધું કે—

"મેહેરબાંન પીતા, તમે મને જનમ આપીઓ, પાલી પોશી, પીઆર રાખીઓ અને મોટી કીધી. એ સઘલી ભલાઈનો લાએક રીતે બદલો વાલવાને હું ઘણી ખુશી છઉં. તેટલા માંટે હું તમારે તાબે છઉં, તમોને ચાહું છઉં અને તમુને માંન આપું છઉં. મારી બેહેનો તમુને કેહેછે કે તેઓનો તમાંમ પીઆર તમારી તરફછે, પણ તીઆરે તેઓનાં ભરથારતો રખડતાજ રહેઆ. હું જારે પરણશ તારે મારા ધણી તરફ મારો અરધો પીઆર અને અરધી સંભાલ રેહેશે. તથા તમારી તરફ અરધો પીઆર અને અરધી ફરજ હું દેખાડશ. હું મારી બેહેનોની મીશાલે પારકા ધણી સાથ પરણીને એકલા બાપ ઉપર સઘલો પીઆર નથી રાખવાની."

અગરજો જઈફ જાલેજરની જગોએ કોઈ બીજો સમજુ બાપ હતેતો તે પોતાની દીકરીના આવા વાજબી વીચારો સાંભલીને ઘણો ખુશી થતે, પણ જાલ પીરોજના આ શુખનો ઉપરથી નારાજી થએઓ. તે ઘડપણમાં આવીઓ તે ગોએઆ બચપણમાં આવીઓ હતો. તેની સમજ જતી રહી હતી, અને બચાંની મીશાલે કોઈ તેને પટાવીઆ કરે એવી તેની મરજીમાં પીરોજે નાસીપાસ કીધાથી તે ગુશે થએઓ. પીરોજને ફરીથી પુછવા ઉપરથી તેણે જણાવીઉં કે "બાવા હું જે બોલીછઉ તે મારાં ખરા દીલથી અને સાચું બોલીછઉ."

પણ બુઢો જાલ શું એથી રાજી થાએ? નહી. તેણે સાફ જણાવીઉં કે—"દીકરી તારી એવીજ મરજીછે, તો હુંબી હવે મારી મરજી પરમાંણે ચાલુ છઉં. તું જે સચાઈને વલગીછે, તે સચાઈજ તુને હું આપુછઉ, અને ખોદાના સોગંદ લઈને કહુંછઉ કે તું ઉપરથી મારા સરવે પીઆર અને સંભાલને આજ પછે હું કાહાડી નાંખુછઉ. હવે પછે સદા કાલ સુધી હું તારૂ નામ લેવશ નહી, અથવા તુને ઇઆદ કરશ નહી. ફાડી ખાનાર વાઘ ઇઆ વરૂને જે દીવસે હું ચાહાવશ તે દીવસે હું તુનેબી ચાહાવશ અને તાંહાંશધી હું તુંને મારાં ખરાં દીલથી ધીકારશ."

જામાસપ દરબારી આ બનાવ ઉપરથી ઘણોજ દલગીર થએઓ. જાલેજર ઉપર તેનો જેટલો પીઆર હતો તેટલો તે સચાઈને ચાહાતો હતો અને તેણે જોઈઉં હતું કે આ વેલા સચાઈ શીઆંની પીરોજની તરફ હતી. પીરોજે પોતાના બાપને જે કાંઈ કહેઉં હતું તે વાજબી હતું અને જાંમાસપ જોતો હતો કે જે દીકરીઓ ઘણુ બોલીને મુગી રહી હતી તેઓના સરવે બોલો ખાલી અને ખુસાંમત ભરેલા હતા, તથા પીરોજ પોતાનાં પીતા તરફ તેઓ કરતાં વધારે પીઆર રાખતી હતી. તોપણ જાલ બચાંની મીશાલે ખુશાંમતને કાંન દેઈ લોભાઈ જાએ અને એક લાએક બચાંને ધીકારે, એ વાત સાચા જાંમાસપને પસંદ નહી આવીઆથી તેણે વચે પડવાનો ઠરાવ કીધો. પણ તે બોલવા જાએસું એટલામાંતો રાજાએ તેને મુંગો રાખીઓ અને પીરોજને નીમખહરાંમનું નાંમ આપી ગાલો દેવા લાગો. પીરોજને ભાગનું રાજ તેણે પોતાની બે દીકરીઓ વચે વેંહેંચી આપીઉં, અને એ રીતે તે નેક અબલાને ગોએઆ હાથ પગ વગરની કરી નાંખી.

આટલું છતાં પણ જાંમાસપ મુગો બેઠો નહી. જોકે પાદશાહા તેને બોલવા દેતો નહી હતો તોપણ તે બોલતો હતો, કેમકે એક નીરદોશનો બચાવ કરવાની તથા પોતાના શાજાને ખુશાંમતની ચેતવણી આપવાની તે ફરજ જોતો હતો. તે બોલીઓ કે—"જીહાંપનાંહાં તમોને હું સદા માન આપતો આવીઓ છઉં, તમોને મારા બાપ સરખા ગણું છઉં, મારા શેઠની મીશાલે તમારી સેવા કરૂ છઉં, અને મુરબીની મીશાલે તમારે માંટે ખોદાની બંદગી કરૂછઉ, વાસતે તમો મારી વાત સાંભલો." જાલેજરે તેને સાંભલવાને હજુર નાપાડીઉં તે બોલીઓ કે "જાંમાસપ, તું મુગો રેહે. કમાંનમાંથી તીર છુટી ચુકીછે, તે પાછી મલવાની નથી. વાઘનાં ગુસાની વચે આવવાથી તારૂ કાંઈ વલવાનુ નથી."

પણ શું દાહેઓ જાંમાસપ મુગો રેહે? નહી. દુનીઆંના તમાંમ દેવો તેનું મોહોડું બાંધે તોપણ આવે નજરને વખતે સાચી મસલત આપવાને તે આંનાકાંની કરે નહી. રાજાની બેવકુફી જોઈને તેને ઘણું લાગી આવીઉં માંટે ગુસાથી બોલીઓ કે—"પાદશાહા તારી તીર મને લગાડ, મને જખમી કર, મને મારી નાખ, પણ આ નીરદોશ અને સાચી છોકરીને દુખી ના કર. પાદશાહા જારે તું દેવાંનોથએઓછે, તારે હું જંગલી બનું છેઉ, અને સલુકાઈ છોડી દઈને તુને કહું છેઉં કે તું જે કરેછે તેનો વીચાર કર. જો એ કુંવરી રેહેછે. જો, તેના ગાલ ભીંજાછે, કેમકે સાચું બોલતાં તું તેને કદુવા દીએછે. ખુશાંમતથી તું ખોરવાએછે, અને બાહેરના ભપકામાં તું લોભાએછે, પણ મારા સરવે માંનને હું આ નીમખહલાલ છોકરીની સાદી ચાલ ઉપર સદકે કરૂં છેઉં. જો પાદશાહા મારી વાત માન. અગરજો તારી નાહાની દીકરીનો વાંક હોએતો, હું મારો પરાંણ આપવાને તઈઆર છેઉં."

હજુર જાલ પગલીઓ નહી, પણ વધારે ગુસે થતો ગએઓ—

જાલ—જામાસપ જો તું એક બોલ વધારે બોલશે તો તારો જીવ લેવશ.

જાંમાસપ—પાદશાહા તારા દુશમનોની સાંમે મારો

જીવ આપવાને હું ઘણીવાર જઈ આવીઓ છઉં અને હુમ ણાંની સાચું બોલતાં મારો જીવ આપવાને હું તઇઆર છઉં.

જાલ—હું સપત લઈ કહું છઉં કે તુને બોલવા દેવશ નહી.

જાંમાસપ—હું સપત લઈ કહું છઉં કે હું મુગો રેહેવશ નહી.

જાલ—તું મારી નજર આગલથી જા.

જાંમાસપ—પાદશાહ તારી નજરને પાધરી રાખ. અરે તું એ રીતે દેવાંનો નો થા.

જાલ—ચંડાલ મારી તલવાર મારી પાસેજ છેજો.

જાંમાસપ—તે મને માર. તારા વઇદનેજ તું કાપ, અને તેનાં નાંણાં તારી પાસે રાખી તારાં દરદ ઉપર વાપર. તારો હોકમ પાછો ફેરવ, નહોતો કે હું મોહોત સુધી પોકાર મારીઆ કરશ, અને તુને જણાવશ કે તું ખોટું કરેછે.

જાલ—સાંભલ ! ઓ બેઈમાંન, સાંભલ ! તું મારી સતાની વચે આવેછે, અને મારા એક ખાશ હોકમને ફેરવવા માંગેછે, તેની તુને સજા મલવી જોઈએ. હું તુને આજથી દેશનીકાલ કરૂ છઉં, પણ તારી ઉપર દએઆ લાવીને દુનીઆંમાં તું ભુખે નહી મરે એટલા વાસતે આ શેહેરમાં તઇઆરીઓ કરવાની તુને પાંચ દીવસની મુદત આપું છઉં. છઠે દીવસે તું તારી પીઠ ફેરવજે અને દસમા દીવસ પછે અગરજો તું આ શેહેરમાં દેખાશેતો તારૂં ડોકું તારી ગરદન ઉપરથી છુટું પડશે.

અરે જાલ ! દેવાંનાં જાલ ! તે શું કરેછે તે આ વખતે જોતો નથી. પોતાની દીકરીઓની ખુશાંમત આગલ અને નઇફીનાં દરદ આગલ તેની અકલ ગુમ થઇછે, બાકી તે સીવાએ, પીઆરાં વાંચનાર, તે પોતાનાં એવા વીદવાંન પરધાંનને કેમ જતો મેલતે ? અગરજો તેનાંમાં પાધરી અકલ હતેતો તે પોતાની સાચી દીકરીને કેમ નાપસંદ કરતે. પણ નહી તેણેતો પોતાની એક વાજબી બોલનારી બેટીને તથા સાચા દરબારીને દુર કરવા માંગીઓછે, અને જેઓ દેખાવની સારી તથા બોલવે બાધર તે દીકરીઓ ઉપર રાજી થએઓછે.

જાંમાસપે જારે જોઇઉં કે તેનું કાંઇ ચાલી શકીઉં નહી તથા જાલની બે દીકરીઓ તથા જમાઇઓમાંનાં કોઇએબી તેની હીમાએત કીધી નહી તારે તેણે તાંહાંથી પોતાનો રસતો લીધો. તે છેલી સલાંમ કરતી વખતે એટલુંજ બોલીઓ કે—"પાદશાહા તુને સલાંમ ! તું જારે ફરીઓછે તારે હું પણ ફરૂ છઉં. આ જગા મને અકારીછે, અને પરદેશ મને વાહાલુંછે. પીરોજ તુને મારી સલાંમ કરૂછઉં તુને મેં બચગીથી ઉધારીછે, અને તારી લાએકીને માંટે હું ખુશી છઉં. તું સાચુ વીચારેછે અને સાચું બોલેછે. ખોદા તુને સલાંમત રાખે, અને તારે લાએક ભરથાર તુને મલે. તારી બીજી બેહેનોને માંટે એવું હું ચાહુ છઉં કે ખોદા કરેને તેઓ જેટલું બોલીઆંછે તેટલું પાલી દેખાડે."

એટલું કહી જાંમાસપ તાંહાંથી છુટો પડીઓ.

આ વખતે જો કોઇએ ગરીબડી પીરોજની હાલત જોઈ હતેતો ખચીત દએઆ ઉપજતે. તે ઉભી ઉભી રડતી હતી. તેનાં ગોલાબી ચેહેરા ઉપર પાંણીનાં રેલા ઉતરેલા હતા ! શા માંટે ? નહી કે તેનાં બાપે તેને પોતાનાં વારસામાંથી બાતલ કીધી તેટલાં વાસતે. પણ જાંમાસપને દેશનીકાલ કરીને તેણે પોતાના હકમાં ખરાબી કીધી તેટલા માંટે પીરોજના દીલમાં લાગતુ હતું. તે વીચારતી હતી કે "મારો બાપ મારી બેહેનોનાં બોલવાં ઉપર ભોલાએછે. તેઓ હુમણાં મીઠી વાતો કરેછે, પણ એવી વાતો ખરી પડતી નથી એમાં શું શક ? એ રીતે મારી બેહેનો ઉપર વીસવાસ રાખીને મારા બાપે એક નીમખહલાલ નોકરને દુર કીધોછે. તે તેનો જમણો હાથ હતો, પણ તેના જવાથી એ બુટો પોતાની પાછલી જીંદગીમાં હલાક થશે." એ વીચાર આ રાંક છોકરીને રડાવતો હતો.

તેવામાં પીરોજ સાથ પરણવાંની ઉમેદથી ઇરાંનવાલો જીહાંગીર અને તુરાંનવાલો મીલલાદ જાલની દરબારમાં આવી પુગા. જાલે એક બાપને નાલાએક રીતે તથા નહી ઘટે એવી ચાલ ચલાવીને તેઓને આવતાંવાર તેઓની મરજી પુછી, તથા પીરોજ ઉપર પોતાનો ધીકાર દેખાડીઓ. તે બોલીઓ કે "સાહેબો આ દુકતીએ મારી સાથ દુશમની કીધીછે. તેને હું ધીકારૂછઉં. તેની રીતમાં રીત મારી કડુંવાછે, તેની બખશેસમાં બખશેસ મારી ગાલછે, અને તેનો પીઆરમાં પીઆર મારો ગુસોછે. જે ઓરત બેગરવતછે, અને જેને જોઇને કુદરત સરમાએછે તેની સાથ પરણવાની હું તમોને ભલાંમણ કરતો નથી." એ ઉપરથી ગીલલાદે પીરોજ ઉપરનો સઘલો દાવો છોડી દીધો.

પણ ઇરાંનવાલો હીમતવાંન જાંહાંગીર આ બુઢાનાં ગુસાથી ડરીઓ નહી. તેનો પીરોજ ઉપર ખરો પીઆર હતો, અને તેટલા માંટે તે આવો દેખાવ જોઇને દલગીર થએઓ તે બોલીઓ કે "અફસોસ ! આ શું બની ગએઉં ! સાહેબ જે બાનું અતીઆરસુધી તમુને સઉમાં વાહાલી હતી, તમાંરી વખાંણની બીનાં દાખલ હતી અને તમારી ઉમરમાં સુખ દાખલ હતી, તેણે આટલા થોડા વખતમાં એવી શું તકસીર કીધી કે જેથી તમે સરવે મેહેરબાંની ઉતારી નાંખીછે ?"

આ અરજમાં પીરોજ પોતે પણ સાંમેલ થઇ. તે બોલી કે "જાંહાંપનાંહાં જેવી શડકણી અને બોલકણી જબાં મારી બેહેનોમાંછે તેવી જીબ જોકે મારી નથી તોપણ હું તમુને અરજ કરૂ છઉં કે આ નાંમવર શાહાંજાદાને મારી ખરી તકસીર જાહેર કરો. અલબતાં મેં કાંઇ ખુન કીધું નથી, મેં કાંઇ બદી દેખાડી નથી ઇઆ કાંઇ પાપી કરમમાં હાથ બોરીઆ નથી. મારી એકજ ખાંમીને ખાતર તમે મને હલકી ગણો છો, પણ તે ખાંમી વગર હું વધારે ખુબીવંતી છઉં. હું કાંઇ ખુશાંમતખોરી નથી, અને હું નહી ચાહુ તેવી જીબ ખોદાએ મારા મોહોમાં મેલી નથી. એને માંટે તમારા ધીકારમાં આવી છઉં."

આ અરજ ઉપરથી જાલેજરને વધારે ગુસો ઉપજીઓ. પણ ઇરાંનવાલો જીહાંગીર આપએખતીઆર હતો. તે પીરોજને ઘણોજ પસંદ કરતો હતો, અને વલી આ વાજબી બચાવ ઉપર તે રાજી થએઓ હતો માંટે તેણે પોતાની માશુકને જાહેર કીધું કે—"શુંદર પીરોજ, તારા બાપે તુને વારસામાંથી બાતલ કરી ગરીબાંઈ આંપીછે, પણ તે ગરીબાંઈ છ

નાં તું ઘણી તવંગર દીશેછે. તું ભુલી પડવા છતાં ઘણી પસંદ આવેછે, અને ધીકારમાં પડવા છતાં મારો પીઆર તું પર વધેછે. તારી દોલત કરતાં તારી નેકી વધારેછે, અને તેથી હું તુંને કબુલ રાખું છઉં. પાદશાહા, તારી ગરીબ બેટીને જારે તું પડતી નાખેછે તારે હું તેને ઉચકી લઉ છઉ. તે મારી અને મારા રાજની રાણીછે."

જાલ—શાહાજાદા તે તુંને મુબારક રેહે. મારે મંન સેતા એ દીકરી જનમીજ નથી, અને એનો ચેહેરો મારે જોવો નથી. •

હવે આ દુખ ભરેલાં દાસતાંનને ટુંકમાં સમજાવાની જરૂરછે. પીરોજને જારે તેનાં બાપે. ધીકારી, પણ નાંમવર જાંહાંગીરે પસંદ કીધી તારે તેની સાથ તેની બાએડી દાખલ ઇરાન જવાને તેણે અડચણ જોઈ નહી, પણ તાંહાંથી જવાની આગમચ તે પોતાની બેહેનોને એટલુંજ કહી ગઈ કે "બેહેનો તમારી આગલ હું કાલાવાલા કરીને માગી લેઉં છઉં કે આપણા બુઢા બાપને તેની જઈફીના વખતમાં સારી રીતે રાખજો. તમો કેવી દીકરીઓછો તે હું જાણું છઉં, અને બેહેન તરીકે તમારી ખાંમીઓ મને દેખાડવી પડેછે, માંટે દલગીર છઉં. તમો જેટલુ બોલીઆંછો તેટલી બાવાની સેવા કરી દેખાડજો."

એટલું કહી પીરોજ પોતાનાં ધણી સાથ પોતાનું દેશ છોડી રવાને થઈ. હવે ફરંગીજ અને ગુલનાર વીચાર કરવા બેઠાં કે બાવાને કાંહાં રાખવા. તેઓએ વીચારીઉં કે જાલ બાવાનાં વીચાર બુઢાપા સાથ નાદાંનીએતને મલતા થએઆ હતા. તેણે પોતાની દીકરી તથા જાંમાસપને દુર કરી ફેરાવન મગજ દેખાડીઉં હતું માટે તે પોતાની દીકરીઓનાં ઘરમાં રેહેતાં એવી ચાલ નહી ચલાવે તથા એવો આકલો સવભાવ નહી દેખાડે તેની તપાસ રાખવાનો આ બેહેનોએ ઠરાવ કીધો.

---

## કેલવણી એટલે શું ?

બેહેનો, આ સવાલનો જવાબ આપવા માંટે લંબાણથી વીચાર તથા ખોલાસો કરવો ઘટેછે. સહુ એવું જાંણેછે કે માણસને ખોદાતાલાએ અમસ્થો જનમ આપીઓ નથી. તે આં ભવની પોતાંની જીંદગીમાં ગમે તેમ ચાલે, અને પછે જારે તેને ઈશવરી દરબારનું તેડું આવે તારે તે પાછો તેની દરેઘાહીમાં જાએ એવું કાંઈ કીરતારે સરજેલું નથી. જો એમજ હતેતો મુંગાં ઢોર અને માંણસમાં જાજો ફરક રેહેતેજ નહી. જો તેમજ તેની મતલબ હતેતો માંણસ પાપ ઈઆ પુન કાંઈ સમજતે નહી, સારાં ઇઆ માઠાંનો વીચાર કરતે નહી, અથવા નેકી ઈઆ બદીથી સંભાલ રાખતે નહી. તે અરસપરસ લડાઈ કરીને જીંદગી ગુજારતે, એક મેકની ખરાબી કરી નાખતે, અને આ દુનીઆંને ઊજડ વેરાંન સરખી બનાવી મેલતે, પણ માણસ કાંઈ તેવું નથી. તે સહુકાઈ, ચતરાઈ અને વીચારવાલું આદમીછે. ખોદાએ માણસ અને હેવાંન વચે એ બાબદમાં જે ચોકસ ફરક રાખીઓછે તે ઊપરથીજ દેખાએછે કે હેવાંનને આ જગતમાં તેણે કાંઈ ફરજો સરજી નથી, પણ માણસનો કાંઈ ચોકસ કાંમને માંટે પેદા થએલુંછે.

જેમ માણસની હીલચાલ ઊપરથી આ ફરક જણાએછે તેમજ તેનો ચોકસ બાંધો ખોદાતાલાની ઊપલી ઊમદા મતલબની એક સાબેતીછે. ફીલસુફો કબુલ કરતા આવીઆછે કે ઈનસાંન ખોદાતાલાની કરાંમત અને કલાનો એક નામીચો નમુનોછે. તે બે પગ ઊપર સીધું ચાલેછે, તે સરીરમાં ચોકસ બલ ધરાવેછે, અને તે ઊપરાંત તેનાં ભેજાંમાં એટલી બધી શકતી મેલીછે કે જેથી તે સઊથી બીહાંમનાં અને બલવંત પરાંણીને પોતાના તાબામાં લઈ શકેછે. ઈનસાંનને એવું કદાવર, દેલાવર, અને અકલમંદ હાલતમાં હઈ, આતી બખશવાની ખોદાએ કાંઈબી મુરાદ રાખવી જોઈએ બાકી જો જેમ નહી હોએતો તેની બનાવટમાં તેને એટલો સંભાલ લેવાની જરૂર નહી હતી. એ મુરાદ શું છે ? શીઆંની વાંચનારી બાંનું જવાબ દેશે કે માણસે આ જગતમાં ભલાઈ કરવી, પોતાની ફરજો બજાવવી અને વાખવાખી મેલવવી એ તેનાં બનાવનારની મકસદછે.

આ ફરજો માણસ બજાવી શકેછે એવું આપણે જોઈ લીધુંછે. અલબતાં દરએક માણસ ખાંમી વાલું હોએછે, તોપણ તે ખુબી વધારે દેખાડી શકેછે. બીજા બોલોમાં બોલીએતો તે સુધરી શકેછે. તે સારી હાલતમાં આવી પોંતાને અને પારકાંઓને લાભ કરી શકેછે. તે અકલ અને અજમાએશને હથીઆર દાખલ વાંપરી સુલેહનાં મેદાંનમાં હીમતથી ધસારો કરેછે. તે વીચાર કરેછે, પછે વેપારમાં પડેછે અને પઈસા મેલવેછે. તે પઈસાને સેંહેંકડો રીતે કાંમે લગાડેછે. તે ધરમ કરેછે, તે મોજ કરેછે અને બીજાંઓને નાંણું આપી તેઓને ફાએદો કરેછે. વલી માણસ વીચાર કરેછે અને દુનીઆમાં સગવડથી રેહેવાની કલાઓ સોધી કાહાડેછે. તે કારખાંનાં ઊભાં કરેછે, સાંચાઓ બનાવેછે, હવા, પાંણી તથા બીજી પદારથોને પોતાનાં

હાથમાં લીએછે. તારપછે તે આંખ વીચતાંનાં વારમાં હજારો ગાઊ દોડેછે, સમુદરનું પાંણી પણ તેને મનસે જમીન સરખુંછે, અને હવામાં ઊડવાને તે સકતીવાં નછે. વલી જેમ તે વધારે વીચાર કરેછે તેમ તે ખોદાની શકતીને પીછાંણેછે, તેથી તેને ઈસવરનો દર પેદા થાએછે, માંટે તે પોતાની ફરજો બજાવેછે અને નીતીનાં કાએદાઓને ધેઆંનમાં રાખેછે ઈતીઆદી. એ સઘલું ઈનસાંનનું કાંમછે, અને ઘણાંઓ તે ખરેખર બજાવેછે.

પણ સરવે માણસો એવાં નથી. જંગલી દેશોની પરજા એવું કાંઈ જાણતી નથી. તેઓની બુધી બે વરસનાં બચાંનાં જેટલીછે. તેઓની સમજ શીઆંનાં માણસોની સમજથી તદન ઊલટીછે. તેઓ પાસે દોલત નથી, માલ, મતા ઈઆ મીલકત નથી. તેઓનાં ઘર, મેહેલ, વાડી ઈઆ વાંહાંણ નથી. તેઓનાં રાજા, રાંણી ઈઆ સરદાર પણ નથી. તેઓમાં રેલવે અથવા વીજલીનાં તાર નથી. માણસને મારવામાં અથવા ખાઈ જવામાં તેઓ પાપ વીચારતાં નથી, ઈઆ બીજી જબરદસતી ચલાવવામાં સારાં નરસાંની તેઓને ખબર નથી. તેઓપાસ રંગદાર કપડાં, અથવા સવાદદાર ખાંનાં નથી. ટુકમાં તેઓને કાંઈબી ભલાઈ ઈઆ બુરાઈનો વીચાર નથી અથવા તેઓ આ દુનીઆંમાંની પોતાની ફરજ શીખીઆં નથી. એનું કારણ સું હશે વારૂં ?

એ કારણનો આપણ વીચાર કરતાંજ આપણ કેલવણી ઊપર આવીએ છઈએ. આ માણસોની માંદી અવસથાનું કારણ એજછે કે તેઓમાં કેલવણી નથી. તેઓ જનમતાં વાર જેવી હાલતમાં હતાં તેવી જ હાલતમાં તેઓ હમણાં પણ છે. આપણાં બચાં જેમ ઊમર પરમાંણે સુધરેછે તેટલાં તેઓ સુધરતાં નથી. તેઓનું મગજ બચપણથી કીટાઈને જડ થઈ જાએછે. તેઓની વીચાર શકતી વધવાને બદલે જેવીને તેવી હાલતમાં રેહેછે, અને તેને લીધે તેઓ જંગલી અવસથામાં પડી રેહેછે. આપણાં ઈઆ બીજાં સુધરેલાં દેશમાં મનશકતીને ખીલવવાનાં ઊપાઓ કરેલા હોએછે. તેથી બચું પોતાનાં જનમ પછે જેમ ઊમરે વધેછે તેમજ સમજમાં સુધરેછે, અને જારે માણસાઈમાં આવેછે તારે પોતાની ફરજ ઈઆ કાંમકાજો ઊપર ધેઆંન પોંહોંચાડેછે.


આ પરમાંણે મનશકતીને ખીલવવાનો જે ઊપાએછે તેનું નાંમ કેલવણીછે. સમજને સુધારવાનો અને અકલને વધારવાનો જે મારગ તે કેલવણીછે. કીટાએલાં મગજને ઘસીને જહલકતું કરવાનું જે હથીઆર તે કેલવણીછે. ઊજડ મનને ખીલતું કરવાનું જે પાંણી તે કેલવણીછે. કેલવણી બોલનો અરથ બીજી ઘણી રીતે અપાઈ શકાશે; પણ ઊપલી ટુંક સમજ પુરતીછે. કોઈબી બચાંને એ કેલવણી આપો અને પછે તે જંગલમાં, પાહાડમાં ઈઆ શેહેરમાં વસતું હોએ તોબી તેટલી કેલવણીથી તે સુધરશે અને આગલ જણાવેલી જંગલી અવસથામાં રેહેશે નહી. કોઈબી કેલવણીથી તેનું મગજતો ખીલશે, પછે તે સારાં કાંમ કરે ઈઆ માઠાં કાંમ કરે તેમાં ખુદ કેલવણીનો વાંક નથી પણ તે કેલવણી આપવાની રીતનો વાંકછે.

ઊપલા ખોલાસા ઊપરથી સાફ દીસેછે કે માણસને ખુદ માણસાઈમાં લાવવાનો ઊપાએ કેલવણીછે. કેલવણીથી તે માણસનાં સરખી સમજમાં આવેછે, પણ કેલવણી વગર તે હેવાંનનાં સરખુંછે. દુર સા માંટે જઈએ ? વાંદરનોજ દાખલો લઈએ. વાંદર તે કાંઈ માણસ નથી, તોપણ તે માણસનાં સરખું લાગેછે. તેનાં બે હાત અને બે પગછે, તથા તે ઊભો ચાલેછે. તેજ પરમાંણે કેલવણી વગરનું માણસબી રેહી શકેછે, પણ તારે તેમાં અને વાંદરમાં ફરક શું ? ઘણોજ થોડો. કેલવણી વગરનું જે માણસ તેજ જંગલી માણસ, અને જંગલી માણસ તથા હેવાંનમાં જુજ ફરકછે. જે માણસને હેવાંન દાખલ રેહેવા ગમતું હોએ તેને કેલવણી લેવાની જરૂર નથી, પણ જેને સમજ, અકલ તથા વીચારવાલું શીઆંનું આદમી થવા ગમતું હોએ તેનેતો કેલવણી જરૂરનીછે, પછે તે મરદ હોએ કે સ્ત્રી હોએ તે વીચારવાની વાતજ નથી.

આ બાબદનો સારાંઊંસ એટલોજછે કે આ દુનીઆમાં માણસ જાત (નર તથા નારી) ને ખોદાતાલાએ ચોકસ કાંમ સરજીઆંછે, તે કાંમ બજાવવાની તેની ફરજછે, અને જો તે નહી બજાવેતો તેનો જનમ નકાંમોછે. તે ફરજો જાંણવા માંટે તેને કેલવણી મલવી જોઈએછે, અને જો તે નહી મલે, તથા તેથી જો તે ખરૂં ઈનસાંનીઅતપણું નહી ધરાવેતો હેવાંનની અને તેની હાલત ઘણીખરી મલતીછે. માંટે કેલવણી તે માણસને ઈનસાંનીઅતપણામાં લાવવાનો એક રસતોછે.

# આસમાંની તલેસમાતો.

## સુરજ અને તેનાં સોબતીઓ.




રાતને વખતે આકાશ ઊપર કોણે નજર કીધી નહી હશે? સઊથી જંગલીમાં જંગલી ઈનસાન પણ જારે એક ખોલી રાતનાં, પોતાનાં માથાં ઊપર ખીલી આંન કરતાં પણ વધારે સુંદર હીરાઓને ખુબ જલેહ થી પરકાશતા જોએછે, તારે અચરતીથી પોતાનાં હાથો ઊંચા કરેછે અને આ સીતારા, સુરજ તથા ચંદરનો ભેદ નહી પીછાંણી સકવાથી તેને ખોદાની દરઘાહાનાં દીપતા દીવા અથવા આકાશ ઊપર જડેલાં જહવેરાત કરી ગણેછે.

વાંચનારી બાનુંઓ, દીસને વખતે તમો આસમાંન ઊપર સુરીઅને મોટા મરોરથી ફરતો જુવોછો, તેમજ રાતનાં સીતારાઓનો પરકાશતો તમોને સાધારણ થઈ લાગેછે, પણ એ સઘવા સીતારા શું ચીજછે તેનો તમોએ કદી વીચાર કીધોછે? વીદવાંન આદમીઓએ તેની ઘણી ખોલ કીધીછે, અને દુરબીનની મદદથી તથા અકરશણ શકતીનાં અને બીજા કુદરતી કાએદાઓનાં અભીઆસથી, તેઓએ આ આકાશી હીરાઓની બનાવટ તથા ઊપીઓગને પીછાંની લીધોછે. તે જાંણવાને તમો કુદરતી હોશ દેખાડશો અને તેટલા માટે તમારી સાંમે તેનો થોડોએક હેવાલ ધરવાની અગત જણાએછે.

આસમાંન ઊપરના દરએક સીતારાને એક એક તલેસમાત કહીએતો તે વાજબીછે. વીદીઆ જેમ તેની ખોલ કરતી ગઈછે અને એ સીતારા તથા સુરીઅની ગણતરીઓ ગણીછે, તેમ તેઓનાં છુપા ભેદ અજવાલાંમાં આવીઆછે અને તેથી કરીને માણસ જાતને મોટી તાજુબી લાગેછે. એ સઘલી તપાસથી જાંણીતાં થવામાં આપણને મોટી મોજ, ગમત, અને નશીએત મલેછે, માંટે નકાંમાં ટાહેલાં અથવા અનઘટતી વાતોમાં વખત ગુજારવાને બદલે એવા તલેસમાતોનો અભીઆસ કરવામાં તેઓને ખરેખર ફાએદો થશે. એવું વીચારીને, સઊથી પેહલાંતો એક તલેસમાત જેને "શુરીઅમંડલ" કેહેછે તેની થોડીએક વીગતો આપીએ છઈએ.

સુરજનાં સોબતીઓને વાંચનારીઓ ઓલખેછે? કદાચ આ નાંમજ તેઓને અચરતીમાં નાંખે એવુંછે. સુરજની પાછલ તેનાં પુછડાંની મીશાલે તેનાં સાથીઓ ભમતા ફરેછે. સુરજ સાદી આંખે એક થાલી સરખો આપણને દેખાએછે, તોપણ તેમાં દમાંમ અને દબદબો ઘણો દીસેછે. માણસ તેની તરફ આંસુથી ભરેલી આંખો વગર જોઈ શકતું નથી, અને જો વધારેવાર તેને જોએઆ કરેતો આંખને આંધલી કરવાની તે ધમકી આપેછે. તેની એટલી બધી જલેહ અને તાપ છેકે તે કોઈવાર જંગલોને બાલી નાંખેછે. માંટે જાંણે તેનાં એ ભપકાથી બીહીતા હોએ તેમ તેનાં ચોકસ ભાઈબંધો તેની આસપાસ ભમતા ફરેછે અને તેનાં ઊપર લોભાઈને તેઓએ તેનીજ સંગત પકડીછે એવું વીદીઆએ દેખાડીઊંછે. એટલુંજ નહી પણ સુરજે પોતાના આ સાથીઓને પોતાનાં સંભાલમાં રાખીઆછે એવું પણ સાબેત થએલોછે!

આ સઘલી બીનાંની ઘણીએક બેહેનીઓને સમજ પડશે નહી. અલબતાં હમોએ જરા સહરાગાતથી લખીઊંછે ખરૂ પણ તે કાંઈ ખોટું નથી. સુરજ પોતે એક ગોલોછે, પણ તે ઘણો મોહોટોછે, અને તેથી કરીને બીજા કેટલાએક નાંહાંનાં ગોલાઓ તેની આસપાસ ભમતા ફરેછે. તે તેઓનાં સાથી અથવા ભાઈબંધ સરીખા થઈ પડીઆછે, કેમકે સુરજની આસપાસ ચોકીબાંનની મીશાલે ગોલ ઘેરાવામાં ફરવાથી તેઓ કદી પછાટ પડતા નથી. એ સઘલા ગોલાઓ સુરજની આસપાસ કેમ દોડેછે, તથા તે ગોલાઓ શુંછે તેનો થોડોએક હેવાલ હમો હેઠલ આપીએ છઈએ અને તે


ઊપર થૈઆન પોહોચાડવાની વાંચનારી બાનુઓને ભલામણ કરીએ છઈએ.

જે ગોલાઓ એ રીતે સુરજની આસપાસ ફરે છે તેઓને જોતીશ શાસતરીએ ગરેહનું નાંમ આપીઊંછે. એક ખોલી રાતને વખતે આકાશ ઊપર જે ગવાહેરો દીપેછે તેમનાં બે ભાગછે, જે તારાઓનો જ હલકાટ જરા જરામાં ફેરવાઈ જાએછે, અને ઘડી ઘડીમાં જેઓ રંગ બદલીને લાલ, લીલા, તથા રાતા થઈ જાએછે તેમને સીતારો કેહેછે. સીતારાઓ સદા થંબ હોએછે, પણ જે તારાઓ દેખીતા ચાલતા લાગેછે, તથા જેઓનો ઊજાસ સઘલો વખત સુધી સરખોજ રેહેછે તેઓને ગરેહ કહેછે. એ ગરેહો સુરજની આસપાસ ફરેછે, અને તેમને હમોએ સુરજનાં સાથી અથવા પુછડાનું નાંમ આપીઊંછે. વચમાં સુરજ અને તેમી આસપાસ આ ગરેહોનો જુખંડો તેને "શુરીઅમંડલ" કેહેછે અને તેનો ચીતાર હમોએ ઊપર આપીઓછે.

આપણી દુનીઆં એવા ગરેહોમાંનો એક ગરેહછે. એ એક અજાએબી લાગશે, પણ તે ખરી વાતછે. દુનીઆં બીજા ગરેહોના સરખીજછે. વીદીઆનાં બલથી એવું માલુમ પડીઊંછે કે ગરેહો જે પરકાશ આપેછે તેઓની ખુદ રોશનીથી નહી પણ સુરજનાં પદછાએઆથી કરીને આપેછે. તેઓને દુરબીનથી જોતાં ગરેહો જોકે ગોલ દીસેછે, તોપણ તેઓના થોડા ભાગ ઊપર ઊજાસ માલુમ પડેછે અને ચોકસ દીવસે તેઓનો ઊજાસ વધતો જવા પછે તે પાછો ઘટેછે. એ બીના સાફ દેખાડી આપેછે કે ગરેહોનાં જે ભાગ ઊપર સુરજની રોસની પડેછે તે ભાગ દુરથી આપણને ઊજાસ મારતો દેખાએછે, બાકી તેઓ ખુદ પોતેતો આપણી દુનીઆંનાં સરખા ગોલાછે. એ વાત જારે સાબેત થઈ તારે આ વાત પણ પુરવાર થાએછે કે આપણી દુનીઆં એક ગરેહછે અને અગર જો કોઈ સીતારામાં જઈને માણસ આ દુનીઆંને જુએતો તેપણ ગરેહની મીશાલે રાતના જીણી અને જહલકાટ આપતી માલુમ પડે.

આ ગોલાઓ જેમને આપણે ગરેહનું નાંમ આપીઊંછે તેઓ જારે સુરજની આસપાસ ફરેછે તારે પરૂથવી પણ ગરેહ હોવાથી તેમ ફરવી જોઈએ, એ ખરી વાતછે. પુરથવી પણ સુરજના એક સાથી દાખલછે, કેમકે શુરીઅની આસપાસ તે પણ ૩૬૫ દીવસે ફરી વલેછે. આ વાતથી હમારી વાંચનારીઓને માં નવા જોગ લાગશે નહી. તેઓને સુરજ ફરતો દેખાએ છે, પણ તેઓએ એટલોજ વીચાર કરવો ઘટેછે કે જારે તેઓ આગ ગાડીમા બેસીને મુસાફરી કરેછે તારે તેઓને તે ગાડી નહી પણ આસપાસનાં ઘરો અને ખેતરો ચાલતાં દીસેછે, પણ ખરેખર જોતાં તેઓ ચાલેછે, અને તેજ પરમાણે હીઆંબી ખરેખર જોતાં તેઓની દુનીઆં ચાલેછે પણ થંબ સુરજ ચાલતો દેખાએછે.

પણ સુરજની આસપાસ પરૂથવી તથા બીજા ગરેહો ફરી કેમ શકે? એ ગોલાઓ તુટી કેમ નહી પડતા? તેનો વીચાર કરીએ. હમારા એક આગલા આંકમાં હમોએ અકરશણ શકતીનાં કાએદાનું વરણન કરતાં જણાવીઊં હતું કે સુરજ આપણી પૃથવીને ખેંચેછે. અગર જો એક દડાને દોરી વડે બાંધીઓ હોએ અને પછે તે દોરીનો છેડો હાથમાં રાખીને તે દડાને હાથની આસપાસ ફેરવીએતો તે દડો આપણા હાથ ઊપર આવીને પડતો નથી પણ ગોલ ઘેરાવામાં ફરીઆ કરેછે, તેજ પરમાંણે સુરજની આસપાસ આ દુનીઆંનું ફરવું થાએછે. દુનીઆં ચોકસ બારદુએ દોડવા જાએછે, પણ સુરજ તેને ખેંચવા જાએછે, જેથી દુનીઆને ગોલ ઘેરાવામાં ફરવું પડેછે. તેની પાસેનાં ચીતરમાંથી વધારે સારી સમજ પડશે.



વચમાં A નીશાંન આગલ આપણ સુરજને ધારીએ અને B નીશાંણવાલા દડાને દુનીઆં સમજીએ. દુનીઆં જારે C આગલ આવેછે તારે કુદરતી કાએદાને લીધે તે D તરફ દોડવા જાએછે, પણ સુરજ તેને પાછી ખેંચેછે અને તેથી દુનીઆંને E આગલ આવવું પડેછે. તાંહાંથી વલી તે F તરફ દોડવા જાએછે પણ સુરજ તેને વલી ખેંચેછે તેથી દુનીઆં G તરફ જાએછે. એ રીતે સુરજનાં ખેંચાંણથી તે તથા બીજા ગરેહો તેની આસપાસ દોડેછે. એવા સુરજની આસપાસ ફરનારા તેનાં સાથીઓ અથવા ખરોખર બોલીએતો ગરેહો ઘણાંછે પણ મુખીઆ નવ કે દસછે. તેઓ એવા ગોલા આગલ કેમ ફેરા ખાએછે તે આ બાબદને મથાલે મેલેલાં ચીતારમાંથી જણાશે. જેમાં વચોવચ સુરજને ચીતારીઓછે, અને તેની આસપાસ ગોલ ઘેરાવામાં જુદા જુદા ગરેહો દોડેછે. એટલા બધા

આપણાં સુરજનાં સાથીઓછે. તેઓમાંનાં દરએકનુ થોડુ ઘણુ બેઆંન જાંણવાને વાંચનાર ખુશી થશે એવુ હમો વીચારીએ છઈએ.

સઊથી પેહલાં સુરજને જોઈએ તે આ સરવે ગોલાઓની વચો વચમાંછે અને તેઓનો સઘલો આધાર તેનાં ઊપરછે. કેમકે સુરજે આ સરવે ગરેહોને ખેંચી રાખીઆછે, જેથી તેઓ ખરોબર પોતાના રસતા ઊપર ફરીઆ કરેછે પણ જો ખોદાતાલાની મરજીથી સુરજ અને ગરેહો વચેનુ આ ખેંચાંણ નીકલી જાએતો તેઓના શા હાલ થાએ અને કાહાં જઈને પડે તેનો એકાએક વીચાર સુજતો નથી. સુરજની માતર એટલીજ શકતી નથી, સુરજછેતો આ સઘલા ગોલાઓને ઊજાસ મલેછે, અને તેથી આપણને દીસ તથા રાત અને જુદી જુદી મોસમોની મોજ ઊપજેછે. આપણી દુનીઆં અને બીજા ગરેહોનો એટલો બધો આધાર સુરજ ઊપરછે માંટે તેઓથી જાંણીતા થવાની આગમચ આપણે સુરજનુ થોડુએક ગનેઆંન મેલવવુ જોઈએછે.

હમારા વાંચનારાઓએ ખાતરી રાખવી કે સુરજની આસપાસ જે ગોલાઓ ફરેછે તેમાં મોટામાં મોટી દુનીઆં નથી. બીજા ગરેહો હીઆંથી આપણને જીણાં દેખાએછે તેનુ કારણ એછેકે તેઓ આપણથી અતીશએ દુરછે, પણ તેઓ કદે આપણી પરૂથવી કરતાં ઘણાં મોટાછે. એટલા મોટા ગોલાઓને જારે સુરજ ખેંચી રાખેછે તારે તે કેટલો મોટો અને શકતીવાલો હોવો જોઈએ? એ મોટો ગોલો આપણી દુનીઆંથી ૯ કરોડ ૫૦ લાખ માઈલ દુરછે. તે દુનીઆંથી ૧૩ લાખ ૮૪ હજાર ઘણો મોટોછે અથવા એટલી બધી દુનીઆંઓને જો એકઠી કીધી હોએતો સુરજનાં જેટલો એક મોટો ગોલો બને. બીજી રીતે બોલીએતો સુરીઅ મંડલમાં જેટલા બધા મોટા ગરેહોછે તેમને જો એકઠા કરીએ તોપણ સુરજના સરખુ કદ બને નહી અને તેવા ૫૦૦ ઢગ મેલીઆ હોએતોજ એક આખો સુરજ બની શકે. આવો મોટો ગોલો ખોદાતાલાએ એટલાજ માંટે બનાવીઓ છે કે તેનાં સંભાલમાં જે નાંહાંનાં ગોલાઓ અથવા ગરેહો છેક દુર ગએલાછે તેઓને પુરતો ઊજાસ, અને ગરમી મલી શકે.

સુરજની સઊથી નજદીકનો ગરેહ મરકીઊરી અથવા બુધ નાંમનોછે. તે સુરજથી ૩ કરોડ ૭૦ લાખ માઈલ દુરછે, તે સુરજની આસપાસ ૮૮ દીવસમાં ફરી વલેછે અને તે સઊથી નાંહાંનો ગરેહછે. હીઆંનાં કરતાં તાંહાંથી સુરજ તરણ ઘણો મોટો દેખાવો જોઈએ.—તેની પછે વીનસ અથવા સુકરનો ગરેહ સુરજથી ૬ કરોડ માઈલને તફાવતેછે. તે આ પરૂથવી કરતાં નાંહાંનોછે અને સુરજની આસપાસ ૨૨૪ દીવશે ફરી વલેછે—તારપછે આપણી પરૂથવી તરીજા ગરેહમાં ખપેછે, તે શુરજની આસપાસ ૩૬૫ દીવશે ફરી વલેછે અને તેને આપણાં લોકો એક વરસ કેહેછે. ધરથી પછે મારસ મંગલ નાંમનો ગરેહ સુરજથી ૧૪ કરોડ અને ૪૦ લાખ માઈલ દુરછે, અને દુનીઆં કરતાં તે બેવડો મોટોછે. સુરજની આસપાસ તે ૬૮૬ દીવસે ફરી રેહેવાથી તાંહાં એટલા બધા દીવસોનુ એક વરસ ગણાઓછે.—મારસ પછે આશરે વીસથી વધારે નાંહાંનાં ગરેહો ફરતા ફરેછે, જે ઓને મેલવા બાદ જુપીટર અથવા બરેસપતી નાંમનો સઊથી મોટો તલેસમ સરખો ગરેહ જોવામાં આવેછે. તે શુરજથી ૪૦ કરોડ અને ૯૩ લાખ માઈલ દુરછે, અને શુરજની આસપાસ એકવાર ફરી રેહેતાં તેને બાર વરસ લાગેછે. આપણી દુનીઆં કરતાં એ ગરેહ ૧૩૦૦ ઘણો મોટોછે.—બરેસપતી પછે સાટરન અથવા સનીશચર નાંમનો ગરેહછે. તે શુરજથી ૯૦ કરોડ અને ૪૦ લાખ માઈલનાં તફાવત ઊપરછે, તથા શુરજની આસપાસ ફરી વલતાં તેને લગભગ ૩૦ વરસ લાગેછે. તેની આંસ દુનીઆં કરતાં ૭૯૦૦૦ માઈલ મોટીછે, અને બરેસપતી સીવાએ તેનાં સરખો મોટો ગરેહ કાંઈ નથી.—સનીશચર પછે નેપચુન નાંમનો ગરેહ આવેછે. તે શુરજથી ૧ અબજ, ૮૧ કરોડ અને ૯૦ લાખ માઈલના તફાવત ઊપરછે, તથા ૮૫ વરશે તે શુરજની આસપાસ ફરી વલવાથી તાંહાં ૮૫ વરસે એક વરસ કેહેવાતુ હશે! હજુ ર બીજા નવા ગરેહોની શોધ ચાલુછે અને તે ઊપરથી આપણાં શુરજને લગતા બીજા કેટલા ગરેહો હશે તે કેહેવાઈ શકાતુ નથી.

આ સઘલી વીગતોમાં હમે ઓરંગો માંરતા નથી પણ તે ખરે ખરીછે. ગરેહોનો તફાવત ગણી કાહાડવા માટે તાંહાં જવાની કાંઈજ ગરજ નથી. વીદીઆના બલમા એટલો વધારો થએઓછે કે એ મ

ણતરીઓ ચોકસાઈથી થઈ શકીછે. નામીચાં માણ શોની મોટી દુરબીનોને તેમાં ઘણી મદદ કીધીછે. તે થી ઊપલી વીગતોં શીવાએ બીજો પુશકલ ખોલાશો થએઓછે. જે ગરેહો શુરજથી દુર જતા ગએઆ છે, તેઓમાં વધારે રોશનીઃ આપવા માંટે ખોદાતાલા એ. તેઓની આસપાસ ચાંનને ફરતા મેલીઆછે. આ પણી દુનીઆંને લગતો એકજ ચાંનછે, કેમકે ઊપલા ગરેહો સાથ સરખાવતાં દુનીઆંનુ નાંહાંનુ કદછે ત થાં તે શુરજની નજદીકછે, પણ બરેસપતીની આ સપાસ પાંચ અને સનીશચરની આસપાસ સાત ચાં નછે. તે શીવાએ એ છેલ્લા તથા બીજા દુરનાં ગરેહોની આસપાસ રોશનીની એક લાંબી કમાંન ખોદાતાલા એ બનાવીછે, જે કમાંનનાં તરણ ભાગછે અને તે દર એક કમાંન આસરે ૧૦ થી ૨૦ હજાર માઈલ પો હોલીછે સનીશચરના ગરેહમાં તેથી પુરતી રોશ ની પડેછે.

આ શું તલેસમાત ! માણસની તાકાત નથી કે એક ઘાસનુ તનખુ બનાવી શકે, પણ આતો આ પણથી નહી ગણાએ એટલી મોટી જગામાં આપણી દુનીઆં કરતાં હજારો ઘણા મોટા ગોલાઓને ખોદા તાલાએ બનાવીઆછે, અને તેઓને શુરજની આસ પાસ દોડતા કીધાછે તેઓને શુરજની ગરમી પોહોંચેછે, તથાં આપણી દુનીઆંની મીશાલે ખોદા તાલા તાંહાં સરખી રોશની આપેછે. એ ઊપરથી તે ખોદા કેટલો મોટો અને બલવાંન હશે તેનો વી ચાર કરતાં માણસ દેવાંનુ થઈ જશે.

---

## માતાઓને ચેતવણી—દુધમલ બાલકોને જોઈતું દુધ.

ઘણીવાર એવું બનેછે કે જારે બચાંની માતા નાંજુક હોએછે અથવા તેણીનાં બદનમા ખહીને લગ તાં દરદોની કસર હોએછે અથવા થાંનોમાં દુધ કમ તી પેદા થતું હાએનો તેનાંથી બચાંને ધવાડી સકાતુ ન હી. તે ઊપરથી તેને જુવાંન અને તંદરૂસત ધવાડનારી અથવા આઓઆ સોધી કાહાડવી ઘટેછે, પણ જો ધવા ડનારીબી મલી ન શકેતો પછી બચાંને હાથથી ઊછેર વાની નાચારીથી ફરજ થઈ પડેછે. તે વખતે આ પણી દેશી સ્ત્રીઓ કેટલાએક વગર સંભાલનાં ઊપા એઓ કરેછે અને તેથી બચાની તનદરોસતીને નુકસાં ન પોહોંચેછે. માંટે એવા દુધમલ બાલકોને ખોરાક આપતાં શું સંભાલ લેવો તેની થોડીક હકીકત હેઠ લ આપીએ છઈએ કેમકે માણસની તંદરૂસતીનો આધાર તેની બચગીથી જતન ઊપર ઘણોછે.

કુમલાં બાલકને તેની માતાના થાનમાના દુધને મલતો અને માફક આવે હેવો ખોરાક ગાએ, બકરી, મેંઢી અને ગધેડી એ જાંનવરો માથી મલી શકેછે અને એમાંથી ગાએ અને ગધેડીનું દુધ બીજા કરતાં વધારે વાપરવામા આવેછે. આં વ ખતે જણાવવું ઘટેછે કે શઘલા જાંનવરોના દુધમાં કુ મલાં બાલકોનું પોશણ કરી શકે હેવી પદારથોની જાત તો સરખીજ હોએછે પણ ફરક માતર એ પદારથોનાં જુદા જુદા વજનમા હોએછે. એ વાત ધીઆનમાં રાખવાથી આપણને બચાંની બરાબર જતન કરવા ને સમજ પડેછે. એ પદારથોમાં **૧ મલાંઈ છે જેથી** પોશણ અને ઊધરભાવ થાએછે. ૨ જું માખણ જે માથી ચરબી મલેછે. માંખણ ૩ જી ખાંડ સા થ જમાવ થઈ કારબોન અને હાઈડરોજન નામની બે હવા પેદા કરેછે તેમના શલગી ઊઠીઆથી બદનમા ગરમી પેદા થાએછે અને ૪ થુ નીમખ હાએછે જેમાથી હાડકાંમાં કુવંત આવેછે. એ જુદી જુદી પદારથોનો જથો જુદા જુદા જાંનવરોમાં નીચે મુજબ રેહેછે.

૧૦૦ ભાગ દુધમા,

| | મલાઈ. | માખણ. | ખાંડ, નીમખ. | પાણી. |
|---|---|---|---|---|
| ઓરતમાં. | ૨.૫૦ | ૫.૧૮ | ૬.૫૨ | ૮૫.૮૦ |
| ગધેડીમાં. | ૧.૮૨ | ૦.૧૧ | ૬.૪૨ | ૯૧.૬૫ |
| ગાએમાં. | ૪.૮૨ | ૩.૧૩ | ૫.૬૭ | ૮૭.૦૨ |
| મેંઢીમાં. | ૪.૫૦ | ૪.૨૦ | ૫.૬૮ | ૮૫.૬૨ |
| બકરીમાં. | ૪.૦૨ | ૩.૩૨ | ૫.૭૮ | ૮૬.૮૦ |

ઊપલા કોઠા ઊપરથી માંલમ પડેછે કે ઓરત ના થાનમાં અને મેંઢી તથા બકરીનાં થાંનોમાનું દુધ ઘણુકરી મલતુ આવેછે, પણ આ બંધે જાનવરો નાં દુધમાં મલાઈ વધારે હોએછે અને વલી બકરીના દુધનો ખરાબ વાશ નીકલેછે તેથી કરી એમનુ દુધ પચી.શકવું કઠણ પડેછે અને બચાંને પીવા ગમતુ ન થી. ગાએના દુધમાં પણ મલાઈનો ભાગ વધુછે પણ માંખણ એટલું બધુ નથી, તેથી જો પાંણી ભેલી પાતલુ

કીધુંતો બચાંના કાંમમા આવી શકેછે. ઓરતઅને ગધેડીના દુધમાં વધારે અતલગનો સબંધ મલતો આ વેછે તેથી કરી પેહલા થોડા માસોમા બચાંના હક માં એ જાનવરનુ દુધ વધારે ઊપીઓગી થઈ પડેછે.

ગધેડીનુ દુધ વાપરવામા સંભાલ એટલો રાખ વો ઘટેછે કે પેહલાં દસ દીવસ તો તેમા તેટલુ શરખે ભા ગે ઊકલતું પાંણી ભેલી આપવુ અને કાંઈ શાકર ના ખવી નહી. દસ દાહાડા પછી બે ભાગ દુધ અને એક ભાગ પાણી નાખવુ અને બે મહીના રહીને ચોખુ દુ ધજ આપવુ. એ દુધની ગરમી થાનમાથી નીકલ તાં દુધના જેટલી (૯૬ થી તે ૯૮ અંસ સુધીની) રા ખવાં માટે તેમાં ખખરતુ પાણી ઊમેરવુ. પણ જો પા ણી નાખવાની અગત નહી હોએતો દુધના પીઆલાંને ગરમ પાંણીમાં મુકી તે ગરમ કરવુ. ગરમીની રૂતમાં ગરમ કરવાથી દુધ બગડે નહી તેની સંભાલ રા ખવી અને જો બની શકેતો હર વેલા દુધ દોહીને તા જુ ગરમજ આપવું. પાતી વેલાજ તેને પાણી ભેલવુ જોઇએ. બની શકેતો બચાંને સારૂ ઘેરમાંજ ગધેડી પા લવી અને તેને સંભાલીને ચારો આપવો. તેમ કરવા ને અગવડ પડેતો ઘરના બારણા આગલ જાંનવર મંગાવી સવાર સાંજ તરત દોવરાવીને તાજુ દુધ પાવું.

ગાએનાં દુધમા વધારે મલાઈ આવવાનાં શબ બથી પેહલા દાહાડાઓમાં તે ઠીક પડતું નથી, પણ જો વાપરવાની જરૂર પડીતો પેહલા દસ દીવશ શુધી એક ભાગ દુધ અને બે ભાગ ગરમ પાણીમા જરા ખાં ડ નાખી આપવું. દસ દીવશ પછી ચાર પાંચ માશ શુધી પાંણી તથા દુધ શરખા વજનમા લેવુ. છટા મા શપછી ચોખવું દુધ પાવું. જેમ ગધેડીનુ દુધ પાતી વેલા સંભાલ રાખવી જોઈએછે તેમજ એ દુધની પણ સંભાલ રાખવી. મોટા ગેહરોમા ચોખું અને સારૂ દુ ધ મલવું મુશકેલ પડેછે. જાનવરો દરદી હોએછે અથ વા ગવલીઓ દુધમા પાણી, આટો, ચાક અને બીજી ખરાબ વશતુઓ ભેલેછે તેથી કરી બચાંના કુમલા મા દાને નુકસાન થાએછે અને એથી મોટા શેહરો જાંહાં છોકરાંઓ હાથે ઊધારવામાં આવેછે તાંહાં ઘણા બાલ કોનો પરાણઘાત થાએછે.

બકરી તથા મેંઢીના દુધમાં મલાઈનો હીશો જાસતી હોવાથી તે જો બચાંના કામમા આણીઊતો તેમાં ઘણુ પાણી તથા જરા ખાંડ ભેલવી જોઈએછે.

એ પરમાણે જાંહાંશુધી પેહલેથી બે તરણ દાંત ફુટે તાંહાંશુધી પેહલા અઠવાડીઆંમા અને તારપછી બચાંની પાચન શકતીના કુવત મુજબ વધતું ઓછુ પાંણી ભેલી દુધ આપવું જોઈએ. આ શાદા ખોરાક થી ઊછરેલાં બચાંઓ બીજા કાંઈપણ ખોરાકના કર તાં શારી તંદરૂસતી મેલવી આશુદાં થાએછે, પણ મા ઠા ભાએગે આપણ લોકનાં બચાંની માતાઓ ઊલટો જ વીચાર ધરાવેછે. તેઓ શમજેછે કે દુધ જેવા હલ કા ખોરાકથી શું થાએ, એમ વીચાર કરી બચાંને કાંજી, બીશકોટ અને ખીર ખવાડેછે. આ વસતુઓ વધારે સંધીન હોવાથી માદા ઊપર વજન પડેછે, બા દી થાએછે અને પેટ આફરી આવી ચુકો પેદા થાએ છે. પછી તેને જોલાબ આવેછે અને ડાકટરના હાથમા પડવું પડેછે પણ એ શઘલી પીડા તેની ઊમર અને કોઠાને લગતો ખોરાક આપેતો ભોગવવી પડતી નથી.

## એક અબલાની ફરીઆદ.

વાંચનારી બાનુઓ,

શુખ કે દુખ આ દુનીઆમાં આપણને લખીતો આપેલુછે. જેઆરે મીઠાસની સાથે ખટાસ પણ ભેલાએ તા રે આપણને વધારે સમજ પડેછે તથા વધારે સવાદ ઊ પજેછે. માટે કદાચ તમો વીચારતાં હશો કે આપણે જે મ શુખો ખમીએ તેમજ દુખોબી વેઠવાં જોઈએ. પ ણ મારામાં એટલી શકતી નથી, માંટે પરથમ તમારી સાંમે માફ માગુ છંઊ અને પછે મારા દુખનું થોડુએક દાસતાંન આપું છઊ તે ધેઆન ધરી સાંભલજો. બેહે નો શુખ અને દુખ સઊ આ દુનીઆમાંછે એ ખરી વાતછે, પણ એખલાં દુખમાં સદાકાલ સુધી દાહાડા કા હાડવા મને અતીશએ બીકટ લાગેછે. જેમ એક દ રીએ ગએલો મુસાફર સઘલો જનમારો દરીઆમાં કા હાડેતો તેને કરાર મલતો નથી, તેમજ હું મારી આ ખી જીંદગી દુખમાં ગુજારૂ અને શુખનાં સમુદરનું એ ક ટીપુબી મારે ભાગે નહી આવે એવું જારે જોઊં છ ઊ તારે ખોદા સામુ ફરીઆદ ઊઠાવાની મને ફરજ પ ડેછે.

હું બાવીસ વરસની જવાંન અને જોબનવાલી નારી છઊં. લોકો મારે વીશે સારૂ મત ધરાવેછે અ

ને કેહેછે કે હું દેખાવમાં શુંદર છઊં, પણ તેની સા થે ચોકસ કેલવણીનો પણ મને લાભ મલીઓછે. એ ને મારે હું કાંઈ મગરૂર નથી. પણ જારે ખરો હેવાલ જણાવવા બેઠી, તારે આ વાતબી મને જણાવવા વી નાં ચાલતી નથી કે વાંચવા લખવાનાં શોખથી મારી બચગીથી મેં મારા ગનેઆનમાં સારો સુધારો કી ધોછે. તોબી હું એવું ચાહું છઊં કે મારી ખુબશુરતી ઊપર બટ પડે અને મારી જીંદગીની આખર આવે. કાંકે જારે ખોદાતાલાની એ બખશેસ સાથે બીજી બખ શેસ, જે શંસારનાં શુખમાં કેહવાએછે. તે નહી મલે તારે આ જીંદગી શું કાંમની અને આ દેખાવનાં દમરની શું જરૂરછે ? મારૂં નામ પુતરીબાઈ કરીનેછે, પણ ખ રેખર જોતાં હું કુતરીનાં અવતારની થઈ પડી છઊં.

બેહેનો, મને પરણીઆને આજે ચઊદ વરસ થએઆંછે. તે વખતે મારી ઊમર માતર આઠ વર સની હતી, અને તમો વીચાર કરો કે તે વખતે જે બ નીઊં તેની હું સમજ કેમ ધરાવી શકું? મારાં લગ ણ હું ખાવા પીવામાં સમજતી હતી, અને ઊપલે દી ને મારાં મા બાપે કેટ ઊપર માંદવ નાંખીને જે મોટી ધુમધાંમ કીધી હતી તે મને હજુર ઈ આદછે. જારે તે દીવસે હું કેવી ખુશી અને શંતોશી હતી, પણ આજે હું કેવી દુખી અને દલીદ રી અવસ્થામાં છઊં ! તે વખતે મને જરાપણ ખબ ર નહી હતી કે તે દીવસથી હું ગોલાંમડી દાખલ થે ચાઈ હતી. મારાં મા બાપે મારા સસરા પાસેથી ચો કસ ઘરેણું માંગી લીધું હતું, અને તેના બદલામાં પો તાની દીકરી આપી હતી. તે વખતે તેઓએ મારા સ સરાની દોલત તરફ વધારે જોએઊ હતું, અને તેઓનો એટલોજ વીચાર હતો કે એ પઈસાથી હું સદા સુખી થવશે.

મારા મા બાપે મારાં વર તરફ નજર કીધી ન હી. તે લગણને વખતે ૧૧ વરસની ઊમરનો હતો અને હાલ તેની વએ ૨૬ વરસનીછે, પણ તેનામાં ૨૬ બદાંમની અકલ હોએ એવું બેહેનો તમો વીચારતાં ના. બાપનો એકપુરો અને મા વગરનો દીકરો હોવાથી તે ઘણો લાડમાં ઊછરીઓ હતો. બચગીથી તે લોકો ને ગાલ દેતો હતો તારે તેનો બાપ ખુશી થઈ હસતો હતો. બાપેજ તેને સલાંમતીઓ લેવાડતાં શીખવી હતી તથા બાપેજ તેને એસકી ગાડીઓ હાંકવાનો શો ખ પાડીઓ હતો, પણ તેની કેલવણી ઊપર તેવું ધેઆં ન આપીઊં નહી હતું. તેનું પરીનામ એ નીપજીઊં છે કે હાલબી ઘોલીનો હીસાબ તેને બરોબર કરતાં આ વડતો નથી. તે કાંઈ ચાકરીએ જતો નથી અથવા ક માઈ કરતો નથી.

હાલ હું એક મા બાપ વગરની દીકરી છઊં અને તેમજ મારો વર પણછે. હમારાં લગણ થવા બા દ મારા સસરાએ માતર ૧૮ વરસની એક સ્ત્રી સાથે નાતરૂં કીધું હતું. તે નાતરાં પછે થોડએક મહીને તે મરણ પાંમીઓ હતો. મરણને વખતે તેની હાલત ઘ ણી સારી નહી હતી. તેના પઈસા વેપારમાં ખોટ આ વવાથી ઊદી ગએઆ હતા, અને તગુમગુ કાંમ ચાલે એટલીજ પુંજી તેના હાથમાં હતી, તેવી હાલતમાં હમોને મેલીને તે મરણ પાંમીઓ હતો. મતરાઈ સા સુ ઘર મધે પોતાના એક બાલક સાથે રહેલીછે અને પોતાની સાથે મને અને મારા વરને રાખીઆંછે.

આ વાતનીતો તમો ખાતરી રાખજો કે જારથી મારાં લગણ થએઆં તારથી તે આજે જારે હું તરણ છોકરાંની મા થઈ છઊં તાંહાંસુધી મારા ઊપર દુખના ઢગનો ઢગ વલીઓછે. મારા સસરાએ અને વ રે ઘણોખરો વખત વાડીઓમાં અને ફરવા હરવામાં કાહાડીઓ હતો. તેઓ રાતનાં પોતાનાં ઘર મધે સુવા આવતા હતા તેજ. ઘરમાં સું બનતું હતું તેની તેઓને ખબર નહી હતી, પણ ઘરમાં એટલુંજ બનતું હતું કે એક જવાંન જાલમગાર સાસુ પોતાને મારી સરદાર સ મજતી હતી અને પોતા કરતાં માતર જુજ વરસ નાં હાંની વહુ ઊપર સરવે પરકારની કાંહાંની પાડવામાં બાકી રાખતી નહી હતી.

મારા સસરાનાં મરણ પછેતો મારા ઊપ ર ગોએઆ ગજબ ગુજરીઓછે. મારા ભરથારને માંટે તો હું જેટલું થોડું બોલશ તેટલું ભલું. તે કાં ઈજ નહી પણ બાવરો અને બેખડ થઈ ગએઓ છે. તે પોતાની સાવકી માનાં આધાર ઊપર રહેઓ છે, અને તે તેને ટુકરો રોટલી ખવાડેછે. તેમાં તેણીને શએદોછે અને તે એછે કે મારી પાસે તે દરએક પાં તીની ચાકરી કરાવેછે. રાંધવામાં હું, વાસણ કુંસણ માં હું, ચોક ચાંદણમાં હું, હાંડા ઘસડવામાં હું, અને છેલે ગાલ ખાવામાં તથા ઠપકા સાંભલવામાં પણ હું જ છઊં અને બીજું કાંઈ નથી. એનો સઘલો ઠપ

કી મારા ભરથારને ઘટેછે. અગરજો કોઈનેબી દએઆ હોએતો પેહેલાં તેનામાં હોવી જોઈએ, અને જો એનામાં જરા દએઆ હોએતો જે જુલમ હું ઘરમાં સોસું છઊં તે ભોગવવો પડે નહી.

પણ તેતો ઊલટી ચાલ ચલાવેછે. બઈરી શું અને છોકરાં શું તેની તેને પરવા નથી. ઘરબારનો તેને વીચાર નથી. મોજ મજાહાની તેને ધાસતી નથી. તે કરજ કરેછે, પછે સારીપઠે કપડાં ખરીદેછે, પોમેટમ અને લાકડી અથવા ડગલા અને રોગાંણુનાં બુટ ઊપર મારો ચલાવેછે. ખરેઘાટ થઈને તે બાહેર જાએછે, અને કોઈવાર લીલાંઊખાંનાંમાં અથવા કોઈ વારઃ બાહેરકોટની ગલી ગુંચીએ ફરવામાં વખત કાહાડેછે. રાતને વખતે ઘરમાં આવેછે, અને જારે આવેછે તારે બુમ બરાડા તથા ધમકીઓ આપવાની પોતાની ફરજ સમજેછે. તે જાંણેછે કે માને તાંહાં તેને ચાટવાનું મલેછે માંટે માના ગોલાંમની પેઠે રહેલોછે. સાવકી મા જેમ સમજાવેછે તેમ સમજેછે, અને મને લોંખડી ગોલાંમ દાખલ ગણેછે.

બેહેનો હું લંબાંણ કરતી નથી. એટલુજ કહું છઊં કે મને ભુખે ખાવાનો અથવા ઊંઘે ઊંઘાવાનો કરાર નથી. જો રાંધણીમાં ઘોંઘાંઊં છઊંતો છોકરાં રડેછે, અથવા જોલીમાંથી નીકલી પડેછે. જો ઓરડામાં બેસુ છઊં તો ચુલા ઊપરનુ બલી જાએછે. જો જરા તલેથી ખોરાક લાલ થાએછે તો સાસુની ગાલ સાંભલતાં મારી છાતી ફાટી જાએછે, એટલુંજ નહી પણ વરનો ગુસો સાંખવો પડેછે. તેમ કરતાં જો મેં સાસુને બે સુખન કહેઆ હોએતો રાતનાં તે દીકરા આગલ એકમાં દસ વાત હુમેરીને કેહેછે, અને પછે મારા ઊપર એવો ગધાઈ માર પડેછે કે મારી બુમથી આસપાસનાં લોકો દોડી આવેછે. અરે ખોદા ! તેની લાત અને મુકીઓ મને જબર વાગેછે, પણ મને છોડવનારૂં કોઈ નથી.

મારાં બચાં આજારીને આજારી ચાલીઆં કરેછે. હું એખલી તેઓનો સંભાલ કેમ લઈ શકુ ? જારે હું રાંધણીમાં રોકાઊ છઊં તારે તેઓ આખો વખત તવલીઆ કરેછે, અને કોઈજવાર સાસુ તેમને પટાવા જાએછે. તેઓ સરદીમાં ભીંગાએછે, તે તથા બીજા કારણોથી કોઈવાર તેઓ આખી રાત રડેછે. દીસની થાકથી જારે હું ભર ઊંઘમાં હોઊં છઊં તારે તેઓની બુમને મારાથી ધેઆન અપાતું નથી તેથી તેઓ તવલીઆ કરેછે, અને જારે ચીચારી પાડેછે તારે મને ભડકીને ઊઠવું પડેછે. એ રીતે મારી ઊંઘ અને આસાએસમાં વારેવાર અડચણ પડેછે અને તેથી મારી તંદરોસતીમાં પણ બીગાડ થાએછે. અરે ખોદા ! મેં એવો શું ગુનાહા કીધો કે મને આ સદાકાલના જુલમમાં નાખીછે. મારૂં મોહોત મોકલ ! ઓ ખોદા ! કે મારો છુટકારો થાએ.

વાંચનારી બાંનુઓ આ સઘલો જુલમ હું કોણને લીધે ખમું છઊં ? તમો વીચાર કરશોતો જણાશે કે મારાં પોતાનાં મા બાપ મારાં એ દુખનું કારણછે. તેઓએ ઊતાવલ કરીને મને નહી ઘટે એવા ધણી સાથ પરણાવી દીધી અને નાંદાંન ઊમરમાંથી હમોને શંસારમાં નાંખીઆં તેનું આ પરીનામછે, પણ અગરજો તેઓએ તેમ નહી કીધું હતે અને લગણના ખરચના નાણા મારી વધારે કેલવણી ઊપર રોકીઆં હતેતો, મને મારી લાએકી તથા હોશીઆરીને બરનો ભરથાર મલતે અને તે મને આવા જુલમમાં નાખી મેલતે નહી, પણ મારા ભોગ ! કે મારાં મા બાપને તેવું કાંઇ સુજીઊં નહી. અફશોસ કે લગણને બાંહાંને તેઓએ કીધેલો ખરચ ફેકટ ગએઓ, અને હું આજે આ રીતે બુમ મારતી પડી છઊં. મારી જુવાંની અને જોબનની ખુવારી થઈછે, મારી આશાઓનો નાસ થઈ ગએઓ છે, આ દુનીઆંમાં હું જુલમગારને આસરે પડીછઊં, આ સંસારથી હું કંટાલીછઊં, અને જાંહાં સુધી મોહોત નહી આવે તાંહાં સુધી એમાંથી છુટશ નહી એવું જારે વીચારૂં છઊં તારે મને મોટો બલાપો થાએછે.

## અજાએબ જેવાં માંણસો.

કુદરતે કેટલાંએક માંણસોને અજાએબ જેવી હાલતમાં જનમ આપીઓછે. સાધારણ કદ અને દેખાવને બદલે તેઓને સરેસતા કરતાં ઊલટાંજ કદનાં બનાવીઆંછે, અને તેથી કરીને તેઓથી દુનીઆંનાં લોકો હેરત પાંમેછે. એવી કીસમનાં અજાએબ જેવાં માંણસોમાં ડાંનીએલ લાંમબરટ અને ઓલડ બુટલ નામનાં શખસો થઈ ગએઆછે. આ બે રમુજી શખસોના ચીતાર પાસેનાં સફા મધે જોવામાં આવશે.



અજએબ જેવાં માંણસો.

ડાંનીએલ લાંમબરટ. મોલડપુરી.

વાંચનારે ઘણામાં ઘણું જાડું સરીર કેટલું જોઈઊં છે ? ડાંનીએલ લાંગબરટ જેનો એક ચીતાર પાસે છે, તે દુનીઆમાં સઊથી જાડો અને દોંગો માંણસ થઈ ગએઓછે, એટલુંજ નહી પણ તેનાં સરીરનાં કદ સાથ બલ, તનદરોસતી અને હુંધરભાવ પણ વખણાએછે અને તેનો હેવાલ ઘણો રમુજીછે. આ શખસ સને ૧૭૭૦ માં લીસેસટર ખાતે જનમીઓ હતો. તેનાં જાડાં કદ ઊપરથી વાંચનારે એમ નહી વીચારવું કે તેનાં માબાપ પણ એટલાં દોંગાં હશે. તેઓ ઘણાં પાતલા કદનાં હતાં, અને તેજ પરમાંણે ડાંનીએલનો એક ભાઈ અને બે બેહેન પણ સાધારણ કદનાં હતાં.

ડાંનીએલ લાંમબરટ કાંઈ જનમથી આવો જાડો નહી હતો. તે જેમ ઊંમરે વધતો ગએઓ તેમ વજને અને સરીરે પણ વધીઓ હતો. બચપણથી ડાંનીએલને કસરત અને શેકારનો શોખ હતો. તે મરઘા લડાવવામાં મોટી મોજ સમજતો હતો અને ૧૪ વરસની ઊમર સુધીનો ઘણોએક વખત તેણે રમતમાં ગુજારીઓ હતો.

તે પછે તેના બાપે તેને ધંધામાં નાખીઓ હતો. જે પેહેલો ધંધો શીખવાને ડાંનીએલ ગએઓ હતો તે પડોશના શેહેરમાં નકસી કોતરવા તથા બટન બનાવવા સંબંધી હતો, પણ બે તરણ વરસમાં ગાંમમાં લડાઈ ઊઠી હતી અને ડાંનીએલના શેઠનું કારખાંનું બંધ પડી ગએઊં. લોકોએ પોતાના પોશાકમાં બટનને બદલે બકલો પેહેરવા માંડીઆં, જેથી ઘણાએક બટન બનાવનારાઓ ધંધાને ગુમાવી બેઠા અને ડાંનીએલના પણ તેવાજ હાલ થએઆ.

હાંઆંથી તે પોતાના શેહેરમાં પાછો પોતાના બાપની પાસે ગએઓ, જે ઘણી એ વખતે બંદીખાંનાના રખેવાલનો ધંધો કરતો હતો. ડાંનીએલ પોતાની ગરીબાઈ છતાં ઊધરભાવ ઘણો સારો લેતો હતો. ૧૯ વરસની ઊમરમાંથી તે એટલોતો જોરાવર થએઓ હતો કે ૨૦ મંણના બોજા ખાંધ ઊપર ઊડાવીને ચાલી જવાની તેને તબે પડી હતી. એજ વખતે તેને લાગું હતું કે "મારો વજન ઘણો ભારી થશે" પણ એ અથવા પોતાના કઊવત વીશે તેણે વીચાર અથવા સંભાલ રાખીઓ નહી હતો. તેને બંદીખાનામાં તેના બાપની જગા મલવાને એક વરસ પછે ડાંનીએલનું કદ ઘણું વધી પડીઊં. આટલું છતાં પણ તે વખતે ડાંનીએલ કોઈબી ચીજને લાત મારીને સાત ફીટ ઊંચી ઊરાડી શકતો હતો. ડાંનીએલ જારે ૨૩ વરસની વએમાં આવીઓ તારે તેના સરીરનું વજણ ૪૪૮ રતલનું થએઊં હતું. આ વખતે તેને હોધાના કારણસર એક ગાંમથી બીજે ગાંમ મુસાફરી કરવાની જરૂર પડી હતી; પણ તાંહાં ગાડીમાં બેસી જવાને બદલે ડાંનીએલ પગે ચાલી ગએઓ હતો, અને તેથી તેના સાથીઓ થાકા પણ તે થાકો નહી હતો.

જે શેહેરમાં ડાંનીએલ રેહેતો હતો તે નદીને કીનારે હોવાથી, આ જાડા શખસે તરવાનો હોનર સારી રીતે શીખી લીધો હતો. પછવાડેથી તે તેમાં એટલોતો હોશીઆર થએઓ હતો કે તે પોતાની પીઠ ઊપર બે માંણસને બેસાડીને તરી શકતો હતો. ગાંમના છોકરાઓ તરવાની કસરત શીખવા માટે તેની પાસે આવતા હતા, અને જે છોકરાઓ પાણીમાં જતાં બીહીતા હતા તેઓની બીહીક ભાંજવાને તે એક તાલ કરતો હતો. શીખનારે કીનારા ઊપર કપડાં કાહાડીઆ પછે, ડાંનીએલ તેને તુરત પાછો લાવવાની કબુલાત આપીને નદીની અધવચમાંથી થઈને પેલીપાર લઈ જતો હતો, તાંહાંથી તે છોકરાને મુકી દેતો હતો અને તેથી કરીને, તરનાર છોકરાને કપડાંને ખાતર પાછો નદીમાં પડવાની ફરજ પડતી હતી.

ડાંનીએલ સવભાવનો ઘણો નરમ હતો. તેનાં બાપ મુવા પછે તે બંદીખાનામા સારી ચાલ ચલાવા લાગો અને તેથી ઘણેએક વરસે તેને કોટવાલે વરસે દાહાડે ૫૦૦ રૂપીઆનો બેઠો મુસારો બાંધી આપીઓ હતો. આં વખતે તેનાં સરીરનું કદ એટલુંતો વધી પડીઊં હતું કે લોકો તેને જોવા આવવા લાગાં. એ કાંમ ડાંનીએલને નાંપસંદ હતું, તોપણ લોકોની બોહોસને લીધે લંડન જઈ જાહેરમાં દેખાવાનું તેણે કબુલ કીધું. પણ લંડન જવા માંટે તેનાંથી બેસાએ એવી ગાડી નહી મલવાને લીધે ડાંનીએલને માંટે એક જુદી ગાડી બનાવવી પડી હતી ! લંડનમાં તેણે એક મોટું ઘર ભાડે લીધું હતું, અને લોકોને જોવા આવવા માંટે ચોકસ વખત ઠરાવીઓ હતો. તેટલા વખતમાં દરએક વરગનાં લોકો, મરદો અને ઓરતો તેને જોવા આવતાં હતાં, અને દરરોજ ઠરાવેલા વખત પછે તેનાં ઓરડાનું બારણું બંધ થતું હ

તું. તેને જોવા આવનારાઓમાં પરદેશનાં ઘણાએક રેહવાસીઓ હતા. તેમાં એક પરખેઆત વેંહેંતીઊં પણ જોવા આવીઊં હતું, જેને એકવાર તેની બાએડીએ અલરાઈ ઊપર સંતાડીઊં હતું. એ વેંહેંતીઆં અને ડાંનીએલને સાથે જોઈને લોકોમાં ખહુ મોજ પેદા થાઈ હતી. લંડનમાં પાંચ મહીનાં રેહવા બાદ તે પાછો પોતાને ગાંમ ગએઓ હતો, જાંહાંથી મુસાફરીઓ કરીને તેણે લોકોનો શોખ પુરો પાડીઓ હતો. તેને જોવા આવનારા લોકો પાસેથી તે દર માણસ દીઠ અરધો રૂપીઓ લેતો હતો અને તેથી તેને ઘણી સારી કમાંની થઈ હતી.

ડાંનીએલ લાંમબરટ આસરે ૪૦ વરસની ઊંમરે પુગા પછે અચબુચો મરણ પાંમીઓ હતો. મોહોતની એક દીવસ આગમચ તે મુસાફરી કરીને એક નવાં શેહેર મધે આવીઓ હતો, અને તે વીશેની લોકોને ખબર આપવા માંટે એક છાપખાંના વાલાને તેણે પોતાને ઘર બોલાવીઓ હતો. છાપનારને તેણે "પેગાંમબર" નુ નાંમ આપીઊં હતું અને જણાવીઊં હતું કે "પાહાડ (ઈઆને પોતે) પેગંમબર પાસે આવતો નથી, માંટે પેગાંમબરે પાહાડ પાસે આવવું." એટલું કેહેવાડી ડાંનીએલ આસાએસને માંટે બીછાંનાં ઊપર સુતો હતો, પણ તેજ જગોએ તે ઠંડો થઈ ગએઓ.

ડાંનીએલ મોહોતને વખતે વજણમાં ૭૩૯ રતલ હતો. તેનાં સરીરનો ઘેરાવો ૩ વાર અને ૪ ઈંચનો હતો, તથા એકેક પગ ૧ વાર અને ૧ ઈંચના ઘેરાવાનો હતો. તેનો એક ડગલો બનાવતાં ૨૦૦ રૂપીઆનો ખરચ થતો હતો. તે પોતાના વજણને લીધે કંટાલી ગએઓ હવો. દાદર ઊપર ચહડવાની તેનામાં શકતી નહી હોવાથી તે સદા નીંચેતલીએ રેહતો હતો. તેને દાટવાની આગમચ જે લાસની પેટીમાં તેને નાંખીઓ હતો, તે પેટી સાડા ૬ ફીટ લાંબી, ૪ ફીટ પોહોલી અને ૨ ફીટ જાડી હતી. તેની લાસ ઓરડાનાં બારણાં મધે નહી સમાવાથી દેવાલ માંજીને લાસને કાહાડવી પડી હતી, અને લાસની પેટી ઊંચકી નહી શકાવાથી તેને કપીએ કરીને હેઠલ ઊતારવી પડી હતી. તેની ઘોડમાં તેને ઊતારવા માંટે પણ એક ઢોલાવ બનાવવો પડીઓ હતો.

બીજું જે ચીતર પાસેના સફામાં આપીઊંછે તે "ઓલડ બુટસ" નુંછે. એ શખસ માતર પોતાની બદસુરત શીકલને માંટે જાણીતો થઈ ગએઓછે. તેનું ખરૂં નામ કાંઈ "ઓલડ બુટસ" નહી હતું. તે જુના બુટ સાફ કરવાનો ધંધો ચલાવતો હતો અને તે ઊપરથી તેને લોકો "ઓલડ બુટસ" ઈઆને "જુના બુટ" એ નામથી બોલાવતાં હતાં. તેનો જનમ આસરે ૧૬૯૧ માં ઈંગલંડ મધે થએઓ હતો અને આસરે ૭૦ વરસની ઊંમરે તે મરણ પાંમીઓ હતો. શુંદર વાંચનારી જાંણેછે કે નાંખ માણસના ચેહેરાની ખુબસુરતીને શોભા આપેછે, પણ "ઓલડ બુટસ" નું નાંખ અને દાહાડી અતીઘણી બાહેર નીકલી આવીઆથી તે સાથે મલી જવાને લીધે તેનો ચેહેરો બેસીકલ દીસતો હતો. એ રીતે નાંખ અને ટુંડીની હદથી જીઆદે લંબાઈને લીધે લોકોને બહુ રમુજ થતી હતી. તેનામાં એવી શકતી હતી કે જેથી નાંખને તે ચાહે એટલું લાંબું તથા ટુકું કરી શકતો હતો. એ નાંખ અને દાહાડી તેને ચીમટાની મીશાલે કાંમ લાગતી હતી. "ઓલડ બુટસ" ને લોકો પઈસા આપતા હતા, અને જારે તેને આ શખસ પોતાના નાંખ વચે ધરતો હતો તાર પછે તે પઈસા તેના થતા હતા.

## ઓરતોની શરમ.

બેહેનો, શરમ કેવાં કાંમમાં હોએ ? તમોજ શીખામણ દેવોછો કે ચોરી, લુછાઈ ઈઆ પાપ કરવામાં સરમ રાખવી જોઈએ. પણ કેટલીએકવાર સારાં અને પસંદ કરવા જોગ કાંમોમાં જો તમો શરમ રાખતાં હોવોતો તે કેવું ખોટુંછે ? તારીખ ૧ લી એ દીને મેદાંનમાં મોટો તમાશો થએઓ હતો. સરવે નીશાલે મધે સીખનારા છોકરા તથા છોકરીઓને તાંહાં ભેગાં કરી જમાડવામાં આવીઆં હતાં, અને રાતને વખતે મોટી રોશની તથા આતસબાજી થઈ હતી. એ તમાશાને વખતે સરવે ગનેઆતનાં લોકોની મોટી ભીડ થઈ હતી. તેમાં અંગરેજો પોતાને ઘરની ઓરતોને લઈને આવીઆ હતા, અને દેશી સ્ત્રીઓ માંટે તાંહાં જુદી બેઠકો રાખી હતી, પણ આપણી ઘણી બાંનુઓ તાંહાં આવતાં શરમાઈ હતી.

એ વખતે કેટલીએક દાહી સ્ત્રીઓ પોતાનાં

ભરથાર અને સગાં વાહાલાંની સાથે ટીકીટ મંગાવી
ને હાજરે થઈ હતી અને ઈંગરેજ સ્ત્રીઓની મીશાલે
આખી મીજલશમાં સઘલું ફરીને તેઓએ જોઈઊં
હતું, પણ એ શીઆંની બાંનુંઓની શંખીઆ ઘ
ણી નાંહાંની હતી. પારસીઓનાં હજારો બઈરાંમાંથી
આસરે પચીસ બઈરાંઓ તાંહાં ભેગાં થએઆં હતાં.
તેઓ સીવાએ થોડાંએક બઈરાંઓ પોત પોતાની ગા
ડીઓમાં ફરવા નીકલીઆં હતાં, અને ઘણાંઓને બા
હેર આવતાં શરમ લાગી હતી.


કેટલીક બાંનુઓએ આવા તમાસામાં જવાને ખા
મુખા ના પાડીઊં હશે, પણ તેમ શા માંટે કરવું જોઈ
એ? એવી બાંનુઓમાંની કેટલીએક કદાચ એમ વાં
ધો લાવતી હશે કે ઓરત જાતે મરદની મીજલશમાં
જવું નહી જોઈએ. પણ કાંએ નહી? એ સવાલનો
કોઈ વાંચનારી બાઈથી જવાબ અપાશે નહી. ઓ
રતે શું ગુનાહ કીધો કે જેમ મરદ ફરે હરે, આવજા
વં કરે, તેમ સ્ત્રીથી નહી થાએ? દેખાડો કે ખોદાતાલા
એ મરદ અને ઓરતમાં કીઓ ફરક રાખીઓછે? મ
રદને હાથ, પગ અને ઈંદરીછે, ઓરતને પણ તેમજ
છે. મરદ ખાએછે, પીએછે, સમજેછે, અને વીચાર ક
રેછે, ઓરત પણ તેમ કરી શકેછે. તારે મરદ બાહે
ર જાએ અને ખોદાતાલાએ કરેલી બખશેશોનો લાભ
લીએ, પણ સ્ત્રી તેમ નહી કરે તેનું કારણ શું? આ
જેતાં જો મરદ અખલ પેટાની મીશાલે જગેજગ ફ
રતા હોએતો, તેની સાથે જવાનો તેની ઓરતે દાવો
કરવો જોઈએ, કાંએકે મરદનાં સરખા લાભ મેલવવા
નો તેનો હકછે. પણ આપણી સ્ત્રીઓ તે હક માંગ
વાને બદલે, ઘણીવાર જારે તેમનાં કેટલાએક મરદો તે
ઓને બાહેર લઈ જવા માંગેછે તારે સાફ નાં પાડેછે.

વાંચનારી બાંનુંઓ એ કેવી હસવા સરખી વા
તછે! ખરી બીનાં એટલીજછે કે આપણી બાંનુંઓ
બાહેર જવા આવવાંને માતર શરમાએછે, અને તે શ
રમને લીધે તેઓ ખોટાં બાંહાંનાં કાહાડેછે. તેઓને
ઈંગરેજ સ્ત્રીની મીશાલે ઘટતી જગોએ હાજરી આ
પવાની ટેવ પડી નથી, અને એક નવી ટેવ પાડતાં
ઘણો વીલમ લાગેછે. તેમ આપણી બેહનીઓ અખ
લી શરમને લીધે એ રીતે છીટ રાખેછે, પણ એ શર
મ શું વાજબીછે? નહી. એથીતો ઊલટો તેવી સ્ત્રી
ઓને ગેરફાએદો થાએછે. દુનીઆંમાં શું બનેછે અ
ને શું શું જોવાનુંછે તેથી તેઓ અગનેઆંન રેહેછે.
ઊપલા તમાસાનોજ દાખલો લેવો. તે તમાસો સાંનો
હતો અને તાંહાં શું થએઊં હતું તે આપણી બાંનું
ઓમાંની થોડી જાંણતી હશે. તેઓને એવી નહી
ખબર હશે કે રાંણીનાં વડા પુતરનાં લગણની ખુશાલી
માં ઊપલો તમાસો થએઓ હતો. તેઓ એમજ કેહ
શે કે "મુવા લંકાં લગારીઆં, ને છોકરાં જમારીઆં,
ને સરકારે સેંહેંકડો માંણસોને દુખનો દીધું. માએ
કોણ કોણના જીવ ગીઆ તેની દરકાર કોઈ કરે
ચ?" કોઈ વલી એટલી અગનેઆંન નહી હોએ અ
ને તે કેહ તેમ "રસતા ગપતાર" માં તેનાં નાંહાંનાં
બાપુએ વાંચી સંભલાવીઊં હોએતો કદાચ તે વલી થો
ડી ઘણી ખરી બીનાં જાંણતી હોએ, પણ તોબી તે
બેવકુફીનો દેખાડવાની. "હા, હા, લઈટ કરો, જાવો,
ને લોકો ભુખે મરેચ, ને લાકડાં આઠ આઠ રૂપીએ ખાં
ડી થએઆં તેને બદલે વીસ રૂપીઆ કરો. વરી એ
ક વખત લઈટ કરીને સુખ દેખીઊ નો. ફીરફર આ
વ" આવું બોલનારીઓ જો મરદોની ઊપલી સરખી
સારી મીજલસોમાં ભેગી થાએતો તેઓને ઘણો ખો
લાસો મલે. તેઓ જાંણે કે આ મોઘવારી જે છે તે
સરકારથી થઈ નથી, પણ રઈએત તે ઊપરથી દોલત
મંદ થએલી દેખાએછે.

બેહુનો મરદો સાથ બાહેર જવાની અથવા એ
વી એવી બીજી બાબદોમાં શરમ રાખવાથી કાંઈ વ
લતું નથી. ખરી શરમ હલકી કીસમનાં ચાકરો સા
થે મજાખ મશખરી કરવામાંછે. રસતા ઊપર ચાલ
તી વખતે લેહેકો કરવામાં અને એકેક મીનીટે એકેક
પગલું ભરવામાં ખરી શરમછે. નાંખમાં નથ ખો
સીને અને મોટી મોટી ઘુંગરી બાંધીને બચાંની મી
શાલ અવાજ કરવામાં ખરી શરમછે. કજીઓ કરવા
તથા ગાલ દેવામાં ખરી શરમછે. બાકી આબરૂ તથા
મંલાહાજાથી બાહેર જતી વખતે શરમ રાખવી નહી
જોઈએ. તેજ પરમાંણે રસતા ઊપર ખોલે ઓહોડે
ચાલીએ અને ગાડીમાં બેસતી વખતે શરમાઈને બાં
રણાં બંધ કરવાં નહી જોઈએ. ઘરમાં બેગલાહાજે
બેસવા કરતાં ઓટલા ઊપરથી કોઈને જોઈને નાહા
સી જવાની શરમ રાખવી નહી જોઈએ. અનજાંનુ
આદમી કાંઈ ખોલાસો પુછેતો તેને જવાબ આપતાં
સરમાવું નહી જોઈએ. એ બધી ખોટી શરમોછે. માં

રે તેને દુર કરીને જે સમજુ સ્ત્રીઓ ઊપલા તમાસાને વખતે હાજર થઈ હતી તેઓને હુમો સાબાસી આપીએ છઈએ. બીજી બેહનોએ તેઓની મીશાલે ખોટી શરમને છોડી દેવી જોઈએછે, નહીતો કે તેઓ પોતાનાંજ હકમાં નુકસાંન કરશે.

## માંછલી અને તેની થોડીએક વાત.



માંછલીને કોણે નથી જોઈ ? તે માંણસનાં ખાવાનાં કાંમમાં આવેછે અને આપણી સ્ત્રીઓ તેમાં સારા સગણ સમજેછે. એ બધો તેઓનો વેહમછે પણ તેઓ એ પરાંણીઓ તરફનાં પોતાનાં એ વેહમમા જેવાં ચકચુરછે તેવાં તેને લગતુ ગનેઆંન મેલવવામાં ઈનતેજાર હોએતો કેવું સારૂં ! માંછલી ખોદાતાલાની પેદાએસનો એક મોટો ભાગ રોકેછે, અને તેઓની બનાવટમાં કુદરતની અછી કારીગરીછે.

માંછલીઓ સદા પાંણીમાં વસેછે, પણ માંણસ જો પાંણીને તલીએ જાએતો તેનાંથી દમ લેવાએ નહી અને મરી જાએછે. માંછલીમાં તેમ નથી. ખોદાતાલાએ તેની ચુંઈ એવી રીતે બનાવીછે કે તેથી તે મધે ફરતું લોહી પાંણીમાં જે થોડી થોડી હવા હોએછે તેની સાથ મલતાંવાર એક રસાએણ સંજોગનો બનાવ બનેછે. માછલીમાં દમ લેવાનાં ફેફસાં આવતાં નથી. તેનું લોહી ઠંડું હોએછે અને તે આખાં શરીરમાં ફરી વલેછે. માછલીનાં હાડકાં ઘણું કરીને નરમ હોએછે. પાંણીમાં દોડતી વખતે તેની પુછડી હલેસાંની મીશાલે કાંમ લાગેછે, અને તેની બાજુએ આપેલી પાંખ રસતો કાપવામાં મદદ કરેછે. માંછલીનાં દાંત ખોરાક ચાવવાનાં કરતાં શેકાર પકડવાની વધારે મતલબ સાચેવેછે. તે દાંત માતર તેનાં જરબાંમાંજ નહી પણ જીભ મધે પણ જડેલા હોએછે.

માંછલીઓ ઘણી જાતની અને ઘણાં ખવાશની હોએછે. કેટલીએક વજણમાં ઘણી ભારી હોએછે. કોઈ જાતની માંછલીઓ વીજલી પેદા કરી શકેછે, અને એ રીતે તેને હાથમાં ધરનાર શખસનાં આખાં બદનમાં આચકો લાગાથી તે તુરત તેને છોડી દીએછે. કેટલીએક માંછલીઓનુ પુછડું દુશમન ઊપર હોમલો કરવાનાં કાંમમાં આવેછે.

માંછલી માંછલીને ખાએછે. પોતાના બાલકને તેજ ભખેછે. તોપણ તેનાં ગરભ વીશેની કેટલીએક બીનાં જાંણવા જોગછે. એ ગરભમાં જીનાં જીનાં અગણીત ઈંડાઓ હોએછે. કાડ નાંમની માંછલી એકજ વખતે એવાં ચાલીસ લાખ ઈંડાં મુકેછે, પણ ગરભ પાડવા પછે તે ભુખી થઈ જાએછે અને એવું કેહવાએછે કે તે પોતાનાં ચતીશએ ઈંડાંઓને તેજ વખતે ખાઈ જાએછે. એ ગરભ કેટલીકવાર માંછલીનાં શરીરમાંજ રેહછે, અને તાંહાં તેને ઊધરભાવ મલેછે. કેટલીએક વાર શરીરથી છુટી પડવા બાદ તેમનાં ઈંડાં મધેથી પોતાની મેલે માંછલીઓ પેદા થાએછે. વલી બીજી ઘણીએક માંછલીઓમાં પોતાનાં બચાંની માવજત માંદા નહી પણ નરને માંથે કુદરતે નાંખીછે. તે નરનાં પેટ આગલ ઈસવરે નાંહાંની નાંહાંની કોઠડીઓ કરેલીછે, અને ઈડાં માંદાનાં શરીરમાંથી બાહેર નીકલતાં વાર નરનાં શરીરનાં ઊપલા ભાગ મધે જાએછે. તાંહાં તેઓની જગા થવા પછે કોઠડીનાં મોહોડાં બંધ થાએછે, અને તેવી હાલતમાં કેટલાએક દીવસ સુધી તેમનો સંભાલ થવા પછે, કોઠડી ફાટીને તેટલી માંછલીઓ બાહેર પડેછે.

જે માંછલીઓ ઊપર મુજબ લખો બચાં જણે તેઓ તે બાલક ઊપર સંભાલ રાખે એમ માંની શકાતું નથી. પણ બીજી કેટલીએક માછલીઓમાં ખોદાતાલાએ બાલકની જાલવણી કરવાની શકતી મેલીછે. તેમાંની કોઈ જાતની માછલીઓ કીનારા ઊપર ખડકો અને કોડાઓની વચે નાંહાંના સરખા માલા બાંધેછે અને તેની આસપાસ એક જાતનો દોરો વીટાલીને તેને મજબુત કરી રાખેછે. એમાં તે માંછલીઓ પોતાના ગરભને રાખેછે, જે મધે સેહંકડો ઈંડાંઓનો સંભાલ થાએછે. માછલી તાંહાં ગલીચીને દુર કરેછે, તથા પોતાના માલામાં બનતાં સુધી સફાઈ રાખેછે એવું વીદવાંનોએ દેખાડીશેંછે.

ઘણીએક માછલીઓમાં એવી શકતીછે કે જેથી

તેઓ પોત પોતાનાં રંગને બદલી શકેછે. એકજ જાતની માછલી જેમ પાંણીમાં ઊંચે ચહડતી જાએછે તેમ વધારે સફેદાઈ પકડેછે અને પોતાની આસપાસનાં રંગને મલતો રંગ લીએછે. એક ડાકટર હેનકાર્ક બે વાસણોમાં એવી બે માછલીઓ મેલી હતી. તેમાંનું એક વાસણ કાલું અને એક સફેદ હતું, પણ તે જોઈને અચરત થએઓ હતો કે કાલા વાસણમાંની માછલી તદન કાલી અને બીજી સફેદ થઈ હતી. તાર પછે તેઓની જગા બદલતાં તેઓનો રંગ તુરત પાછો બદલાઈ ગએઓ હતો. એ શકતી તેઓનાં બચાવને માંટે તેઓમાં દેખાએછે. એ વીનાંએ જેમ પખશીઓમાં કુદરતે નમુનદાર રંગ ચીતારીઆછે, તેમજ કેટલીએક માંછલીઓને શોભાઈતી બનાવવામાં કાંઈ બાકી રહેઊં નથી.

## રમુજે ફુરસત.

૧. હું કાલોઙું પણ કાગ નહી
કકણ પણ નાં ફતર,
જમીન ભલી માતા મારી
પણ રહુંછુ તેની અંદર.
વેલાતમા છું ખજાંણો
અગની સાંચાનુ છું મુલ
નાંમ કેહેજો મારૂં વાંચનાર
વગર કરવે કાંઈ ભુલ.

૨. ઉલટાવેલા શબદો.
૧ રસમનો એ હેમાં
૨ પુનાં ખાસ ફત
૩ તી જોરો લાવે
૪ ટનલ બરી આપસ પ.

## સવાલનાં જવાબો.

(જુવો ગએઆ આંકના સવાલો)

૧ સ અખેર.
૨ સરસ—સર, રસ.
૩ ભુગોલનાં સવાલો.
૧, આંગલીઆતું કોલાણું. ૨, ટરકી. ૩, કલેઆંણ. ૪, રૂસતમપરૂં.
૩ ઉલટાવેલા શબદો.
૧, સરદાર. ૨, આગની ગાડી. ૩, કાંનકચુરો.

## પરચુરણ બાબદો.

**એક ઘરગતુ શોધ**—જરમની દેશ મધે રેહેનારા એક ગરીબ ગામડીઆ શખસે કાગજનું એક પીઆલું બનાવીઉછે. એ પીઆલાંમાં તરણ મોટી ખુબીછે. તે એકેક આતર એકેક દુકાંનીએ તે વેચાતું મલેછે, તેમાં સઉથી ગરમ ચાહ અથવા બીજી ચીજ રાખી શકાએછે, અને હાથમાંથી છુટી પડવાથી તે ભાગે અથવા ગોબો પડે એવી જાજી ધાસતી રેહેતી નથી.

**ચરબીનું જાહાડ**—આલજીરીઆ ખાતે આ જાતનાં જાહાડનો મોટો ફેલાવો થઈ ગએઓછે, અને તેથી ગરીબ માંણસોને મોટો લાભ થવાની વકીછે કેમકે તેથી તેઓને ઘરમાં બાલવાની બતી ઘણી સસતી મલી આવશે. એ જાહાડમાં કાંઈ સંભાલ લેવાની અથવા પાંણી સીપવાનીબી જરૂર પડતી નથી, કોઈબી જગા ઉપર તે ઉગી શકેછે. તેનાં પાતરાંની ઉપર દીડવાં ઉગેછે તેમાંથી ચરબી તથા તેલ નીકલેછે.

**શખાવત**—અમેરીકા ખાતે હાલ જે મોટી લડાઇ ચાલેછે, તે લડાઈથી વેલાત ખાતે જતો રૂ અટકી પડીઓછે અને તેથી કરીને વેલાતનાં રૂનાં મોટાં કારખાનાંઓ બંધ પડીઆંછે. એ સબબને લીધે તાંહાંનાં હજારો વણકરો ધંધા રોજગાર વગરનાં થઈ પડીઆછે અને ભુખે મરેછે એવું કેટલીએક વાચનારી બાંનુંઓ જાંણતી હશે. હાલ એવી ગણતરી થઈછે કે એ ગરીબ માંણસોને મદદ આપવા માંટે લોકોએ તેઓનાં પરાંતો તરફ જે નાંણાંની રકમો મોકલી હતી તેનો એકંદર જુમલો ૧૫૦૦૦૦૦૦ રૂપીઆનો થએઓ હતો. એવાં ભુખે મરતાં લોકોને મદદ કરવામાં ખરો ધરમછે.

**ધેઆંન ધરવા જોગ કેહેવાતો**—"વરસાદના મોટાં જાપતાને બદલે રાતનાં ધીમે પડતો દવ વધારે ખુશી ઉપજાવેછે, તેમ ગાંમમાં જણાતી શખાવતો કરતાં છુપો અને એકાંત ધરમ વધારે શોભા આપેછે."

"ઉતાવલે કીવેલું નહી, પણ ફતેહમંદીથી કીધેલું કાંમ દુનીઆંમાં ઈઆદ રહી જશે."

"જો તમો મેરબાંની કરોતો તેને ભુલી જજો, પણ તમોને કોઈ મેરબાંની કરેતો તે ઈઆદ રાખજો."

**નહી બલે એવો રૂ**—ફરાંસ દેશ મધેની વીદવાંનોની એક મંડલીની હજુરમાં મોંનશીઉર સાવેજીઅન નાંમનાં શખસે એવી ઇઉકતી દેખાડીછે કે જેથી રૂ આગમાં બલી નહી શકે એવો થાએછે. તે કેહેછે કે ગંધકને બાલતી વખતે જે વરાલ નીકલેછે તે વરાલ આગલ રૂને ધરવાથી, પછે તે ગરમીની સાંમે થવાનું એવું બલ ધરાવેછે કે ઘણી શખત જોત આગલ તે બલતો નથી. અગરજો આ શોધ ખરી હશેતો ઘણી ઉપીઓગી થઈ પડશે.

**એવું કોણ જાંણતું હતું ?** ઈંગલંડમાં હાલ એક એવી કલા શોધી કાહાડીછે કે જેથી થોડા વખતમાં કાગજ

તથા બીજા માલની મોટી પેટીઓ એકગેમથી બીજીગેમ સર સરાટ ચાલી જાએ. એટલા માંટે શેહેરની નીચે વીહારનાં પાણીના સરખી નલી ગોઠવવામાં આવેછે, અને ચોકસ સાંચાની મદદથી જેમ હવાના દબાનથી બુમબામાંનું પાંણી જોસ કરેછે તેમ આ નલીમાંથી કાગજ તથા સાંમાંનની પેટીઓ જોસ કરીને એક છેડેથી બીજે છેડે નીકલી જાએછે. પણ વલી એ સાંચાના ધણીઓએ જમીનની તલેના પોતાના નલને ઘણા મોટા બનાવીઆછે, અને તેઓ જણાવેછે કે તેમાંથી જેમ કાગજોને ગગડાવી દીધામાં આવેછે, તેમ માંણસોને પણ લઈ જવાને તેઓ તઈઆરછે. આવું બનવાનો અગાઉ કોઈએબી વીચાર કીધો હતો ?

**એડાંનો ખપ**—એવી ગણતરી થઈછે કે ગએઆં સને ૧૮૬૨ માં વેલાત ખાતે પરદેશથી ૨૩૫૨૩૦૩૬૮ એડાંઓ આવીઆં હતાં. એ શંખીઆ ઘણી મોટીછે અને તે ઉપરથી જણાએછે કે આગલા વરસ કરતાં આ વરસે ૩૨ લાખ ઈંડાં વધારે આવીઆં હતાં. વાચનારને ખબર હશે કે એડાંનો ખોરાક ઘણો પોશણ કરનારોછે.

**લાંબી જીંદગી**—ઈંગલંડમાં એક મી૦ ડેવીડ મેકવે નામનો શખસ ૧૦૧ વરસની ઉમરે પુગા પછે હમણા મરણ પાંમીઓછે આ શખસની મમાઈ ૧૦૩ વરસની વએ આવીઆ બાદ મરણ પાંમી હતી, અને એ શખસની માએ ૧૦૦ વરસ સુધી જીવી હતી. એ શખસની એક બેહેન ૯૨ વરસની વએ મરણ પાંમીછે, તથા તેનો એક ભાઈ હાલ જીવેછે ૯૦ વરસની ઉમરનો થએઓછે. આ કબીલામાં ગોએ આ લાંબી ઉમરે હોયે ઉતરતી આવીછે, પણ દરએક ઓલાડે થોડાં થોડાં વરસ ઓસરતાં જાએછે. એવું ઉપલી વીગતો ઉપરથી જણાશે.

## "ઘડપણ વીશે" કવીતા·

"કહેવા દેને કાન, તારી માને કહેવા દેને" એ રાગ.

દુખ ઘણું દેહ થાય, ઘડપણમાં દુખ ઘણું દેહ થાય.
અંગના અવયવ નરમ પડીને;
શરીર ઘણું સુકાય. ઘડપણમાં. ૧.
આંખ તણુ તેજ ઓછુ થઈને;
ઝાંખુ જોતાં જણાય. ઘડપણમાં. ૨.
સુંદર દંતનો અંત થઈને;
ચાવણું તો ન ચવાય. ઘડપણમાં. ૩.
બોલાય ફુખુથી બોબડી બોલી;
શબ્દ ન તે સમજાય. ઘડપણમાં. ૪.
શબ્દ કહેવાત તે નવ સમજે;
ફરી ફરી પુછવા ધાય. ઘડપણમાં. ૫.
અંગના કાળા કેશ મટીને;
ધોળા સઉ થઈ જાય. ઘડપણમાં. ૬.
લાકડી કરમાં લેઇને ફરવું;
ટેકાથીજ ચલાય. ઘડપણમાં. ૭.
બેસી રેહેતાં બધો દીન ન જાય;
કામ ન કાંઈએ કરાય. ઘડપણમાં. ૮.
જુવાનીના દીન જયમ ત્યમ કાઢે;
કેમ સુખ પામે કાય. ઘડપણમાં. ૯.
જગ કરતાની બીક ન જાણે;
આપ સવારથ સાય. ઘડપણમાં. ૧૦.

ભી· ના·

## રાણીના વડા પુતરને મુબારકબાદી·

(ગરબી.)

ધન ધન દહાડો સહીએર તે આજનો જો,
મોટો ઓચ્છવ કરીએ તે લગનકાજનો જો. ધન૦ ૧.
રૂડા **રાણીજીના કુંવર** કોડામણા જો,
તેના લગનસમારંભમાં શી મણા જો. ધન૦ ૨.
થયા દશમીએ તે મારચ તરેસેટમાં જો,
જોડું સુખ પામો બહુ બેને ખમા જો. ધન૦ ૩.
**પ્રીનશ એડવરડ** આપણો રાજા થશે જો,
**અલેકઝાનડરા** તે રાણી માન પામશે જો. ધન૦ ૪.
રૂડાં **રાણીજીનું** રાજ બોહોળું બહુ જો,
તેમાં ઠામ ઠામ હરશ નાચે કહું જો. ધન૦ ૫.
અમીર ઉમરાવ ગરહસથ આદી પ્રજા જો,
જુએ લગનને સંતોશથી શી મઝા જો. ધન૦ ૬.
પ્રજા પ્રીત અને ભકતી દેખાડતી જો,
બધે હરશમાં તે રોશની કરાવતી જો. ધન૦ ૭.
ઘણું જીવી કરો રાજ રહી પ્રેમમાં જો,
ભણે નરમદા વચંન આશીરવાદમાં જો. ધન૦ ૮.

## તારીખ૧ લી મેને દીને થએલી રચણા·

(૫૬.)

ધનીય ધનીય ધનીય ધનીય, ધનીય દીન આજે;
લોક ચોકમાં થયા ને, કેવું સઉ બીરાજે. ધનીય૦ ૧.
**રાણી પુત્ર** લગન અરથ, હરશ તે દેખાડે;
પ્રીતી ભકતી રાજ્ય ઉપર, કેવી રીતે લાડે. ધનીય૦ ૨.
જગે જગે ઝળઝળાટ, દીપ દીપ શોભે;
જોવા ક્રીડા અનેક, જંન મચે લોભે. ધનીય૦ ૩.
સંધા સરદાર લોક, તે મળે સમાજે;
ભાશણો પ્રસંગ વીશે, મુખીઆ કરે સાંજે. ધનીય૦ ૪.
વાજાં વીલાતી મધુર, સરવ કરમે વાગે;
જેથી ઉમંગ વધી, ભકતી ઉર જાગે. ધનીય૦ ૫.
રૂપ ગુણવંતી તીહાં, સુંદરી પધારે;
હરખે હસંતી થયે, રંગ જમે ભારે. ધનીય૦ ૬.
અમળ પ્રેમમાં રહીને, સાચું સુખ પામે;
જોડું જીવે બહુ ને, વંશ વધે નામે. ધનીય૦ ૭.
પ્રજાની ઉપેર નીત, પ્રેમ બહુ રાખે;
નરમદા સહુની વતી, એમ વચન ભાખે. ધનીય૦ ૮.

# સ્ત્રીબોધ.

પુસતક ૭ મું. જુન ૧૮૬૩ આંક ૬ ઠો.

## ખોટા હીરા ચલકે ઘણાં

અથવા

## બેમરવત બેટા બેટીઓ.

એક વારતા.

### પરકરણ તરીજું.

### દીકરાનું દુખ.

દરબાર પુરી થઇ, રાજ વેંહેંચાઇ ગએઉં અને સઉ પોતપોતાને થામે ગએઆં. જઇફ જાલે પોતાના તખતને તજીઉં, અને જે દીકરીઓ ઘણી મીઠી વાતો કરી જાંણતી હતી, તથા જેઓ તેના તરફ ઘણો પીઆર દેખાડતી હતી, તેઓને રાજ આપીને એ બુઢો રાજો જંજાલમાંથી છુટો થએઓ. દાહેઓ દરબારી જાંમાસપ દેશનીકાલ થએઓ; અને શીઆંની પીરોજ અપમાંન ખમીને એક પરદેશના રાજા સાથ પરણી ગઇ, પણ તે શા માટે ? એ બંને જણ સાચું બોલીઆં, અને જે દીકરીઓ એક વાતની સાત વાત કહી સંભલાવતી હતી તેઓ ઉપર નહી લોભાવાની તેઓએ વાજબી ભલાંમણ કીધી તેથી જાલેજરનો તેઓએ ગુસો ખમીઓ. એ રીતે તેણે પોતાનું ખરૂ ભલું ઇછનારને દુર કીધાં અને બે બેટીઓ ઉપર સઘલો આધાર રાખીઓ.

આ બે જહલકતા હીરાઓ જેવો ભલુકો મારેછે તેટલું તેમાં પાંણીછે કે નહી, આ બે બેટીઓ પોતાના શુંદર હોટ અને શીરીન જબાંથી જેટલું બોલીછે તેટલી ચાલેછે કે નહી તે હજુર જોવાનુછે, પણ હમે કાઇ એખલી બેટીઓ વીશે લખવાના નથી. હમારી વારતાતો "બેટીઓ અને બેટાઓ" વીશેછે. પણ એ બેટાબી કાંઇ જઇફ જાલના નહી હોએ તેને પેટે દીકરાઓ નહી હતા. તેનીતો ઉપલી તરણ દીકરીઓજ હતી, જેમાંની બે તેનાજ રાજમાં અને એક પરદેશમાં જઇ વસી હતી. પણ જે બેટાઓની હકીકત હમો આપીએ છઇએ તે જાલના દરબારી ફરાંમરજના બેટા સંબંધીછે.

એક દરબારી જાંમાસપેતો પોતાના પાદશાહાની ચાકરીમાં આખો જનમ ગુજારીઆ, પુછે તેને દેશનીકાલની અનઘટતી સજા થઇ જેથી બીજા દરબારી ફરામરજને દલગીરી ઉપજી હતી. રાજ મધે અને રાજાના સવભાવ મધે થઇ ગએલા ફેરફારથી તે ખરેખર સંતાપી થએઓ હતો, પણ તેમ કરીને પોતાને ઘર જઇ બેસવા શીવાએ કસો વધારે ઇલાજ તેને હાથ નહી હતો.

પણ રાજદુવારી ચાકરીથી ફારેગ થવા પછે ફરાંમરજને પોતાના ઘરમાં આસાએસ મલી નહી. તેને તુરતજ ખબર થઇ કે તેનો પોતાનો દીકરો તેનો જીવ લેવાની વેતરણમાં હતો. તેણે જાંણીઉં કે તેણે જે દોલત અને મીલકત એકટી કીધીછે તે ઉપેર તેનો બેટો લોભાએઓછે, અને એવું ચાહેછે કે બાપ મરેતો ઘણું સારૂં કે તેથી તે દોલતમંદ થાએ. આ ખબરથી જઇફ ફરાંમરજની ઉપર કહેલી દલગીરી તથા ધાસતીમાં કેવો વધારો થએઓ હશે તે વાંચનારે વીચારી લેવું.

આ દીકરાનું નાંમ શોહોરાબ કરીને હતું. તે જવાંન, જોરેમંદ અને જોબન વાલો હતો. તે નાદાન ઉમરમાંથી તુરતજ વધીઓ હતો, અને જવાંમરદીના જોસ તથા ખુબશુરતીનાં પુર બાહારમાં તે દીપક દેતો હતો, પણ તેની હોશીઆરી કમ નહી હતી. શીઆંનો, સમજુ, અને સવભાવીક હોવાથી દરએક વાતે દુરઅંદેશ અને દાહાપણ વાલો દેખાતો હતો, તથા કોઇનેબી ઇજા દેવી એવું તેનાં સપનાંમાં નહી હતું. તેવો દીકરો પોતાનાં બાપનો જીવ શોધે એ વાત ફરામરજને મોટા અચંબા ભરેલી લાગી, તોપણ તેણે તે વાત માંની ખરી. તેણે જોઇઉં કે દુનીઆં ફાંનીછે, અને દોલત કોઇનેબી લોભાવેછે માંટે કદાચ કુમારો અને કાબેલ શોહોરાબ બાપની મીલકત મેલવવા માટે તેનો જીવ શોધેતો તેમાં નવાઇ નથી પણ વલી તેજ દીને એક ગરણ થએઉં હતું અને ફરાંમરજ ઘણો વેહેંમી હોવાથી તેણે ધારીઉં કે આ દલદરનાં મુલ ગરહણથી તેનાં દીકરાને એવું શુજ પડીઉં હશે.

શોહોરાબની આવી ધારણાં વીશે ફરાંમરજ પાસે કાંઇ મોટી સાબેતી નહી હતી. ફરાંમરજની હરાંમ ઇલતથી કારન નાંમનો એક છોકરો પેદા થએઓ હતો, જેને ફરાંમરજે બાપનાં સરખી મેહેરબાંનીથી પોતાનાં ઘરમાં રાખીઓ હતો. એ છોકરાને ફરાંમરજ મશખરીમાં વારેવાર ચીડવતો હતો તથા તેની માતાની બદફેલીની ઇઆદ આપતો હતો. તેજ છોકરાએ ફરાંમરજને ઉપલા માઠા સમાચાર કહેઆ હતા.

તેણે ફરાંમરજ જોએ તેવી રીતે પોતાનાં ખીસામાં એક કાગજ સંટાડીઉં. તે ઉપરથી આ બુઢા દરબારીને તે કાગ

તથા બીજા માલની મોટી પેટીઓ એકઠેકાણેથી બીજેઠેકાણે સર સરાટ ચાલી જાએ. એટલા માટે શેહેરની નીચે વીહારનાં પાણીના સરખી નલી ગોઠવવામાં આવેછે, અને ચોકસ સાંચાની મદદથી જેમ હવાના દબાનથી બુમબામાંનું પાંણી જોસ કરેછે તેમ આ નલીમાંથી કાગજ તથા સાંમાંનની પેટીઓ જોસ કરીને એક છેડેથી બીજે છેડે નીકલી જાએછે. પણ વલી એ સાંચાના ધણીઓએ જમીનની તલેના પોતાના નલને ઘણા મોટા બનાવીઆછે, અને તેઓ જણાવેછે કે તેમાંથી જેમ કાગજોને ગગડાવી દીધામાં આવેછે, તેમ માંણસોને પણ લઈ જવાને તેઓ તઈઆરછે. આવું બનવાનો આગાઉ કોઈએબી વીચાર કીધો હતો ?

---

**ઐડાંનો ખપ**—એવી ગણતરી થઈછે કે ગએઆં સને ૧૮૬૨ માં વેલાત ખાતે પરદેશથી ર૩૫ર૩૦૩૬૮ એડાંઓ આવીઆં હતાં. એ શંખીઆ ઘણી મોટીછે અને તે ઉપરથી જણાએછે કે આગલા વરસ કરતાં આ વરસે ૩ર લાખ ઈંડાં વધારે આવીઆં હતાં. વાંચનારને ખબર હશે કે એડાંનો ખોરાક ઘણો પોશણ કરનારોછે.

---

**લાંબી જીંદગી**—ઈંગલંડમાં એક મી૦ ડેવીડ મેકવે નામનો શખસ ૧૦૧ વરસની ઉમરે પુગા પછે હમણા મરણ પાંમીઓછે આ શખસની મમાઈ ૧૦૩ વરસની વએ આવીઆ બાદ મરણ પાંમી હતી, અને એ શખસની માએ ૧૦૦ વરસ સુધી જીવી હતી. એ શખસની એક બેહેન ૯૨ વરસની વએ મરણ પાંમીછે, તથા તેનો એક ભાઈ હાલ જીવેછે ૯૦ વરસની ઉમરનો થએઓછે. આ કબીલામાં ગોએ આ લાંબી ઉમરે હોયે ઉતરતી આવીછે, પણ દરએક ઓલાડે થોડાં થોડાં વરસ ઓસરતાં જાએછે. એવું ઉપલી વીગતો ઉપરથી જણાશે.

## "ઘડપણ વીશે" કવીતા.

"કહેવા દેને કાન; તારી માને કહેવા દેને" એ રાગ.

દુખ ઘણું દેહ થાય, ઘડપણમાં દુખ ઘણું દેહ થાય.  
અંગના અવયવ નરમ પડીને;  
શરીર ઘણું સુકાય. ઘડપણમાં. ૧.  
આંખ તણું તેજ ઓછુ થઈને;  
ઝાંખુ જોતાં જણાય. ઘડપણમાં. ૨.  
સુંદર દંતનો અંત થઈને;  
ચાવણું તો ન ચવાય. ઘડપણમાં. ૩.  
બોલાય મુખથી બોબડી બોલી;  
શુદ્ધ ન તે સમજાય. ઘડપણમાં. ૪.  
શુદ્ધ કહેવાત તે નવ સમજે;  
ફરી ફરી પુછવા ધાય. ઘડપણમાં. ૫.  
અંગના કાળા કેશ મટીને;  
ધોળા સઉ થઈ જાય. ઘડપણમાં. ૬.  
લાકડી કરમાં લેઈને ફરવું;  
ટેકાથીજ ચલાય. ઘડપણમાં. ૭.  
બેસી રેહેતાં બધો દીન ન જાય;  
કામ ન કાંઈએ કરાય. ઘડપણમાં. ૮.  
જુવાનીના દીન જયમ ત્યમ કાડે;  
કેમ સુખ પામે કાય. ઘડપણમાં. ૯.  
જગ કરતાની બીક ન જાણે;  
આપ સવારથ સાય. ઘડપણમાં. ૧૦.

ભી૦ ના૦

## રાણીના વડા પુતરને મુબારકબાદી.

(ગરબી.)

ધન ધન દહાડો સહીએર તે આજનો જો,  
મોટો ઓચ્છવ કરીએ તે લગનકાજનો જો. ધન૦ ૧.  
રૂડાં **રાણીજીના કુંવર** કોડામણા જો,  
તેના લગનસમારંભમાં શી મણા જો. ધન૦ ૨.  
થયાં દશમીએ તે મારચ તરેસેટમાં જો,  
જોડું સુખ પામો બહુ એને પ્રેમમાં જો. ધન૦ ૩.  
**પ્રીનસ એડવરડ** આપણો રાજા થશે જો,  
**અલેકઝાનડરા** તે રાણી માન પામશે જો. ધન૦ ૪.  
રૂડાં **રાણીજીનું** રાજ બોહોળું બહુ જો,  
તેમાં ઠામ ઠામ હરખ નાચે કહું જો. ધન૦ ૫.  
અમીર ઉમરાવ ગરહસથ આદી પ્રજા જો,  
જુએ લગનને સંતોશથી શી મઝા જો. ધન૦ ૬.  
પ્રજા પ્રીત અને ભકતી દેખાડતી જો,  
બધે હરશમાં તે રોશની કરાવતી જો, ધન૦ ૭.  
ઘણું જીવી કરો રાજ રહી પ્રેમમાં જો,  
ભણે નરમદા વચંન આશીરવાદમાં જો. ધન૦ ૮.

---

## તારીખ ૧ લી મેને દીને થએલી રચણા.

(પદ.)

ધનીય ધનીય ધનીય ધનીય, ધનીય દીન આજે;  
લોક લોકમાં થયા જો, કેવું સઉ બીરાજે. ધનીય૦ ૧.  
**રાણી પુત્ર** લગન અરથ, હરશ તે દેખાડે;  
પ્રીતી ભકતી રાજ્ય ઉપર, કેવી રીતે લાડે. ધનીય૦ ૨.  
જગે જગે ઝળઝળાટ, દીપ દીપ શોભે;  
જોવા ક્રીડા અનેક, જંન મચે લોભે. ધનીય૦ ૩.  
સંઘા સરદાર લોક, તે મળે સમાજે,  
ભાશણો પ્રસંગ વીશે, મુખીઅ કરે સાંજે. ધનીય૦ ૪.  
વાજાં વીલાતી મધુર, સરવ ઠરમે વાગે;  
જેથી ઉમંગ વધી, ભકતી ઉર જાગે. ધનીય૦ ૫.  
રૂપ ગુણવંતી તીહાં, સુંદરી પધારે;  
હરખે હસંતી પથે, રંગ જમે ભારે. ધનીય૦ ૬.  
અમળ પ્રેમમાં રહીને, સાચું સુખ પામે;  
જોડું જીવે બહુ ને, વંશ વધે નામે. ધનીય૦ ૭.  
પ્રજાની ઉપેર નીત, પ્રેમ બહુ રાખે;  
નરમદા સહુની વતી, એમ વચન ભાખે. ધનીય૦ ૮.

તોપણ તે કાઠીએ કઉવતમંદ હતો અને આવાં ઘડપણનાં વખતમાં રાજાની ચાકરી બજાવવાને શકતીવાંન દીસતો હતો. તેણે રાજાને ખાતરીથી જણાવીઉં હતું કે—"વીસવા સુની હું ચાકરી કરશ, ઈમાનદારને હું માંન આપશ, દાહેઆ સાથે હું વાત કરશ, અને જરૂરને વખતે લડાઈ કરશ. મને ચાલતાં, દોડતાં, અને સુતાં આવડેછે. બાએડીને અને માછલીને હું સરખી રીતે ધીકારૂં છઉં. મારી ખુશીછે કે તમો સીવાએ બીજા કોઈની સેવામાં રેહેવું નહી, અને સદા તમો તરફ દીલ રાખવું." આવા ખીદમતગારને જાલેજર સા માંટે નાં પાડે ?

બેહેનો, આ શખસ કોઈજ નહી પણ પેલો ભલો અને નીમખહલાલ જાંમાસપ દરબારી હતો. દેશનીકાલની સજા થવા છતાં તેને પોતાનું દેશ છોડવા ગમીઉં નહી હતું, પણ અગત કરીને જે રાજાની ચાકરીમાં તેના આખો જનમ ગુજરેલો તે રાજાની ચાકરી છોડવાનું તેણે ચાહેઉં નહી. તેની ખાતરી હતી કે જાલે પોતાનાં બુઢાપાનાં દરદથી મીજાજ ફેરવીને તથા એ બોલકની દીકરીઓ ઉપર ઘણો આધાર રાખીને પોતાને ખરાબી કીધીછે. તે જોતો હતો કે તેની આ ચાલથી તેને જે શંકટ પડશે તેમાં તેને મદદ આપનારૂં કોઈ રહેઉં નથી. માટે પોતે તેને છોડી જવાને બદલે છુપે લેબાસે તેની સાથે રેહેવાનું પસંદ કીધું અને એ રીતે તેના ચાકર દાખલ તે જાલેજરની આગલ રેહેવામાં ફતેહ પામીઓ, એટલુંજ તેના જીગરમાં શંતોશ ઉતપંત કરવાને બસ હતું પોતાના મુરબીની ચાકરીમાં રેહેવા કરતાં બીજી મોટી ઉમેદ તેને બીલકુલ નહી હતી અને તે ઉમેદમાં પાર પડીઓ માટે તેને અતીઘણી ધીરજ આવી હતી.

બુઢા જાલ તરફ ખરી નીમખહલાલી દેખાડનારો એખલો આ છુપાં નામનો ખીદમતગાર હતો. ફરંગીજના ઘર મધેના બીજા સરવે આદમીઓએ પોતાના મોહોડાં ઉપર થોઆરો ચહડાવેલો હતો. તેઓ આ રાજાની ચાકરી કરવાને દેખીતી આંનાકાંની કરતાં હતાં, એટલુંજ નહી પણ તેની હાજરીમાં આવીને તેના સવાલોનો જવાબ આપવામાં પણ તેઓ એટલી ઢીલ કરતાં હતાં કે જાલ તેથી બહુ ગુસે થતો હતો. આ વાતનો ઉપાએ,કરવાની ધારણાથી જાંમાસપ ઘરના કારબારીને રાજા આગલ બોલાવી લાવીઓ, પણ તેણે એટલોતો મીજાજ કીધો કે એક રાજા સરખાં આદમીને તેનું અપમાન નહી આપવા દેવા માટે, જાંમાસપ બોહે ચહડાવીને ઉતરી પડીઓ તથા આ મીજાજી કારબારીને લાત મુકીથી એવી મેથી જમાડી કે તે અંતે તાબે થએઓ અને ફરીઆદ કરતો પોતાની શેઠાંણી પાસે ગએઓ.

શેઠાંણીનો સવભાવતો વલી એથી પણ વધારે બીગડેલો હતો. તેના હાથમાં રાજ આવીઉં કે પછે તે પોતાને દુનીઆંની રાંણી સમજતી હતી તથા બાપ કોણ અને વર કોણ તેની તેને થોડીજ દરકાર હતી. તેનો કમઅકલ ધણી પશંગ તેના હોકમમાં હતો, અને તેથી કરીને આ ઓરત પોતાના બાપનેબી પોતાના હોકમમાં રાખવા ચાહાતી હતી. બીજી રીતે બોલીએતો બલડે ગાડું ઘસડવું જોઈએ તેને બદલે ગાડું બલડને ઘસડવા માંગતું હતું. પણ અલબતાં એમાં જાલની પેહેલી ભુલ હતી, એટલા માટે તેનો લઉવો તેની ખુબ મજાખ કરતો હતો. તે પુછતો હતો કે "પાદશાહા બેવકુફ માંણસ કોણનાં જેવો હોએ ?"

જાલ જવાબ દેતો કે—"તારા જેવો." પણ તેથી લઉવો તુરત બોલતો કે "નહી. જે ધણી પોતાનાં સરવે ખેતાબો અથવા નાંમો પારકાંને આપી દીએ તે ધણી બેવકુફનું એખલું એકજ નાંમ પોતાની પાસે રાખે."

આવી મશખેરીઓ કરવાની જાલે પોતાનાં લઉવાને પરવાંનગી આપેલી હતી, પણ તેથી અને તેની એવીજ બીજી ગમતીથી તેની દીકરી ફરંગીજને મોટો બલાપો થતો હતો. રાજાનાં માંણસો તેનાં તાબામાં રેહેવાને નાં પાડતાં હતાં, માંટે આ દીકરીએ પોતાનાં માંણસોને ખાસ હોકમ આપીઓ હતો કે તેનાં બાપની ધમકીઓની દરકાર રાખવી નહી. એ હોકમને લીધે ઉપલા કારબારીએ જાલેજરનાં સવાલને ગણકારીઓ નહી હતો અને તેથી કરીને તેણે જાંમાસપને હાથનો માર ખાધો હતો. આ બનાવથી ફરંગીજને વધારે અપમાંન મલીઉં. તે તુરતજ પોતાનાં બાપ પાસ દોડી આવી અને તેનાં એક વીસવાસુ કારબારીને માર મારવાની બાપને સું સતા હતી તે પુછવા લાગી.

તે બોલી કે—"બાવા આ તમારો લઉવો સારા ગાંમની મશખરી કરવાનો ફાંકો રાખેછે, એટલુંજ નહી પણ તમારો આખો રસાલો હર પલેપલ પોતપોતામાં મારામારી કરેછે. તેઓએ મારા મેહેલને લડાઈનુ મેદાંન કરી મેલીઉછે અને મારા મોહોલાને રાંડવારો બનાવીઓછે. વલી તમે એવી ચાલને ટેકો આપોછો એ તમારી ઠીક ચાલ નથી."

આ સુખનોથી જાલને ઘણું લાગી આવીઉ. તેની ખાતરી હતી કે તેનાં માંણસો વીસવાસુ અને આબરૂવાલાં હતાં, અને એકબારગી તેમ નહી હોએ તોપણ એક રાજાને તેની દીકરી શીખાંમણ દેવા નીકલે એવી તેને વકી નહી હતી. તેણે એટલુંજ પુછીઉં કે "ફરંગીજ હું તારો બાપ છઉ કે દીકરો છઉ વારૂ ?"

ફરંગીજ—તમે મારા મુરબીછો, પણ તમે આવી ચાલ ચલાવો એ તમોને છાજતી વાત નથી. તમારૂ દાહાપણ ગુમ થએઉછે, અને તમો જેવા હતા તેવા હાલ નથી.

જાલ—દીકરી તું મારી સાથ આવી વાતો કરે એ તુને છાજતી વાત નથી. જે દીકરીને મેં પાલીપોશીને મોટી કીધી તથા જેને મેં કેલવણી આપી તે મારો મેતાજી થઈ નીકલે એવી મને આશા નહી હતી. નહીતો કે રાજાનું નાંમ મને છાજતુ નથી કદાચ આ હું સપનો જોઉં છઉં. કદાચ માંરૂ રાજ ગએઉ માંટે મારો મોભોબી ગએઓ હશે. બાકી દીકરીનાં નાંમથી જેને હું બોલાઉં તે આવી માના સરખી ચાલ ચલાવે નહી.

ફરંગીજ—બસ કરો સાહેબ. એવાં લાંબાં ટાહેલાં કીધાંમાં ફાએદો કાંઈ નથી. ખોદાને વાસતે મારી વાત સાંભલો. જેવા બુઢાછો તેવા દાહેઆ થાવો. તમારા આ આખા રસાલાને રજા આપો. મેહેલને બદલે પોહોંચખાનાનું જે નાંમ મારાં ઘરને મલેછે તે કાહાડી નખાવો. બાવાજી, હું તમુને અરજ કરૂં છઉં કે તમારા નોકરોને ઓછા કરો, કેમકે મારી પાસ પુરતા ચાકરોછે.

જાલ—ફરંગીજ મારી ખુશીછે કે તેઓને રાખું અને

તું વાંધો નાં લે. તેઓ મારી ચાકરીમાં અસલથી રહેલાછે, અને મેં મારે હાથે રાજ છોડીઉંછે માટે તેઓને જો હું રજા આપુંતો વગર વાકે તેઓ રહજહેછે.

પણ ફરંગીજે નાથી હા કહેઉં નહી. આ કાંમમાંણી બાપની નહી પણ પોતાની ખુશી પરમાણે તે ચાલવા માંગતી હતી, જે જઈફ જાલેજરને અપમાન સરખું હતું અને એ નજીવાં કારણ ઉપરથી આ છોકરીએ છીટાં શોધીઆં હતાં. એ ઉપરથી તેઓ વચે કજીઓ થઇ પડીએ.

જાલ—કમબખત ફરંગીજ તારી મરજીછેતો હું તારા ઘરમાંથી નીકલી જવાને તઈઆર છેઉં. મારૂં આખું રાજ મેં તુંને આપીઉં અને તું આટલી મારી મરજી બાહાલ રાખવાને ના પાડેછે, તો તારા સરખી બેમરત બેટીના ઘરમાં રેહેવું નાદરૂસતછે. મારાથી તું આટલી વધીછે, અને મારો એક શોખ પુરો પાડવાની તું મારી સાંમે થાએછે.

ફરંગીજ—એમાં મેં ખોટું શું કીધુંછે ?

જાલ—અરે નાપાક, એમાં સાત ખોટાંનું એક ખોટુંછે. હા—હવે હું પસતાવો કરૂં છઉં. દાહેઓ થવાની આગમચ હું બેવકુફ થએઓ છઉં, અને તુને રાજ આપવામાં મારી ભુલ થઈછે. બેઈમાની ફતર સરખો એક દેવ છે, પણ જારે બચાંના દીલમાં તેનું ઘર થાએછે તારે તે રાખસ કરતાં વધારે જબુન લાગેછે.

હીંઆંથી જાલના મીજાજનો પાર રહેઓ નહી. તેના સાથીઓએ તેને નરમ પાડવાની ઘણી મેહેનત કીધી પણ તે નરમ પડીઓ નહી. તેને તેની બેટી પીરોજ ઈઆદ આવી અને તે છાતી અફાડીને અફસોસ કરવા લાગો. તેણે તુરત આ છોકરીનું ઘર છોડી જવાનું ઠરાવીઉં અને તેટલા માટે અસબાબ તઈઆર કરવાનો હોકમ આપીઓ. તેણે પોતાની બીજી બેટી ગુલનારને તાંહાં રેહેવા જવાનો વીચાર રાખીઓ અને ખાતરીથી બોલીઓ કે "દુકતી મારી તે દીકરી હીરા સરખીછે, અને તે મને ખરાં માનથી રાખશે." આ ઠરાવથી ફરંગીજ જરાખી દલગીર થઈ નહી. તેણે પોતાના બાપને રાખવાની ખોહેસ કીધી નહી, પણ ઉલટું જણાવા લાગી કે જારે "તે દીકરી ખરી હકીકત જાંણશે તારે તેબી તમોને રાખશે નહીં."

આ શુખનોથી જાલનો પીટો ઉછલી આવીઓ. તેણે પોતાની દીકરીને ગાલો દેવા માંડી. તે બોલીઓ કે—"ઓ ખોદા ! આ દુકતીનું નખોદ વલજો કે મારા સરખા એક રાજાને આ રીતના શુખનો કેહેછે. ફરંગીજ તારૂં ખાંનુખરાબ થજો, તારૂં પાપ હીંઆંજ નડજો. ખોદા તુને વાંજની કરશે, તું બચાં વગરની રાડ થશે, તારાં પેટમાંથી કદી ફલ નહી ઉગશે, અને જો ઉગશેતો તુને એજ પરમાણેનો સવાદ આપશે. ઓ ફરંગીજ તારેજ તું જાંણશે કે બેમરવત ફરજંદનું દુખ કેવુંછે."

આ સરવે શુખનો એક બાપના મોહોમાંથી નીકલવા ઘટતા નથી, પણ જાલતો બુટો થએઓ અને તેની સાથે જાંણે ઘેલો થએઓ હતો. તેણે પોતાના ખરાબ મીજાજને લીધેતો પોતાની પીઆરી પીરોજને નજીવે બાંહાંને દેશનીકાલ કીધી હતી અને તેને કદુવા દીધી હતી. તારે આ દીકરીના ઉપલા વાંકને વખતે તે મુંગો કેમ રેહે ! ફરંગીજના ઠપકાથી જાલનું મગજ વધારે ફરી ગએઉં. તેના ગુસાનો કાંઇ અંત રહેઓ નહી અને તેવા ગુસામાં તેણે ઉપલી ગાલો દીધી હતી.

અંતે જાલેજરે પોતાના સરવે સાથીઓને રજા આપી, તે પછે તે પોતે પોતાના લઉવાને લઈને બીજી દીકરીના રાજ તરફ જવાને નીકલી પડીઓ. આ વખતે પેલો વફાદાર ચાકર તેની સાથેજ હતો. હજીુર સુધી તેણે છુપુંજ નામ રાખીઉં હતું અને જાલને ખબર નહી હતી કે એ તેનો દરબારી જાંમાસપ હતો.

પણ જાલ ગુલનારને ઘર જઈ પુગે તેની આગમચ તેની ઉપર કાગજ લખાવીને તેમાં બાવાની ખરાબ ચાલ તેને જાહેર કરવાનો ફરંગીજે ઉપાએ કીધો. તે કાગજમાં તેણે પોતાની બેહેનને ઘણીએક વાતો વધારીને લખી હતી, તથા પોતાની તકસીર ઢાંકવા માટે ખોટા હેવાલો કહેઆ હતા. છેલે ગુલનારને મલીને વધારે હકીકત જણાવવાની ફરંગીજે તે કાગજમાં ખાહેસ દેખાડી હતી. એવી મતલબનું કાગજ આપીને તેણે પોતાના કારબારીને તુરત રવાંને કીધો.

---

## પરકરણ પાંચમું.

## વેરનું જેહેર.

હવે જાલની દીકરીઓની વાતને પડતી મેલી જરા ફરાંમરજના દીકરાઓ તરફ નેગાહા પોહોંચાડીએ. એ એક મારગી ઉમરાવને પોતાના સગા દીકરા તરફ જે ધીકાર પેદા થએઓ હતો તેમાં દીવસ જતે અતીશએ વધારો થવા લાગો અને તે પોતાની રાખેલીને પેટના છોકરા તરફ વધતો ચાહા દેખાડવા લાગો. કારંન તેને મનસે હવે ખરો હીરો થઈ લાગો, અને ફરાંમરજ એવુંજ વીચારવા લાગો કે તેના શોહોરાબની ચાલને માટે તેને સજા કરવી ઘટેછે. તેની ચાલ ઉપર એ સઘલો શક નાખવાનું કારણ તેનો સાવકો ભાઇ કારંન હતો. પણ જેવો જહલકાટ આ છોકરામાં હતો તેવોજ ખરી ચાલચલણનો તે હતો કે નહી તે તેનાં ભાઈ શોહોરાબ સાથની નીચલી વાત ઉપરથી વાંચનારને માલંમ પડશે.

જે દીને કારંને પોતાના બાપ આગલ શોહોરાબની ખરીકે ખોટી સહીનો કાગજ રજુ કીધો હતો તેજ દીને તેણે શોહોરાબની મુલાકાત કીધી હતી, અને તે નીરદોશ જવાનને આ રીતે ઉસકેરીઓ હતો—

કારંન—ભાઈ શોહોરાબ આજ રાતના ગરહણેતો મોકાણ વાલીછે. જોતીશો કેહેછે કે એ ગરહણથી રાજમાં લડાઈ થશે, પરજા મરાઇ મરશે, દેશમાં દુકાલ પડશે અને બાપ બેટા વચે વેર થશે.

શોહોરાબ—છી ! છી ! તું એવો વેહેંમ શું રાખેછે ?

કારંન—ભાઈ એમ ના બોલ. જોતીશોની એ આગમચેતી ખરી પડીછે.

શોહોરાબ—બધી ખોટી વાત. લાવ એકતો દાખલો આપ.

કારંન—અરે ઇઆર દાખલો શું પુછેછે ? હું જારે વીચાર કરૂં છેઉં તારે મને ઘણું દુખ લાગેછે.

શોહોરાબ—વલી તેનું શું કારણ ?

કાર'ન—તે દાખલો આપણને પોતાનેજ લગતોછે ભાઈ. જો હમણા હમણા આપણ બાવાનો મીજાજ બદલાઇ ગએઓછે, તેમાં તેવણ તુંને અજબ જેવી રીતે ધીકારવા લાગાછે અને એવું ચાહેછે કે તારા જેવા દીકરા પેટે નહી પડેતો બેહેતર. જો ભાઈ મારી ઉપર તારૂં જે હેતછે, તેને લીધે મને કેહેવાની ફરજ પડેછે કે તુંને મારીનાખવાના તેવન ઉપાએ શોધેછે.

સમજુ શોહોરાબે આ સઘલા હેવાલને ખરો માનીઓ નહી અને તે ખરેખર ખોટોજ હેવાલ હતો. કાર'નેજ પોતાના બાપને ઉસકેરીઓ હતો, અને હવે આ ભાઈને ઉસકેરવા આવીઓ હતો તોપણ કાર'ને એવીતો તાલ અને તલાવટથી તેને સમજ પાડી કે શોહોરાબને સઘલી વાત ખરી લાગી, અને તેથી પોતાના બચાવને ખાતર હથીઆર બાંધીને ઘરમાં ફરવાનું તેણે કબુલ કીધું ગરીબ બીચારો જવાન, આ ઠગારાના ટોંગથી લલચાઈ ગએઓ. તેણે ઘરમાં હથીઆર બાંધીને ફરવા માંડીઉં, પણ તેથી તેના બાપને વધારે શક ગએઓ અને તે પોતાના શીઆંના બેટા તરફ વધારે ધીકાર દેખાડવા લાગો. ફરાંમરજની ખાતરી થઇ કે કાર'ને જે કાંઇ તેને ખબર કીધીછે તે ખરીછે, અને તેનો દીકરો તેનો જીવ લેવાને તપેછે. શોહોરાબની ખાતરી થઈ કે કાર'ને તેના બાપ વીશે જે હેવાલ કહેઓછે તે ખરોછે, અને તે તેને ધીકારેછે.

એ રીતે ફરાંમરજને ખોટી વાત સમજાવી ઘબરાટમાં નાખવાનો તથા શોહોરાબ વીશે તેના મનમાં વેર વસાવાનો કાર'નને શું સબબ પડીઓ હતો તે તેના મનમા ભમતા ભેદ ઉપરથી જણાઇ આવેછે. તે ભેદ એ હતો કે "ખોદાએ મારો જનમ આપીઓછે, તથા કુદરતે મને બીજા માણસોના સરખો બનાવીઓછે, તોપણ મારો બાપ મારાં કરતાં મારા ભાઇને વધારે ચાહેછે અને મને વારેઘડીએ રાંડને પેટનો બોલીઆ કરેછે, તે મને નીચો અને શોહોરાબને ઉંચો ગણેછે, મને ખીજવેછે અને તેને રીજવેછે. એમ શા માંટે ? તેની બદફેલીથી મારો જનમ થએઓ તેમાં મારો વાંક નથી, તોપણ એ બુઢો મને આટલુ અપમાંન આપેછે, અને તેના વેરનુ જેહેર શોધવાની મને ફરજ પડેછે."

આવાં વેર ઉપરથી શોહોરાબ સરખા નોજવાંન પુરૂશ વીશે કાર'ને ફરાંમરજનાં મનમા ઉપલા જેહેરી વીચાર પેવસ્ત કીધા હતા. પણ તેના મ'નનો ભેદ નહી સમજવાથી કાર'નનુ કેહેવુ ફરાંમરજે એટલુ બધુ બાહાલ રાખીઉ હતુ, કે કાર'નને ઓર વધારે ખુશી ઉપજી હતી, કેમકે તેથી પોતાની મરજી માફક તુમરા લડાવાતુ તેને પુરતી રીતે બની આવશે એવી તેને ખાતરી હતી.

આવી દુરની ધુરકા ધુરકીમાં થોડાએક દીવસ નીકલી ગએઆ. પણ તે હાલતમા મામલો ચાલીઆ કરે એ વાત કાર'નને દરૂસત લાગી નહી. માંટે તેણે એક નવુ કારસતાંન શોધી કાહાડીઉ. શોહોરાબને પોતાના આ ભાઇ ઉપર પુરતો વીસવાસ હતો. તે વીસવાસ મેલવવાને આ શખસ શોહોરાબનો સંભાલ લેવાનુ ઘણુ દોલ ઘાલતો હતો. બાપનો ગુસો ઓછો કરવાનુ સઘલુ કાંમ શોહોરાબે પણ એ કાર'નને હાથ નાખીઉ હતુ. એ ઉપરથી તેને એવી તાલ કરવાનુ બની આવીઉ કે તેથી શોહોરાબ તેને મનસે સદાનો દુર થએઓ અને તે પોતાના ખોટાપાં છતાં બાપની નજરમાં ઝહલકવા લાગો.

પરથમ તેણે ફરાંમરજને ચેતાવી મેલીઉ હતું કે તેણે રાતને વખતે ઘરનાં એક ચોકસ ભાગમાં હાજર થવું. એટલુ કહીને પછે કાર'ન શોહોરાબને વાત કરાવતો તે જગામાં લઈ આવીઓ, પણ તે વખતે તેનો બાપ તાંહાં આવવાનો હતો. થોડા વખતમાં તે દુરથી આવતો દેખાએઓ તે ઉપરથી કાર'ને પોતાના ભાઇને ધાસતી આપી કે "તે તુને જો શેતો તુરત મારી નાખશે વાસતે બેહેતર કે હીઆંથી નાંહાંસ, તું નાહસે તેટલાં હું ખોતર તેને દેખાડવા માંટે તારી ઉપર તલવાર ઉગકશ, પણ તુને મારશ નહી." એમ કેહેવા ઉપરથી શોહોરાબ તુરત નાહઠો અને કાર'ને તલવાર અફાડીને મોટી બુમાબુમ કરી મેલી, એટલુજ નહી પણ પોતાની તલવાર વડે તેણે પોતાનેજ જખમ કીધા અને જાંણીબુજીને લોહી કાહાડી બુમ મારતો ઉભો રહેઓ.

તુરતજ તાંહાં ફરાંમરજ ઘબરાટમાં આવી પુગો. તે આવનાંવાર શોહોરાબ વીશે પુછવા લાગો, જેથી કાર'નને પોતાના તરકટ કરવાનુ બની આવીઉ

કારણ—અરે સાહેબ હું જેવો તેને પકડવા ગએઓ તેવોજ તે નાહસી ગએઓ પણ મને આ જખમ કરી ગએઓછે.

ફરાંમરજ—પણ તું શા માટે પકડવા ગએઓ !

કાર'ન—બીજું હું શું કરૂ ? તમારૂ ખુંન કરવાને તે મને સમજાવવા લાગો, પણ મેં કહેઉ કે એ કાંમમાં ખોદા રાજી નથી, અને મોટો ગુનાહછે. એ ઉપરથી સાહેબ તેણે જોઇઉ કે હું તેની ઉમેદની સામે છઉં. માટે મારો અંત લાવવાની ધારનાથી તે મારા ઉપર હાથ ઉંચકવા લાગો. એ ઉપરથી મારા બચાવને થકી હું તેને પકડવા ગએઓ પણ તેવામા સાહેબ પોતાની તલવારથી એકજ ફટકો મારીને તે નાહસી ગએઓ. અરે બાવા મારો હાથ લોહી લુવાંન થઈ ગએઓછે હું જલદીથી બેશુધ થઈ જવશ.

આ હેવાલ સાંભલીને ફરાંમરજને ઉપજેલી અચરતાનો કાંઇ પાર રહેઓ નહી. બીહીક, ઘબરાટ અને ખુશાલી તેને સાથે ઉપજી હતી, પણ સઉથી મોટો જુસો તેની શંતોશનો હતો, કાર'નને તે અતીઘણી ધીરજ આપવાં લાગો, તથા બુઢા બાપને ખાતર તેણે વફાદારી દેખાડી પોતાને નુકસાંન થવા દીધુ એવુ જોઇને તે તેની કીરતી ગાવા લાગો. તેને ખબર નહી હતી કે કાર'ને આ જખમ પોતાને હાથે કીધો હતો અને બીચારા શોહોરાબનો કાંઈ વાંક નહી હતો. તેનાં અનજાંનપણાથી ફરાંમરજ કાર'નને કાંઇ માણસ નહી પણ ફરેસતામાં ગણવા લાગો, અને ફરી ફરીથી દુવા માંગવા લાગો કે ખોદા એ હીરાને લાંબી ઉમર બખશે. તેણે શોહોરાબની શોધને માંટે તુરત માંણસોને રવાંને કીધાં અને કાર'નને ધીરજ આપી કે નામદાર બાનુ ગુલનાર તેનાં ખાવંદ નોદર સાથ તેના ઘરમાં રેહેવા આવવાનીછે તે વખતે તે શાહાજાદીને ખરી હકીકતથી વાકેફ કરશે.

તું વાંચો નાં લે. તેઓ મારી ચાકરીમાં અસલથી રહેલાછે,
અને મેં મારે હાથે રાજ છોડીઉંછે માટે તેઓને જો હું ર
જા આપુંતો વગર વાંકે તેઓ રહજાહેછે.

પણ ફરંગીજે નાથી હા કહેઉં નહી. આ કાંમમાંબી
બાપની નહી પણ પોતાની ખુશી પરમાણે તે ચાલવા માંગ
તી હતી, જે બાઈક જાલેજરને અપમાન સરખું હતું અને
એ નજીવાં કારણ ઉપરથી આ છોકરીએ છીટાં શોધીઆં હ
તાં. એ ઉપરથી તેઓ વચે કજીઓ થઇ પડીએ.

જાલ—કમબખ્ત ફરંગીજ તારી મરજીછેતો હું તારા
ઘરમાંથી નીકલી જવાને તઈઆર છેઉં. મારૂં આખું રાજ
મેં તુંને આપીઉં અને તું આટલી મારી મરજી બાહાલ રા
ખવાને ના પાડેછે, તો તારા સરખી બેમરત બેટીના ઘરમાં
રેહેવું નાદરૂસતછે. મારાથી તું આટલી વધીછે, અને મા
રો એક શોખ પુરો પાડવાની તું મારી સાંમે થાએછે.

ફરંગીજ—એમાં મેં ખોટું શું કીધુંછે ?

જાલ—અરે નાપાક, એમાં સાત ખોટાંનું એક ખો
ટુંછે. હા—હવે હું પસતાવો કરૂં છઉં. દાહેઓ થવાની
આગમચ હું બેવકુફ થએઓ છઉં, અને તુને રાજ આપ
વામાં મારી ભુલ થઇછે. બેઈમાની કુતર સરખો એક દેવ
છે, પણ જારે બચાંના દીલમાં તેનું ઘર થાએછે તારે તે રાખ
સ કરતાં વધારે જબુન લાગેછે.

હીંઆંથી જાલના મીજાજનો પાર રહેઓ નહી. તેના
સાથીઓએ તેને નરમ પાડવાની ઘણી મેહેનત કીધી પણ તે
નરગ પડીઓ નહી. તેને તેની બેટી પીરોજ ઈઆદ આવી
અને તે છાતી અફાડીને અફસોસ કરવા લાગો. તેણે તુર
ત આ છોકરીનું ઘર છોડી જવાનું ઠરાવીઉં અને તેટલા મા
ટે અસબાબ તઈઆર કરવાનો હોકમ આપીઓ. તેણે પો
તાની બીજી બેટી ગુલનારને તાંહા રેહેવા જવાનો વીચાર રા
ખીઓ અને ખાતરીથી બોલીઓ કે "કુકતી મારી તે દીકરી
હીરા સરખીછે, અને તે મને ખરાં માનથી રાખશે." આ
ઠરાવથી ફરંગીજ જરાબી દલગીર થઈ નહી. તેણે પોતાના
બાપને રાખવાની બોહોસ કીધી નહી, પણ ઉલટું જણાવા
લાગી કે જારે "તે દીકરી ખરી હકીકત જાંણશે તારે તેબી ત
મોને રાખશે નહીં."

આ શુખનોથી જાલનો પીરો ઉછલી આવીઓ. તેણે
પોતાની દીકરીને ગાલો દેવા માંડી. તે બોલીઓ કે—"ઓ
ખોદા ! આ કુકતીનું નખોદ વલજો કે મારા સરખા એક રા
જાને આ રીતના શુખનો કેહેછે. ફરંગીજ તારૂં ખાંનુખ
રાબ થજો, તારૂં પાપ હીંઆંજ નડજો. ખોદા તુને વાંજની
કરશે, તું બચાં વગરની રાડ થશે, તારાં પેટમાંથી કદી ફલ
નહી ઉગશે, અને જો ઉગશેતો તુને એજ પરમાણેનો સવાદ
આપશે. ઓ ફરંગીજ તારેજ તું જાંણશે કે બેમરવત ફરજં
દનું દુખ કેવુંછે."

આ સરવે શુખનો એક બાપના મોહોમાંથી નીકલવા
ઘટતા નથી, પણ જાલતો બુટો થએઓ અને તેની સાથે જાંણે
ઘેલો થએઓ હતો. તેણે પોતાના ખરાબ મીજાજને લીધેતો
પોતાની પીઆરી પીરોજને નજીવે બાંહાંને દેશનીકાલ કી
ધી હતી અને તેને કદુવા દીધી હતી. તારે આ દીકરીના
ઉપલા વાંકને વખતે તે મુંગો કેમ રેહે ! ફરંગીજના ઠપકા
થી જાલનું મગજ વધારે ફરી ગએઉં. તેના ગુસાનો કાંઇ
અંત રહેઓ નહી અને તેવા ગુસામાં તેણે ઉપલી ગાલો
દીધી હતી.

અંતે જાલેજરે પોતાના સરવે સાથીઓને રજા આપી.
તે પછે તે પોતે પોતાના લઉવાને લઈને બીજી દીકરીના રાજ
તરફ જવાને નીકલી પડીઓ. આ વખતે પેલો વફાદાર ચા
કર તેની સાથેજ હતો. હજીર સુધી તેણે છુપુંજ નામ રાખી
ઉં હતું અને જાલને ખબર નહી હતી કે એ તેનો દરબા
રી જાંમાસપ હતો.

પણ જાલ ગુલનારને ઘર જઈ પુગે તેની આગમ
ચ તેની ઉપર કાગજ લખાવીને તેમાં બાવાની ખ
રાબ ચાલ તેને જાહેર કરવાનો ફરંગીજે ઉપાએ કીધો. તે
કાગજમાં તેણે પોતાની બેહેનને ઘણીએક વાતો વધારીને લ
ખી હતી, તથા પોતાની તકસીર ટાંકવા માટે ખોટા હેવાલો
કહેઆ હતા. છેલે ગુલનારને મલીને વધારે હકીકત જણા
વવાની ફરંગીજે તે કાગજમાં ખાહેસ દેખાડી હતી. એ
વી મતલબનું કાગજ આપીને તેણે પોતાના કારભારીને તુરત
રવાને કીધો.

---

## પરકરણ પાંચમું.

## વેરનું જેહેર.

હવે જાલની દીકરીઓની વાતને પડતી મેલી જરા ફ
રાંમરજના દીકરાઓ તરફ નેગાહા પોંહોંચાડીએ. એ એક
મારગી ઉમરાવને પોતાના સગા દીકરા તરફ જે ધીકાર પેદા
થએઓ હતો તેમાં દીવસ જતે અતીશએ વધારો થવા લાગો
અને તે પોતાની રાખેલીને પેટના છોકરા તરફ વધતો ચાહા
દેખાડવા લાગો. કારંન તેને મનસે હવે ખરો હીરો થઇ
લાગો, અને ફરાંમરજ એવુંજ વીચારવા લાગો કે તેના શોહો
રાબની ચાલને માટે તેને સજા કરવી ઘટેછે. તેની ચાલ
ઉપર એ સઘલો શક નાખવાનું કારણ તેનો સાવકો ભાઈ
કારંન હતો. પણ જેવો જહલકાટ આ છોકરામાં હતો તેવો
જ ખરી ચાલચલણનો તે હતો કે નહી તે તેનાં ભાઈ શોહો
રાબ સાથની નીચલી વાત ઉપરથી વાંચનારને માલંમ પડશે.

જે દીને કારંને પોતાના બાપ આગલ શોહોરાબની ખ
રીકિ ખોટી સહીનો કાગજ રજુ કીધો હતો તેજ દીને તેણે શો
હોરાબની મુલાકાત કીધી હતી, અને તે નીરદોશ જવાનને
આ રીતે ઉસકેરીઓ હતો—

કારંન—ભાઇ શોહોરાબ આજ રાતના ગરહણેતો મો
કાણ વાલીછે. જોતીશો કેહેછે કે એ ગરહણથી રાજમાં
લડાઈ થશે, પરજા મરાઇ મરશે, દેશમાં દુકાલ પડશે અને
બાપ બેટા વચે વેર થશે.

શોહોરાબ—છી ! છી ! તું એવો વેહેંમ શું રાખેછે ?

કારંન—ભાઈ એમ ના બોલ. જોતીશોની એ આગમ
ચેતી ખરી પડીછે.

શોહોરાબ—બધી ખોટી વાત. લાવ એકતો દાખલો
આપ.

કારંન—અરે ઇઆર દાખલો શું પુછેછે ? હું જારે વી
ચાર કરૂં છેઉં તારે મને ઘણું દુખ લાગેછે.

શોહોરાબ—વલી તેનું શું કારણ ?

કારંન—તે દાખલો આપણને પોતાનેજ લગતોછે ભાઈ. જો હમણા હમણા આપણા બાવાનો મીજાજ બદલાઈ ગએઓછે, તેમાં તેવણ તુંને અજબ જેવી રીતે ધીકારવા લાગાછે અને એવું ચાહેછે કે તારા જેવા દીકરા પેટે નહી પડેતો બેહેતર. જો ભાઈ મારી ઉપર તારૂં જે હેતછે, તેને લીધે મને કેહેવાની ફરજ પડેછે કે તુંને મારીનાખવાના તેવન ઉપાએ શોધેછે.

સમજુ શોહોરાબે આ સઘલા હેવાલને ખરો માનીઓ નહી અને તે ખરેખર ખોટોજ હેવાલ હતો. કારંનેજ પોતાના બાપને ઉસકેરીઓ હતો, અને હવે આ ભાઈને ઉસકેરવા આવીઓ હતો તોપણ કારંને એવીતો તાલ અને તલાવટથી તેને સમજ પાડી કે શોહોરાબને સઘલી વાત ખરી લાગી, અને તેથી પોતાના બચાવને ખાતર હથીઆર બાંધીને ઘરમાં ફરવાનું તેણે કબુલ કીધું ગરીબ બીચારો જવાન, આ ઠગારાના ઢોંગથી લલચાઈ ગએઓ. તેણે ઘરમાં હથીઆર બાંધીને ફરવા માડીઉં, પણ તેથી તેના બાપને વધારે શક ગએઓ અને તે પોતાના શીઆંના બેટા તરફ વધારે ધીકાર દેખાડવા લાગો. ફરાંમરજની ખાતરી થઈ કે કારંને જે કાંઈ તેને ખબર કીધીછે તે ખરીછે, અને તેનો દીકરો તેનો જીવ લેવાને તપેછે. શોહોરાબની ખાતરી થઈ કે કારંને તેના બાપ વીશે જે હેવાલ કહેઓછે તે ખરોછે, અને તે તેને ધીકારેછે.

એ રીતે ફરાંમરજને ખોટી વાત સમજાવી ઘબરાટમાં નાખવાનો તથા શોહોરાબ વીશે તેના મનમાં વેર વસાવાનો કારંનને શું સબબ પડીઓ હતો તે તેના મનમા ભમતા ભેદ ઉપરથી જણાઈ આવેછે. તે ભેદ એ હતો કે "ખોદાએ મારો જનમ આપીઓછે, તથા કુદરતે મને બીજા માણસોના સરખો બનાવીઓછે, તોપણ મારો બાપ મારાં કરતાં મારા ભાઈને વધારે ચાહેછે અને મને વારેઘડીએ રાંડને પેટનો બોલીઆ કરેછે. તે મને નીચો અને શોહોરાબને ઉચો ગણેછે, મને ખીજવેછે અને તેને રીજવેછે. એમ શા માટે ? તેની બદફેલીથી મારો જનમ થએઓ તેમાં મારો વાંક નથી. તોપણ એ બુઢો મને આટલુ અપમાંન આપેછે, અને તેના વેરનુ જેહેર શોધવાની મને ફરજ પડેછે."

આવા વેર ઉપરથી શોહોરાબ સરખા નોજવાંન પુરૂશ વીશે કારંને ફરાંમરજનાં મનમા ઉપલા જેહેરી વીચાર પેવસ કીધા હતા. પણ તેના મંનનો ભેદ નહી સમજવાથી કારંનનુ કેહેવુ ફરાંમરજે એટલુ બધુ બાહાલ રાખીઉં હતુ, કે કારંનને ઓર વધારે ખુશી ઉપજી હતી, કેમકે તેથી પોતાની મરજી માફક તુમરા લડાવાનુ તેને પુરતી રીતે બની આવશે એવી તેને ખાતરી હતી.

આવી દુરની ઘુરકા ઘુરકીમાં થોડાએક દીવસ નીકલી ગએઆ. પણ તે હાલતમા મામલો ચાલીઆ કરે એ વાત કારંનને દરસત લાગી નહી. માટે તેણે એક નવુ કારસતાંન શોધી કાહાડીઉં. શોહોરાબને પોતાના આ ભાઈ ઉપર પુરતો વીસવાસ હતો. તે વીસવાસ મેલવવાને આ શખસ શોહોરાબનો સભાલ લેવાનુ ઘણુ દેલ ઘાલતો હતો. બાપનો ગુસો ઓછો કરવાનુ સઘલુ કાંમ શોહોરાબે પણ એ કારંનને હાથ નાખીઉં હતુ. એ ઉપરથી તેને એવી તાલ કરવાનુ બની આવીઉં કે તેથી શોહોરાબ તેને મનસે સદાનો દુર થએઓ અને તે પોતાના ખોટારાં છતા બાપની નજરમાં જહલકવા લાગો.

પરથમ તેણે ફરાંમરજને ચેતાવી મેલીઉં હતું કે તેણે રાતને વખતે ઘરનાં એક ચોકસ ભાગમાં હાજર થવું. એટલુ કહીને પછે કારંન શોહોરાબને વાત કરાવતો તે જગામાં લઈ આવીઓ, પણ તે વખતે તેનો બાપ તાંહાં આવવાનો હતો. થોડા વખતમાં તે દુરથી આવતો દેખાએઓ તે ઉપરથી કારંને પોતાના ભાઈને ધાસતી આપી કે "તે તુને જોશેતો તુરત મારી નાખશે વાસતે બેહેતર કે હીંઆથી નાંહાંસ, તું નાહસે તેટલા હું માતર તેને દેખાડવા માટે તારી ઉપર તલવાર ઉગમકશ, પણ તુને મારશ નહી." એમ કેહેવા ઉપરથી શોહોરાબ તુરત નાહઠો અને કારંને તલવાર અફાડીને મોટી બુમાબુમ કરી મેલી, એટલુજ નહી પણ પોતાની તલવાર વટે તેણે પોતાનેજ જખમ કીધા અને જાંણી બુજીને લોહી કાહાડી બુમ મારતો ઉભો રહેઓ.

તુરતજ તાંહાં ફરાંમરજ ઘબરાટમાં આવી પુગો. તે આવતાવાર શોહોરાબ વીશે પુછવા લાગો, જેથી કારંનને પોતાના તરકટ કરવાનુ બની આવીઉં.

કારણ—અરે સાહેબ હું જેવો તેને પકડવા ગએઓ તેવોજ તે નાહસી ગએઓ પણ મને આ જખમ કરી ગએઓછે.

ફરાંમરજ—પણ તું શા માટે પકડવા ગએઓ !

કારંન—બીજું હું શું કરૂ ? તમારૂ ખુંન કરવાને તે મને સમજાવવા લાગો, પણ મેં કહેઉં કે એ કામમા ખોદા રાજી નથી, અને મોટો ગુનાહછે. એ ઉપરથી સાહેબ તેણે જોઈઉં કે હું તેની ઉમેદની સામે છઉં. માટે મારો અંત લાવવાની ધારનાથી તે મારા ઉપર હાથ ઉંચકવા લાગો. એ ઉપરથી મારા બચાવને થકી હું તેને પકડવા ગએઓ પણ તેવામા સાહેબ પોતાની તલવારથી એકજ ફટકો મારીને તે નાહસી ગએઓ. અરે બાવા મારો હાથ લોહી લુવાંન થઈ ગએઓછે હું જલદીથી બેશુધ થઈ જવશ.

આ હેવાલ સાંભલીને ફરાંમરજને ઉપજેલી અચરતાનો કાંઈ પાર રહેઓ નહી. બીહીક, ઘબરાટ અને ખુશાલી તેને સાથે ઉપજી હતી, પણ સઉથી મોટો જુસો તેની શંતાશનો હતો, કારંનને તે અતીઘણી ધીરજ આપવાં લાગો, તથા બુઢા બાપને ખાતર તેણે વફાદારી દેખાડી પોતાને નુકસાંન થવા દીધુ એવુ જોઈને તે તેની કીરતી ગાવા લાગો. તેને ખબર નહી હતી કે કારંને આ જખમ પોતાને હાથે કીધા હતા અને બીચારા શોહોરાબનો કાંઈ વાંક નહી હતો. તેનાં અનજાંનપણાંથી ફરાંમરજ કારંનને કાંઈ માણસ નહી પણ ફરેસતામાં ગણવા લાગો, અને ફરી ફરીથી દુવા માગવા લાગો કે ખોદા એ હીરાને લાંબી ઉમર બખશે. તેણે શોહોરાબની શોધને માટે તુરત માણસોને રવાંને કીધાં અને કારંનને ધીરજ આપી કે નામદાર બાનુ ગુલનાર તેનાં ખાવંદ નોદર સાથ તેના ઘરમાં રેહેવા આવવાનીછે તે વખતે તે શાહાજાદીને ખરી હકીકતથી વાકેફ કરશે.

## માતાઓને ચેતવણી—દુધમલ બાલકોને જોઈતો ખોરાક.

ઘણી નાહાની ઊમરના બાલકોને જોઈતું દુધ આપવાની માતાના થાંણમાં જો શકતી નહી હોએ અને જો ધવાડનારીબી મલી શકતી નહી હોએતો બાલકને કેટલું અને કેમ દુધ આપવું તથા તેમ કરતાં કઈ બાબદોની તપાસ રાખવી તે વીશેની થોડીએક ચેતવણી એ હમારા ગએઆ આંક મધે હમે આપી હતી. આ આંકમાં હમો તેનેજ લગતી થોડીએક વધારે વીગતો આપીએ છઈએ, અને તેમાં અગત કરીને જે બાલકો જરા જરા ઊમરે આવતાં જાએ તેઓના ખોરાકમાં શું સંભાલ રાખવો ને વીશે હમારે થોડુંએક જણાવવું છે.

પરથમ હમો ધાવતાં બાલકોથી શરૂ કરીએ છઈએ. ધાવતાં બચાંને કેટલો અને કેટલીવાર ખોરાક આપવો, એ મુકરર કરવા માટે બચાંની ઊમર ઊપર અને તેની પાચન શકતીના જોર ઊપર ધીઆન રાખવું જોઈએ. બચું બે ચાર અઠવાડીઆંનું હોએ અને તેને ધવાડવાનું બની ન શકેતો થોડો ખોરાક (દુધ) પાંચ સાત ચમચા જેટલો થોડે થોડે વારે આપવો કારણ કે દરએક વેલા માદામાં તેથી વધારે ખોરાક રહી શકતો નથી. જેમ બચું દાહાડે મોટું થતું જાએ તેમ તેના આ ખોરાકનો વજન વધારતા જવું. એક માસનું બાલક થાએ એટલે તેને દર ચાર કલાકને આંતરે ખોરાક આપવો જેથી કરી તેનું પાચન કરવાને માદાને વખત મલે. પણ એટલાં નાહાની ઊમરનાં બાલકને આ કાએદા પરમાણેજ દુધનો ખોરાક નહી આપીએતો પાચન શકતીને અડચણ પડેછે અને પચીઆ વગરનો ખોરાક માદામાંથી આંટરડાંમાં પેવસ થઇ તેના સરીરમાં બીગાડ કરેછે. નાધલાં બચાંને ખોરાક આપવામાં આપણી માતાઓ ઘણી ભુલ કરેછે અને મોટી ભુલ એ થાએછે કે તેને જોઈએ તે કરતાં વધારે ખાવાનું મલે છે. પણ તેને ખવાડવાનો ચોકશ વખત બાંધીએ તો આ અડચણ મરી જાએછે અને ભુખ લાગી હોએતો થોડો ખોરાક આસતે આસતે ખવાડવાને જરૂરનો દીસેછે. અગરજો એ નીઆમ ઊપર અમલ કીધો તો પછી બચાંને બાદી, જાહાડો અને એવાં બીજાં દરદો થાતાં નથી તથા દવાઈ આપવાની જરૂર પડતી નથી.

માતાઓએ અગત કરીને આ વાત ધેઆનમાં રાખવી, કે બચાંને ખવાડતી વેલા તેને કઈ બાજુ ઊપર રાખવું તે પણ એક અગતની બીનાછે. બચાંને સુતાં સુતાં ખવાડવું નહી પણ દાઈના હાથ ઊપર માથું ઊંચું રાખી ખવાડવું. વલી દર વેલા ખવાડીઆ પછી બચાંને પારણા અથવા ઝોલીમાં ઈઆ નહીતો માના ખોલામાં હરઘી કલાક અથવા એક કલાક વેર શુવાડવું તે સાથે તેને ખવાડીઆ પછે તેને રમાડવું, ઊછાલવું નહી એવું સારા વઈદોનું મતછે. જેમ મોટાં માણસને ખાધા પછી આરામ લેવાની જરૂર પડેછે તેવીજ જરૂર બચાંને ખોરાક હજમ કરવા માટે પડેછે, અને ખાવા પછી મનની ઈઆ તનની કશરત કરવાથી જેમ મોટાં માણસોને નુકસાન થાએછે તેમજ બચાંને પણ થાએછે.

પેહલા અથવા દુધના દાંત ફુટીઆ પછે જારે બીજા ખોરાકનો વખત આવેછે તારે બચાંનેશું ખવાડવું તે પણ અગતની બીનાછે. છઠે, સાતમે અથવા આઠમે માસે એકાદ બે દાંત દેખાવા માંડે તાર પછે તેના ખોરાકમાં વધારો કરવો જોઈએ. બચાંને જો ગાએનું દુધ પાંણી સાથ ભેલીને આપવામાં આવતું હોએતો હવે તેને ફકત એકલું દુધજ આપવું અને જો એથી તેનો ઊધરભાવ થાએતો માસ બે માસ એજ જારી રાખવું, પણ ઘણું કરીને તેવાં બાલકોને આ કરતાં જરા વધારે સંઘીન ખોરાકની જરૂરીઆત પડેછે માટે દુધની, સાબુચોખા, આરારૂટ અથવા તાપીઓકાની કાંજી બનાવીને આપવી અને જે વસતુની કાંજી બચાંને માફક આવે તે જારી રાખવી,

જે બે મોટા દાંતથી ખોરાક ચવાઈ સકેછે તે જારે ફુટે તારે દરરોજ એક વખત ચીકીનનો અથવા કુંમરાં હલવાનના ગોસતનો બાલકને સેરવો આપવો. એવા સેરવાથી તે બાલકને ફાએદો થાએછે—માટે તે બનાવવામાં સંભાલ રાખવો ઘરેછે. ડાકટર બુલ લખેછે કે હમેસ ગોશને ગરમ પાણી સાથ ઊકાલીને સેરવો બનાવીઆમાં આવેછે પણ તેમાં ગોસ ચેઠવાઈ ગીઆથી જાજો કશ આવતો નથી. માટે નીચે લખવા પરમાણે સેરવો બનાવવો જોઈએ—"એક રતલ ચરબી વગરનું ગોશ લઈ તેને જરાએક છુંદવું અને તે ઊપર એક પેંટ થંડું પાણી નાખી તેને બે તરણ કલાક રેહવા દેવું પછી તેને ધીમી આંચે ઊકાલીઆ બા

દ બે તરણ મીનીટ જોસમાં ઊકાલવું અને તેને ગાલી કાહડી અંદર જરા નીમખ નાખવું." એતો ગોસતના સેરવાની રીતછે, પણ ચીકીનનો સેરવો પણ એજ પરમાણે બનાવવો ઘટેછે.


જારે છોકરૂ નવ દશ માસનુ થાએ તારે તેને અદકચરૂ (હાફબેલ) બેડું ખવાડવામાં અડચણ નથી, પણ આ વખતથી તેને જાંનવરનો સંધીન ખોરાક ઈઆને ગોસત ખાવા મારે આપવું નહી. તેમ કરવામાં ભુલછે અને એ ભુલ થવાથી ઘણું નુકસાન થાએછે એક નાંમીચો તબીબ લખેછે કે "બચાં ચાવીને ખાએ એવા દાંત તેનાં મોહોમાં બરાબર નીકલીઆ હોએ તેની અગાઊ તેને જાંનવરનું ગોસત ખાવા સારૂ આપવું નહી જોઈએ. જારે તે એવા ખોરાકને લાએક થાએછે તારે ખોદાતાલા તેને પોતાની મેલે દાંત આપેછે પણ કુદરતની ધારણાની અગાઊ તેને એ ખોરાક આપવાથી ખોદાની મરજીથી તદન ઊલટું ચાલીઆ બરાબર છે. દાંત વગરનો બુઢો ડોસો ગોશતને ચાવીઆ વીના ગલી જાઈ શકે પણ બચાંનો માદો કોમલછે તેથી ગોશત જો બરાબર ચાવીઊં નહી તો બેશક તેને નુકસાન થાએછે." બીજો એક ડાકટર લખેછે કે "વગર દાંતવાલાં બચાંને ચાવવા મારે ગોશત દેવું એ ચાલ ઘટી વગર આટો દલવા જેવીછે." તોપણ એજ ચાલ આપણા જોવામાં દર રોજ આવેછે.

છ માસથી બાલક બે વરસનું થાએ તાંહાંસુધી ઊપલો કાએદો પાલવો જોઈએ કારણકે આ વેલા દાંતો બધા ફુટવા માંડેછે અને ખોરાક આપવામાં ભુલ થઈતો બચાંને નુકસાન થાએછે. દાંત ફુટવાનું જારી હોએછે તારે જોરાવર અને માએનાં દુધથી ધાવેલાં છોકરાંને બીમારી જાહાજી માલમ પડતી નથી, પણ જે બચાંને પેહલેથીજ હાથે પકાવેલો ખોરાક આપી ઊછેરીઊં હોએછે તેને વધારે ખમવું પડેછે આ વેલા તેને ગોવરૂ, શીતલા, જાહાડો અને કરમ થાએછે તથા ઓહ આવેછે. માટે તેનો ખોરાક આપવામાં જો દાહપણ ખરચીઊંતો એવી આફતોથી તે ગોકલું રેહેછે.

અલબતાં સરવે માતાઓથી કાંઈ આ ચેતવણી પરમાંણે ચલાવાતું નથી. માટે હાથથી પકાવેલા ખોરાકથી બચાંને જો જાહાડો અથવા ઊલટી થાએતો તેને લગતી એક ચેતવણી કાંમની થશે. જો એમ થાએતો માબાપોએ તેના ખોરાકમાં ફેરફાર કરી સારૂં કરવું. દવા એકદમ આપવી નહી. હલકી અને કમતી ખોરાક આપવાથી ઘણો ફેર પડી જાએછે. તે એટલા સુધી કે પેટ ઘણાં ગ્યાવેતો એખલી કાંજી પાવાથીજ તે બંધ થાએછે. જરા જરા મારે તેને દવા આપવાથી વધારે બીમારી થાએછે.


એમ કરતાં છોકરૂં મોટું થાએછે. બેથી આઠ વરશની ઊંમરમા તેને ખોરાક કેવો આપવો તે તપાસીએ. દાંત ફુટીઆ પછી જાંનવરનુ ગોશત આપવામાં અડચણ નથી પણ તેમ સંભાલ રાખવી ઘટેછે કે તેથી કાંઈ ભુલ ઈઆ નુકસાંન ન થાએ. પેહલે એક દીવસને આંતરે થોડું ગોશત આપવું જોઈએ. ખાંણું દર ચાર કલાક ગાલી કાહડીને આપવું. સહવારના સાત આઠ કલાકે પાંઊં, માખણ અને દુધની ચાહે, કાંજી અથવા પાંઊંની કાતરી દુધમા ભીજવીને આપવી. બપોરના બાર કલાંકે ચીકીન અથવા ગોસત રોટી દેવી ઈઆ ચાવલ અને સેરવો અથવા રોટલી અને ઈંડું આપવું. સાંજના ચાર કલાકે સહવારનીજ માફક ખોરાક આપવો અને રાતના સાત વાગે બીસકીટ અથવા કાંજી આપવી. જરા જરા વધતી ઊમરનું બાલક થતું જાએ તેમ તેનો ખોરાક વધારવો. તાજું દુધ રોટી સાથ સહવાર સાંજ જો માફક આવેતો આપવું અને બપોરના જમવામાં ગોસત તથા રોટલી અને જરા તરકારી દેવી.

આ વેલા બચાંને એક અગતની ટેવ પાડવાને શીખવવું જોઈએછે, જેથી કરી આગલ જતા તેની સુખાકારીમાં ઘણો વધારો થાએછે. તેને આસતે આસતે ખાવા, ખોરાક ઘણીવાર ચાવવા અને આસતેથી ગલી જવા તથા બે ભોજન વચે બીજું કાંઈ પણ ન ખાવાને શીખવવું. આ ટેવ પાડવા મારે માતાએ પોતે તેને ખોરાક કેવો અને કેટલો આપવો તે વીશે સંભાલ રાખવી જોઈએ અને બચાંનો તંદરૂસત દેખાવ જોઈ તેને આંનંદ ઊપજશે.



# દુનીઆંનો મુસાફર.

## પત્ર ૧૧



મારાં પીઆરાં બેહન,

મારાં છેલાં કાગજનો છેલો હેવાલ બરમાં દેશ સંબંધી હતો. બરમાં દેશની પડોશમાં હીંદુસતાંન દેશ આવીઊછે, અને આપણ પોતે જારે એજ દેશમાં વસીએ છઈએ તારે તેનો થોડોએક હેવાલ તમોને પસંદ પડશે એવી હું આશા રાખું છઊં. પીઆરાં બેહેન તમો ઈઆદ રાખજો કે એશીઆખંડનાં ઘણાં ખરાં દેશોમાં હું ફરી વલીઓ છઊં, પણ હાથીઓ અને આદમીઓનાં રેહવાસનું હીંદુસતાંન સરખું જોવા અને ફરવા લાએક દેશ એકે મારી નજરમાં આવીઊં નથી જંગલી આરબો અને જહતુની કાબુલીઓનાં દેશમાં હું ફરીઓ છઊં, પોતાને બેહસતીમાં ગણનારા ચીનાંઓ, અને બધા ભાઈઓ વચે એક બાએડી રાખનારા ટીબેટનાં રેહવાસીઓને મેં જોએઆ છે, પણ હીંદુસતાંન જેવુ મોટું અને જાત જાતના દેખાવ, વનસપતી તથા લોકોથી ભરેલું દેશ મેં જોએઊં નથી. હીઆંની જમીન ફલવંત, હીઆંની ઈમારતો જોવા લાએક, હીઆંનાં શેહરો વસતીથી ભરેલાં તથા જંગલો આંખને તાહાડક આપનારાંછે.

હીંદુસતાંનની ઊતરે હીમાલીઆ પરવત અને દખણે હીંદુ માહાશાગર આવીઓછે, તથા તેની પશચીમ દસાએ બંગાલનો આખાદ અને પુરવ તરફ કાબુલ તથા આરબી સમુદરછે. એ દેશની ઊતરથી દખણ સુધીની લંબાઈ ૧૮૦૦ માઈલ અને વધતાંમાં વધતી પોહોલાઈ ૧૫૮૦ માઈલછે. તેણે ૧૨૫૦૦૦ ચોરસ માઈલની જગા રોકીછે, જે ઈઊરોપખંડનો લગભગ-તરીજો ભાગછે, તેમાં આસરે ૧૮ કરોડ માંણસોની વસતીછે, જે વસતી ઈઊનાઈટેડ સટેટસની વસતી કરતાં આસરે દસઘણી વધારે કેહવાએછે. હીંદુસતાંન ઊતર તરફથી ઘણું પોહોલુંછે, પણ દખણ આગલથી તે છેક સાંકડું થતુ જાએછે. તેની બે બોરદુએ બે કોસતાછે, જે પછે થોડાએક માઈલને અંતરે ઘાટ નાંમનાં મોટા ડુંગર શરૂ થાએછે. તે ડુંગરો ચહડીઆ પછે દેશનો મોટો ભાગ ઊંચાંણ ઊપરજ બંધાએલોછે.

હીંદુસતાંનમા મોટો ભાગ હીંદુ લોકોનોછે. તે સીવાએ મુસલમાંન, અને ખરીસટીઓનો એક સારો ભાગછે. હીંદુસતાંનની બીજી કોમો સાથ સરખાવતાં પારસીઓતો કુચ ગણતરીમાં નથી. હીંદુ લોકોમાં જુદી જુદી નાતોનો એક અજાએબ જેવો રવઈઓછે. લોકો બરાંમણ, ખતરી, સીપાઈ અને ધંધાદારી જેવા ચાર ભાગમાં વેંહેંચાઈ ગએઆછે, અને વલી એ ભાગનાં લોકોમાં જુદી જુદી નેઆતો થઈ ગઈછે. એક નાત વાલો બીજી નાત વાલા સાથ ખાવા પીવાનો અને લગણનો વેહેવાર રાખી શકતો નથી. એ રીતે લોકોનાં વીભાગ થઈ પડવાથી તેઓ વચે અરસ પરસ સંપ તથા પરીતીનો ગાઠ મજબુત રહેઓ નથી.

હીંદુસતાનનો જેટલો બોહાલો વીસતારછે તેટલી તેમાં ઊપલાં આદમીઓ ઊપરાત બીજાં જનાવરો તથા વનસપતીની મોટી ઊતપંતી નજરે પડેછે. જનાવરોમાં હાથી સરખાં સઊથી મોટાં, વાઘ સરખાં સઊથી ફાડી ખાનાર, તથા સોસવાટ સરખાં બીહાંમણાપરાંણીઓ આ દેશ મધે ઊભાઓછે. એ પરાંણીઓનો વારેઘડીએ શેકાર કરવાને ઈઊરોપીઅનો અને દેશી શેકારીઓ જથાબંધ ટોલાંમાં એકઠા થઈને જાએછે. એવા એક વાઘના શેકારનું નાહાનું ચીતર આ પતરને મથાલે મેં દેખાડીઊંછે, અને સીધી લોકો સોસવાટનો શેકાર કેમ કરેછે તે આ બીજાં ચીતર ઊપરથી તમોને જણાશે.



આ બે ચીતરો ઊપરથી આવા શેકારોની બ એનો થોડો ઘણોખી વીચાર આવેછે, અને આ વાત સરવેને જાણીતીછે કે વારેઘડીએ એવાં મોટાં પરાંણી આનો શેકાર કરવા જનારાઓ પોતાનો પીઆરો પ રાંણ ખોહી આવેછે. ઊંટ, બાલાબીછ, અને ગેનરો (જે



નું ચીતર પાસે મેલીઊંછે) તે તથા વરૂં, કોહોલું, ગાએ, ઢોર અને બીજાં પરાંણીઓ હીંદુસતાનના મોટાં જંગલોમાંથી પુશકલ મલી આવેછે. કેટલાંક ગાંમડાંઓમાં વાંદર કાગડાની મીશાલે છાપડે છાપડે દેખાએછે, અને લોકોમાં મીલનસાર થઈ ગએલાછે. પખશીઓમાં પોપટ, મોર અને મરઘાઓ પોતાના રંગીન પીછાંઓને લીધે વણીજ સોબા દીએછે. તે ઊપરાંત પેટે ચાલનારાં પરાંણીઓ જેવાંકે સરપ, ઈતીઆદીની આ દેશમાં કાંઈ નવાઈ નથી. અગત કરીને એક જાતનો સરપ જેને અજઘર કરી કેહેછે, તે એટલોતો કુવતમંદછે કે કોઈબી પરાંણીની આસપાસ વીટલાઈ જવા બાદ તેને પોતાના સરીર વડે તદન દાબી નાખેછે, અને પછે તેને દંખ દીએછે. એવા ભએંકાર સાંપે પકડેલા એક બલદનું ચીતર તમારા ખોલાસાને માટે મેં બીડીઊંછે.



હીંદુસતાનની મરોડી એટલીતો ફલવંતછે, તથા હવા જમીનને એવીતો માફક આવેછે કે કોઈબી ખેતીવાદીને માટે જરા જમીન ખેડીનો પુશકલ પાક ઊગી નીકલેછે. તેમાં કેટલીએક જગોએ વરસમાં એકવાર અને કેટલીએક જગોએ બેવાર જોસથી વરસાદ પડેછે, તેથી તથા વલી મોટી નદીઓની સુંદર રેલથી જમીનને સદા તાજગી મલેછે અને તેથી એ દેશની વનસપતીની આખી દુનીઆં અદેખાઈ કરેછે. તેના જંગલમાંથી દરએક પરકારનું લાકડું મલેછે, તથા ખેતરોમાંથી વરસમાં બેવાર, અનાજ પાકેછે, જે અનાજ ઊપર હીંદુસતાનની રઈએતનો સરવે આધારછે. માટે જારે વરસાદની તાનને લીધે પાક પુરતો થતો નથી તારે લોકો ભુખમરાથી મરણ પાંમેછે. રૂ, સન, અફીણ અને ચાહનો પાક વધેછે, પણ દેશી લોકોને આ દેશની ખેતીવાડી કરતાં બરોબર આવડતું નથી. બાકી તમે ઈઆદ રાખજો બેહેન કે ઈંગરેજ સરખા ચંચલ લોકોના હાથમાં જો આ સરખું દેશ હોએતો તેને તેઓ બેહસતનો બાગ બનાવી મેલે. સુખડનું જાહાડ ખુશબોદાર લાકડું આપેછે. એક જાતના જાહાડમાંથી "ઈંડીઆ રબર" નાંમની પદારથ નીકલેછે, જે કમાંનીઅત ખાશીએત ઊપરથી ઘણીએક ચીજોમાં કાંમ આવેછે. મુખીઅ કરીને "બનીઆન ટરી" નામનું જાહાડ મોટાં કદને માટે પરખેઆતછે. માઈસોર ખાતેના એવાં એક જાહાડે ૮૦૦૦ ચોરસવાર જગા રોકીછે, જેની તલે એક આખી ફોજ છાવણી કરી શકેછે!


હીંદુસતાનની જમીનની તલે મુખીઅ ખજાંનો જહવેરાતોનોછે. ગોલકંડા નામના પરાંતના હીરાઓ દુનીઆંમાં મશહુરછે. કોહીનુર નામનો જે કીમતી હીરો આપણી રાંણીના સવાધીનમાંછે તે અસલ હીંદુસતાનથી એક લુટમાં મલીઓ હતો. એ ઊપરાંત હીંદુસતાનની દખણ તરફના લંકા નામના ટાપુ આગલથી મોતી પુશકલ મલેછે. બીજી જગાઓમાંથી માણેક ઈતીઆદીની ખાંનો જણાઈછે. કોલસો, લોહોડું, ઈતીઆદી પણ કેટલેક ઠેકાંણેથી મલી આવેછે.

આ હેવાલ ઊપરથી બેહેન તમોને જણાશે કે હીંદુસતાનને કુદરતે એવી સારી સથીતી બખશીછે કે જેથી દોલત, આબાદી અને વેપારની બાબદમાં તે સઊથી સરસ દેશને ટકર મારે. પણ એ સઘલી શકતીઓને ખીલવવાનીજ ખોટીછે, અને માઠાં ભાએગે તે કાંમ ઈંગરેજો જેટલું જાણેછે તેટલું હીંદુઓ જાણતા નથી. તેથી કરીને આ દેશ ઘણી રીતે માદી અવસથામાં પડી રહેલોછે અને જેટલો વેપાર તથા જેટલો સુધારો ખરેખર ચાલવો જોઈએ તે હજીર બચપણની હાલતમાંછે. એમાં બીચારા હીંદુઓનો જાજો વાંક નથી. તેઓ જા

તે નરમ, પોચા, અને નબલા હોવાને લીધે તેઓને માં થે ગોએઆ સતરસો ચોવડીઆંઓ વીટી ગએઆંછે. અસલ જે રાજ એખલું તેઓનું હતું તે પછવાડેથી વા રાફરતી પારકા રાજાઓના હાથમાં આવી ગએલું હ તું. સીકંદર બાદશાહાએ ઈસુ ખરીસટના જનમની ૩૨૫ વરસ અગાઊ હીંદુસતાન ઊપર ચહડાઈ કીધા પછે હીંઆં રાજ કરતાઓની કેટલીએક વંસ થઈ ગઈ છે. ઈસવી સને ૧૦૦૦ માં પાદશાહા મહમદે આ દે શ ઊપર હોમલો કીધો હતો. તાર પછે બારમી સદી માં આફગાંની લોકોએ દીલીમાં પોતાનું પાએતખત કી ધું હતું. તેની પછવાડે મોગલાઈ વંસનું રાજ ચાલી આ બાદ એક વખતે મરાઠાઓનો દોર વધીઓ હતો, પણ છેલે ઈંગરેજી રાજે તે સરવેને નરમ કીધાછે. ઊ પલા જુદા જુદા રાજાઓના જુલમ તલે ચમપાવાથી હીંદુઓની હાલત ઘણી ખરાબ થઈછે. તોપણ તેઓ વણત તથા તથા ભરત કાંમમાં અને નકસી કોતરવામાં હુશીઆરછે તથા પરચુરણ ધંધાઓથી ગુજરાન ચલાવેછે.

એલંમ હોનરોની બાબદમાં હીંદુસતાનની આગલી ચહડતી કલાની નીશાંનો કાશી ખાતેના પંડીતોમાં અથવા પાહાડમાં કોતરેલા ગોશ અને બીજી ઈમારતોમાં રહી ગઈછે, જે જોઈને હાલનાં વખતમાં થએલાં માંઠો ફેરફાર મંન ઊપર અસર કરેછે. આ વખતમાં હીંદુઓ રેવાજ, છીત અને વેહેમનાં ભોગ થ ઈ પડીઆછે. તેઓ ઓરત જાતને ઘણી હલકી ગણી તેને સરવે પરકારની જાપતીમાં રાખેછે. તેઓ પોતાના ફરજંદોને સઊથી નાહાની ઊમરમાં મોટે ખરચે પરણા વીને તેઓના સુખનો ભંગ કરેછે. તેઓની વીધવાઓને નાતરૂં કરવાની રજા નહી હોવાથી જુવાન નારીઓ મોટા ગુનાહામાં ફસેછે. તેઓમાં સમુદરની સફરની છીટ હોવાથી તેઓ અગનાન રહી ગએઆછે. તે સીવાએ ભરતારના મુવા પાછલ જો તેની બાએડી આપઘાત ક રે, અથવા જો છોકરીનો જનમ થતાંમાં તેને સમુદરને હવાલે કરે તો તેમાં કમબખત હીંદુઓ સવાબ સમજેછે.

એમાંના કેટલાક રેવાજો આપણા લોકોને મલ તા આવેછે, તે આપણે હીંદુઓ ઊપરથી લીધાછે, પણ બેહેન ઈંગરેજી રાજની શરૂઆતથી હીંદુસતાનમાં સુ ધારો ચાલીઓછે. એક વેપારી કંપનીએ વેલાતમાં સ ને ૧૬૦૦ માં સરકારની રજા મેલવી આ દેશમાં મ કાન કીધું અને તે કંપનીએ આસતે આસતે પોતાનો વગ એટલો વધારીઓ કે આંતે તેઓ હીંદુસતાનના રા જા થઈ પડીઆ. હમણા તે કંપની પાસેથી વેલાતની રાંણીએ આ દેશનું રાજ લઈ લીધુંછે. હીંદુસતાન ઘ



ણું ખરૂ ઈંગરેજનાં હાથમાંછે અને બા કીનો બાગ નાંહાંનાં રાજાઓ તથા ન વાબોનાં હાથમાંછે. આ એક નવાબનુ ચીતરછે. ઈંગરેજી રાજનાં ચાર મોટા ભાગ કીધાછે, અને દરએક ભાગને માથે એકેક હાકમ આવેછે. તે સઘલા હાકમો ઊપર સરદારી કરવાને એ ક વાઈસરાએ નેમેલોછે, અને તેને વલી વેલાતની એક પરધાન ટોલીના અમલ તલે રાખીઓછે. એવી ગોઠ વણથી આ દેશનું રાજ ચાલેછે, જેના છાંએઆ તલે ર ઈએત સલાંમતછે અને વલી રેલવેઓ તથા બીજી અ ગણીત કલાઓ દાખલ થતી ચાલીછે, તેથી આશાછે કે હીંદુસતાન પોતાની આગલી કીરતી પાછી મેલવશે.

હું છઊ તમારો,

**વાહાલો ભાઈ.**

---

## ધનજીશાહા અને રતનબાઈ.

(હુંતો માહારાં એકપુરાં છોકરાંની ભલાઈ જોઉંજો!)

**રતન**—ના ના, ગમે તે થાએ હુંતો માહારાં એકપુરાં છોકરાં તે જલદી જલદી પરણાવવા અદરાવવાની!

**ધન**—પેઆરી રતાઈ, હું નહી ધારતો હતો કે તમે આવાં બેવકુફ હશો. તમારી આજની ચાલ ઘણીજ નાપસંદ છે. ધીરજતો પકડો; સાહેબનાં કાંમ સાહેબ કરશે, સહવા રનાં પોહોરમાં એ રણ લેતાં શું ઉઠીઆં?

**રતન**—તમે કહી રહેઆ કે, હુંતો હવે ધીરજ નથી પકડવાની. એ વાએ! એશાં દુખ! બોલતી ઓવારૂં નવ દસ વરસનાં છોકરાં થએઆં, હજી કેટલી ધીરજ જોઈએ? તારે શું દસ પંદર વરસ સુધી પારી રાખીને બાવાનાં બલેશ કરી મુકવાના છે કે?

**ધન**—રતાઈ જરા ધીરજ રાખો; એમ છેક ઉછાછલાં નાં થાઓ, વખત વેલાએ સઉ વાત થઈ રેહેશે.

**રતન**—જો ધન, તમે મને કકલાવીઆ ના કરો; અંતેબી છોકરાંનું કરવાનું ને પનતેબી કરવાનુંજ; તો માહારી નજર આગલ થવા દેવો. આજ કેટલા કેટલા દાહાડા થએ આ માહારા જીવને બરાબર ગમતાં નથી, ને હું ફકર ચી તાએ બેવડી મરવા પડુંછું કે રખે માહારાં છોકરાં રહી જા એ ને હું કાંઈબી ભલાઈ જોઆ વગર ચાલતી પકડું. વાસ તે હવેતો કાંઈબી કરવું જોઈએ; મરૂં, કાલની કોઈને ખબર નથી કે કાલ કેવીછે.

ધન—પેઆરાં રતાઈ, તમે છોકરાંને માટે આટલી
બધી કાલજી રાખોછો તેથી હું ખરેખર ઘણો ખુશી છું, પણ
જે જરૂરતી બાબદસર ઘણી કાલજી રાખવી જોઈએ તે બાબ
દતો તમે સુદલ વીચાર કરતાંજ નથી ને હાવી બેવકૂફી ભરે
લી બાબદપર તમે એટલાં કેમ આકલાં પડોછો?

રતન—વલી એ કરતાં તે વધારે જરૂરતી બાબદ કહી
છે? છોકરાંનાં માથાં ધોઈ નાખી હલકાં પરી જઈએ, એ ક
રતાં બીજું આપણે શું કરવાનાં હતાં?

ધન—ના, ના, એ ઘણો ચુક ભરેલો વીચારછે. એ
બચાંનેતો હાલ શીકવા ભણવાનો વખતછે, વાસતે એઓ
ને શીકવવા કેલવવાની આપણને કાલજી રાખવી જોઈએ;
પછે એઓ પોતાની ઉમરના ને દાહાડેના થશે એટલે પછે
પોતાને મનગમતાં લગન કરશે. છોકરાં પરણાવવાનું કાંમ
માબાપનું નથી પણ છોકરાંને સારી તરબીઅત આપી ઉધાર
વાનું કાંમ માબાપનુંછે; કે જેથી છોકરાં આગલ ચાલતાં કો
ઈનાં ઓશીઆલાં રેહે નહી ને આબરૂથી રલી કમાઈ પો
તાનું ગુજરાણ ચલાવે; ને માબાપને દુઆદ કરે.

રતન—વલી તમે એવા મીટીન (મીટીંગ) ના ધારા કાં
હાંથી શીખી આવેઆ? અહીંઆંતો જીવારવાનાં હોવાઈ
પરીઆંશ તાંહાં વલી એવણતો મોટી મોટી ને લાંબી ટુકી
વાતો કરેચ; એતો ગમે એટલાં શીકવો ને ગમે એટલાં કે
લવો, પણ કેહેતીછે કે "ધાયો ધાયો ને કરમમાં હોએ તે ખા
ઓ" તે પરમાંણે કરમમાં જે દાલ રોટલી હોશે તે ખા
શે, બાકી તમારાં શીકવેલાં કેળવેલાં કોઈ કાંમ લાગવા
ના નથી; જીવવાતો રેવો, જીવશેતો સઉ શીવશે; લા
વોની તમારા બાપે તમોને શું કેલવીને કણ કીધાતા, ને માહારા
બાપે મને શું કેલવીતી, તોબી આજે આપણે શુખી શુખીઆ
રાં છઈએ કે નહી કે માકાંના માગતાં સુદઈ ભુખે મરીએછે!
એતો આજ કાલના પોરીઆઓ નીકલીઆચ, તેઓને કર
વા કારવવાની હાએ મલે નહી તેથી એવી એવી વાતો લઈ
બેડાય તો તેમની સુજે આપણને ચાલવું નહી જોઈએ!
બાપ દાદા જે કરતા આવીઆ તે મુજબ ચાલીએ કે તેમાં
બોદાબી રાજી થાએ ને મુઆનાં હાડ નહી ધુજે!

ધન—તારે તમે શું આપણા અદુને તથા જરને એક
દમ સાથેજ પરણાવવા માગોછો કે આગલ પાછલ? આટલી
વએમાથી એ છોકરાંને અદરાવવા પરણાવવાની વાત મને
તો સુદલ પસંદ પડતી નથી; વાસતે હજીબી જો તમારો વી
ચાર ફરેતો સારૂં; બે ચાર વરશ નીકલી જતાં વાર નહી લા
ગશે.

મીઠાંમામી—ખાધું, પેટ ભરીને! આએ, બોલતી
બોવારૂં, જી ભરૂં છોકરી દસ વરસનીતો થઈ, અહીંઆંતો
રાત દીવસ ટડકે જીવ જાએછે કે બીચારીના ચાર ચોખા પ
ડી જાએતો માંબાપને પુન લાગે! બાવા, હવે બચું દાહાડે
નું થઈઉં, તેથી હાત ચોખા રેહે નહી તેની અગાઉ રૂડાં
કામ કરી લેવાં જોઈએ!

ધન—તે કરતાં તેમાં જીવ શું? હાત ચોખા નહી ર
હેઆ તો તેમાં ચીંતા શાની! ને વલી ચાર ચોખા પાડી પુ
ણ શાનાં લેવાનાં! ગામમાં લોકો પોતાની દીકરીઓ પરણાવે
છે તે પુણ લેવા થકીકે? એ નાહાનાં બચાંની ઓલીમાની વા
ત કાંહાંથી લાવીઆ કરોછો?

મીઠાં—બાવા, બસ! તાહારીબીતો હાત જોડીઆ!
છોકરી અડકાએઆ અગાઉ લોકો ચાર ચોખા પાડી આપવા
ના જીવ તારે શું કરવા કાહાડેછે?

ધન—તમારાં જેવાં વેહેમીઓ હશે તે એમ જીવ કાહા
ડતાં હશે.

રતન—મીઠાંમાંમી ઝાંડી વાલોની; વલી એ ટાહેલું
તમે કાંહાં લઈ બેઠાં; એતો જી ભરાએઆ હવે બધા સુધરી
ગીઆચ; આપણાં માંબાપો ને વડાવાતો બધા વેહેમીજ હતા!

ધન—વેહેમી સમજુપર વાત નથી; પણ જેમ વખત
સુધરે તેમ આપણને સુધરવુંજ જોઈએ; કદાચ આપણા બાપ
દાદાને એ વાત તે લોકોના વખત મુજબ દુરસત લાગેલી ને
તેઓએ તેમ કીધેલું પણ આપણને નાદુરસત લાગે તો આ
પણે તે ચાલ કાહાડી નાંખીએ, તેમાં કોઈનું કાંઈ ચાલે ન
હીં; વાસતે મનેતો હાલ એ વાત પસંદ નથી પડતી.

રતન—અરે તમે એ ચીંથડાં ફારવાની વાત શું કરો
ચ? વલી વાત પસંદ સાણી નથી પડતી, તમારા ભાઈના
જી ભરૂં છોકરાં આટલાં આટલાં ઠેકાણે પડી ગએઆં કે ન
હી? તો આજે જુઓની તે છોકરાંનાં મા બાપના જીવને કે
ટલી તાહાડક ને થંડકછે; માહારી પહે રાત દીવસ હાએ અ
ફસોસે હોમ ફાસતો ઉડી નથી જતા? મનેતો સાંજ પડેચ કે
આકર વીકર થઈ આવેચ ને કાંઈ બોલાએ નહી એવાં દુખી
આવેચ! તો જાંહાં તાંહાંથી એટલાં છોકરાંનાં માંથાં ધોઈ ના
ખીને પરવારી જાંઉતો પછે ગમે તે થાઓ! વાસતે જી ભરૂં
એટલો માહારો સુખન કરો.

ધન—પેઆરાં રતાઈ, મેં આજ વેર તમારી સાથ ક
શી બાંધ છોડ કરી નથી, ને કોઈ રીતે તમારૂં દીલ દુખવી
ઉં નથી, ને તેમજ તમેબી માહારી સાથ તેવીજ ચાલ ચલા
વેલીછે, વાસતે હવે મને લાચારીથી તમારો સુખન કબુલ રા
ખવો પડેછે; પણ હું પોતે ઘણોજ દુખી ને દીલગીરછું તે ચો
કસ માનજો.

રતન—(પેઆરથી ધનનાં ગલામાં હાત નાખીને) મા
હારા પેઆરા ધન, તમોને એમ બોલવું સજાવારછે વારૂં?
બચાં છોકરાં પરણાવવા અદરાવવાનાં ખુશી ખુશાલીનાં ને
શાદી રામશનીનાં કામ છતાં તમે દુખી થાઓ, એ કાંઈ
સારૂંછે? એતો પેહેલાં જરા એમ લાગે, પણ હાત ઘાલીએ
ને કામમાં પડીએ ને બે સગાં વાહાલાં તથા દોસતો આવ
જા કરે એટલે પછે બધું સારૂંજ લાગે; વાસતે દીલ મોટું રા
ખી મન ખુલું કરો ને ખુદાનું નામ લઈ મને રાજી ખુશી
થી રજા આપો કે હું કામે મંડું.

ધન—પણ વારૂ આપણી જોગવાઈતો પેહેલાં તપાસવી
જોઈએ; બંને છોકરાંનુ સાથેજ લાગું કરતાં રકમ કેટલીક જો
ઈશે, તેનો કાંઈ અડસટ્ટોતો કાહાડીએ, પછે જો બનેતોજ
બંને છોકરાંનુ કરીએ નહીતો પછે, હાલ એકનુંજ કરીએ ને
આવતે વરસ બીજાંનું, કેમ? બરાબર કે નહી?

રતન—નહીરેજી, નહી, એમ થાએ નહી; એતો સાથે
લાગું બેઉનું થતું આવે. ખરચમાં ઘણો વાલો પડે ને વલી
તીખલમાં તીખલ નીકલી જાએ, અવાર નવાર દીકરાને સા
સરેથી આવે તે દીકરીને સાસરે, ને દીકરીને સાસરેથી
આવે તે દીકરાને સાસરે મોકલી દેવાએ, તો આપણને એ
ટ્ટો ઉગારો થાએ! તો નચીંત રેહેજોનેહું તમારે આથે જા

જુંડીપલું ચરાવવાની નથી; તકે પકે જેમ ઘેરની આબરૂ રેહેશે ને પાંચ લોકમાં સારૂં બોલાશે તથા સોભા રેહેશે તેમ જ સઘળો ખરચ કરીશું.

ધન—તારે, તો એમજ કાંએ નહી કરતાં કે કોઈ એવું ઘેર શોધી કહડાવોની કે તેનાબી છોકરો છોકરી સાથે હોએ તો અવાર નવાર આપણો છોકરો ને તેની છોકરી ને આપણી છોકરી ને તેનો છોકરો કરીને ગોઠવી બેશાડીએ કે પછે આડા ફુટજ નહી.

રતન—(જરા તબકરો કરીને) નારે વાએ! સાટે પાટે કદી કરીએ નહી; "સાટાં પાટાં ને માથાં ફાટાં," તેમ એતો રોજની આડા ફોડ થાએ, તો એ જંજાલીમાં કોણ પડે?

ધન—તોબી વારૂં આસરે આપણને નાણાં કેટલાં ખરચાશે; તમે અવાર નવાર એકનું બીજાને ઘેર મોકલવા કહોછો, તેમ કરતાંબી આપણને બીજું કેટલુંક ખરચવું પડશે, તેતો જરા જાણવું જોઈએ.

રતન—તમે ઘબરાવો નારે! માટીડાની હીમત રાખવી જોઈએ તેને બદલે જુઓરે કેવા આડા આંગતા ફફરમાં પહેચ તે; હુવા આંગોની કે સાત પાંચનો કયખાર નથી; નહી તો તમે શું કરતે? મરૂંરે! હુંતો કેહેવી હોંસ કરતીતી કે માહારા અદાનાં લગન પર મોતીની માલા ને હીરાનો હાર પેહેરવાનો દાવો માહારા ધન પર બાંધસ, તે ધનતો મુલમાં બીહું પરીઉં નથી તેટલા વારમાં ઘબરાટમાં પહેચ.

ધન—હારે હા! તમો લોકોને ઘરમાં બેસીને બડાઈ મારતાં શું થાએછે, પણ એતો જે બાહાર ફરે તે બાહારની વાત જાણે; આજે વખત કેહેવો આવીએછે તેની ખબર છે. રૂપીઓ મેલવતાં લોહીનું પાણી થાએછે, ને મોંગવારી તો કેહેછે કે માહારૂં કામ, વાસતે પેહેલાં પોતાની જોગવાઈની સંભાલ કરવાની ઘણીજ જરૂરછે.

રતન—તો હવે હાલ કાંઈ માહારે મોહોડે નથી, પણ હું ધારૂંછું કે સાસરા વાસરાની ને બીજી બધી તીરકો કરતાં તથા બેજ દાહાડાનાં જમણવારનો ખરચ ધરતાં આસરે પાંચ સાત હજાર થશે, વધારે નહી!

એટલું સાંભલતાં પાસે મીઠાંમામી બેઠેલાં હતાં, તે રતનબાઈના પગ દાબીને હરૂસે કેહેછે, "તો આએ ભરકાવનાંની! પેહેલાંતો ઓછું કહીએ, પછે હલુ હલુ ખરચ બતવાવીએ એટલે માટીડો ઘબરાએ નહી, ને હાત ઘાલીઆ પછેતો કાંઈ ના કેહેવાનો નથી." એટલું રતનબાઈને કહી પોતે વચમાં ટાપસી પુરી કે, "નારે બા, પાંચબી નહી ને સાતબી નહી એતો બે તરણ હજારમાં બધું સરાધાન ઉતરશે; પછી સો પચાસ વતા કે ઓછા."

ધન—હા, જો આ મીઠાં માંમી કેહેછે તેમ બે તરણ હજારમાં છેડો આવેતો ઠીક પડે, બાકી પાંચ સાતતો બનવા મુશકેલ પડશે.

રતન—(જરા ટણકો કરીને) મરૂરે! બે તરણ હજારની અંદર જી ભરૂં દીકરો દીકરી બેઉ પરણાવી દેવા માંગોચ કે? શાબાશરે તમારી છાતીને!

ધન—તમે માહારી સાથ એવી આડી અવલી તકરાર કરતાંનાં, મને માહારો વખત જોઈને સઉ કરવું જોઈએછે; તમારી સુજે લાગી માહારી આબરૂના હું કાંકરા નથી કરવાનો; વલી તમારો સુખન રાખવા મારી ખુશી નહી છતાં એ વાતની હા ભણી તારે વલી લાંમટાંમ વાત નહી જોઈએ.

રતન—(જરા નરમ પડી જઈને) નહીરે મરૂં; હું લાબ રામ શું બોલી! હુંતો સેહેજની અલગારની વાત કરૂંછું; તે કરતાં કાંઈ મને નામાં થામાં આવહેછે કે હું હશાબ કતાબ કરીને તમોને કહું? મીઠાંમામીએતો પાંચ સાત વેઆ વાજન કીધેલાંછે ને પાંચ પચાસનાં જમેલાંછે તે એવણ કહી શકે, તો વારૂં ચાલો એવણ કેહેછે તેટલાજ થશે; તમારે ગમે તો પાંચ પચાસ ઓછા ખરચજો, પણ સારે સપરમે દાહાડે કુહડતાના, ને માહારૂં રોજ સેર લોહી સુકવતાના.

ધન—વારૂં તારે ઠીકછે, તમારે જે કરવું કારવવું હોએ તે કરો, પણ ઈઆદ રાખજો કે કોઈ કારજ વસદાલાં વાલાંને વચમાં નાખી છોકરાં દુખમાં પડે એવું નાં કરતાં, તથા રાંડીઆંઓની રાસ દેખાડવાની વેહેમી ચાલ ચલાવતાંનાં.

રતન—તારે, રાસ દોરડાં આપણે કાંઈ જાણતાં નથી. નેં વસદાલાં કરનાર કોઈ જોકટાને ઘરમાં ઘાલનાર નથી. એતો હું માહારી જાતે ને માહારે હાતે કરશ. માહારી નજરમાં વહુ ને જમાઈ બેઉ તઈઆરછે, હું તેની વધારે ખોલ કરીને તથા તેઓના મા બાપોને મોહોડે મોહોડુ મલીને નકી બંદોબસત કરશ, ને તમોનેબી જણાવશ, જરા તમે આ ફીસમાં સીધારો તારે લાલાને કેહેજોની કે ખાલી ગારી લાવે તે છોડે નહી ને મને ગોવાલીએ પીલાંમામે આગલ લઇ જઈ લાવે.

ધનજીશા સીધારીઆ પછે, રતનબાઈ મીઠાંમામી પાસે જઈ તેવણને કેહેછે કે—"તમે જે રકમ કહી તે માહારા ધને કબુલ કીધી ને તે પરથીજ મને રજાતો આપીચ, પણ રખે કાંઈ વધારે ખરચ નીકલી આવે! જો એમ થઈઉ તો ધનતો માહારે માંથે એક લટીઉ રેહવા દેશે નહી, વાસતે મને તો ધારના જેવો ધસકો પરેચ." આવું સાંભલીને મીઠાંમામીએ વલી રતનબાઈને જરા ધીરજ આપી કે "આએ હોએ એતો, અકરાવા ઘબરાવાનું કાંમ નથી, જે થવાનું હોશે તે થશે, કાંઈ ધનજીશા તુને બાંધી મારવાનાતો નથી; હોએ એતો કેહેતીછે કે વેહા કેહેજે મને કરીજો ને ઘેર કેહેજે મને બાંધીજો. તે વાસતે આએ અકરાવાનુ કાંઈ કામ નથી. તમે હવે જે શુજીઉં કરવાનુ હોએ તે કરી નાખો એટલે સઉ સારૂંજ થશે."

એટલું થવા બાદ ધનજીશાને મુકીને ખાલી ગાડી પાછી આવી તેમા બેશીને રતનબાઈતો ગોવાલીએ જઈ પોતાની બે સહીઓ સાથ છોકરાં અદરાવવાની સઘલી તઈઆરી કરી રાજી ખુશી થતાં પોતાને ઘેર પાછાં આવીઆં, ને સાંજના જારે ધનજીશા ઘેર આવીઆ તારે બધી વાત માંડીને કહી; તેથી ધનજીશાબી જરા ખુશી થએઆ કે સાંબાં માણસ તથા વહુ જમાઈ સારાંજ મલેલાંછે, તથા પોતાની રતાઈએ કેટલીક વેહેમી ઓરતોની પઠે કાજ વસદાલાં કરનારાઓને વચે નાખવાને બદલે તથા રાસ દેખાડવાને બદલે રૂબરૂ આવી રીતે બંદોબસત કીધો તેથી તેની ઉપર વધારે ખુશી થએઆ ને હસતાં હસતાં રતાઈના કાન ખોલીઆ કે "માહારી પેઆરી રતાઈ, તમે જેવુ સારૂં મંડાણ કરીઉંછે, તેવીજ ડાહાપણ ભરેલી રીતે આખી અવસર પાર ઉતારશો એવી હું આશા રાખુંછું."

આ મુજબ ધનજીશા સાથ વાત ચીત થયા પછે, બંધે બાજુ વાલાઓએ એક રૂતથી સગાઈની શુરૂઆતનો દીવસ મુકરર કરીઓ ને પેહેલે દાહાડેનો ખરચ રૂ૨૦૦) ધનજીશાને આપવો પડીઓ, પણ દીકરાને સાસરેથી આવેલી કેટલીક રકમ બાદ કરતાં ધનજીસાને આસરે રૂ૧૦૦ ચોખા કાહાડવા પડીઆ, તેથી તેવણ લગાર વીચારમાં પડીઆ કે આજતી નજીવી કીરીઆમાં જો એટલી રકમ ઉંચકાઈ ગઈતો આગલ ચાલતાં વધારે રકમ ઉંચકાશે)માટે પોતે રતાઈને તેડીને કહીઉં કે "આપણે ઘરને લગતી તીરકની જે જે અવસરોને માટે આપણુને જે જોઈએ તેની એક ઈઆદી આપણા મેહેતા પાસે ઉતરાવો કે પછે આએતી વખતે દોડ દોડ કરવી પડે નહી." રતાઈએ મીઠાંમાંમીને સાથે લઈને મેતા પાસે ઈઆદી ઉતરાવવા માંડી; તે વખતે ધનજીશા પોતેબી તાંહાં સાથે બેઠેલા હતા.

મીઠાંમામી—અરે આએ રતનબાઈ, આપણા મેહેતાજીના હાતમાં એક નારીઅલ કુંકુ લગાડીને આપો. સાથે એક ખુમચો ચોખા તથા એક રૂપીઓબી મુકજો.

ધન—જો મીઠાંમામી, એવી મુરખાઈ ના કરતાં હો!

મીઠાંમાંમી—બસરે બાવા! ગરીબ મનખ, સઉ આશા કરે, બોલીએ નહી.

રતનબાઈએ લાવીને મેહેતાજી આગલ ખુમચો તથા રૂપાનાણુ મુકીઉ અને પછે મીઠાંમામીએ આ પરમાંણે ઈઆદી કરાવવા માંડી.

૧૦૦) જરને સાસરે સધરાણું મોકલવાનુ, તે ઊપર આશરે ખરચ લાગશે
૨૫) આજ કાલ આદર મહીનો બેસશે, તો સારી જેવી સેવ કરી મોકલવી જોઈએ તેના માંડો
૫૦) દહી માછલી તથા માણની પોલીના મલીને મુકો.
૭૫) વારૂ સાહેબ તમોને સલામત રાખે, દોસલામા આગીઠ, ચાપટ, કેરવાઈ તથા સમોસા મોકલવા જોઈએ, તથા બે મોટા લાણા તેના મુકો મેહેતાજી. [એટલામા જરા ઘબરાઈને

ધન—"અરે સબુર કરો મીઠાંમામી! એ શું ઢોંગ માંડીઓછે? સધરાણું સું બરીઉછે, ને ચાપટ પોલી સાની ને શેવ કેરી શાની ને એ શું ઘેલું ઘેલું બકોછ?

મીઠાં—ઓ વાએરે ધન! દીકરીજી સગન માગોતો કેહેજે બાવાના ખેતરમાં બલાગત પાકો, તેમ તમે શું કરોછ? સારૂં સારૂં બોલવાનું મુકી એમ શું ફાટું ફાટું બોલોછ? વલી જારે લગનજ કરવા બેઠા તારે તીરક કેમ ચુકાએ? મા એ, ઘણુ નહીને થોડું પણ નામ મુજબ સેર નહીતો ટીપરી નુતો ખરૂં!

ધન—ના, ના, તે એવું એવું કાંઈ બને નહી, અમ સથે નકામો જુદો ખરચ શું કરવા જોઈએ?

મીઠાં—બાવા એ જુદા ખરચ નહી! એતો ખરચે લાં ગવાએ! ને તે કરતાં જેમ આપણે જરને સાસરે મોકલશું તેમ આપણા અદાને સાસરેથી આપણે તાંહાં આવશે, તે સાથે વલી, સધરાણાનાં લાણા લઈ જનાર માણસો ૧૦, ૧૫ રૂપીઆ લેતા આવશે, વારૂ, તાર પછે દહી માછલીના ખુમચામાં સાકર અથવા ખાંડ ભરાઈ આવશે, તો એ રીતે કેટલો બધો અવેજતો આપણે તાંહાં પાછો આવશે.

રતન—પણ મીઠાંમામી, દહી માછલીના ખુમચામાં જે સાકર ખાંડ આવશે, તેનીતો આપણુને જલેબી કરી મોકલવી પડશે, નહી વારૂ?

મીઠાં—હારે આએ હા, બધુંજ કરવું પડશેતો, તુનેતો મારીને હોંસ હરખ ઘણોછે! કાંઈ નહી સઉ થશે, અકરાવાનુ કાંમ નથી.

ધન—એ સંગ કાસીએ કેમ જશે, જાણે કાંઈ અદલા બદલીનો વેપાર ચાલતો હોએ તેમ ગોઠ ગાઠ થાએછે, કે ફલાણુ કરશુ ને તેને બદલે ફલાણુ આવશે! એ સું છોકરો પરણાવાની વાત કે છોકરાં વેચતાં લેવા આપવાની વાત!! વારૂ આગલતો ચાલો, બીજુ શું અધુરૂછે તે જોઈએ.

મીઠાં—તમે લખો મેતાજી, ૧૩ જોડ કપડાંની.

મેતાજી—૧૩ જોડ એકદમ લખું કે કાંઈ વીગતછે?

ધન—હા, હા, વીગતવાર જોઈએ.

મીઠાં—હા, બા, લેઓની વીગત મંડાઉ, આપણા અદાની બઈરીને વાસતે કપરાં જોઈએ—

આવારોજના પરબની ૧ જોડ
આતશના જશનની ૧ જોડ
ખુરશેદરોજના જશનની ૧ જોડ.
બહમનરોજના જશનની ૧ જોડ.
પતેતીની........ ૧ જોડ.
મેહેરીઆનના જશનની ૧ જોડ.
જમશેદી નારોજની ૧ જોડ

ધન—અરે મેતા, એ કેટલી જોડ થઈ?

મેતા—સાહેબ, ૭ જોડ થઈ.

મીઠાં—તો, બા, જરા અકરાઓનાની તો! માંડો મેતાજી—

પેહેલી ચાંદરાતના.... જોડ ૧
હોલીની....... જોડ ૧
બલેવની......... જોડ ૧
દશેરા તથા દીવાલી મલી જોડ ૨
મેહેમના ઓરસની.... જોડ ૧

ધન—તોબા, એતે કેઈ રીતનો કારભાર! મીઠાંમાંમી! તમે કરોછ શું? જેટલા તેહેવાર ગામમાં હોએ તેટલા બધા આપણા બાપના કે? એયું ફલાણાનું પરબ, ફુલનું પરબ! એમતો પાંચ સાત હજાર શું કે ૧૦—૧૫ રેબી ઠેકાણું નહી લાગશે!

મીઠાં—જાબા, તમે મને એમ ધુજાવતા ના, હજીતો બીજી ૭ જોડ કપરાં બાકી રહેલાંછે!

રતન—જી તમે હમણા ઈઆદીતો કરી લેવો, પછી આપણુને જેમ બંગ ફાવશે તેમ મોકલશું ને જે નહી ઘટશે તેના અખાડા કરશું. આપણે જેમ કપડાંની જોડ મોકલીશું તેને બદલે છેડે બાંધવાના તથા વીંટીના મલીને દર જોડે ઓછામાં ઓછા ૧૦—૧૫ રૂપીઆ વેહેવાઈને તાંહાંથી પાછા આવશે! એટરે કપડાંની જોડ ઘણી મોંઘી પડવાની નથી!

મીઠાં—હારે, આએ, જો, બોલતીનું ને લુલતી બાંજતીનુ પેટ તાહાડું ને આખે ઉજરડું!

ધન—વારૂ બોલોની! બાકી સુ રહીઉછે? તમે લોકોતો ભીખ માગવાનો ધધો લઈ બેઠાંમ!

મીઠાં—માંડો મેહેતાજીઃ—

ઘેર તેડીઆનાં.... ૧ જોડ.
વરઢ ઊગેઆના .. ૧ જોડ
વાડી ભરાવવાનાં . ૧ જોડ
આદરણીના...... ૧ જોડ.
ગોર રૂપીઆના.... ૧ જોડ.
વરણીનાં.... ... ૧ જોડ.
ફુલસરીનાં ...... ૧ જોડ.

ધન—કેમ ! બસ થઈઉ કે ? એ બધી મલી કેટલી જોડ થઈ ?

મેતાજી—સાહેબ, બધી મલીને ૨૦ જોડ થઈ.

ધન—ઓહોકાણ !

મીઠાં તથા રતન—(બુમ પાડીને) ઓવારૂં રે ! સારૂં બોલો !!

ધન—શું કપાલ સારૂં બોલે ? તમે લોકો શીઆણ સો ગુતના મલેજ નહી. જાણે લુટ પડતી હોએ તેમ આંખ મીચીને ખાહો ખપોચીઓ જોઆ વના ધમધુકાર ખરચ કરાવોછ ! વાડી શાની ભરાવાની બરીચ, ને ગોર રૂપીઓ શું બલીઓચ ! વારૂ એ એકકી જોડ કેટલા કેટલાની થશે ?

મીઠાં—જોવોની બાવા ! પરબવારનાં જે કપડાંછે, તે તો હલકાં ફલકાં ચાલશે, આપુને માતર છેલી ૭ જોર જરા ઉંચી જોઈશે. એ પરબવારની ૧૩ જોડના થશે, ખુદા નમો ને સલામત રાખે, ચારસોક રૂપીઆ થશે. ને છેલી ૭ જોડ માંતો બે તરણ જોડ કસબી કોરની સારી તથા ઇજારની જોઈશે, તે સઉ મલીને એ સાત જોડના પાનસોક થશે !!

ધન—ઠીક—ઠીક. સાત જોડ કપડાંનુ ૫૦૦ રૂપીઆમાં હુગરીઉં ! હાલના વખતમાં ૭ જોડના ૭ હજાર કેહેવોતો જરાખી મનાએ. મીઠાંમાંમી, તમેતો બે તરણ હજારમાં બધાં લગન પુરાં કરવાના ઉતાં ને આએતો ફક્ત કપડાંમાં હજારથી ઉપરતો પુરા થએઆ, ને હજી બીજુંતો બધું જાંહાંનું તાંહાં !

મીઠાં—તો, બાવા, હવે બાકી રહીઉં શું ? હજાર પંદરસોની જણસ ઘરાવો એટલે થઈઉં. છોકરીને કરવાનુંતો આપણને કાંઈ ભારી પડવાનું નથી ! અદાને સાસરેથી જે વસાવેલી રીત આવશે તે બેઠીને બેઠી જરને સાસરે મોકલીશું.

રતન—મીઠાંમાંમી તમે બોલી રહેઆં કે ? આએ હું તો રસોના તપીલાંમાં બદામ, દરાખ ને સાકર ભરવાનીજો ! ને રૂપાંના વરખેહડાં કરવાની ને પીતલના વાંસ અપાવાની !!

મીઠાં—હારે આએ હા, તારા ધણીને જી ! બધું થશે !

ધન—વારૂ મીઠાંમામી, જેમ અદાને સાસરેના ખરચની ટીપ કરાવી તેમ જરના સાસરાંની ટીપ કરાવોની કે તેનો બી નીકાલ આવે.

મીઠાં—એની ટીપ શાની ! એનું આપણને કાંઈ વસાવાનુ નથી ! એતો ભાઈ વડે બાઈ થઈ જશે, માતરે તીરક અવસરના કપડાં આવશે તેને છેડે બાંધવાના તથા વીંટીના મલીને ૩૦૦—૪૦૦ રૂપીઆ જોઈશે; તથા દસ કે પંદર • જોડી કપડાં; તેમાં સાસુ, મમાઈ સાસુ, માશી સાસુ, નણંદ, દેરાણી જેઠાંણી વગેરે કેટલીક સગીઓને કપરાંની જોડ ને કેટલીકને દસથી વીસ રૂપીઆ રોકડા. વારૂં જીબાએઆ વરને માટે એક વાગો ! સસરાને માટે શીઆલ ને તે વગર પરચુટણ પેહેરામણી તથા પાંચ પચીસ હલકી જેવી પાઘરીઓ !

એટલું થવા પછે ધનજીશા બીચારા બરીઆને બરી આ તાંહાંથી ઉઠી ચાલતી પકડી, બીચારા મન સાથ ખલાપો કરવા લાગા કે રાંડોતો કાચાં દીવાલાં કહડાવા જેવા ખરચ લઇ બેઠીઓછે; તીરક પુરી થતાં કદાચ માથાંની ટાલકી પણ ઘસાઈ જશે, તોપણ હવે કરેશું ? ઘરમાં સપરમો દાહાડો આવેલો એટલે ફજીઓ કંકાસ અથવા મીનાકેસો ઉભો કરવામાં કાંઈ સારૂં નહી. તે સાથે બીચારાના મનમાં આટલોતો પકો ખાતરી ભરેલો વીચાર હતો કે આપણે ગમે એટલું કરશું તોપણ એ હુલડ ઓરતો પોતાની એંટાલી મુજબજ સઘલું કરશે, તારે કરવા છતાં અમસથો ફજીઓ શા માટે કરવો ? એવો લાંબો વીચાર પુગાડી બીચારાએ અખાડા કરવા માંડીઆ, ને જે કાંઈ જોઈએ તે મુગે મોહોડે અપાવતા ચાલીઆ. કાંઈ ટકટક કરીઆ વના ને મુગે મોહોડે બીચારા ધનજીશા જારે જોઈતી ચીજ અપાવતા ચાલીઆ તારે મીઠાંમામી રતનબાઈને કેહેછે કે "જોઈઉ આએ ! મેં તુને કહીઉતુ નહી કે માટીડાને ભરકાવીએ નહી ! હવુ હુ ખરચ કાહાડતાં જઈએ ! જુઓ હવે ધનજીશા કેહેવા મુગે મોહોડે આપીઆ જાએછે." એ રીતે મીઠાંમામી પોતાની બડાઈ હાંકતાં ગએઆં ને બંધે જણને જેમ જણાતું ગઈઉ તેમ ખરચ કરતાં ચાલીઆં !

એક તરફ ધનજીશા બીચારા પોતાની જોગવાઈની સંભાલ કરતા ફરે ને બીજી તરફ ઘરમાંતો કાંઈ કેહેવાએ નહી એવી ધુમ ચાલવા લાગી. સોલીકાકી, ડોલીકાકી ને નજાંમામી જેવી પાંચ પચીસ ઓરતો, રતનબાઈની તથા મીઠાંમામીની સગીઓ વગેરે ઘેરમાંતો બઈરાજ બઈરાં થઈ પડીઆં ને તે દાહાડેથી વીઆ ભરીઉ ઘેર કેહેવાવા લાગું.

રતનબાઈએ પોતાની વેહેવાણો સાથ એકમત થઈ ઉરત હરધનું મુરત કીધું ને એ દાહાડાથી ૧૫ દાહાડાના લગન ઠરાવીઆં; હવે રતનબાઈના ઘરના કારબારમાં પુછવાનું શું ? લગનનો તમામ સામન ને અસબાબ આવી પડવા લાગો ને ઘરમાંતો બધી જણીઓ કામકાજમાં અટવાવા લાગી, તેમાં રતનબાઈ પોતેતો ઘણાજ અફડાએ જીકાએ, પણ દીકરાં પરણાવવાની હોંસ એટલે મેહેનતની થાક તેવણને તો ઉરત જણાતી નહી. હરધનું મુરત થવા પછે સાત દાહાડાનો માડવસરો લીધો ને પછે બધી તીરકો એક પછે એક થવા માંડી. રતનબાઈ કેટલાક વેહેમોથી જોકે દુર હતાં તોપણ તેવણે માડવસરાને લગતી બધી હશી કાહાડવા જેવી કીરીઆઓ કીધી હતી, ને તાર પછેની પણ બીજી બધી મુરખાઇ ભરેલી કીરીઆઓ રતનબાઈએ પોતાનો જીવ ઘરાએ એ રીતે કરી હતી. વલી જો કોઈ બાબદમાં તેવણને એકાદ વાત ઘણીજ મુરખાઇ ભરેલી માલુમ પડતી ને તેવણ જો જરા મન ટચુપચુ કરી તે કીરીઆ કરવાના અખાડા કરેતો તુરત ડોલીમામી અથવા મીઠાંમામી બીચારી રતનબાઇને વજોડી નાખે ને તે બધું કરાવે. માડવસરા પછે ખીચડીની રીત કરવામાં આવી હતી, તથા છોકરાંને પીઠી ચોરવાનો વખત આવીઓ તારે ઘરમાંતો રમખાણ થઈ પડીઉં, કારણ રતનબાઈના ઘરમાં વગર ખીલાનો કોઈ પાટલો મલીને આવીઆથી પીઠી ચોરવાના કામમાં લગાર ઢીલ પડી

તેથી કોલીમામીનો મીજાજ એકદમ ગએઓ, પણ તેવામાં તુરત મીઠાંમામીને તાંહાંથી પાટચો આવી લાગો, ને રમખાણ નરમ પડીઉં. પીઠી ચોરાએઆ પછે "એલદિલા" ના ગીતો ગવાએઆં ને પછે અદાના ગલામાં ગરસુંતર તથા જરના ગલાંમાં રાલનો હારહો કરીને પેહુરાવીઆં, તેમજ તેઓને હાતે મીંઢલ બાંધીઆં તેહેવાર પછે ધનજીશાના આ બે છોકરાં પરણનારછે એવું સઉને ચોકસ જણાવા લાગુ. વલી બીજે દાહાડે સહવારના પોહોરમાં અદાને એક પાટલાપર બેસાડી તેની આગલ મોટા બતાસા તથા પોલીઓ મુકીને "પાટલા પોલીની" કીરીઆ કીધી.

આ કીરીઆની વખતે એક ઘણીજ હસવા જેવી કીરીઆ કરવામાં આવી હતી તે ખરેખર રતનબાઈના તથા ધનજીશાના નામને 'જેબ આપનાર નહી હતી. થોડીક પકાવેલી ખીચડીનો કોડીઆં જેવો એક આકાર બનાવી તેમાં ઘી મુકીને રૂની એક બે જોત સલગાવી હતી. પછે એક કાદવનુ કોડીઉ લઇ તેની ઉપર એક છાનુ, તરેલો પાપટ અને સાડીઓ મુકીને સુતરે તે વીતાલીને અદાના તથા જરના પગતલે મુકી રાખીઉ હતું, તારપછે તેઓને તથા ચાર સોવાસણ ઓરતોને બેસાડીને ખીચડી પાપટ જમાડીઆ હતા, છેલે ઉઠતી વખતે અદાને કહી મુકવા મુજબ તેણે પગતલેનાં કોદીઆંને લાત મારી ભાંજી નાખીઉ હતું. પછે પેલાં ખીચડીનાં કોડીઆને દીવા સુધાં ઉચકીને બલતી જોત સાથે હોલવીને તેનો ગોલો કરી નાખીઓ ને પછે પાડપડોસની બે તરણ બઇરીઓ જે વાંજણીઓ હતી તેમને તેમાથી થોડી થોડી ખીચડી ખવરાવી, કે તેઓ વેહેલી વેહેલી છોકરાં જણતી થાએ !!

વલી તાર પછે વરઘ ભરવામાં તથા ઉકરડી લુટાવવામાં આવી હતી, તે કીરીઆ પણ ખરેખર જરતોસથી નામ ધરાવનાર કોઈ પણ શખસને છાજે એવી નહી હતી, તોપણ ધનજીશાને ઘરના બઈરાંતો એમજ સમજતાં કે એ બધુ કરીઆ વના ચાલેજ નહી.

લગનને બે તરણ દીવસ બાકી હતા તારે અદાને સાસરેથી રસો આવી, તો પછે તેનો દમામ જોઈજ લેવાનો. બબેકરાથી વધારે માએ એવડાં મોટાં તપીલાં, બોહીઆં, વાંસ, વગેરે હેલકરીઓને માથે ચહડેલો તરેહવાર સામન બારણા આગલ વાજતો ગાજતો, આવી પુગો.

એમ કરતાં લગનની બે દાહાડા આગમજથી ઘરમાં ખાંનાપીણાની તથા બીજી તરેહવાર ધુમ મચી રહી હતી. એક તરફથી બઈરાંઓની તેડાં કરવાની ધમાલી, બીજી તરફથી પાંચ પચીસ લોક ઘરમાં આવેલાં તેની ભીડ, વલી આતસના તથા નવલાઈ સેકજીના ગીતો ગવાવા માંડેલાં તેની દોડાદોડ એ રીતે ઘેર બધું પેગાજ થઈ રહીઉં હતું. વલી તેમજ ધનજીશા માટીડાના ખાંના તથા સાજનના તેડાંની તરઘેરમાં પડેલા હતા; ને એ રીતે દાહાડા નીકલી ગએઆ ને લગન પણ થએઆં. કોઈબી રીતના હીલા હરકત વગર લગન સમાધાન ઉતરીઆં એથી રતનબાઈ તથા ધનજીશા બેહદ ખુશ થવા લાગાં. પાછલી રાતના અદાને સાસરેથી વસાવેલું પદ આઈઉં, તો તેની તારીફ શી ! લાકડ કામ તો તરેતરેનું ને જાણે જોતાં આંખ ઘડે એવું; તાંબાના તપીલાં, કઠરોટ ને હાંડા પણ જોવાજોઈએ તેવા; છપરપલંગ બધો તમામ નકચીથી ભરેલો ને તે ઉપર કુમાસનું છેડા શીવીઆ વગરનું ગોદરૂં ને તરેહ મજેની જાલરની કુરતીન અને એ વગર અદાની માએ ખુશ થઈ જાએ એટલું પદ આવો લાગું. જેમ એક તરફથી પદ આવતું ગીઉં તેમ બીજી તરફથી ઉમેરશુમેર કરીને અથવા રાખવું ઘટે તે રાખીને બીજીતરફથી તેવીજ ધામધુમ સાથનું પદ જરને સાસરે જવા લાગું. આ રીતે લગનતો વીતી ગએઆં ને જે કોઈ ઘરમાં આવેલાં હતાં તે બે તરણ દાહાડામાં સઘલાં વગેસગે થઈ ગએઆં.

હવે બીચારા ધનજીશાનો ગભરાટ હલુ હલુ વધવા લાગો, એ બીચારાએ ઘણાતો ૪—૫ હજાર ધારેલા હતા, તેને બદરે ટકોટક આઠ હજારનો આંકડો થવા આવીઓ ! હવે તીરકતો ગઈ એટલે આંકડા ચુકવીઆ વગર છુટક નહી. એ તો ઠીક હતું કે ધનજીશાના બાવાની સારી પુંજી ધનજીશાના હાતમાં આવેલી હતી, તેથી બીચારાથી નીભી જવાઈઉ, કોઈ બીજાની તો બીચારીની કંબખતી આવતે.

રતનબાઈ પણ લગનની ધમાલીમાથી હવે જરા પરવારેલાં હતાં તે તેવણ હવે પગ થોભી જરા બેઠાં, એટલે તેવણને પગમાં કલેતર, ગલું પોખરૂં, બરડો દુખવા માંડે, માથું ફાટફાટ થાએ એવી રીતે બેચેની થવા લાગી, તથા ઘણા દાહાડાનો ઉજાગરો એટલે હુંગ માથે ચહડેલી માટે લોથ પોથ થઇ તેવણ સુતાં ને પછે દાહાડા પંદરેકે તેવણ પાછાં હોશીઆર થએઆં. આ રીતે જાફરી પછારી ભોગવીને તથા કેટલીક રકમ બેજા ખરચીને રતનબાઈએ ભલાઈ જોઈ!!

વાંચનાર બેહેનો, આપણા પારસીઓને તાંહાંના લગનની વખતની શરૂઆતથી તે આખર સુધીની કેટલીક હકીકત આ વખતે તમારી સામે મુકીછે. બેહેનો, હમારે જણાવવું જોઇએછે કે આ બીના ઘણી લંબાણ ન થાએ એવા એરાદાથી એ વાત ઘણી ટુકાંમાં પતાવેલીછે, ને તેથી એનો કેટલોક રસકસ ઓછો થઈ ગએઓછે..તોપણ જેટલી બીના સમાવી શકાઇછે તે ઉપરથી તમારાં જોવામાં આવશે કે પારસીનાં ઘણાખરાં બઈરાંઓ લગણની ખરેખરી કેફીઅત સમજતાં નથી—લગન એટલે શુ ને તે કેમ કરવાં તથા એની ઉપર પરણનાર જોડાંના આખા ભવનાં સુખ દુખનો આધાર રેહેછે તે કશી વાતની પરવા નં રાખતાં ફક્ત રીત, પદ, ને પેહેરામણી તથા જનસ ઉપર આપણા લોકો કેટલાં ચલી જાએછે તેનુ પુરૂં તો નહીંજ પણ અધુરૂં છતાં કેટલુંક જરૂરનુ ગ્યાન તમોને આ બીના ઉપરથી મલશે. અગરજો રતનબાઈની જગા ઉપર કોઈ ડાહી ને શાણી, તથા સમજુ, ને ઘરરાખુ ઓરત હતેતો બાપડા ધનજીશાને આઠ દસ હજારની રૂમડી ઉડતે નહી. એટલાં નાંણાં અદાને તથા જરને ઘણે ઉચે દરજેની કેલવણી આપવાને બીશીઆર ગણાતે ને તેથી એ બાલકોનાં હકમાં જે ખરેખરો ફાએદો થતે તેને બદલે આ જુઠી ધામધુમ અને ફોકટ બીસનીથી બીચારાં ગરીબ બાલકોના હકમાં નુકશાન ગઈઉછે. એવી રીતે આ બીના વીશે જેટલુ વધારે લખીએ એટલુ લખાઈ શકાશે, પણ હવે ઘણુ લંબાણ થઈઉછે માટે એ અતરે ખતમ કરી તમ વાંચનાર બેહેનોને આ બાબદ ઉપર લગાર વીચાર કરવાને અરજ કરીએ છઈએ.

## ગાએણ અને ગાએણ ગાનારાઓ.

પાસેના ચીતરમાં થોડાંક નાહાનાં મોટાં બાલકો નો જમાવ ચીતારીઓછે. તેઓ ઘણા કુમલી કાએના તના અને ગરીબ દેખાએછે, તથા તેઓના નીરદોશ ચેહરા કહી આપેછે કે એ સરવે જણ ભાઈ બેહેનછે. તેઓએ પોતાના નાહાના હાથમાં વગાડવાના વજંતરો ધરેલાંછે અને કેટલાંક બાલકોના શરીર કરતાં તેઓના વજંતરોનું કદ મોટુંછે. આ જોવાલાએક કુટુંબનો થો ડોએક હેવાલ જાણવા જોગછે.

એ સરવે બાલકોનો બાપ જેનુ નાંમ મીલડનર કેરીનેછે ને આસટરીઆ દેશની સરકારી તીજોરીનો ખજાનચીછે, જે ઓધો કાંઈ નાહાનો હોએ એવું કોઈ વાંચનારીએ વીચારવું નહી. તેનાં કબીલા લગતી અ જાએબજેવી વાત એછે કે તેઓ એક એક જણ બચ ગીથી ગાએણ સરખા ઊમદા હોનર પાછલ શોખ દે ખાડતાં આવીઆંછે. તેઓની બરઠા નામની એક બે હેન જારે માતર સાડાતરણ વરસની હતી તારે તેણે પોતાના બાપને અરજ કરીને ગાએણ શીખવા માંગી ઊં હતું. આ છોકરીના જો કોઈ બીજાં મા બાપ હ તેતો તેઓ તેની આ વાતને હસી કાહાડતે, પણ મીલ ડનરે પોતાની બાલક બેટીના મનની આવી વલાણ જો ઈને તેને તુરત એક ઊસતાદના હાથમાં સોંપી. આ બેહેનને જહડપથી શીખી જતાં જોઈને તેના નાહાના ભા ઈ બેહેનો ઊપર અસર થઈ, જેઓને મોતબર ગાએણ શી ખતાં કાંઈજ વાર લાગો નહી. હજુરતો તેઓ "લોં એમાંથી ફુટવા" ના તેટલાવારમાં તેઓ નામીચા રાગ વગાડવામાં એટલાંતો હોશીઆર થએઆં કે એક દાહા ડે તેઓનો બાપ તેઓને આસટરીઆના સેહેનશાહાના મેહેલમાં લઈ ગએઓ હતો, તાંહાં જેમ પડોસના ચી તરમાં પાડીઆંછે તેમ તેઓ હારેકટાર બેઠાં હતાં, અને સેહેનશાહા એટલુંજ વીચારતો હતો કે જરા બાલકોની રમુજથી દીલ ખુશી થશે, પણ તેવામાં તેઓની જહડપ જોઈને તે દઘઈજ ગએઓ અને તેના ઊપર એટલીતો અસર થઈ કે તેણે તેઓના બાપને નવાજી નાખીઓ.

તાર પછે સેહેનશાહા આ બાલકો ઊપર અતી ઘણો પીઆર રાખવા લાગો. તેઓનું ગાએણ સાંભ લતાં તે કદી થાકતો નહી હતો. તાંહાંથી એ બાલકોની કીરતી વધી અને ગાંમમાં તેઓની વખાંન થેવા લાગી, તે ઊપરથી લોકોએ તેમના બાપને અરજ કીધી કે એ બાલકોને જાહેર જગામાં દેખાડવા મેલવાં. તેથી કેટલીક મીજલશોમાં લોકો બીજા ગવઈઆઓને ભુલી જઈ આ બાલકોને ટેડવા લાગાં, તેમાંથી કાંમ એટલું વધીઊં કે જુદાં જુદાં દેશવાલાઓ આ બાલકોને ટેડવા લાગાં અ ને તેને લીધે ઈંગલંડ, તથા અમેરીકા ખાતે આ બચાં ઓને મોકલવાની તેમના મુરબીને ફરજ પડી. વેલા ત ખાતે આ બાલકોએ બીલોરી મેહેલમાં જેટલી વાર તમારો કીધો તેટલીવાર લોકોની મોટી ભીડ થઈ હતી અને પાદસાહી મીજલશોમાં તેઓની ભેટ લેવાઈ હતી, તે વખતે કોઈ બાલક સારંગી, કોઈ પીઆંનાશરટ, કોઈ જાંજર ઈતીઆદી વગાડીને વખાંન પાંમતાં હતાં.

ઈંગરેજી ગાએણનો હોનર હલકો અને મોટા ખરચનોછે. તેમાં આ બચાંઓ નાહાની ઊમરથી હો શીઆર થએઆં એ જેમ અજાએબ જેવી વાતછે તેમ જ એ બાલકોને ગવઈઆનો ધંધો શીખાડવાને તેમના બાપે ખરચ કીધો એ વધારે અજાએબ જેવુંછે. ગા એણનું નામ આપણા લોકોમાં એટલું વાએડુંછે કે ઘ રમાંની છોકરીઓ ચોપડીમાંથી નવાં ગીત ગાએ તે કે ટલીએક બુઢી બાઈઓને પસંદ આવતું નથી, પણ ઊ પલાં એક મોટા અમલદારે ઘણો ખરચ કરીને પોતા ના ફરજંદોને ગાએણ શીખાડીઊં તે તેઓની ખાત રી કરવાને બસછે કે એ કોઈબી રીતે નઠારો અથવા શરમ ભરેલો હોનર નથી. કેટલીક બાનુંઓ ગાએણ માં આતસના અને સવેનાના તથા એવાં બીજાં ગીતો ને પસંદ કરેછે, પણ જેમ તે હસવા સરખાંછે તેમજ તે ને ગાણારાંઓ સારાં નહી હોવાથી તે સાંભલતાં ઘણો કંટાલો ઊપજેછે. વલી એવાં ગીત ઊપર બઈરાં લોકો ને અતીશએ વેહેમછે, પણ એવા રાગને ગાએણનું ના મ છાજતું નથી. ગાએણ મનને ખુશી કરે તથા દી લને ધીરજ આપે એવું જોઈએ, તેને બદલે આપણી સીઓના ગાએણ કંટાલો ઊપજાવનારાં હોએછે, અને ગાણારાંઓનો અવાજ તે કરતાં ખરાબ હોએછે. હમો ઈછીએ છઈએ કે ગાએણની છીટ આપણી બાનુઓમાં થી નીકલી જાએ અને દરેક ભલી સી ઊપલાં નાહા ના બાલકોની મીશાલે પોતાના મીઠા શરોદથી મા બા પ અને ભરથારોને ખુશી કરે ! આંમીન !



આસટરીઆની દરબારના ગવઈઆ ભાઈ બેહેનો.

## ધરતીની વસતીનું થોડુંક બેઆન.

બજારનાં રસતા ઊપરથી સો બસો માંણસોની આવજાવ થઈતો તે વસતી સ્ત્રીઓને ઘણી લાગેછે અને તેવે રસતે તેઓ જતાં બીહેછે. પણ તારે આ પણી ધરતી ઊપર ૧ અબજ ૨૮ કરોડ, અને ૮૦ લાખ માંણસોની વસતીછે એમ જાંણીને તેઓ શું વીચાર કરશે ? ઘણીક વાંચનારીઓને બાહેર ફરવા હરવાનો માહાવેરો નહી હોવાથી ૧ હજાર માંણસોને તેઓએ કદાચજ જોએઆં હશે, માટે આ મોટી શંખી આથી બેશક તેઓ અચરત થશે, પણ હમો તેઓને જણાવીએ છઈએ કે આપણી દુનીઆંની વસતીને લગતી એખલી એજ બીનાં એટલી અચરતી ઊપજાવનારી નથી. આ આખી વસતીમાં કેટલી ભાશા વપરાએછે અને તેઓ કેટલા ધરમ પાલેછે તે તથા તેને લગતું સઘલું બેઆંન જાંણવા જોગછે.

ઊપલાં ૧૨૮૦૦૦૦૦૦ માંણસો સઘલી મલીને ૩૦૬૪ જાતની ભાશાઓ બોલેછે, તથા ૧૦૦૦ જાતના જુદા જુદા ધરમો પાલેછે. વલી તેઓમાંથી દર વરસે ૩૩ કરોડ, ૩૩ લાખ, ૩૩ હજાર અને ૩૩૩ માંણસો મરણ પાંમીને ઓછાં થાએછે. એની વીગતે ગણતાં દરરોજ આ દુનીઆમાં ૯૧ હજાર ૯૫૪ માંણસો મરેછે અથવા દર કલાકે ૩૭૩૦ માંણસો, અને દર મીનીટે ૬૦ માંણસોના મોહોત નીપજેછે. એક તનદરોસત આદમીની નાડ દર મીનીટે સુમારે ૬૦ વખત દોડેછે, તેથી કરીને ઊપલી ગણતરી પરમાંણે નાડીનાં એક આચકામાં આ દુનીઆં મધે એક માંણસનો જીવ જવાનુ જારી રહેલુંછે. પણ ખોદાતાલાની બખશેસથી મોહોતથી જે માંણસ ઓછાં થાએછે તેનાં બદલામાં લગભગ તેટલાં માંણસ દર વરસે આ દુનીઆં મધે જનમેછે.

ધરતી ઊપર જે માંણસો મરેછે તેઓમાં સઊથી વધતાં આસરે ૩૩ વરસની ઊંમરનાં હોએછે, પણ અજાએબ જેવું એછે કે દુનીઆંની વસતીનો પા ભાગ ૭ વરસની વએની અગાઊ તથા હરધો ભાગ ૧૭ વરસની વએની અગાઊ મરણ પાંમેછે. દર ૧૦ હજાર માંણસે ૧ જીવ ૧૦૦ વરસ સુધી ટકેછે; દર ૫૦૦ એ ૧ માંણસ ૮૦ વરસનું થાએછે, અને દર ૧૦૦ એ ૧ માંણસ ૬૫ વરસ સુધી જીવેછે. વલી આ ઘણી નવાઈ સરખી વાતછે કે કુમારાં કરતાં પરણેલાં આદમીઓ વધારે જીવેછે અને ટુકાં કરતાં લાંબાં માંણસનાં લાંબા આવરદા થવાની આશા રેહેછે. કેટલાક લખનાર કેહેછે કે મરદનાં કરતાં ઓરતને ૫૦ વરસની ઊંમર સુધી મોહોતની ઓછી ધાસતી રેહેછે, પણ તારપછે બંને સરખી હાલત ઊપર આવેછે.

દુનીઆંની ઊપલી વસતીનો મોટો ભાગ કુમારો કેહેવાએછે! દર ૧૦૦૦ માંણસે ૬૫ જણ લગણ કરેછે, અને કેટલાંક દેશોમાં જુન તથા ડીસેમબર મહીનાંમાં સઊથી વધારે લગણ થાએછે. જેટલા જનમ તથા મરણ થાએછે તેમનો મોટો ભાગ રાતનાં બનેછે, અને બાલકોનાં જનમને વખત જેવી રૂત તેવાં તેઓ સુખી ઈઆ દુખી રેહેછે. વલી ધંધો ઊમર ઊપર અસર કરેછે. સઊથી વધારે જઈશે ધરમ ગુરૂઓને હાથછે, જેઓમાં દર ૧૦૦ એ ૪૮ જણ ૧૦૦ વરસની ઊમરે આવેછે. વઈદનાં આવરદા સઊથી ટુકા જણાંએછે કેમકે દર ૧૦૦ વઈદે માતર ૨૪ જણ ૧૦૦ વરસનાં થાએછે. એ રીતે જેઓ લોકોને જીવાડેછે તેઓને જલદી મરવાની ધાસતીછે.

મુખીઅ ધરમ પાલનારાઓમાં ૩૩ા કરોડ માંણસો ખરીસટી ધરમ પાલેછે, ૫૦ લાખ હાશીધી લોકોછે, ૬૦ કરોડ માંણસો એશીઆખંડનાં જુદા જુદા ધરમ પાલેછે, ૧૬ કરોડ માંણસો મહમદને માંનનારાછે, અને બાકીનાંઓ બીજી રીતે ખોદાની શેવા કરેછે. આ વીગતો ફરાંનસ મધે છપાતાં એક વીદીઆ હોનરનાં વરતમાંન પતરમાં પરગટ થઈછે.

---

## જે થાએ તે સારાંને કાજ.


"એક દાહાડે એક વેપારી મોટાં શેહેરમાં પોતાનો માલ વેચીને પોતાનાં ગાંમડાં તરફ જતો હતો. તે ઘોડા ઊપર સવાર થએલો હતો અને ઘણાં દીવસ સુધી શેહેરમાં રહીને જે માલ વેચીઓ હતો તેની કમાઈનાં નાણાની દેલીને દેલીઓ પણ તેણે ઘોડાની પીઠ ઊપર લાધી હતી. આ દેલીઓ વીશે તે લાંબા લાંબા વીચારો કરતો હતો તથા આવી સારી દોલત સેને મલી એટલા માટે તે પોતાને મનસે બહુ હરખાતો હતો. પોતાની દોલતમાંથી પોતાની બાએડીની જનસ કર

વાનો તથા ગાડી ઘોડાઓ રાખવાનાં વીચારમાં હતો. તેવામાં અચબુચું એક તોફાંન થઈ આવીઊં અને જોસથી વરસાદ વરસવા લાગો. આ વખતે ને વેપારી પાસે કાંઈ છતરી નહી હતી, અથવા આસપાસ ઊતારો કરવાની એકે જગા તેની નજરે પડી નહી હતી. તેથી તે પાંણીમાં તમાંમ તરબોર થઈ ગએઓ અને એવે હાલે ગાંમમાં કેમ જશે તેનો વીચાર કરવા લાગો. તેને આટલી બધી દોલત આપીને તેની ઊમેદનાં વખતમાં ખોદાતાલાએ વરસાદ મોકલીઓ મારે તે હેરાંન થઈને ખોદાનો વાંક કાહાડવા લાગો. એમ કરતાં તે એક મોટાં જંગલ આગલ આવી લાગો અને તાંહાં જોએછેતો એક ચોર તેની રાહા જોતો ઊભેલો જણાએઓ. તે ચોરે વેપારીને જોતાં વાર પોતાની બંદુક ઊચકીને દારૂગોલો ભરવા માંડીઓ અને વેપારી વધારે ઘભરાટમાં પડીઓ, પણ તે વખતે એટલોતો વરસાદ પડતો હતો કે આ ચોરે બંદુક ફોડવાને ઘણાં ફાંફાં મારીઆં પણ તે ફુટી શકી નહી. તેટલાંમાંતો તે વેપારી ઘોડો દપટાવી ઘણો દુર નાહાસી ગએઓ અને ધાસતીથી મોકલો થવા પછે વીચાર કરવા લાગો કે જે વરસાદને માંટે 'હું ખોદાની તકશીર કાહાડતો હતો તે વરસાદ જો આજે નહી વરસતો હું મારા જીવને તથા સરવે દોલતને સલાંમત લાવી શકતે નહી."

વાંચનારી બાંનુઓ, આ વારતા ઊપરથી એ અગતનો ધડો મલેછે. સંકટનાં વખતમાં બડબડીઆ કરવું અથવા ખોદાતાલાની ખાંમી કાહાડવા જવું માણસને બીલકુલ સજાવાર નથી. તે સાહેબ સરવે બંદાઓનુ ભલું ચાહેછે, બાકી જો તે તેથી ઊલટુ ચાહેતો આજે આપણને જીવવાજ શા માંટે દીએ? તેનાં કાંમ સદા ઊંડા ભેદનાં હોએછે, અને તે ભેદ સમજવા વગર એક કાંમ જો આપણી નાંહાંની નજરમાં માઠું લાગેતો તેને માંટે ધીરજ ખોહી દેવી નહી: "જે થાએ તે સારાંને કાજ" એ કેહેવાત ઊપલી કીસમનાં દાખલાઓથી ઘણી વાર ખરી પડેછે. માંટે જાંહાંસુધી ખોદાતાલા આપણો સંભાલ લીએછે તાંહાંસુધી કોઈબી શંકટ પડે તેને ધીરજથી ખમવું જોઈએ. તેને માંટે ખોદાને ઠપકો આપવો એ ગુનાહાનું કાંમછે.

## રમુજે ફુરસત.

નીચલો પતર જેમાં એક "શીખેલી બાઈ" એક ભલાંમણ કરેછે તે હમારાં વાંચનારાંઓએજ ઉકલાવવો.

વાંચનારી રહેનો, મારી વાત સાંભલો. હું બાર૦ વરસની ૧ જુ  બૈરી છું અને ફત્રીની મને છીટછે. ૧ દીને હું ૧ારે ફરવા ગઈ, અને ઉં  ગલીમાં આવી. તેટલે ૧કા૧ વર૭ તુટી પડીઓ. ☞થી હું ૧  નીચે રહી, અને સાંમર થી ૧  દેખાએઓ. હવે મારી ધાસ્તીનો ઠાર રહેઓ નહી. પણ ફુરથી ૧  આવી લાગો. તેણે પોતાની ફત્રીના દાંડાથી તે સાંપને મારીઓ, ને હું ઘર આવીને  વીચી પડી રહી. હવે રહેનો ફત્રીની શરમ જોઇએ ? તે છેતો કેટલો બચાવ છે! વાસતે , ખાંનદાંન સરખા કબીલાઓ એવા સુધારાની જે પેહેલ કાહાડેછે તેમ તમારેબી કરવું ધ  છે.

☞ન અરન.

## સવાલનાં જવાબો.

(જુવો ગએઆ આંકનાં સવાલો)

૧ કોલસો.

ઉલટાવેલા શબરો.

૧ માહેમનો ઓરસ, ૨ પુસલકખાનાં, ૩ વેલાતી રોજો, ૪ પરીનંસ આલબરટ.

---

## પરચુરણ બાબદો.

**બે જુદી બેહેનો**—ફરાંનસ દેશમાં હાલ બે બેહેનો રેહેછે. તેઓએ થોડાએક દીવસની વાત ઉપર તાંહાંનાં દેવલમાં સાથે મલીને એક કીરીઆ કરાવી હતી. એ બંધે બેહેનો આજ ૫૦ વરસની વાત ઉપર સાથેજ પરણી હતી, અને તે લગણનાં દીવસને જે દાહાડે બરોબર ૫૧ મું વરસ બેઠું તે દાહાડે તેની મુબારકબાદીમાં તેઓએ ઉપલી કીરીઆ કરાવી હતી! અલબતાં આ ઓરતો કાંઈ આપણાં લોકોની મીશાલે બચગીમાં નહી પણ લાંબી ઉમરે આવીઆ બાદ પરણી હતી, તારે હાલ તેઓની વએ કેટલી હશે. આ બેહેનોનો બાપ સને ૧૮૪૭ માં મરણ પાંમીઓ હતો અને તે વખતે તેનાં મોહોતને માંટે રડનારાં દીકરા દીકરી તથા તેઓનાં દીકરાં દીકરી મલી જુમલે ૨૨૫ જણ હતાં!

---

**દરીઆમાં પોંહોંચખાંનું**—ઇઉરોપ અને અમેરીકામાં પરલોકને રેહેવા માંટે એવાં સુંદર તથા મોટાં પોંહોંચખાંનાં બાંધેલાં હોએછે કે તેઓનાં સરખા કોઈ મેહેલ મુંબઇમાં નહી હશે. હવે દરીઆમાં પણ ઓએઆ તેવાં પોંહોંચખાંનાં બાંધવાની શરૂઆત થઈછે. નીઉઇઆરકમાં હાલ એક વાંહાણ બંધાએછે જે સેલ કરનાર ઉતારૂઓને લાવ લેઇ જાવ કરવાનાં કાંમમાં આવશે અને તેમાંથી તેઓને "હોટેલ" નાં સરખું સુખ પણ મલશે. આ વાંહાણમાં ૩૫૦ મોટાં દીવાનખાંનાં બાંધવામાં આવશે.

---

**નવાઈ સરખો શીણગાર**—"ગેઆસ લાઈટ" બોલનો અરથ ઘણાંઓ જાંણેછે. તે એક જાતની હવાથી થતી રોશનીછે. એ રોશની ઘણી જલેહદારછે અને મુંબઈમાં તે કદાચ જલદી દાખલ થશે. આ રોશનીને હાલ અમેરીકા ખાતે એક અજાએબ જેવાં કાંમમાં આણીછે. કેહેછે કે તાંહાં સીઓના પોશાક તથા બાલને એક એવા સાંચાથી આ "ગેઆસ" લગાડવામાં આવેછે કે જેથી તેણીનું શરીર મોટી જલેહ આપેછે અને બલતા હીરા દીલને લાગા હોએ તેવું દીસેછે. આ સઘલો સીનગાર ઘણા જુજ પઈસાથી મલી શકેછે!

---

**માતાઓને ખબર**—સનડરલાંડ ખાતે હમણાંજ એક બાલકની લાસ ઉપર કારોનરની જુરી બેઠી હતી. તે વખતે એક તબીબે શાખસી આપતાં જાહેર કીધું હતું કે મરનાર બાલકની માતા ખાધા પીધામાં પરેહેજ રાખતી નહી હતી, તેથી તેનું દુધ બીગડીઉં હતું અને તે દુધ બાલકના પીધામાં આવીઆથી તેને એક દરદ થએઉં હતું જે અને તેનું મોહોત લાવીઉંછે.

---

**થોડીએક શીખાંમણ**—"પોતાનું ભલું કરવાનો સરસ ઉપાએ એજછે કે પારકાનું ભલું કરવું—અનાજ એકઠો કરવાને પરથમ બીઆં વીખરાતાં નાખવાં જોઈએ.

"આજે થોડું ખાવો અને કાલે તમુને વધારે ભુખ લાગશે. કાલે વધારે ખાવો, અને ખાવા માટે તમોને વધારે કાલ મલીઆજ કરશે.

"બખરોશોથી મીતર મેલવવો નહી—જારે બખરોશ બંધ પડે તારે તેનો પીઆર પણ બંધ પડેછે."

---

**બચાંને શું શીખાડવું**—એક કાબેલ લખનાર લખે છે કે "બચું પોતાનો સંભાલ પોતે લઈ શકે એવું તેને શીખાડવાને તમારીથી બનતી કોશેસ કરો. અગરજો તે બાલક જહનુની હોએતો તેની સામે નરમાસનાં દાખલા મેલો અને તેનાં મીજાજને નરમ પાડો. અગર જો તે એખલપેટું હોએતો તેને શખાવતની ટેવ પાડો. અગર જો તે ગમગીર હોએતો તેને ખુશ મીજાજનું બનાવો. અગર જો તે આલશુ હોએતો તેને મેહેનતની ફરજ પાડો. ટુંકમાં બચાંને એવી ટેવ પાડો કે જેથી પોતાની ખાંમી તે પોતે જુવે."

---

**એક પુરાંનું વરતમાંન પતર**—હાલનાં વખતમાં એવું જાણાએઉછે કે ગાંમની ખબર અંતરથી લોકોને વાકેફ કરવાનું હથીઆર વરતમાંન પતર ચીન દેશમાં કાંઇ નવાઇ સરખું નથી. કેહેછે કે પીકીનમાં હાલ એક વરતમાંન પતર આજ એક હજાર વરસ થએઆં નીકલેછે. તેનું કદ અતીશએ મોટુંછે અને તે રેસમી કપડાં ઉપર દર અઠવાડીએ બાહેર પડેછે.

---

**પાદશાહી લગણનો ખરચ**—રાંણીનાં વડા પુતરનાં લગણની ખુશાલીની તઈઆરીઓ કરવામાં સઘલો મલીને ૨૩૪૫૫૦ રૂપીઆનો ખરચ થએઓછે. તેમાં નાંમદાર રાણીનાં કબીલા અને ચાકર નફરોની મુસાફરીમાંજ ૧ લાખથી વધારે રૂપીઆ ગએઆછે. રાંણીના મેહેલમાં બાંધકાંમ કરવા પાછલ ૩૨૦૦૦ રૂપીઆ, અને સરકારી ઇમારતો મધે રોશની કરવા પાછલ ૭૦૦૦૦ રૂપીઆનો ખરચ થએઓ હતો.

---

**ગોકલ ગાએનો ઊપીઓગ**—એવું બોલાએછે કે એક ફરેંચ વીદીઆરથીએ આ નીરદોશ પરાંણીનાં એક નવો ઉપીઓગ શોધી કાહાડીઓછે. ગોકલગાએના સરીરને છેડે એક જીનો સફેદ ફુકો હોએછે, જેમાંથી કાંઈ ચરબી સરખી એક પદારથ મલી આવેછે. આ પદારથમાં ગુંદરની ખાશીએતછે અને તેથી તેને બાગેલાં લાકડાં અથવા કાચની વચે જો લગાડી હોએતો સુકાવા પછે તે તદન વલગી જાએછે, અને તાર પછે પાંણીથી ઇઆ કસી ચીજથી તે નીકલી શકતી નથી.

**અગનાન ઓરતો**—એક લખનાર લખેછે કે "કેલવણી વગરની પણ એસકી સ્ત્રી જેમ ઘણો શુંદર પોશાક પેહેરેછે તેમ તજના જાહાડને મલતી આવેછે, કારણ કે તે જાહાડની મીશાલે બદનની અંદરના માવા કરતાં બાહેરની છાલની વધારે કીમતછે." એક બીજો ધણી કેહેછે કે—"કોઈ બી ઓરતનો પોશાક મને દેખાડો અને તે ઓરતનો હેવાલ હું તમોને તુરત કહી આપશ."

---

**એક "મશખરા" નાં ઢોંગ**—એક મશખેરા શખસને રસતેથી જતાં જબર ભુખ લાગી હતી અને તેથી કોઇ રીતે ખાવાનું મેલવવાની વેતરણમાં હતો. એવા વીચારથી તે એક પોહોંચખાંનાંમાં ગએઓ અને તેનાં ધણીને જાહેર કીધું કે "હું એક જાદુગર છઉં અને એક ખેલ કરવા માંગું છઉં." પોહોંચખાંનાંનાં ધણીને તે દીને જરા કમાંની થાઇ હતી માટે પોતાનાં ઘરાકોને રમુજ આપવાની ધારણાંથી તેણે ભુખા મશખેરાને ખેલ કરવાની રજા આપી. તે ઉપરથી આ ઢોંગીએ પરથમ પનીર તથા રોટીનાં તરણ કટકા માંગીઆ. તારબાદ તેમને છુટા છુટા એક ટેબલ ઉપર મેલીઆ અને ઘરધણી પાસેથી તરણ ટોપી માંગી લઇને તેમને આ તરણ ભાગો ઉપર મેલી. તે પછે આ જાદુગરે જણાવીઉં કે આ તરણ તોપીઓ તલેની જુદી જુદી વસતુઓ એકઠી થઇને પોતાની મેલે એકજ તોપીની તલે આવશે. એમ કહીને તે દરએક તોપી તલેની ખોરાકીને ખાઇ ગએઓ તથા વળી જરા દારૂ પણ માંગીને પીધો. એમ કરીને તેણે કહેઉં કે—"હવે આ જીણસો મારાં મોહોડાંમાં એકઠી થઇછે અને તે કેઈ તોપીની તલે લાંઉ તે ફરમાવો." ઘરધણીએ તરણ માંની પોતાની તોપી દેખાડી. મશખેરો તે તોપીને પોતાનાં માથાં ઉપર મેલીને બોલીઓ કે "હવે આ તોપી ઉપરછે અને તેની તલે મારાં મોહોડાંમાં બધો ખોરાકછે." એ ઉપરથી આ મશખરાનાં ઢોંગ જણાઇ આવીઆ, માટે લોકો હસવા લાગાં અને તેનું કાંમ થઇ ગએઉં.

---

## દુકાળ વીશે મલાર રાગનું પદ.

"જબ દીનનાથ કુરૂપા કરે, તબ સબ બની આવે"
એ રાગનુંછે.

વરસ વરસ હવે વાદળી, દયા અંતરે આણી;
પાણી વીના પુરૂથવી વીશે, પીડા પામેછે પ્રાણી. વરસ.
જન તારી જુએછે જગતમાં, વારે વારે રે વાટ;
આભ સામું જોઈ આસમે, અતી ઉપજે ઉચાટ. વરસ.
નીર ખુટયાંછે નવાણનાં, ઉંડાં પહોચીયાં પાતાળ;
ગામ જનો ગભરાઈને, કહેછે પડયો કાળ. વરસ.
મનુશને અન્ન મોંઘાં થયાં; ઘટયું પશુઓને ઘાસ;
લુટારા લાગયા લુટવા, તેથી ઉપજેછે ત્રાસ. વરસ.
ચીયારાં પોતાના પેટનાં, બાળ વેચે મા બાપ;
ત્રાહી ત્રાહીની તાળી પડે, પ્રગટયું પુરૂથવીમાં પાપ. વરસ.
નારી તજી કઈક નર ગયા, રોટલા માટે રળવા;
સજનતનાં પણ આ સમે, ચીત લાગયાંછે મળવા. વરસ.
આ તકમાં તુટી ગયા, ટેક વાળાના ટેક;
ભીખ માગેછે ભલા ભલા, છુટી હીમત છેક. વરસ.
ઘર ને ઘરેણાં વેચીઆં, વેચીઆં વાસણ વસ્ત્ર;
પછી રજપુત સીપાઇએ, વેચીઆં અસ્ત્ર ને શસ્ત્ર. વરસ.
ખંડેર કઈક ખાલી થયાં, ગયાં નર ત્રીયા નાશી;
વસ્તી ઘટયાથી વીશવમાં, ભયંકર પુરી ભાસી. વરસ.
અન્ન વીનાના આદમી, અતીશે અકળાય;
દાળ ને ભાત દેખે નહી, બોરાં અન્ન તે ખાય. વરસ.
ચઉટા વચે ચાહન પડે, ધોળે દહાડે રે ધાડ;
સાલ થયાં સુકાઈને, ઝાત્રાં ઝાડીનાં ઝાડ. વરસ.
જળના જંતુ તેતો તરફડે, તપેછે ઘણો તાપ;
નવારસી કરે નારીઓ, વીધવાઓ વીલાપ. વરસ.
આ દુનીયાં પર ઇશવરે, તાકીને ભરી તોપ;
દલપતરામના દેવનો, કેમ થયોછે કોપ. વરસ.

---

## સકાળ વીશે પદ.

વરસી ભલે તું વાદળી, કીધો જય જય કાર;
આ અવસર આવી કરીયો, અતીશે ઉપકાર. વરસી.
નદીયોના નીરનાં ચાલીયાં, પાળ તોડીને પુર;
સુખ ઉપર સુખથી ચડયું, નર નારીને નુર. વરસી.
લાયક પુરૂથવી લીલી થઇ, છોટા ઉગીયાછે છોડ;
પશુ પંખી નર નારીના, પુરા કીધાછે કોડ. વરસી.
આનંદ ઘેર ઘેર ઉપજીઓ, થઇ દીલગીરી દુર,
જન સઘળા સુખથી જમે, દહી દુધ ને કુર. વરસી.
રાજીય ચડયું મેઘરાજનું, વડી નોબતો વાગી;
દુનીયાનો શત્રુ દુકાળ તે, ભડકી ગયો ભાગી. વરસી.
વીજળીના થયા વીશવમાં, ચારે દીશ ચમકાર;
જેમ ચળકે જગદીશના, ખરા ખાંડાની ધાર. વરસી.
ઈંદરધનુશ અતી ઓપતું, રૂડી ઘટનાથી ઘડીયું;
કાળને મારી કાઢવા, જાણે ચોંપથી ચડીયું. વરસી.
વહાલાં વીજોગી આવી મળીયાં, પરદેશથી પાછાં;
ખાય પીએ ખુશીમાં વસે, ઓઢે અંબર આછાં. વરસી.
લીલા લેહેર થઇ લોકમાં, સોંઘી થઇ ચીજ સરવ;
રોળ ગયો રોળાઇને, ગયો ફુડીઆનો ગરવ. વરસી.
ખેતર દેખીને ખેડુઓ, હઈએ પામેછે હરશ;
સારૂ દેખાડયું સરવને, વીશવ કરતાએ વરશ. વરસી.
કોયલડી ટહુકા કરે, મધુરા બોલેછે મોર;
પાલોમાં વન તીમાં પંખીનો, સારો લાગેછે સોર. વરસી.
સુરજનો તાપ શમી ગયો, થઇ ઠંડક ઠીક;
મેદનીમાંથી હવે મટી, બહાર વટીઆની બીહીક. વરસી.
પ્રાણી સરવ સુખ પામીઆ, એવું કીધુંછે ઈશે;
દલપતરામના દેવની, દયા અતી ઘણી દીશે. વરસી.

---

# સ્ત્રીબોધ.

પુસ્તક ૭ મું. જુલાઈ ૧૮૮૩ આંક ૭ મો.


## ખોટા હીરા ચલકે ઘણાં

અથવા

## બેમરવત બેટા બેટીઓ.

એક વારતા.

---

### પરકરણ છઠું.

### જાલ હાલહવાલ.

એક હાથ ઉપર જારે જઈફ જાલ પોતાની વડી દીકરી ફરંગીજનાં અપમાંનને લીધે તેનુ ઘર છોડી વચલી દીકરી ગુલનારને ઘર આવવા નીકલીઓ હતો, તારે બીજા હાથ ઉપર એ છોકરી પોતાના ખાવંદ નોદરની સાથે દરબારી ફરાંમરજને ઘર ગએલી હતી. એ બંનેજણ થોડુએક સુધી આ ઉમરાવના મેહેમાન દાખલ તેના મેહેલમાં આવી રહેઆં હતાં અને તેઓએ પેહેલ વેહેલી જે ખબર સાંભલી તે પોતાના મેજબાંન ફરાંમરજનાં દીકરાઓ સંબંધી હતી. ફરાંમરજ કારંન તરફ આંગલી કરીને વારેવાર બોલતો હતો કે "જુવો જાંહાંપનાહા—આ છોકરો એક એવી ઓરતને પેટનોછે કે તેણે માંટી કીધો તેની આગમચ તેણે દીકરો જણીઓ હતો, બલકે એ છોકરાને દીકરા દાખલ કબુલ રાખતાં હું શરમાતો આવીઓ છઉં, પણ સાહેબ એજ દીકરાએ ઈમાનદારી કીધીછે અને મારો જીવ બચાવીઓછે." એમ કહીને કારન ઉપર ફરાંમરજ જેમ પીઆર દેખાડતો તેમ આ રાજવંઉસી જોડુ ખુશી દેખાડતું અને કારન પોતાને મનસે સાતમાં આસમાન ઉપર ચહડી ગએઓ હતો. ગરીબ બીચારા શોહોરાબ ઉપર આ લુછાનાં તરકટને લીધે આ લોકો પણ ધીકાર જણાવતાં હતાં.

ફરાંમરજનાં મેહેલમાં એવી ગોફતેગો ચાલતી હતી તેવામાં ગુલનારની નજર મેહેલની બાહેરનાં ખોલા ચોકમાં પડી. તેણે જોઈઉતો બે સવારો પોતાના ઘોડા ઉપરથી ઉતરીને તાંહાં અચબુચી લડાઈ કરવા મંડી ગએઆ હતા. તેઓએ પરથમતો એક બીજાં સાથ ગાલાગાલી કીધી અને તેમાંથી મારામારી થઈ પડી હતી. તેઓની તલવાર વીજલીની પેરે જહલકતી હતી અને તેઓના શરીર ચીતાની ચીશાલે ઉછલતાં હતાં. તે બંનેજણ ગુસાથી લાલ થઈ ગએલા હતા, અને એટલાતો જોસથી લડતા હતા કે અંતે એક જણ જે વધારે જવાંન હતો તે નીચે પડીઓ અને પોતાના દુશમનને હાથ મારીઆ જવાના અંત ઉપર આવીઓ.

આવો માઠો દેખાવ જોઈને ફરાંમરજ, ગુલનાર તથા નોદરને સાથે લઈને નીચે આવીઓ. નોદરે વચે પડીને તેઓને છુટા કીધા અને પછે તેઓ કોણછે તથા કાંહાંથી આવીઆ તે પુછવા લાગા. ખોલ કરતાં માલુમ પડીઉ કે આ સવારોમાંનો એક બુટા જાલ પાસેથી અને બીજો તેની વડી દીકરી ફરંગીજ પાસેથી કાગજો લાવીઆ હતા. એ કાગજો ગુલનારને નાંમનાં હતાં, જાલે પોતાના કાગજમાં પોતાની વડી દીકરીને ગાલો લખી હતી અને ગુલનારને ખબર કીધી હતી કે એ બેમરવત છોકરીએ તેને કાહાડી મેલીઓ છે અને તે ગુલનારની સાથ આવી રેહેવાને ઈછેછે. ફરંગીજે પોતાનાં કાગજમાં પોતાની વચલી બેહેન ઉપર બાપ વીશે ફરીઆદ લખી હતી અને તેમાં પોતાની તરફથી ટકા ચહડાવાનુ બાકી રાખીઉ નહી હતું. તેણે લખીઉ હતું કે "બાવાનો મીજાજ ઘણો બીગડીઓછે અને મારી સાથ સદા ટંટીઓ કરેછે. વલી તેવણે શેહેકડો સંવારોને પોતાની ચાકરીમાં રાખીઆછે, તથા તેઓ બલવો કરવા ધારેછે અને તેથી કરીને આપણુ રાજ ખોહી દેવાની મને ધાસતી લાગે છે. તે બધુ એ બોપને લીધે કરવુ પડશે. આપણે એવણનો દોર નરમ કરવો જોઈએ, તેથી બેહેન તમે એવણને સમજાવીને પાછા મારે તાંહાં મોકલજો."

આ સઘલી ખોટી વાતો ફરંગીજની તરફથી જાંણીને ગુલનાર ઉપર જે અસર થઈ તેમાં નવાઈ સરખુ કાંઈ નથીં. એબી પોતાના બાપની એક બોલકની બેટી હતી અને જેવા ગુણ ફરંગીજમાં તેવાજ ગુણ આ છોકરીમાં હતા. તેણે પણ ઠરાવ કીધો કે બાપ આવે તારે તેને રાખવો નહી પણ ફરંગીજને ઘર પાછો મોકલવો કાંકે જો તે રેહતો પોતાના હકમાં ખરાબી થવાની અને પોતાનુ રાજ નીકલી જવાની ગુલનારને ખોટી ધાસતી લાગી. વલી જાલનો જે સવાર તેની ચીઠી લઈ આવીઓ હતો તે પાછો જવાબ લઈને જાલ પાસ જવા નહી પાંમે એટલાં માંટે ગુલનારે તેનાં ઉપર ઉપલી મારામારીમાં છેડતી શોધવાનુ તોહોમત મેલીઉ અને તેજ મેદાનમાં તેને ખોરાંમાં નાંખી પરહેજ રા

ખીઓ. તેણીએ પોતાની બેહેનના કાગજનો જવાબ લખવાને જરા ઢીલ કીધી નહી પણ પોતાના પાદશાહી બાપના કાસદને આવી નીચી હાલતમા કેદ કીધો.

પણ બુટો જાલ જવાબની રાહા જોતો બેઠો નહી. તે એક બીઆબાંન જંગલની વચમાં પડેલો હતો, અને જારે હજીર એક દીકરીનુ ઘર તેને આસરો આપવા માટે રહેલુ હતુ તારે આવાં જગલમાં ભટકીઆ કરવું તેને દરૂમત લાગુ નહી હતું મુસાફરી કરતાં તે તદન થાકી ગએલો હતો એક ગમથી જઇફીએ તેને નાતવાન કરી મેલીઓ હતો, તેવામા બીજી ગમથી ભુખ અને પીઆસે ગેરએઆ તેનો અરધો જીવ લીધો હતો, તોબી જે નઠારી દીકરીએ બાપની એક બેહોસને ખાતર તેને આવી રીતે જવા દીધો હતો તેને જરા દએઆ લાગી નહી હતી. તેતો પોતાના બાપને ઠેકાણે લાવવા તથા તેનો દમામ નરમ કરવા બેઠી હતી અને તેથી કરીને બાપ નીકલી ગએઓ તો તેની તેને ચીંતા નહી હતી

આવી હાલતમાં રખડતો રખડતો જઇફ રાજો જાલેજર ફરાંમરજના મેહેલ તરફ આવી પુગો. તેનો દેખાવ તે વખતે એક ભીખારીના સરખો હતો થોડા દીવસ અગાઉ આ રાજ, આ મેહેલ, આ બાગ બગીચા સરવે તેના હતા, પણ પોતાની બે દીકરીઓ ઉપર વીશવાસ રાખીને તેણે તે સરવે તેઓને આપી દીધું હતું. આજે ભુખમરાએ તેના ગાલ ઉપર કરચલી વલી હતી, તથા મંજલની થાકથી તેની આંખમા ખાડા પડીઆ હતા. તોપણ તેની ખાતરી હતી કે "ગુલનાર સરખી પીઆરી દીકરી જે મને મીઠી કબુલાતો આપવામા કદી પછાત પડી નથી તે આ વખતે મને આસરો આપવાને ના પાડશે નહી." એવો વીચાર કરતો તે મેહેલની સામુ મોટી ઉલટમા આવી લાગો.

પણ જારે તેણે પોતાના કાસદને દરવાજા આગલ જ ખોરામાં પડેલો જોએઓ તારે તેને કેવી દલગીરી ઉપજી હશે. આ કાસદ કોઇજ નહી પણ પેલો નીમખ હલાલ જાંમાસપ હતો. તેને ફરંગીજના સવાર સાથ મારામારી કરવાનો સબબ એ પડીઓ હતો કે એ સવાર ફરંગીજની બોટી ફરીઆદનો કાગજ લઈ જતો હતો એવી તેને ખબર હતી અને તેથી ગુલનાર પોતાની બેહેનની તરફ થઇ રાજાને આસરો નહી આપશે એવી તેને ધાસતી હતી. તેટલા માંટે તે ઉપલા સવારને ગુલનાર તરફ જતાં અટકાવા માગતો હતો અને તેમાંથી જે મારામારી થઇ પડી હતી તેથી તેને હાલ ખોરામાં બેસવું પડીઉં હતું

જાંમાસપે ખરી હકીકત જાહેર કીધી, પણ જાલે તેમને માંની નહી. પોતાની દીકરી ઉપર તેને એટલોતો પીઆર હતો કે જાંમાસપને તેણે અપમાંન આપીઉં, એ વાતને તે જુઠી સમજીઓ અને બેધડક પોતાની દીકરીની મુલાકાતને માટે અંદર ગએઓ, પણ અંદર જુવે શું? ગુલનાર અને તેનો ખાવદ બારણાં ધાંકીને એક જગોએ બેઠેલાં, અને ફરાંમરજે આવીને રાજાને ખબર કીધી કે "તેઓ કાંમમાંછે માટે હાલ મુલાકાત કરી શકશે નહી." ફરાંમરજ જઇફ જાલનો એક આગળનો દરબારી હતો અને રાજા તરફ તેની દીકરીઓ આવી ચાલ ચલાવે તે તેને જરા પસંદ નહી હતી. જાલને માટે તે અંદરખાંનથી બલતો હતો તોપણ તે નોદરના હોકમને તાબે હોવાથી જાલેજરને આ ખબર કેહેવા વીનાં તેને ચાલીઉ નહી હતું, પણ જઇફ જાલને એ કેટલું બધું અપમાંન! તોબી તે કાંઇ બોલીઓ નહી. તે મુંગો મુંગો મેહેલની બાહેર જાંહાં જાંમાસપ ખોરામાં પડેલો હતો તાહાં આવીને ઉભો રહેઓ.

થોડાવારમાં ફરામરજ નોદર તથા ગુલનારને તેડી લાવીઓ તેઓએ આવતાવાર જાંમાસપને છુટો કીધો તથા જાલને નમશકાર કીધા જાલ પોતાની બેટી આગલ જુસાને દાબી શકીઓ નહી તે રડી પડીઓ. તેણે પોતાનું દુખ જાહેર કીધું અને જણાવીઉ કે "દીકરી, તારી બેહેન ઘાટકીન્વરેના સરખી થઇછે. તેણે મારો અરધો જીવ લીધોછે અને નીચ બેશરમ ચાલ ચલાવેછે."

ગુલનારને જવાબ આપતાં કાંહાં નહી આવડતું હતું? તે બોલીકે—"બાવાજી ધીરજ પકડો! હું ધારૂછું કે તમે તેની કદર ઓછી પીછાનો, પણ તે પોતાની ફરજ ભુલે નહી" એટલું કહીને ગુલનારતો પોતાનાં બાપ આગલ ગોએઆ બાશાંણ કરવા લાગી "અરે સાહેબ તમે જઇફછો. કુદરત તમારાં બદનમાં હવે છેક અંત ઉપર આવીછે; માટે હવે જે તમારી હાલતને વધારે સમજે તેની મરજી પરમાણે તમે ચાલવું જોઈએ." એવું એવું બોલીને અંતે સાર એટલો કાહાડીઓ કે "બાવા તમે બેહેન ફરંગીજ પાસે પાછા જાવો અને તમે તેને અપમાન આપીઉ માટે દલગીરી દેખાડો."

આ કેહેવાની મતલબ આપણે એટલીજ સમજવી કે હું તમુંને રાખતી નથી વાસતે તમે પધારો અને વડી દીકરી પાસેથી માંફ માગો, પણ એક ધણી જેણે આખી જીંદગીમાં પાદશાહી ચલાવેલી તે એવું કામ કરે એમ કેહી રીતે બીચારોએ? જાલ સમજીઓ નહી. તે હવે કાલાવાલા કરવા લાગો—"ગુલનાર તારી બેહેન મારા દુશમન સરખીછે. તેણે સરપના સરખી જીભ વડે મારાં કલેજાંને દંખીઉંછે. અરે! તેના નસીબ ઉપર શેહેતાનના સરાપ ઉતરશે! તેના ચેહેરાને હેવાનો બખશે અને તેની ખુબસુરતીને દાઘ લગાડશે!"

ગુલનાર—બાવા જરા સંભાલ રાખીને બોલો

જાલ—તેની ધીકાર ભરેલી આંખ વીજલીથી આંધલી થશે. તેની કાતર સરખી નખાં પવનથી ખેંચાઇ જશે.

ગુલનાર—તારે કદાચ કાલ ઉઠીને મનેબી તમો એ વીજ ગોલો દેવો ખરા.

જાલ—નહી બેટી, તું તેના જેવી નથી. તારી આંખ ઠંડીછે અને મને બાલશે નહી. તું મને તાંણા મારશે નહી ઇચ્છા મને ઘરની બાહેર કાહાડશે નહી.

આવી વાતો થતી હતી તેટલાં ફરંગીજ પોતે તાંહાં હાજર થઇ. તેને જોઇને જાલને વધારે જહતુન મહડીઉ અને તેને તાહાડો પાડવા માટે એ બેહુ બેહેનો સંપીલી થઇ તેઓ પોતાના બુટા બાપ સાથે હવે તરેહવાર તલાવટથી વાત કરવા લાગી. એક બાપને પોતાને તાંહાં રાખવા કેહેતી તારે વલી બીજી ના પાડતી, અને કોઇવાર બંને જણ સાથે સંપ કરી હા કે નાંનો જવાબ આપતી હતી. એથી કરીને જઇફ જાલ તદન કંટાલી ગએઓ, તેનો ઘબરાટનો કસો સુમાર રહેઓ નહી, પણ તેની બેટીઓને મનમે તમાં રમુજ હતી. એવી તેઓની ચાલ જોઇ જાલનું મંન એ

કદમ ફરી ગએઉ તે તુરત ઉઠીઓ અને આરફાર કરીને ત
થી દીકરાંઓને અતીશએ ગાલ દઈને પાછો જતો રહેઓ.
આ વખતે રાત પડવા આવેલી હતી, તોફાંણ ઘણુ જોસમાં
થતુ હતું, વીજલીનાં ચમકાટ અને ગગડાટના ધડાકોથી ધા
સતી પેદા થતી હતી, તેવા વખતમાં બુઢા જાલ પોતાના ની
મખહલાલ જાંમાસપની સાથે પાછો જંગલની વચમાં નીક
લી પડીઓ હતો.

આ જગોએ એક બીનાં જાંણવા જોગછે. જારે જાલ ગુ
સામાં તાંહાંથી જતો રહેઓ તારે ફરાંમરજ તેને સાથે મેલ
વા ગએઓ હતો. એ બનાવ ઉપલી બંને બેહેનોંએ જોએ
ઓ હતો અને તેઓ સાફ સમજી હતી કે ફરાંમરજ જાલ
ની તરફછે. એવુ જોઈને તેઓને ફરાંમરજ વીશે શક પેદા
થએઓ હતો, અને તે શકનો સઉથી પેહેલો લાભ તેના હ
રાંમ ઈલતના બેટા કારંને લીધો હતો. તે આ બુઢા ઉમરા
વની મીલકત ઉપર પેહેલેથીજ તપી રેહેઓ હતો. તેટલા માં
ટેતો તેણે તેનાં હકદાર બેટાને બાપથી જુદો પડાવીઓ હતો,
અને હવે ફરંગીજ તથા ગુલનારના મનમાં શક પેદા કરી
ને ફરાંમરજને ખરાબી પોંહોંચાડવાનો આ હરાંમ ઈલતનાં
છોકરાએ ઠરાવ કીધો, એટલુજ નહી પણ તેનેતો એવીબી
ઉમેદ હતી કે "મારા બાપને કોઈ રીતે દુર કરી તેની મીલક
તનો ધણી થવશ પછે આ બે પરી ચેહેરેની બેહેનોમાંની એ
કુને મારે હાથ કરી પરદેસમાં મોજ ભોગવશ " નીચ કાર
ન ! તું તારી મુરાદમાં કેમ ફાવેછે તે આપણ જોઈશુ !

---

## પરકરણ સાતમું.

## જમાંનાની વલોણ, નવી મદદ, નવું શંકટ.

વાંચનારી બાંનુઓ, તમે કોઈ દીને ઘરની બાહેર જઈ
તોફાંની રાતને જોઈછે ? તે રાતનો ભએંકાર દેખાવ જરા
તમારી સુરતામાંબીછે ? કેવો તે વખતે પવણ મોટા સુસવા
ટા મારતો જોસમાં ફુકેછે, કેવી વીજલી અને ગગડાટ ગગ
ણને ધુજાવેછે તે તમે પુરેપુરૂ જાણતાં નહી હશો, પણ વી
ચાર કરો કે તેવી તોફાંની રાતને વખતે જારે આંખ આગ
લ ઉભેલું માંણસ ઓલખાએ નહી તારે ઉજડ જંગલમાં આ
દમી જાતથી કેમ રેહેવાએ ? જાંહાં જુવે તાંહાં અંધારૂં અ
ને વાદલ સીવાએ બીજું કાંઈજ મલે નહી.

અને તેવી તોફાંની રાતનાં તથા એવી વેરાંન જગામાં
જમાંનાંની ગીરદેસી તલે ચમપાએલો જાલ આસરો લઈ પ
ડેલોછે. તેની હાલની હાલત જોઈ કોણ એવું વીચારે કે તે
એક રાજાછે ? તેણે થોડાજ દીવસ અગાઉ પાદશાહાત ચલા
વી હતી તથા રાત અને દીન સુનાં રૂપાંનાં ઢગલામાં તે ફર
તો હતો એવું તેના આ દેખાવ જોઈ કોણ માંની શકે ? પ
ણ તેમજ હતું. હાલ તેનો એખલો સાથી તેનો હસમુખો
લઉવો હતો અને તેનો એખલો ખીદમતગાર નીમખ હલા
લ જાંમાસપ હતો. આ બંનેજણ તેનાં મનને તરેહવાર
રીતે રીજવતા હતા અને વખતનાં દોર પરમાંણે નીમખહરાં
મ ફરજંદોનાં સંપથી તેનાં ઉપર જે ગીરદેસી આવી પડી
હતી તેનો ગમ ઘટાડવાને તેઓ ખંતી હતા.

પણ જાલતો ઘેલો થએઓ હતો. ઘડપણ સાથ તેનાંમાં ઘે
લાપણુંબી હતું અને તેથી તે મોહોત સીવાએ બીજું કોઈ માંગ
તો નહી હતો. તે પોતાની મરનાર રાંણીને ગાલ દેતો કે
તેને પેટે નઠારાં ફરજંદ પેદા પડીઆં, પોતાની બેટીઓને
હજારો હજાર કહુવાં દેતો અને છેલે સરવાલે પોતાનાં બા
લ પીંખતો તથા કપડાં ફારી નાંખતો હતો. તે ઘડીમાં ગાતો,
ઘડીમાં હસતો અને ઘડીમાં રડતો હતો. ઘડી લઉવાને મા
રતો અને ઘડી તેનાં હાથ પગ પસવારતો. ઘડીમાં પોતાને
માટે ઘોડ બાંધવા જતો અને ઘડીમાં પોતાને તખત ઉપર બે
ઠેલો સમજતો હતો તથા તરેહવાર હોકમો આપતો અને
સરદારી ચલાવતો. ખરેખર આ બુઢાની હાલતનો ખરો
ચીતાર આપવાને કવીની કલમ ઈઆ ચીતારાની પીંછી
અશકતીવાંન હશે.

વલી આ ઘેલાને એક બીજો ઘેલો આવી મલીઓ હતો
અને એ રીતે મુખીઅ વાજુ ઘેલાઓનુ થઈ પડીઉં, જામા
સપ જાલને ચલાવતો ચલાવતો એક જુફડાં આગલ લઈ ગ
એઓ, અને તેમાં દાખલ થતાં વારજ એક જવાંન જોરેમંદ
નર બાહેર નીકલી આવીઓ. તેનાં કપડામાં કપડું એક
લંગોટ હતી. તેના પગ ઉંઘાડા હતા અને બદન નાગું હ
તું, પણ તે છતાંબી તેનો તનદરોસત બાંધો અને કદાવર
શરીર શોભા આપતું હતું. તે જાલ અને તેનાં શોબતીઓ
ને જોઈને બાહેર નીકલી આવીઓ અને કુદવા તથા ગાવા
લાગો. તે જાલને વલગી પડીઓ, અને જાલ તેને કોટી ક
રવા લાગો તથા એ બંધે જણ મોજમાં આવીઆ, પણ બં
ધે જણ દેવાંનાં હતા. દુનીઆંની ઈઆ સંસારની તેઓને
કાંઈ ખબર નહી હતી.

આટલું છતાં પણ જાલ પોતાની દીકરીઓની ચાલને
ભુલી ગએઓ નહી. તે આ બીજા ઘેલાને પુછવા લાગો કે
ભાઈ "તારી દીકરીઓછે."

ઘેલો—નાં, પણ હું દીકરીનો દીકરો છઉં.

જાલ—ને તારી દીકરીઓએબી તુંને કાહાડી મેલી
ઓછે.

ઘેલો—હા, પણ મેં મારી દીકરીઓને કાહાડી મેલી
ને પછી મને સેતાંને ઘેરીઓ. તારે મેં સેતાંનને કહેઉ કે
જો તું મને જવા નહી દેશેતો તુને સાત ખાસડાં મારીને મસાં
નમાંના બધા ભુતને ઉઠાડશ. તેથી સેતાંન બીધો ને મને
જવા દીધો.

આવી ઘેલી વાતોમાં ઉપલા ઘેલાઓ ઘણો સવાદ લે
વા લાગા, પણ જામાસપને તેથી બહુ દુખ થતુ હતું. તે રા
જાની દએઆ આંણુવાજોગ હાલત ઉપર અફસોસ કરતો હ
તો, અને આ બીજો ઘેલો કોણછે તેનો વીચાર કરતો હતો.
તેણે પોતાનુ મોહોડું રંગેલુ હતું, તથા તેનાં બાલ મોટા થ
એલા હતા, માટે જામાસપ તેને ઓલખી શકતો નહી હ
તો, તોપણ તેને એ ચેહેરો કોઈ ઓલખાંણવાલા ધણીનાં ચે
હેરા સરખો લાગતો હતો. તે ઘેલાને ઉલટ પાલટ તપા
સીને ઘણીબી રીતે તેની ઓલખ કાહાડવા જતો હતો પ
ણ તે ઘેલો જવાબનાં અખાડા કરતો હતો અને બધો વખ
ત સુધી ભુત તથા દેવ તથા સેતાંનનીજ વાતો કરતો હતો.

આ ઘેલાને જોકે જામાંસપે નથી ઓલખીઓ તોપણ
વાંચનારે તેને ઓલખવો જોઈએ. એ જવાંન પુરૂશ ફરાં
મરજનો બેટો શુરો શોહોરાબ હતો. તેનાં શાવકા ભાઈ કા
રંનના કારસતાંનથી તેને પોતાનુ ઘર અને શેહેર છોડી

ફરાંમરજનાં ગુસાને લીધે આ જંગલમાં આવી વસવું પડી ઉ હતું પણ તાંહાં પકડાઈ નહી જાય્એ એટલા માટે તે હાથે ક રીને પોતાનો ચેહેરો રંગતો હતો અને ખરેખર દાહેઓ હો વા છતાં તેને ઘેલાનો અવતાર લેવો પડીઓ હતો. તેમ કરવાની તેને નાચારીથી ફરજ થઈ હતી. તેણે જઈને જાલને પાદશાહા દાખલ ઓલખીઓ હતો અને જારે તેનું દુખ આવડું મોટું જોએઉં તારે તે પોતાના દુખને ઘણે દરજે ભુ લી ગએઓ હતો.

શોહોરાબે જંગલમાં આવેઆ પછે આ નાંહાંની જુફ ડી બાંધી હતી અને તેમાં આતસ રાખીને પોતે ગરમી લે તો હતો તથા આસ પાસ શેકાર કરી ભુખ મટાડતો હતો. આ જુફડાંમાં જાલને સારો આસરો મલીઓ. તે મુસાફ રીથી તદન થાકી ગએલો હતો અને તેને અતીશએ સરદી પોંહોંચી હતી, માંટે આ જુફડાંમાં ગરમી આગલ બેઠા પછે તે ઉંઘાઈ ગએઓ, પણ જાંમાસપને ઉંઘ આવી નહી. પા દશાહાનું શું કરવું અને તેને કાંહાં રાખવો તેનો અંદેશો કરતાં રાત નીકલી ગઈ અને તેટલા અરસામાં અવાર નવા ર આ ઘેલા (શોહોરાબ) સાથ વાત કરવામાં તેને રમુજ ઉપજ તી હતી.

એમ કરતાં સહવાર પડી. તોફાંન નરમ પડીઉં, અ ને તેવામાં દુરથી એક પીર મરદ આવતો જણાએઓ. આગ લ આવતાં તે વફાદાર ફરાંમરજ માલુંમ પડીઓ. તે ઉલટ ભર અને ઉતાવલમા આવી પોંહોંચીઓ તથા એક ખબર લઈ આવીઓ હોએ એવું દીસીઉં. જાંમાસપનો જીવ ચ ટપટ થવા લાગો તે શું ખબર લાવીઓ હશે? શું જાલની છોકરીઓ એટલી શીઆંની થઈ હશે કે પોતાનાં બાપને ફરાં મરોજ પાસ પાછો તેડાવી લીએ? જામાંસપ એવું ઇછતો હ તો કે ખોદા તેને પાંખ આપી દીએ જેથી તે જઈને ફરાંમર જને મલે અને તે શું ખબર લાવીઓછે તે પુછે.

પણ ફરાંમરજતો માઠા સમાચાર લઈને આવીઓ હ તો. તેણે પાદશાહાની ખબર પુછવા પછે કહેઉં કે "ભાઈ રાજાનો જીવ લેવાને એક મોટું તરકટ થએઉંછે અને તેની આગમચથી ખબર આપવા માટે હું હીઆં આવીઓ છઉં. રાજાની દીકરીઓને ધાસતી લાગેછે કે જો તે જીવશેતો તે ઓના હકમાં ખરાબી થશે અને તેથી તેનો જીવ શોધવાને તેઓ ખંતીછે. દોસત મેં રાજાનું નીમખ ખાધુંછે માંટે તુંને ફરમાઉં છઉં કે એ રાજાને હીઆંથી ઇરાંનની સરહ દ આગલ લઈ જા. અરધા કલાકનો વીલમ નાં લગાડતો, નહીતો કે તેનો અને તારો જીવ સાથે જશે."

આ ખબર સાંભલી ઈમાંનદાર જાંમાસપ તુરત ઉઠી ઓ. તેણે કંમર બાંધી અને ફરાંમરજે તેને ખબર કીધી કે જાલનો તરીજે જમાઈ જાંહાંગીર જાબલુસતાંનમાં આ છોકરીઓનાં રાજ ઉપર ધસારો કરનારછે. તે ઉપરથી જામા સપે ઠરાવ કીધો કે પાદશાહાને તેની છાવણીમાં લઈ જવો, જાંહાં શીઆંની પીરોજનો વર તેને આસરો આપશે એવી તેની ખાતરી હતી. પીરોજને જો કે તેનાં સાદા બોલવા ઉપરથી પાદશાહે ધીકારી હતી તોપણ તેનો ખાવંદ આ વ ખતે તેનો બદલો ઉપકારથી વાલે એવું જાંમાસપ ચાહાતો હતો. તેણે લઉવાની મદદથી પાદશાહાને પોતાની ખાંધ ઉપ ર મારીઓ અને એકવાર તેઓએ પાછી પોતાની મંજલ શ રૂ કીધી.

ફરાંમરજ આ ખબર આપવા આવીઓ તારે પોતા નાં દીકરા શોહોરાબને તેણે ઓલખીઓ નહી હતો, પણ શોહોરાબ તેને જોઈને મનસે ખુશી થએઓ. તોબી પોતા નાં દેવાંનાપણાંનો દેખાવ તેણે છોડીઓ નહી. તે પોતાનાં બાપની વફાદારીને વખાણવા લાગો અને તેની ખાતરી હતી કે એવા નેક બાપે એક શાવકા પણ લુચા ભાઈનાં ભમાવા ઉપરથી તેને જે અપમાંન આપીઉંછે તેની જારે તે પોતાની મેલે ભુલ જોશે તારે શોહોરાબને પાછો બોલાવશે.

---

પરકરણ આઠમું.

## કારંનનાં કારસતાંન.

"ભાઈનેતો કાહાડીઓ. જેનાં ઉપર મારા બાપનો ઘ ણો ચાહા હતો અને જેને લીધે હું તેની નજરમાં હલકો હતો તેને દુર કરવામાં હું ફતેહ પાંમીઓ. નોદર અને તે ની બાંનુ ગુલનારનો મેં વીસવાસ મેલવીઓછે. તેઓ મ ને ઘણોજ ભલો ગણેછે અને હીઆં સુધીતો ઠીકછે, પણ એ ઉપર શું સબુરી પાંમીનેએસી રહું? બાપ મરેતો શું હું સુખી નહી થાઉ? અલબતાં થાંઉ, તારે હવે જારે આટલાં કાં મ કીધાં તારે એ શામાટે બાકી રાખું? આખર કરે પણ તે એક છંડખોર શખસછે. તેની હરાંમ ઈલતથી મારો જન મછે અને તે મારી આબરૂ ઉપર એક દાઘછે માટે તેનેબી જો હું કોઈ રીતે દુર કરૂતો દુનીઆંમાં જે મારી તરફ આંગ લી કરેછે તેમાંથી હું છુટશ અને તેની દોલત તથા માલ મીલકતનો હું ધણી થવશ."

આ ઘાટકી વીચારે કારંનનાં દીલમાં ઘર કીધા ઉપર થી તેણે પોતાના ફરાંમરજ સરખા બાપની ઘોર ખણવાનો વીચાર કીધો. તેને માટે તેણે એવો ઉપાએ શોધી કાહાડી ઓ કે—"એ બુહો હજુર સુધી જાલ રાજા તરફની વફાદારી છોડતો નથી. તેની દીકરીઓ નાંખુશછે તોપણ તે એ ખલા મને જણાવીને છુપી રીતે જાલને મદદ આપવા અને તેનો જીવ લેવાનો જે સંપ થએઓછે તેની તે ને ચેતવણી આપવા ગએઓછે. એ વાત વીસવાસથી તે ણે મને કહીછે પણ હું જઈને એ વાત જાલની દીકરીઓ આગલ કરૂં, કે તેથી તેઓ એ ધાંખરાને પુરતી રીતે ધીકા રશે. તેમાં મારૂ કાંમ થઈ જશે. તેઓ ફરાંમરજને કોઈ બી રીતે આ મકાંનથી દુર કરશે અને મારા ઉપર એટલો પીઆર રાખશે કે મારા માંગવા વગર મને ઉમરાવ બનાવ શે." આ વીચાર કરીને કારંન ઉલટ ભર દોડતો નોદર ની પાસે ગએઓ.

નોદર, ફરંગીજ તથા ગુલનાર સાથ વાત કરતો બેઠેલો હતો. કારંને જઈને નમશકાર કીધા અને પછે એક બે ઠક લીધી. નોદરે તુરત સવાલ કીધો કે "ભાઈ તારો બાપ કાંહાંછે?" આ સવાલનો જવાબ આપવાને કારંને એવી રીતે અખાડા કીધા કે નોદરને શક જાએ. તેણે ફરી ફરીને બે તરણવાર પુછીઉં અને કારંન માતર ઠગાઈને ખાતર જ વાબ આપવાને આંનાંકાંની દેખાડવા લાગો. તેમ કરતાં તો

આ રાજવંઉસીઓ અધીરાં થવા લાગાં, માટે તેઓ એક અવાજે બેહોસ કરીને પુછવા લાગાં કે "ફરાંમરજ કાંહાં ગએઓછે!".

અંતે કાર'ન બોલીઓ, પણ નરાકજ બોલીઓ કે "જાંહાંપનાહા મારા મેહેરબાંન પીતા નાંમદાર જાલ રાજા પાસે ગએઆછે." આ વાકીઅ સાંભલતાંજ જાલની દીકરીઓ છછની પડી. ફરંગીજ બુમ પાડી ઉઠીકે "શું? એ હમારા દુશમન પાસે ગએઓ? તેની અકલ કાંહાં ગઈ? તે દેવાંનો કેમ થએઓ? ખચીત હમારા બાપની ભેટ લેવામાં એણે મોટી તકસીર કીધીછે." તેને ગુલનારે ટેકો આપીઓ કે—"એ તકસીર કાંઈ નાંહાંની નથી અને તેને માટે એ બુટાને સજા કરવી ઘટેછે."

આ સઘલો વખત કાર'ને રડવાનુ દોલ ઘાલીઉં હતું. નોદરે ઉપલી હરામખોર બેહેનોને નરમ પાડીને કાર'નને પુછીઉંકે "ભાઈ તું શા માંટે રડેછે? તારો બાપ હાલ ધાસતીમાં નથી. જાલ પાસે તે શા માંટે ગએઓછે તે જણાંવ અને પછે જોતે વીચાર થઈ શકે." આ સવાલનો કાર'ને વલી ઘણો વખત લગાડવા પછે ઉતર વાલીઓ કે, "જાંહાંપનાં, હા તમોને જવાબ આપતાં મારૂ આખું દીલ ધ્રુજેછે. તમો નામદારો તરફ મને જે પીઆરછે તેને ખાતર સાચું બોલવાની મને ફરજ પડેછે, પણ તેમ કરતાં મારા બાપનાં હકમાં ખરાબી થાએછે માંટે હું બોલવા ચાહાતો નથી." પણ જારે ઘણી બોહોસ થઈ તારે "ફરજ પડવાનુ" બાંહાંનુ કાહાડીને જાલ પાસ તેનો બાપ શા માંટે ગએઓ હતો તેનો હેવાલ કહી દીધો.

એટલુંજ નહી પણ કાર'ને એક બીજીબી વાત કહી. "સાહેબ મારા બાપ ઉપર ઈરાંનથી એક કાગજ આવીઉંછે, તેમાં લખેછે કે ઈરાંનથી પીરોજખાંનુ'નો વર જાંહાંગીર આપણાં રાજ ઉપર લડાઈ કરવા આવેછે. એ કાગજ મારા બાપે છુપું રાખીઉંછે." આ ખબરથીતો ઉપલાં રાજવંઉસીઓ લાલ અને પીલાં થવા લાગાં. તેઓ ઉપર પીરોજની તરફથી ધસારો થનારછે એવું સાંભલીને આ બેહેનો ધબરાવા લાગી અને ફરાંમરજે તેઓને તે ખબર કહી નહી માંટે તેઓ ખુન ઉપર આવીઆં. નોદરે તુરત માણસોને હોકમ દીધો કે ફરાંમરજ જાંહાં હોએ તાંહાંથી તેને પકડી લાવે. તેઓ જવા પછે ફરંગીજ આ માઠા સમાચાર પોતાનાં વરને કેહેવા માંટે પોતાને ગાંમ જવાને તઈઆર થઈ. તેની સાથે જવાને સાહાજાદા નોદરે કાર'નને હોકમ કીધો. તેણે કાર'નને મોટું નજરાંનું આપીઉં અને એ તરકટીઓ મનસે ખુશી થવા લાગો કે "મારી મતલબતો પાર પડી. શાહાજાદો માંરા બાપ ઉપર ખફા થએઓ માટે તે હવે તેની ધનનસલ નાબુદ કરશે. હાલ હું ઘર છોડી જાઉં છઉં, પણ મારી ખાતરીછે કે જારે હું પાછો ફરશ તારે આ ઘરનો ધણી હું થવશ તથા બનશેતો આ બે છોકરીઓમાંની એકુને મારી બાએડી કરી નાંખશ." એવા વીચાર કરતો તે ફરંગીજ તથા તેનાં રસાલાની સાથે નીકલીઓ.

ફરાંમરજ, જઈફ જાલને જામાસપ મોડે ઈરાંનનાં રંસતા ઉપર મોકલાવી દઈને પોતાને ઘર આવતો હતો તેવામાંજ નોદરના હથીઆર બંધ માણસોએ તેને ઘેરી લીધો. આ વખતે બુજરગ ફરાંમરજ કેટલો ધબરાએઓ હશે! પણ તે શું કરે? તેને મુગો મુગો જવાની ફરજ પડી. તેને માંણસોએ નોદર અને ગુલનારની સાંમે ઉભો કીધો. તે બીચારો બુટો બીહીકથી ધ્રુજતો હતો. તેની કાંઈ તકસીર નહી હતી. તેણેતો માતર પોતાના નાતવાંન રાજા તરફ વફાદારી કીધેલી હતી અને એક મોટા સંપની તેને ચેતવણી આપી આગમચથી જહસાડીઓ હતો. એ વાતની ખબર નોદરને કોણે કીધી તે વીશે તે વીચારમાં પડીઓ અને પછે બોલીઓ કે—

"નાંમદાર શાહાજાદા, તમો મારા ઘરમાં મેહેમાંન દાખલછો, અને તે છતાં પણ મને આ અપમાંન મલેછે તેનુ કારણ શું?"

નોદર—બુટા તું કારણ નાં પુછ તારા મનથી સમજ.

ગુલનાર—ફરાંમરજ, આ અપમાનતો ઘણુ થોડુંછે. તારૂ મોહોત હવે નજદીકછે.

ફરાંમરજ બાંનુ ગુલનાર એ તું શું બોલેછે. તારી માં મુવા પછે મેં તુને ઉછારેલીછે અને મારી પરીતીની ઈંધાંણી તારા ગાલ ઉપર હજુર તાજીછે, તેટલાં તું આ રીતની બેવફાઈ કરે એ મને ગમતુ નથી."

નોદર—ચોકીબાંન એ દઈતને બાંધો.

ફરાંમરજ પોતાના ઘરમાં પારકાઓને હાથ બંધાએઓ. તેનાં ખીદમતગારો દલગીર થઈ ઉભા રહેઆ. ગુલનાર ફરાંમરજની મશખરી કરવા લાગી.

નોદર—ઓ નીમખહરાંમ દરબારી તું હમારા દુશમન સાથ મલી ગએઓ. હમારી ઉપર જાંહાંગીર લડાઈ લાવેછે તે વાત તેં જાંણવાં છતાં છુપી રાખી તેની તુને સજા કરવાનો મેં વીચાર કીધોછે.

ફરાંમરજ—બેમરવત શાહાજાદા મને તારી ચાલ ઉપર ગુસો આવેછે. મેં કાંઈ નરસ કાંમ કીધુ નથી અને મને બાંધીને હીચકારાની મીશાલે જવાબ માંગવો તુને ઘટતો નથી.

ગુલનાર—હવે તારૂ શેવટ કાંઈ દુર નથી, માટે તું જે બોલે તેની હમોને પરવા નથી.

ફરાંમરજ—ઈઆદ રાખજે કે દુનીઆં એવાં કાંમને પસંદ કરશે નહી. મારૂ વેર કોઈબી રીતે વલી રેહેશે. મારો દીકરો કાર'ન કાંહાંછે? તે મારૂં વેર લેશે.

નોદર—કાર'ન તેમ કરવાનો નથી. તેણેતો તારી બેવફાઈની આ સરવે ખબર હમને કહીછે.

ફરાંમરજ—ખરે! તારેતો હું મુવો. એણે મારી સાથ બેવફાઈ કીધીછે અને મને ધાસતી લાગેછે કે મારા શોહોરાબ દીકરાનેબી તેણે નાહેકનો ફસાવીઓ હશે. અરે રે! હવે હું સંધુ જોઉં છઉં. અરે દીકરા શોહોરાબ! વગર વાંકે મેં તુને દુખી કીધોછે! ઓ ખોદા જો તે હીઆં હતેતો મારૂ વેર લીધા વીના રેહેતે નહી.

હવે આ દુખ ભરેલું દાસતાંન ખતમ કરવા માટે એટલુંજ લખીએ છઈએ કે નોદરે ફરાંમરજ ઉપર એકદમ ધસારો કીધો અને પોતાના ઘાટકી હાથે તેની એક આંખ ખેંચી કાહાડી પોતાના પગતલે દાબી નાંખી, પણ આ કુકરમની સજા તેણે તાંહાંજ જોઈ. ફરાંમરજનો એક નીમખ હલાલ ખીદમતગાર પોતાનાં શેઠની આ હાલત જોઈ શકીઓ નહી. તેણે તુરત પોતાના મેઆંનમાંથી તલવાર કાહાડી નોદરને એવો જખમ કીધો કે તે જમીનદોસત થઈ બુમ મારવા લાગો.

હીઆંથી કાંમ બીગડીઉં. ફરાંમરજ આ નીમખ હલાલ ચાકરની વફાદારીથી પીગલી ગએઓ પણ ગુલનારે પોતાનાં ધણીનુ વેર લેવા માટે પેહેલાં આ ચાકર ઉપર અચણુચો હોમલો કરી તેને મારી નાખીઓ અને તારપછે ફરાંમરજની બીજી આંખનાં ડોલા ખેંચી કાહાડીને તેને બેહુ આંખે આંધળો કરી મેલીઓ. એથી તે બીચારો અફસોસ કરવા લાગો. તેની આંખે અંધારી આવી. નાં મેહેલ કે ના એવાંન, નાં બાગ કે નાં બગીચો, કાંઇબી જોવાને તેને ઓરતો રહી ગએઓ. પણ તેથી ઉલટું એક ગમથી ગુલનારે પોતાના જખમી ભરથારને બીછાંના ઉપર લઈ જઈને સુવાડીઓ અને બીજી તરફથી તેને હોકમ કીધો કે આંધલા ફરાંમરજને મેહેલની બાહેર મેલી આવવો.

હવે બીચારો ફરાંમરજ કાંહાં જાએ? ઘણો વખત સુધી તે અફસોસ કરતો પડી રહેઓ. તે બોલતો હતો કે "જે ઘણો મીઠો તેજ ઘણો કવડો દીકરો નીકલીઓછે. કારંને મારૂ નખોદ વાલીઉંછે, પણ નીરદોશ શોહોરાબનોતો હું છેલો ચેહેરોબી જોવા પામીઓ નથી." એમ કરતા અંતે એક ભીખારી આવી લાગો. તેને ફરાંમરજે અરજ કીધી કે "આ જગોએથી મને ઉચકીને તારે ગમે તાંહાં લઈ જા." આ અરજ ઉપલા ભીખારીએ બાહાલ રાખી અને ફરામરજ તેની પીઠ ઉપર હાથ મેલી ચાલવા લાગો અને છેવે સંજોગ એવો બનીઓ કે જે જંગલમાં શોહોરાબ દેવાનાંનો અવતાર લઈ પહેઓ હતો તેજ જંગલમાં ફરાંમરજ ચાલતો ચાલતો ઉપલા ભીખારીની મદદથી આવી પુગો.

# પરીનસ આફ વેલસ, તેની બાંનું અને તેનાં લગણ.



દુનીઆંમાં બનતા જુદા જુદા મોટા બનાવોની વાંચનારી બેહેનીઓ થોડીજ ખબર રાખેછે, પણ તેમ થવું નહી જોઈએ. અગત કરીને સરવે જાંણવા જોગ બનાવોમાંના એક અગતના અને આપણે માંથે રાજ કરતાને લાગતા વલગતા બનાવથી આપણી બાંનુંઓએ નાવાકફ રેહેવું ઘટતું નથી. તે બનાવ આપણી માએઆલુ માહા રાણીનાં વડા પુતર પરીનસ આફ વેલસનાં લગણનોછે. એ નાંમવર શાહાજાદો વીકટોરીઆનાં તખતનો વારેસછે અને આપણે માંથે તેનું રાજ ચાલુ થવાનો વખત નજદીક આવતો જાએછે. તે ઊપરથી તે શાહાજાદો કેવી ચાલ ચલણનોછે, તેની ખાશીએત અને ખવાશ કેવાછે, તે કેટલી હોશીઆરી રાખેછે, તેનાં દોસતો અને મસલતીઆઓ કેવાછે અને છેવું તેની બાએડી જે તેનો સદાનો સોબતીછે તે તથા તેનાં માં બાપ કોણ છે તે જાંણવાની રઈએતને ખાહેશ થવી જોઈએ, કે તેથી કરીને આ શાહાજાદો આપણાં બચાંઓ ઊપર સારી રીતે રાજ ચલાવશે કે નહી તે વીશે આપણી ખાત

રી થાએ. એ શાહાજાદાનાં સંભાલને માંટે તમાંમ રઈએત ખંતીછે અને તેથી કરીને તેનાં આ લગણનાં બનાવ ઊપર તેઓ સરખી ઈનતેજારી દેખાડેછે.

પરથમ આ પરણેલા શાહાજાદાનુ થોડુક બેઆંન આપીએ. પરીનસ આફ વેલસ હાલ ૨૧ વરસનો એક જવાંનછે. તે માંણસપણાંની મોટી પદવી ઊપર તરતનોજ ચહડેલોછે અને જારે તે મોટો થએઓ તારેજ તેને તેની માએ પરણાવીઓછે; પણ એ બનાવ આપણાં બઈરાંઓનાં રવઈઆથી ઊલટોછે. હીઆંતો માંને પેરે બચું પેદા પડીઊં કે તેને પેહેલો વીચાર બચાંને પરણાવા વીશેનો આવેછે અને જો તે બે તરણ વરસની વએમાં નહી તો આઠ નવ વરસેતો ઘણું કરીને પરણેલુંજછે, પણ બેહેનો, આપણી રાંણીએ તેમ નથી કીધું અને તમે વીચાર કરો કે તેણે જારે પોતાનાં બેટાને આટલી ઊમર ઊપર આવવા દીધોછે તારે તે વાજબીજ હશે કે નહી ? વલી આ શાહજાદો ઘણીજ મોતેબર કેલવણી પાંમેલોછે. તેનાં લાએકીવાલાં માંબાપે તેને પોતાનો દરજો પીછાણતાં શીખવીઊંછે, અને કોઈબી મીજલશમાં તે એવીતો મરતબા ભરેલી રીતે પોતાની હોશીઆરી દેખાડેછે કે આગલ ચાલતાં તે પોતાનાં માંબાપનું નાંમ રાખશે તેમાં શક નથી. તેનાં ઊપર તેની માએ જાપતીબી રાખીછે અને તેને લાડબી લડાવીઓછે. તેની પાસે શખત મેહનતબી કરાવીછે અને તેનો વખત આવીઓ તારે તેને ગાડી ઘોડેબી ફેરવીઓછે. એમ જારે તે કેલવાઈ સુકો તથા સંસારમાં પડવાને લાએક સમજનો થએઓ તારે તેની માંએ તેને પસંદ પડતી બાંનું સાથ નેકાકરી બન બેસતું શુખી જોડું બાંધી આપીઊંછે.

આ શાહાજાદાની બાંનું ૧૮ વરસની ખીલતી અને જોબનનાં બાહારમાં આવેલી એક શાહાજાદીછે. તેનુ નાંમ શાહાજાદી અલેકસાંનડરા કરીનેછે. તેની ખુબશુરતીની લોકો વખાંણ કરેછે, પણ તેનાં ગુણ આગલ તે કાંઈ જાજી અગતની બીનાં નથી. હવે પછેનાં આપણા રાજાઓની તે માં થશે, અને તેના ઊપર પરજા રાજીછે એટલે જણાએછે કે તે આ માંનને લાએકજ હશે. આ મેહબુબ હારેં જરા ઊંચી છે. તેનુ કપાલ મોટું અને ગરદન લાંબીછે તથા શીખેલી, ઘર ચલાવે તેવી અને સાત પાંચને માંથે થાએ તેવીછે. તેનો ચેહેરો હસતોછે તથા તેના ખુશ મીજાજને માટે લોકો તેને ઘણાં ચાહેછે. ઈરોપના મધીઅ ભાગ તરફનાં ડેનમારક દેશના શાહાજાદા કરીસટીઅનની તે બેટી થાએછે. તેનાં માં બાપ આબરૂવાલાં અને એ દેશના રાજવંશી કુટુંબમાંનાંછે.

આ શુંદર કુંવરી પોતાને સાસરે ગાંમ તારીખ ૭ મી મારચને દીને આવી હતી. તેને લેવા માંટે ગએલાં બારકસો પોતાના આ માતબર ખજાંણાંને લઈને જાંહાં જાંહાંથી પસાર થએઆં હતાં તાંહાં તાંહાં તેને તોપોથી તથા જાંહાં જાંહાં તે કીનારે ઊતરી હતી તાંહાં તેને માંન પતરોથી સલાંમતી આપવામાં આવી હતી. વેલાતમાં તેણે પેહેલ વેહેલો ગરેવસાંડમાં પગ મેલીઓ હતો. તે વખતે ડંકા ઊપર તેની ભેટ લેવાને જોવા લાએક તઈઆરી થઈ હતી. તાંહાં મોટા તંબુમાં ૧૬ અને ૧૮ વરસની વએની ઊંમરની જવાંન છોકરીઓ હાથમાં ફુલની ટોપલીઓ રાખીને હારેકટાર ઊભી હતી અને જાંહાંથી શાહાજાદી ચાલતી તાંહાં તેઓ ફુલને વીખરાતાં નાંખતી હતી. આ રીતનુ માંન પાંમતી જારે તે લંડન ખાતે આવી પુગી તારે ૩૦ લાખ આદમીઓ તેને પેહેલી સલાંમ કરવાને ઊભાં હતાં. આ ભીડ કાંઈ વાંચનારે નાંહાંની સમજવી નહી. ૧ લાખ આદમીની ભીડ હીઆં કોઈએ પોતાના જનમમાં જોઈ નહી હશે. તેથી કદાચ મુંબઈનું અરધું મેદાંન ભરાઈ જાએ, તારે ૩૦ લાખ માણસને સમાવા માંટે તેવાં કેટલાં મેદાંનો જોઈએ ?

જે દેવલમાં આ પાદશાહી લગણની કીરીઆ થઈ, તે દેવલમાં તે દીને ઘણો મોતેબર સીણગાર થએઓ હતો અને ગોએઆ દરએક જણે તેને પોતાના લગણનો દોવસ ગણીઓ હોએ તેમ તેઓ તઈઆરીઓ કરવા પડીઆ હતા. આ મોટી ખુશાલીનુ એક કારણ એ હતું કે રાંણી વીકટોરીઆના ભલા ભરથારનાં મરણ પછે ખુશાલીનો બનાવ એખલો એજ હનો. તે મરનાંર નાંમદાર શાહાજાદો કાંઈ સાધારણ આદમી સરખો નહી પણ જેમ ઘણો માતબર તેમ ઘણોજ દએઆલુ અને ઘણોજ લાએકીવાલો હનો. તેનાં મોહાતથી નાંમદાર રાંણીને એટલોતો ગંમ લાગો હતો કે કોઈબી બનાવને વખતે ખુશાલી ગોએઆ ગુમ થએલી હતી, પણ આ લગણને દાહાડે રાંણીએ પોતાના કબીલા તથા નોકરોને શોગ કાહાડી નાંખવા ફરમાવીઊં હતું, તેથી તે દીને ઘણી ઊલટ દેખાતી હતી.

આ લગણની કીરીઆમાં નાંમદાર રાંણી પોતે આવી હતી ખરી પણ શોગને લીધે ધુમધાંમથી વેગલી છુપી જગામાં બેઠી હતી. દેવલમાં ચીઠીઓની મારફતે ૯૦૦ આદમીઓને નોતરીઆં હતાં પણ તે પુરતાં નહી હતાં. હજારો લોકો આ લગણ જોવાને ખંતી રહી ગએઆં હતાં, પણ તેઓને તે દેખાડવાનુ બની શકીઉં નહી હતું. બપોરનાં ઠરાવેલે વખતે વરરાજા અને તેની બાએડી પોતપોતાના કબીલાઓ સાથ છુટાં છુટાં આવીઆં હતાં. તેઓ દેવલના દરવાજા આગલ ગાડીમાંથી ઊતરીને સરઘસનાં આકારમાં ચાલીઆં હતાં અને તે વખતે ખીદમતગારો, ચોબદારો, પટેદારો, અને ચાંન તથા શુનેરી પોશાકથી જંહલકતા અમલદારો પોતાની પદવી મુજબ જેમ ચાલતા તેમ જોવા લાએક દેખાવ થઈ પડીઓ હતો. પરીનસ આફ વેલસ અને તેની બાંનું બંને જણ પેહેલાં નાંમદાર રાંણીને પગે લાગવા ગએઆં હતાં. આ વખતે દેવલમાં બીરાજેલાં હજારો આદમીઓની આંખ પોતા તરફજ જોઈને શાહાજાદી અલેકસાંનડરા જરા શરમાતી હતી તથા તેના હાથ જરા ધુજતા હતા. એ શાહાજાદીએ સરેસતા પરમાંણે એક મોટો જભો પેહેરેલો હતો, જેને પછવાડેથી આઠ જુવાંન ઓરતો હારે દોર ધરીને ચાલતી હતી. તે ઓરતો સરવે અમીરોની છોકરીઓ હતી.

કીરીઆ ગમભીરાઈથી થઈ હતી. કીરીઆ કરનાર પાદરીની સાંમે આ પાદશાહી જોડું ઊભા પછે પાદરીએ તેઓને પુછીઉં કે—"કેઆંમતને દાહાડે જારે સરવેનાં પાપ ફુટશે તારે તમુને જવાબ આપવો પડશે, વાસતે હમણાં હું તમુને પુછુછું તેનો સત ધરમથી જવાબ દેવો કે તમોને નેકા પાડવામાં કાંઈબી અડચણછે કે નહી ?" આ લગણમાં પરણતાં જોડાંએ જારે વાંધો નહી કાહાડીઓ તારે પાદરી શાહાજાદાનું નાંમ દઈ બોલીઓકે—"તું ખોદાની મરજી પરમાંણે આ ઓરતને તારી પરણી બાએડી દાખલ રાખવાને રાજીછે કે નહી ? તું તેને ચાહાશે, માંન આપશે, સુખી કરશે તથા તારા મોહોત સુધી સુખ ઈઆ અસુખનાં વખતમાં બીજી સરવેને પડતી મેલી એની સાથે રેહેશે કે નહી ?" શાહાજાદાએ હા કહેઉં અને પછે પાદરીએ તેની બાંનુંને એજ સવાલ પુછીઓ. તેણે પણ હા કેહેવા પછે પાદરીએ શાહાજાદીનાં બાપની મરજી પુછી અને તારબાદ વરરાજો તેનો હાથ ધરીને બોલીઓ કે—"હું આજ દીનથી તુંને મારી પરણી બાએડી ગણીને સારાં માઠાંમાં, સુખ ઈઆ અસુખમાં, ગરીબાઈ ઈઆ તવંગરીમાં, મોહોત આવે તાંહાંસુધી તુંને ચાહાવા તથા માંન આપવાને ખોદાની મરજી પરમાંણે કબુલ થાઊં છઊં." એ પછે શાહાજાદી અલેકસાંનડરા એજ પરમાંણે બોલી અને છેલે તેનાં વરે તેને એક વીટી પેહેરાવી લગણની કીરીઆ પુરી કીધી. તારબાદ તેઓએ સાથે એક એકની બગલમાં હાથ લઈ તથા ગુઠણ મરીએ બેસીને ગાએણનાં આકારમાં ખોદાની બંદગી કીધી.

લગનને દાહાડે શેહેરમાં એવીતો મોટી રોશની થઈ હતી કે આખું શેહેર બેહેસત સરખું દીસવા લાગું હતું. તે વખતે અને જારે શાહાજાદો પોતાની બાએડીને શેહેરમાં ફેરવવા લઈ ગએઓ તે વખતે રસતાઓ ઊપર લખો આદમીઓનો મોટો જમાવ થએઓ તે કેટલો મોટો હશે તેની એક સાબેતી એછે કે તે ભીડમાં કચડાઈને ૧૦૦ માંણસો જખમી થએઆં હતાં તથા ૧૦ ઓરતો મરણ પાંમી હતી. આ ભીડને વખતે ચાલવાની જગા નહી મલવાથી આખી રાત સુધી ઘણીક ગાડીઓ તથા લોકો જાંહાંને તાંહાંજ ઊભા રહેઆ હતા અને દુરથી આવેલી ઘણી ગાડીઓ શેહેરમાં દાખલ થઈ નહી શકવાથી પાછી ફરી હતી. જાંહાંથી શાહાજાદાની ગાડી પસાર થતી તાંહાં લોકો ખુશીથી તાલી વગાડતાં, તથા મરદો તોપીથી અને ઓરતો રોમાલ ઊડારીને "હુરે" નાં પોકાર કરતાં હતાં. હજુરબી લોકો આ શાહાજાદીને જોવાને એટલાતો ખંતીછે કે ફલાંને રસતેથી તે જવાનીછે એવો જો ખોટો ગપાતો ઊડેછે તો લોકો તાંહાં જઈને ઊભા રેહેછે અને કલાકનાં કલાક પછે નાંસીપાસ થાએછે. આ શાહાજાદીની લખો સબીઓ વેચાઈ ગઇછે અને તેની તથા તેનાં ધણીની એક સબી હમે પણ આપીછે.

જારેબી આપણી બેહેનીઓમાં કોઈનાં લગણની વાત નીકલેછે તારે તેઓનો પેહેલો સવાલ એ હાએછે કે ઘરેણુ કેટલાનું થએઉં. તેમજ આ શાહાજાદીએ જણસ સું પેહેરી તે જાંણવાને વાંચનારી બાંનુઓ આરજી રાખતી હશે. હમો એટલુંજ જણાંવીએ છઈએ કે લગણને બાંહાંને આ કુંવરીને એ

ટલી બધી ચીજો ભેટ મળીછે કે તેની ટીપ આપતાં કદાચ અરધુ ચોપાંનીઊં ભરાએ. તેના બાપીકાં દેશમાં દરએક ગાંમનાં રેહવાસીઓએ પોતપોતામાં ઊઘરાંણાં કરીને એક એક ચીજ બખશેસ આપીછે. તેમાં કોઈએ પુતલાં, કોઈએ રમકડાં, કોઈએ નામીચા પોશાક, કોઈએ હીરા મોતીથી મઢેલા ફુલનાં ગોટા, કોઈએ ચોપડી, કોઈએ લાકડી, કોઈએ હજારો રૂપીઆનાં ઘડીઆલો, ઈતીઆદી ભેટો કીધીછે. વેલાતમાં લીવરપુલ નામના શેહેરની ઓરતોએ પોતાને ખરચે એક હીરાનો "કરાસ," તથા માંનચેસટર અને લીડસની ઓરતોએ એકકી હીરાની પોહોંચી ભેટ કીધીછે. વલી જુદી જુદી મંડલીઓ, પલટણો, ઈતીઆદીએ જુદુ જુદુ જહવેરાત મોકલીઊંછે, તેમાંની નકસી એક કરતાં એક સરસછે. લંડન શેહેરનાં લોકોની તરફથી તેને ભેટ થએલો એક હીરાનો હાર સુમારે લાખ રૂપીઆની કીમતનોછે. શાહાજાદીનાં કાકાએ તેને એક હાર ભેટ કીધોછે, તેમધે ૧૮૦ મોતી તથા ૨ હજાર 'બીલીઆંનનાં હીરાઓછે અને તેની કીમત ૭૦ હજાર રૂપીઆછે. એ વીનાએ બીજી જે બાંગડી, એરીંગ, હાર અને જુમખા તેનાં વર, શાસુ, બાપ તથા બીજાંઓએ આપીઆછે તેનુ મુલ થઈ શકશે નહી. આ જોડાંનાં સુખને માંટે તેમને દર વરસે ૧૬ લાખ રૂપીઆની કમાઈ થાએ એટલી મીલકત તેઓને હાલ તુરત આપવામાં આવીછે.

હમો દુવા માંગીએ છઈએ, અને વાંચનારી બાંનુઓ તેમાં સાંમેલ થશે એવી હમોને આશાછે કે "આ જોડું હસતું રમતું ઘણાં વરસનુ સુખ દેખે" અને પોતાંના કબીલા તથા રઈએતને સરખું સુખ આપે.

—

## માતાઓને ચેતવણી—હમેલનાં વખતનો ખોરાક.

કેટલાએક લોકો એવું વીચારેછે કે, હમેલદાર ઓરતને વધારે ખોરાક જોઈએછે અને તેનું કારણ એ બતાવેછે કે, ગરભસથાનમાંના બાળકને તેથી ઊછરવામાં મદદ મળે, પણ આ મોટી ભુલછે; અને એ પરમાંણે સમજીને વધારે ખોરાક લીધાથી પેલી હમેલદાર ઓરતની તંદુરસતીને, અને તેના ગરભસથાનમાં વસનારાં બાળકને નુકસાન થાએછે. ખરેખરૂં જોતાં કુદરતી કાયદા મુજબ જીઆરે તેને હમેલ ન હતો, તે વખતના કરતાં જીઆરે હમેલ હોયછે, તીઆરે થોડો ખોરાક લેવાએછે. ઓરતને ગરભ રેહેછે તેની કેટલીએક નીશાનીઓમાં એક એછે કે સહવારમાં શીલટી તથા બેચેની થાયછે, તેથી સમજવું કે શરીર ઓછો ખોરાક માંગેછે. માબાપો કહેછે કે છોકરી ખાતી નથી; પણ એમ થવું, એ કાંઈ કુદરતી કાયદાથી વીરૂધ નથી. આ નીશાનીના પરીણાંમ કોઈ વખત જુદાં થાયછે, અને તે નુકસાન કરતાછે. એ નીશાની બંધ થાયછે કે પછી, પેલી હમેલદાર ઓરતની ભુખ ખાઊકણ અથવા ખાવરીની પેઠે થાએછે, તેથી નીપજતાં ખરાબ ફળો એ માલુમ પડેછે, કે—ખોરાક જરતો નથી, અને અપચો થાયછે, તથા ઓરતની સુખાકારીમાં બીગાડ થાયછે. એમ થવાથી ગરભની વરૂધી થવામાં અને શકતીમાં અટકાવ થાયછે; અને જે લોકો વધારે ખોરાક આપવો એવું બોલેછે, તેમની રીત સારૂં કરવાને બદલે નુકસાન કરતી થઈ પડેછે—તમને ખબરછે કે ખુદાએ તે ગરભસથાન માયના ઊગતાં બાળકને ઊછરવાનો ઊપાએ કરીજ મુકયોછે.

ખોરાક માત્ર નીયમીત અને સાદો લેવો જોઈએ; અને જે પરમાંણે ઓરતને હમેલ ન હોય અને ખોરાક પોતાના પોષણ સારૂ લેતી હોય, તેવોજ ખોરાક હમેલ રેહેવા પછી થોડા દાહાડા સુધી ચાલુ રાખવો જોઈએ;—કોઈ વખતે કેટલીએક ઓરતો નાજુક તથા તેમની તંદુરસતી નબળી હોયછે, પણ તે હમેલ રેહેવા પછી મજબુત થાયછે, તેની ભુખ વધેછે, અને તે પોતાના શરીરને પોષણ મળવા સારૂ વધારે ખોરાક માંગેછે; પણ એવી વખતે ખોરાક આપવાની ઘણી ખબરદારી રાખવી જોઈએ. ખોરાક જેમ બને તેમ નીયમીત વજનનો, અને પોષણકરતા આપવો જોઈએ. પેટમાં ખોરાક પચી સકે તેના કરતાં વધારે તેમાં રાંખયાથી પેટ બગડેછે, અને આજાર પેદા થાયછે. વળી ભુખની લગામ ઓરત પોતાના હાથમાં રાખે નહી, અને તે નુકસાનકારક, અસવાભાવીક ભુખનો અટકાવ કરે નહી, તો પછી તેની તંદુરસતી છેક ખરાબ થાએછે; અને જણીઆ પછી પણ તેની તંદુરસતી સારી રેહેતી નથી; દમના રોગનું બી બાળકમાં રોપાય.

તે ઊપર ફરતા સુરજની નજદીક અથવા દુર ઘણો વાર સુધી રેહેછે, તેથી લાંબી અથવા ટુકી રાત અને દીસ થાએછે, પણ તે હીઆંજ નથી દરેક ગરેહની ધરીને તેમ ગોઠવવાથી તાંહાંબી તેમજ થાએછે.


હવે બીજો વીચાર કરીએ. દુનીઆંની આસપાસ ખોદાતાલાએ પરાંણીને જીવાડવા માટે હવા મેલીછે. તે હવા હીલેછે, તથા તેમાં ઊંચે પાંણી ચહડેછે અને તેનાં વાદલાં થાએછે. તેજ પરમાંણે બીજા ગરેહોમાંછે. દુરબીનથી ભરેસપતી નાંમનાં ગરેહને જોતાં તેની સપાટીની આસપાસ કેટલાક આડા પટા માલુમ પડેછે. તે તાંહાંની હવામાંનાં વાદલાં અથવા એવુંજ કાંઈ બીજું ધારી શકાએછે. વલી આ દુનીઆંનાં દરૂઆ આગલ જેમ પાંણી બંધાએલું રેહેછે તેમ કેટલાએક ગરેહોનાં દરૂ આગલ પણ બરફ સરખું દેખાએછે. સુરજની ગરમી તાંહાં સરખી રીતે પોહાંચેછે અને જેમ વધારે કુવતમંદ દુરબીનની શોધ થતી જાએછે તેમ તેની વધારે અસર માંણસને જણાતી જાએછે.

વલી તરીજી રીતે વીચાર કરીએ. જે ગરેહો સુરજની નજદીકછે તેમને રોશની આપવા માટે તેમની આસપાસ ચંદર સરખું કાંઈ જણાતું નથી, પણ દુનીઆં સુરજથી જરા દુર આવી અને તાંહાંથી ગરેહોને લગતા ચંદર શરૂ થાએછે. આપણો ચંદર દુરબીનથી જોતાં મોટા ગોલા સરખો દીસેછે. તેમાં મોટાં ધાબાં અને ખોહાછે, તથા કોઈ જગોએથી તેનાં ભાગ પાહાડની મીશાલે ઊપસી આવેલાછે. તેનાં ઊપર સુરજની રોસની પડેછે અને તેથી જેમ તે ફરતો જાએછે તેમ આપણી દુનીઆં ઊપર તેનાં ઓલાનો ઊજાસ પડતો જાએછે. એ રીતે ખોદાએ પરૂથવીને માંટે એક ચંદર બનાવીઓછે, પણ બીજા ગરેહોને માટે તો તેઓની સંખીઆ વધારેછે. ભરેસપતીનો ગરેહ જે સુરજથી ઘણો દુરછે તેની આસપાસ રોશનીને માટે કીરતારે ચાર ચંદર ફરતા રાખીઆછે. વલી સનીશચર તેથીબી દુર ગએઓ માટે તાંહાં સાત ચંદરછે એટલુંજ નહી પણ તે ઊપરાંત તેની આસપાસ રોશનીની મોટી કમાંન વાદલાંની મીશાલે લપેટાઈછે, જેને સનીશચરની "વીટી" કેહેછે. એ પરમાંણે જેમ પરૂથવીનાં તેમજ બીજા દરએક ગોલામાં પુરતી રોશનીને માટે ખોદાતાલાએ પકા બંદોબસતો કીધાછે.

આટલી બધી તપાસ ઊપરથી જણાએછે કે દરએક ગરેહ દુનીઆંનાં સરખોછે. કેટલાકતો પરૂથવી કરતાં અતીઘણા મોટા અને દબદબા ભરેલાછે અને તે ઊપરથી અટકલી શકાએછે કે તે બધા ગોલા એકેકી દુનીઆં હશે. ખોદાતાલાએ ફતરનાં એક ગાંગડાનેબી નકાંમો બનાવીઓ નથી. તે કાંઈબી કાંમમાં આવેછે અને તોબી કરોડો માઈલ લાંબા અને પોહાલા આ ગોલાઓને તે કીરતારે નકાંમાં બનાવીઆ હોએ એમ કેમ માંની શકીએ? વલી આ પરૂથવી એવા ફરતા ગોલાઓમાંનો એક ગોલોછે, અને ખોદા ખાસુખા પરૂથવી ઊપરજ વસતી કરે તથા બીજા તેથી મોટા ગોલાઓને નકાંમાં નાંખે એ કેમ બને વારૂં? તારેતો તાંહાં રાત અને દીસ થાએછે, તાંહાં મોસમ થાએછે, તાંહાં હવા તથા પાંણીછે તે સરવે નકાંમું થાએ પણ ખોદાએ નકાંમી એકબી ચીજ બનાવી નથી, માટે આ ગોલામાં કાંઈબી વસતી હોવી જોઈએ.

એજ બાબદમાં ફીલસુફો એક બીજી તકરારને લાવેછે. કુદરતમાં દરએક ચીજ સમતોલ રીતે બનાવીછે. માંણસને જુવો. તેનાં દીલ કરતાં તેનું માથું નાહાનુંછે. હાથ કરતાં આંગલાં ટુંકાંછે, પણ અગરજો તેમ નહી હતેતો કેવું કઢંગું લાગતે? તેજ પરમાંણે અગરજો સુરજને ખોદાતાલાએ એખલી દુનીઆંનેજ માટે બનાવીઓ હતેતો તેને થોડોજ ભલુકો મેલીઓ હતે અથવા તેનું નાંહાંનુંજ કદ બનાવીઊં હતે, પણ તેમ નથી. હાલતો દુનીઆં નાંહાંનીછે અને સુરજ તે કરતાં ૧૩ લાખ ૮૪ હજાર ઘણો મોટોછે. માંટે એટલું મોટું કદ તથા એટલો બધો તાપ ખચીત પરૂથવી સરખા નજદીકનાં નાંહાંનાં અને એકજ ગોલાને માંટે તેણે મેલીઓ હોએતો તે કઢંગુ લાગતે, પણ દુનીઆ કરતાંતો બીજા સેંહેંકડો ઘણાં મોટા ગોલાઓ પડેલાછે. તેઓનો આધાર સુરજ ઊપરછે અને તેઓને ખાતર ખોદાએ આટલો મોટો સુરજ બનાવીઓ હશે. તાંહાં માણસ જાતથી નહી વસાએ' કારણ કે તાંહાં ઠંડી ઘણી વધારે હોવી જોઈએ, તોપણ તાંહાંની ઠંડીને લાએક કોઈ પરાંણી તાંહાં વસતાં હશે એ વાત કેમ નાં પડાએ?

પીઆરી બાંનુંઓ, આ સઘલી અટકલછે એ ખરી વાતછે. ખોદાની કરાંમતનો ભેદતો કોઈ માણસ



કુતબમીનાર-દીલ્હી.

થાંભતું નથી, તોપણ તમે ખાતરી રાખવી કે માંણસ પોતાની મનશકતીમાં વધતુ જાએછે અને જેમ વધારે ખોલ કરવાનાં સાંચા તથા હથીઆરો મલેછે તેમ નવી શોધ કરીને આવા વીચાર ખાતરીથી બાંધી શકેછે, પણ ઈઆદ રાખવું કે હમોએતો માતર આપણાં સુરજને લગતા ગરેહો વીશે લખીએંછે અને અગાઊ જણાવીએં હતું કે એવા ગરેહોની સંખીઆ ઘણી નાંહાંનીછે, પણ આકાશ ઊપરતો હજારો હીરાઓ જ હલકેછે. તે શુંછે? તે લખો સુરજો અને કરોડો દુનીઆં ધારવામાં આવેછે, પણ તે કેમ તેની સમજ બીજી વખત આપીશું.

---

## "કુટબ મીનાર"—દીલહી.

વેલાતની મોટી ઈમારતો વીશે વાંચનારી બાંનુઓએ ઘણું વાંચીએં હશે. તાંહાંનાં તથા બીજા નાંમીચા દેશો મધેનાં મેહલો, દેવલો અને મીનારાઓનું બાંધકાંમ એટલુંતો જોવા લાએક કેહેવાએછે કે તે દેશોમાંની બીજી બધી ચીજોતો રહી પણ એખલી તે ઈમારતો જોવા માંટે હજારો રૂપીઆને ખરચે તાંહાં જવું જોઈએ એવી વારે ઘડીએ ભલામણો થઈછે. એ ઘણી સારી વાતછે, પણ તે ઊપરથી એમ નહી વીચારવું જોઈએ કે ઈશીરોપખંડમાંજ એટલો બધો હોનર પરકાશીઓછે અને જે દેશમાં આપણ વસીએ છઈએ તે દેશમાં જોવા જાવાનું કઈ નથી. એ વીચાર ભુલ ભરેલોછે.

પાસેનાં સફામાં "કુટબ મીનાર" નાંમની જે ઈમારતનું ચીતર જોવામાં આવશે તે હીંદુસતાંનનાં હોનરનો એક સારો નમુનોછે. એ મીનારો જુના દીલહી શેહેરમાં શાહા જીહાંનાબાદ નાંમની જગાની પડોશમાં પુરાતન વખતનો બાંધેલોછે, પણ તેની ચોકસ તવારીખ મલી આવી નથી. તેની હદે એક લોહોડાંનો મીનારો અને બીજી ઈમારતો સારી હીકમતથી બાંધેલીછે. તે ઊપરથી એવું કેહવાએછે કે મહમદ ઘોરીનાં રાજમાં આ જગા ઊપર તેનાં "કુટબ" નાંમનાં પરધાંને એક મસજીદ બાંધવા ધારી હતી, પણ પછે તેને પડતી નાંખી હતી. તે પરધાંનનુ નાંમ આ મીનારાને આપીએછે. પણ દીલહીના લોકો એવુ કેહેછે કે અસલી વખતમાં એક રાજાની છોકરી એટલીતો ખુબસુરત હતી કે બીજા રાજાઓ તેને ચોરી લઈ જવાની વેતરણમાં ફરતા હતા અને તેથી કરીને જમણાં નદીના દરશણ કરવા માટે તે છોકરાને છેક નદી સુધી જવુ નહી પડે એટલા માટે તેના બાપે આ ઊંચો મીનારો બંધાવીઓ હતો. એ વાત ભરોસો રાખવા જોગ નથી.

એ મીનારાની હદની અધુરી મસજીદના દરવાજાનો મેહેરાબ ૬૦ ફીટ ઊંચોછે, અને તેમાં ઘણી જ બારીક નકસી કોતરેલીછે. એ મસજીદ તથા મીનારો પઠાંણ ઢબનો કેહેવાએછે. એક ઈંગરેજ લખનાર કેહેછે કે "પઠાંણ લોકો રાખશની મીશાલે બાંધકાંમ કરેછે અને જહવેરીની મીશાલે સીનગાર આપેછે." તે મુજબ આ મીનારો કેવો રાખસીછે અને તે ઊપર કેવા બારીક લેખ તથા નકસી કોતરીછે તેનો પાસેનાં ચીતર ઊપરથી થોડો વીચાર આવશે. હીઆં જે બીજો લોહોડાંનો મીનારોછે તે ૨૮ ફીટ ઊંચોછે. તે એટલોતો મજબુતછે કે એક મી૦ સમીઠે તેને ૨૪ ફીટ ઊંડો ખોદવા છતાં તે હીલીઓ નહી હતો. નાદરસાહા પાદશાહે આ મીનારાને ટોડી પાડવાની જેટલી ઈકીકતી કીધી તે ફોકટ ગઈ હતી.

કુટબ મીનાર ૨૪૨ ફીટ ઊંચોછે. કોલાબાની દીવાદાંડી કેટલીક બેહનીઓએ જોઈ હશે. તેની ઊપર ચહડીને પછે નીચે જોતાં જમીન ઊપરનાં માંણસો નાંહાંનાં બચાં સરખાં લાગેછે, તોપણ આ દાંડી ઘણી ઊંચી ગણાતી નથી. તે આસરે ૧૨૦ ફીટ ઊંચીછે તે કરતાં બેવડી ઊંચાઈનો આ કુટબનો મીનારોછે. મુસાફરો તેને દુનીઆમાં સઊથી ઊંચો મીનારો ગણેછે અને એખલી એ ઊંચાઈજ આ મીનારો જોવા જવાને લલચાવેછે. કુટબ મીનાર ગરેનાઈટ જાતના અને સંગેમરમરનાં મલી બે ફતરોથી બાંધીઓછે અને તેના છેક ઊપલા ભાગમાં તદન સંગેમરમરનેજ વાપરીઓછે. તેને મથાલે બાંધેલો રાતા રંગના ગરેનાઈટ ફતરનો સુંદર ગુમબજ હાલ પડી ભાગોછે. તેનું તલીઉં ગોલછે અને તેમાં ૨૭ ખુણાં કાહાડીને મીનારાને તરલી બધી બાજુઓ બાંધીછે જેથી તેનો દેખાવ ઘણો રોણકદાર લાગેછે.

કુટબ મીનાર ઊપર ચહડવાને ૩૮૦ સીડીઓ બાંધેલીછે, જે નીચેથી પોહોલી અને ઊંચે જતાં એટલી સાંકડી આવતી જાએછે કે છેક ઊપરનાં ભાગ

માં માંતર એક પછે એક ચહડાઈ શકાએછે. એ આખા મીનારામાં ચાર અગાસીઓ કીધેલીછે, જેમાંની એક જમીનથી ૯૦ ફીટ ઊચી, બીજી ૧૪૦ ફીટ ઊંચી, તરીજી ૧૮૦ ફીટ ઊચી, અને ચોથી ૨૦૨ ફીટ ઊંચીછે. એ છેલી અગાસી ઊપર જવા પછે ઘણોજ રલીઆંમનો દેખાવ નજરે પડેછે. એક તરફથી જમનાં નદીનાં પાંણી રૂપેરી ઓલા મારતાં લાંબી મંજલ સુધી દોડેછે, બીજી તરફથી આખું અને ગુતાએલું શેહેર તથા તેની પછવાડેનાં જંગલો સુધી આંખ દોડેછે, તરીજી તરફથી મસજીદો અને બીજી ઈમારતોનાં ગુમબજો અને છાપરાંઓ બેસુમાર લાગેછે. . એ સરવે દેખાવ જેમ રમુજ અને ખુશાલી ઊપજાવેછે તેમજ જરા ધાસતી પણ પેદા કરેછે.

મીસ રાબરટસ નાંમની એક ઈઊરોપીઅન સ્ત્રી આ મીનારો જોઈ આવીઆ પછે લખેછેકે—"આ હેરત ભરેલી ઈમારતની રોણક, તેની બેહદ ઊંચાઈ, તેનું અજાએબ જેવું કદ, તેની બાંધણીનો ખરચ, અને તેમાં કીધેલા સીણગારની કીમતી ખુબીઓથી તે એક એવી ઈમારત લાગેછે, કે જેની બરોબરીની આ દેશમાં કોઈબી બાંધણી મલી આવે નહી, તો જોકે હીઆં સુંદર હવેલીઓનો કાંઈ તોટો નથી." એમ એક ઈઊરોપીઅન સ્ત્રી એ "કુટબ મીનાર" નજરે જોઈને પછે લખેછે, પણ આ વાત કેવી નકારીછે કે હીઆંની દેસી સ્ત્રીઓનેતો એવી ઈમારતની સપનાંમાં ખબરબી નથી. આ મીનારો અને બીજી એવી ઘણી જગાઓ હીંદુસતાંનને સોભા આપેછે, અને પારકાં દેશનાં મુસાફરો (તેમાં ઓરતો વતીક) તે જોઈ જાએછે, પણ હીઆંનાં રેહેવાસીઓ તેવી મુસાફરીના શાએદા મેલવવાને બદલે બીજા નકાંમાં ખરચ કરે એ કેવી શરમ ભરેલી વાતછે !

## એક ભુતમામાની વાત.

જે ભોલી સ્ત્રીઓ ભુત, દાકણ, ઈતીઆદીને ખરાં દીલથી માંનેછે તેઓએ વેલાત મધે હમણાંજ છપાએલા હેઠલ ટાંકેલા હેવાલ ઊપર ધેઆંન આપવુ. તાંહાંના લોકોમાં પણ કેટલાક એવાછે કે જેઓ આપણી ભોલી સ્ત્રીઓની મીશાલે ભુત, દાકણની વાતો માંનેછે. જે ઘરનાં રેહેવાસીએ આ હેવાલ છપાવીઓછે તાંહાંનાં આદમીઓ એવું સમજીઆ હતા કે ઘરમાં ભુત ભરાએઓછે, પણ ઊપલા શખસે ખોલ કીધાથી જે ખરો ભુત નીકલી આવીઓ હતો તે આ હેવાલ ઊપરથી જણાશે—

"હરટફોરડ શાએરમાં હું જે કબીલા સાથ થોડા દીવસ રેહેવા આવીઓ હતો તે એક માતબર ખેડુતનો કબીલો હતો. તેનું ઘર એટલુંતો મોટું હતું અને તેમા એટલા બધા ઓરડા હતા કે તેનો એક ભાગ તો માણસોના વપરાસ વગર પડી રહેલો હતો. એ ઘરને માટે ચાકર નફરોમાં અસલથી એવો વેહેમ હતો કે તેમાં ભુત રેહેછે અને તેથી કેટલીક જગાએમાં જતાં તેઓ બીહીતા હતા. એક દાહાડે રાતનાં આસરે બાર કલાકને અમલે જારે સરવે જણ એકાંત થઈ ગએલાં હતાં તારે બબરચીખાંનામાંથી ઘણો ભએંકાર અવાજ આવવા લાગો. અબડાઈ ઊપર કાચનાં વાસણોનો જે ચોરો હતો તે એકાએક મોટા અવાજ સાથ તુટી પડીઓ, કલાઈનાં વાસણો ખીલે ઓરવેલાં હતાં તે ગગડતાં નીચે આવીઆં, બારણા જોસથી અફડાવા લાગાં અને એટલીતો ભાંજફોડ થઈ ગઈ કે તેવો ઘોંગાટ મેં કદી સાંભલીઓ નહી હતો. તેવામાં વલી કોઈ વજણદાર ચીજ ઘસડાતી હોએ અને તે ઘસડી લઈ જનારને વલી કોઈ માર મારીને અટકાવતું હોએ એવું સંભલાએઊં. આ ઘોંગાટથી ઘરવાલો જાગી ઊઠીઓ અને બતી લઈને પોતાના હથીઆરબંધ ચાકરો સાથ બબરચીખાંને ગએઓ. બારણામાં પેસતાં જરા બીહીક લાગી ખરી તોબી શેઠે હીમત કીધી માંટે ચાકરોબી ચાલીઆ, પણ તેટલામાંજ વલી કાચનાં વાસણો જોસથી અફડાઈ પડીઆં, પવણનો એક જપાટો આવીઓ અને બતી બુજવાઈ ગઈ. આ મામલો જોઈને શરવે જણ નાહસવા લાગા. તોપણ ઘણેવારે હીમતથી બતી લાવી જોઈઊંતો વાસણો, પીઆલાં, રકાબીઓ અને બીજો ઘણો સાંમાણ કાંહાંથી કાંહાં પડેલો. પણ તેમ થવાનું કાંઈ કારણ ઘણી સોધ કરતાં મલી આવીઊં નહી. એવાં અનજાનપણામાં ઘણા દીવસ ગુજરી ગએઆ અને સરવેને ધાસતી લાગી કે ઘરમાં ચારોછે, એ પછે મેં ખોલ જારી રાખી. ઘણા દીવસ પછે પાછલી ગમના એક જાહાડ હેઠલ મેં જોઈઊંતો એક વાસણમાં મોહો ખોસીને એક બીલાડી મ

રણ પાંમેલી હતી. તાર પછે ખોલાસો થએઓ કે ઊપલી રાતના આ બીલાડી ખબરચીખાંનામાં કાંઈ વધી ઊ સધીઊ ચાંપવા આવી હતી. આ વાસણમાં તેને લાએક ખોરાક હતો અને તેથી તેમાં મુંડું ખોસીઊં હતું, પણ વાસણનો ઘેરાવો નાહાનો હોવાથી તેનું મુંડું બાહેર નીકલી શકીઊં નહી, એથી તે બીલાડી ઘભરાટમા વાસણને એ રીતે લઈને સરવે જગોએ દોડી હતી અને તેને કસું દીસતું નહી હતું તેથી ચહડતાં, ઊતરતાં અને કુડકા મારતાં આ સઘલી ખરાબી થઈ હતી અને તેવામાં બારી આગલ આવી જવાથી તે નીચે પડીને અંતે મરણ પાંમી હતી. આ ખરો ભુત તે બીલાડી હતી."

---

## માંદલાગો મનચેરસા.

"ઓ મરૂં રે મારા બાપ ! અરે માએ કંઈ નહી ઊતું રે ! ખપોરેતો જી ભરાએઓ હસી રમીને વધીઓતો, કાંઈ ખાધું હોએતો તેમબી કહીએ. હું માએની થતી મુઈરે ! હું મકુંજે કાલેબી ગોસ ને પરમ દાહાડેબી ગોસ ખાધું એમ સમજીને આજેજ એક પીલાંની કરચ જરા ખારી કીધીતી, તો તેમાંથી કાંઈ ખાધુંબી નહી, પણ માએ એક પાંખ ને સીણું મુકીઊં તું તે ખાઈને રોટલી અનામત નાખી ઊઠીઓતો, ને બસ આએ સમીસાંજનો ઈસકુલેથી આવીનેજ માએ મરે ઘેલીઓ પકડીઓચ."

એ પરમાણે ગુલબાઈ ગોરાંણી પોતાના નાહાના મનચેરશા વીશે વાત કરતી હતી. જે દીને તેનો એકપુરો દીકરો આ પરમાણે એકાએક આજારી પડીઓ હતો તે દીને સાંજે તેની સહી સુંનાબાઈ તેને મલવા આવી હતી અને તેની આગલ આ ગોરાંણીજી પોતાનો ઊપલો હેવાલ કેહતી હતી. શુંનાબાઈએ મનચેરશાના માથાં ઊપર હાત મેલીઓ અને તેનુ દીલ થંડું માલુમ પડીઊં હતું તથા ગુલબાઈ ગોરાંણી ધાસતીથી અતીશએ ઘબરાતી હતી.

આ વખતે ગુલબાઈ એખલી હતી. તેના વર આદરજી અદગરા આખો દાહાડો ઘરમાં રહીને પાછલીં પોહોરના સરેસતા પરમાણે અંગરેજ બજારમાંના એક દોસતની દુકાંને ગએઆ હતા અને તાંહાંથી તેવણ વારી "વધવા" ના હતા. કાવલો ચાકર તેવણને ચાહ આપવા ગએઓ હતો તાંહાંથી દીવાનો વખત થએઓ તોપણ તે આવી લાગો નહી હતો અને ગુલબાઈ કેહતી હતી કે "મુવાનેતો માએ એવી ટેવજ પડી ગઈછે. મુવો બાહાર જાએ તાંહાં ઊધાએ ઊધાએ ને પાછો આવી જ નથી મરતો." વલી ગુલબાઈનુ ઘર રોકડીઆ હરમાંનની પોરમાં એકાંત ખુણે હોવાથી પારપડોસમાંથી કોઈ આદમી મલી આવીઊં નહી હતું, અને ગુલબાઈના વર પાસ થોડીક પુંજી હોવાથી એ ઓરતનો મીજાજ એવો હતો કે જાંણે લખાપતીની શેઠાંણી તેને લીધે જે બે બાહુત ઘરમાં હતાં તેઓ સાથ તેને કજીઓ હતો. માંટે આ વખતે જો તેની સહી શુંનાબાઈ મલવા આવી નહી હતેતો તેને કોઈ આડી નજરે જોનારબી નહી હતું.

શુંનાબાઈને સીપલી થતાં ઘણું આવડતું હતું. તે પોતાને હરઘો ડાકટર સમજતી હતી અને દરદો પારખવાનું દોલ ઘાલતી હતી માંટે આ વખતે બોલી કે "આવાએ ગુલબાઈ તમે એટલાં ઘબરાવોના એમા કોઈ આવીને શું કરવાનુંછે ? એતો પવણનો છુક ધરી આવેલોછે તે હમણા નરમ પડશે." પણ છુકતો નરમ પડીઓ નહી. મનચેરસાતો મોટે છુમો મારવા ને હાથ પગ પછાડવા લાગો. તેને ઊલટી થઈ આવી અને એકુ બે પેટ આવીઆં તથા તે પેટમાં દુખવાની ફરીઆદ કરવા લાગો. એ ઊપરથી સુનાબાઈની સલાહથી ગોરાણીજીએ મરીની ચાહ પાઈ પણ તે મનચેરશાએ તુરત પાછી કાહાડી અને તેમજ તેનાં અકલાટમાં વધારો થવા લાગો.

આ બનાવથી ગુલબાઈ પણ છુમો મારવા લાગી. તેને બીજું કાંઈ આવડતુ નહી હતું અને જેવો કમઅકલ તેનો વર હતો તેવીજ તે પણ હતી. તેનાં વરની ખરી અટક અકલેસરીઆ કરીને હતી, પણ લોકોએ તેની ટુંક અકલ ઊપરથી આદરજી અદગરાનુ નાંમ આપીઊં હતું. તેને બાપનાં વારસામાં પઈશા મલવાથી તે ધંધો ધાપો જાણતો નહી હતો માંટે દરરોજ સહવારના ઘરમાં મોડો ઊઠવાબાદ ઘણી સરખી નેઆસ તથા ઈઅસત ભણવામાં, ઘણી સરખી ઊંઘ કાહાડવામાં અને પછે ઘણો વખત સુધી વાડી જવામાં તે પોતાનું હંમેશનું કાંમ સમજતો હતો. તેવીજ તેની બાએડી આ ગુલબાઈ ગોરાંણી

પણ હતી. તેનાં ગરીબ ગાંમડીઆ માંબાપે તેને ચની ઓ પેહડાવીને રેંહંટીઆ ઊપર રોકેલી હતી અને જારે તેનો બાપ મુંબઈમાં આવીઓ તારે આ છોકરીને આદરજી અદગરાનાં માંબાપે માતર તેની ખુબસુરતીને ખાતર પસંદ કરી પોતાનાં દીકરાને તેની સાથ પરણાવીઓ હતો.

અગરજો ગુલબાઈ જરાબી સીખેલી હતેતો આવી ગરજને વખતે તુરત શું ઊપાએ કરવા તે ચોપડીઓમાંથી વાંચીને અજમાવી જોતે. અથવા જો દુનીઆંનું તેને થોડું ઘણુંબી ગનેઆંન હતેતો છતે પઈસે અને છતે ચાકરે, ઘરમાં રોગ ઊતપંત કરે એવી જે ગલીચી વાપરતી હતી તે રાખતે નહી. પણ જરૂરનાં ઊપાએઓને મેલી દઈને ગુલબાઈતો રડવા અને બુમ પાડવા પડી તો જોકે તેટલું અકલાવા જોગ કાંઈ નહી હતું, તથા જારે કાવલો ઘરમાં આવીઓ તારે તેને ગાલો દેવા લાગી. આ ગાલથી તે રાધણીઆને ગુસો લાગો, જેથી શેઠાંણી અને ચાકર વચે કજીઆ થઈ ગએઆ અને છોકરાનું માંદતો એક કોરે રહી ગએઊં. અંતે સુનાંબાઈએ સમજ પાડવાથી ગુલબાઈએ કાવલાને હોકમ કીધો કે જઈને શેઠને જોઈ આવે અને જો વાડી નહી ગએઆ હોએતો કેહકે "તમુને જલદી બોલાવીઆચ. મનચેરસાનાં પેટ ને મોહોડું સાથે છુટુંચ ને હાલ બેહાલ થઈ ગએઓછ."

આ સઘલી ગડબડથી બાહુતો ગુલબાઈના માલા ઊપર આવીઆં. ગુલબાઈ ટકા ચહડાવીને તેઓ આગલ પોતાનાં દીકરાનું બેઆન કરતી હતી. તેવામાં કાવલો શેઠને બોલાવી લાવીઓ. આદરજી અકલાતા ઘબરાતા આવી લાગા અને છોકરાને શું છે તે જોવાનું મેલી દઈને પરથમ ગુલી અને વારાફરતી બીજાઓ સાથ વહડવા લાગા. તેને બોલતાં આવડતું નહી હતું, તેની સાબેતી એછેકે તેનાં મોહાડામાં બોલેબોલ ગાલ હતી અને તોપણ બીજાઓને જોઈને તેને પણ દાહેઓ થવા ગમતું હતું. તે મોટે બુમ પાડીને બોલતો હતો કે "કમબખત બઈરાંઓને હાથ બધું પડીઊં. હબાગની રાંડે મને ખરાબે હાલ કીધો ને મારા દીકરાનેબી બગાડીઓ" ઈતીઆદી વાકીઅઓ તેનેં મોહાડેથી તીરની મીશાલે છુટવા લાગા.

અંતે શુનાંબાઈ જરા તાતી થઈ તારે નીકાલ આવીઓ. "ઓવાએ આદરજી એ તમે ઘેલા કેમ થઓઆ. બોલતી ઓવારૂં દીકરા પછવાડે તે બીચારીએ કુતરીનો અવતાર લીધો ને તોબી તમને એમ બોલવાનું રહીજ ગએઊ?" આદરજીએ મુંગા રેહેતાંબી પોતાની અકલ દેખાડી—"જુવો સુનાંબાઈ એ નાપાકને મેં નાં કહેઊં કે ભાઈ (મનચેરશા) ને આજે નીશાલે નાં મોકલ કાએકે હવા ખરાબછે તો તે એ મુજીએ નહી સાંભલીઊ." આ બેઅકલીને એમ કેહેનારૂં કોઈ નહી હતું કે ઈસકુલે જવાથી બાલક આજારી પડતાં નથી, પણ તેથી ઊલટું બીજાઓ બોલવા લાગા કે "એતો બાવા હોએજતો. તમારી ને બઈરીની અકલ સરખી ગંણી. ચાલો બાવા માફ કરો. જાઓજી કજીઆતો રોજનાછે, વાસતે પેહલાં કાંઈ બચાંનું કરો."

આ શીખાંમણ સાંભલી તારે આદરજીને પેહલવેહલાં ડાકટરને તેડવા મોકલવાની સુધ આવી. કાવલો અંગરેજ ડાકટરને બોલાવા ગએઓ, કારણકે આદરજીને મનસે ઈંગરેજી દવાઈ કરનારા બીજા સરવે તબીબોતો અમસથા જોવાનાં હતા. તેવામાં આ માટી બઈએરનાં સગાં વાહાલાંઓ આવી લાગાં. "માંએ આવો, માંએ બેસો" કરતાં આખો ઓરડો ભરાએઓ, અને પાટલા તથા ઊંબર ઊપરજ નહી પણ દરદીનાં બીછાંણાં ઊપરબી માસી કાકીઓ બેસવાને બીધી નહી. ગુલબાઈ આ ભીડ જોઈને પોતાનું માંન સમજતી હતી અને સંઘા જણ આગલ મનચેરસાની હકીકત વારેવાર કેહેતી હતી. "અરે નહી મનમો ટે નહી ચતમો રે માંએ? બસ ઓજીઓ એકાએક નીશાલેથી આવીઓ ને સમી સાંજનો આએ હાલે પડેલોછે. જરા માએ આંખે ઊઘારીને જોતોબી નથી ને તાસવીસ કરી કરીને હમણાંજ જરા આંખ લાગેલીછે." મનચેરશાને માતર બે તરણ પેટ આવેલાં અને ગુલબાઈ વાત કરતાં કેહેતી કે "અરે વાએ પેટને મોહોનું સાતે છુટુંરે, ને માએ મલે નહી થઈ ગીઓ."

થોડા વારમાં ડાકટર આવીઓ. દરદીનાં બીછાંનાં આગલ તે બેઠો એટલામાં બધાં બઈરાંઓએ તેને ઘેરી લીધો. ડાકટરે મનચેરશાની નાડ જોઈ અને પછે દવા લખી આપી, પણ બઈરાંઓનો હઊકો નરમ પડીઓ નહી. વઈદ છોકરાને પુછે તારે માંએ જવાબ આપતી અને કેહેતી કે "કુચ નહી સાબ. બસ પીલાંકી પાંખ ને સીણાં ખાએઆ, બીજું કુચ ખાવાને નહી દીઆ." તારે વલી બીજી દાહી બાઈ બો

લી કે "ડાકટર સાબ એ સબ પવણનાં જોર હચે કે ની." એથી તરીજીને બોલવાની ઊલટ થઈ "અરે નહીં રે માંએ પવણ સાંનો જો, એતો એવી ઊતપાત થઈ આવી." હીઆં વલી ચોથી બોલી કે "માંએ મારા સોરાબશાને તે વરી શું ઊતું. અબઈ રેહે ને ઘણાં વરસ જીવે તે ખોદાએ તેને નવો જનમ આપીઓ માંએ." તે પછે ગુલબાઈ બોલીઆં, "ડાકટર સાબ કંઈ એસા દવાઈ આપો કે ઊસકા સબ રોગ બલાગત નીકલી જાએગા. એ બચાં બોત રરતા ને સાબ એ બોલેચ કે મારા પેટ અમરાઈ અમરાઈ ને આવતા." આ સઘલી ગડબડથી ડાકટરનું અરધું ભેજું ચરી ગએઊં હતું. તે જતી વખતે હોકમ કરી ગએઓ કે આ બચાંનાં બીછાંનાં આગલ એટલી ગીરદી નહી જોઈએ. તારે આદરજી સમજીઆ અને વલી દાહેઆ થઈને બધાં બઈરાંને બાહેર કાહાડીઆં.

ડાકટર ગએઓ કે બઈરાંઓ તેને ચોપરવાડી કરવા લાગાં. "અંગરેજી ડાકટરોનોતો માંએ એજ જુલમ"—"મરતી વખતનાં પછારા"—"મુવા જરા થઈને કેહુ નહી કે ફલાંણું દરદછે"—"આજે એ મોરા ડાકટર થઈ નીકલીઆચ"—એમ વાતો કરીને બધાં ઘેર ગએઆં. ગુલબાઈએ બાકીનાં સગાંઓને કેહેવાડીઊં કે "મનચેરસાનાં પેટપર પેટ છુટી ગીઆં, ને ઘેરબાર લોકોથી ભરાઈ ગીઆં પણ તમે જરા આવતાંબી નથી." તેથી વધારે સગાં વાહાલાંઓ દર રોજ જોવા આવતાં હતાં. તેઓ પોત પોતાની લાંબી વાતો તથા કુથલા કાહાડી બેસતાં અને મનચેરશાની વાત નીકલતી તારે ઘણાં બઈરાંઓ હોરાની દવાઈ કરવાની ભલાંમણ કરતાં હતાં. ગુલબાઈની પણ તેવીજ મરજી થતી હતી અને આદરજીને જો સારા દોસતોની સલાહા નહી હતેતો તે ખચીત હોરાને તેડી લાવતે. તો પણ ગુલબાઈ બરાંમણને ટપકી દેખાડવા વગર તથા છુપા દોરા ચીઠી કીધા વગર રહી નહી હતી, અને જારે ડાકટરની દવા ચાલુ રેહેવાથી મનચેરશાને ફેર પડીઓ તારે ગુલબાઈ સમજી કે એ ઊપલા દોરા ચીઠીની અસરથી થએઊં.

પીઆરી બેહેનો, આપણી સ્ત્રીઓ માંદાં આદમીની માવજત બરોબર કરી જાંણતાં નથી તેનો આ એક દુખ ભરેલો દાખલોછે. તેઓ ખરચ કરીને દરદીનાં બીછાંનાં આગલ વઈદને બોલાવેછે પણ પોતે વઈદની માફક તાપસી કરેછે તથા એમ સમજેછે કે દરદીની આસપાસ ભીડ કરવા તથા "કેહેતીની માંએનુ પેટ બરે" અને "કેહેતી દોજખમાં જાએ" એવા કંટાળા ભરેલા કુથલા લઈ બેહાથી દરદીનો જીવ વેરાએ, પણ તેથી ઘણીવાર ગેરફાએદા થાએછે. ખરા ઊપાએ ધીરજથી કરવાનાંછે અને દરદને વખતે જેમ ગડબડ તથા ધુજારો અનઘટતોછે, તેમજ વઈદનાં હોકમથી ઊલટાં ચાલવુંબી અનઘટતું છે.

---

## કસતુરીઓ નાંમનું જાંનવર.



જુદાં જુદાં પરાંણીઓ જુદા જુદા ગુણને માટે જાંણીતાં થએલાંછે. કોઈ પોતાનાં કુવતને માટે કોઈ પોતાની ભલાઈને માટે અને કોઈ પોતામાં થતી પેદાએસને માટે માંણસનાં ઊપીઓગમાં આવેછે. એ છેલી જાતનાં ઊપીઓગનું પરાંણી આ "કસતુરીઓ" અથવા "મસક જાંનવર" છે. કેટલીક વાંચનારી બાંનુઓએ કસતુરી જોઈ હશે. તે એક સુગંધી અને મનપસંદ પદારથછે. તે ખુશબો દાખલ ઘણી કીમતીછે અને દવામાં પણ વપરાએછે. તે પદારથ આ પરાંણીમાં પેદા થાએછે.

કસતુરીઓ ઘણું કરીને હીમાલીઆ અને આલટાઈ પરવતો ઊપરથી મલી આવેછે. તે કદમાં સાધારણ બકરા કરતાં જરા ઊંચો હોએછે, પણ તેની સીકલ હરણને મલતી આવેછે, પણ હરણને સીંગડાંછે અને એને નથી. તેનાં શરીર ઊપર આસરે બે ઈંચ સુધીનાં લાંબા પણ નરમ બાલ હોએછે, જે બાલનો રંગ સફેદ અથવા ભુરો રેહેછે. તેને ગોએઆ પોતાનો બચાવ કરવા માટે ઈશવરે હોટ આપીઆછે. તે હોટ વતે લડેછે, જે હોટ હુકરની મીશાલે બાહેર નીકલી આવીઆછે. આ પરાંણી ઘણું બીહીકનું અને કમજોરછે.

"મસક જાંનવર" ને લગતી જાંણવા જોગ બીનાં તેમાંથી નીકલતી કસતુરી સંબંધીછે. ખોદાતાલાએ જુદાં જુદાં પરાંણીઓની સઊથી હલકી ચીજ માંણસને માટે કીમતી બનાવીછે. ચોકસ માછલીઓનાં છીપમાંથી મોતી બનેછે અને તે માંણસને જેમ ભેમુલી લાગેછે, તેમજ કસતુરી પણ છે. કસતુરીઆનાં પેટનાં પાછલા ભાગ ઊપર કાંઈ કોથલી જેવું બાહેર નીકલી આવીઊંછે. તે દાબીઆથી ચાંમડીની નીચે નરમ ઠેલી સરખું લાગેછે. તેમાં એક જાડી પરવાઈ પદારથ એકઠી થાએછે અને તે કસતુરીછે. તેનું વજણ ૨ થી ૩ તોલા સુધીનુંછે, અને દરએક કોથલીમાંથી સુમારે ૧ તોલો કસતુરી મલેછે. જારે કોથલી ઘણી ભરાઈ જાએછે તારે થોડીક પદારથને આ પરાંણી બાહેર કાહાડેછે અને તે જાહાડ ઊપર બંધાઈ જવા પછે માંણસ તેને પોતાનાં કાંમમાં લીએછે. પણ એ રીતે હંમેસ કસતુરી મલતી નથી, તેને મેલવવા માંટે આ કોથલીને કાપી નાંખવી પડેછે. કસતુરી તે પરાંણીનાં લોહીમાંથી બનેછે.

કસતુરીઓ પરાંણીની પેદાએસ કુદરતે મોટી કીધી નથી. તેથી કસતુરી સસતે ભાવે મલતી નથી. તેની ખુશબો ઘણીજ મનપસંદ અને જલદછે અને લાંબી મુદત સુધી તે ખુશબો ટકી રેહેછે. ચોપડીઓમાં વાંચીએ છઈએ કે એક ગઊભાર કસતુરીથી એક મોટા ઓરડામાં વીસ વરસ સુધી ખુશબો નીકલીઆ કીધી હતી અને તારપછે તે વજણમાં માતર જરા ઓછી થઈ હતી. ઈઊનાંની લોકોમાં એ જીણસની ઘણી માંગણી હતી. હાલ ઈંગરેજો તેને દવાઈમાં વાપરવા લાગાછે.

કાંનેડા, લાપલાંડ અને બીજાં દેશોમાં એક જાતનાં ઊંદરો આવેછે જેને "કસતુરીઆ ઊંદર" કેહેછે. તેઓમાંથી કસતુરી નીકલતી નથી, તોપણ તેઓનાં શરીરની ખુશબોએ તેઓને માટે એ નાંમ મેલવીઊંછે. એ પરાંણી કદમાં નાંહાંનાં સસલાં જેવડુંછે, પણ તેનો આકાર ઊંદરને મલતોછે. તે પોતાનાં કદ કરતાં ઘણાં નાંહાંનાં દરમાં રહી શકેછે. કેટલાંક લોકો એ ઊંદરને ખાએછે, તોપણ તેનો સુગંદ તાંહાંનાં લોકોને પસંદ આવતો નથી.

---

## રમુજે ફુરસત.

૧ ચોરસ બોલ. આ એક રમતછે. ચોકસ બોલને ઉભો તથા આડો માડવા પછે બાકીની જગા પુરી નાખવા ને બીજા બોલ શોધી કાહાડવા તેને "ચોરસ બોલ" નું નાંમ આપીએ છઈએ. જેમકે "કમર" બોલને આ રીતે મેલાએછે,

કમર
મ
ર

એમાંની ખાલી જગા પુરવા માંટે બે એવા બોલ શોધી કાહાડવા કે જે બે તરફથી સરખા આવે. તેવા બે બોલ મદમ અને રમત મલેછે, જેથી આ બોલ નીચે મુજબ ચોરસ થાએછે.

કમર
મદમ
રમત

હવે એ પરમાંણે નીચલા તરણ બોલોને વાંચનારાંઓએ ચોરસ કરવા.

| | | |
|---|---|---|
| અરજી | બદામ | સાકર. |
| ર.... | દા .. | ક.... |
| જી .. | મ .. | ર... . |

૨ ધંકાતા જે બરફની ટોપીથી પાહાડ,
ઉગેલાં જે બીઆબાન જંગલે જાહાડ,
તાંહા સદા તમે મને જોશો.

કઠણ તમારાં જે શરીરના હાડ,
મોહોમાના દાંતની દુખતી જે દાહાડ,
તેમાં પણ હું રહુછું ખાશો.

વાંકી કમરના ઘરડામાં હુંછું,
બાલકી રમતના દડામાં હુંછું,
ને વલીછુ ખડીઆની માંહે.

જાહાડે ઉગતાં દાડમમાં હુંછું,
આકાશે દોડતાં વાદલમાં હુંછું,
નાંમ જે પારખે તે દાહી કેહેવાએ.

૩ ઉલટાવેલા શબદો.
૧ રાંમણી ઘોર.
૨ ગા ગોલ એક.
૩ ટકાઉ કાવો.
૪ કોડીકી મડી.
૫ માંમ ધખ.

---

## પરચુરણ બાબદો.

**ખરી બાએડી**—"એક સાચી બાએડીને પોતાનાં ભરથારની ખાંમીઓ પાક દીસેછે. એક સાચી બાએડી પોતાની છાતીને પોતાના ધણીની તકસીરોની કબર ગણેછે. એ

"કે સાચી બાએડી પોતાના ખાવંદની ચાલને તેના જીવ સર ખી કીમતી ધારેછે."

**વીજલીથી ચાલતાં ઘડીઆલો**—થોડાંક વરસ થ એઆં ફરાંનસમાં એક નવી જાતના ઘડીઆલો વપરાવા લા ગાંછે. તે ઘડીઆલોના કાંટા ચલાવવા મારે વીજલી કાંમે લ ગાડવામાં આવેછે અને વલી વધારે અજાએબ જેવું એછે કે જેમ મોટાં શેહેરોમાં એકજ ઠેકાંણેથી જુદી જુદી જગોએ રો શનીને મારે "ગેસ્યાસ" પોંહોંચતી થાએછે તેમ આ ઘડી આલોની ગોઠવણ એવીછે કે એકજ ઠેકાંણેથી જુદી જુદી જ ગામાં રાખેલાં ઘડીઆલોને વીજલી મલેછે એવું એક જણ જ ણાવેછે. આ જમાંનાએ વીજલીને કેટલાં કાંમમાં રોકીછે!

**સીલોનના મોતી**—સીલોન અથવા લંકા તરફના સ મુદરમાંથી દર વરસે મોતીની સીપ કાહાડવાનું કાંમ ચાલેછે, તે આંથી સરકારને અને બીજાંઓને કમાઈ થાએછે. કેહેછે કે આવતાં તરણ વરસમાં ૧૦ થી ૧૫ લાખ રૂપીઆની કીમત ના મોતી આ સમુદરમાંથી નીકલવાની હાલ વકી રાખીછે.

**એક નવાઈ સરખું ઈઅંતર**—ફરાનસમાં લાએન સ શેહેર મધે એક ઇઅંતર બનાવવામાં આવીઉછે, ખેતરોમાં કેટલાંક જીના જણાવરો પાકનો ઘણો નાશ કરે છે. તેઓનો અંત લાવવા મારે આ ઈઅંતર બનાવીઉછે, જે ગોએઆ નાહાની સરખી એક બટેરીછે, તેમાં જીણી જી ણી એકથી વધારે પીસટોલોને ગોઠવીછે, અને તેમની ચાંપ એકજ વખતે સાંચાની મદદથી પોતાની મેલે દબાએછે. એ પીસટોલ એટલીતો જીણીછે કે જારે કોઈ પરાંણીને મારવું હો એછે તો તેના દર.આગલ તેને મેલવા પછે, જેવું તે પરાંણી બા હેર આવે તેવું ચાંપ ઉપરજ તેનો પગ અથવા હાથ લાગેછે અને તે પીસટોલ પોતાની મેલે ફુટાથી તેના દીલમાં દારૂગો લો પેસેછે તથા તે મરણ પાંમેછે.

**એક ચીતારની કીમત**—વેલાતમાં એક ચીતારાનો એકજ ચીતાર બે લાખ રૂપીઆની કીમતે હાલ વેચાએઓછે. તે ચીતાર કાંઈ ઘણો મોટો નથી પણ તેમાં ચીતારાએ કુદરતને ગોએઆ આબેહુબ આગલ પાડીછે. તેણે એક રેલવે સટેશન ચીતારીઉંછે, જેમાં એક તરફ રેલવેની ગાડીઓ ઉપડી જવા ની તઈઆરીમાં ઉભીછે, બીજી તરફ ઘાંટ વાગેછે, તરીજી ત રફથી લોકોની દોડાદોડ ચાલી રહીછે, એ અને બીજું ઘણુક કાંમ એકજ ચીતારમાં તેણે એટલું સમપુરણ પાડીઉંછે કે ટરે ન ચુકવાની ધાસતીને લીધે કેટલાંક લોકોને દુરથી રસતા ઉપ ર દોડતાં અને કેટલાંકો જઈ નહી પુગશું એવી ધાસતીથી નાસીપાસ થએલાં ચીતારીઆંછે. આ ચીતરને ઘણાં લોકો જોવા જાએછે.

**ગરંથ કરતાઓની હાલત**—સટીલ નામના ગરં થ કરતાએ દારૂ પીવાની રેવ વીશે કીમતી નીબંધ લખીઓ હતો, પણ તે વખતે તે પોતે દારૂ.પીતો નહી હતો. જાંનસ ન નામના વીદવાંને સલુકાઈ વીશે રીસાલો લખીઓ હતો પણ તેના પોતામાં સલુકાઈ સારી નહી હતી. બી હેરોને "જીંદગીનું સુખ" નાંમની એક ચોપડી લખી હતી, પણ તે ણે પોતે બંધીખાંનાંમાં દુખ ભોગવતી વખતે તે લખી હતી. બીજા હાથ ઉપર "જીંદગીનું દુખ" એવે નામની જે ચોપડી બાહેર પડીછે તેનાં લખનારે મેહેલમાં બેસીને તે લખી હતી. સીનેકાએ ગરીબાઈ વીશેનો પોતાનો રીસાલો સુનાંની ટેબલ ઉપર બેસીને લખીઓ હતો. હુડ નાંમનાં લખનારે આપણુ કલેજા ધરીને હસીએ એવું લખીઉંછે, પણ તે લખતી વખતે પોતે ઘણો દલગીર અને જરા દેવાનપણાંની હાલતમાં હતો!

**થોડીક કેહેવતો**—"અગરજો દરએક માંણસ પોતા નુ રાજ પોતે કરેતો બીજા રાજાની ગરજ પડે નહી."

"દીલ દલગીર તોપણ ચેહેરો હસતો રહી શકેછે. વર સાદની કમાંણ ઘણી સોભાઈતીછે પણ નીચેનો સમુદર ધુમ મારતો દોડેછે."

"જીંદગીનાં સુરજનાં સઘલાં કીરણો જહલકતાં નથી."

"દુશમનને ધીકારવાથી તેનાં કરતાં આપણ વધારે ધી કારાઈએ છઈએ."

"જે માંણસ કોઈ બીજાનો ગોલાંમ હોએ તે પોતાનો ધણી થઈ શકે નહી."

"ઘરને તમે ચાહાવો અને સુખ તમોને ચાહાશે."

**જીણાં અખેર**—એક વીદવાંન એટલાતો જીણા અ ખેર કાગજ ઉપર ઉતારી શકીઓછે કે તેથી હેરત ઉપજે છે. ખરીસટીઓનું ધરમ પુસતક જેમાં સેંહેંકડો સફા ઓ અને લખો શબદોછે, તે આખું પુસતક માંતર હરધી ચોરસ ઈંચ જગા ઉપર તે લખી શકીઓછે!!! આ નવું પુસતક! ઉપલા વીદવાને પારીસની એક મંડલીમાં રજુ કી ધું હતું, અને શુખશમ દરશક ઈઅંતરની મારફતે દેખાડી ઉં હતું કે તે જગામાં આખું "બાઈબલ" લખેલું હતું!

**આંને આંને ઘડીઆલ**—માનચેસટર ખાતે એક શ ખસે એવાં ઘડીઆલ બનાવીઆંછે કે જે એક આંનાની કીમ તે મલી શકેછે, અને તોપણ જેમાંથી બરોબર વખત દેખાએ છે. આ ઘડીઆલમાં કાંઈ સાંચો નથી, તેમાં એક જાડાં કા ગજ ઉપર વખતના આંકડા પાડેલાછે, અને કાંટામાં કાંટો એક દોરડી તથા તેને છેડે એક ફતરછે. એ કાગજને સુરજ ના તડકાંમાં ધરવાથી તેમાં છાંએઆ ઉપરથી બરોબર વખત જણાઈ આવેછે.

**ખાંડ**—વેલાતમાં ખાંડનો મોટો ખપછે. તાંહાં દર વરસે ૫૫ હજાર ૮ સો ટન ખાંડ ખપેછે, જેની કીમત ૧૧॥ કરો ડ રૂપીઆનીછે. એની જગાત ઉપર તાંહાંની સરકારને ૬ ક રોડ રૂપીઆનું મેહેશુલ થાએછે, જે આવક બીજાં નાહાનાં દે શોના આખાં મેહેસુલ કરતાં મોટીછે.

**સ્ત્રીની પદવી**—યુરોપમાં સ્ત્રી જાતીની પદવીની પુ રતી પીછાંણ.થઈછે. તાંહાં સ્ત્રી દરએક કાંમમાં મરદની બરો બરી કરી શકેછે. હમણાંજ ફરાંનસમાં એક સ્ત્રી એક મોટી

મદરેસામાં પરીખ્શા આપી પસાર થઇછે અને તેને "બી. એસ." નામની પદવી મલીછે.

---

**ચેતવણી**—આસટરીઆ દેશના એક વરતમાન પતરમાં એક દરદી સી વીશે અગતની બીના છપાઇછે. કેહેછે કે એક દુકાંનદારને આ સ્ત્રીએ તેના માલની કીમતમાં કેટલીક બેંક નોટો આપી હતી. એ સ્ત્રીને સહીએડ આવેલા હતા અને તે વખતે આ નોટોને તેણે પોતાની પાસે રાખી હતી, તે નોટો લઇને આ ધંધાદારીએ તેમને ઉતાવલેથી ગણુવા માટે પોતાના આંગલાંને જરા થુક લગાડી હતી, તે ઉપરથી તે શખસને ગલાંનું દરદ થએઉં અને તે જલદીથી મરણ પાંમીઓ. આ મરણ તેના હાથ "અજીથાવાથી" નહી, પણ સીતલાના મરજનો પેલી સ્ત્રીનો ખવાશ આ નોટમાં રહેઓ હતો અને તેમાંથી તે મરણ નીપજીઉં હતું.

---

## એક કુલક્ષણી નારના ભરથારની ફરીઆદ.

(ગરબી.)

---

ઓધવજી સંદેશો કેહેજો શામને, એ રાગ.

આહા આ શા લાગીઆ મારા ભોગરે,
આ ભાગી મારે કરમે લુંડી નારજો,
દુખ દેનારી હીણી બહુ અભાગણી,
દુખને દરીએ ડુબો ન દીશે પારજો. આહા૦ ૧

જે દીથી વરેઓ એ લુંડી સાથરે,
તે દીથી મુજ ઘરનો પામીઓ અસતજો,
શુર સુસંપતણો ટેકો સંસારનો,
દુખનો દારૂ પાઈ કીધો મસતજો. આહા૦ ૨

ઓલંગીઓ ઉબરો જે દહાડે ઘેરનો,
તે દહાડેથી નાહું સરવે સુખજો,
કલેશ વસીયો આવી સંપજ ઘેરમાં,
જોતાં ખમતાં ભાગી તનની ભુખજો. આહા૦ ૩

સારો દહાડો ધંધે થઈ હડમાર હું,
રાત રડીને છેડે આવું ઘેરજો,
દેખું બેઠી ઘુમટો તાણી ખુનમા,
રૂવે છોરૂ મારેલાં કરી કેહેરજો. આહા૦ ૪

ચુલે જોઉંતો ઠંડી રાખે સુન સઉ,
હાંલ્લાં ઉધાં વાલે કરી ચોરજો,
જોહારીમાં તલવલતું બાલક ધાવતું,
જોઈ સંધું આવે મગજે ભારજો. આહા૦ ૫

બીતો બીતો પુછું પાસે જઈ કરી,
ધીરે ધીમે સાદે મારી મંનજો,
પણ ઉઠે હાકણની પેરે જોરમાં,
પાડે બુમો મોટે ઘુજે તંનજો. આહા૦ ૬

ઉઠી રહે ગરબર તરત સઉ ઘેરમાં,
પાર પહોસી ભર ભાકુત આવેજજો,
કરે ફરીઆદી ભારી આતે શું કહીયે,
છીકતાં દંડે તેમ લડવાજ આવે જો. આહા૦ ૭

ઘરવાલો આવી ધમકાવે મુજને,
આ શું ફજેતી રોજ ઉઠીને થાયજો,
ઘર ખાલી કરો મારૂં તમે હવે,
એ ફજેતી રોજે નહી જોવાયજો. આહા૦ ૮

જો કહેવા જાઉ સારા બે બોલતો,
ભાંડે ગાલો મોથી છુટી એકજો,
જુતી ને પેજારો દાખવે મુજને,
કહે થએઓછે મુઓ મોટો શેઠજો. આહા૦ ૯

સુની ખડખડ હસતાં ઘરનાં લોક સઉ,
જુવે તમાસો ઉભા રહી નીજ બારજો,
રામ નથી એનામાં કઇ એવુ વદે,
કેમ ન લાકડી લઇને મારતો માર જો. આહા૦ ૧૦

શબદો એવા કાને પડતાં વારને,
થઈ જાએ તે પલમાં મારૂ મોત જો,
કેમ ના મુઓ હું એની આગલે,
હરી શીછે આ જગમાં મારી ખોટ જો. આહા૦ ૧૧

એમ બલી જલી લુખો તરશો હું પડું.
કથી કરમની જોઈ કરી શોક અપારજો,
એવી જેને લુડી હોય ઘર નાર તે,
નાનાભાઈ ખરે દુખી ભરથારજો. આહા૦ ૧૨

---

## જીવને શીખાંમણ.

---

રાગ વેરાડી.

જીવ તારી શી ગતી થાશે રે, માયામાં ગોથાં ખાશે રે;
ચતુરાઈ ચુલે પડીરે, હરીને ભજવા નહી ઘડી રે. ૧

આવીને તેં શો લાભ લીધોરે, ખોટનો વેપાર કીધો રે;
હરીનીતો સેવા ન જાણીરે, પાપની પીલી ઘાણી રે. ૨

માયામાં સુવો રલીને રે, બેઠો કંકોડી દલીને રે;
વીશયમાં ઘણોજ મહાલ્યો રે, અવલે મારગ ચાલ્યો રે. ૩

પરનારી દેખીને મોહયો રે, તપાશી તેં ભેદ ન જોયો રે;
ઉંચા મંદીરને મેડી રે, વેપારની ચાલેછે પેટી રે. ૪

લાખેતો લેખાં કરતો રે, રૂદે રામ નામ ન ધરતો રે;
સાધુનો તેં સંગ ન કીધો રે, આવયાને ન આદર દીધો રે. ૫

લાંબી સોડ ઘાલીને પોડયો રે, આવયો એવો ગયોજ દોડયો રે;
દવારકો કહેછે તમને રે, જીતો તમે આવતા જનમને રે. ૬

# સ્ત્રીબોધ.

પુસતક ૭ મું. | આગસટ ૧૮૯૩ | આંક ૮ મો.


## ખોટા હીરા ચલકે ઘણાં

અથવા

## બેમરવત બેટા બેટીઓ.

એક વારતા.

### પરકરણ નવમું.

### ખરા હીરા—શોહોરાબ અને પીરોજ.

માંણસની આંખ તે જાંણે પાંખછે. આંખ વરે તે જુવેછે તો જગેજગ જઇ શકેછે, પણ ગરીબ બીચારો ફરાંમરજ પોતાની આંખ વગર કાંહાંજાએ ? જે જઈફ રાજાનુ તેણે નીમખ ખાયેલું તે રાજાની તરફેણ કરતાં, તે રાજાની પેલી દીકરીઓનાં ધીકારમાં આવી ગએઓ અને જારે તેઓએ તેને ઘર આવીને તેની આંખ ફોડી નાંખી તારે જંગલમાં તેની હાલત દએઆ કરવા જોગ થઈ પડી હતી. પણ જોકે તેનાં હરાંમ ઈલતનાં બેટા કારંનનાં એ કારસતાં ન હતાં, તોપણ એ બુઢાનાં સારાં ભાગ્એગ સમજવાં કે તેનો સગો બેટો શોહોરાબ જે એકવાર પોતાના બાપને વગર વાંકે અકારો થએઓ હતો, તે હાલ જીવતોછે એટલુંજ નહી, પણ જે જંગલમાં એ જવાંન દેવાંનાંનો અવતાર લઈ પડેલો હતો તાંહાં ફરાંમરજ એક ભીખારીની ખાંધ ઉપર આવી લાગોછે.

શોહોરાબે પોતાના બાપની આ હાલત વીશે કેટલો અફસોસ કીધો હશે ! તે પોતાનાં બાપને અપંગ જોઈને દાંતમાં આગલાં પકડવા લાગો. શોહોરાબનાં દીલમાં દએઆ હતી. શાવકા ભાઈનાં હુલકાવા ઉપરથી આ બાપે તેને હેરાંન કીધો તે વાતને શોહોરાબ તદન ભુલી ગએઓ. તેનાં દીલમાં કંઈજ નહી પણ પીતા પરીતીનો જુસો ઉભરાએઓ. સોબી તેણે જુસો દાબી રાખી એવો ઠરાવ કીધો કે બાપને પુરતી મદદ આપવા છતાં તેની આગલ તરત વેલા પોતાનું નાંમ જાહેર કરવું નહી. ફરાંમરજને તેનાં મદદગાર ભીખારીએ જાહેર કીધું કે આ જંગલમાં એક દેવાંનો વસેછે. ફરાંમરજ જારે જાલને મદદ કરવા ગએઓ હતો તે વખતે તેણે તેને જોએલો હતો માટે તેણે અરજ કીધી કે "ભાઇ મને તું એ દેવાંનાં આગલ મેલી જા અને તેને માટે કાંઇ પોશાક લાવી આપ. એ છોકરો મારી ઓલખાંતનો લાગતો હતો, પણ હવે મારી આંખ ગઈછે માટે હું ઓલખશ નહી. તોબી તેને હું આસરે રેહેવશ." ભીખારી એક ખેડુતનો પોશાક લાવીને આપી ગએઓ.

એ પછે શોહોરાબ દેવાંનાંની પેઠે આવીને પુછવા લાગો કે "કાકા તમારી આંખને સંઘરા મુકાવેલીછે ? અંદરથી લોહીનો વરસાદ વરસેછે !" ફરાંમરજે તેને જવાબ આપવાને બદલે પોતાની પાસેથી થોડાક પઈસા આપી તેને અરજ કીધી કે "છોકરા આ શેહેરની સરહદ્દ આગલનાં ડુંગર ઉપર મને લઈ જાઇને મેલી આવ, કે પછે હું તાંહાંથી નીચેનાં સમુદરમાં જોહોકાવી દેઉં જેથી મારી જીંદગાંનીનો અંત આવે અને આ દુનીઆંની જંજાલીમાંથી હું છુટું." આ શબદો નીમખહલાલ શોહોરાબે સાંભલતાં વાર મનસે ફોક મુકી છુપો રડવા માંડીઉં. તોપણ પોતાનાં બાપને તે જગોએથી વધારે સારે ઠેકાંણે લઈ જવાનો તેને વીચાર આવીઓ, માંટે તેણે ખેડુતનો પોશાક પેહેડોઓ અને ફરાંમરજનો હાથ ધરી તેને ચલાવવા લાગો. તે બુઢાને એવો ભરોશો હતો કે આ દેવાંનો તેને ઉપલા ડુંગર ઉપરજ લઈ જશે, માટે મોહોત નજદીક ધારીને તે ખોદાની બંદગી કરવા લાગો તથા શોહોરાબ દીકરાને માંટે ગમ કરવા લાગો. એથી કરીને શોહોરાબને ખોલાસો થએઓ કે તેનાં બાપ ઉપર જે જુલમ પડીઓછે તે કારંને ફરંગીજ તથા ગુલનારને ઉસકેરવાથી પડીઓછે, અને એ ઉમરાવ હવે તે બદ દેઆંનત દીકરાને ધીકારેછે.

એ રીતે શોહોરાબ પોતાનાં બાપને ચલાવતો ચલાવતો જાબલુસતાંનની છેક શરહદ ઉપર લઇ આવીઓ. તારપછે શોહોરાબે તેને જણાવીઉં કે "કાકા હવે તમે ડુંગરને છેક મથાલે આવીઆછો. ઓ ! હો ! શું ભએંકાર દેખાવ નીચે નજર આવેછે. સમુદરનાં મોટાં બારકસોતો કીડી સરખાં લાગેછે અને તેમાં પડવાની તમારી હીમતને આફરીનછે." ફરાંમરજને આ વાત ઉપર શક હતો, કાંકે ડુંગર ઉપર ચહડવા સરખી તેને મંજલ લાગી નહી હતી, તોપણ શોહોરાબ એવી ગંભીરાઇથી બોલીઓ કે તેણે તે વાત જરા ખરી માંની. તે શાથે જે મેદાનમાં શોહોરાબ તેને લાવીઓ હતો તે મેદાન એટલું ખોલું તથા હવાવાલું હતું કે તેવી હવા ડુંગરને મથાલેજ આવે તેથી પોતાને ડુંગર ઉપર સમજીને ફરાંમરજે એક ભુસકો મારીઓ. પણ તે કાંઇ ઘણો નીચે ગએઓ નહી. તેને

કાંઈ વાગું નહી અને તેનાં દીલ સાથ ખાલી મેદાંન અઠડીઉં. એટલુંજ કે સમુદરમાં પડવાની ધાસતીથી તે હબટાએલો હતો, માટે જારે સુધીમાં આવીઓ તારે તેનાં અસલી વેહેમનો લાભ લઈ સોહોરાબે તેને સમજાવીઉં કે "કાકા ઉઠો, ઉઠો, ખોદા તમુને મારી નાખવાને રાજી નથી. તેની મરજી થશે તારે તમે પોતાંની મેલે મરશો, વાસતે તેટલો વાર તમે બેસીને તે સાહેબને ઇઆદ કરો." એક હાથ ઉપર ફરાંમરજ વેહેંમી હતો અને બીજા હાથ ઉપર આ દેવાંનાં શખસને એકાએક દાહેઓ થએલો સાંભલીને તેની અચરતીથી વેંહેમમાં વધારો થએઓ. તેણે શોહોરાબની શીખામણુને કબુલ રાખી.

હવે આ સુરા છોકરાને હીમત આવી. તે પોતાનાં બાપને વધારે સારી જગોએ લઈ જવાનો વીચાર કરવા લાગો. તેવામાં દુરથી એક માંણસ આવતું જણાંએઉં. તે એક હથીઆરબંધ સીપાઈ હતો. તેણે આવતાંને વાર પોતાનો તલવાર ખેચી અને એકદમ ફરાંમરજ ઉપર ધસારો કીધો, પણ શોહોરાબ તે કેમ જુવે? તુરત તે વચે પડીઓ. તેને તાલ ઘણી આવડતી હતી માટે પોતાની બોલી ફેરવીને ગાંમડીઆ ખેડુતની મીશાલ પુછીઉં કે, "અરે એ પોરા, આ બુઢાને હું કાંમ મારી લાખે?"

સીપાઈ—છોકરા તું વચે નાં પડ. એ બુઢાને પકડીશતો મને મોટું ઈનાંમ મલશે.

શોહોરાબ—કાં? હા વાહતે ઈનાંમ મલહે?

સીપાઈ—જાલ રાજાના જમાઈ નોદરે જારે એ બુઢાની આંખ ખેચી કાહાડી તારે એના એક ચાકરે તે શાહાજાદાને જખમી કીધો હતો. તે જખમથી નોદર હાલ મરણુ પાંમીઓછે અને જાલની બેટી ગુલનાર વીધવા થઈછે. તેથી તેને એ બુઢા ઉપર વેર ચહડીઉંછે અને જાહેર કીધુછે કે જે કોઈ એ બુઢાને પકડે તેને તે મોટું ઈનામ આપશે, વાસતે હવે એ ઈનાંમ મારે નસીબેછે.

આ વાત સાંભલી શોહોરાબ સીપાઈની સાંમે થએઓ તેથી તેને અને સીપાઈ વચે લડાઈ થઈ અને અંતે સીપાઈ મરણુ પાંમીઓ.

મરતી વખતે આ સીપાઈએ કીધેલો ખોલાસો શોહોરાબને પાછલથી કીમતી થઈ પડીઓ. તે સીપાઈ બોલીઓ કે "જવાન ખેડુત હું મરૂંછું ખરો પણ તેથી એક અગતનું કાંમ અધુરૂં પડેછે, તે એછે કે આ બુઢાના શાવકા દીકરા કારંનને નામના બે કાગજો પાદશાહાની બે દીકરીઓએ લખેલાં મારી પાસેછે તે તું લે અને જો કારંન તને મલેતો તે તેને સવાધીન કરજે." એટલું કહી તે સીપાઈ મરણુ પાંમીઓ અને શોહોરાબે આ કાગજો ઉખેડીને વાંચી જોએઆં. પેહેલો કાગજ જાલની વડી દીકરીએ લખીઓ હતો—

"દીલદાર કારંન—ફરાંમરજના મેહેલમાંથી તું અને મારે શેહેર ભેગી ગએઓ, તારથી મારા વર બાળક સાથ મને કકાસ થએઓછે. તે મને ધીકારેછે અને કહેછે કે ફરામરજની આંખ ખેચી કાહાડવામાં આપણે મોટો ગુનાહા કીધોછે. વળી તે મારા બાપની તરફછે તોપણ જાંહાંગીર ઈરાનથી જે લડાઇ લાવેછે તેમાં મારી તરફથી જવાને ઘણી ખોહોશ ખોહોશીએ તેણે કબુલ કીધુ છે. તોબી તે મને ગોળાંમ સરખી ગણેછે અને તેની જો ફતેહ થઈતો મારો નાશછે. વર નહી પણ વેરીને ધીકારૂંછું, અને મારો સઘળો પીઆર તારી તરફછે. વાસતે પીઆરા કારંન અગરજો તે તારે હાથે ઠેકાંણે પડતો એતો તું તેની બદલીએ મારો વાહાલો ધણી થશે."

બીજાં કાગજમાં ગુલનારે કારંનને લખીઉં હતું કે તેનો વર હવે મુવોછે અને તેથી તે કારંનને પોતાના વર દાખલ ગણેછે. એ બે કાગજો પોતાના હાથમાં આવવાથી શોહોરાબને આ લુછાના વધારે કાવતરાં જાહેર થએઆં. માટે તેણે ખોદાની હજુર શોગંદ લીધા કે—"એ ચંડાલે મને હેરાંન કીધો, મારા બાપની આંખ ફોડાવી, જાલ રાજાને જફા દીધી અને વલી આ બે છોકરીઓમાં દગો રમેછે માટે તેને હું સજા કરૂંતોજ મારૂં નામ શોહોરાબ." જારે ફરાંમરજ એકાંત ખુણે બેશીને ગમ કરતો હતો તારે શોહોરાબ આ શોગંદ પાલવાનો વીચાર કરતો હતો.

પણ તેવામાં વલી દુરથી એક મોટું ટોલું આવતું જણાએઉં. તેમાં એકથી વધારે હથીઆર બંધ માણસો હતાં માટે શોહોરાબ જરા ઘબરાએઓ, પણ થોડાવારમાં તેને ખોલાસો થએઓ. તે ટોલામાંતો જાલ રાજો પોતે તથા તેનો નીમખહલાલ જાંમાસપ હતા, બાકીના સવારો જાલને પકડવાની કોશેસ કરતા હતા. જાલ તેઓના હાથમાં જતો નહી હતો, પણ તેને પકડનારાઓ બનતાં સુધી તેને રાજી રાખતા હતા તથા તેને જરા ઈજા નહી પુગે એવી રીતે પકડવા જતા હતા. જાલ તદન દેવાંનો બનેલો હતો. તે બુમો મારતો, ગાલો દેતો, ગાતો, વગાડતો અને ઘડીમાં ઈનશાફ કરતો હતો. તોપણ જાંમાસપની કુસલવતીથી જેમતેમ જાલ આ સવારોને તાબે થઈ ચાલવા લાગો.

તે કાંહાં ગએઓ? શોહોરાબને ખોલ કાહાડતાં માલુમ પડીઉં કે જાલની પેલી સીઆંની દીકરી પીરોજ ઈરાંનથી પોતાના બાપને ખાતર જાબલુસતાંન આવી હતી. તેણે જારે જાંણીઉં કે તેની પેલી બોલકની બેહેનોએ બુઢા બાપને રખડાવીઓછે તારે નેક પીરોજ બાપની આગલી આડી ચાલને ભુલી જઈ તેને આસરો આપવા આવી હતી. તેણે પોતાનાં બાપની શોધને માટે ચારે બાજુએ માણસોને મોકલીઆં હતાં અને તેઓ આજે જાલને પીરોજની છાવનીમાં લઈ જતાં હતાં.

એટલુંજ નહી પણ આ માંણસોમાં ખોલ કાહાડતાં શોહોરાબને ખબર મલી કે પીરોજની બેહુ બેહેનોની સાંમે તેના ખાવંદ જીહાંગીરે લડાઈ ચાલુ કીધી હતી અને જે જગા ઉપર હાલ શોહોરાબ પોતાના બાપને લઈ આવીઓ હતો તેજ જગા આગલ લડાઈનુ મેદાંન હતું. પીરોજનાં વર પાસે મોટી ફોજ હતી. પણ ફરંગીજનો વરતો પોતાની બાએડીને ના પસંદ કરતો હતો અને નાંમને ખાતર લડાઈમાં આવીઓ હતો. ગુલનારનો વરતો મરણ પાંમેલો હતો. તેને લીધે એ બેહેનોની તરફથી એખલો કારંન લડનાર હતો.

આ ખબર ઉપરથી શોહોરાબને ધીરજ આવી. તેણે ઠરાવ કીધો કે આ મારામારીમાં ભાગ લઈ કારંનને તેની સજા દેખાડવી અને જો તેમ નહી બનેતો હીઆંજ મરવું.

---

## પરકરણ દસમું.

## બાપ અને બેટી.

વાંચનારી બાંનુંઓ, દરદીનાં બીછાંનાં આગલ તેની માવજત લેવી એ કેવું શંતોશકારક કાંમછે ! પણ ભલી પીરોજ જારે પોતાનાં બાપનાં બીછાંનાં આગલ બેઠી હતી તારે તો તેને તેથીબી વધારે શંતોશ ઉપજીઓ હતો. તે શીઆંની દીકરીને આ બુઢા રાજાએ એક વખત વગર વાંકે પોતાનાં ઘરમાંથી હાંકી કાહાડી હતી અને જે બે બેટીઓએ તેની ખુશાંમત કીધી તેઓની ચાલને તેણે પસંદ કીધી હતી. તોપણ આજે પીરોજની પીરોજગરી એમાં દેખાઈ કે રડતી આંખે તેણે તે વખતે પોતાનાં બાપને છેલી સલાંમ કરતાં પોતાની બેહેનોનાં ખાલી બોલવા વીશે જે શુખનો કહેઆ હતા તે ખરા પડીઆ. અને આજે તે ઘણું બોલનારી દીકરીઓ નીમખહરાંમ નીકલી તથા શીઆંની પીરોજે પોતાનાં આ બાપને તેની તકશીર છતાં પોતાને તાંહાં બોલાવી સંભાલથી રાખીને પોતાનો ખરો પીઆર જાહેર કીધો.

એ જેવો શંતોશ તેને બીજે કીઓ હશે ! તેનો જે પીઆર તેજ ખરો પીઆર જાંણવો, કારણ કે પોતાનાં બાપની આગલી ખાંમીઓને તે ભુલી ગઈ અને જેમ સરવે દીકરીઓએ કરવું જોઈએ તેમ અપકારનો બદલો તેણે ઉપકારથી વાલીઓ. તે પોતાનાં બાપને ખાતર પોતાનું રાજ છોડીને જાલને દેશ આવી, અને પછે જારે તેનાં માંણસો તેનાં ભટકતા મુરબીને લઈ આવીઆ તારે તેનાં જીગરમાં જે હરખ છુટો તેનું બએઆંન કોણ કરશે ? તેણે પોતાનાં પીતાને માટે એક તંબુ આરાસતે કરાવીઓ હતો અને માંણસો કીઆરે તે બુઢાને લઈ આવે તે માટે કલાકનાં કલાક સુધી તે વાટ જોતી અને ડોલા તાંણતી ઉભી રહી. અંતે જારે તેઓ જાલને લગભગ બેસુધીની હાલતમાં લઈ આવીઆ તારે પીરોજની છાતી પરીતીનાં જુસાથી ધકધકવા લાગી અને નહી ખમાવાને લીધે રડતાં અને હસતાં તેને ગલે વલગીને કોટી કીધી. તેને પોતાનાં બાપનાં ગલાં ઉપરથી હાથ છોડવા ગમીઆ નહીં, પણ વઈદ પાસેજ હતો તેણે પીરોજને છોડવી તથા સલાહા આપી કે જાલને જરા આસાએસ આપવી.

આ સઘલો વખત જાલ બેસુધીમાં હતો. લાંબી મંજલ, થાક અને અધુરા ખોરાકને લીધે તે માંદો પડીઓ હતો: તેનાં પગ ઉઘાડા હતા, તેનું બદન અરધું નાગું હતું. તેનાં ચાવનીઆં બેસી ગએલાં હતાં અને ચેહેરો ફીકો થઇ ગએલો હતો, જે ઉપર જેમ પીરોજ નજર કરતી હતી તેમ તેની છાતી ભરાઇ આવતી હતી. જાલ સાંભલતો નહી હતો તોપણ પીરોજ બોલતી કે "ઓ મારા બાપ તારા આ શું હાલ ! રે ઉંચી તોખમનાં જાલેજર ઓ નાંમવર પાદશાહા આ તારી કેવી અવસથા ! ઓ બાપ ! તારી પાદશાહાત કાંહાં ગઈ, તારી દોલત કાંહાં ગઈ અને તું એક ભીખારીની મીશાલે કાંએ હીઆં પડીઓ. અરે ! તારો આગલો દમાંમ મને ઇઆદ આવેછે અને મારૂં કલેજું ફાટી જાએછે. અરે ! તારી આગલી પરીતી મારી છાતીમાં તાજીછે. અરે ખોદા ! આ બુઢાની શું તકસીર કે તેની પાદશાહાત લુટાવી, જંગલી ખવાશની છોકરીઓને અપાવી અને આ માલેતુજાર માલેકને જંગલે જંગલ રખડાવીઓ."

આ વખતે પીરોજને દીલાસો કોણ દીએ ? તેનો ખાવંદ જાંહાંગીરતો ઈરાંનમાં કાંઇ કાંમસર પાછો ગએલો હતો. ખરૂં પુછાવોતો તાંહાં એખલો જાંમાસપ વડામાં વડું માંણસ હતું. જારથી તેનેબી આ રાજાએ વગર વાંકે દેશનીકાલ કીધો હતો તારથી જાંમાસપે ચાકરનો લેબાસ લઈ પોતાનાં મુરખીનાં જે ચાકરી કીધી હતી તે આજ સુધી તેણે ચાલુ રાખી હતી અને હમણાં જારે જાલ મુવેલાની મીશાલે પડી રહેઓ હતો તારેબી તેની આગલ તેજ હતો. તેણે પીરોજ આગલ પોતાનું ખરૂં નાંમ જાહેર કીધું, અને એખલો તેજ પીરોજને દેલાસો દઈ શકીઓ. તેણે એ પુતરીને બાલપણથી પોતાનાં ખોલામાં બેસાડી રમાડી હતી. તેણે આ વખતે પીરોજને ધીરજ આપી. તે પછે તેઓએ એકઠાં થઇને રાજાને સારો લેબાસ પેહેડાવીઓ અને એકવાર ફરીથી બુટો જાલ મેહેલ સરખાં મકાંનમાં શોભવા લાગો.

તે વખતથી પીરોજે પોતાનાં બાપની ચાંપતી દવાઈ કરાવી. વઈદ પાસેનાં પાસેજ રહેલા હતા અને પીરોજ તથા જાંમાસપ તેનાં બીછાંનાં આગલથી ખીસતાં નહી હતાં. દવાની અસર જાલ ઉપર થવા વીના રહી નહી હતી. તે શુધીમાં આવીઓ એટલુંજ નહી પણ જરા તંદરોસત થએઓ અને તેનો જુસો તથા જહનુન નીકલી ગએઉં. તે જરા જરા ધીરજવાલો અને શીઆંનો દીસવા લાગો.

આ ! હા ! આ વખતે તે બાપને કેવું લાગું હશે ! તેણે પોતાની આ દીકરી તરફ જે બુરાઇ દેખાડી હતી તેનાં બદલામાં પીરોજે તેને સુલીએ ચહડાવીઓ હતે તેથી જાલને જેવું શખત લાગતે તે કરતાં વધારે શખત પીરોજની મેહેરબાંનીથી તેને લાગતું હતું. જેમ જેમ પીરોજ તેને પરીતીથી બોસા લેતી હતી તેમ તેમ જાલને તીરનાં સરખા જખમ લાગતા હતા અને તે વારેવાર બોલતો હતો કે "પીરોજ મને માર, મને ઘાહેલ કર, કાંએકે તુંને તેમ કરવાનું કારણ છે. તારી બીજી બેહેનોનાં કરતાં વધારે ઘાટકીપણું તું દેખાડ."

આટલુ છતાં પણ પીરોજ કાંઈ એખલી પરીતીજ દેખાડવાને તાંહાં આવી નહી હતી. તેની બીજી બેહેનો તેની સાંમે જે લશકર લઈ આવા હતી તેની વીરૂધ લડવાનું પણ પીરોજનું કાંમ હતું. તે પોતાનાં બાપને પોતાનાં રાજમાં લઈ જવાની હતી પણ તેટલાં આ બેહેનોની અડચણ મીટાડવા માંટે તેને લડાઈનાં મેદાંનમાં લશકર સાથ જવા વીનાં છુટકો નહી હતો.

પણ જાલ પોતાની વાહાલી દીકરીને કેમ જવા દીએ ? તેણેતો મોટા પાહાડ સરખી અડચણ નાખી. તે બોલીઓ કે "ના પીરોજને હું મારી આંખ આગલથી ખીસવા દેવશ નહી." પીરોજ તરફનો પીઆર તેનાંમાં અતીશએ વધી ગએઓ હતો રાત અને દીન તે પીરોજ અને પીરોજની બુમ મારતો હતો. તેનાં દેવાંનપણાંએ હવે બીજી વલાંણ પકડી હતી અને તે પીરોજ તરફની પરીતીમાં હતી. માંટે અંતે આ ચુકાદાનુ શેવટ એમ આવીઉં કે જાલ પોતેબી પીરોજની સાથે લડાઈનાં મેદાંનમાં જાએ.

સાંમી બેરદુએ સઘલો અખતીઆર પેલા નઠારા કારંનનાં હાથમાં હતો. લશકર લઇને સાંમે લડવા માટે કારંન જ બાહેર આંવીઓ હતો. તેની સાથે પીરોજનાં સરદારોએ

ઘણો વખત સુધી લડાઈ ચલાવી હતી, જેટલા વખતમાં ઘણાં સવારો મારીઆ ગએઆ અને જાનની ખુવારી થઈ.

પણ અફસોસ! અંતે પીરોજનો પાસો ઉંધો પડીઓ. તેનાં લશકરની હાર થઈ, કારંન જીહીતીઓ. તેણે પીરોજને તથા બુઢા જાલને કેદ કીધાં અને બંદીખાને મોકલાવી દીધા.

આ વખતે પીરોજનાં ગમનો શુમાર રહેઓ નહી હતો. તે રડતી અને બાલ પીખતી હતી, પણ તે કોણને આંરે? તેને બાપનાં જીવની ધાસતી હતી. તે વીચારતી હતી કે "મારો પીતા હજુરતો હમણાં સાજો થએઓ તેટલા વલી તેને ગમ લાગશે અને હવેતો તે જીવતો ઉઠવાનો નથી." તે મનસે બોલતી કે "અરે જાલમ બેહેનો તમો પેલી જીહાનમા તે ખોદાને શું જવાબ આપશો." જાલનું પોતાનું મન આ બનાવથી એટલું બીગડીઉં હતું કે લડાઈમાં હાર ઈઆ જીહીત થઈ તેની તેને દરકાર નહી હતી. તેની પીરોજ તેની પાસેછે એટલું તેને ખુશી કરવાને બસ હતું. તે બોલતો હતો કે "ચાલ દીકરી બંદીખાને ચાલ. આપણ બે જણ પીંજરામાના પખશીની મીશાલ ગાએણ ગાશું. તું જારે મારા આસીરવાદ માંગશે તારે હું મારી માફ માગશ." આવી આવી વાતો કરતા કારંનના હોકમથી જાલ અને તેની પીરોજ બંદીખાને જઈ પડીઆ.

---

## પરકરણ છેલું.

## મોહોતનું મથક.

કારંન પોતાની ફતેહથી એકદમ ફુલી ગએઓ. તે હવેતો લડાઈના મેદાનમા દીપવાલાગો. તે પોતાને મનસે સરવે ઉમેદોમાં પાર પડેલો સમજીઓ. પોતાના બાપ અને ભાઈને પોતાથી દુર કરાવીને તેઓની મીલકતનો તે ધણી થએઓ લશકરની સરદારી તેને મલી એટલુંજ નહી પણ જાલની બે બેટીઓને પોતાના હાથમા લેવાની તેની ઉમેદ વધારે મજબુત થઈ. ગુલનાર જે વીધવા થઈ હતી તે કારંન સાથ પરણવાને રાજી થઈ હતી, પણ વલી ફરંગીજ કારંનને સરખી રીતે ચાહાતી હતી અને તેથી કરીને આ બે બેહેનો વચ્ચે એ લુછા શખસ ઉપરથી અંતસ અને વેર વસીઉ હતુ. જેઓ બીજાનુ બુરૂ ઈછે તેઓનુ પોતાનુ કદી ભલુ થાએ નહી. આ બે બેહેનોએ પોતાના દોરમા પારકાઓને હેરાન કીધા, તારે તેઓથી પોતાથી સખે કેમ રેહેવાએ ? કારંન તેઓ વચ્ચે વેરનું કારણ થઈ પડીઉ. ગુલનાર જો કે તુરતજ રંડાઈ હતી અને ફરંગીજનો ધણી જોકે હઈઆત હતો તોપણ તેઓને કારંન ઉપર મોહોબત રાખવાનું સુજ પડીઉં, જેથી એ બેહુ બેહેનો પોતપોતામાં લડવા લાગી. કારંન તેથી ખુશી હતો કેમકે બેમાંથી એક શાહાજાદી તેને હાથ આવવાની તેની ખાતરી હતી.

પણ ખોદા શુ એ નીચાને ફાવવા દીએ ? કારંનનો જે ઘાટ આગમચનો ઘડાઈ ચુકો હતો, તેની તેને ખબરબી નહી હતી. એ ઘાટ ઘડનાર તેનો હીમતવાન ભાઈ શોહોરાબં હતો. આ બદમાશીઆ કારંનને લગતા જે કાગજો શોરાબને અચણુચાં મલીઆં હતાં અને જેમાંનાં એક કાગજમા ગુલનારે કારંનને પોતાના વરનું ખુન કરવાની અરજ કીધી હતી તે કાગજ લઈને શોહોરાબ એકદમ બાબકની પાસે ગએઓ અને તેને હવાલે કરીને બોલીઓ કે—"જીહાંપનાંહાં હું કોણ છઉં તે તમો પુછતાના અને હું કેહેવાનોબી નથી, પણ જે માહાપાપી નરનું પાપ આ કાગજમા ઉંઘાડુ પડેછે તેનો જો પુરવારી તમોને જોઈતી હોએતો હું તેનાં મોહો સાંસું તે સાબેતી આપવાને રાજી છઉં." બાબકે તેજ દીને એક ચોકસ વખત ઠરાવીઓ, જે વેલાએ જાહેર દરબારમા કારંનની તપાસ કરવાની કબુલાત આપી તેણે શોહોરાબને તે વખતે બોલાવીઓ હતો.

એ પછે શાહાજાદો બાબક તુરત કારંનની પાસે ગએઓ. આ ચંડાલને પકડમા પકડીને તેને સજાએ પોહોંચાડવામા ઢીલ કરવી એ તે શાહાજાદાને વાજબી લાગુ નહી. તેણે તુરત કારંનની મુલાકાત લીધી એ શખસ તે વખતે પેલી બેહુ બેહેનો સાથે વાત કરતો બેઠેલો હતો. બાબકે જોઉં કે કારંન ઘણી ખુશીમાં હતો. તે બાબકને સાહેબને બદલે ભાઈના નામથી બોલાવતો હતો જે ઉપરથી આ શાહાજાદાએ ઠપકો આપીઓ કે "કારંન મને ભાઈ કરી બોલાવાનો તુને કાંઈ હક નથી. તુંતો મારો નોકરછે."

ગુલનાર પોતાની મોહોબતને લીધે કારંનનો બચાવ કરવા નીકલી—"શાહાજાદા બાબક, કારંનને તમોએ એવો ઠપકો આપવો ઘટતો નથી, તેની આગમચ તમે હુમારી મરજી પુછવી હતી. હમો તેને ભાઈ ગણીશું તારે ? એણે મારૂં લશકર રાખીઉં, મારૂં રાજ ચલાવીઉં અને મારા ધણીની ગરજ સારી મારે એબી તમારો ભાઈજ ગણાવો જોઈએ.

ફરંગીજ—બેહેન, જો એ તમારો ભરથાર હોએ તોજ મારા ખાવંદ એને ભાઈ દાખલ ગણે.

ગુલનાર—ફરંગીજ તમો મશખરી કરોછો—પણ કોઈવાર મશખરી ખરી પડેછે.

ફરંગીજ—ઠીક ઠીક—જાલ રાજાની દીકરી એક રઈએત સાથ પરણે !

ગલનાર—બેહેન આજ સવારનો નાસતો કીધા પછે મારી શુખાકારી સારી રહી નથી નહીતો કે હું તમુને પુરતો જવાબ આપતે. તોપણ હાલ હું ટુકમાં એટલુંજ કહું છઉં કે નામદાર કારંન આજથી મારો ધણી અને મુરબીછે.

ફરંગીજ જો કે કારંનને ખરાં દીલથી ચાહાતી હતી તોપણ આ શબદો ઉપરથી તેણે કસો જુસો દેખાડીઓ નહી. પણ ગુલનાર એટલુ બોલીને જરા બેસુધીની નીશાંન દેખાડવા લાગી તેને મજબે ઘુમરી આવી અને તે નીચે પડી જેથી તેને બીછાના ઉપર લઈ જવામાં આવી અને કારંન તથા સરવે જણ તેની આ અચણુચી માંદગી જોઈ અચરત થએઆં.

પણ શાહાજાદા બાબકે કારંનને છોડીઓ નહી. તે બોલીઓ કે "કારંન તું મારો ભાઈ થાએ તેની આગમચ મારો બંદીવાન થશે. હું તુને ઠગારો ગુનેહગાર ગણું છઉં અને આજ દીને જાહેર દરબારમા તારી તપાસ કરવાનો મેં હોકમ આપીઓછે."

આ વાતે ફરંગીજને ઘબરાટમાં નાંખી તે ખરી. ગુલનારે કારંન સાથ પોતાનો ગાંઠ બાંધીઓ તેથી એ નાપાક છોકરી બીધી નહી, તેનુ કારણ એજ હતું કે નાસતામાં

તેણે પોતાની બેહેનને ઝેહેર આપીઉં હતું અને તેની અસર હમણાં હમણાં થવા માંડી હતી. તેથી કાર'ન અંતે પોતાનેજ મલશે એવી આશામાં તે નીરભએ હતી, પણ જારે વલી તેનાં વરે કાર'ન ઉપર આ બટો મેલીઓ તારે કારંનને બચાવાની તેને ફરજ થઈ પડી. તે બોલી કે "પીઆરા બાબક તમે એવુ શું બોલોછો ?"

બાબક—મુગી રેહે હું હવે તારો પીઆરો નથી. આ લુછા ઉપર તારો પીઆરછે અને તે હું સઉ જાણું છઉં. તારાં ભીતરનો ભેદ હવે ફુટોછે. જે ચીઠીમાં મારૂં ખુન કરવાનુ તેં એને લખીઉં હતું તે ચીઠી મને મલીછે.

એમ કરતાં દરબારનો વખત થએઓ. સવારો અને સરદારો આવી ઉભા, બાબક તખતે બીરાજીઓ અને ઢંઢેરો ફેરવીઓ કે બંદીવાંન કારંનની સાંમે જે ધણીને ફરીઆદ કરવી હોએ તે હાજર થાએ. એ હોકમ પુરો થતાં વાર સીસોલીનો અવાજ થએઓ અને એક જવાંન તથા જોરેમંદ ખેડુત હથીઆર બાંધીને આવી ઉભો.

આ શખસ હીમતવાંન શોહોરાબ હતો !

પાદશાહા—છોકરા, તારૂ નાંમ શુંછે અને તું શું માંગેછે ?

શોહોરાબ—જીહાંપનાંહાં મારૂ નાંમ નનાંમુછે. તરકટ અને કાવતરાંનાં બોજાતલે મારૂ નાંમ કચડાઈ ગએઉછે અને હું આ બંદીવાંન પાસેથી જવાબ માંગું છઉં.

કારંન—આવ ભાઈ, સાંમે આવ અને બોલ મારી ઉપર તારો શું દાવોછે ?

શોહોરાબ—કમબખત, હરાંમ ઈલતનાં, બેમરવત કારંન. વેહેલો થઇને તારી સમશેહેરને મીઆંનની બાહેર કાહાડ કે તેથી જો હું જુઠું બોલુંતો મારો જાંન તું લઈ શકે. હું આ દરબારમાં ખોદાનાં કસમ લઇને સાચી વાત જાહેર કરૂ છઉં તે સાંભલ, અને તારી જુવાંની તથા જોરને પછી અજમાવી જો. તું એક ઠગારોછે. તેં તારા બાપ, ભાઈ, અને ખોદાને ઠગીઆછે. તેં તારા શાહાજાદાની સાંમે સંપ કીધોછે, તું માથાંથી પગસુધી મોરનાં પીછાંતલેનો કાગછે. તું નાં કેહે, અને આ તલવાર તારો જીવ લેશે.

કારંન જવાબ શું દીએ ! તેણે નાં કહેઉં ખરૂં અને તેથી શોહોરાબ તેની સાથ લડાઈમાં ઉતરીઓ. તેમાં શોહોરાબ જીહીતીઓ, કારંન જમીનદોસત થએઓ, અને બાંનુ ફરંગીજ ચીચારી પાડી બોલી કે "આતો જુલમછે. કારંન તંને નબલોછે, પણ તે ગુનેહગાર નથી."

બાબક—તું મુંગી રેહે. આ કાગજ જો. આ અખેર કોણનાં અને આ નાંમ કોણનુંછે ?

હવે ફરંગીજથી શરમ ખમાઇ નહી. તે પસતાવો કરી ગુસામાં ચાલી ગઈ અને ગુલનાર જાંહાં બીજી જગોએ બીછાંનાં ઉપર પડી હતી તે બીછાંનાં આગલ તે જઈ પડી.

કારંનનાં દીલમાંથી લોહી વેહેવા લાગું. તેણે પોતાનો સરવે અનેઆએ કબુલ કીધો અને પોતાનાં બાપ, ભાઈ તથા રાજાને ખરાબ કરવાને તેણે જે જે કીધું હતું તેનું સરવે દાસતાંન કહી દીધું તથા પસતાવો કીધો કે—"આ ! હા ! કેવી મારી આશાઓ હતી ! પણ તે સરવે પાપી હતી, માંટે હવે ખોદાને હું કોઉં મોહો દેખાડશ. અંતે હું કે. 'ન

થી અને ખોદાએ મને સજા કીધીછે. પણ છોકરા તું કોણ છે તે મને જણાવ."

શોહોરાબ—કારંન હું તારો ભાઈ શોહોરાબ છું. મારો બુઢો બાપ પોતાની આંખ ખોહીને હજારો શરાપ દેતો જંગલમાં પડેલોછે, જાંહાં હું દેવાંનાંનો અવતાર લઈ રહું છું અને જાંહાં ભલો દરબારી જાંમાસપ તેને દીલાસો દેતો હાલ બેહોછે.

શાહાજાદાનાં હોકમથી શોહોરાબ પોતાનાં બાપ ફરાંમરજ તથા દરબારી જાંમાસપને બોલાવા ગએઓ. તેટલાં બે ખીદમતગારો ફરંગીજ અને ગુલનારની લાસ લઇને દરબારમાં દાખલ થએઆ. ફરંગીજ પોતાના પાપની ધાસ્તીને લીધે આપધાટ કરીને મુઈ હતી તથા ગુલનાર ફરંગીજે ખવાડેલાં ઝેહેરની અસરથી મુઈ હતી. એ રીતે આ બે કુવરીઓના જવાન પણ પાપી જીવનો છેહો આણીઓ હતો. તેઓએ બીજાંને હેરાન કીધાં, પણ પોતેબી હેરાન થએઆં અને તેઓનાજ પાપે તેઓને બોરીઆં.

કારંન પણ હવે મરવાના અંત ઉપર આવીઓ, તેટલાં તે બોલીઓ કે "શાહાજાદા હું એક ભલાઈ કરી જાંઉ છઉં. જાલ રાજો અને તેની દીકરી પીરોજ જેઓને માફી બખશવાનો તારો વીચાર હતો તેઓને બંદીખાંનામાં તુરત મારી નાખવાનો હું હોકમ આપી ચુકો છઉં, પણ અગર જો તું તેઓના જીવ બંચાવા ધારતો હોએતો તાકીદેથી માણસને મોકલી તે કાંમને અટકાવી નાખ."

એ ઉપરથી બાબકે તુરત બંદીખાંને સીપાઈઓને દોડાવીઆ, પણ તેઓ તુરત પાછા ફરીઆ. કારંને ફરમાવેલો ઉપલો ઘાટકી હોકમ પાર પડી ચુકો હતો, તેથી શુંદર પીરોજ મરણ પાંમી ચુકી હતી અને જાલમાં થોહો જીવ રહેલો હતો. બંદીખાંનામાં તે તદન દેવાંનો બનીઓ હતો, માટે પીરોજની લાસને પોતાની ખાંધ ઉપર નાખીને જાલ દરબારમાં બુમ મારતો આવીલાગો. અફસોસ ! આ દેખાવ કોણથી જોવાએ ! તે નેક અને ભલાં દીલની પુતરીએ વગર વાંકે પોતાના બાપને ખાતર જીવ આપીઓ. તેના ચેહેરા ઉપર નેકી અને ભલાઇની નીશાંની દીસતી હતી. તેની ખુશનુમાં ખુબસુરતીથી આખી દરબાર જહલકતી હતી; પણ હીઆં તે પડેલી હતી—ઠંડી અને મુવેલી, શુંદર, શુંદર પીરોજ !


જાલે પોતાની સરવે સુધી ખોહી દઇને પોતાની દીકરી ઉપર જે ગમ કીધો તે સરવેનાં દીલને કાપી નાંખે એવો હતો. પોતાની મુવેલી પુતરીને ગલે વલગીને જાલ જે માહેતમ કરતો હતો તે જોઇને આખી દરબાર રડતી હતી અને પીરોજની નેકીની વખાંણ કારંન વટીક કરતો હતો. તેજ વખતે શોહોરાબ પોતાનાં આંધલા બાપ તથા જાંમાસપને તાંહાં તેડી લાવીઓ, પણ તેટલામાં કારંનતો જખમની અસરથી મરણ પાંમેલો હતો અને જાલ દેવાંનપણાંથી પોહો મુવો હતો. ભલા જાંમાસપે આ છેલી ઘડીએબી પોતાના રાજાનાં ફાએદાને મારે મેહેનત કરવાની બાકી રાખી નહી. તેણે ઘણા કાલાવાલા દીધા. તે રડતો ગએઓ, માંફ માંગતો ગએઓ અને સમજાવતો ગએઓ, પણ જાંમાસપનાં કાલાવાલા ...આ નહી. જાલ તાંહાંથી ખીસીઓ નહી. ર

દન કરતાં તે થાકી, હાંફવા લાગો, બેસુધ થએઓ, તરફડી ઓ અને છેલે જઈફ જાલે પણ જફા જોઈ જોઈને તાંહાં જીવ કાહાડીઓ.

હવે હમો લંબાંણ કરતા નથી. જંમાસપની નીમખહલાલી તથા શોહોરાબની સચાઈ પરસીધ થઈ. માંટે શાહાજાદા બાબકે તે બંનેને મોટું માંન આપીઉં. પીરોજ અને જાલની કીરતી ઈઆદગાર રહી ગઈ તથા આ દરબારમાં સાબેત થએઉં કે શોહોરાબ અને પીરોજ જેની ચેંખી જહલકાટ ભરેલી નહી હતી તેનાં દીલ ખરાં હતાં, અને પેલાં બુરાં દીલની બે બેહેનો માતર ખુશાંમતખોર દુકતીઓ હતી. પેહેલાં ખોટા હીરા ઘણા ચલકીઆ હતા—પણ અંતે ખરા હીરાઓનો છુપો જહલકાટ બાહેર નીકલીઓ હતો !

## દુનીઆંનો મુસાફર.

### પત્ર ૧૨.




પીઆરાં બેહેન,

આ ચીતર વેલાતના લંડંન શેહેરનુંછે. તમુને વારેઘડીએ વેલાતને લગતી જુદી જુદી બાબદોથી જાંણીતાં થવાની ખાહેશ થતી હતી. એ દેશ વીશેની નવી ખીનાઓ જેમ તમે વાંચતાં જતાં તેમ તમે વધારે વાંચવાની ખુશી દેખાડતાં હતાં, એટલુંજ નહી પણ એ દેશ નજરે જોવાની તમે તલપ કરતાં હતાં, પણ હાલ તમારી વએ ઘણી નાહાની હોવાથી માએજી તમુને આવવા દેતાં નથી, વાસતે તુરત વેલાતનો હેવાલો વાંચીને તમે સબુરી ધરજો. હાલ તમારો શીખવાનો વખતછે અને તમારાં સારાં ભાએગછે કે માએજી તથા બાવાજી બીજાં માબાપોથી ઊલટી રીતે તમુને સારી કેલવણી આપવાને રાજીછે, માટે હમણાતો તમો ઘેઆં નથી કેલવણી લેજો, અને જારે વખત આવશે તારે તમારો વર પોતે તમુને હીંઆં લઈ આવશે.

મુસાફરીથી માંણસ શીખેછે. તમે જાંણોછો કે તમારી છેલી ભેટ લઈને હું હીઆં આવીઓ તેની આગમચ એશીઆખંડનાં જુદાં જુદાં દેશોમાં મુસાફરી કીધાથી મેં સારૂ ગનેઆન મેલવીઊં હતું. પણ તારપછે ઈઊરોપખંડનાં હજુરનો આ એક ઈંગલંડ દેશમાં મેં એટલું બધું જોએઊંછે કે આ આખા ખંડની મુસાફરી કરતાં મને જેમ વીલંમ લાગશે, તેમ હું ઘણું વધારે શીખશ એવું મને લાગેછે. અલબતાં બેહેન મેં જેટલું જોએઊંછે તેટલુંતો મારીથી લખાઈ શકાશે નહી. વલી હું ગરીબ છઊં માંટે દરએક જોવા લાએક ચીજનાં નમુનાં મોકલી શકવાનો નથી. તોપણ આ ખંડનાં દરએક દેશનું ટુક ટુક બેઆંન તમારી ઊપર લખવાને હું ચુકશ નહી.

તમારી તરફથી નીકલેઆ પછે એક મહીનાંની અંદર હું અતરે આવી પુગો છઊં. મારી સફર ઘણું કરીને સમુદરને મારગે થઈછે, જેમાં પણ કેટલુંક




જોવાનુંછે. તમે મને વેલાતની જે આગબોટમાં મેલવા આવીઆં હતાં તેમાં ઈંગરેજ મરદો તથા લેડીઓની સંખીઆ જોઈને તમે અચરત થએઆં હતાં. પણ આગબોટ ઊપડી તે વખતથી આ ઘણાક ઊતારૂઓ મારી સાથ મલી ગએઆં હતાં. મેં તેઓની સાથે બેસી ખાધું હતું, તે તમે પસંદ કરશો પણ આપણા બીજાં સગાંઓ જો તેથી ગુસે થાએતો તેઓને સમજાવજો કે આ સારાં માણસો સાથ જમવાથી ઓર સારૂં લાગેછે અને તેઓ આપણને માન આપેછે.

આરબસતાનની ઊપર સુવેજ નામનું પરાંત છે તાંહાં સુધી હમારી આગબોટ આવીને અટકી હતી. હીંઆં વચમાં જમીન નડેછે જે જમીનને રેલવેથી ઓલંગીને મીસર દેશની બીજી પારથી પાછા ઈસટીમરમાં બેસીને ઈંગલંડ જવાએછે. એ બીજી ઈસટીમર જે શેહેરમાંથી પેહેલી ઊપડેછે તે શેહેરનુ નાંમ અલેકસાનડરીઆછે અને તાંહાંથી ઈઊરોપખંડ શરૂ થાએછે. વાટમાં આગબોટ ઘણે ઠેકાંણે ઊભી રેહેછે પણ હું બીજા ઊતારૂઓની મીશાલે કદી ઊતરી પડવાને બદલે પાધરો ઈં

ગલંડ આવીઓ છઊં. હીંઆંથી દરએક દેશમાં મારીથી બરોબર જવાઈ શકાશે. ઈસકુલના મારા તરણ ચાર દોસતો હીંઆં શીખવા આવેલાછે, તેઓમાં માહારો જીવ ભરાઈ રહેલો હતો. તેઓએ તથા આપણા વેપારી કાકાના સોરાબશાહાએ તમુને દુવા સલાંમ લખાવીછે.

ઈંગલંડ દેશ ઈઊરોપખંડના છેક પશચીમ ભાગમાં આવીઊંછે. તેની સાથે સકાટલંડ નામનું એક બીજું દેશ જોડાએલુંછે અને તે બે મલીને એક ટાપુ થએઊંછે. તે ટાપુ તથા પડોશમાંનું આએરલાંડ નાંમનુ ટાપુ મલીને ગરેટબરીટનનું રાજ કેહવાએછે અને એ આખાં રાજને આપણ વેલાત કહીએ છઈએ. પણ પરથમ આ રાજનાં ઈંગલંડ દેશનું બેઆંન હું શરૂ કરૂ છંઊ. તેની તરણ દસાએ દરીઆ આવેલોછે. અને તેની ઊતરે સકાટલંડ દેશછે. તેથી કરીને એ દેશને પોતાનાં બચાવને માંટે બારકસોનો મોટો કાફલો બાંધવો પડીઓછે, પણ તે કાફલો મજબુતાઈમાં આજે આખી દુનીઆમાં સઊથી સરસ કેહવાએછે. તે સીવાએ હીઆંનાં બંદરોમાં બારકસોનો બીજો જે મોટો જથો પડી રેહછે તે વેપારીઓને લગતોછે, જે વેલાત ખાતે દેશ દેશથી મોટી દોલત લઈઆવેછે.



રાંણી વીકટોરીઆ વેલાતમાં રાજ કરેછે. એ નાંમદાર બાનુને તમો ઓલખોછો. આપણા પોતાનાં દેશમાં પણ એનુંજ રાજ ચાલેછે. એટલા માટે તેનાં ઊપર આપણને દરેક દરજજે પરોતી વધીછે અને એ બાંનું તે પરીતીને લાએકજછે, તે ભલી, મીલનસાર, માએઆલુ, અને કેલવાએલીછે. તે પોતાનાં કબીલાને તથા રઈએતને સરખી રીતે ચાહેછે. તે લેબાસમાં ઘણી સાદી, ચાલચલણમાં નેક અને સવભાવે મીઠીછે. બીજાઓને સારી રીતે ચલાવવા માટે તે પોતે સારી રીતે ચાલેછે. પોતાનાં ફરજંદોને સારી કેલવણી આપવી, ધીમો સવભાવ રાખવો, સારાંસલુકથી રેહેવું એ ઊપર તે બેઆંન આપેછે.

વેલાતનાં રાજા રાંણીઓની તવારીખ જાંણવા જોગછે, પણ તે લખવાનું માંરૂ કાંમ નથી. તોબી એકુ બે શાહાજાદીની તમુને વાત કહું છઊં. મરનાંર શાહાજાદી શારલોટ, જે જો જીવી હતેતો હાલ વેલાતની રાંણી થતે, તેનો બપાવો જારે રાજ કરતો હતો તારે તેની પાસે એક દાહાડે કેટલાક શખસોએ જઈને અરજ કીધી કે "હમારા એક મીતરને ફાંસીની સજા થઈછે ને અટકાવો." એ ઊપરથી એ દએઆલુ નાંરી રાજા પાસે ગઈ અને તેને પગે લાગીને પેલા ગુનેહગારની ફાંસી કાહાડી નાંખવા માંગી. એ વખતે આ છોકરી માંતર ૧૩ વરસની વએની હતી, માટે તેનાં કાલાવાલાથી રાજા પીગલી ગએઓ અને તેણે પેલા બંદીવાંનને માફી બખશી. વલી ઘણાંક વરસની વાત ઊપર વેલાતમાં મારગરેટ નામની રાંણી હતી. એક વખતે તેનો વર રાજા એક લડાઈમાં હારીઓ અને તેના દુશમનો તેની રાંણીની પુઠે લાગા. એ ઊપરથી મારગરેટ પોતાના દીકરાને લઈને જંગલ તરફ નાહાઠી. તાંહાં વલી તેને ચોરોએ ઘેરી અને કહેઊં કે "પઈસા આપ." તે રાંણી તેઓને પગે લાગીને બોલી કે "મારી પાસે કાંઈ નથી. હું આ દેશની રાંણી છઊં અને આ મારો છોકરોછે." આ વાત સાંભલી તે ચોરોને દએઆ આવી. તેઓ રાંણીને પગે લાગા, તથા પછે એક સારી જગામાં લઈ ગએઆ.

પણ, બેહેન, રાજા રાંણીની વાત કરતાં મારી મુસાફરીનું બેઆન રહી જાએછે માટે તે વાતોને પડતી મેલું છઊં. ઈંગલંડની હવા ઘણી મન પસંદછે, પણ હીંઆં ઠંડી ઘણીછે તેથી હંમેસાં ગરમ કપડાં પેહેરી રાખવાં પડેછે અને શીઆલાના દાહાડાતો ઘરની બાહેર જેમ ફરવું ભારી પડેછે, તેમ ઘરમાં આતશ જારી રાખીને બેસીએ છઈએ. તાંહાં દર વરસે આસરે ૩૦ ઈંચ વરસાદ પડેછે. આપણા દેશની મીશાલે હીંઆં

સરવે જાતની પેદાએસ થતી નથી અને તેનું એક કારણ તાંહાંની આ હવાછે. ઈંગલંડમાં લાકડાંના જાહાડોના જંગલ પુશકલછે. એ લાકડું તાંહાં ઘણું કાંમ લાગેછે, જેમાં ઓક નામનું લાકડું બહુ ઊંચુંછે. ઓક લાકડાંના જાહાડની સબી મેં ઊપર ટાંકીછે.



બીજું એક લાકડું "ઈઊ" નામનુંછે જેહેનું જાહાડ આવું હોએછે.



તે સીવાએ દરએક જાતનુ ઘાસ તથા અનાજ વેલાત ખાતે સારી રીતે ઊગેછે. જણાવરોની પેદાએશમાં વાઘ અને હાથી સરખાં પરાંણીઓ આજ જમાંનાના જમાના થએઆ તાંહાંથી નાબુદ થએઆંછે, અને ઘરઘનુ તથા ઊપીઓગી જનાવરોની સારી વસતીછે. ઈંગલંડની જમીનમાથી કોલસો પુશકલ મલી આવેછે. તે ઊપરાંત સલેટ, સીસું, ચાક, લોહોડું ઈતી આદીની ખાંન પણછે.

ઈંગલંડની વસતી હાલ આસરે બે કરોડ માંણસોનીછે. એમાંનો મોટો ભાગ ઈંગરેજ લોકોનો છે જેઓ આસરે ચાલીસ લાખ ઘરોમાં વસેછે. ઈંગલંડ દેશ હાલ તરણ કરોડ એકર જમીન રોકીછે, જેમાંની ઘણીખરી ફલવંતછે. એ જમીનમાંથી કેટલીક નદીઓ વેહછે, જેમાંની ટેમસ નદી ઊપર પાએતખત શેહેર લંડન આવીઊંછે. કુદરતી ઊતપંતીની બાબદમાં હીદુસતાંન ઈંગલંડ કરતાં ઘણુ માતબરછે તોપણ ઈંગલંડમાં હોનરે આપણાં દેશથી ઈંગલંડને ચહડતુ બનાંવીઊછે. ઈંગલંડ આપણાં રાજ કરતાઓનુ અને સુધરેલુ દેશ હોવાથી હજુર મારે થોડુંક લખવાનુછે પણ આ પતર લાંબો થઈ જાએછે, માટે તેને હીઆં, બંધ કરું છંઊ.

હું છઉં તમારો
વાહાલો ભાઈ.

## માતાઓને ચેતવણી—હમેલનો સંભાલ.

દરએક હમેલદાર સ્રીનો જાહાડો નાફ રેહેવો જોઈએ. પેટ, જે હમેલ રેહેવાની અગાઊ બરોબર આવતાં રેહેછે, તે હમેલ રેહેવા પછી જરા કબજીએતપર આવેછે; પેહેલ વેહેલા મહીનાઓમાં કબજીએત થવાનું કારણ એકે તે વખતે ગરભમાં કુદરત પોતાની ફરજો બજાવેછે; પણ પાછલા મહીનામાં કબજીએત થાએછે તેનું કારણ એકે હમેલવાળી ઓરતથી જેટલી કસરત થવી જોઈએ, તેટલી થતી નથી; તથા ઊગતા ગરભના આંતરડાં ઊપર ભાર પડેછે. જો પેહેલ વેહેલા મહીનામાં કબજીએત ઘણી હોએછે તો તેથી તે ઓરત અધુરે માસે જણેછે; જો પાછલા મહીનામાં કબજીએત વધારે હોએછે, અને પછી જણેછે, તો તેને ઘણી કશટી ભોગવવી પડેછે તથા તે વખતે અને તીઆર પછી વધારે બેચેની લાગેછે, વાસતે એ વાત ઊપર બધી હમેલદાર સ્રીઓએ ધીઆંન રાખવું જરૂરતુંછે. જાહાડો સાફ રાખવાનો ઊપાએ તે ઓરતનાજ હાથમાંછે, અને તે વલી દવા દારૂ વગરનોછે તે એમ કેઃ—ખાવા પીવામાં વીચાર રાખવો, કસરત કરવી, નાહાવું ધોવું, ટબમાં પાણી ભરીને બેસવું, સહવારમાં વેહલાં ઊઠવું; એ પરમાણે ચાલીઆથી સરીરના આ અવીએવમાં કબજીએત થશે નહી. બીજું ઘણી વાર સુધી બીછાનાપર સુઈ રેહેવાથી પણ કબજીએત વધેછે, વાસતે તે વાતની પણ હુશીઆરી રાખવી, અને વેહેલાં ઊઠવાની ટેવ રાખવી.

કેટલાએકનો એવો વીચારછે કે, હમેલ રેહેવા પછી પેહેલા મહીનાઓમાં કસરત કીધાથી નુકસાન થાએછે, પણ એ વીચાર ભુલ ભરેલોછે. જે ઓરતને અગાઊ અધુરે માસે બચ્યું પડીઊં હોએ તેવી ઓરતને કસરતથી નુકસાન થાએછે, એ વાત ખરીછે, પણ જે ઓરતમાં એવું બનીઊં નહી હોએ, તેવી સઘલી ઓરતોને કસરત ઘણી કામનીછે; કેમકે તેથી જણવાની કીરીઆને મદદ મલેછે, અને ફાએદાકારક થઈ પડેછે. પેહેલા છ અથવા સાત મહીના થએઆ હોએ તે વખતમાં સેહેજ અને ઘડી ઘડી એ ખુલી હવામાં હાલ ચાલ કરવી, ઘરનો થોડો ધંધો કરવો, એ અગતીઅનુંછે. ખુલલી હવામાં ફરવા હરવાથી તે ઓરતની તંદુરસતી સારી રેહેછે, એટલુંજ નહી, પણ પેટ માએલાં બાલકને પણ સારૂં થાએછે. થોડુંઘણું પોતાના ઘણીના ઘર ધંધામાં ગુંથાવાથી પોતાનો વખત સેહેલથી નીકલી જાએછે. અને નવરા બેસી રેહેવાથી મનમાં જે નવા નવા અને જુદા વીચારો પેદા થાએછે, તે તેમ ધંધામાં ગુંથાવાથી થતા નથી; અને એ વખને જે આપણને

સુખને સારૂં મનની ધીરજ અને ગંભીરપણું જોઈએ તે મલી સકેછે. બીજું એક જે ઠેકાણે ઘણાં લોકોની બીડ થતી હોએ, જેવી કે—મંડલી મલી હોએ, સભા શો થતો હોએ, લગણની મોટી ધામધુમની મીજબાંની હોએ, ઊઠમણું હોએ, તે ઠેકાણે તથા હીંદુ લોકમાં જે રોવા કુટવાની દુશટ ચાલ પડેલી છે તેવું જીહાં થતું હોએ, અથવા જીહાં ઘણા આરડી આરડીને ગીત ગાતાં હોએ, ટુકામાં જે જગોપર જવાથી જોસરો વધારે થાએ, અને આરામમાં ખલેલ થાએ, અને ગરભમાંના બાલકને ઈજા થાએ; એવે ઠેકાણે ખીલકુલ જવાની મરજી રાખવી નહી. આ વાત બહુ ધીઆન આપવા જોગછે, નહીતો તેમ કરવાથી અધુરે મહીને જણવાનું મોટું દુખ ભોગવવું પડેછે. હમેલદાર ઓરતમાં આ વાત ઘણી વખત જોવામાં આવેછે કે, મોટા લગણની જમણવારમાં ગએથી, મોડી રાત સુધી ઊજાગરો કરવાથી, રોજ રોજ ઘણી રાત સુધી જઈને આરડીને ગાવાથી, હમેલદાર ઓરતને ઘણો થાક ચડેછે, તેનું શરીર જાણે ખાલી પડી ગએં હોએ તેમ તે ફરીઆદ કરેછે, અને તેથી અધુરે મહીને જણવાનું મોટું દુખ તેને પેદા થાએછે; વાસતે આ ઊપલી બાબત ઊપર હમેલદાર ઓરતે ઘણું ધીઆન રાખવું અને સગાં વાહાલાંનાં તેડાં ઊપર તથા કાલાવાલાથી રાતનો ઊજાગરો કરવાને પછાત રેહેવું, કે જેથી ઊપર કહેલું દુખ ખમવું પડે નહી.

હમેલદાર ઓરતને મુસાફરી કરવાથી પણ ઘણાં માઠાં ફલ ખમવાં પડેછે. દુરની મુસાફરીથી, ખરાબ રસતાના આચકાથી, ખરાબ ગાડીઓમાં બેસવાથી, ઘણા મોટાં ગરભનાં દુખ હાંસલ થાએછે, અને તે દુખ ઘણાં હઠીલાં (એકાએક મટે નહી એવાં) અને મુશકેલાઈથી સારાં થાએછે. ઘણી વખત જંગલમાં ડાકટરની મદદ મલતી નથી, તેથી જે દુખો ઓરતોને થાએછે, તે સારાં થઈ સકતાં નથી. અધુરે જણવાની નીશાની થાએછે તે અટકાવવાનું બનતું નથી, અને તેથી અતીશએ દુખ તથા હેરાનગતી ભોગવવી પડેછે; વાસતે જેમ બને તેમ આવા દુખથી દુર રેહેવાને સારૂ દુરની મુસાફરી કરવી નહી, તેમજ વલી છેક કસરત છોડીને જુવાન હમેલદાર ઓરતોએ આલસુ બેસવું નહી; નરમ બીછાનાવાલા કોચપર પડી રેહેવું નહી; ગરમ ઓરડામાં જીઆં તાજી અને સાફ હવા આવતી ન હોએ તીહાં બેસી રેહેવું નહી, અને સારૂં સારૂં ખાઈને બેઠાં બેઠાં આરામ લેવો નહી, કેમકે એવું કીધાથી તંદુરસતીમાં સુધારો થવાને બદલે બીગાડ થાએછે એટલુંજ નહી, પણ એવી અણઘટતી ચાલથી ગરભસથાન માહેલાં બાલકના પોશાણમાં અને ઊગવામાં મોટો વાંધો પડેછે, અને જો બાલક જનમીઊંતો તે ઘણુંજ નબલું, નાજુક, કંતાઈ ગએલું રેહેશે, તથા મુશકેલાઈથી ઊછરી મોટું થશે.

ગરભવંતી ઓરતને પાછલા છેલલા મહીનામાં રોજ કસરત લેવાની જરૂરછે, અને તે કસરતનાં ફલ જણતી વખતે ઘણાં મીઠાં થઈ પડશે. જે હમેલદાર ઓરતોથી ગરભના ભારથી ચાલી શકાતું નથી, અને વેહેલાં વેહેલાં થાકી જાએછે, તેઓએ જોરથી કસરત કરવી નહી, કેમકે તે ફાએદાને ઠેકાણે નુકસાન કરશે, વાસતે એવી ઓરતોએ ખુલી હવામાં, ખુલી ગાડીમાં ફરવા જવું, પણ ગાડી બંધ કરીને બેસવું નહી, કેમકે તાજી હવા અંદર ન આવીઆથી ફાએદાને બદલે નુકસાન થાએછે. વલી તે ઓરતોએ ઘરધંધો પડતો મુકવો, અને દીવસમાં બે તરણ કલાક આરામ લેવો.

ગરભવંતી ઓરતોએ છેક પાછલા દાહાડામાં કુવામાંથી પાણી કાઢવું નહી અથવા મોટાં બેડાં ઊપાડવાં, ભારી ઘરેણાં પેરવાં, વીગરે ગરભમાએલા બાલકને અથવા પોતાના હકમાં નુકસાન થાએ એવાં ભારી કામો કરવાં નહી. (સી. ઊ. સુ.)

---

## શાહાજાદો લીઓપોલડ અને તેનો મેહેતાજી.

"પનોતો પુત પાલણામાંથી જણાએ." ખરનસવીકનો શાહાજાદો લીઓપોલડ એક ઘણોજ દએઆલુ શાહાજાદો થઈ ગએઓછે. સને ૧૭૮૫ માં ઓડર નાંમની નદીમાં એક મોટી રેલ આવી હતી અને તે વખતે એક રઈએતનો જીવ બચાવતાં તે ડુબી મુવો હતો. એવો ભલો તે રાજવણસી હતો, પણ તેની એ નેકીને લોકો તેની બચપણમાંથી ચેતી ગએઆં હતાં. જારે તેની ઊમર ઘણી નાંહાંની હતી તારે તેણે એવી ચાલ ચલાવી હતી કે જેથી તે સરવેની પરીતી પાંમીઓ હતો. તેની તે ચાલનો સઊથી

સરસ દાખલો તેણે પોતાના મેહેતાજી તરફ બતાવેલી મંમતા ઊપરથી મલી આવેછે.

શાહાજાદો લીઓપોલડ ચંચલ મંનનો અને ઊદીઓગી હતો. તેને કેલવણી આપવા માટે તેનાં બાપે વાગનર નાંમનાં એક શીખસકને રાખીઓ હતો, જે શીખસક પોતાનાં કાંમમાં ઘણો ખબરદાર અને સારા સવભાવવાલો તથા મીલણસાર હતો. તેનાં ચેલાને વાંચવાનો જેટલો બધો શોખ હતો તેટલો લખવાનો શોખ નહી હતો. તેથી તે ઘણી સારી રીતે જોકે ચોપડીઓ વાંચતાં શીખીઓ હતો પણ તેને બરોબર લખતાં આવડતું નહી હતું. આવું જોઈને મેહેતાજી ઘણો દલગીર થતો હતો, પણ શાહાજાદાનેતો લખવાને નામે કંટાલો આવતો હતો. તે વાંચવાની ચોપડીને એટલી પીઆરી ગણતો કે તેને હાથમાંથી મેલતો નહી હતો, પણ જારે ફરજનો મારીઓ લખવા બેસવું પડતું તારે લીઓપોલડને ખેદ ઈઆદ આવતો. તેને શીખાડતાં વાગનરને કંટાલો ઊપજાવવા માંટે તથા જલદીથી ઊઠી જવા માંટે તે આડી અવડી લીટીઓમાં લખતો હતો.

એક દાહાડે શાહાજાદાએ જોઈઊં કે તેનો શીખસક ઘણોજ ઊદાસ અને ગમગીન બેઠો હતો. તે પોતે એટલોતો દએઆલુ હતો કે મેહેતાજીની આ હાલત જોઈને તે પોતે દુખી થએઓ અને વીચાર કરવા લાગો કે "મારે લીધે એને આટલું લાગતું હશે. તે મને શીખાડવાને ઘણી મેહેનત લીએછે તે છતાં હું આડો ચાલીને તેને ખીજવું છઊં અને તેથી એ બલા ઊસતાદને આટલી દલગીરી ઊપજેછે." એમ વીચારીને તેણે તે દીને પોતાની ચાલ ચલણ બદલી નાખી. લખવાનાં પાઠ ઊપર તેણે બહુ ધેઆન આપીઊં અને શીખસકે જેમ કહેઊં તેમ ચાલીઓ. પણ નહી, તેથી શીખસકનો ગમ ઓછો થએઓ નહી. આગલની પેઠે હસી બોલીને જવાને બદલે સેજ વાત કરીને તે જતો રહેઓ અને લીઓપોલડ વીચારમાં પડીઓ.

અગર જો તેની બદલીએ કોઈ બીજો છોકરો હતેતો તે શીખસક વીશે આટલી દરકાર કરતે નહી, પણ લીઓપોલડ તે બીજાઓનાં સરખો નહી હતો. તેણે પોતાનાં ચાકરોમાં ખોલ કીધી અને તેને માલુમ પડીઊ કે આ મેહેતાજી બીચારો દેવાદાર હતો. એક ભીતરે તેની પાસેથી પોતાને માંટે એક લખંત લખાવી લીધું હતું અને નાંણાં લઈને તે નાહાસી ગએઓ હતો, જે ઊપરથી નાંણાં ધીરનાર શખસ વાગનર પાસે નાંણું માંગતો હતો. દેવાંની રકમ મોટી હતી જે ભરવાને વાગનર પાસ પુરતાં નાંણાં નહી હતાં અને પોતાનો માલ મીલકત વેચવા છતાંબી તે રકમ પુરી થશે નહી એવું જોવાથી આ મેહેતાજીને ગમ લાગો હતો.

આ સઘલો હેવાલ સાંભલીને શાહાજાદો લીઓપોલડ ઘણો દુખી થએઓ. તેણે વીચારીઊં કે એક તરફથી મારો ઊસતાદ આવો દુખીછે અને બીજી તરફથી શીખવામાં આલસ કરી હું તેને વધારે દુખી કરૂં છઊં, માંટે હવે ઊપાએ એછેકે તેનાં દેવાંની રકમ તેને પુરી કરી આપવી તથા શીખવામાં સરખું ધેઆંન રાખવું જેથી તે બેવડો રાજી થાએ." પણ દેવાંની રકમ તે કાંહાંથી આપે? તેણે પોતાનાં બાપ સાથ એ વીશે વાત કરવાનો વીચાર કીધો પણ તોબી પોતાનાં શીખસકની આબરૂ જાલવવા માંટે તેની આ માંઠી હાલત જાહેર નહી કરવી એવો ઠરાવ કરીને તે રાજા પાસે ગએઓ.

રાજાએ પોતાનાં દીકરાની પીઆરથી ભેટ લીધી અને પછે લખવા શીખવાની વાત કાહાડી. રાજાએ શાહાજાદાને ઠપકો આપીઓ કે, "બેટા હજુરસુધી તમે લખતા શીખીઆ નથી તેથી હું દલગીર છઊં. એ કામ હલકુંછે ખરૂ પણ તમો વીચાર કરો કે એક શાહાજાદો જારે એટલું કાંમ નહી બજાવે તારે બીજાં હલકાં કાંમને કેમ પાર ઊતારે?"

લીઓપોલડે પોતાનો વાંક કબુલ કીધો—"બાવા હવેથી શીખવા ઊપર હું વધારે ધેઆંન આપશ, પણ તમારી પાસેથી એક બખશેશ હું માંગી લેઊં છંઊં. હવેથી હું મારો પાઠ બરોબર કરૂ કે નહી તે વીશે દરરોજ મારા મેહેતાજીની ચીઠી લાવશ અને જેદાહાડે મારી સારી ચાલ તેવણ લખી જણાવે તે દાહાડે તમે મને કાંઈ પઈસા આપો એવું હું ચાહુછંઊ." આ વાત રાજાએ કબુલ કીધી. તે બોલીઓ કે "જો તમો શીખવા ઊપર ધેઆંન આપોતો તમો જેટલા માંગશો તેટલા પઇસા આપવાને હું ખુશીછું."

હવે લીઓપોલડે પોતાની કેલવણી ઊપર અતીઘણુ ધેઆંન આપીઊ. લીઓપોલડની આલસ, નાંખુશી અને બેદરકારપણું એકાએક જતુ રહેઊં અને જેમ શીખસક ફરમાવતો તેમ તે લખવા લાગો.

આ ફેરફાર જોઈને તેનો શીખવક અચરત થએઓ. તે લીઓપોલડને શાબાસી આપવા લાગો, જે ઊપર થી શાહાજાદાએ પુછીઊ કે "સાહેબ મારાં કાંમ ઊપ ર તમે રાજીછો ?" શીખસકે પોતાનો બહુ હરખ દે ખાડીઓ, તે ઊપરથી લીઓપોલડે અરજ કીધી કે એ વીશેની તેણે તેનાં બાપ ઊપર એક ચીઠી લખી આપવી. વાગનરે ખુશીથી તેમ કીધુ અને રાજા તે ની આ ચીઠી વાંચીને રાજી થએઓ. એ રીતે લી ઓપોલડે પોતાનો પેહેલો હફતો મેલવીઓ, અને તારપછે દરરોજ જેમ શીખવા પાછલ ઊલટ દેખાડતો હતો તેમ વાગનર તેને ચીઠી આપતો હતો અને રા જાની તરફથી નાંણાંનુ ઈનાંમ મેલવતો હતો. રા જા પોતાના દીકરાનો આ ભેદ નહી સમજવાથી ઘણો ગુંચવાતો હતો, તોબી તેની ઊલટને ટેકાવા માટે આ નાંણુ આપવાને તે જરાબી આંનાંકાંની કરતો ન હી હતો. લીઓપોલડ જેમ પઈસા લેતો ગએઓ તે મ એક કોઠલીમાં છુપી રીતે ચોકદા કરતો ગએઓ.

એમ કરતાં લીઓપોલડ પાસે એક સારી રકમ થઈ. તેણે ખરી મેહેનતથી ગોએઆ આ કમાઈ કી ધી હતી અને તેથી તે ઊપલાં નાંણાંમાં દરરોજ વધા રો જોઈને ખુશી થતો હતો, પણ એટલામાં એક મુદ ત નીકલી ગઈ હતી અને વાગનારનો લેણદાર ચાંપ તી ઊઘરાંણી કરતો હતો. એ ઊપરથી આ ગરીબ શીખસક ઘણો દુખી થએઓ હતો, અને અંતે એક દા હાડે પોતાનાં ઘરનો સાંમાંન વેચવાનો ઠરાવ કરીને તે લીઓપોલડને શીખાડવા આવીઓ. આ વખતે તેનાં ચેહેરા ઊપર ગમગીનીની નીશાંની દેખાતી હતી, માં ટે લીઓપોલડે ઘણા પીઆરથી તેને તેનું કારણ પુ છી લીધું અને વાગનરે ખરૂં કારણ જાહેર કીધું. તે પછે લીઓપોલડ શીખવા બેઠો પણ તેનું ધેઆન નહી હતું. તેને લીધે વાગનરને બોલવાની ફરજ પડી કે, "શાહાજાદા આજે તમે બરાબર શીખતા નથી."

"મેહેતાજી એમ સા ઊપરથી બોલોછો ?"

"કાલનાં જેટલું આજે તમારૂ ધેઆંન નથી."

"તેનું કારણ એછેકે મારૂં ધેઆંન એક વધારે અગતની બાબદ ઊપર લાગુછે."

"તે શુંછે ! તમે સથીર મંન રાખીને શીખવું જોઈએ."

"મેહેતાજી મને તમારોજ અંદેશો લાગોછે."

એટલુ બોલીને લીઓપોલડ તુરત ઊઠીઓ અ ને પોતાનાં છુપાં ખાનાંમાથી નાંણાંની કોઠલી કાહાડી ને લાવી આપી. તારપછે પોતાનાં નાંહાંના હાથ મેહે તાજીના ગલાની આસપાસ વીતાલીને તે બોલીઓ કે "સાહેબ મેહેરબાંની કરીને આ બાહાલ રાખો અને તમારાં દેવાંનો વધારે વીચાર નાં કરો."

આ બાલકની દએઆ જોઈ વાગનરની આં ખોમાંથી તર તર આંશું તપકીઆં. તેણે લીઓપોલડની બખશેસને ઊપકાર સાથ નાંપાડી, પણ તારપછે લીઓ પોલડે સરવે હકીકત જાહેર કીધી. જારે આ શીખસ કે જોઈઊં કે એખલા તેને ખાતર આ શાહાજાદાએ પોતાની મરજી ઊપરાંત શીખવા પાછલ મેહેનત લી ધી તારે તે બાહાલ રાખવા વીના તેને ચાલીઊ ન હી, પણ તેમ કરતાં તેની છાતીમાં જે જુસો ઊભાઈ આવીઓ હતો તેનુ બેઆંન થઈ શકતુ નથી. આં શુંભરી આંખે વાગનર આ ઠેલી લઈને પોતાનાં મ. ગનારાને ઘર ગએઓ, અને દેવુ અદા કીધા પછે પો તાના ચેલાના બાપને સરવે હકીકતથી વાકેફ કીધો. તે પછે લીઓપોલડની નેકી જગમાં પરસીધ થઈ હતી

## બીજાપોર શેહર અને તાંહાંની ઈમારતો.

હીંદુસતાંનનાં સઊથી જોવા લાએક શેહેરોમાંનું એક બીજાપોરછે. તે આ દેશની દખણે સેતારાથી જરા દુર આવેલુંછે અને કુદરતી તથા હોનરનાં દેખા વોમાં એ શેહેરે મેલવેલી મોટાઈને લીધે તાંહાં જઈ ન હી આવે એવા આ દેશમાં ફરવા નીકલેલા થેડાજ મુસાફરો મલી આવશે. હીંદુસતાંનમાં રાજ કરતા ઓનાં જે વંઊસો થઈ ગએઆછે તેઓમાં મુસલમાંનો એ લાંબી મુદત સુધી દોર ચલાવીઓછે અને તેઓ નાં તે પાદશાહાતની જાહોજલાલી ભરેલી નીશાંનો જેવી ઊતર તરફનાં કેટલાંક શેહેરોમાંથી મલી આવેછે તેવીજ બીજાપોરમાં પણ છે. દીલીહી અને કાંનપોરની જા રે ઈસલાંમી ઈમારતો લગભગ નાંબુદ થઈ ગઈછે તારે બીજાપોરમાં હજુર ઘણીક સલાંમત રહીછે અને તેમ ને જોનારાઓ તે બાંધકાંમો પાછલ થએલા ખરચ ઈ તીઆદી ઊપર અચરત થાએછે.

બીજાપોરનો દેખાવ દુરથીજ રલીઆંમણો લા

ગેછે. એક પછે એક ઘુમખજો અને મીનારાઓ જગે જગ નજરે પડેછે. શેહેર મધે દાખલ થવાનાં રસતા ઊપરતો ઘણીખરી ભાગી પડેલી ઈમારતો તથા નાંહાંનાં જાહાડો વચેની નાંહાંની મસજીદો દેખાએછે, પણ બીજી તપાસવા જોગ જગાઓ શેહેરનાં છુટા છુટા ભાગો મધેછે. તાંહાંની રોણકમાં સુખીઅ વધારો હવામાં ઊરતા નીરમલ પાંણીનાં ફુવારાઓથી થાએછે, જે ફુવારાઓની શંખીઆ બીજાપોરમાં જેટલી મોટી છે તેટલી હીંદુસતાંનમાં બીજું કોઈ શેહેરમાં નહી હશે એવું મુસાફરો કહી ગએઆછે. આ ફુવારાઓ મહમદીઆંન પાદશાઓએ બંધાવેલાછે, જેઓ ઘણું કરીને એ જાતની મોજનાં ઘણાં શોખી હોએછે અને તે ઊપરથી અરેબીઅન નાઈટસની વાતોમાં તે ફુવારાઓનાં જે બેઆંન આપણે વાંચીઆંછે તે આ શેહેરમાં ઈઆદ આવેછે.

પાંણીનાં આ શુખ ઊપરાંત કુવા તલાવોથીબી બીજાપોરના રેહેવાસીઓને મોટુ શુખ થઈ પડીશંછે. કપટાંન સાકઈસ નાંમનો એક જાણીતો ગરહસથ કેહેછે કે તે જારે આ શેહેરમાં ફરવા નીકલીઓ હતો તારે તેનાં ભોમીઆએ કહેલી હતું કે બીજાપોરમાં હજુર "સાતસો વાવ, અને તરણસો કુવાછે." એમાનો એક મોટો અને શુંદર વાવ જેને "તાજ બાઊલી" કરી કેહેછે તે સુલતાંન મહમદનાં એક મીતર નામે મુલકસનદલે બંધાવીઓછે. તેનો વીસતાર દોહાડસો ચોરસ વારનોછે અને તેમાં પચાસ ફીટ ઊંડુ પાણીછે. તેની તરણ બોરદુએ થાંમ તથા મીનારાઓ અને ગાલેરી સુધાંની એક રોણકદાર દેવાલ બાંધેલીછે, અને ચોથી બાજુએ તેનો મોટો દરવાજોછે, જેની આસપાસ ઊતારૂઓની સગવડને માંટે જગાઓ કરી રાખીછે. આ વાવમાં ઊતરવાની સીહીડીઓ સોજી તથા મજબુતછે અને તાંહાં ઘડીભર બેસતાં ઘણી આસાએશ લાગેછે.

બીજાપોર ઘણુ કરીને મસજીદો તથા કબરોનુ શેહેરછે. તાંહાંએ કીસમની સાતસો ઈમારતો ફતરથી તથા સાતસો ઈટ અને ચુનાંથી બાંધેલીછે એવી ગણતરી કપટાંન સાઈકસનાં મીતરે આપી હતી. એ ગણતરી ખરીબી હોએ, એવુ આ ઈમારતોએ રોકેલી મોટી જગા ઊપરથી ધારી શકાએછે. ઘણીક મસજીદો ઊપર વખતનો હાથ ચાલુ થઈ ચુકેછે અને જેમ વરસ જાએછે તેમ તેઓ ખરાબ થાએછે. બીજાપોરની જુમાં મસજીદ હજુર ઘણી મજબુતછે. તેમાં મેરાબો અને થાંમલાઓનો કાંઈજ તોટો નથી, જેની હાર મોટા દરવાજામાંથી દાખલ થતાંજ શરૂ થાએછે. તેઓની વચમાં એક મોટો ગુમખજછે અને તેની પછવાડેનાં ચોકમાં એક ફુવારો તથા તલાવછે. અંદરની દેવાલો ઊપર શુનેરી હરફથી પુશકલ લેખો જોવામાં આવેછે. એક લખનાર કેહેછે કે આ મસજીદ અને તેમાંનો સીણગાર ઈરોપનાં મોટાં દેવલોને ટકર મારે એવોછે.

બીજાપોરની કેટલીક ઈમારત બંધાવનારાઓ વીશે તાંહાંનાં લોકોમાં કેટલીક રમુજી વાતો ચાલેછે. જેમકે "મેટરીસ કજુસ" નાંમની એક તરણ મજલાની નાંહાંની પણ શુંદર હવેલી "તાજ બાઊલી" ની પાસેછે. એવું કેહેછે કે એ હવેલી ઈબરાહીમ શાહાનાં વખતમાં માતર એક જાહાડુ કાહાડનારે બંધાવી હતી. પાદશાહા કોઈએક દરદથી ઘણો હેરાંન હતો, તે દરદ સાફ કરવાને જારે કોઈબી હકીમથી બનીઊ નહી તારે પાદશાહાએ એક નજુમીને બોલાવીઓ અને તેને પુછીઊં કે તેનું દરદ કેઆરે સારૂં થશે. તે નજુમીએ પોતાની મતલબ પાર પડવાની વકીથી રાજાને કહેલીં કે "ફલાંણે દાહાડે સહવારનાં શેહેરમાં ફરવા નીકલો અને જે ધણી ઊપર પેહેલી નજર પડે તેને નાંણાંની મોટી રકમનો ધરમ કરો, જેથી તમારા ગરેહ જારે ફેરવાશે તારે તમો સાજા થશો." તે સહવારનાં આ નજુમી પોતે ઈબરાહીમશાહાને પેહેલો મલી નાંણું લેવાનો હતો, પણ પાદશાહાનો ઠરાવેલા વખતથી સકારો ઊઠીને બાહેર નીકલીઓ અને તેની પેહેલી નજર એક જાહાડુ કાહાડનાર ઊપર પડવાથી તેને ઊપલું નજરાંણુ મલીઊં. આ શખસની તે દોલત ખાનાર કોઈ નહી હતું અને વલી પોતે નેઆત બાહેર હોવાથી આ નાંણાંમાં તેણે પોતાનો લાભ નહી જોઈને ઊપલો મેહેલ બંધાવી દીધો હતો.

એજ પરમાંણે વલી "મોતીગોલ" નાંમની એક કબરની આસપાસનો ચુનાંનો ગીલાવો ઘણો સફેદ તથા જહલકતો હોવાથી તે વીશે લોકોમાં એક રમુજી વાત ચાલેછે. એક વખતે એક પાદશાહાને પોતાનાં એક અમીરની મોટી દોલતની અદેખાઈ લાગાથી તે દોલતને તેણે પોતાની તીજોરીમાં હુમેરવાની ઈઊકતી ચલાવી. તેને ફીતુરનાં વાંક ઊપરથી પકડી તેની મીલકતને જપત કરવાનો ઠરાવ થએઓ હતો, પણ વાતે

માં અમીરને તે વીશેની ખબર પડી માટે તે પોતાની
સીઓ પાસ જઈને ઈલાજ પુછવા લાગો. આ અમી
રની ઘણી મીલકતમાં તેના જનાણાની સીઓની એ
તીની જણસ હતી. તે સીઓએ પોતાનાં મુરખીનાં સુ
ખને માંટે પોતાની આ જણસોને બાંધીને લુકો કરી
નાંખીઓ કે રાજો તેથી લલચાએ નહી અને તારપછે
તે લુકાને ઊપલી કબર બાંધતી વખતે કાંમે લીધો હ
તો. આ વાતો બેશક ખોટી હશે.

બીજાપોરની અજાએબીઓમાં તાંહાંની એક
તોપની છેક ઈંગલંડ સુધી વખાણ થઈછે. એ તોપને
"મલેક મેદાન" ઈઆને "મેદાનનો રાજો" કરી કેહે
છે. તે મીશર ધાતુઓની બનાવેલીછે, જેમાં
રૂપાં તથા સુનાંનો મોટો ભાગ કેહેવાએછે અ
ને તેને અફાડતાં જે અવાજ થાએછે તે ઊ
પરથી કેટલાકો આ બીનાંને ખરી ધારેછે. એ તો
પ આખી દુનીઆંમાં સવોથી સરસ કેહેવાએછે. તે
૪૦ ટનનાં બોજનીછે અને તેનાં વજણને લીધે આ
જ સદીઓ થઈ તેને એકજ જગોએ નાંખી મેલવી
પડીછે. અમદનગરમાં ચલેબી રૂમીખાંન નાંમનાં એક સ
રદારે તેને તરણસો વરસની વાત ઊપર બનાવી હ
તી, જેનાં વખતનાં ઘણાંક લેખો આ તોપ ઊપર કોત
રીઆછે અને તેની બાકીની સપાટી બહુ શુમારીછે.
તેની અંદર પાંચ માંણસો સેહેલાઈથી બેસી શકેછે અ
ને તે ઊપરાંત પાઘડી બંધાઈ શકાએ એટલો તેનો ઘે
રાવોછે. આ મોટાં કદને લીધે લડાઈનાં કાંમને તે
નાંલાએક થઈ પડીછે. તેને બાહેરથી ઠોકતાંજ કો
ઈ તોપ ફુટી હોએ તેટલો મોટો અવાજ થાએછે. કે
હેછે કે સર જાંન માલકમ જારે સતારાનાં રાજાને મ
લવા ગએઓ હતો તારે તેની સલાંમતીમાં આ તોપ
ફોડવાનો હોકમ થએઓ હતો. તે વખતે આ તોપ
માં જેટલો દારૂ ભરવો જોઈએ તેટલો લોક નહી ભરેઓ
હતો તોપણ તે ખાલી દારૂ ફોડવાથી એવોતો મોટો અ
વાજ થએઓ હતો કે ઘણાં લોકોને પોત પોતાનાં ઘર
તુટી પડવાની ધાસતી લાગી હતી. કેહેછે કે એજ તો
પની એક જોડ હતી, જેને પુણે લઈ જવામાં આવી
હતી.

બીજાપોરની ગાદી ઊપર કેટલાક સારા પાદ
શાહો રાજ કરી ગએઆછે. ઈબરાહીમ અદીલ, એ
વોજ, એક ભલો પાદશાહ થઈ ગએઓછે. તેની શું
દર કબર બીજાપોર શેહેરમાં એક સારી જગા
ઊપર બાંધેલીછે. પાદશાહે આ કબરને પોતાની
પાંચ વરસની વએની એક દીકરીની લાસને માં
ટે બંધાવા ધારી હતી પણ તે બંધાઈ નહી તેટ
લાં તે પોતે મરણ પાંમીઓ અને તેની લાસ આ
જે આ દબદબા ભરેલાં મકાંનમાં બીરાજેછે: આ
કબરે ૧૩૦ વાર લાંબી, અને ૫૨) વાર પોહોલી જ
ગા રોકીછે તથા તેનો પાએઓ પંદર ફીટ ઊંચોછે.
તેમાં દાખલ થવાનો મુખીઅ દરવાજો ઊંચો અને
રોણકદારછે જેમાં પેસતાંવાર કેટલીક સીહીડીઓ ઊપ
ર ચહડવા બાદ કબરની ઈમારત આવેછે. ૪૦ ચો
રસ ફીટનાં અને ૩૦ ફીટની ઊંચાઈનાં એક દીવાંન
ખાંનામાં પાદશાહ અને તેનાં કબીલાની ઘોડ રાખીછે,
જેની આસપાસ કેટલોક કીમતી સણગાર કીધોછે. તે
ને મથાલેના ઘુમબજનો વીઆસ ૩૫ ફીટછે. એ દી
વાંનખાંણાંની સીલીંગ તમાંમ એકજ જાતનાં ફતર
થી બાંધેલીછે, અને તે આસપાસની દેવાલ ઊપર ન
હી પણ દેવાલમાંથી બાહેર કાહાડેલા થાંભા ઊપર બાં
ધી હોએ એવી લાગવા માટે તેમાં હીકમત કીધેલીછે.
તે દીવાંનખાંનાંમાં તથા બાહેરનાં ઓરડાની ગાલેરી
ઊપર સુનેરી રંગનાં હરફો તથા બીજી નકશી કોતરે
લીછે. આ ગાલેરીનાં ફતરનાં છાપરાંની નકશી વ
ખાંણવા જોગછે. તેનાં ૧૫૪ ભાગ કીધાછે, જે દરએ
ક ભાગ એકજ ફતરનો બનેલોછે અને તે દરએકમાં
જુદી જુદી તરેહનો સીણગારછે.

## "જુની આંખે નવાં કોતક."

(છોકરીની જાતને ઈંગરેજી કેલવણી આપવા વીશે.)

ઘણાકાકી—અરે એ જુની આંખે નવાં કોતક
રે માએ! ગાંમનાં લોકો ભુખે મરે, સુવા સાખ તરકા
રીનો ભાવ વધી ગએઓ ને અણીથી તે પણી સુધીની
એકેઓક ચીજ મોંઘી થઈ, ગરીબ ગુરબાંના જીવ ઉચા
ટ થએઆ, તારે છોકરીઆઓ અંગરેજી ઈજકેશ કાહા
ડવા નીકલીઆ. શું ઊંધો જમાંનો આએઓચ!

મીઠીદાસાં—નો વાએ બીજું શું ! હાંજી!
છોકરીની જાતને કેલવવું શું નેવાત શું ? હા. શીખવો,
શીખવો કે કાલે ભમરતી હોએ તે આજે ભરે.

**શીરીન**—નહી પણ ધણાકાકી મશખરીની વાત નથી, હું મારી જરને નવી ઈંગરેજી નીશાલમાં મોકલવાનો ઠરાવ કરી ચુકી છઊં ને તમુને ફરી ફરીને કેહું છઊં કે તમારી નાજીનેબી મોકલો. બેહુ જણ સાથે જશે ને સાથે આવશે.

**ધણાકાકી**—નારે માએ ! એ શા પછારા ? જરા રતી વાંચવા લખવા શીખીઆં એટલે બસ. એ મારી સાત પાંચમાં ભેલેલી વહુજો માએ. ના—હું કાંઈ એવા ઢોંગ ધતુરા કરવાની નથી.

**મીઠીદાસાં**—અરે જો શીરીન, તું એવી હટીલી કેદારે હુતી. ખોદાએ અકલ આપી હોએતો એવાં વેજાં મુકીદે ને દાહી દોહારી થઈને ચાલ.

**શીરીન**—તારે હું છોકરીઓને ઈંગરેજી શીખવવા કેહું તેમાં ઘેલી ઠરી કે ?

**મીઠીદાસાં**—(હસીને) અસતો વલી પુછેચ ! અરે નાદાન ! એવી ગાંડી વાતો કરે તે ગાંડું ઠરે.

**ધણાકાકી**—અરે માએ મીઠીબાઈ જવા દેવોની. એ પંચાતી શું કાંમ જોઈએ ? જા બાપુ જા તું છે ને તારી દીકરીછે—જોઈએ તે કર.

**મીઠીદાસાં**—આ વાએ ધણાબાઈ તમે શું રેચણ ગાલોચ ? ભુતના હાથમા નીશાંણી ના આપો. જોરે આ શીરીન એતો તુને બેહકાવેચ. છોકરીની જાતથીં કાંઈ અંગરેજી શીખાએ ?

**શીરીન**—કાંએ નહી ? મારી સાથે બરોબર વાત કરો અને હું તમારી ખાતરી કરશ.

**ધણાકાકી**—આ વાએ એ શી પીરા ? જો શીરીન હું તુંને સાફ કેહુંચ કે મારા ઓરડામા એ પંચાતી નહી જોઈએ. હંઈતો કાંઈ માંડું સાબદીઆરૂં નથી કે પરવારતાંની માંફક તારી સાથ લાંબી ટુકી વાતો કરીએ. એ માથાકુટ તારી સહી મટીઓ સાથ કર. મીટીન ને પીટીનરામો જા ને તાંહાંથી એવાં કૌતક શીખી આવ. જોઈએતે કર, પણ હુંતો મારી નજીને એક ઘડીબી આંખ આગલથી ખીસાડશ નહી. એની બેહસતન માએ—ખોદોંગાંસો મુકે ને લાંબા જી આપે—તે મરતી વખતે મને કહી ગીએલીછે કે ધણાબાઈ તમારી વહુબી એ ને દીકરીબી એજછે. શીરીન તું કાંઈ એની ધણી ઘોરીછે કે એટલું જોર મારેચ.

**શીરીન**—કાકી ગુસે ના થાવો. હું કાંઈ બોહોત નથી કરતી, પણ જારે તમે ખામખા એક સીધો રસતો છોડી દેવો તારે તે તમુને દેખાડવો જોઈએ કે નહી ?

**મીઠીદાસાં**—(હસી પડીને) હા હા આએ શીધે રસતે ચાલનારીનાં સકારતો જુવો. બુટ ને પોતાં પેહડીઆં, ને વરની બગલમાં હાથ ઘાલીઓ ને અંગરેજી શીખીઆં તેમાં સીધે રસતે ચાલીઆં. બાપ દાદા દુરનેપાએ ઢેશં મેલીને મરી ગીઆ તે વલી દીકરી જી લાર કરેચ.

**શીરીન**—એ કાંઈ વાત કરવાની રીત નથી.

**ધણાકાકી**—હવે હું કાંહાં મરૂ? આવી બોહોસી લી·છોકરીતો કેધે નહી જોઈતી. અરે જાની બાઈ તું ને તારો વર બેહુ અખઈ થઈને રેહો ને ઘણા વરસ જીવો. મીઠીદાસાં તે મારીડાનો સવભાવ પાજીછે, ને માંએ બીહી બીહીને ચાલીએચ. તાહાડાં પાણીએ કાસર પતાવેની.

**મીઠીદાસાં**—પણ કાંઈ ગરજ? હોએ—તેનુ જુવાંન લોહીછે ને તેથી ફેં ફેં કરી રહેઓચ, પણ તમે બીહો તે વાસતે હુંબી તેનાંથી બીહું કે ? ભરમ ભારી ને ખીસા ખાલી તેમાંની વાતછે, તારે તેની દરકાર શું !

**ધણાકાકી**—મુંવા જોશીઓ કેહેતાતાજ કે એ છોકરી મોટી થશે તારે એટલી ચબરાક થશે કે એમ એમ ધરતીપર પગ ઠેરવીને ઊભી નહી રેહેશે. તેમ આજે બનીશેંચ. શીરીનબાઈનો વર જરા કરતો કમાંતો થએઓ તે તેવણ આજે મોટાંબાઈ થઈ નીકલીઆંચ.

**મીઠીદાસાં**—કેહેતીછે કે સોલે આવે શાંન ને વીસે આવે ગેઆન. તેમ ગેઆંનીતો આવી પણ હજુર સમજ કાચીછે. એ પેટભરીને ખોલાપર લઈને મેં રમાડેલી ને આજે આપુણે શીખાંમણ દેવા નીકલીચ.

**શીરીન**—હવે તમે લોકો આટલું બધુ બોલીઆં તેમાં કાંઈ વલીઊ ? એમ કરતાં કેટલો વખત ગીઓ ને તે વખત જો તમે મારી તકરાર સાંભલી હોતતો કેટલો ફાએદો થતે?

**ધણાકાકી**—અરે પણ તું કેહેચ શું ? તકરાર સાની કરવા આવીચ? હમે વડાં કે તું ?

**શીરીન**—તે હું ના નથી કેહેતી. તમે ઊમરે પુગેલાંછો, વાસને તમે વધારે સમજણ રાખવી જોઈએ. મારા વરે મને કહેઊંચ કે હમણાં છોકરીઓને વાસતે જે નવી ઈંગરેજી નીશાલ નીકલીચ તેમાં આપણી જરનેનો મેલવાના, પણ એવું કરીએકે બીજી છોકરી

ઓખી તાંહાં જાએ કે તેથી આપણાં રોલામાં સુધારો થાએ તથા લોકો વધારે સુખી રેહે.

**મીઠીદાસાં**—"રરે રાંડનો રોટલો ને બાઈ મારૂ વીઆજ." અરે તારો સુધારો બરે ને તુંનેબી શું કેહેઊં ? મુગી મુગી પડી રેહે.

**ધણાકાકી**—મીઠીદાસાં જુની આંખનાં નવાં કૌતકછે માએ! તમે એનાં વેજાંતો જુવો. આપણે બધાં બગડેલાં છઈએ.

**મીઠીદાસાં**—ને આપણે શીખીઆં નહી તે વાસતે દુખી થએઆં, પણ ચેરી વડાં માંણસની સાંમબે એટલો શકો નહી રાખીએ. કેહેવતછે કે "માબાપ ને નમે તે પેટ ભરીને જમે."

**શીરીન**—મારા મા બાપતો મરી ગએલાંછે, અને કાકીને માના તોલનું માન આપીને કહું છઊં કે તમે લોકો મારૂ સાંભલવા વગર કાંહાંથી કાંહાં ચાલી ગએઆં. તમે દેખાડોની કે ઓરતને શીખીઆમાં શું અડચણછે ?

**મીઠીદાસાં**—ને તું દેખાડની કે નહી શીખીઆમાં પાપ શું લાગું ? તારાં મા બાપ શીખીઆંતાં કે ? હમારાં મા બાપે કેઈ પાટીપર ધુલ નાખીતી ? આજ કાલના પોરીઆઓ એવું લઈ બેઠાચ, ને દીન ધરમ ડુબાડી નાખીઓચ.

**શીરીન**—મને ઘણું દુખ લાગેછે કે જારે હું મારા વાહાલા શાવખસાની સલાહથી તમુને સારી સમજ આપવા આવી તારે તમે લોકો તે ઊપર ધેઆન નહી આપતાં. પીઆરાં કાકી હું કાંઈ તમારી નાજીનું બુરૂં ચાહું છઊં, અથવા શું હું કાંઈ ખાંણું ખરાબ કરવા બેઠેલી છઊં કે તમો એ રીતે હસી કાહાડોછો ? જો તમે બે ઘડી મુગાં બેસોતો હું તમારી ખાતરી કરૂં. તેથી તેમાં જો મારી ભુલ હોશેતો તમે દેખાડી શકશો.

**ધણાકાકી**—એ કાંહાં સમજાવા આવીચ ? તારે મનસેતો હમે બચાંજ કે ? નાજીની માએ સુવા પછે સાસુબી હુંજ ને માંએબી હુંજ છેઊં. ના ના હું તેને તો ઈસકોલે નથી મુકવાની.

**શીરીન**—અને કાંએ નહી તે મેહેરબાંની કરીને કેહેવો.

**ધણાકાકી**—કાંએ નહી ? છોકરીની જાતને શીખવવું રવા નથી. બાપદાદાઓ કાંઈ શીખવતા આવીઆ, નથી તારે આપણે સાવાસતે તેમ કરીએ ?

**શીરીન**—તારેતો એમજ દરેકે બાપદાદા આગની ગાડીમાં નહી બેસતા વાસતે આપણેબી નહી બેસીએ. આપણી માએ મમાઈઓ કાંઈ હીરા મોતીની બાંગડી નહી પેહેડતી હતી, તેઓતો પગમાં વાડા અને કાંનમાં વીટલા પેહેડતાં હતાં, તેજ આપણેબી પેહેરીએ. તારે તમે તેથી ઊલટાં જઈને આ કાનમાં સોભતાં એરીંગ કાંએ પેહેર્યા?

**મીઠીદાસાં**—અરે રાખો, રાખો, તે એરીંગની વાત ને શીખવાની વાત એકજ આવી કે ?

**શીરીન**—તારે બાપદાદાઓની ને શીખવાની વાત એકજ હોએ ? કદી નહી. આપણને જે સારૂં લાગે તે આપણે કરીએ. બીજાઓને વચમાં લેવાની કાંઈ જરૂર નથી.

**ધણાકાકી**—પણ મારી નાજી કાંઈ શીખેલી નથી કે ? એનેબી વાંચતાં લખતાં આવડેચ. ધોબીનો વાગો ને કલઈગરના વાસણતો લખેચ. જો પેલાં બારણાની પછવાડે હજુર ચાખના અખેર હોશે.

**શીરીન**—પણ તે કાંઈ બસ નથી. વાંચવું અને લખવું તે કાંઈ કેલવણી નથી. તમારા છોકરાને અંગરેજી શીખવા વાસતે વેલાતવેર મોકલીઓ ને એને બીચારીને કકો ખખોજ કાંએ શીખવીઓ ?

**ધણાકાકી**—નહી તારે એને આફીસમાં મોકલવાનીછે ને વરને બેસાડીને કમાઈ કરવા જવાનીછે તે વાસતે અંગરેજી શીખવું નહી વારૂ ?

**મીઠીદાસાં**—અરે માએ તમે કોણની સાથે લેજીં દુખવોચ ! જેણે એક વખત હા કહેઊં તો પછે માથું ફોડીને મરો કાંએ નહી જઈએ તોબી ના કેહેવાની નથી. તેની સાથ વાત કરવી ને ઊરતા પવણ સાથ વાત કરવી સરખીછે. નાજીને વાંચતાં ને લખતાં આવડેચ એટલું જાણીને મારૂતો દીલ ઠરડેચ ને હાંજાં ગગરી ગીઆચ. ઓ વાએ ધણાબાઈ નાદાનની સુને તમે શું કીધું ? છોકરીને લખતાં શીખવો કે વાહાલાઓપર કાગજો લખે ને વાંચતાં શીખવો કે ઘેરણાર લીને નાહાસી જાએ.

**ધણાકાકી**—માએ મારીતો જરા થઈને મરજી નહી હતી. ઓ જીબરાઈ આટલાં બે ચાર વરસ ની શાલે ગઈ તો ઘેરમાં મને કાંમ લાગનાર કોઈ નહી રહેઊં. ઓજીઆં છોકરાંએ મને માણી માણી બોલાવીને કુતરીનો અવતાર આપીઓ. તે વખતે જો એ હા

તેતો આજેતો રાંધવા શોખતે. ગમે તેવીછે પણ કાંમ કરવે સારીછે.

**મીઠીદોસાં**—હારે માંએ હા, કેહતીછે કે "ખોરૂંતો ખોરૂં પણ ઘેરનું ઘોરૂં" ગમે તેવું, પણ તે પોતાનુ ને પોતાનુ વાસતે તશુ મશુ કાંમ ચાલે.

**ધણાંકાકી**—તારે માંએ તેને સો કાંમમાંથી અટકાવીને બોહોસા બોહોસીથી શીરીનના વરે નીશાલે મુકી. હવે એ ચાર પાંચ વરસ જો ઘરમાં રહી નહી તેથી આજે એક રોટલી ઠાપતાં નહી આવડતી, કે જો સાખ કાપવા બેસાડી હોએતો ચુલીઆએ કરીને હાથમાં ચીરો પાડેચ.

**મીઠીદોસાં**—એતો પોતાપર પરે તારે જાંણે. તમે હાથ આપીઓ તો એ લોકો હવે પોંહોચો માગેચ. એક વખત શુખુન રાખીઓ ને નીશાલે બેસારી તારે હવે કેજે ઈસકોલમાંબી મોકલો.

**ધણાંકાકી**—અરે બોલવા દેવોની. કાલો કુતરો બી તેપર ધેઆંન આપશે નહી. આસમાંન ફાટીને નીચે કાંએ નહી આવે, જો હું મારી નજીને અંગરેજી ઈસકુલમાં બેસાડુ. ગાંમમાં ફજેતી અધુરી રહીચકેની તે પુરી કરૂં.

**મીઠીદોસાં**—ઘણુ સારૂ. દાહાડેનું બચુ થએશે. અખઈ રહી બાર વરસમાંતો માંએ થવી જોઈએ. ઘણાંબાઈ જી નરાઈનાં તમારા દીકરાને હવે વેલાતથી ટેલવો ને પછે વેહલાં વેહલાં હમે હધરણી ખાવા આવીએ.

**ધણાકાકી**—હારે મરૂં, તમારાં પેટ ટાહાડાં ને આંખે ઊજરડાં!

**મીઠીદોસાં**—મારી જો એટલી વહુ કે દીકરી હોએતો હું તેને એમ છકાવી નહી મેલું.

**શીરીન**—તારે અંગરેજી શીખવવું એટલે છકાવી મેલવું?

**મીઠીદોસાં**—એક મુકીને હજાર વખત. છોકરી જાતને કંઈબી શીખવો એટલે આગમાં તેલ નાખો.

**શીરીન**—તારે છોકરાને શીખવીએ તેનુ કારણ શું?

**મીઠીદોસાં**—છોકરાપરતો મા બાપનો બંધો બવછે. લોહીનુ પાંણી કરીને છોકરાને ઊધારેચ સા વાસને? માએ બાપ મરે કે જીવે તે છોકરાને હાથછે. રાંડ દુકતીની જાત શું કરવાનીછે? ઊલટો વધારે ખરચ.

**શીરીન**—અરે ખોદા! ગરીબ બીચારી છોકરીને આ કેટલું અપમાંન! મીઠીદોસાં છોકરો અને છોકરી ખોદાની નજરમાંતો સરખાંછે, જેવા છોકરાને હાથ, પગ, આંખ, કાંન ઈતીઆદીછે, તેવાજ છોકરીને બીછે. જેવી છોકરાને આશા તથા ઊલટ હોએ તેવીજ છોકરીમાંછે. તારે તેઓ વચે ફરક રાખવો ગેરવાજબીછે. છોકરાને કેલવણી આપવાથી તે શુખી થાએછે. છોકરીની જાત વગર કેલવણીએ દુખી રેહછે.

**મીઠીદોસાં**—એટલું બધુ! તારે હું શીખી નહી, ને તારી માએ માસીઓ ઈસકોલે નહી ગેઈ તે વાસતે રદ થઈ કે ને તેનાંનેતો કોઈએ જાંખીને જોઈશંબી નહી કે? જો શીખવાથીજ ઓરત મરદને ગમતી હોતેતો તારો ને મારો જનમબી નહી થતે.

**શીરીન**—પણ તે વખત જુદા હતા. તે વખત મરદોમાંબી કેલવણી ફેલાએલી નહી હતી. હમણાં જુવોની, છોકરાઓ કેટલા હોશીઆર થવા લાગાછે, તેઓ કેલવાઈને કેવા કંન થાએછે, પણ જારે તેઓની બાએડીઓ ધોભીનાં ફતર જેવી રહી જાએ તારે તે તેઓને પસંદ કેમ આવે?

**ધણાકાકી**—અરે મરૂરે તારી અકલપરથી! મને તો એક એકરો નહી આવરતો ને તોબી મારા વરે મને દસ હજારની જણસ કીધીતી. ને મને ગાડી ઘોડે ફેરવીતી. તેથી વધારે બીજુ સુખ કીશું જોઈએ?

**શીરીન**—ઘણુ જોઈએ. તમારી એટલી મોજ છતાં તમોને બલાપો ઘણો હતો. તમારી સાસુ સાથ કેટલો કંકાસ થતો હતો, અને રોજ હીઆં આવીને કેટલા રોદરા રડતાં હતાં. તમારા વરને વાસતે તમે કેવી ફરીઆદ કરતાં હતાં કે બધા દીવસ તેવણ વાડીએ રેહછે અને તમે તો જાંણે કુચ બીશાદમાં નથી.

**મીઠીદોસાં**—તેતો હોએ. માતીડો બાહારનો ને બઈરી ઘરની. સાસુ વહુના કજીઆતો બધે ઘેર હોએછે.

**શીરીન**—ખરી વાત, ને તે કજીઆ બધે ઘેરથી નીકલી જાએ, બલાપો જલાપો દુર થાએ, માંટીનો પીઆર બઈઅર ઊપર વધે, બઈઓર બચાંની સારી માવજત લેતાં સીખે, એ બધાં કાંમને વાસતે તેને શીખવવાની જરૂરછે.

**ધણાકાકી**—મીઠીદોસાં, એની હેકારીતેઃ જુવો. આપણોતો બધાં જંગલી ને એ બચાંની માવજત લેના

રી થઈ. અરે ચેતરણ! બધી વાત રહી—પણ તારી માએ તારી માવજત લઈને તુને મોટી કીધી તે શીખેલી હુતી કે?

**શીરીન**—કાકી એવા એકેક દાખલાની વાત ના કરો. એમતો બધી માએઓના બચાં મરી જતાં નથી, પણ તોબી હાલ તેઓ જેટલો સંભાલ લીએછે તે કરતાં ઘણો સારો સંભાલ જો તેઓ શીખેલી હોએ તો લઈ શકે. એકજ દાખલો લેવો. સોલુ મામાના પેસુને સહીએડ કહડાવાની તેની માએને મારા વરે કેટલી બોહોસ કીધીતી, પણ તેમ તેવણે કીધું નહી ને અંતે જારે તેને સહીએડ આવીઆ તારે તે બીચારો આંખથી રદ થઈ પડેઓ. હવે જો તે માએ શીખેલી હતેતો શહીએડ કાહાડવાની અગત સમજતે અને પોતાના બચાંનો તેવો સંભાલ લઈ રાખતે. તેજ પરમાંણે બીજી ઘણી બાબદામાં માએઓની ગફલતીથી અને અનજાનપણાથી બચાંની ખરાબી થાએછે. તે જનમે તારથી મોટું થાએ તાંહાં સુધી તેને કેમ પાલવું, કેવાં કપડાં પેહેડાવવાં, શું ખવાડવું, ફલાંણા દરદને વખતે કીઓ ઊપાએ કરવો અને તે દરદ થવાની આગમચ કેઈ સાહુચેતી રાખવી, તેની આગલ કેવી કેવી વાતો કરવી અને તેને કેવી કેલવણી આપવી, એ સઘલું જે માએ શીખેલી નહી હોએ તે માએ કાંહાંથી જાંણે?

**મીઠીદાસાં**—ઘણાબાઈ! કાંમતો બેહકીશજો, એ ટાહાઈ કેઆરે નરમ પડશે? જબાં ચાલેચ કે જાંણે કાતર.

**ધણાકાકી**—અરે તમે એની જરા વાતતો સાંભલો!

**શીરીન**—શાબાસ, હું ઘણી ખુશી છઊં કે તમે એ રીતે મારી વાત સાંભલવાને રાજીછો. હું જે બોલી છઊં તે સાચુંછે, તેથી કરીને મીઠીદાસાં ટાપશી પુરવા સીવાએ બીજુ કાંઈ કરી શકતાં નથી. પણ વીચાર કરો કે એક બઈરી જારે શીખેલી હોએ તારેજ તે બઈરીમા ખપે કે નહી? બાકી હવસ પુરી પાડવો એવુંતો જણાવરોની માદામાં પણછે અને જો તેટલુંજ બઈરીનું કાંમ હોએતો પછે તેમાં અને જનાવરોમાં ફરકશું? પણ નહી વાહાલાં કાકી, ખોદાએ મરદને શુખ આપવાનું કાંમ ઓરત જાતને સરજીઊંછે અને તે શુખ કેમ આપવું તે શીખવાની ઓરતમાં શકતી મેલેલીછે. મરદનું ઘર કેમ ચાલે, કજીઆ કંકાસ દુર કેમ થાએ, અને સરવે ઠેકાંણે સુખ કેમ ફેલાએ તે ઓરત પોતે શીખીઆ વગર સમજે નહી. આપણાં બઈરાંઓ જેવી રીતે ઘર ચલાવેછે તે કાંઈ સઘલું સુખ આપે એવી નથી. ઘર ચલાવનારીતો શીઆંની, ધીરજવાલી, અને સમજુ જોઇએ. તેનાં વેહેમ નીકલી જવા જોઈએ. એ સઘલું કેલવણીથી થાએછે. જેમ છોકરાઓને આફીસમાં જવા લાએક તથા દુનીઆનાં કાંમને લાએક બનાવવા માંટે કેલવણી આપીએ છઈએ. તેમ છોકરીઓને ઘેરનાં કાંમને લાએક બનાવવા માંટે કેલવણી જરૂરનીછે તે કેલવણી અંગરેજીમાંથી જેવી અપાએછે તેવી કાંઈ ગુજરાતીથી અપાતી નથી. તેટલા વાસતે ધણાંકાકી હું મારી જરને ઈંગરેજી સકુલમાં મોકલવાની છઊં અને તમેબી તેમજ કરવું ઘટેછે.

**મીઠીદાસાં**—હા કે પછે બાવાના બલેરાની પેરે વધી જાએ, ને ઘરમાં વાંસ ફરેતો હાલુ નહી જડે તોબી બાહાર ખોટો દમાંમ કરે.

**ધણાકાકી**—માએ વીચાર કરો કે જારે છોકરી જાત અંગરેજી શીખી તો પછી વરને કેહેશે કે "માથે હાંડો મુકીને પાંણી ભરવા જા—ને મને ખુરશીએ બેસારી રાખ" એ માટીઓને રાંધરીમાં ગોંધાવાના દાહારા આએઆચ.

**શીરીન**—નહી ધણાકાકી, એ તમારી ભુલછે. વેલાતમાં તમાંમ ઈંગરેજો વસેછે. તેઓની ઓરતો કેલવણી લેવાથી ઘરના કાંમકાજ બજાવવાને ના પાડતી નથી, પણ તેથી ઊલટું તેમ કરવાની તેઓ પોતાની ફરજ જાણેછે અને તે ઊપરાંત બીજી અનેક રીતનું માટીને સુખ આપેછે.

**મીઠીદાસાં**—ઓ વાએ શી બલા, પણ હવે મુગી રેહેની.

**શીરીન**—જુવો કાકી મારા બોલવાથી તમારી ખાતરી થતી હોએતો હું જે માંગું છઊં તે ના પાડોના. નાજીને ઈંગરેજી નીશાલે મેલો. અગર ખાતરી થઈ નહી હોએતો કેહેવો કે મેં તમુને ખોટું શ્રું કહેઊંછે. આપણાં બઈરાંઓ અને ઈંગરેજ ઓરતોની હાલત સરખાવો. પેલીઓ કેવી શીખેલી, ચંચલ અને મેહેનતું હાએછે. કેવાં તેઓ હંમેશ હસતે ચેહેરે પોતાનાં ધણીને ગલે વલગેછે તથા પોતાના બચાંને રમાંડેછે! કેવાં તેઓ પોતાના બાલકોની જતન કરેછે અને તે બાલકો કેવાં ભરેલાં તથા આસુદાં હોએછે! કેવી તે

ઓરતો રાતને વખતે ઘરમાં ગાઈ વગાડીને વરને ખુશી કરેછે તથા વાંચી લખીને પોતાનો વખત કાહાડેછે તે બધું કેલવણીથીછે, અને જો તમે તમારી દીકરીઓને તેવી કરવા ચાહો, તમારાં કરતાં તમારી દીકરીઓ વધારે સુખ જોએ એવું જો તમો ચાહાતાં હોવો, તો જે કેલવણીથી ઈંગરેજ સ્રીઓ તેવી થઈ તે કેલવણી તમારી દીકરીઓને આપો. કાકી તમારા વખતમાં અંગરેજી નીશાલો નહી હતી, પણ હવેનો છોકરીઓને તેવી કેલવણી મુફ્ત આપવા માટે નીશાલો નીકલીછે તારે તમારી વહુ દીકરીઓને સાવાસતે બેનસીબ રાખો. જારે તમારો ધનજીશાહા વેલાતવેરથી શીખી આવશે અને પોતાની બઈઅરને કેલવણી વગરની અપટ જોશે તારે તેને કેવું દુખ લાગશે, પણ તેથી ઊલટું જારે તે જોશે કે તેના સરખી શીખેલી તેની બાએડી પણછે તારે તે જોડું કેટલું સુખી થશે. માટે ધણા કાકી ધેઆન રાખો અને નાજીને સુધારવાની આ તક જવા ના દેવો.

અંતે શીરીન જીતી. ધણાકાકી અને મીઠી દોસાંના સરવે બાંહાંના જારે ખપી ગએઆં તારે તેઓ નાચાર થએઆં અને અંતે કબુલ કીધું કે નજીને નવી ઈંગરેજી સકુલમાં મોકલવી. શીઆંણી શીરીને ખુશી થઈને પોતાના વાહાલા વરને એ ખબર કહી, જેથી તેણે શીરીનને શાબાસી આપી કહેઉં કે "પેઆરી શીરીન ખોદા તારા સરખી બઈઅર સરવેને બખશે."

---

## વીધવા માહારાણીજીની નકલ કરવા જોગ ચાલ.

જે વાંચનારી બેહેની, પોતાનો વખત આલસાઈ અથવા ઊંધમાં ગુજારતી હોએ તેણે પોતાના સુધારાને ખાતર ઘડીભર આપણી મેહેરબાન માહારાંણી તરફ ધેઆન લગાડવું. તે જોશે કે આ સઊથી સુખવાશી બાનુ સરવે એસ આરામ છતાં દરરોજ મેહેનત કરેછે અને ઊંઘ આલસને તજેછે. એ નાંમવર બાનુંનાં ભરથારનાં મરણ પછે તેની આખી પરજા તેની જીંદગી તથા તનદરોસતી તરફ નજર રાખેછે અને જાંણવાથી ખુશી થાએછે કે ખાવંદનાં દુખ ભરેલા મોહોતથી એ નેક જાતને ગમ લાગોછે ખરો, તોપણ બીજી ઓરતોની મીશાલે શેકરનો "જોગ" રાખવાને બદલે તે પોતાનાં હાલના દીવસો કેમ ગુજારેછે તેનો હેવાલ એક લખનારે આ પરમાણે છપાવીઓછે—

સહવારના પોહોરમાં ઊઠવા પછે નાંમદાર રાંણી પોશાક બદલીને તથા "ચાહ પાંણી" કરીને પરથમ ખોદાની બંદગી કરવા ઊપર ધેઆન આપેછે, અને પછે નાસતો લીએછે. તારબાદ તેનો કેટલોક વખત વરતમાંન પતરો વાંચવામાં નીકલેછે જે મશે છપાતી દેશ તથા દુનીઆંને લગતી વીગનવાર ખબર અંતરોથી તે નાંમદાર સારી રીતે વાકેફગાર થાએછે. તે પુરૂં કીધા પછે તેનું ધેઆન પોતાનાં બચાંઓ તરફ જાએછે. તે પોતાનાં બચાં ઊપર અતીશએ પરીતી રાખેછે અને તેઓની ભેટ લેતી વખતે તેઓ સાથ દાનાંઈની વાતો કરી તથા તેઓના જુદા જુદા ઊસતાદોને પુછી તેઓની ચાલ ચલણ વીશે પોતાની ખાતરી કરેછે.

ઘરનું કાંમ બજાવીને રાંણી વીકટોરીઆ રાજ દરબારનાં કાંમો ઊપર ધેઆંન આપેછે. જેમાં દસતાવેજો, તથા સહી શાખો સાથ મગજને ઘસવા બાદ બપોરના તે નામદાર મલવા આવનારાઓની મુલાકાત કરેછે. તેમાં ચીતારાઓ, ઝવેરીઓ, ગરંથ કરતાઓ, ઓધેદારો અને બીજાઓ તેનો આસરો માંગવા તથા એલચીઓ અને પરધાંનો તેને માંન આપવા આવેછે. નાંમદાર રાંણીનો માએઆલુ સવભાવ તેની સાથ કાંમ પાડનારાઓ જાંણેછે.

એટલું થએશે કે પાછલા પોહોરમાં કબીલા સાથે ખાણુ ખાવાબાદ નાંમદાર રાંણી ફરવા જાએછે. આ વખતે ઘોડેસવાર અથવા પાંણી પીઆદી થઈ તે લાંબી મંજલ કાપેછે અને સગાં વાહાલાઓને તેમને ઘેર મલવા જાએછે. કોઈ કોઈ વખતે બચાં છોકરાંની સાથે તે ઈસપીટાલો તથા બીજાં ધરમખાતાંઓમાં જઈને ગરીબ લોકોની હાલત તપાસેછે.

ઘર આવીઆ પછે એક કલાક પુસતકોનો અભીઆસ માહારાંણીજીને ઘણો વાહાલો લાગેછે. તેટલાં ટેબલ બીછાવામાં આવેછે અને રાંણી ખાવા બેસેછે. ખાઈ રેહેવાબાદ દીવાનખાંનામાં જઈને ગમત કરેછે. આ વખતે પોતાના મેહમાંનો સાથ વાત કરી, તથા ગાઈ વગાડીને થોડી રાત ગુજારવા પછે માહારાંણીજી સુવા જાએછે.

રાંણી વીકટોરીઆને પોતાનું ઘર તથા રાજ બેહુ સંભાલવાં પડેછે, અને તે બેહુ કાંમ આવી સારી રીતે ચલાવેછે. પોતાના ૧૨ના મોહોતને જોકે તે ભુલી ગઈ નથી, તોપણ તેણે જે સોગ રાખીઓછે તે કાંઈ આપણી વીધવાઓની પેઠે ઘરમાં આલસાઈ કરી ગંધાઈ રેહેવામાં અથવા ઊંઘ કાહાડવામાં નથી.

---

## રમુજે ફુરસત.

૧. હું એક પીવાજોગ પદારથ છઉં. મારૂં માંથું કાપી નાંખો, પછે હું એક ખાવાજોગ પદારથ થાઉં છઉં. મારૂં પુછડું કાપો અને હું નહી પીવાની કે નહી ખાવાની પણ તોલવાની પદારથ થાઉં છઉં.

૨. મારો પેહેલો બોલ માગ્યા કરેછે; મારો બીજો બોલ નાસ કરેછે, મારો આખો બોલ બખ્ખેસ કરેછે.

૩. જો હું નહી હતેતો શેઠ કાવસજી જાંહાંગીરની સખાવત ગણાતે નહી. જો હું નહી હતેતો આપણાં બારોનેટ સર નાંઈટ કેહેવાતે નહી. જો હું નહી હતેતો રૂમાં ક્માએલા ધણીઓની પુંજીને કોઇ પઇસો કેહેતે નહી. જો હું નહી હતેતો છોકરીઓને મારે ઇંગરેજી મદરેસા બનતે નહી.

---

## સવાલનાં જવાબો.

(જુવો ગએઆં આંકના સવાલો)

૧. ચોરસ બોલો.

| | | |
|---|---|---|
| અ ર જ | બ દા મ | સા ક ર |
| ર ત ન | દા ડ મ | ક લ મ |
| જ ન ત | મ મ ત | ર મ ત |

૨. ડ અખેર—પાહાડ, જાહાડ, દાહાડ, ઘરેડો, દડો, ઇતીઆદી.

૩. ઉલટાવેલા શબદો—૧ રાંણી મરયો, ૨ ગોકલ ગાએ, ૩ કાકાટવો, ૪ કીડી મકોડી, ૫ અધમાંખ.

---

## પરચુરણ બાબદો.

**આ દુનીઆંનાં આસીરવાદ**—એક લખનાર ભલાંમણ કરેછે કે આ દુનીઆનાં શુખોને "સાહુએતીથી ઇછો, નમનતાઇથી માંગો, સબુરીથી પીછાંણો, ઇમાંનદારીથી મેલવો, તાબેદારીથી બાહાલ રાખો, દાહાપણથી સંભાલો, કાએદાથી વાપરો, રખાવતથી આપો, મઢીઅમપણેથી વખાંણો, નેકીથી વધારો, સેહેલાઇથી તજો, અને ખુસીથી છોડી દેવો."

---

**ખીજવવાનું પરીનાંમ**—ફરાંનસનાં એક ગાંમડાંઆં હાલ એક અજાએબ જેવો બનાંવ બનીઓછે. એક લુહારનાં બદનનાં સાંધા એટલાતો અકડી ગએઆ હતા કે તે નાંથી પોતાનું કાંમકાજ થતું નહી હતું. એક દાહાડે તેની દુકાંનમાં કેટલીએક ઘોડાની નાલ ચોરાઇ. એ રીતે કમાઇ કરવાને બદલે તે બીચારાને ઉલટું ખોહોવું પડીઉં, એવું જોઇને તે એટલેતો ખીજવાઇને ગુસે થએઓ કે તેનાં બદન ઉપર સઘલો પરસેવો ફુટી નીકલીઓ અને થોહાવારમાં તેનાં સાંધાનો અકરસાત નરમ પડી ગએઓ. ઉસકેરાએલાં મનથી આ દરદ સાફ થવા, ઉપરથી તબીબો એ વીશે ઘટતી તલાસ કરતા હશે ખરા.

---

**નવી જાતનો ફોડવાનો દારૂ**—લંડનના એક મી૦ ફરનીવલ નામના રસાએણીએ લાકડાંના વેહેરમાંથી બંદુકનો દારૂ બનાવાની ઇકતી શોધી કાહાડીછે. એ ઇકતીથી બનેલા દારૂની તપાસ થોડુંકતી વાત ઉપર એક મોટી ખાંનમધે થઇ હતી, જે વખતે એવું માલુંમ પડીઉં કે સરંગ મેલવામાં આ દારૂ ઘણો કુવતમંદછે.

---

**મોટાંમાં મોટું રેલવેનું કારખાંનુ**—કેહેછે કે પરશીઆ દેશના પાએતખત બરલીન શેહેરમાં રેલવેની ગાડીઓ બનાવાને જેવું મોટું કારખાંનુંછે તેવું બીજે કેઉ નથી. આ કારખાંનાંમાં દર રોજ દોહોડ હજાર માણસો ખપેછે અને દર વરસે સાડીસાડતીસ લાખ રૂપીઆની કીમતની ગાડીઓ બનાવવામાં આવેછે.

---

**ગાડીઓની સંખીઆ**—ફરાંનસનાં પાએતખત પારીસ શેહેરમાં ચઉદમાં લુઇ રાજાનાં વખતમાં માંતર ૫૦૦૦ ગાડીઓ લોકોમાં વપરાતી હતી, પણ હાલ તાંહાંનાં રસતાઓ ઉપર બધી મલીને ૬૦૦૦૦ ગાડીઓ ફરેછે. મુંબઇમાં પણ રૂની કમાંણી થવા પછે લોકો ગાડી ઘોડે ઘણુ ફરવા લાગાછે.

---

**દાનાઈની શીખાંમણ**—"દોલતને ઘેરમાં દાખલ કરવી પણ દીલમાં દાખલ થવા દેવી નહી."

"દોલત સીવાએ બીજુ કાંઇ નહી હોએતો આપણે માતબર થએઆ એમ સમજવું નહી."

"સારાં માણસ પોતાનો અને નઠારાં માણસો પોતાના પહોસીનો વીસવાસ કરતા નથી."

"તનદરોસતી એટલે મધીઅમપણું અને કસરત."

"મોટી ખુબી કરતાં નાહાની બુરાઇ તરત જણાએછે."

"નઠારા દોસત કરતાં સારા દુશમન ભલા. એક ફીલસુફને એક જણે પુછીઉં કે "તારા દુશમનોનો નાસ કાંએ નહી કરતો?" તે ફીલસુફે જવાબ દીધો કે તેઓ જીવતાછેતો હું વધારે ડરીને ચાલું છઉં."

---

**લાકડાંનું પુસતકખાંનું**—વીએનાં શેહેરનાં સંગરહસથાંનને મારે નવી જાતનાં સો પુસતકો બનાંવવામાં આવેછે. તે પુસતકોનાં પુઠાં લાકડાંના તથા પીઠ જાહાડની છાલની બનાવેલીછે અને ચોકસ જાહાડનું નાંમ તે ઉપર કોતરીને તેના જાહાડનાં પાતરાં, ફુલ ઇતીઆદીનાં નમુનાં તે ચોપડીનાં સફાઓ ઉપર ચોંહોંટાડીઆંછે.

છ નહી હતો. તેણે પોતાની દીકરીનુ મન મનાવા માટે જાજી અડચણ લીધી નહી હતી, પણ તોબી અંદરખાનેથી તેનું દીલ મનોચેહેરને પોતાનો જમાઈ કરવા તરફ નહી હતું. તોબી તેથી ગોલશેહેર ઉપર કાંઈ અસર થઈતી નહી. તે પોતાનાં વર તરફ ખરા જીગરથી વલગેલી હતી. રાત અને દીસ તેને વર સીવાએ બીજો કસો વીચાર નહી હતો. મનોચેહેરનાં તન અને મંનની ખુબસુરતીને તે પોતા કરતાં વધારે ગણતી હતી. વરને રીસ લાગે એવી એકુ માંગણી તે કરતી નહી હતી અથવા એવો એકુ શબદ વતીક તે બોલતી નહી હતી.

પણ આજે તે ખાવંદ તેને એખલી મેલીને ગએઓ હતો. આજે તે એકાંત પડીને ગમ કરતી હતી.

પરણીઆ પછે થોડાજ દીવસમાં એક દાહાડે જારે આ જોડું બગલમાં એક એકના હાથ લઈ બાગ મધે ફરતું હતું અને નીતીની વાતો કરતું હતું, તારે એકાએક ફરીબોરજ રાજો આવી લાગો અને ધમકાવીને તેઓને છુટાં પાડીઆં પછે મનોચેહેરને હોકમ કીધો કે તેણે તેની દીકરીની સંગત તજવી તથા તેના ગાંમમાથી જતો રેહેવું. તે વખતે આ શુંદર બાનુને કેવું લાગુ હશે. તેણે પોતાના બાપને ઘણા કાલાવાલા કીધા, મનોચેહેરે શું તકસીર કીધી તે પુછીઉં. પણ નહી, રાજાએ પોતાનો બોલ ફેરવીઓ નહી. તેણે કહેઉં કે "મનોચેહેર તુંને હું જનમ દેશનીકાલ કરૂં છઉં, માંટે તાકીદથી મારૂ ઘર અને ગામ છોડી જાજે."

આ શું બનાવ? રાજાના મનમાં અચગુઓ શું પવન આવીઓ? આ મનમોહન જોડું તેનો ખોલાસો મેલવી શકીઉ નહી.

મનોચેહેરે બીજે દાહાડે ઘણી નાંચારીથી તઈઆરીઓ કીધી. તેની બાનુએ આખો દીવસ ગમમાં ગુજારીઓ અને તે પોતે પણ કાંઈ થોડો દુખી નહી થએઓ. અંતે ઘર અને ગામ છોડી જવાનો વખત થએઓ. અફસોસ! તે વખતે આ જોડાંને લાગેલી વીપતનો ચીતાર કોણ આપશે!

ગોલશેહેર અને મનોચેહેર જે બાગમાં બચગીથી રમતાં હતાં તેજ બાગમાં છુટાં પડતી વખતે વીચારમાં પડીઆં હતાં. ગોલશેહેર બોલતી કે "હું મારા ધણી અને બાપ તરફ સારી વફાદારી રાખું છઉ તારે મારા ઉપર આ જફા ગુજરેછે. પણ તે હું કેમ ખમશ! અરે! મનોચેહેર તમારા દીદાર પારકાઓ જોશે, તમારી ભેટ સઉ કોઈ લઈ શકશે અને અને ઓરતો રહી જશે."

મનોચેહેર પણ સરખી રીતે દુખી થતો હતો. તે બોલતો કે "શું ખોદાએ મારો નાસ કરવાનો વીચાર કીધોછે? શું તેણે એવું સરજેલુંછે કે હું મારી પરણી બાએડીને જુલમથી છોડું અને દેશનીકાલ થઈ ગામ બાહેર રેહું. વાહાલી બાનું તારા બાપને એવો શું વીચાર સુજીઓ હશે. તું છે તો મારે મનસે દુનીઆછે, પણ તુંને તજુ તેમા દુનીઆ તજવા સરખુછે."

ગોલશેહેર ચાહાતી કે "ખોદાતાલા આજનો દીવસ લાંમબો કરે કે આપણુ વધારે વખત બેસીને ગમ કરીએ. ખોદા આજે રાત નહી પાડે કે મારો ધણી મને છોડી જાએ નહી."

પણ સાંજતો પડી ચુકી. સુરીઅ અસત પામીઓ અને મનોચેહેરને જવાની તલપ થઈ. આ માંરી બઈએરે અરસ પરસતી વફાદારીનાં વચન આપીઆ. ગોલશેહેરે ઈઆદગારીને માંટે પોતાનાં વરને એક વીંટી પેહેરાવી જે તેના ખાવંદે બાહાલ રાખી અને મનોચેહેરે પોતાની બાએડીને એક બાંગડી આપી જે લઈને તે શુંદરી કબુલ થઈ કે મોહોત શુધી તેને હાથમાથી કાહાડવી નહી.

એ રીતે ઘણો વખત થઈ ગએઓ. અંધારૂ થએઉં તોબી આ લોકો છુટાં પડીઆં નહી. મનોચેહેર જતો અને પાછો આવતો હતો તથા એમ કરતાં લાંમબો વખત રહીને ગમ કરતો હતો. ગોલશેહેર રાત પડવા છતાં મેહેલમાં નહી આવી તેટલા માંટે તેનો બાપ બાગમા તેને જોવા ગએઓ. તાંહાં આ જોડાંને સાથે જોઈને તેણે તુરત મનોચેહેરને બુમ પાડી કહેઉ કે "ઓ નીચા, હજુ તું જતો નથી, પણ સેતાબી કર નહીતો હીંઆં ને હીંઆંજ તારો જીવ લેવશ." આ શબુનો સાંભલીને મનોચેહેર એક પલવારબી ઉભો રહેઓ નહી.

આ વખતે ગોલશેહેરના ગમને રાજો સારીપઠે સમજતો હતો. તેણે પોતાની દીકરીને નરમ પાડવાની કોશેશ કીધી, પણ ગોલશેહેર સમજી નહી. તે પોતાના જીવને ગાલો દેવા લાગી, પોતાના બાપને માંટે ફરીઆદ કરવા લાગી અને એવી હાલતમાં પોતાના ઓરડામાં જઈને ઉંધે મસતકે પડી.

ખરેખર જુદાઈનો જખમ તીરની પઠે ઘણો કારી લાગેછે. વાંચનારીબાંનુઓ જારે એક વર બઈએરનું જોડું પોતાની જવાંનીના બાહારમાં દુનીઆંના સુખ અને એશ આરામમાં પોતાનો વખત કાહાડતું હોએ અને જારે તેઓના બાએઆ તથા મોહોબત પોતાની ભરતીમાં હોએ તારે અચગુચો તેઓમાંના એકને હોકમ થાએ કે "ઉઠ, હીંઆંથી જા અને પાછો આવતો ના" તારે તેઓને કેવો ગમ લાગે! એવા ભરથાર અને બાએડીને છુટાં પડવાનો વખત તેઓને મોટાં શંકટ સરખોછે અને છેલી ભેટ તથા શેવટની સલાંમ કરતી વખતે દીલમાં કેવા જુસા ઉભાએછે તે ઘણી બાંનુઓને જાંણીતી વાતછે.

એટલાજ માટે ગોલશેહેર પોતાના ઓરડામાં આ વારતાની શરૂઆતમાં ટાંકેલા શબદો બોલતી હતી. જુદાઈનો જુસો એટલો ઉભાતો હતો કે મધરાત છતાં તે જમીન ઉપર પડી રહીને પોતાના વરને ઈઆદ કરતી હતી. તે ઘડીમાં બેશુધની પેઠે રેહેતી અને ઘડીમાં ચમકીને વફાદારીનાં કસમ લેતી. તે બોલતી હતી કે "જારે મેં લગણ કીધાં અને મારો હાથ મારા વાહાલા ધણીના હાથ સાથ જોડીઓ તારે મેં કેવી આશાઓ બાંધી હતી અને મેં શું શું ધારેઉં હતું! પણ ખરી વાતછે કે માણસ ધારેછે અને ખોદા બજાવેછે. મારી સરવે આશા ભંગ થઈછે, તોબી હું મારી વફાદારીને છોડશ નહી પછે મારી વફા ઉપર ગમે એટલી જફા કાંએ નહી પડે. આજથી હુ સોગંદ ખાઉંછઉં કે મારા વર સીવાએ બીજા કોઈને હું પસંદ કરશ નહી અને જાંહાં સુધી તે મને આવી નહી મલશે તાંહાં સુધી તેની આપેલી આ બાંગડી જોઈને હું તેને દરરોજ ઈઆદ કરશ."

એ તે ખરી બાએડી!

પરકરણ બીજું.

## સાવકી માંનો સગો દીકરો.

શાહાજાદી ગોલશેહેરનો સરવે ગમ અને જુસો જારે જરા નરમ પડીઓ તારે તે વધારે સાવધપણે વીચાર કરવા બેઠી. પોતાના નોજવાંન ભરથારની જુદાઈનો સબબ શો થવાને તે ખંતી થઈ. એકાએક તેનાં બાપે પોતાના જમાઈને શા માંટે દેશનીકાલ કીધો તેનુ કારણ નહી જાંણવાથી ગોલશેહેરનાં મનમાં વસવસો પેદા થએઓ. તે પોતાના બાપની આગલી પરીતી અને આએઆને હાલનાં વખતનાં ગુસા સાથ સરખાવા લાગી અને એ સઘલા વીચારથી તેનો ગુચવારો ઘણો વધી ગએઓ.

આવી હાલતમાં તેને દીલાસો દેવા માંટે રાજા ફરીબોરજ તેના ઓરડામાં દાખલ થએઓ. તેને આવતાંવાર તેની દીકરીથી સવાલ નાખવામાં આવીઓ કે મનોચેહેરને દેશનીકાલ કરવાની તથા ગોલશેહેરને દુખી કરવાની મતલબ શું? રાજાએ પોતાની મતલબ જાહેર કીધી નહી પણ દીકરીને શીખામણ દેવા બેઠો. તે બોલીઓ કે, "એરી છોકરી તું તારા જવાંન લોહીને લીધે વીચાર વગર નાંદાનીએતનાં કાંમો કરેછે. તારા વર તરફ મને ઘણો ગુસોછે અને તેને જમાઈ દાખલ કબુલ કરતાં મને પોતાને શરમ લાગેછે."

ગોલશેહેર—બાવા તે નીરદોશ જવાંને શું તકસીર કીધી કે તમો તેને ધીકારોછો!

રાજા—દીકરી તેના ગુણતો સારાછે. તોબી તે રાજાનો જમાઈ થવાને લાએક નહી હતો. તે મારા એક નોકરનો છોકરો, તેને તું વર દાખલ ગણે એ મારાં ખાંનદાંનને એક એબ થઈ પડે. શાહાજાદીઓ સાથ પરણવાને શાહાજાદા જોઈએ.

ગોલશેહેર—પણ તે કાંઈ ઓછો નહી હતો. એક સરદારની તોખમનો, કેલવાએલો, કાબેલ અને કહરેલ મારો મનોચેહેરછે, અને આ દુનીઆંની એકબી સ્ત્રી તેને લાએકની હું ગણતી નથી. બાવાજી તમે તેને બચગીથી તમારા છોકરાના સરખા પીઆરથી રાખીઓ. મારી બચગીની રમત એની સાથે તમે ઠરાવી અને જારે મોટી વએ હમે ખરી દોસતી ઉપર આવીઆં તારે તેને એકાએક દુર કરવાની તમારી કાંઈબી મતલબ હશે.

તે મતલબને છુપાવાનો ફરીબરોજનો વીચારજ નહી હતો. તે તુરત બોલીઓ કે—"હટીલી છોકરી—હા મારી મતલબ હતી અને તે એજ કે મારી તથા તારી નજર આગલથીં તેને દુર કરૂં અને તારે લાએક જે બીજો ધણીછે તેની સાથ તુંને પરણાઉં. ગોલશેહેર તું આપણા શાહાજાદા પશંગ વીશે શું વીચારેછે? હલકા મનોચેહેર કરતાં તે ઘણે દરજે સારોછે."

ગોલશેહેર—તોબા—તોબા ખોદા! બાવા તમે શું વાત કરોછો? તમેજ મને શીખવેલુંછે કે વચણ ટોડવો નહી, અને તમે મારો એક પવીતર વચણ ટોડવા માંગોછો. હું પરણી ચુકી, એક ધણીની ધણીઆંની થઈ ચુકી, તારે તમે તે લગણને રદ ગણી મારો કોલ ઉંધો વલાવોછો. ના—મોહોત સુધી એ પાપનું કાંમ હું કરનાર નથી.

રાજા—તું ઘણી બેવકુફછે. તું એટલો વીચાર નથી કરતી કે જે ધણીને હું પસંદ કરૂંછઉં તે પાદશાહાનો દીકરો છે. તેં જે લગણ કીધાંછે તે અનઘટતાંછે માંટે તેને તોડવામાં કાંઈ પાપ નથી.

ગોલશેહેર—બસ બાવા બસ. એવા એક પાદશાહાનાં દીકરા સાથ પરણુ તેનાં કરતાં હું એક ભરવાડની છોકરી હતે અને મનોચેહેરને મારો ખાવંદ કરતે તે બેહેતર. અરે! એ નીચ અને નાદાન શાહાજાદા પશંગને ખાતર તમે મારા બેગુલા ધણીને દુર કીધોછે. ઠીકછે, તેને માંથે ખોદાની મેહેરછે, અને તે જાંહાં જાએ તાંહાં જીવતો રેહે એટલે મને દીલાસો મલશે. હું તમુને આ છેલીવાર કહુ છઉ કે સત વચણથી હું મારા ધણી તરફ બંધાએલી છઉ અને તમે ગમે એટલી જફા પાડો તોપણ મારી વફાને હું છોડશ નહી.

આ પકા ઠરાવનાં શબ્દુનો સાંભલીને ફરીબરોજ નરમ અને નીરાસ થઈ ગએઓ. તેણે વીચારીઉં કે "મનોચેહેરની ઈઆદ હજુરતો એ છોકરીનાં મનમાં તાજીછે, પણ જારે તેને તે ભુલી જશે તારે મારી દરખાસતને કબુલ રાખશે."

હવે આ શાહાજાદા પશંગ વીશે થોડીક હકીકત જણાંવવી જોઈએ. શાહાજાદી ગોલશેહેરની માં મરણ પામવા પછે હમણાં તેનાં બાપ રાજા ફરીબરોજે એક બીજી રાંણી સાથે નેકા કીધા હતા. તે રાંણીનુ નાંમ અરનવાજ કરીને હતું. આ રાંણી ગોલશેહેરની શાવકી મા હતી અને આ શુંદરી તેને માં તરીકેનું માન આપવાને સદા તઈઆર હતી. પણ એજ રાણીને એક આગલા વરથી એક શાહાજાદો જનમીઓ હતો. તેનુ નાંમ પશંગ કરીને હતું અને જારે ફરીબરોજે અરનવાજ સાથ બીજાં લગણ કીધાં તારે શાહાજાદો પશંગ ઉમરે પુગેલો હતો, જેને તેની માં પોતાની સાથે લેતી આવી હતી. એ માની ઘણી મરજી હતી કે તેનો સગો દીકરો પશંગ તેની શાવકી દીકરી ગોલશેહેર સાથ પરણે. તેમાં રાંણી પોતાનાં દીકરાની મતલબ સાંધતી હતી, પણ મનોચેહેરને તે વચમાંનો કતરો સમજતી હતી અને તે બીચારો જે દેશનીકાલ થએઓ તે આ ઓરતની ઉસકેરણીથી હતું.

તોપણ અરનવાજ ગોલશેહેરનાં મોહોડાં ઉપર ઘણી મીઠી થતી હતી. ગોલશેહેર તેને માનાં તોલની ગણીને પોતાનો છુપો બલાપો કેહેતી હતી, અને તે સાંભલી લઈને રાણીજી રાજાને ઉશકેરવામાં વધારે ફાવતી હતી. તે તરેહવાર તાલ અને તલાવટથી સમજાવતી હતી કે "આ એક નાદાન હલકી બુનીઆદનો છોકરો તમારી માહાતાબ સરખી દીકરીનો વર થાએ એ પાદશાહાનાં નાંમને લાએક નથી. શું શાહાજાદાઓનો તોટોછે! આપણો પશંગ મને ઘણો લાએક દેખાએછે તેની સાથે ગોલશેહેરનુ જોડું બન બેસાડો." આ સઘલી ઉસકેરણી ઉપર રાજા લોભાતો હતો અને રાણીનો શુખન રદ નહી કરવા માંટે તેણે મનોચેહેરને દેશનીકાલ કીધો હતો, એવી ગરીબ બીચારી શાહાજાદીને ખબર નહી હતી.

જારે તે માંન પાંમેલો નર મેહેલમાંથી દુર થએઓ તારે રાણી અરનવાજને મોટી ખુશી ઉપજી. તેણે વીચારીઉ કે મનોચેહેર ગએઓ તેમાં અરધી અડચણ મટી અને બાકીની અડચણ ટાલીને પોતાના દીકરા સાથના લગણ મેહેલાં કરવાને તેણે મેહેનત જારી રાખી. પેહેલાંતો રાજાને સ

મજાવીઉ કે "ગોલશેહેરને જે ગમ લાગોછે તેથી વખતે એ શુંદરી કદાચ કુવો તલાવ પુરીને જીવ આપશે, તેનો સંભાલ કરવો ઘટેછે" એ ઉપરથી રાજાએ શાહાજાદીને તેની આ શાવકી માના કબજામાં આપી અને તકેદારી રાખવાનું તેને ફરમાંવીઉં. એ રાંણીની મરજી પરમાણેનું એક કાંમ થએઉં અને એથી એક બીજી અડચણ મટી એમ વીચારીઉં.

હજુર કેટલીક અડચણો બાકી હતી. ગોલશેહેરનો પીલસુમ નામનો એક જઈફ ચાકર હતો. તે આ શાહાજાદીને સલાહાનો આપનાર, દીલાસો દેનાર તથા મદદગાર હતો. બલકે આ ચાકર શાહાજાદીનો ગોએઆ એક છુપો મીતર હતો. તે ઉપરથી બનતાં સુધી તેને પણ થાર મારવાનો રાંણીએ ઠરાવ કીવો. અરનવાજ લોકોમાં ઘણી હોશીઆર ખપતી હતી, તે ડાકટરોની દોસતી માંડતી, તથા દવાઓ બનાવતી અને બીજાં એવાં કાંમોમાં વખત કાહાડતી હતી, માટે આ વખતે તેણે એક હજીર નામના હકીમ પાસેથી જેહેરી રોપો માંગીઓ. સરવે વઈદોમાં હજીર ઘણો શીઆંનો હતો, તથા રાંણી અરનવાજની ચાલ ઉપર પેહેલેથીજ શક લાવતો હતો. તેણે આ રાંણીને માગવા મુજબ એક રોપો લાવી આપીઓ ખરો, પણ તે ખરેખર જેહેરી નહી હતો. તે રોપામા એવો ખવાશ હતો કે તે જે જીવજંતના ખાવામાં આવે તે ઘણોવાર સુધી બેસુધ થાએ અને આસપાસના આદમીઓ તેને મુવેલું સમજે—પણ તે ખરેખર મરણ પાંમે નહી. એ રોપો લઈને રાંણી ખુશી થવા લાગી. તેણે પીલસુમ ચાકરને પોતાની પાસે બોલાવીઓ અને તેની શેઠાંણી ગોલશેહેરની ખબર પુછી. પીલસુમ ફરીઆદ કરવા લાગો કે "મારાં બાઈ પોતાનો ગમ છોડતાં નથી, પણ રાત અને દીન આસુનો વરસાદ વરસાવેછે." રાંણીએ એ ઉપરથી દલગીરી દેખાડી અને વાત કરતાં પોતાના હાથમાથી ઉપલો રોપો નાખી દીધો. પીલસુમે તે ઉંચકી લઈને રાણીને આપીઓ, પણ રાંણીએ તે લેવાને ના પાડી ને કહેઉ કે "ભલા પીલસુમ એ રોપાને તુંજ રાખ. તે ઘણો કીમતી છે પણ મારી પાસે તેમાંનાં ઘણાછે. તું તારી શેઠાણી તરફ જે ઈમાંનદારી ધરાવેછે તેનાં બદલામાં હું તુંને એ ભેટ આપુ છઉ. તું એ લે અને જારે કોઈવાર માંદગીની નીશાંન જણાએ તારે એનુ એકજ પાતરૂં તરત તારા દરદને દુર કરશે." પીલસુમે તે રોપાને પોતાની પાસે રાખીઓ, અને રાંણી વીચારવા લાગી કે એ ખાધાથી જારે તે મરશે તારે પછે ગોલશેહેર મદદગાર વગરની થઈ પડશે અને પછે હું મારી મતલબમાં વધારે ફાવશ.

છેલે રાંણીએ પોતાનાં સગા દીકરા પશંગને ભલામણ કીધી કે તેણે શાહાજાદી ગોલશેહેરની પુઠ છોડવી નહી. તેણે કહેઉં કે "દીકરા તારે વાસતે આવી સારી બાએડી મેલવવાની હું મેહેનત કરૂ છઉ, તારે તું જરા વધારે દાહેઓ થઈને ફર. ગોલશેહેરની આગલ જા, તેની સાથે વાત કર, તેને પટાવ અને તેનાં મન ઉપર અસર કર." શાહાજાદા પશંગે એ વાત કબુલ કીધી અને એ માં દીકરાં દુવા માંગવા લાગાં કે આટલી બધી વચે નડતી અડચણો મટવા પછે ખોદાતાલા આ બાંનુમાં એવો ગુણ મેલે કે જેથી તે પોતાનાં મનોચેહેરને ધીક્કારીને પશંગને પસંદ કરે.

એમજ બનશે કે નહી તે હવે જોવાનુંછે.

## પરકરણ તરીજું.

# પરીતીની પરીખશા.

મનોચેહેર કાંહાં ગએઓ? તેની બાંનુ દાહાડામાં દસ વખત એ સવાલ પુછી રહી હતી અને કદાચ વાંચનારાંઓ પણ એજ સવાલ પુછતાં હશે. તેને રાજાએ દેશનીકાલ કીધો અને તે પોતાની મોહોરદારની મોહોબત ભરેલી ભેટ લઈને રવાંને થએઓ તેવો કાંહાં જાઈ રહેઓ? તે શેહેરમાંથીતો ગએઓજ હશે, કારણ કે તાંહાં તે નહી રેહે. એટલા માટે રાજાએ પુરતી ચોકી રખાવી હતી.

આ પરખેઆત ગરહસથે પોતાના શેવટની જગા દાખલ મદાએનને પસંદ કીધી હતી. તેણે પોતાના બાપીકા દેશ અને પોતાની પરણી બાએડીની મુલાકાત કરવાની સરવે આશા છોડી હતી અને મોહોરદારે તેની ભેટ કીધેલી વીટીમાં તેની સરવે સીકલને ઈઆદ કરી મુસાફરીમાં તે વીટીને જોઈને આનંદ અને સબુરી પાંમતો હતો. એવી હાલતમાં તે એકજ દીવસની મુસાફરીથી ઠરાવેલાં શેહેરમાં આવી પુગો જાંહાં એક આબરૂવાલા વતનીના ઘરમાં ઉતારો કીધો અને સારી મીતરાચારીથી સરવે લોકોમાં રહેઓ હતો. જે ઘરમાં તે ઉતરીઓ હતો, તે પારકાં દેશના લોકોને રેહેવા માટેજ હતું અને તેથી કરીને જારે મનોચેહેર તાંહાં જાઈ પુગો તારે તાંહાં દેશેદેશના જુદા જુદા રેહેવાસીઓ ઉતારો કરીને પડેલાં હતાં. તેઓ વચે અરસપરસ સારી મીતરાચારી હતી અને તેઓમાંના કેટલાક મનોચેહેરની ઓલખાનવાલા નીકલીઆ હતા. તેઓએ આ નવા પહરોણાને મુબારકબાદી આપી મોટા પીઆરથી પોતાની સાથે રાખીઓ અને તેણે પોતાના હસમુખા સવભાવ તથા મીલનસારપણાથી સરવે કોઈનો પીઆર મેલવીઓ. મનોચેહેરે આવા સારા મીતરો આ જગામાં મેલવીઆ માટે ખોદાનો ઉપકાર માંનીઓ અને વીચારીઉ કે બીજી સહવારનાં તેની દીલદાર ગોલશેહેરને કાગજની મારફતે આ સરવે હકીકતથી વાકેફ કરવી.

પણ માંણસ જુદુ ધારેછે અને ખોદા જુદુ કરેછે. બીજે દાહાડો ઉગે તેની આગમચ એવો બનાવ બની ગએઓ કે જેની કોઈનાં સપનાંમાંબી વકી નહી હતી.

ગોલશેહેરે પોતાનાં વાહાલા ખાવંદને જે વીટી ઈઆદગારીની ઈધાંણી દાખલ આપી હતી તે વીટી અતીઘણી કીમતી હતી અને મનોચેહેરે ઠરાવ કીવો હતો કે જાંહાંસુધી તે તેને આંગલે રેહેશે તાંહાંસુધી તે વીટી આપનાર સીવાએ બીજી કોઈ ઓરતને તે કદી ઈઆદ કરશે નહી. આ વીટી ઉપર ઉપલી મંડલીમાનાં મીનોચેહેરનાં એક મીતરની નજર પડી. તેણે તે વીટી વીશે હકીકત પુછી, જેથી મનોચેહેરે મોટી ગરૂરીથી પોતાની બાનુની વાત કહી તથા તે પોતાની વીટીને કેટલી કીમતી ગણેછે તે જાહેર કીધું. તે બોલીઓ કે "ભાઈઓ તમે મારી હકીકતથી અચરત થશો પણ હું તમુને કેહુ છઉ કે મારી બાંનુના સરખી ખુબસુરત તેમજ તેનાં સરખી વફાદાર નારી તમે કેથે જોઈ નહી હશે તેની ઈમાંનદારી મારા હઈડાંમાં કોતરેલીછે. તેની નેકી મારી છાતીમાં દબાઈછે અને આ તેની વીટી મારે મનથી દુનીઆંનાં તમામ જહવેરાત કરતાં સરસછે."

એ ભાશાંણ ઉપરથી વાત આગલ ચાલી. મંડલીમાં કાવે

નામનો એક તુરાંની હતો અને તેની ઘણી મરજી હતી કે આ વાત આગલ વધે તથા મનોચેહેર પોતાની વીંટી તેને બખશી દીએ. માટે તે બોલીઓ કે "શું મનોચેહેર ભાઇ પોતાની ઓરત ઉપર મલકાએછે! પણ તે ખોદા માલુમ કેટલા જણને ગજવાંમાં મેલીને ફરતી હશે. સાહેબ તમુને ખબર નથી કે ઓરત જાત બેઇમાનછે?"

મનોચેહેર પોતાની બાંનુને આ અપમાનમાંથી છોડવી આ વીના રહેઓ નહી. "કાવે, તમારા એ વીચારમાં ભુલ છે. હમારાં ઈરાણ દેશની ઓરતો એવી નથી કે બેવફાઇનો બટો તેઓ ઉપર કદીબી ચોંહોંટે."

આ વાત સાંભલી બીજાં દેશવાલાઓને જરા ગુસો લાગો. તે મંડલીમાં જે ઇઉનાની હતો તે બોલીઓ કે "માફ કરજો સાહેબ, એ કાંઈ સાચી વાત નથી. હમારાં ઇઉનાન દેશની સ્રીઓના સરખી નેક અને શુંદર સ્રી દુનીઆંમાં કે થે મલવાની નથી." તેજ પરમાણે એક રૂમી બોલીઓ કે હમારાં "રોમ શેહેરની ઓરતો તમારી ઇઉનાની અને ઈરાણીઓને ટકર મારે એવીછે—સમજીઆ?"

પણ મનોચેહેર સમજીઓ નહી હતો. તેની ખાતરી હતી કે તેની બાએડી સઉથી સરસ વફા રાખતી હતી અને આ મીજલશીઓનીબી ખાતરી કરવાને તે ખંતી હતો. તે બોલીઓ કે—"ભાઈઓ પોતપોતાનું સઉને લાગે. તમો સરવેની બેહેનપણીઓને પુરતું માન આપવા છતાં હું કહું છઉં કે તમારાં આખાં મદાએનને શું પણ આખી પરૂથવીમાં કોઇ એવો નર નહી હશે કે જે આ બાબદમાં મારી ઉપર ફતેહ મેલવે અને મને મારી ઓરતની બેઈમાંની સાબેત કરી આપે."

એ કાંમ માંથે ઉઠાવાની, તથા ગોલશેહેરને જોવાની કાવેની ઘણી મરજી હતી. તે બોલીઓ કે "મેહેરબાન મનોચેહેર શું તમો એવુંજ વીચારોછો કે તમારી બાંનુ તમારીજ તરફ દીલદારી રાખેછે?"

મનોચેહેર—હા. તેણે પોતાની ઇઆદગારીને માંટે મને આ વીટી આપીછે અને તે શુંદરને મેં જે બાંગડી પેહેડાવીછે તે પેહેડતી વખતે તેણે કસમ ખાધાછે કે હમો બેમાંનાં એક મરે નહી તાંહાંસુધી તે બાંગડીને કદી હાથમાંથી કાહાડશે નહી અને તેને આપનાર સીવાએ બીજા કોઈનો વીચાર કરશે નહી.

કાવે—અને તમે તેનાં કસમ ઉપર ઇતબાર રાખોછો? નહી સાહેબ, તમે ઠગાવોછો. ઓરતની જાત તે મીનના સરખી નરમછે. તેનાં ઉપર એટલો વીસવાસ રાખવો બેજાછે.

મનોચેહેર—તમારા એવા બોલવાથી હું કદી તેનાં ઉપર શક લઈ જવશ નહી.

કાવે—અને કદાચ તેનાં કસમ તુટેતો? કદાચ તે બેઈમાંન ઠરેતો?

મનોચેહેર—એમ કદી બનશેતો નહી, અને તે છતાં જો એ વાતની તમે પુરવારી લાવોતો આ તેની વીટી મારી આંગલીને લાએક નથી.

કાવે—ઠીકછે. તમે તારે સરત બકશો? જે બાંગડી તમે તેને ભેટ કીધીછે, તેજ બાંગડી જો તે મનમોવન ઓરત મને ભેટ કરે અને તેજ બાંગડી જો હું તમુને લાવી દેખાડુતો પછે આ વીટી તમે મને આપી દેશો? કબુલ થાવો?

મનોચેહેર જરાં શરાબના બાહારમાં હતો તે કબુલ થએઓ. કાવેએ મંડલીમાનાં બીજા શખસોને આ સાટાનાં શાખસી રાખીઆ, એટલુંજ નહી પણ ઉપલી મતલબનું લખત થએઉં. મનોચેહેરે વીચારીઉ કે ગોલશેહેરનાં પાક ઇમાનની આ શખસોની ખાતરી કરવાની એ જેવી બીજી રીત એકે નથી અને તે જોગવાઈ તેને મલી માંટે તે ઘણો ખુશી હતો.

તુરાની કાવે તેજ રાતનાં તાંહાંથી રવાંને થએઓ. તેણે એક જોખમ ભરેલું કાંમ માથે લીધુ હતું અને તેથી કરીને તેને અતી મોટી ઇનતેજારી લાગી હતી. ગોલશેહેરની બાંગડી કોઇબી રીતે મેલવવાનાં ઉપાઓઓનો તે વીચાર કરતો હતો અને તેવા વીચારમાં ને વીચારમાં તેણે જે લાંબી મનજલો કીધી હતી તેથી કાવેને જરાબી થાક લાગતી નહી હતી. અગર જો બાંગડી લાવી નથી આપીતો લોકમાં તેને ખરાબ લાગે એટલુજ નહી પણ કદાચ મનોચેહેર પોતાની માહાતાબ સરખી બાંનુના વેરને માટે તેનો જીવ લીએ એવી તેને ધાસતી હતી. માંટે પોતાનાં કાંમમાં ફતેહ પાંમવાની ઉમેદમાં તેણે ઘણી જહડફથી મુસાફરી કીધી અને પરોઢીઉ થવાની આગમચતો તે ફરીબોરજનાં રાજની નજદીક આવી પુગો.

સહવાર પડતાંજ આ શખસે પેહેલ વેહેલાં બાંનું ગોલશેહેરનાં નીમખહલાલ ખીદમતગાર પીલસુમની મુલાકાત લીધી અને તેને અરજ કીધી કે તેનાં શેઠ મનોચેહેરે મદીએનથી તેને એક કાગજ આપી મોકલીઓછે, માંટે બાનુ ગોલશેહેરની પાસે તેને લઈ જવો. આ વાત ભલા પીલસુમે બાહાલ રાખી. તે કાવેને પોતાની સાથે પોતાની સુંદર શેઠાંણીની સાંમે લઈ આવીઓ અને જેવી ગોલશેહેરને ખબર કીધી કે આ તેનાં ભરથારનો એક કાસદછે, તેવીજ તે નેક અબલાએ પોતાનુ સરવે કાંમ પડતુ મેલી પેહેલાં આ કાસદને પોતાનાં ઓરડામાં દાખલ કીધો અને મોટા હરખથી તેણે આપેલુ કાગજ ઉખેડી વાંચીઉ. તેમાં લખીઉં હતું કે, "આ કાગજ લાવનાર મારો એક મીતરછે, તે મારી તરફ મેહેરબાની ભરેલો અને ભલમણસાઇથી રહેઓછે અને મારી વાહાલી બાનુને મલવાને તે ઘણો ખુશી હોવાથી મેં તેને તમારી તરફ મોકલીઓછે."

કાગજ વાંચીને બાનુ ગોલશેહેર એટલોતો આનંદ પામી કે ઘડીભર પોતાનાં સરવે ગમને ભુલી ગઈ અને પોતાનાં સરેસતા પરમાંણે ખુશ મીજાજ તથા હસતે ચેહેરે કાવેને બેસાંડી તેની સાથ વાત કરવા લાગી. પણ આ તુરાની તેની સાથ વાત શું કરે? જે ઓરડામાં તે ઉભો હતો તે ઓરડો આ પુનેમી ચાંદનાં પરતાપથી ગોએઆ જલેહ મારતો હતો અને બાંનુ ગોલશેહેર તેમાં હીરાની મીશાલે દીપતી હતી. તેણે જોઇતો જે બાંગડીની લુટને માંટે તે આવીઓ હતો તે તેનાં સફેદ હાથ ઉપર સીણગાર પામી હતી અને બાનુ ગોલશેહેર તેને વારે ઘડીએ હાથ લગાડી તપાસતી હતી. માંટે તે મેલવવાનો ઉપાએ શું કરવો? આ તેનાં મનમાં મોટો વીચાર હતો અને તેને ખાતર ગોએઆ તે ઘેલો થએઓ હતો.

## દુનીઆંનો મુસાફર.

### પત્ર ૧૩

પીઆરાં બેહેન,

ઈંગલંડ દેશનો જે હેવાલ ગઈ વખતથી બાકી રહેઓછે તે આ કાગજમાં વધારે લખવાની આગમચ



પરથમ એક ઈંગરેજનો નાંહાંનો ચીતાર તમુને ભેટ કરૂં છઊં. એવા તમાંમ ઈંગરેજોની આ દેશમાં વસતીછે. આ પણ માંથે ઈંગલંડનું રાજ હોવાથી તમારી તરફ ઈંગરેજોની જે મોટી સંખીઆછે તે ઊપરથી આ લોકો કોણછે અને તેઓ કેવો પોશાક પેહેડેછે તે તમુને લખી જણાવવાની અગત નથી. તોપણ હું એશીઆખંડનાં જે દેશોમાં ફરી આવીઓ છઊં તે ઘણાંખરાં દેશોનાં રેહેવાશીઓનાં ચીતર મેં તમારી ઊપર બીડીઆં છે, માટેજ એક ઈંગરેજ મરદ અને ઓરતની તસવીર



તમોને બીડવાનું મેં દરૂસત ધારીઊંછે.

ઈંગલંડનાં રેહેવાસીઓ ઘણાં ઊદીઓગી, અને અકલમંદછે. તમે મુંબઈમાં જે ઈંગરેજોને જોવોછો તેથી હીઆંનાં લોકો જુદા ખવાશ દેખાડેછે. તમારી તરફ વાલા ઘણાંઓતો મીજાજી, જુલમી અને બેખલપેરા હોએછે. હીઆંનાં ઈંગરેજો ઘણાંજ ઠંડા શવભાવનાંછે તથા પરદેશીઓને માંન આપેછે. અગત કરીને હીઆંની સ્ત્રીઓની ચાલ પસંદ કરવા જોગછે. એકતો ઠંડી હવાને લીધે તેઓ આસુદાં અને ખુબસુરતછે, તથા વલી પોતાના મીઠાસ અને નમનતાઈથી ઘર અને ગાંમને તેઓ ઘણા ખુશી કરેછે. ઈંગરેજ સ્ત્રીઓ કેલવણી પાંમેલી હોએછે, માટે ભરથાર તથા બચાં તરફની ફરજ એટલી સમજેછે કે માંટીને કાંઈ મેહેનત પડતી નથી અથવા ઘર અને બાએડી છોકરાં મેલીને તેને સુખને માટે બાહેર જવું પડતું નથી. તેઓની મુખીઅ ખાંમી તેઓના પોશાકમાંછે જેની પછવાડે વરને ઘણો ખરચ કરવો પડેછે. એ પોશાકનો ઘેરાવો ઘણો મોટો હોએછે. અને બે માંણસોનાં જેટલી તેથી જગા રોકાએછે. ઈંગરેજ સ્ત્રીઓ આપણી ઓરતોને જોવાને ઘણી રાજીછે અને જેઓ સાથ મને વાત થાએછે તેઓ મને મારી બાએડીને તેડાવા કેહેછે ! આ લોકોમાં કોઈ લુછાબીછે, પણ તેટલા માટે પરજા દાખલની તેઓની ખુબીઓ વખાણવી ઘટેછે. તેઓ ઘણું કરીને સાચું બોલેછે, કબુલાતોને પાલવામાં ઘણા ચુસ્તછે, તથા હીમતવાન અને મોટાં કાંમ માંથે ઊઠાવનારાછે.

અગરજો તમે હીઆંના રસતાઓ ઊપર ફરવા નીકલોતો કદી એમ નહી વીચારો કે એજ દેશ એક હજાર વરસની વાત ઊપર એટલુંનો જંગલી હતું કે લોકોને પેહેડવાના કપડાં નહી હતાં ઈઆ કશી પરકારનું સુખ નહી હતું. પણ તે દાહાડો ફેરવાઈ ગએઓ છે. આજેતો વસતી વધીછે, લોકો મોટા મેહેલોમાં વસેછે અને સરવે ઠેકાણે દોલત તથા આબાદાંની જોવામાં આવેછે. સરવે જાતના ઊદીઓગમાં પરજા રોકાઈછે, અને સરવે ધંધાદારી કેલવણી પાંમેલાછે. એક હલકા માછી (જેનું ચીતર મેં હીઆં આપીઊંછે) થી વેપારી અને ઊમરાવ સરવે જણ કેલવણી પાંમેલાછે. કેલવણીને માટે હીઆં વરસ દાહાડે કરોડો રૂપીઆ ખરચાએછે. એવો ખરચ ઈઊરોપખંડમાં બધે ઠેકાણે થાએછે.




એ કેલવણીનું પરીનામ એવું નીપજીઊંછે કે ઈંગરેજો સુધારાના કાંમમાં ઘણા આગલ પડીઆછે. અલમ અને હોનરે હીઆં એટલુંતો કીધુંછે કે દરએક ચીજ ગોએઆ માંણસને તાબેછે. ગાંમે ગાંમ રેલવે દોડેછે, અને નદીની નીચે તથા શેહેરનાં રસતાઓની નીચે પણ મોટી સડકો બાંધેલીછે. હીંઆં કાચના મેહેલો બનાવેલાછે, તેમાં ગરમ હવામાં ઊગતાં જાહાડને પણ ગરમી આપી ઊગાડવામાં આવેછે. હીંઆં દુકાંનોમાં કાચના બારણાછે, તથા રસતાઓ પોહોલા અને સાફછે. હીંઆં ઘણાખરા ધંધામાં સાંચો કાંમે લાગેછે, બાફ, પાણી અને પવણની દરએક ઊપીઓગી કાંમમાં મદદ લેવામાં આવેછે. ખેતીવાડીનાં કાંમમાં સાંચા ચાલેછે. દલવાના કાંમમાં પવનચકીઓ વપરાએછે.

ઈંગલંડનુ પાએતખત લંડન શેહેરછે. હીઆંનાં મોટા રસતાઓ ઊપરની ઈમારતો એકસરખી અને




આ ચીતરની ઢપને મલતી હોએછે. મોહોલામાંનાં ઘણાંખરાં ઘરોને લગતો નાહાનો સરખો બાગ હોએછે. એટલી ખોલી જગાથી ઘરમાં વસનારાંઓને ફાએદો એ થાએછે કે તેઓને ફરવા હરવાની તથા બચાંઓને કસરતની જગા મલેછે. દરએક ઘરમાં ધુમાડીઆં હોએછે, તેથી બબરચીખાંનાંનો સઘલો ધુમાડો ઊપર જાએછે અને વસનારાઓની અડચણ મટેછે, એટલુંજ નહી પણ તેથી ઘર ધનીઆંણીને બબરચીખાંનાંમાં રાંધવાનુ કાંમ કરતાં ગોએઆ મોજ ઊપજેછે. રાંધણીમાં ખોરાક પકાવવામાં એક જાતની કસરતછે પણ ધુમાડા અને અગવડમાં તે કાંમ કીધાથી તનદરોસતીને જે નુકસાંન પોહોંચેછે તે હીઆં નથી. મોહોલાઓમાંનાં ઘરોનાં બારણાં બંધ રેહેછે. જો કોઈને મલવા જઈએતો બારણાંમાંનો ઘાંટ વગાડવાથી ચાકરડી બારણું ઊઘાડી આપણને અંદર લઈ જાએછે. હીઆં ઘરઘતુ ચાકરીમાં મરદો કરતાં ઓરતો ઘણી કાંમે લાગીછે. એ શીવાએ હીઆંની ગરીબ સ્રીઓ આ શીસામાં તથા બીજે ઠેકાંણે ઘણા ધંધા કરેછે.

આ શેહેરની જાહેર જગાઓ જોવા લાએકછે. આ વીડસર કાસટલ નાંમનાં મેહેલનું ચીતરછે. એ



મેહેલમાં નાંમદાર રાંણી વસેછે. તે લંડનથી આસરે વીસ માઈલ દુરછે. તે ઘણો રોનકદાર અને રલીઆંમણો મેહેલછે: તે બાહેરથી કીલાનાં જેવો લાગેછે. તે ૮૦૦ વરસનો જુનોછે, અને વખત પરમાંણે તેમાં ફેરફાર થતો આવીઓછે. એ મેહેલનો બાગ ચાર માઈલ લાંબોછે અને મેહેલે પોતેબી મોટી જગા રોકીછે. તેમાં ભેટ લેવાનાં, નાંચ આપવાનાં, ખેતાબો આપવાનાં અને એવાં બીજાં ઘણાં મોટાં દીવાંનખાંનાંઓ બાંધેલાંછે તથા તે મધે દબદબા ભરેલી ગોઠવણોછે. એ તથા બીજા ઘણા મોટા મેહેલો પાદશાહોને માટેછે, પણ તમે લોકોને માટે બાંધેલાં મેહેલ વીશે કાંઈ સાંભલીઉંછે! હીઆં તેવુંબીછે. ચોકસ મોટી અને રોણકદાર ઈમારતો પરજાને માટે બાંધેલી હોએછે. તેમાં દુનીઆંની કારીગીરીની તથા બીજી વસતુઓ એકઠી થાએછે અને તેને સંગરહસથાંન કેહેછે. તે શીવાએ લોકોને ફરવા માટે મોટા બાગો અને મેદાંનો બનાવેલાંછે, તેમાં મોટાં પુતલાં અને બેશુમાર ફુવારાઓછે. સાંજને વખતે તેમાં ઘણોજ રલીઆંમનો દેખાવ થાએછે.


ઈંગલંડમાં જાહેર તથા જોવા લાએક ઈમારતો બેશુમારછે. તેમાં કેટલાંક દેવલો ઘણાં સરસછે. "વેસટ મીનસટર આબી" નાંમનું પુરાંણું દેવલ જેનો



ચીતાર હીંઆં આપીઓછે તેમાં આજ સદીઓ થઈ નાંમીચા રાજાઓની લાસ દટાતી આવીછે. "સેંટ પાલસ" નાંમનું દેવલ ખરેખર હોનરની એક અજાએબીછે. તેને બાંધવા પાછલ સવા કરોડ રૂપીઆનો ખરચ થએલોછે. તે દેવલે પોણા લાખથી વધારે ફુટ જગા રોકીછે. તે ૫૧૦ ફુટ લાંબુ અને ૪૦૪ ફીટ ઊંચું દેવલછે. તેનાં ઓખલા કટેરાને માટે બસો ટન લોહોડું ખપેલુંછે, તેમાં ઘણો ભાગ સંગેમરમરથી બાંધેલોછે અને તેમાં જે કાંઈ જોવાનુંછે તેનો નજર વગર બીજાં કસાંથી પુરતો વીચાર આવવાનો નથી.

ઈંગલંડનાં લોકો મોજીલા ઘણાછે. જેમ તેઓ ધરમ કરેછે, તેમજ મોજ ઊપરબી પઈસો ખરચેછે.

ઘણા ઊમરાવો ચાર ઘોડાની ગાડીમાં બેસેછે. ગાડી



નાં કરતાં ઘોડાનો લોકોમાં મોટો શોખછે. મરદોની સાથે ઓરતો પણ ઘોડસવાર થઈ ફરેછે અને તમો ઈઆદ રાખજો કે સવારી કરવી એ તંદરોસતી તથા હીમત આપનારી એક કસરતછે. તેનો સોખ એટલો વધેલોછે કે સઊથી સરસ સવારી કરનાર શરત બકેછે અને તે જો શરતમાં જીતેછે તો મોટી રકમનો ધણી થઈ જાએછે.



એવી ઘોડ દોડનો તાંહાં મોટો તમાસો થાએછે અને લોકોને તેમાંથી મોટી મોજ મલેછે. તેમજ બોટોની પણ તાંહાં શરતો થાએછે. મુસાફરી કરવામાં આ લોકો મોજ લીએછે. નાટકો જેથી ચાંનાક સાથે રમુજ મલે તે પણ હીંઆં સારી રીતે થાએછે. એ નાટકો કરવાના મકાંનો મુંબઈના સઊથી સરસ મેહેલને હટાવે એવાંછે. હીઆં તમારી આંખ આગલ મોટી લડાઈઓ થાએછે, તથા નબલા જોરાવર બને છે અને માતબર ભીખારી અવસથામાં આવેછે. તમારી આંખ આગલ પાપ અને સવાબના કાંમો થાએછે અને પાપી કેવો ફસેછે તથા ભલો કેવો ફાવેછે તે તમે જોઈને સમજોછો. એ સઘલું નાટકશાલામાં જોતાં હસવું અને રડવું સાથે આવેછે, અને નાટક પુરો થતાંવાર તમે સમજોછો કે તમે જે જોઈઊંછે તે માતર ખેલછે. એવા બીજા ઘણી રીતના ખેલો અને તમાસા, મેલા અને મીજલસો, મંડલીઓ તથા ભાશાંણો થાએ છે. હું એટલુંજ કહું છઊં કે ઈંગલંડ દેશની એકજ જગા જોવાને જો તમો હીંઆંવેર આવોતો તે મેહેનત ફોકટ જવાની નથી.

હું છઉં તમારો
વાહાલો ભાઈ.

## અજીરણ અથવા બાદી.

ઈંગલંડનો ઠાંમસ વાટસન નાંમનો એક પરખે આત તબીબ લખેછે કે "બાદી સુધરેલી પરજામાં સાધારણ દરદછે. બીજાં કોઈબી દરદ કરતાં ખાવા પીવાથી નીપજેલાં દરદ વીશે વઈદની ઘણી સલાહા લેવામાં આવેછે અને હું વઈદક શાસતરને લગતી એવી એકુ બાબદ નથી જાંણતો કે જે વીશે લોકોમાં એટલો બધો વેહેમ અને આડા વીચારો ફેલાવો પાંમેલા હોએ."

પીઆરી વાંચનારી બાઈઓએ આ વીચારો ઊપર ધેઆંન આપવું. જેમ માંણસ સુધરતું જાએ છે તેમ સગવડ અને મોજની નવી રીતીઓ તેને હાથ આવતી જાએછે અને તેમ તેનાંમાં આલસ તથા માંદગીનો વધારો થતો જાએછે. એવું કેહેવાએછે કે માંણસને મરવું ઈઆ જીવવું તેનાં હાથમાંછે. ખોદાતાલાએ તેનાં શરીરને એવું બનાવીઊંછે કે કુદરતનાં કાંમમાં કસીબી અડચણ નહી નડે એવો પુરતો સંભાલ હંમેસ લેવાતો હોએતો તેની દેહ જેવી ને તેવી હાલતમાં રેહે અને માંદ અથવા મોહોતની તેને જાણી ધાસતી રેહે નહી. પણ વાત એછે કે માંણસ ઘણું અધુરૂછે અને સદા એવો સંભાલ રાખવાની તેનાંમાં તાકાત નથી. તોપણ બનતાં સુધી શરીરની માવજત લેવાથી તનદરોસતીમાં વધારો થાએછે એ વાતનેતો કોઈ નાં પાડવાનું નથી.

ખાવા પીવા વનાં માંણસને ચાલેતો નહી, તોપણ એ કાંમમાં અંદાજો રાખવો સારી ચીજછે અને હાલ જે દરદોને આધીન થવું પડેછે તેમાંના કેટલાંક તેવા અંદાજથી નહી ખાવા પીવાને લીધે થાએછે. એવાં દરદોમાં સઊથી સાદું અને સાધારણ દરદ બાદીનું છે. તેને અજીરણ પણ કેહેછે. તેનાં કારણો જાણવાં જરૂરનાંછે, અને વાંચનારાંઓએ ઈઆદ રાખવું કે જુદાં જુદાં દરદોના કારણો જાણવા વગર માણસને તેઓ વીશે સંભાલ લેવાનું બની શકે નહી.

માણસના પેટમાં ખોરાક પચાવવાને જે માંદો મેલેલોછે તે તંદરોસતીના વખતમાં કેમ કાંમ કરેછે તે જાંણવા જોગછે. ખોરાક માંદામાં જવા પછે પરથમતો તે તેમાં છુટથી દોડતો ફરેછે. તે એટલા માટે કે તે નરમ થવા પછે હોજરીમાંનો રસ તેનાં દરએક ભાગ સાથ સારી પઠે મલી જાએ જેવો ખોરાક હોજરીમાં ગએ

આ તેવો આ રસ ટીપે ટીપે તેમાં એકઠો થાએછે. તેનો સવાદ ખાટો હોએછે અને તે ખોરાકને પગલાવવાનું પેહેલું કાંમ કરેછે. આ રસની અસરથી સઘલો ખોરાક પોચો લાહી સરખો બનેછે. તેને "કાંઈમ" અથવા "અહાર રસ" કરી કેહેછે. હીઆંથી તે હોજરીનાં એક "પાઈલોરસ" નાંમનાં છેડાને રસતે આંતરડાંનાં સઊથી ઊપરનાં ભાગમાં જાએછે (જેને "ડુઓડીનમ" કરી કેહેછે.) એ ભાગમાં પીત, આંતરડાંને લગતો એક રસ અને એક શુકનાં સરખી પદારથ રેહેછે, તેમાં ઊપલો પીગલેલો ખોરાક મલી જાએછે. એ મેલાપથી આ ખોરાક દુધનાં સરખો બનેછે, અને તેનો મોટો જથો આ જગોએથી બીજી રગોની મારફતે લોહીમાં પેવસ થઈ બદનનુ પોશન કરેછે તથા બાકીનો કચરો જાહાડાને રસતે બાહેર નીકલેછે. એ કાંમને બેથી ચાર અથવા પાંચ કલાક લાગેછે. ખોરાક પીગલવાનુ કાંમ નજરે જોવાએલુંછે. અમેરીકાનાં એક શીપાઈને જખમ લાગાથી તેનાં પેટનો કેટલોક ભાગ ખોલલો પડીઓ હતો અને તે વખતે તેને જુદો જુદો ખોરાક આપીને માંદાંમાં તે કેમ પચેછે તેની ડાકટર બોમન નાંમનાં એક તબીબે તપાસ કીધી હતી.

એ સઘલું કાંમ એક કુદરતી હાલતની હોજરી બજાવી શકેછે, પણ કોઈવાર જારે એવું બને કે તે હાલતમાં બીગાડ થાએ અથવા તેમાં ગએલો ખોરાક જોઈએ એવી હાલતમાં નહી હોએ તારે બદહજમી થાએછે અને તેને બાદી કેહેછે. એવો દરદી માંદા ખોરાક પચાવવાને ના પાડેછે, અથવા તેમાં ખોરાકને પીગલાવવા માટે જે રસ બનવો જોઈએ તે ઓછો વધતો ઈઆ નઠારી હાલતમાં બનેછે, અથવા કેટલીક ચીજો એવી હોએછે કે આ કાંમ કરનારાઓનું તે ઊપર કશું ચાલી શકતું નથી. તે ઊપરથી સઘલો ઈઆ થોડો ઘણો ખોરાક માંદા મધે પડી રેહેછે અને તેમાંથી જે દરદ નીવડેછે તે ખરેખર કંટાલા ભરેલું અને માણસ જાતને હેરાણગતી પોંહાંચાડનારૂંછે.

કુદરતનો નીઅમછે કે હોજરીનું કાંમ બરોબર ચાલે એટલા માટે તે મધે ખોરાક ચોકસ હાલતમાં જવો જોઈએ અને તેથી ઊલટી હાલતમાં જો ગએઓ હોએતો બદહજમી થવા વીના રેહે નહી. તેને માટે પેહેલો હીકમતો એછેકે ખોરાકને માંદામાં મોકલવાની આગમચ તેને સારી પઠે ભાંજીને આટો કરવો જોઈએ. એ કારણને માટે મોહોડાંમાં દાંતની ઘંટી મેલીછે, જે વટે ખોરાકને સારી પઠે દલવો જરૂરનોછે. તેથી તેની બારીક ભુકી કરીને જો તેને હોજરી મધે જવા દીધો નહી હોએતો અંદર જતાં જોઈએ તેમ તે પીગલી શકતો નથી. ખોરાકનાં મોટા ગાંગડા ઊપર નબલી હોજરીનું કાંમ ચાલી શકતું નથી. હોજરીનાં રસની તે ઊપર અસર થતી નથી, પણ તેમાંની ગરમી અને ભીનાસથી તેવા ગાંગડા બગડી જાએછે. તેમાં ખતાશ પેદા થાએછે, અને ખરાબ હવા નીકલેછે.

કેટલીક ચીજો ઊપર માંદો સેહેલાઈથી કાંમ કરી શકેછે. પણ કેટલાક ભાજીપાલા ઊપરનો લીલો રંગ, મેવાનાં ઠરીઆ અને છાલ, એવી ચીજો ઊપર હોજરીમાંનાં રસનું કાંઈ ચાલતું નથી. પણ એ રસ સાથ ભેલાવા વનાં જે ખોરાક હોજરીમાંથી આગલ વધેછે તે એમનાં એમ આંટરડાંમાં ઈઆ બીજી જગોએ પડી રેહેછે અને તેમાંથી ખરાબી ઊઠેછે. તેજ પરમાંણે વલી ખોરાક પીગલીઆ પછે આંટરડાંનાં જે ભાગમાં જવો જોઈએ, તે ભાગમાં જો એવા અધકચરા ખોરાકને રસતો મલતો નથી તો તે માંદામાં દીવસનાં દીવસો સુધી પડી રેહેછે. જે પછે ઈઆતો મોહોડાં ઈઆ જાહાડાને વાટે બાહેર આવેછે.

બીજાં દરદોની મીશાલે અજીરણની ચોકસ નીસાંણીછે. તેમાંની પેહેલી નીશાંણ એછે કે બાદીવાલાં આદમીને ભુખ લાગતી નથી. હીઆં કુદરત કાંમ કરેછે. હોજરીમાં ખોરાક અટકી પડેલો હોએ તેટલાં જો તેમાં વધારે ખોરાક જાએતો તેનું દુખ વધી પડે. એટલા માટે કુદરત તેની ભુખને મારી નાંખેછે અને તેથી ખાવાની ચીજ જોતાંવારજ તે પોતાનું મોહોડું ફેરવી નાંખેછે. કોઈવાર દરદીમાં એથી ઊલટુંબી દેખાએછે. તેને અતીઘણી ભુખ લાગેછે પણ તેમ સરવેને બનતું નથી. અજીરણની બીજી નીશાન એછે કે ખાંણું ખાધા પછે તરત ઊલટીની તલપ થાએછે અથવા થોડાવાર પછે ખાધેલું સરવે તે પાછું કાહાડેછે. એ રીતે બાહેર કાહાડેલી પદારથો ખટાસ મારેછે. તેમાં કેટલુંક પીટ પણ પડેછે. તરીજી નીશાન એછે કે પેટમાં "પવણ ઊતપંત થાએછે" અને અટકાર આવેછે. હોજરીમાં જે ખોરાક પચવા વગર પડી રેહેછે તેમાંથી ખરાબ "ગેઆસ" અથવા હવા નીકલેછે અને તે આ નાગણીનું

મુલછે. અજીરણવાલાં માણસનું પેટ ફુલી આવવાનું સાધારણછે.

હોજરીને લગતું દરદ કાંઈએક આકારમાં દેખાવ દેતું નથી. ડાકટર બડ નામનો વીદવાન કેહેછે તેમ કોઈવાર માંદો ખાલી હોએછે તારે દરદ લાગેછે અને ખોરાક ખાતાંવાર તે દુર થાએછે. ડાકટર વાટસનના એક મીતરને આ દરદ એક દીવસમાં ઘણીવાર થતું હતું તેથી તે પોતાની સાથે હંમેસ બીસકોટ રાખતો હતો અને તેથી તે ખાધાથી તુરત દુખ નરમ પડતું હતું. કોઈવાર આ દરદ ખાઈ રેહેવા પછે થાએછે, અને ઊલટી થવા સુધી તે નરમ પડતું નથી. જારે ખોરાકને પીગલાવનારો રસ પુરતો નહી હોએ તારે દરદીના પેટમાં ભાર અને તેને ઘણી સુસતી લાગેછે. કોઈવાર વલી ખાંણું ખાધાને એકુબે કલાક જવા પછે દુખ શરૂ થાએછે અને લાંબો વખત સુધી તે ચાલુ રેહેછે. આ જાતનું દરદ સાધારણછે. કોઈવાર એ દરદ ચોકસ વખતેજ થાએછે. અજીરણનો એક બીજો આકાર લગાર નવાઈ સરખોછે. તે એછેકે સીપી અથવા પેટના ખાડા આગલ આગ બલેછે, અને એક પાણી સરખી પદારથ મોહોડાં વાટે બાહેર પડેછે. એ પદારથ ઊલટી કરતાં અટકાર સાથ વધારે નીકલેછે. આ જાતનુ દરદ હલકા વરગના લોકોમાં તથા મરદો કરતા ઓરતોમાં વધારે હોએછે. અજીરણની સાથે કેટલાંક બીજાં દરદો પણ થાએછે. જેમકે માથુ દુખેછે પીસાબ બીગડેછે, અને કોઈવાર દમનાં તથા બીજા મરજ થાએછે.

આવાં દરદોને વખતે વઈદની સલાહા લેવામાં ફાએદોછે. તેમનાં ઊપાએ કરવાનું વઈદનાં હાથમાં છે, અને તે દરદ પાછાં નહી થાએ તેનો અટકાવ કરવાનું દરદીનાં હાથમાંછે. હમો જે લખીએછે તે એવાં દરદોને અટકાવા વીશેછે, અને તેટલા માટે ખાવા પીવાનો સંભાલ લેવાની ફરજછે. આ વાત ધેઆંનમાં રાખવી કે દવાઈનાં કરતાં ખોરાકની જતન અજીરણનો વધારે સંભાલ કરેછે માટે ભુખ હોએ તેથી વધારે ખાવું નહી, અથવા જેટલો ખોરાક પચાવાની હોજરીમાં શકતી હોએ તેટલોજ ખોરાક લેવો. બીજી વાત એ ધેઆંનમાં રાખવી કે ખોરાકને માટે વખત લેવો. ડાકટર એબરનેથી અજીરણનાં દરદ સારાં કરવામાં પરખેઆત થએઓછે. તે પોતાંનાં દરદીઓને હંમેસ એકક ખાંનાં વચે છ કલાક ગાલી કાહડવાનુ ફરમાંવતો કે તેટલા વખતમાં 'હોજરીમાંનો સ' ઘલો ખોરાક પચી રેહે. તરીજો સંભાલ ખોરાકની જાતમાં લેવો. કેટલીક ચીજો બીજીનાં કરતાં વધારે સેહેલાઈથી હજમ થાએછે. એવા ખોરાકમાં ગોસતને મુખીઅ ગણવામાં આવેછે. દારૂ જેટલો થોડો પીવામાં આવે તેટલો વધારે ફાએદો થાએછે અને છેલ્લે દર રોજ કસરત કીધાથી તથા મંનને ખુશી રાખવાથી પણ હોજરી ઊપર સારી અસર થાએછે.

જે ભોલી સ્રીઓ ઘણો મસાલેદાર અથવા ઘણું ચરબીદાર ખાંનું પકાવેછે તેઓએ ઈઆદ રાખવું કે એ કાંમ નુકસાંન ભરેલુંછે. જેમ ઘણી જાતની વાંણી ખાવાથી માંદો નખલો થાએછે અને ભુખ વધારીને વધારે ખાવાનું ભાવેછે તેમજ ઘણી જાતનો મસાલો નાંખવાની અથવા સવાદ આપવા માટે સરકા અને સાસ બનાવાનીબી વઈદો ભુલાંમણ કરતા નથી. બીજું એકે ઊતાવલે ખાંણું ખાવા કરતાં ધીમે ધીમે અને વાત કરીને ખાવાથી માંદાને સારી કસરત મલેછે માટે ઘરમાં માં દીકરાં અથવા સાસુ વહુઓએ એકઠાં બેસી હસી રમીને ભોજન જમવાને ભુલવું નહી.

## હું અને મારી બાએડી.

એક દાહાડે સીરે પોહોરે હું દરીઆ કાંઠાં તરફ જઈને બેઠો હતો. આસપાસનો દેખાવ તે વખતે ઘણો રલીઆમણો હતો. મારા માથા ઊપર એક સરોવરના ઊચા જાહાડનો છાએઓ હતો સમુદરમાંના મોજા જોસથી એકેક ઊપર ઊછલીને જમીન તરફ આવતા હતા, પવણની શીટલ લેહેકી તે ઊપર ગોએઆ સવારી કરતી હતી, આકાશ તદન ખોલુ હતું, બીજી બોરદુમાંનાં આખા મેદાન ઊપર લીલોતરી ભરેલો ગાલીચો પાઠરેલો હતો અને રોજગારી શેહેરમાંનો સામટો અવાજ દુરથી કાંને વાજતો હતો. પણ આ સઘલા દેખાવે મારા ઊપર કાંઈ અસર કીધી નહી હતી. મારૂ મન તદન રોકાએલું હતું અને આસપાસની કુદરતી રચના તરફ મેં આડી આંખેબી જોઈ઼ી નહી હતું. મને મારા ઘરમાં મારી બાએડી જરી સાથ કજીઓ થએલો હતો. એવા કજીઆ મારા ઘરમાં સાધારણ હતા.

આ વખતે મારી બાએડીએ નજીવાં કારણ ઊપરથી છીટું શોધીઊં હતું. પોતાનાં બચાંને તે હંમેસાં માર મારતી હતી. મેં તેને સમજાવીઊં હતું કે બાલક તકસીર કરેતો તેને સમજ પાડીને તેની ભુલ દેખાડીએ અથવા બીજા બાલકોમાં તેને હલકુ પાડી નાંખીને તેનાં મંન ઊપર અસર કરીએ કે તેથી તે બચુ ફરીથી તેવી ચાલ ચલાવે નહી. બાકી તેનાં વાંક ઊપરથી પોતાનો મીજાજ ખોહી દઈ તેને માર મારવાથી તે બચાંનો સવભાવ પણ તેવો ખરાબ થાએ છે તથા તે સાથે બચુ શોખ થાએછે અને તેની તનદરોસતી બીગડેછે. આટલુ સમજાવા છતા જરીએ પોતાના બચાંઓને મારવાની ટેવ મેલી નહી હતી. ઊપર જણાવેલે દીવસે હું મારા ધંધા ઊપરથી થાકીને આસાએસને ખાતર ઘરમાં આવીઓ. પણ તે વખતે મેં જોઈઊતો જરીનાં મોહાડાં ઊપર થોબરો ચહડેલો હતો અને છોકરાંઓ રડતાં હતાં. મેં તેને કારણ પુછીઊં પણ મને તેણે જવાબ નહી આપીઓ. છોકરાંઓ ફરીઆદ કરવા લાગાં કે માંએ માર મારીઓ. તે ઊપરથી મેં જરીને મારા ઓરડામાં બોલાવી ફરી શીખાંમણ દીધી. પણ તેથી તેણે મારી સાથબી મીજાજ ખોહેઓ. તે બોલી કે "ઓ વાએ શાવખરા! એ તમે શું દોલા બોલોચ? તમારો જુલમ હવે ખમાવાનો નથી. રાતને દાહાડો તમારાં દુકતાં માંગી માંગી બોલાવેછે ને હવેતો એવો કાર લાગેછે કે જાંણે જઈને કુવો તલાવ પુરૂં. તમેબી વલી મરતીને મારોચ! તમારી મેં શું ખાધામણ ખાધી? તમે મને શું પેહેડાવીઊં હોશારીઊ કે વલી એટલી લાહેરી કરોચ? મુંવાં એવાં દુકતાંને કોણે માંગીઆંતાં?" એવા એવા શબદોથી મારાં દીલમાં મને ઘણું લાગી આવીઊં. હું ઊઠીને તુરત દગલી પાઘડી પેહેડી ઘરમાંથી નીકલી આવીઓ અને જે જગા ખરી આસાએસની તેને છોડીને હું દરીઆ કાંઠેની રેતી ઊપર બેસીને અંદેશો કરવા લાગો. હું બોલતો હતો કે—

"ઓ ખોદા! મેં તારી શું તકશીર કીધી કે તું મને આ અપજારમાં નાંખી મેલેછે? મારો છુટકારો કાંએ નહી કરતો? મને તું તારી દરબારમાં કાંએ બોલાવી નહી લેતો. અરે મારા બાપ! એટલું બધું તે શું વહી જતું હતું કે છેક મારી આઠ વરસની ઊમરમાંથી તમે મને પરણાવી દીધો અને સદલાનાં શંસામાં મને નાંખી મેલીઓ? ઓ મુરખ ઓરત! એવી ગાંડી તું કેમ બનીછે કે મારી સરવે મેહેનત છતાં તું સુધરતી નથી. તારી તરફ હું પીઆર રાખુ છઊં. તુંને મારા જીવ સરખી ગણું છઊં. પણ મને દુખ દેનારતો તું થઈ પડીછે. જારે હું ઘરમાં જાઊં છઊં તારે મને આરામને બદલે તુ કંટાલો આપેછે. તું તારા નકામાં કુટલા અને રાવ રાંણી કાહડી બેસેછે. તું કાંઈને કાંઈ ફરીઆદ કરી મને ઓર વધારે થાક ચહડાવેછે. તું હંમેસાં નવાં ઘરેણાં અને કપડાં માંગેછે. તું હંમેસાં મારી પાસે આડા ખરચ કરાવેછે. પણ એ મોટો જુલમછે. છતે પઈસે હું દુખી ફરૂં છઊં. મારી લાએકી છતાં મને એક અપત ઓરત મલીછે, જેનાં આડા વેહેમો મને હેરાંણ કરેછે." એવી એવી મારા જીવસે હું ફરીઆદ કરતો હતો તેવામાં તાહાડાપોહારની લેહેકીની એવી અસર થઈ કે હું તાંહાંજ ઊંઘાઈ ગએઓ.

ઊંઘમાં મેં એક સપણો જોએઓ તે મને પુરતો ઈઆદ નથી, મારે જે ઈઆદછે તે હું લખી જણઊં છઊં. મેં પોતાંને એક નાંહાંનાં દીવાનખાંનાંમાં બેઠેલો જોએઓ. આ! હા! તે દેખાવ હું કદી ભુલશ નહી. જોકે તે મારા ઘરનાં ઓરડા કરતાંતો નાંહાંનો ઓરડો હતો, તોપણ તે ઘણો સારો હતો. તેનાં સફાઈ, સંભાલ, અને શોખ દરએક ખુણે નજરે પડતાં હતાં. ઓરડાની દેવાલે રંગત કાગજો ચોંહાંટડેલાં હતાં, અને જમીન ઊપર સાદરી જડેલી હતી. વચોવચમાં એક ગોલ ટેબલ હતી અને ચાર દેવાલ આગલ ચાર નાંહાંની ટેબલો ઊપર રમકડાં તથા ફુલનાં કુંડાં ગોઠવેલાં હતાં. વચમાંની ટેબલને માથે એક સુન લાંપ ટાંગેલો હતો તથા તેની આસપાસ સોભાઈતી ખુરસીઓ તથા કોચો ગોઠવેલી હતી. પાસે સુવાના તથા ખાવાનાં જુદા ઓરડા હતા અને તાંહાં પણ સારી સોભાઈ દીસતી હતી.

આ ઘરનો ધણી હું થએઓ અને મારી જરીને એજ ઘરમાં કારોબાર ચલાવતી મેં જોઈ. આ વખતે જરી મારે મનસે સઊથી શુંદર અને શીઆંની લાગતી હતી. તેનો ચેહેરો સદા હસતો ને હસતો હતો. તેને માથે માંથુંખાંનું નહી હતું પણ એક જાતની તાપી પેહેડેલી હતી અને બાકીનાં બાલ ખોલા હતા. સારીની સોડ માંથાં ઊપર નહી પણ ખાંધ ઊપ

રજ હતી અને તેણે પોતાનાં બદીઆનનાં ગજવાંમાં એક સુંદર ઘડીઆલ રાખીઊં હતું જેની સાંકલીનો છેડો તેની ગરદનમાંથી થઈને ઓલવાએલો હતો. જરીએ વલાં બુટ અને મોજાં પેહેડેલાં હતાં અને હાથ માં કાચનાં ચીનલને બદલે ખાંગડી રાખી હતી. એ નવી જાતનાં પોશાકથી તે એવી શોભતી હતી કે મારીં આંખ ઠરતી નહી હતી.

મેં સપનો જોએઓ તારે સહવારનાં આઠ વાગેલા હતા. તારે જાણે હુમે સરવેજણ એક ટેબલ ઊપર જમવા બેઠા હતા. મારી જર "હેડ" ઊપર બેઠેલી હતી, તેની એક બાજુએ હું હતો અને બીજી ગમ મારાં બચાં હતા. નાસતામાં કાંઈ મોટાં પકવાનો નહી હતાં તોપણ એવું લાગતુ કે જાંણે કોઈ પાદશાહાની ટેબલ ઊપર હું જમવા બેઠો. જમી રેહેવાબાદ છોકરાંઓ બાગમાં રમવા ગએઆં. તાંહાં જરે તેઓની કસરતને માંટે દોરડાનાં હીંચકા અને બીજું કરી રાખેલુ હતું તે ઊપર બચાંઓ વારા ફરતાં ચહડતાં હતાં અને એક એકને મદદ કરીને રમતાં હતાં. પણ તેવામાંતો વલી તેઓ વચે કાંઈ વાંધો પડી ગએઓ જેથી તેઓ માં પાસે ફરીઆદ કરવા આવીઆ. માએ તેઓને મારવાને બદલે સમજ પાડી અને એક એકશે સંપથી રેહેવા માંટે તેઓને કાંઈ લાલચ દેખાડી. તેથી બચાં ખુશી થઈ ગએઆં અને તેઓ દોસતી કરી પાછા એકેકને ચુંમી લઈ રમવા લાગાં.

હુ નાસતો ખાધા પછે તરત મારાં પુસતકખાનાંમાં ગએઓ. તાંહાં જર બબરચીને બજારને લગતા હોકમ આપવા પછે આવીને મારી સાંમે બેઠી. નીઊસપેપરો તપાસીઆંતો "ટાઈમસ" નાંમનુ પતર મલીઊ નહી. તે ઊપરથી જર દલગીર થઈ અને ચાકરને બોલાવી પુછવા લાગી. ચાકર તે દાહાડે "ટાઈમસ" ને હેઠેથી ઊપર લાવી મેલતાં ભુલી ગએઓ હતો માટે જરે તેને ઠપકો આપીઓ. ટાઈમસ આવીઆ પછે જર તે વાંચવા લાગી અને હું એક બીજુ પતર વાંચતો હતો. થોડા વારમાં જર મોટા હરખથી બોલી ઊઠી કે "વાહાલા શાવખશા આ વાંચોતો. અમેરીકાની લડાઈનું જલદી શેવટ આવશે એવું લાગેછે. ઊતરવાલાઓની મોટી ફતેહ થઈછે." મેં તે વાંચવાને બદલે જર પાસેજ વંચાવીઊં, ને વાંચીને જર બોલી ઊઠી કે "આફરીન ખોદા! તારૂ કાંમ સદા એવુંછે.' પીઆરા શાવખશા હું કેહેતીતી નહી કે આ લડાઈ ભલાને કાજ થાએછે અને શેવટ સારૂં જ આવશે." મને જરનાં વીચારમાં કાંઈ ભુલ લાગી. તે ઊપરથી સમજમાં ફેર પડીઓ અને જરે તકરાર ચલાવી. તે તકરાર એક ચોકસ બોલ ઊપર આવી જેથી જર તુરત કબટ ઊંઘાડી ચોપડીઓ લાવી અને પાંણાંઓ ઊઠલાવી મારી ખાતરી કરી આપી કે મારી ભુલ હતી. એ ઊપરથી મેં તેનો ઊપકાર માંનીઓ અને તે ખુશી થઈ.

એમ ઘણોક વખત થવા પછે હું આફીસમાં જવા નીકલીઓ. જરે મારી ગાડી જોડવાનો હોકમ આપીઓ. છોકરાંઓની સકુલનો વખત થએઓ તોબી તેઓ બાગમાંથી આવીઆં નહી માટે જરે બારીએથી અસારત કીધી. તેને બુંમ પાડવાની બીલકુલ ટેવ નહી હતી. તેની અસારત અને આંખના દોલા જોઈને જ છોકરાંઓ ઠરી ગએઆં અને પોતપોતામાં વાતો કરવાં લાગાં કે "આજે આપણે રમતમાં ઘણો વખત કાહાડીઓ. માજી ગુસે થએઆં હશે. આપણ તરત જઈને માફ માંગીએ કે તેવણ આપણ ઊપર પાછી મેહેરબાંની રાખે." છોકરાંઓ ઊપર આવીઆં કે માએ મીઠા બોલોમાં ઠપકો આપીઓ. "એ તમુને લાએક નથી. રમવામાં થોડો વખત લેવો જોઈએ, પણ તમે સકુલની વાત કેમ ભુલી ગએઆં? તમે હવે મોટા થવાના વાસતે સીખશો નહી તારે આફીસમાં કેમ જશો ને પગાર કેમ લાવશો?" છોકરાંઓ આ વાતથી પોતાનો મોટો વાંક સમજીને શરમાઈ ગએઆં અને સરવેની તરફથી વડા છોકરા ફરાંમરોજે માને ગલે વલગી માફ માગી લીધી. માએ માફ કીધી તારે સરવે જણ આવીને તેને ગલે વલગીઆં અને તે દેખાવ જોઈને મને મોટો હરખ પેદા થએઓ. ને પછે માએ છોકરાંઓને ઈસકુલને માટે તઈઆર કીધાં અને ઈસકુલ જોકે દુર હતી તોપણ ચાલતા મોકલીઆ કે એટલું અંગ કસાએતો સારૂં.

હું આફીસમાં જવા પછે જરે કેમ વખત ગુજારીઓ તે મેં નજરે જોઈઊં નહી તોપણ હું ધારૂં છઊં કે એક આરસીને માટે તેણે ચીકણ ભરવા માં ડેઆં હતાં તે પુરાં કરવા પાછલ લાગી હશે, કારણકે બીજે દીને પતેતી હતી અને તેથી જરે થોડાંક સગાં વાહાલાંઓને ઘરમાં બોલાવાની ગોઠવણ કીધેલી હતી. તે દા

થે જરે એક ઈંગરેજી વાત વાંચવાની શરૂ કીધેલી હતી. વલી પતેતીને વાસતે ઈંગરેજી ચોપડીમાં લખવા પર માંણે કાંઈ મીઠાઈ બનાવવામાં પણ જરે કેટલોક વખત રોકીઓ હતો. પણ બપોરપછે તેની એક ચીઠી મારી આફીસમાં આવી જે મધે લખીઊં હતું કે નાંહાંનો બુચો શોહોરાબ એકાએક આજારી પડેઓ હતો. હું જઈ પુગો તેટલાંતો જરે તેને સારી માવજતથી રાખેલો હતો. તેની નાડ જોઈ હતી અને તે કેમ આજારી પડેઓ હતો તે માંટે તજવીજ કરતાં એવું કારણ શોધી કાહાડીઊં કે તે દાહાડે તેનાં પેટમાં જરા વધારે ખોરાક ગએઓ હતો. તેથી તેણે ઘરતી દવા મંગાવી હતી. દવા આપવાની આગમચ ડાકટરે બાટલી ઊપર ઈંગરેજીમાં જે ટીકીટ મારી હતી તે જરે વાંચી અને જોઈઊં કે તેણે મંગાવેલી દવાછે કે નહી અને વધતી ઓછીછે કે બરાબરછે. જરે ઈંગરેજી ચોપડીઓ વાંચીને ઘરધતુ દરદોનું થોડુંક ગનેઆંન મેલવીઊં હતું.

સાંજનાં વલી પાછું ઘર વાજતું ગાજતું થએઊં. છોકરાંઓ રમતાં રમતાં નીશાલેથી આવીઆં અને પાછી માને કોટી કીધી. નીશાલને લગતી છોકરાંઓ હસતાં હસતાં વાતો કરવા લાગાં. તેવામાં ચાહ પાંણીનો વખત થએઓ. તે કીધા પછે જરે ફરવા જવાની તઈઆરીઓ કીધી અને મને તથા છોકરાંઓને સાથે લઈને તે પાલવે ફરવા ગઈ. તાંહાં વાજુ વાગતું હતું માંટે જરે ગાડી ઊભી રખાવી તથા પછે ગાડીમાંથી ઊતરીને હમે ગોલ ઘેરાવામાં ફરવા લાગાં. તાંહાં ઘણાં ઓલખીતાઓ મલીઆં હતાં. તાંહાં જોઈ ઊતો ઘણી પારસણો જરના સરખાજ પોશાકમાં આવી હતી અને પોતાના વરોની સાથે એમજ ફરતી હતી. તે જોઈને ઈંગરેજો ખુશી થતા તથા ઈંગરેજ ઓરતો આવીને શેકહેંડ તથા વાતો કરતી હતી. જરા અંધારૂં થએઊં કે હમે પાછાં ગાડીમાં બેઠાં અને વાજાં તરફ વધારે ધેઆંન આપીઊં. તે વખતે વાજામાં એક તદન નવો રાગ વાગતો હતો માંટે જર ધેઆન આપી સાંભલવા લાગી અને ઘર જઈને તે રાગ જરની ચોપડીમાંછે કે નહી તે જોવાનો વીચાર કીધો.

એ રીતે મોજ કરીને હમે ઘર આવીઆં. તાંહાં દરવાજા આગલજ હમારાં કુતરાં હમુને પેઆરથી લેવા આવીઆં. છોકરાંઓ તેમની સાથ રમવા બેઠાં, પણ બરજોરે જોઈઊં કે તેને તે દીને ચાકરે નહવાડીઊં નહી હતું તે ઊપરથી તેણે ચાકરને બોલાવીઓ અને તેની ભુલ દેખાડી. એવી ઘણી રીતે જરે અતીઆરથી પોતાના બચાંઓને લોકોમાં પોતાનો મરતબો જાલવવાની તથા પોતાને માટે ચોકસ માન ધરાવાની ટેવ પાડતી હતી. રાતનાં ઓરડામાં મુન સલગાવેલું હતું જેથી સરવે ચીજોમાં ગોએઆ નવો જીવ આવીઓ હતો. પરથમતો જરે પોતાનાં સરેસતા પરમાંણે છોકરાંઓને આસપાસ બોલાવીઆ અને નીશાલે શું સીખી આવીઆં તેનો હીસાબ માંગીઓ. છોકરાંઓએ પોત પોતાના ધડા દેખાડીઆ. તે બોલી કે "ફરાંમરોજે આજે પોતાનાં ધડા ઊપર ધેઆન આપેલું દીસતું નથી." ફરાંમરજે કારણ દેખાડીઊં તારે વલી જરે તે બાહાલ રાખીઊં અને શીખાંમણ દીધી કે આવતી કાલે તેમ કરવું નહી. તારપછે વલી જરે બરજોર દીકરાને શાબાસી આપી કારણ કે શોહોરાબનાં કરતાં તે આજે વધારે શીખેલો હતો. એ ઊપરથી શોહોરાબ શરમાઈ ગએઓ અને કબુલ થએઓ કે કાલે વધારે ધેઆંન આપશે. જર બોલી કે "જોઊંચતો હવે. તમે તમારી કબુલાતો પાલોછો તે વાસતે હું તમારી ઊપર ભરોસો રાખુ છઊં." એવા મીઠાસથી જર પોતાનાં બચાં કેલવતી હતી અને છોકરાંઓને શીખવાને વધારે ખાહેશ થતી હતી. મારાં બચાં કદી નીશાલે જતાં રડતાં નહી હતાં પણ તાંહાં જવા વગર ચાલે નહી એવું સમજે તે રીતે જર તેઓ સાથ વાત કરતી હતી. તેને નેતરનીતો કદી ગરજ પડતી નહી હતી. શીખવીઆ પછે જર છોકરાંઓને ખોદાની બંદગી કરવા મોકલતી હતી.

તારબાદ રાતનાં ખાનાંનો જે વખત રહેઓ તેટલાંમાં જર મારી સાથ વાત કરવા લાગી. મેં પુછીઊં કે "વાહાલી જર આવતી કાલને વાસતે શું તઈઆરી કીધીછે?" જર બોલી કે "મેં તમારા ભાઈઓને તથા ફેમલીને ચીઠી લખીને ઈજણ કીધેલુંછે અને માહારી બેહેનોને બોલાવેલીછે. બપોરને વાસતે બેતરણ વાણી કરાવેલીછે ને રાતને વાસતે આ ચોપડી પરમાંણે થોડી મીઠાઈબી કરાવેલીછે. આપણાં મેહમાંનોની રમુજને ખાતર મેં થોડાં નવાં ગાએણ શોધી કાહાડેલાં છે, તે સાથે એક મછવો ભાડે રખાવીઓછે કે સાંજનાં બધાંજણ સાથે દરીઆમાં ફરી આવીએ." એવી વાતો કીધાબાદ હમે જમવા બેઠાં અને જમી રહીને જર

"પીઆંનાફોરટ" વગાડવા બેઠી. તેણે કીઊ ગીત ગાવું તે વીશે મારી મરજી પુછી, જે પછે તે વગાડવા લાગી અને હું મોહોડેથી ગીત ગાવા લાગો. છોકરાંઓ થોડોવાર બેસીને મને તથા માને પગે લાગીને સુવા ગએઆં. જર ઘણીજ હરખમાં આવીને પીઆનો ઊપર એવાં આંગલાં ચલાવા લાગી કે હું નાંચવા મંડી ગએઓ અને વીચારવા લાગો કે બધી ઓરતો એવી હાએતો દુનીઆં કેટલી સુખી થાએ. આ વખતે સરેસતા કરતાં વધારે ઘોગાટ થવાથી હું જાગી ઊઠીઓ અને જોઈઊંતો રાતનાં આઠ વાગતેની તોપ પડવાથી મારી ઊંઘ ગઈ હતી.

હું આંખ ચોલતો ઊઠીને પછે વીચારવા લાગો કે આતો માતર મેં એક સપનો જોએઓ હતો અને મારી જર કાંઈ ખરેખર સુધરી નહી હતી પણ તે કજીઆખોર સ્ત્રીનો હજુર હુંતો ભરથાર હતો. મેં વીચારીઊં કે સપનામાંની અને મારી ખરી જરમાં ફરક એ હતો કે પેહલી ઈંગરેજી શીખેલી હતી અને તેથી તે પોતાની ફરજો સારીપેઠે સમજતી હતી.

## બીજાપોર અને તાંહાંની ઈમારતો.

બીજાપોર શેહેરનું થોડુંક બેઆંન હમે ગઈ વેલા કીધું હતું અને તેનું એક ચીતર આ આંક મધે આપીઊંછે. હીંદુસતાંનમાં ખરેખર એ શેહેર હાલ મુસાફરને ઘણી લાલચ આપેછે અને તેમાં એટલી બધી જોવા લાએક જગાઓછે કે તે સઘલી જોઈ વલતાં થાકી જાએછે. અલબતાં એ સરવે મકાંનો આગલા વખતનાં હોવાથી હાલ જોકે નાંસ પાંમેછે તોપણ તેમનો મોટો ભાગ સલાંમત રહેઓછે. બીજાપોરનો "સાત મજલાનો મેહેલ" જોવા લાએકછે. તેમાં મોટાં દીવાંનખાંનાંઓછે, જે મધેનાં થાંભ ઊપર સુનેરી, રૂપેરી નકસી કોતરેલીછે અને એ સીવાએ બીજી ઘણી કારીગરી સાતે મજલાઓ સુધી પોંહાંચી વલીછે. તેની બાંધણી એવી રોણકદારછે કે ઈઊરોપીઅન મુસાફરો તેને વખાંણી ગએઆછે.

બીજાપોરમાં મસતાફખાંનની જે મસજીદછે તેનાં કરતાં મહમદશાહાની કબર વધારે સરસછે. તેને તાંહાંનાં લોકો "ખરાઘુંમબજ" ને નાંમે ઓલખેછે. મહમદશાહા અદીલશાહાની ઓલાદનો સઊથી છેલો પાદશાહા હતો. તે જારે તખતે બેઠો તારે તેની ઊમર સોલ વરસની હતી તથા તીજોરી ચીકાર અને લશકર બે લાખ હેંશી હજાર માંણસોનું હતું. તેની એ કબરનો ઘુંમબજ શેહેરમાં સરવે જગોએથી દેખાએછે. વેલાતનાં સેંટ પાલસનાં મોટાં દેવલનાં ઘુંમબજ કરતાં તેની વીઆસ વધારેછે. તે ઘુંમબજની હેઠાંણમાંનો ઓરડો દોહોડસો ચોરસ ફીટછે અને ઘુંમબજ સુધાંની ઊંચાઈ દોહોડસો ફીટછે. ઘુંમબજની આસપાસ ચાર ખુણે ચાર મોટા મીનારા અને તેઓની વચે હારે કટાર નાંહાંનાં નકસીદાર મીનારા તથા મેહેરાબોછે. એ આખી ઈમારતને બસો ચોરસ ફીટ જગા રોકીછે. તેમાં એક લાકડાંનાં છતરની હેઠે મહમદશાહાની ઘોડછે, જેની જમની તરફ તેનાં છોકરા તથા વહુની અને દાવી બોરદુએ બાએડી, રાંડ અને દીકરીની ઘોડ જોવામાં આવેછે. એ સરવે ઘોડ ઊપર મકાથી "પવીતર" રાખ મંગાવીને સુખડનાં વેહેર સાથ મેલવી પાંથરેલીછે.

પુણેથી બીજાપોર જવાનો રસતો તોરવે નાંમનાં ગાંમ તરફ નીકલેલોછે. એ ગાંમમાં "સનધાંમ માહાલ" બાંધેલોછે. હીઆં મરાઠા લોકોની જાસતીનો હાથ જબરદસત દીઠામાં આવેછે. મરાઠા લોકો લડાઈનાં કાંમમાં જાંણીતા થએલાછે. તેઓએ ઘણાં શેહેરોને જીહીતેલાંછે અને તેમજ બીજાપોર ઊપર તેઓએ ઘણીવાર ધસારો કીધેલો હતો, પણ ઈસલાંમી રાજાઓની મીશાલે તેઓએ શેહેરની શોભા ઈઆ સીણગાર ઊપર કાંઈ ધેઆંન આપીઊં નહી હતું. હાલ બીજાપોરમાં જે કાંઈ જોવાનુંછે તે એ મુસલમાંન પાદશાહાઓથી થએલુંછે જેઓની શરૂઆત અદીલશાહાથી થઈ હતી અને મહમદશાહાથી આખેરી આવી હતી. અદીલશાહાની વાત જાંણવા જોગછે. કેહેછે કે ઈઊસુફ અદીલશાહા પોતાનાં બાપનો નાહાનો બેટો હોવાથી તેનો ગાદી ઊપર હક નહી હતો. માટે સરેસતા પરમાંણે તેને નાહાની વએથી મારી નાંખવાનો ઠરાવ થએઓ હતો. આ ઠરાવ મુજબ જલાદો રાંણીની પાશેથી તેના છોકરાને લેવા ગએઆ, પણ રાંણીએ ઘણાં કાલાવાલા કીધા તો પણ જારે બાલકનો જાંન નહી બચે એવું જોઈઊં તારે જલાદો પાસેથી માતર ચોવીસ કલાકનો વખત માંગી લીધો. તેટલા વખતમાં રાંણીએ બજારમાંથી



બીજાપોર શેહેરનો દેખાવ.

એક ગોલામના એવા છોકરાને મંગાવીઓ કે જેનો ચેહેરો શાહાજાદાને મલતો આવીઓ અને તારબાદ એક પવલાંનને લાલચ આપીને અદીલ દાખલ તે છોકરાને મારી નખાવીઓ.

એ પરમાંણે ઈશીસફનો જાંન બચાવીને રાંણીએ તેને ચોકસ પુરૂશોનાં સવાધીનમાં બાહાર મોકલી દીધો, જાંહાં તે સોલ વરસ સુધી રહેઓ, પણ તારબાદ તેને પોતાનાં સરવે હેવાલની ખબર પડી અને તેથી તે ઈરાંન તરફ નાંહાંઠો. તે સીરાજમાં રહેતો હતો તારે તેણે એક સપનો જોઈને હીંદુસતાંનમાં નસીબ અજમાવાનો ઠરાવ કીધો. બીરારનાં હાકમ સાથ તેણે ઘણી મોહોબત બાંધવા પછે દખણમાં તેણેપગ દંડો પેસારવા માંડીઓ અને આંતે ઘણી મેહેનતે બીજાપોર જીહીતી લઈને તેનો રાજા પોતે થએઓ. તાર પછે બે સદીથી વધારે મુદત સુધી અદીલશાહાની ઓલાદે રાજ કીધુ. છેલે ઊપર જણાવેલા મહમદશાહાના મુવા પછે ઓરંગજીબે બીજાપોર ઊપર ચહડાઈ કીધી અને તે વખતથી શેહેર તારાજ થએલું. કેહેછે કે આ વખતે ઓરંગજીબની વડી દીકરીએ પોતાના બાપને કહેલું હતું કે "બાવા તમે રાજો જીહીતીઆં ખરાં પણ તમારા વડાવાઓની મીશાંલ રઈએતને જીહીતી શકતા નથી."

બીજાપોરનાં મુસલમાન રેહેવાસીઓ ઘણા કંગાલ અને ગુરીબ અવસથામાંછે. આસપાસનાં ગાંમડાઓમા મરાથા લોકો વસેછે અને તેઓની પણ તેવીજ હાલતછે. તેઓના વેહેમનો કાંઈ પાર નથી. તાંહાં એક જગોએ પાણીનો એક નાહાંનો જહરોછે. તે પાંણી જરા દુધના સરખુ દેખાએછે, પણ પીવા લાએકછે અને તેને વીશે તાંહાંના લોકોનો એવો વીચારછે કે એક પવીતર બરાંમણ ગંગાનદીનુ પાણી આ જહરામાં લાવીઓ હતો અને તારથી જહરો એટલો સફેદ થએઓ હતો. બીજાપોરની જમીન મધે ધન ગુશકલછે એવું લોકો ઘણીવાર બોલેછે. એ વીચારથી ઘણીક ઈમારતોને ખોદી નાખવામાં આવેછે, અને જો કોઈવાર કાંઈ મલેછેતો ઘણીવાર નીસફલ થવું પડેછે.

---

## અક હીમતવાંન સ્ત્રીની વાત.

આસરે સો વરસની વાત ઊપર જારે અમેરીકામાં મોટી લડાઈ ચાલતી હતી તારે મીસ પરાઈસ નાંમની એક કુમારી સ્ત્રીએ જે અજાએબ જેવી હીમત દેખાડી હતી તેનો હેવાલ હમણાં આલમની જાંણને માટે પરગટ થએઓછે. આ સ્ત્રી ફીલાડેલફીઆ નાંમના શેહેરની ભીતરે એક ખેતર મધે પોતાની બેહેન સાથ રેહેતી હતી. તે બેહેન પરણેલી હતી અને તેને કેટલાંક છોકરાં થએઆં હતાં, પણ તેનો ભરથાર અને બાપ જેનરલ વાશીંગટનનાં લશકરમાં ચાકરી કરતા હતા. તે વખતે લડાઈ ઘણાં જોસમાં ચાલતી હતી અને સરકારી માંણસો રઈએતનાં ઘરમાં ઘુસી જઈને મોટો જુલમ ગુજારતા હતા. આવા વખતમાં એખલી મીસ પરાઈસ પોતાની આ બચરવાલ બેહેન સાથ ઊપલાં ઘરમાં રેહેવાની ધાસતી સમજતી હતી તોપણ તે શીવાએ તેમને રેહેવાને બીજું ઘર નહી હતું. તે બેહુ બેહેનો ખેતરમાં કાંમ કરીને પોતાનું ગુજરાંણ ચલાવતી હતી અને તેવી કસરતથી તેઓનાં સરીરનો બાંધો શખત અને તનદરોસત હતો. તેઓનું ઘર નાંહાંનું તથા બેઠું હતું. આગલા ઓરડામાં બેઠક, તથા બબરચીખાંનું હતું. પાછલા ઓરડામાં સુવાનું હતું અને એક પાંખે ગાલેરી હતી જેમાં માલ ભરેલો હતો.

એક રાતનાં સરવે જણ સુતા પછે બારણું થોકાએલું. દર રાતનાં આ બે બેહેનોને પીંડારાઓની ધાસતીતો લાગતી હતી અને હવે તે ખરી પડી. એટલા ઊપર તેમની ગડબડ શાંભલીને પેહેલાં મીસ પરાઈસ જાગી ઊઠી. તેણે આગમચથી ધાસતી ચેતીને એક બંદુક ઘરમાં રાખેલી હતી. તેની ઈઆહામ મદદ લેવાનો તેણે વીચાર કીધો, પણ તેની આગમચ તેણે પોતાની બેહેન મીસીસ ટકરને ઊઠાડીને કહેલું કે—"બેહેન બેહેન ધારતો આવીજો." આ વાત સાંભલીને તે બેહેન ઘભરાવા લાગી અને બચાંનું શું થશે તેનાં વીચારમાં પડી. પણ મીસ પરાઈસે તેને હીમત આપી કે "બેહેન તમે ઘભરાઓનાં, એવે વખતે શું કરવું તેનો આપણે આગમચથી વીચાર કીધેલોછે." પણ તેને જવાબ મલીઓ કે—"બંદુકથી આપણું કાંઈ વલવાનુંછે? અને આપણાં બચાંનો જાંન બચવાનોછે?" મીસ

પરાઈસે વધારે હીમતથી કહેશી કે "અરે બેહેન તમે બંદુક ના મારતાં પણ હું મારશ. તમે હવે ઊઠો વાત કરવાનો વખત નથી. હું જઈને ઓટલાનું બારણું સંભાલું છઉં તેટલાં તમે ભોંએરાંમાંથી દારૂખાંનાંની પેટી લઈ આવીને પાસેનાં ઓરડામાં મેલો અને તાંહાંજ એક બતીનેળી લાવી મેલો. ઊઠોનો, જલદી જાવો."

મીસીસ ટકર તુરત ઊઠીને ભોંએરાંમાં ગઈ અને તેટલાં મીસ પરાઈસે બારણાં આગલ જઈને બુમ પાડી કે "એ કોણ બારણું ઠોકેછે? તમુને શું જોઈએ છે." બાહેરથી એક જણે જવાબ આપીઓ કે "પરી જાંત બારણું ઊંઘાડ અને હમે તારો ખોલાસો કરીએ." પણ પરાઈસ બોલી કે "એમ નહી. તમે કોણછો તે બોલખવા વીનાં બારણું ઊંઘડાશે નહી. હમે હીઆં બે ગરીબ બેહેનો છઈએ અને રાતને વખતે લોકોને અંદર દાખલ કરતાં સંભાલ લેવો જોઈએછે." તે ઊપરથી બાહેરવાલાઓને બોલવાની ફરજ પડી કે "અરે હમે સારા માણસ છઈએ, અને તમારા સરખી બે બેહેનોને લાએક છઈએ. વાસતે બારણું ઊંઘાડો." પરાઈસે જોઈઊં કે આ ઘણાં માંણસોછે અને એક બંદુકથી કાંઈ વલશે નહી. માંટે તેણે જવાબ આપીઓ કે "બાજરા ઊભા રેહેવોતો હમણા બારણું ઊંઘાડું છઉં." એ રીને તેઓને તપાવીને પોતે વીચાર કરવા બેઠી અને એક તાલ શોધી કાહાડી.

પરાઈસની બેહેને ફરમાવીઆ પરમાંણે પાસેની ગાલેરીના બારણાં આગલ બંદુકનાં દારૂની એક પેટી મેલી અને તેની પડોસમાં દીવાની બલતી જોત રાખી. હવે ખરા ગભરાટનો વખત આવેઓ. મીસીસ ટકર પોતાની બેહેનને વલગી પડી બોલવા લાગી કે "અરે બેહેન આપણું શું થશે?" પરાઈસે ધીરજ આપી કે "ગભરાવું નહી જે થવાનુ હશે તે થશે આપણે આપણથી બનતુ કરીએ. બેહેન તું મને મલી લે, કાંકે આ લડાઈમાં કદાચ હું મરીજવશ. પણ મારૂ મોહોત પરવડશે, કેમકે હું છરી છું અને મરવાને મને ચીંતા નથી. તું જા, તારા બચાંની પાસે બેસ અને તેઓ બીહે નહી માંટે તેમની છાતીએ હાથ રાખ." મીસીસ ટકર પોતાની બેહેનની ભેટ લઈને પછે રડતી આંખે બચાં સુતેલાં હતાં તે ઓરડામાં ગઈ.

હવે મીસ પરાઈસ એક ખુણામાં ખુરસીની પછવાડે બંદુકને ખુરસી ઊપર થોભાવીને તથા તેની નેમ દારૂની પેટી તરફ રાખીને બેઠી. પછે તે બોલી કે "લાઈઓ એટલી ઊતાવલ કાંએ કરોછો જો? ઘરડી દાસીની તમુને દએઆ નથી? ઊભા રેહો, ઊભા રેહો, હમણા બારણું ઊઘડશે." વલી તેઓને થોભાવીઆ પછે તેણે કહેશી કે "આ બારણુતો નથી ઊંઘડતું. ગાલેરીનુ બારણું ઊંઘાડુછે વાસતે તમે તાંહાંથી આવો." આ ચેતવણી સાંભલી કે સઘલાઓ ગાલેરી ઊપર ધર ધર ચહડી આવીઆ, પણ જેવો પેહેલો શખસ અંદર દાખલ થએઓ તેવીજ મીસ પરાઈસે બંદુકને આબાદ દારૂની અંદર ફોડી જેથી આખુ દારૂખાનુ સલગી ઊઠીઊં અને મોટો ધડાકો થએઓ. આ ધડાકાથી ગાલેરી તે ઊપરનાં પંદર માંણસો સમેત ઊડી ગઈ, જેથી ઘણાંક જણનો કચરઘાંન થએઓ, તેમાં કેટલાક મુવા, કેટલાક જખમી થએઆ તથા નાંહાંસી ગએઆ. મીસ પરાઈસ પોતે દારૂખાનાંની એટલીતો નજદીક બેઠેલી હતી કે તે પોતેબી ઊડી અને દાહાજી ગઈ પણ તેને જાજુ નુકસાંન થએઊ નહી. થોડા દીવસમાં તે સાજી થઈ તથા તેની આ હીમત અને ઈઊકતીથી તેણે બેહેન અને બેહેનના બચાંઓનો જીવ બચાવીઓ.

## જંગલી હેવાંન સાથ વશેલાં આદમીઓ.

કેટલીક વાંચનારી બાંનુઓએ જંગલમાં વસનારાં હેવાંનોથી પલેલાં છોકરાંઓ વીશે સાંભલીઊં હશે. "સોહોબત તેવી અસર" એ કેહેવાત આ આદમીનાં બચાંઓ ઊપર એટલી બધી લાગુ પડેછે કે તેના કેટલાક તાજુબી ઊપજાવે એવા દાખલા હાલ એક ઈંગરેજી ચોપાંનીઆંમાં મધે પરગટ થએઆછે. ફાડી ખાનારાં હેવાંનો માંણસનાં બચાંને પોતાનાં સંભાલમાં રાખી તેમની જતન કરે તથા તે બચાંઓ તેવાં જનાવરોના ખવાસ પકડે એવી વાતો જોકે વારેવાર બોલાતી તોપણ ખોટી ધારવામાં આવતી હતી. આ દાખલાઓની સચાઈ વીશે જોકે આપણથી કાંઈ કેહેવાઈ શકાતું નથી તોપણ જણાવવું જોઈએછે કે એ દાખલાઓનાં હેવાલ એવી ઢપથી લખાએઆછે કે જાણે તે સઘલા ખરા હોએ.

કેહેછે કે જે વખતે નેપોલીઅન બોનાપારટે જ

રમની દેશમાં મોટી ચઢાઈ કરીને ઘણી ખરાબી ફેલા વી હતી તે વખતે ઘણાંક બાલકો માંબાપ તથા આ સરા વગર ભટકતાં હતાં. તેવાં કેટલાંક બાલકોને તે વખત ઊપર ઓવરડાઈકની ધરમશાલામાં દાખલ કીધાં હતાં. તેમાંનાં બે એવાં હતાં કે જેઓ માંણસનાં કરતાં હેવાંનને વધારે મલતાં આવતાં હતાં. એક બાલકને ધરમશાલા મધે લોહી લુવાંન હાલતમાં લઈ આવવું પડીઊં હતું. તે પોતાનું નાંમ જાંણતું નહી હતું અને તેને માતર એક જવાબ આવડતો હતો કે "હું પાંણીની પેલી પારથી આવીઓ છઊં" પણ તેને જનાવરોનાં અવાજ ઘણા આવડતા હતા. પછવાડેથી માલુમ પડીઊં હતું કે એક ખેડુતે તેને પોતાના ડુકરોની રખેવાલી ઊપર રાખેલો હતો, જેઓ સાથે તેનો સઘલો વખત ગએઓ હતો અને રાતનાં પણ તેને તેજ ડુકરોની સાથે બંધ કીધામાં આવતો હતો. તેને ખાવાનું એટલું તો થોડું મલતું હતું કે તે ડુકરીનાં થાંણમાંથી ધાવતો હતો અને નાંહાંનાં ડુકરોની સાથે ખાતો હતો. તેને ધરમશાલામાં લાવીઆ પછે બાગમાં ફરવા દેતા નહી હતા કાંકે તેને ડુકરની મીશાલે હાથ તથા પગ ઊપર દોડીને ભાજી પાલો ટોડી ખાવાની ટેવ પડેલી હતી. વલી તે ડુકરો સાથ એટલો હલી મલી ગએઓ હતો કે તેઓ તેને પોતાની પીઠ ઊપર બેસવા દેતાં હતાં. આ છોકરાની સાથે જે બીજો છોકરો હતો તેને પણ જંગલનાં પરાંણીઓની ટેવ પડેલી હતી.

સર ઊલીઅમ સલીમાંન કેહેછે કે હીંદુસતાંનનાં આઊદ પરાંતમાં એક દાહાડે એક વરૂની માદા તથા તેનાં બાલકોની વચેથી એક માંણસનાં બચાંને પકડીઊં હતું. તે વરૂઓની મીશાલે ચારે પગે હતું અને ઊપલાં બચાંઓ સાથ નદીમાં પાંણી પીવા આવતું હતું. આઊદમાં વરૂઓ બચાંઓને ઘસડી લઈ જાઈને ખાએછે. ઘણું કરીને વરૂઓની માંદા જારે પોતાનાં બચાંને ધવાડતી હોએ તારે આદમીનું બાલક જો પાસે હોએતો તેને પણ ધવાડેછે. ઊપર કહેલા જે છોકરાને વરૂઓનાં ટોલાંમાંથી પકડીઓ હતો તે પાછો તેઓમાં નાહાસી નહી જાએ એટલા માટે તેને પેહેલા દીવસો ઊપર બાંધી રાખવો પડીઓ હતો. તે નરદાને જોઇને બીહીતો હતો, પણ બચાંઓને કરડવા જતો હતો. તે કાચું ગોસત ખાતો હતો, અને કુતરાને પોતા સાથ ભાગ લેવા દેતો હતો પણ માંણસ જો તેની સાથ ખાવા આવેતો તે સાંમે થતો હતો. તેને એક કપટાંન નીકોલેટસે પાલીને જરા નરમ કીધો હતો તોપણ તે સીધો ચાલતો નહી હતો, અને કપડાંને ધીકારતો હતો. તે આસરે નવ વરસની વએનો હતો. તેને બોલતાં નહી આવડતું માટે ભુખ લાગે તારે મોહોડું દેખાડતો હતો. તરણ વરસ પછે તે મરણ પાંમીઓ હતો.

એવાજ એક બીજા છોકરાનો પણ સર ઊલીઅમ હેવાલ આપેછે. આ છોકરો જારે તરણ વરસનો હતો તારે તેનાં માંબાપ ખેતરમાં કાંમ કરતાં હતાં તેવામાં તેને કેટલાંક વરૂઓ તેની જાંગમાંથી પકડીને તોહોંથી ઘસડી ગએઆં હતાં. છ વરસ પછે કેટલાંક નાંહાંમાં વરૂઓનાં ટોલાંમાંથી એ છોકરો મલી આવીઓ હતો, અને તેનાં કપાલ ઊપરની એક નીશાંણથી તે ઓલખાએઓ હતો. એ છોકરાને બોલતાં આવડતું નહી હતું. ચારે પગે દોડવાથી તેનાં પગ તથા હાથ શખત થએઆ હતા. રાતનાં તેને જંગલ તરફ ભટકવાની ટેવ હતી. તેને પણ કાચો ખોરાક ગમતો હતો. ગાંમનાં છોકરાઓ તેની તરફ દેડકા નાંખતા હતા અને આ છોકરો તેમને ખાઈ જતો હતો.

## જુદી જુદી જાતના હરણો.




હરણ આદમી જાતને ઘણા ફાએદા ભરેલું પરાંણીછે. જુદી જુદી જગામાં વસતાં હરણોના જુદા જુદા આકાર ઊપરથી વીદવાંનોએ તેમની જુદી જુદી જાત શોધી કાહાડીને નાંમો આપીઆંછે. ઊપર જે હરણનો ચીતાર આપીઓછે તેને ઈંગરેજીમાં "સટાગ" કરી કેહેછે. એ પરાંણીઓ ઊતર અમેરીકામાં, ઈઊરોપના મધીઅ ભાગોમાં અને એશીઆખંડ મધે નીપાલમાં ઘણા હોએ

છે. તેમના દાહાલીદાર સીગડાં સીધાં અને છેડા આગલ એકેક તરફ વલી ગએલાં હોએછે.



આ જાતના હરણને ઈંગરેજીમાં "એલક" કેહેછે અને આ પણ લોકો તેને સાબરના નામથી ઓલખેછે. તે દુનીઆંના ઊતરદરૂ તરફના ઠંડીના દેશેમાં વસનારાં પરાંણીછે. તેમની ગરદન બરેલી અને જોરાવર હોએછે, પણ તે ખામુખા તેમના સીંગડાંનો વજણ ખમવા માટે બનાવી હોએ એવું લાગેછે. તે સીગડાં પોહોલાં અને વજણમાં ૫૦ થી ૬૦ રતલ હોએછે. સાબર કદમાં ગાએ કરતાંબી મોટું હોએછે. તેનું મોહોડું આસરે બે ફીટ અને તેના સીંગડાં ૧૦ ફીટ લાંબાંછે. હુનાલામાં તેઓ નીચી જગાઓમાં અને કોઈવાર પાણી મધે પણ રેહેછે. તેઓના લાંબા પગ અને ટુંકી ગરદનને લીધે તેઓથી જમીન ઊપરનું ઘાસ અથવા નાહાના રોપા ખવાતા નથી અને તેથી તેઓનું સઘલું ગુજરાન જાહાડોના પાતરાં ઈતીઆદી ખાવામાં ચાલેછે. શીઆલામાં શેકારીઓ તેમને પકડવા નીકલેછે પણ તેઓનો શેકાર કરવો એ ઘણી મેહેનતનું કાંમ થઈ પડેછે. તેનું એક કારણ એછે કે સાબર શુ પણ સરવે જાતના હરણોના કાણ ઘણાજ ચાંગા હોએછે અને માતર એક પાતરાંનો ખખડાત તેના કાણે પડતાંવાર તે નાહાસેછે. વલી આ પરાંણીની દોડ અતી ઘણી જહડપી હોએછે. સુવીડન દેશમાં આ પરાંણીઓ કાસદોને પઈડાં વગરની ગાડીમાં ઘસડી લઈ જવાના કાંમમાં આવતાં હતાં અને એક દાહાડામાં તેઓ ૨૩૪ માઈલની મંજલ કરતાં હતાં. એવી જહડપને લીધે એક લખનાર એવી બલાંમણ કરી ગએઓછે કે લડાઈના વખતમાં સાબર પાસે તોપની ગાડીઓ ઘસડાવવી જોઈએ.

રેણડીઅર નામનું એક બીજું હરણ દોડવામાં એથીબી વધારે જહડપ બતાવેછે. તેમા અને સાબરમાં થોડોજ ફરક હોએછે. તેઓ ઘણું કરીને લાપલાંડમાં અને બીજાં ઠંડાં દેશોમાં વસેછે અને માંણસ તેમને સેહેલાઈથી પાલી શકેછે, પણ પોતાની જંગલી અવસથામાંબી તે તાંહાંનાં રેહવાસીઓને કાંમનુંછે. જો આ પરાણીઓની તાંહાં વસતી નહી હતેને એ રેહેવાસીઓ તાંહાં જીવીબી નહી શકતે એવું ડાકટર રીચરડસનનું મતછે. તેનાં સીંગડામાંથી તેઓ પોતાની માછલી પકડવાનાં હથીઆર બનાવેછે. તેનું ચાંમડું સરીર ઊપર નાંખવાથી તેમને કકરતી ઠડીમાં પુરતી ગરમી મલેછે અને જારે ઘણાં ચાંમડાંઓને તેઓ સાથે સીવેછે તારે તેઓ એક તંબુ બનાંવી શકેછે અને તેમાં પોતે પોતાનાં બચાં છોકરાં સાથે રેહેછે. તેનું ગોસત તાંહાં દરએક જણનાં ખાધામાં આવેછે અને તેને સુકવીઆથી તે તરણ ચાર વરસો સુધી ખાવા જોગ હાલતમાં રહી શકેછે. તે હોલ ખેડવામાં કાંમ લાગેછે. વલી તેનાં ચાંમડાંના મછવા બનાવવામાં આવેછે અને ઘોડાની મોશાલે "રેનડીઅર" તે મછવાને તેમાંનાં આદમી સમેટ સેંહેંકડો માઈલ સુધી ઘસડી લઈ જાએછે. એવી ગાડીઓ લાપલાંડમાં પુશકલ હોએછે જેનું એક ચીતર હીઆં આપીઊંછે.



એક વખત ઊપર એવાં એક હરણે ૨૪ કલાકમાં ૧૫૦ માઈલની મંજલ કીધી હતી અને બે વેપારીઓ તરણ હરણની ચારટમાં બેસીને ૧૩ કલાકમાં તેટલીજ મંજલ કાપી આવીઆ હતા. અગાઊ જારે નારવેનાં રેહવાસીઓ સુવીડન દેશ ઊપર ઊતરી પડીઆ હતા તારે તેની ખબર પોંહોંચાડવાને એક અમલદાર આવા મછવામાં બેસી નીકલીઓ હતો અને એકજ રેણ હરણની મદદથી તેણે ૪૦ કલાકમાં ૮૦૦ માઈલ કાપીઆ હતા ' જે પછે તે પરાંણી મરણ પાંમીઊં હતું. એક મુસાફર કેહેછે કે ચાર રેનડીઅરની એક શરતમાં એક પરાંણી દર સેકંડે ૨૫ ફીટની જહડપથી દોડીઊં હતું.

## રમુજે ફુરસત.

પી☞રી ૯રઓ, હર ૧  સમાં ગુજારવાને

બદલે સારી ૬  થી ૩ અને મંન


ખુશી રાખો કે તેનું  સુભ નીપજે. એક ! ની


પેઠે ઘરમાં  સરખો ☞ડાર લઈ ફરવું રેહેતર

નથી. ૧  માણસ કેહેછે તેમ બીજાન

તે  તું  છે. માટે

હ ⁝ ચેહેરો રાખી મીઠી વાતો કરો, સારાં ર)- વાં

ચો,  ઓ, કલમ અને કાગજ લઇ લખ

વાનો રાસ્તો પાડો. ☞મ વખત વેહેલો 

જશે અને તે  બી પડશે નહી.

---

## સવાલનાં જવાબો.

( જુઓ ગએઆં આંકના સવાલો )

૧ સેરવો—રવો—સેર.
૨ મેહેર—બાન—મેહેરબાન.
૩ સઅખેર. સખાવત, સર નાઇટ, પઇસો, મદરેસા.

## પરચુરણ બાબદો.

**એક સ્ત્રી સરદાર**—ફરાંનસ અને મેકસીકો દેશો વચે હમણાં લડાઈ ચાલેછે. એ લડાઈમાં પકડેલા જે કેદીઓ ને ફરાંનસ મધે લાવીઆછે તેઓમાં એક પલટણનો ૨૩ વરસની વએનો જવાંન સરદારછે. તે અમેરીકન ઇનડીઅન ની જાતવાલોછે અને હમણાં માલુંમ પડીઉંછે કે તે એક સ્ત્રી છે. સાત વરસની વાત ઉપર તે પોતાનાં ભરથાર સાથે લશકરમાં દાખલ થઇ હતી અને પોતાની હીમતને માટે તે પદવીએ વધતી ગઇ હતી. તારીખ ૫ મી મે ૧૮૬૨ ને દીને ની મોટી લડાઈમાં તેને સરદારથી એકજ પામ્પેરી ઉતરતું માંન મલીઉં હતું. તેનો ભરથાર લડાઈમાંજ મુવો હતો અને તેનું વેર લેવા માંટે લશકરમાં રેહેવાનું તેનું વધારે દીલ થતું હતું. એ સ્ત્રી તલવારથી સારી રમત રમી જાંણેછે. હાલબી તેનાં લશકરનાં માંણસો તેને ઘણું માંન આપેછે.

---

**તરણ તરણ ચીજો**—"તરણ ચીજને ચાહાવો—હીમત, ભલાઈ અને મમતા. તરણ ચીજને વખાંણો—મનશકતી, મોભો અને મેહેરબાંની. તરણ ચીજને ધીકારો—ઘાટકીપણું, ગરૂરી અને બેઇમાની. તરણ ચીજમાં ખુશી થાવો—ખુબ સુરતી, ભોલાપણું અને સવતંતરપણું. તરણ ચીજને માગો—તંનદરોસતી, દોસતી અને ખુશાલી. તરણ ચીજને માંટે બંદગી કરો—ઈમાંન, સુલેહ અને પવીતરાઇ. તરણ ચીજને પસંદ કરો—અંતકરણનો પીઆર, સારો સવભાવ, અને હસતો ચેહેરો. તરણ ચીજને દુર કરો—આલસાઈ, ટાહેલું અને ઠોલીઆપણું. તરણ ચીજને વધારો—સારી ચોપડી, સારા મીતરો અને ખુશ મીજાજ. તરણ ચીજ ઉપર મુસતાક રેહો—માંન, દેશ અને દોસતો. તરણ ચીજ ઉપર લગામ રાખો—સવભાવ, આતુરતા અને જીભ."

---

**કનતાન ઊપર ફોટોગરાફ**—સુરજનાં કીરણથી કાચ અને કાગજ ઉપર હાલ સુધી થોડા વખતમાં આબેહુબ તસવીરો લેવાતી હતી. હમણાં ઇટલીનાં પાદશાહાની સબી ઉતારનારા એક વીદવાંને કનતાંન ઉપર એજ હીકમત લાગુ પાડીછે.

---

**નવાઇ સરખો વીદીઆરથી**—પારીસમાં એક મુગો અને બેહેરો શખસ એટલું બધું શીખીઓછે કે તેને તાંહાંની એક મોટી મદરેસામાં બી. એ. ની પદવી આપવામાં આવીછે. એવી પદવી આ દેશમાં આપવા માંટે યુનીવરસીટી નાંમનાં ખાતાં કાહાડેલાંછે, પણ હીઆ સારી

મનવાલા દેશીઓબી તેને લાએક કેલવણી લેતા નથી એ આ મુગો તથા બેહેરો શખસ તે માન મેલવી ચુકોછે.

**લડાઈની ખરાબી**—અમેરીકામાં હાલ જે ખુનખા લડાઈ ચાલેછે તેથી લખો કબીલાઓનો નાંસ થઈ ગએ લોછે. વાશીંગટનમાં લડાઈથી મુએલા સીપાઈઓની વીધવા ઓને બેહો પગાર આપવાને જે ખાતું કાહાડેલુંછે તેમાં ઓ ગણીસ હજાર સ્ત્રીઓ એ લડાઈથી વીધવા થએલી જણાઇછે.

**સાંચાથી ચાલતો ઘોડો**—જેઓને ઘોડા ઉપર સ વારી કરતાં આવડતુ નહી હોએ તેઓને પેહેલ વેહેલાં શી ખતી વખતે ઘોડા ઉપરથી તુટી પડવાની ધાસતી રેહેછે. તે ઉપરથી એવા શીખાઉઓને માંટે હાનોવર ખાતે એક ઘોડો બનાવવામાં આવીઓછે. જે ઉપર કોઇબી માંણસ બેસી શ કે અને કુંચી આપવાથી તે જીવતા ઘોડાનાં શરખી હીલ ચાલ કરી શકે. આ ઘોડાથી શીખનારાઓને ઘણો ફાએદો થવાની વકીછે.

**કેટલાક દેડકાઓ** વીશે એવું કેહેવાએછે કે તેઓ હવા વગર જીવી શકેછે. આ બીનાં હજુ શકમાંછે અને તેને માંટે અખતરાઓ જારી રાખેલાછે. બે વરસની વાત ઉ પર સનડરલાંડ ખાતે એક ગરહસથે એક બંધીઆર પેટીમાં એક દેડકાને રાખીઓ હતો. તે પેટીને હમણાં ઉંઘાડવાથી આ પરાંણી તેમાંથી જીવતું નીકલીઉછે.

**થોડીક શીખામણ**—"ઘડપણમાં અગનાન રેહેવા ક રતાં જવાંનીમાં ગનેઆન લેવામાં ઓછુ દુખછે."

"બચાં મરી જાએછે તારે નહી પણ જીવતાં હોએછે તારે ઘણીવાર હાથથી જાએછે."

"વખાંણ કરતી વખતે તેનાં કારણ જાહેર કરવાં એ બેવડી વખાંણ કીધા બરોબરછે."

"ઠપકો આપતી વખતે તેનાં કારણ જાહેર નહી કર વાં એ અરઘો ઠપકો આપવા બરોબરછે."

"પારકાં કરતા બેહેતર થવાને બદલે પોતાનાં કરતાં પોતે બેહેતર થવાની પેહેલાં કોશેસ કરવી."

"ફતેહ પાંમવાનો ભેદ એછે કે જે કાંઇ કરવું તે બની શકે એવું કરવું અને જે કરવું તે સારૂં જ કરવું."

---

## સખાવતે બાહાદુર શેઠ કાવસજી જાંહાંગીરજી રેડીમની વીશે ગરબી.

હારછો હારછો હારછો રે, તમેં હરી હઈડાંનાં હારછો.
એ રાગછે.

માનછે, માનછે, માનછેરે
"રેડીમની" પુરણ તમને માનછે,
મુદતનુ સખી ખાનદાન છેરે
"રેડીમની" પુરણ તમને માંનછે—ટેક.
રૂડા પરમો ને રૂડાં, કરમો,
એજ કામોનું તમને વરદાન છેરે—રેડીમની.
દીલછે દાદી ને મનછે મએઆલુ,
વલી ગુણવંત ગુણની ખાંણછેરે—રેડીમની.
ભુખીઆ ભાઈઓની ભાગી ભુખરી,
નીરધંન બનીઆ ધંનવાન છેરે—રેડીમની.
દુખી દરદીની દાજ દીલ ધરી,
ઉપાઓ કીધા તારા પરમાણ છેરે—રેડીમની.
નામ રૂડું જેનુ નેક "કાઉસ" છે,
પીતા "જાંહાંગીર" પીછાણછેરે—રેડીમની.
જાણીતું બંગાલ ને માનીતું મધરાન,
ન કોઈ દીરતીથી અંનજાણ છેરે—રેડીમની.
પરમાણીક પારસી ને અસીલ ઇંગરેજ,
કરે સતુતી હીંદુ, મુસલમાંન છેરે—રેડીમની.
અંધા જણોનું દુખ હરવાને,
કરવા કીધું મકાંન છેરે—રેડીમની.
સુરત શેહેર ને વલસાડ ગામ,
માંહાંનું હાસપીટાલ રેઠાણ છેરે—રેડીમની.
સદા રોગીને કરવા નીરોગી,
માહાપુણ તે જીવતદાન છેરે—રેડીમની.
કેલવણી, ઓતમ જાંણી તમે,
આપી મદદ બલવાંન છેરે—રેડીમની.
ચડતી કલાઓનો સીખવા ઉદમ,
કીધું તેનું તમે મંડાણ છેરે—રેડીમની.
નીતી નીરમલી ને ભલા ઉદીઓગ,
વધારવા તમારૂ અનુમાન છેરે—રેડીમની.
નીતી રૂડી, જેનો ઉદમ ઓતમ,
ખરે તેતો જણ ઇનસાન છેરે—રેડીમની.
ધંન હીમત, તારી ધંન બાહાદુરી,
ખરે તું "કાઉસ" પેહેલવાન છેરે—રેડીમની.
કમરબંધ બાંધી કીધોછ કરાર,
કરવું સરવેનું કલીઆણ છેરે—રેડીમની.
જીવજો જગતમાં જુગ જુગ તમો,
આસીરવાદ દીએ કુલ જાંહાંન છેરે—રેડીમની.
"મન મોહાવન" દીએછે આસીસ,
મદદ કરનારો ભગવાંન છેરે—રેડીમની.

"મનમોહાવન."

---

**પોહોંચ**—"કુમારીકા બોધ" નાંમનું એક નાંહાંનુ ચોપાંનીઉં કવી હીરાચંદ કાનજીની કવીતાઓનુ મલીઉછે. તેમાં કેટલીક સારી કવીતાછે.

આ ચોપાનીઉં ઠકર હરીદાસ ખીમજીની ઘણીઆણી વહુ હીરાંબાઈએ પોતાને ખરચે છપાવીઉંછે તે હમે આ જો ગવાઈએ અગત કરીને જાહેર કરવા માંગીએ છઈએ. વહુ હીરાબાઈએ પોતાની બેહેનીઓનાં ફાએદાને માંટે તે છપાવી ઉછે. એમાં તે બાઈને શાબાસી ઘટેછે. સરવે લાએક સ્ત્રી ને ઘટેછે કે પોતાની અગનેઆન બેહેનીઓની હાલત સુધાર વાની કોશેશોને સદા જારી રાખવી.

# સ્ત્રીબોધ.

પુસતક ૭ મું· અકટોબર ૧૮૬૩ આંક ૧૦ મો·

## વફા ઉપર જફા

અથવા

"માંણસનુ ધારવું—ખોદાનુ કરવું·"

એક વારતા.

### પરકરણ ચોથું.

### "કારાંમાએ ટાહેલું·"

શાહાજાદી ગોલશેહેરની બાંગડી મેલવવાનુ કાંમ શું સેહેલ હતું ?

તુરાંની કાવેએ તેને ખાતરતો કંમર બાંધી હતી.

જારે બાંનુ ગોલશેહેરના બરધારે આપેલી બાંગડી તેની પાસેથી લઈ આવીને તેની બેવફાઈ સાબેત કરવાની શરત બકી મનોચેર મોહોંથી તુરાંની કાવે મદાએન છોડીને નીકલી ઓ હતો તારે તે આ કાંમને એટલુંતો સેહેલું સમજતો હતો કે મનોચેહેરને આંગલેની વીંટી લેવાની આ સઉથી સરસ રીત વીચારીને તે મોટી ઉલટમાં ગોલશેહેરની પાસે આવીઓ હતો. પણ જારે તેણે આ નેક પુતરી સાથે વાત કરવા માંડી અને જારે તેની મનોચેહેર તરફની પરીતીને નહી ટુટે એવા મજબુત આકારમાં જોઈ તારે તુરાંની કાવે ખરેખર ધભરાવા લાગો. તે નહી કે પોતાની આબરૂને ખાતર, નહીકે શરત હારીઆથી જે ખરાબ લાગે તેને ખાતર, નહી કે પોતાની મેહેનત ફોકટ જાએ તેને ખાતર, નહી કે ધારેલી વીંટી ખોહોવી પડે તેને ખાતર, પણ જો હારેતો મનોચેહેરને હાથ મારીઓબી જવાની તેને ધાસતી હતી કેમકે તેની બાએડીને બેવફાઈનો દાઘ લગાડવાની કોશેશ કીધાથી તેને નાહાનું અપમાન નહી હતું. તોબી કાવેને બધા વાવાગી ચુકેલા હતા. તેણે છેક આશા છોડી નહી હતી કેમકે એથી હુથડાં કાંમ તેણે બજાવેલાં હતાં.

કાવે ગોએઆ એક "કારાંમાએ ટાહેલું" હતું. તે બોલવે બાધર હતો; માટે પરથમતો લાંબાં લાંબાં ભાશાંણો કરવા લાગો. આસમાન અને જમીન તથા બેહેસત અને દોજખની તે એવી મોટી ટાહી લઈને બેઠો કે ગોલશેહેર કંટાલો પાંમી કે અલબતાં આ પતરાજી કરવામાં કાવેની મતલબ એ હતી કે ગોલશેહેરને પીગલાવવી તથા તેના મનમાં પોતા વીશે સારો વીચાર ઉતપંત કરવો.

પણ તેમાં કાવે નીશફલ થએઓ !

જારે ગોલશેહેર તેને જરા ઠરક ભેજાંનો ગણી હસવા લાગી તારે કાવેએ મનોચેહેર વીશે આ સ્ત્રીના મનમાં ધીકાર પેદા કરવાની ઈઉકતી ચલાવી. ગોલશેહેરે પુછીઉં કે "મારા ધણી તાંહાં હસી ખુશીથી રહેઆછે ?"

કાવે—અરે તે વાતતો બોલશોજ ના. તાંહાં હમારાંમાં આટલા બધાછે, પણ મનોચેહેર સરખો રંગીલો, બોલીઓ, અને ગશાખરો કોઈ નથી.

ગોલશે—પણ જારે તેવણ હીંઆં હતા તારેતો ઘણા દલગીર ફરતા હતા.

કાવે—નેકબખત બાંનું એતો મરદ લોકોનો ધારોનછે. પોતાના કબીલાથી જારે દુર જવાએ તારે બધી છુટ લેવાએ અને બધી મોજ પણ કરી શકાએછે. મારો દોસત મનોચેહેર આખો દાહાડો હસેછે.

ગોલશે—પણ તેવણ મનેતો ભુલી નથી ગએઆ.

કાવે—મારી બપાઈ, નહી બોલવાનાં ઘણાં ગુણ. હું મારામાં એક ઈઉનાંનીછે તે આખો દાહાડો પોતાની માશુકને ઈઆદ કરેછે. તે ઉપરથી મનોચેહેર તેને બહુ ઠપકો આપેછે અને કેહેછે કે એક ઓરતને ખાતર આટલો વીલાપ કરવો તે મુરખનું કાંમછે. તે હસતો અને કેહેતો જાએછે કે ઓરત નાંમે બેઈમાંનછે; તેઓ મરદોને ઠગેછે અને મોહોડાં ઉપરજ મીઠીછે.

આ ખબર ગોલશેહેર સરખી કુમલી છોકરીનાં મનમાં ખતરો પાડવાને બસ હતી અને જારે કાવેએ જોએઉં કે એ ભોલી નાર જરા જરા પીગલતી ગઈ તારે એ તુરાંનીએ આગમાં તેલ નાંખવાનું કાંમ આગલ ચલાવીઉં. એ ધવચમાં પડે તે ઘણી દલગીરી જણાવા લાગો અને દાહૈઓ થઈને ગોલશેહેરની તારીફ કરવા મંડીઓ. આવી લાએક ઓરતને ખોદા જનગજ નહી આપેતો સારૂ કેમકે તેઓ આ દુનીઆંમાં મરદોથી ઘણી હેરાંન થાએછે, એવી એવી વાતો કરવા લાગો. હીંઆંથી તે પોતાની વાત ઉપર આવીઓ, હું પરણેલો નથી અને બાએડીની શોધમાં છઉં તે જાણાવી પોતે મોટો દોલતનો ધણી હોએ તેમ પોતાનાં ખજાનાંની વીગત [illegible] લાગો. અને [illegible] બાંનું ગોલ

શેહેર અચરતીમાં પડી હતી તારે આ તુરાંની પોતાની મતલબ ઉપર આવીઓ. તે બોલીઓ કે "ઓ પરીજાત? આ મારો હાથ અને દીલ તારે હવાલે કરૂં, તારો ફરમાંબરદાર ચાકર થઈને રહું, તારો જુતીનો ઉઠાવનાર થાઉં, જો તું પેલા દગલબાજ મનોચેહેરને છોડી દીએ અને મારા સરખા લુખાને આસરો આપે."

આ વીચારો શું ગોલશેહેર સાંભલી શકે? નહી. હવે તેને બોલવા વીનાં ચાલીઉં નહી. તેણે કાવેની મતલબ જોઈ લીધી માટે ગુસાથી બોલી કે "ઓ નીચ! તું શું મારી આબરૂ ઉપર તરાપ મારવા આવીઓછે? ચંડાલ હવે તુને મેં ઓલખીઓછે. તેં આટલું બધું જે ટાહેલું કીધુંછે તે તારી મતલબને ખાતરછે. નીકલ, હીઆંથી કાલું કર— પીલસુમ! પીલસુમ! હીઆં આવીને આ નીચ ઘઘેડાને બાહેર હાંકી કાહાડ."

કાવે બીજીવાર નીસફલ થએઓ.

પણ હીઆં વલી કાવેને તાલ કાંહાં આવડતી નહી હતી. તેણે વાતજ ફેરવી નાંખી. તે બોલીઓ કે—

"આફરીન! આફરીન! ઓ ભાએગસાલી મનોચેહેર તારો સીતારો ખરેજ બુલંદછે કે તારો હીરો ખરી જહલકાટથી દીપેછે. આ હા! તું આબાદ રેહેજે અને તારી નેકીનો એથી જીઆદે બદલો જોજે. બાએડી આ દુનીઆંમાં જો પાધરી હોએતો પછે કાંઇ જોઇએ નહી અને તું તારી બાએડી ઉપર જે ભરોશો રાખેછે તે ખરો ઠરેલો મેં આજે જોએઓછે. બાંનું ગોલશેહેર મારી બેઅદબી માંફ કરજો, પણ મેંતો માતર તમારૂં હીર તપાસી જોવા આ વાત કીધીછે. મારો મીતર મનોચેહેર તમારી વફાની વખાંણ કરેછે અને તે ખરીછે કે નહી તે જોવા માટે આજે મેં એટલી આડી ચાલ ચલાવીછે."

આ બોલાસો સાંભલી ગોલશેહેર પાછી ખુશી થઈ. તેણે કાવેની તકસીર માંફ કીધી. તે ઉપરથી કાવેને વલી વધારે બોલવાની હીંમત થઈ." નેક બાંનું તમારો વર હુમારાં મદાએન શેહેરમાં એક ફરેસતાની મીશાલે માંન ધરાવેછે. તેને હમે હુમારી મુરતી સમજીએ છઈએ, ખોદાએ લખી આપેલુંછે કે તે જાંહાં જાએ તાંહાં સરદારી કરે. તે તાંહાં તમારી ઉપર પુરતો વાસવાસ રાખેછે અને જારે હું તેને મલશ તારે પેહેલી વાત તમારી વખાંણવાજેગ વફાદારીની કરશ." ગોલશેહેરે તેનો ઉપકાર માંનીઓ.

હવે જોકે વખતતો ઘણો થએઓ તોપણ કાવે પોતાની મતલબમાં ફાવીઓ નહી. તેની સરવે ઈઉકતીઓ ફોકટ ગઈ અને તે જેવો આવીઓ તેવો પાછો જવાની ધાસતી કરવા લાગો, પણ તેવામાં વલી તેને એક વીચાર શુહુજીઓ. તેણે કહેઉં કે "શાહોજાદી ગોલશેહેર, હમારાં શેહેરનાં રાજાને એક મોટું નજરાંનું આપવાનો હમે ઠરાવ કીધેલોછે અને તેને લગતો અસબાબ ખરીદ કરવાને હું હીઆં આવીઓ છઉં. તે સઉ તઇઆરછે અને તેની મેં એક મોટી પેટી ભરીછે, પણ તે પેટીને સલાંમત રાખવાની કાંઇ જગા નથી, માટે જો મેહેરબાંની કરીને આજની રાત તમારા સુવાનાં ઓરડામાં તેને રખાવશોતો તમારા વર ખુશી થશે કાએકે તેવણે પણ આ નજરાંણામાં ફાલો આપેલોછે."

ગોલશેહેર તે પેટીને રાખવાને મોટી ખુશીથી કબુલ થઈ અને કાવે તુરત તાંહાંથી રવાંને થએઓ. આ વખતે શાહાજાદીએ પોતાના ભરથાર જોગનુ એક કાગજ કાવેને લખી આપીઉ હતું તથા અરજ કીધી હતી કે તેનાં મનોચેહેરને હાથો હાથ પોંહોંચાડવું.

---

## પરકરણ પાંચમું.

## ગોલશેહેરની બાંગડી.

જેઓ એવું ચાહેછે કે ખોદાએ જો માંણસમાં એકેકનાં મંનનો ભેદ જાંણવાની શકતી મેલી હતેતો "ઘણું સારૂં, તેઓને એક નાંમીચો સાહેર સવાલ કરેછે કે "દરરોજ મેદાનમાં જે મેંઢાઓ પોતાનાં કસાઈ સાથ ચરવા આવેછે તેઓ જો તે કસાઈનાં મંનનો ભેદ જાંણતાં હતેતો, આ મેદાંનમાં હાલની પેઠે શુ નાચી કુદીને વખત કાહાડતે?" નહી. ગરીબ બીચારી શાહાજાદી ગોલશેહેર! તે કેવી નીરદોશ, કેવી સાદી અને કેવી સાચી હતી! તેની આસપાસ ચાલતાં કારસતાંનોનો ભેદ તે જાંણતી નહી હતી અને જો જાંણતેતો શું તે હાલની મીશાલે બોલાં મન અને આસુદાં દીલથી જીવી શકતે?

એક ગમથી ગોલશેહેરની સાવકી માં અરનવાજ પોતાનાં દીકરા પશંગને આ બાનુ સાથ પરણાવવાની ઈઉકતીમાં ફરતી હતી. બીજી ગમથી તે શાહાજાદો પશંગ આ ગરીબ છોડીની માએઆ ખેંચવા માંટે તેની પુઠે પુઠે ફરતો હતો. તરીજી ગમથી રાજો ફરીબરોજ પોતે આ બેટી ઉપર જુલમ પાડતો હતો કે તેથી તે પશંગને કબુલ રાખે. ચોથી ગમથી વલી એક કારસતાંનનો ભરેલો તુરાંની આ છોકરીની દાંમન અને તે નહી બનેતો તેની બાંગડી લુટવા આવીઓ હતો કે તેથી મનોચેહેરનો ભરોશો ખોટો પડે અને ગોલશેહેરની વીટી તેને આપી દીએ. આ એક કુમલાં રેતન સરખાં માણસની વફા ઉપર જફા કેટલી બધી!

સાંજ પડી કે કાવેનાં માણસો મેલી પેટી લઈ આવીઆ અને ગોલશેહેરે તેને પોતાના સુવાના ઓરડામાં સંભાલથી મેલાવી. શા માંટે? તે એમ વીચારતી હતી કે તે પેટી મેલાવવામાં તે પોતાના દુર પડેલા ભરથારની શેવા બજાવેછે. ભરથાર! એ બોલજ તેની છાતીને હરખથી ભરતો હતો અને જારે તેની તરફથી કાવેએ પેટી મોકલી તારે શું તે જીવની મીશાલે નહી સંભાલે?

પણ તે જાણતી નહી હતી કે તેમાંતો ભરમ હતો. આ પેટીમાં કાવે પોતે ભરાએલો હતો! તે જારે પોતાની સરવે ઈઉકતીમાં નીશફલ થએઓ તારે આ બાનું ઉધાએ તે વખતે તેની બાંગડી ચોરી લેવાની એક ઈઉકતીને અજમાવાનો તેણે ઠરાવ કીધો હતો. કાવે ખાસુખા એક મોટી અને સગવડ ભરેલી પેટીમાં બેઠો હતો અને તેમાં કોરેલાં આંધરાંઓ વાટે તે સંધું જોતો હતો.

તે પેટીમાથી જોતો હતો કે રાતનો વખત થએઓ તારે બાનુ ગોલશેહેર જમવા જવાની આગમચથી પેટીને તપાસી ગઈ કે રખેને તે આડી અવડી મેલાઇ હોએતો તેમાંનો કાંઇ સાંમાંન તુટે અને તેનો વાહાલો ધણી ગુશે થાએ. કાવે જોતો હતો કે જમી રેહેવા પછે ગોલશેહેર પાછી આવીને સુતી સુતી વાંચવા લાગી. જારે વાંચતાં વાંચતાં તેની આંખનાં

ટોપસાં વીચાવા લાગાં તારે ચોપડીને અધુરે પાંણે નીસાંણ મુકીને સુતી. તેની સાહેલી બતીને લઈ જતી હતી પણ બાનું ગોલશેહેરે તેને ખાસુખા રખાવી હતી અને સાહેલીને રાતની રજા આપતી વખતે સવારનાં સકારે ઉઠાડવાનું ફરમાવી સુતી હતી.

થોડા વારમાં તે મીઠી નીંદમાં પડી.

તે વખત એટલાંતો એકાંતપણાં અને ચુપકીદીનો હતો કે ગોલશેહેરનો દમ પણ સંભલાતો હતો. બાહેર ચંદની પરકાશતી હતી. અંદર બાનુ ગોલશેહેર ફુલનાં ઢગલાની મીશાલે પોહોડેલી હતી. તેને માંથે ફરેસતાઓની નેગેહેબાંની હતી પણ તેની પાસેજ પેલો ચોર ભરાએલો હતો!

ઘણો વખત પછે પેટીનુ ટાંકણું આસતેથી ઉંઘડીઉં. કાવેએ પેહેલાંતો આસપાસ ચોકું ફેરવીને જોઈઉં અને પછે હલુ રહીને બાહેર નીકલીઓ. તે વખતે તેને એકેએક ડગલે મોહોત હતું. જો પેટીનુ ઢાંકણ તુટી પડે, અથવા જો તે કોઈ ચીજ સાથ અઠડી પડે, અથવા જો તેનાં કપડાનો જરા ખખડાત થાએતો કદાચ ગોલશેહેર નહી ને પાસેનાં ઓરડામાં સુતેલી સાહેલીઓબી જાગે ખરી. માંટે કાવે ઘણાં સંભાલથી પગલાં ભરતો હતો. શરુઆતમાં તેણે ઓરડાની સરવે ઈધાંણીઓ જોઈ લીધી કે મનોચેહેરને કેહેવા કામ લાગે અને પછે બીછાણાં આગલ ગએઓ. શાહાજાદીએ કેઈ ચોપડી વાંચી હતી તથા કેતરમે સફે નીશાંણ કીધી હતી તે ઈઆદ રાખીઉં. પછે છેક નજદીક ગએઓ. આસતેથી બીછાંનાંને હાથ લગાડીઓ. ગોલશેહેરની બાંગડીવાલો હાથ બાહેર જુહુલાતો હતો, માંટે કાવેને માંતર ખોલી ઉંધાડવાનીજ ખોટી હતી અને તેથી જેવી બાંગડી નીચે પડી કે તે તુરાંનીએ ઝીહીલી લીધી. તે લીધી કે કાવે તુરત પાછો ફરીઓ અને પેટીમાં ભરાઈ તથા ટાંકણુ ઘાંકીને ખાશી ધીરજથી ઉંઘ કાહાડી કેમકે છેક સહવારનાં પેટીને ઉંચકી લઈ જવાનો તેણે પોતાનાં માણસોને હુકમ કીધેલો હતો.

---

પરકરણ છઠું.

## શકની શરૂઆત.

કદાચ કોઈ વાંચનારી બાંનું એવું વીચારતી હોએ કે મનોચેહેરે જારથી કાવેને પોતાની બાએડીની તપાસને માંટે મોકલીઓ હતો તારથી તેને પોતાને જવાબ સાંભલવા વગર ઘણી બેચેની લાગી હશે અને તેટલા માટે તેણે ભુખે ખાધું અથવા ઉંઘે ઉંઘાએઓ નહી હશે; પણ તેમ નહી હતું. એ જવાંમરદનેતો પોતાની મનમોવન ઓરતના સારા ગુણ ઉપર એટલો ભરુશો હતો કે કાવે પોતાની શરતમાં હારીનેજ પાછો ફરશે અને પોતે આપેલી બાંગડીને કદી લઈ આવી શકશે નહી એવી તેના મનમાં ખાતરી હતી, અને તેથી કાવે જવા પછે તેનાં મીજાજમાં કાંઈ ફેરફાર થએઓ નહી હતો. તોપણ શરત જીહીતવાના પોતાના ખંતીપણાને ખાતર તે કાવેને પાછો ફરેલો જોવાને લગાર ઈનતેજાર હતો.

પણ તરક્ટીઆં માણસ આગલ શીઆંનો સેજમાં ફતેછે. કાવે પોતાને ઘેર જઈ જેવો પેટીમાંથી નીકલીઓ તે ચોજ બાંગડીને પોતાના સવાધીનમાં રાખીને મદાએન તરફ નીકલી પડીઓ અને જેમ બને તેમ લાંબી મંજલ કરીને જલદીથી મનોચેહેર તથા બીજા સરવે જણાઓની સાંમે આવી ઉભો.

તેને આટલો જલદી પાછો ફરેલો જોઈને મનોચેહેરે વીચારીઉં કે કાવે નીસફલ થઈ આવેઓછે, માંટે તે બોલીઓ કે "કેમ ભાઈ ખાતરી થઈ? એટલા વારમાંજ તાંહાંથી રસતો માંપી દેવો પડીઓ?"

કાવે—ધીરા થાવો ધીરા થાવો. તમે એટલા હરખાવો ના. મારી મુસાફરીની જહડફનો તમોને કાંઈ વીચાર નથી.

મનોચેહેર—વીચાર એકે તમોને તાંહાંથી એવો રોકડો જવાબ મલીઓ કે તમે જહદફ કરીને હીંઆં પગલાં ભરી આવીઆ.

કાવેના હાયમાં ગોએઆ મનોચેહેરની મુંદી હતી અને તેને જેમ ગમે તેમ મરડવાનો હવે તેનો અખતીઆર હતો. તે બોલીઓ કે—"ભાઈ તમારી ઓરતના સરખી શુંદરતો મેં ખરેખર કોઈ બીજીને જોઈ નથી."

મનોચેહેર—અને તેમજ તેવી વફાદાર તથા નીમખહલાલબી કોઈ જોઈ નહી હશે.

કાવે—ભાઈ તે વાતતો માફજ કરજો. તમારા શેવકે ખાતરી કરી લીધીછે. મારે તે વાતનીતો શરત જીહીતવીછે, ખબરછે?

મનોચેહેરે માંનીઉં નહી. પરથમ તેણે ગોલશેહેરનો કાગજ વાંચી લીએઓ અને પછે કાવેને પુછીઉં કે "કેમ કાવે, મારે આંગલેની આ વીટી મેલવવાની આશા મેલી કે હજુરછે?"

કાવે—પુરતી, પુરતી આશાછે. જેવી બાંનું ગોલશેહેર તેવીજ આ વીટી સસતી અને સેહેલીછે.

મનોચેહેર હવે મશખરીથી ગમભીરાઈ ઉપર આવીઓ. તે બોલીઓ કે "જો ભાઈ તું એવું દેખાડે કે મારી ઓરત મારીસે બેવફા થઈછેતો આ મારો હાથ અને વીટી તારે સવાધીનછે; પણ જો તું તે ખાતરી નહી કરેતો તારી આબરૂ અને તારી ગરદન મારે હવાલે થશે."

કાવે—કબુલછે. હવે હું જે બેઆન આપું તે સાંભલો. પરથમતો એ બાંનુનો સુવાનો ઓરડો મેહેલના પથમીમ ભાગમાં પેહેલા માલા ઉપરછે. તેમાં રેસંમનાં બનાવેલાં કાગજ ચોંટાડેલાંછે. તેમાં ખાર બારીઓછે, વચોવચમાં એક મોટું જુંમરછે, અને આજુબાજુએ પુતલાં ગોઠવેલાંછે. ટુકમાં આખો ઓરડો એવો સીણગારેલોછે કેમારી છાતી તો જોઈને દંગ થઈ ગઈ હતી.

મનોચેહેરને આ વાતથી જરા કાંઈ લાગ્યુ ખરું પણ તેણે પુરતી ધીરજ રાખી હતી. તે બોલી ઉઠીઓ કે—"કદાચ એ બેઆંન તેં કોઈ દાસીને અથવા મારે મોહોડે આગલ સાંભલીઉં હશે. એ ઉપરથી કાંઈ મારી મોહોરદારની બેવફાઈ સાબેત થતી નથી."

કાવે—તમે એટલી ઉતાવલ કાંએ કરોછો! હજુરતો બધું આવશે. આરસીનાં તખતાઓમાં બે મોહોડું જોવાની આરસીછે અને બેમાં સબી ચીતારેલીછે. શાહાજાદીના પુસતકખાંનાંમાં ઘણીખરી કેતાબો કવીતા અને ગાએણની છે.

મનોચેહેર—પણ એ બેઆંનતો તેં મેહેલનાં કારભારી પાસેથી સાંભલીઉં હશે.

કાવે—આગલ ચાલો—છાપરૂં ગોલછે, અને ઓરડા ની સીલીંગ ઉપર નકસી કોતરેલીછે.

મનોચેહેરને જરા જરા શક વધવા લાગો તોપણ આ વીગતોને તેણે હસી કાહાડી.

કાવે—જે રાતનાં મેં બાંનું ગોલશેહેરની મુલાકાત કીધી તે રાતનાં તે બાંનુ ઈરાંણની તવારીખ વાંચતી હતી અને તેનાં ૧૦૭ સફા તેણે વાંચેલા હતા.

હવે મનોચેહેરને જરા ધાસતી પેદા થઈ. તોબી તે બોલીઓ કે "આટલાં બેઆંનથી હું શરત હારેલો કેહેવાઉં નહી. મને વધતી સાબેતી જોઈએ."

કાવેએ આ વખતે બાંગડીને ગજવાંમાંથી બેંચી કાહાડી. તે જોઈનેજ મનોચેહેર ચોંકી ઉઠીઓ તેણે ફરી ફરીથી જોઈ અને ખાતરી કીધી કે "હા આ બાંગડી ખરી. મેં મારી ઓરતને વફાદારીની ઈધાંણી દાખલ તેને એ બાંગડી આપી હતી અને મોહોત સુધી તેને રાખવાનાં તેણે સોગંદ ખાધા હતા. ઓ ખોદા! તેજ બાંગડી તારા ગજવામાં!"

કાવે—હા, એજ બાંગડી તેણે મને આપી દીધી.

મનોચેહેર—પણ તે કદામ મને ખાતર દેખાડવા તારી મારફતે મોકલી હશે.

કાવે—જો તેમ હતેતો પોતાનાં કાગજમાં તમોને લખી જણાવતે, પણ તેમ નથી. તેણેતો એ બાંગડી મને ભેટ કીધીછે. તે બોલીકે એ મારા વરે મને આપેલીછે પણ તમારી આગલ તે કુચ બીસાદમાં નથી. એટલું કહીને તેણે તુરત હાથમાંથી બેંચી કાહાડી મારા હાથમાં મેલી.

હવે મનોચેહેરનો પીતો ઉછલી આવીઓ. તેને એથી વધારે સાબેતી શું જાઇએ? તે ગુસાથી લાલ લોહી જેવો થએઓ. તેની આંખ જહનુન અને કીનાંથી જહલકવા લાગી. તે તાતો બનીઓ અને પોતાની વીંટી જહટ દઈ કાવેને આપીને બોલીઓકે—"અરે કપાતર રાંડ, આખર તું એ મારૂં ઘર ભાંજીઉંછે"

આસપાસનાં આદમીઓએ મનોચેહેરને ઠંડો પાડીઓ. તારે તેને વલી શક આવીઓ માટે કહેઉં કે—"કાવે કદાચ એ બાંગડી તુંએ ચોરી હશે તેની કોણને ખબર! નહી નહી તે શીઆંની ઓરત કદી બેવફાઇ કરીને તુંને આ બાંગડી આપે નહી. એ તેં ચોરેલીછે."

કાવે—શાબાસ! એ છટકી જવાની સારી રીતછે. જો તમોને વધારે નીશાંણી જોઈતી હોએતો હું આપવાને તઈઆર છઉં. તમારી ઓરતની છાતી ઉપર એક કાલી લાછણછે? ખરી વાત? હજુરબી તમુને નીશાંણી જોઈએછે?

નહી. મનોચેહેરની હવે ખાતરી થઈ કે જે ગોલશેહેર તેનાં મોહોડાં ઉપર ઘણી મીઠી હતી, જે તેને એક ઘડી વીહીલો નહી મેલતી, જે તેને દુખી જોઈ પોતે દુખી થતી હતી, જે તેની આગલ વાતો કરી, ચોપડીઓ વાંચી અને ગીતો ગાઇ તેને ખુશી રાખતી તે આજે બેવફા—બેવફા—થઈછે.

અરે ચંડાલ કાવે તારો કાંહાં ધાગ થશે!"

જે વેલાએ મનોચેહેર ગોએઆ દેવાંનો બનીને ગોલશેહેરને ગાલો દેતો હતો, તે વેલાએ કદાચ તે પરીજાત પોતાનાં વાહાલા ખાવીંદને ઈઆદ કરતી હશે. તે કદાચ પોતાનાં નીમખહલાલ ચાકર પીલસુમ આગલ બેસીને મનોચેહેરની જીદાઇને માટે ગમ કરતી હશે. તે કદાચ પેલા શાવકી માના દીકરા પશંગથી કંટાલી તેને ધીકારતી હશે અને મનોચેહેરને ખાતર તેની સાથ પરણવાને નાં પાડતી હશે. પણ તેજ વખતે મનોચેહેરતો તેને હજારો હજાર કડુવા દેતો હતો.

તેણે કસમ ખાધા કે "ગોલશેહેર ઉપર હું વેર લેવશ. હું એ નાંપાક રાંડનું ખુન કરશ. હું તેની બેવફાઈ આખી દુનીઆંમાં આશકારા કરશ. હું કેહેવશ કે આ ધરતી ઉપર કોઇબી ઓરત વફાદાર નથી."

અફસોસ! નાંદાંન મનોચેહેર, તું ઠગાએઓછે!

---

## પરકરણ સાતમું.

## ઘભરાટ, ગુસો, ગુચવણ.

રાણી અરનવાજ જાંણવાને ખંતી હતી કે તેણે પોતાની સાવકી દીકરીને પોતાનાં સગા બેટા પશંગ સાથ પરણાવાને જે મેહેનત જારી રાખી હતી તેનું કાંઈ સારૂં ફલ નીપજીઉંછે કે નહી? તેણે ખાસુખા આ જોડું શાંધવાને ખાતરતો ગોલશેહેરનાં ખાવંદને દેશનીકાલ કરાવીઓ, ગોલશેહેરને પોતાને કેદ નખાવી અને એ જવાંન શુંદરીનો નીમખહલાલ ખીદમતગાર મરણ પામે એટલા માંટે તેને ઠાગાથી જેહેર રાખવા આપીઉ હતું. એ સઘલી કોશેશોથી પોતાને મંન ભાવતું શેવટ લાવવાને રાંણી અરનવાજ એટલી બધી ખંતી હતી કે દરરોજ પોતાના બેવકુફ દીકરાની મુલાકાત કરતી હતી તથા ગોલશેહેરને કેમ ફુસલાવવી તેની તરેહવાર ઈલ્કતીઓ શીખાડતી હતી.

જે રાતનાં ગોલશેહેરની બાંગડી ચોરાઈ તેની બારવને શાહાજાદો પશંગ પોતાની માંની ઉસકેરણી ઉપરથી ગોલશેહેરનાં ઓરડાનાં ઉબર આગલ ગવઈઆઓને લઈને જઈ ઉભો અને ગાએણથી તે બાનુને બાહેર ટેડવા લાગો. પણ તે અચરત થએઓ કે ઘણ મોડુ થવા છતાં ગોલશેહેર બાહેર આવી નહી. ગરીબ ગોલશેહેર તે વખતે અતીઅંત દુખી હતી. દરરોજ સહવારનાં ઉંઘમાંથી ઉઠીને તે પોતાનાં ધણીએ આપેલી બાંગડીને મીઠાસથી બોસો દેતી હતી, પણ આ જે સહવારનાં તેમ કરવા જતાં તેને હાથેથી બાંગડી ગેપ થએલી જણાઈ. એનો ભેદ તે સમજી શકી નહી. તેણે વીચારીઉં કે ખીલી અલગી હોવાથી કદાચ તે નીકલી પડી હોએ. તેટલા માંટે તેણે બીછાંનાંનાં પડે પડ ઉખેડીઆં અને પોતાનાં પીલસુમ તથા સાહેલીઓ સોડે દરએક ખુણે ખોલ કરાવતાંબી કસો પટો હાથ લાગો નહી. તેમાં લાંબો વખત નીકલી ગએઓ અને તેથી જારે તે બાનુ ઓરડાની બાહેર નીકલી તારે બપોર પડવા આવેલી હતી.

એકતો તે ગભરાટ અને ગુસામાં હતી અને તેવામાં વલી બારણાંની આગલજ બેવકુફ પશંગનાં તેને દરશણ થએઆં માંટે તેને વધારે રીસ ચહડી હતી. પશંગને તેની મા જોકે ઘણું સમજાવતી તોપણ એ મુરખ આદમી પોતાનુ કાંમ સમજતો નહી હતો. તેનામાં કાંઈ અકલ નહી હતી અ

ને તેથી ગોલશેહેરે એકદમજ કાચુ કાપી દીધુ. તે બોલી કે "સાહેબ મેં તમુને ના કહેલુછે કે મને હેરાંન નાં કરો તોબી તમે રાત ને દીસ મારી પુઠ મેલતા નથી એ ઘણુંજ ધીકાર ભરેલુંછે."

પશંગ—જો શુંદર ગોલશેહેર મારો જાન મેં તુંમા ભરીઓછે અને તેને તું એકદમ ખાલી ના કરી નાંખ.

ગોલશેહેર—હું તે કાંઈ સમજતી નથી. તમોને હું ઓલખતી નથી. તમે મારી આગલથી જાવો અને તમારી સીકલ ના દેખાડો.

પશંગ—તું પેલા લુછા મનોચેહેર તરફ દેવાંની બની છે અને તેવી હાલતમાં તુંને છોડી જવામાં પાપછે.

ગોલશેહેર—એ વલી તમારી બેવકુફીનો વધારે નમુનોછે.

પશંગ—તારે હું બેવકુફ કે?

ગોલશેહેર—અલબતા. તમે મુગા બેસો એટલે તમારી બેવકુફીનો અંત આવશે અને મારૂં દેવાંનાપણુ દફે થશે.

પશંગ—શાહાજાદી તારો મનોચેહેર કોણછે? એક હલકા સરદારનો દીકરો અને મારે મનસે એક ગોલામ.

ગોલશેહેર—બસ તું હવે મુંગો રેહે. જારે તે એટલો હલકો હોએ તારે તુતો તેથી હજારઘણો હલકો હોવો જોઈએ. ઈઆદ રાખજે કે તુંને હું તેના ખાસડાં બરોબર ગણતી નથી.

ગોલશેહેર ગમે એટલી ધીરજવાલી હતી તોબી આટલો ગુસો તેને નહી લાગેતો તે ઈનસાંન કેહેવાએ નહી. તેણે આ રાજવંઉશીને જે અપમાન આપીઉં તે પોતાના બચાવને લીધે હતું, કેમકે આ અપમાનથી તે શખસ તદન મુગો થઈ ગએઓ અને વધારે લાંબી વાત કરવાને બદલે એટલુંજ વીચારી બેઠો કે આ છોકરી ઉપર હું મારૂંવેર લેવશ.

'તે આખો દાહાડો ગોલશેહેરે ફીકરમાં ગુજારીઓ. તે વીચારતી કે "હું મારા ધણી તરફ જેમ વધતી વફાદારી રાખું છઉં તેમ મારા ઉપર નવો ગજબ ગુજરેછે. આ નઠારો શાહાજાદો મને વધારે હેરાન કરેછે અને સઉથી છેલો જુલમ મારી બાંગડી ખોહોવામાં થએઓછે. અરે! હું મારા મનોચેહેરને કીઉં મોહો દેખાડશ? જારે તે મને પુછશે કે બાંગડી કાંહાંછે તારે હું શું કેહેવશ? શું તે એમ નહી વીચારશે કે મેં તેની બાંગડીને કોઈ બીજાને હાથ આપી દીધીછે? ખોદા! મારી શરમ આબરૂ રાખજે."

આ વખતે નીમખહલાલ પીલસુમ ઓરડામાં દાખલ થએઓ અને મનોચેહેરનું એક કાગજ પોતાની શેઠાંણીના હાથમાં મેલીઉં. પીલસુમનો ચેહેરો ઘણો ચીંતાતુર હતો. તેને ગોએઆ કોઈ મોટો અંદેશો લાગો હતો અને જારે નામદાર ગોલશેહેર તે કાગજને મોટી આતુરતાથી વાંચતી હતી તારે આ ભલા ખીદમતગારની આંખમાંથી આંશું ટપકતાં હતાં.

તે શા માટે વારૂં! આગલ ચાલતાં જણાશે.

ગોલશેહેરે કાગજ વાંચીઉં—

"ઉમરજાંન બાંનુ—જો તમારો બાપ મને કેદ કરેતો તેનો ગુસો જેટલો ધાટકી થાએ તે કરતાં વધારે ધાટકીપણું મને તમારી જુદાઈમાં લાગેછે. હું દેશનીકાલ થવાની મારી જગા મદાએનથી પછો નીકલીઓ છઊં અને તમારા બાપના રાજની સરહદ આગળ કીરમાંનમાં આવેલો છઊં, માટે જો રાતોરાત તમે નીકલી આવોતો ચોદી મેહેરબાંની.

લા૦ મનોચેહેર."

પીલસુમે અરજ ગુજારી કે જો શેઠાંણી ચાહેતો મનોચેહેરની જનાબમાં તેને લઈ જવાના ઘોડાઓ તઈઆરછે. ગોલશેહેર રાજી થઈ. તેણે વીચારીઉં કે "આ મોટા મેહેલ અને રાજપાટમાં એખલી રેહેવાનાં કરતાં હું કીરમાંનનુ જંગલ અને નાંહાંની જુફડી પસંદ કરશ. હું હવે કંટાલી ગઈ છઉં. પશંગથી મને દુર થવા ગમેછે અને મનોચેહેરને માંટે ઈનતેજાર છઉં. બાંગડી ખોહોવા વીશે તેને મલીને હું તુરત ખોલાસો કરશ અને મારો મનોચેહેર એટલો વેહેમી નહી હશે કે એખલાં એ કારણ ઉપરથી તે મારી દાંમન ઉપર શક લઈ જાએ."

પણ તે બીચારીને ખબર નહી હતી કે તરકટના કારસતાંને મનોચેહેરના દીલને ફેરવેલું હતું અને તેણે આ બાંનુને અનજાંની જગામાં બોલાવી તે કદાચ કોઈ ભએંકાર કરમ કરવાને હશે તેની કોણુને ખબરછે?

ગોલશેહેર બામદાદને વખતે છુપી રીતે ઘોડે સવાર થઈ અને શેહેરની બાહેર નીકલી. તેની સાથે તેનો ઈમાનદાર નોકર પીલસુમ હાજર હતો. એ બંને જણ વાત કરતાં ચાલતાં હતાં. પરોઢીઆંએ આસપાસની અંધારીને નહસાડવા માંડી હતી અને સુરજ ફુટવા મંડિઓ હતો. મુસાફરીથી ગોલશેહેરને અતીશએ થાક ચહડેલો હતો. કંટાણો અને ડુંગરાઓ ઉપર હીલા હંસેલાથી તેને ચાલવું પડીઉં હતું. પણ તે કોણુને ખાતર? ભરથાર—ભરથાર.

અંતે ઠરાવેલી જગા આવી. જંગલો દુર થએઆં અને લીલોતરી ભરેલાં મેદાન અંદર આ મુસાફરો આવી પુગા. પણ તે મેદાનમાં મનોચેહેર કાંહાં હતો? તેનુંતો નામ કે નીશાન માલુમ પડીઉં નહી.

ગોલશેહેરે પીલસુમને પુછીઉં, પણ પીલસુમ દેખીતો અંદેસો કરતો હતો. તેણે ફરી ફરીથી પુછીઉં પણ પીલસુમે જવાબ આપીઓ નહી. "પીલસુમ તું મુંગો કેમ થએઓછે? તારા શેઠે તારી ઉપર લખેલુંછે કે નહી? તે કાંહાં છે?" પણ અંતે પીલસુમ રડી પડીઓ. તે ઘણું બોલવા જતો હતો પણ તેનાથી બોલાતું નહી હતું.

જારે ગોલશેહેર તેથી ઘણી ગભરાવા લાગી તારે પીલસુમે મનોચેહેરને હાથનું એક બીજું કાગજ કાહાડીને વાંચવા આપીઉં. તેમાં મનોચેહેરે પીલસુમ જોગ આ પરમાણે લખેલું હતું—

"નીમખહલાલ પીલસુમ—તારી શેઠાંની છીનાલ ઠરી ચુકીછે. તે મારી સાથ દગો રમીછે અને તે બીજાની થઈછે, જેની નીશાની મારા હાથમાં આવીછે. મારી પાશ જેવી મજબુત સાબેતીછે તેવો મજબુત મારો ગમખીછે અને તેનું વેર મારે લેવુંછે. એ કાંમ હું તુંને સોંપું છઊં. તું જો ખરો ભલો હોએતો આ બુરી ઓરતને નાબુદ કર, તેને મારી નાખ, તેનો જીવ લે. તેને નામનું મેં આ એક કાગજ બીડીજંછે તે તેને આપજે. તેમાં મેં તેને કીરમાંન ખાતે બોલાવીછે. તાંહાં તેને તું લઈ આવજે અને પછે તેની બદીની તેને સજા કરજે."

પીલસુમ જેવા દએઆલું માણસ થોડાં હશે. તે પોતાની શેઠાંણી આગલ ફેકિફોક રડીઓ, કાંએકે તેના શેઠે તેને એક ધાટકી કાંમ સોંપીઉં હતું અને તેની શેઠાંણીનો કાંઈ વાંક નહી હતો એવું તે સારીપઠે જાંણતો હતો. તેમ નસે બોલતો કે "હુંતો ખરેખ કંગાલ થએઓ છઉં.


શું આ કુમલાં બાલક તરફ હું મારી તલવાર ખેંચું અને મારા હાથને પાપી કરૂં? અરે ખોદા એ કુમલી નારીનું ગલું મારી તલવારની આગમચતો આ કાગજથી કપાઈ ગએઉંછે."

કાગજ વાંચીને ગોલશેહેર મોટી માહેતમમાં પડી. તે બોલી કે "ખોદા આ શું જુલમ કરેછે ? તે મને બે ઇમાન ગણેછે એ શું સપનો કે ખરી વાતછે? મેં બેઇમાંની સાંમાં કીધી ? કંગાલની મીસાલે ભુખ અને ઉંઘ તજીને હું પડી રહી, તેને રાત અને દાહાડો મેં ઇઆદ કીવો, તેને દુવા અને આસીરવાદો દીધા, બીજા રાજવંઉસીઓનો મેં ધીકાર કીધો તેમાં શું મેં બેઇમાંની કીધી ? પીલસુમ તું હવે શું જોએછે ? તારા શેડનો હોકમ બજાલાવ. એવા જહનુની માણસની બાએડી થવા કરતાં મોહોત ભલુંછે માટે આ તલવાર લઇને મને માર."

—∞○∞—

## દનીઆનો મુસાફર.

### પત્ર ૧૪



પીઆરાં બેહેન,

ઈંગલંડથી નીકલેલો હું સકૉટલંડ થઈ આએરલાંડ સુધી આવી પોહોંતો છઉં, પણ તેનું બેઆન કીધાની આગમચ વાટમાં જે ગામડાંઓ અને શેહેરોમાં ફરતો ફરતો હું આવીઓ છઉ તેઓને એકેદમ ભુલી જવું દરૂસત નથી. જો કોઈ અનજાંનો શખસ લંડન શેહેરમાં આવેતો તે એમજ વીચારે કે ઇંગલંડની સઘલી મોટાઈ તેનાં આ લંડન શેહેરમાં હશે, પણ તેમ નથી. જેમ તમારી તરફ કલકતા તથા મુંબઈ મોટા શેહેરોછે અને સુરત, ભરૂચ, કરાંચી, દીલી, લખનો બીજાં નાંહાંનાં શેહેરોછે, તેમજ હીઆં પણ લંડન મોટુ શેહેર અને લીવરપુલ, બરમીગહામ, ઈતી આદી લંડન સાથ સરખાવતાં જરા ઊતરતાંછે. પણ બેહેન એ નાંહાંના શેહેરો આગલ તમારા મોટા શેહેરો તો કુચ ખીસાદમાં નથી તારે લંડન સરખા મોટા શેહેરને સાની સાથે સરખાવીશું ? તે વીશે લમબાન કરવાને બદલે હું મારી મતલબ ઊપર આંઉ છઉં. હીઆં આગની બાડીએ મારી મુસાફરીને ઘણી સેહેલી કીધીછે. કેટલેક ઠેકાંણે એ ગાડી મુંબઈની આગગાડી કરતાં જુદી ઢપનીછે, જેનો ચીતાર મેં ઊપર ટાંકીઓાછે. મેં સાંભલીઉંછે કે સુરત તરફની રેલવેમાં એવી મોટી ગાડીઓાછે. તે ખરૂછે કે નહી તે જણાવજો.

તમે કદાચ અનજાંના હશો કે એખલા લંડન શેહેરમાં સઘલા મલીને ૧૪૦૦૦ મોહોલાઓ, અને ચોકોછે. એ શેહેર રાજદરબાર અને સાધારણ કાંમ કાજોનું મુખીઅ ઠામછે. માનચેસટર શેહેર રૂના કારખાનાંઓથી ભરેલુંછે, અને લીવરપુલ અતી મોટા વેપારને માંટે જાંણીતુ થએલુંછે. લીડસ નાંમના શેહેરમાં મુખીઅ કરીને ઊનનું કાંમ ચાલેછે. કોવેંટરી શેહેરમાં ઘણા સરસ ઘડીઆલો અને ગલે બાંધવાની ફીટના કારખાંનાંછે. ડરબી શેહેરમાં મોજાં વણાએછે અને ઘણાંક રેસમના કારખાનાંછે. બરમીંગહાંમ લોહોડાંનો સાંમાંણ બનાવવા માંટે પરખીઆતછે. આકસફરડ શેહેર કેલવણી અને વીદીઆનુ મથકછે, જાંહાં ૧૯ મોટી અને રોનકદાર મદરેસાઓાછે. હીઆના એકજ પુસતકખાંનાંમાં બે લાખથી વધારે ચોપડીઓાછે તથા ૨૦ હજાર હાથના લખેલા પુરાંનાં દસતાવેજોછે. પોરટસમાંઊથ મોટા કીલાઓ અને નામીચી ગોદીઓનુ મથકછે, જાંહાં ગંજાવર મનવારો અને નાંહાંનાં મોટાં વાંહાંણોથી તેમનાં રાખશી કદનાં લંગડ ઈતી આદી બાધવામાં આવેછે. એ શેહેરની એકજ ગોદીએ ૧૦૦ એકર જમીન રોકીછે. લંગડો બનાવવાના કારખાનાં જુદાંછે, જાંહાં હજારો લંગડોને જોવા લાએક રીતે ગોઠવેલાંછે.





આ સઘલાં શેહેરોમાં કરોડો ધંધાદારીઓની રોજી ચાલેછે. ઘણાંક કારખાનાઓમાં ઓરતો કામ કરેછે, જેઓ સહવારથી સાંજ સુધી ચાકરીએ આવેછે અને પછે પોતાનાં ગાંમડાંઓ ખાતેનાં સુખી ઘરોમાં જાએછે. બેહેન આ ગાંમડીઆ લોકોબી કેલવણી પાંમેલાછે. વાંચતાં લખતાંતો તેમાંનાં મોટા ભાગને આવડેછે, જેઓ પોતાનાં સફાઈ ભરેલાં જુપડાંમાં ફકર ચીંતા વગર આરામ કરેછે. આ

ગાંમડાંઓમાં ઘણા રેહેવાસીઓ ખેતીવાડી કરેછે. તેમાં તેઓનો કબીલો તેમને સારી મદદ આપેછે. તેઓની બાએડીઓ વાવણી કાપણીમાં કાંમ લાગેછે. તેઓના રમતીઆલ બચ્ચાંઓ ફુરસતને વખતે ગાએ ઢોરને ખવાડવાની કસરત કરેછે. આવી ખેતીવાડીતો હીઆં થોડીછે પણ ઊમરાવો પોતાની મોટી જમીનો ઊપર અતીઘણી ખેતી કરાવેછે,



જેમાં તેઓ પોતે જાતે તપાસ અને તકેદારી રાખેછે તથા સઘલી સુધરેલી કલાઓથી જાહાડ પાંણો અને જનાવરોને ઊછેરેછે. એવાં ઘણાં ગાંમડાં, નદી નાલાં પસાર કરી હું સકાટલંડમાં આવી પોહોંતો હતો.


સકાટલંડ દેશની ઊગમણ દસાએ જરમન માહાસાગર, તથા આટમણ અને ઊતરે આટલાંનટીક માહાસાગરછે. તેની દખણે ઈંગલંડ દેશ નાહાના પાહાડોથી છુટું પડેલુંછે. તે ઊતરથી દખણ શુધી ૨૮૦ માઈલ લાંબુંછે અને તેની વધતાંમાં વધતી ૧૭૫ તથા ઓછામાં ઓછી ૩૦ માઈલની પોહોલાઈછે. એ દેશ ઘણું કરીને પાહાડો તથા ખીણોથી ભરેલુંછે અને થોડોજ ભાગ સલગ સપાટીવાલો હોવાથી તાંહાંની જમીનને "હાઈલાંડ" એટલે "ઊંચી જમીન" અને "લોઓ લાંડ" અથવા "નીચી જમીન" એવા બે ભાગમાં વેહેંચી નાંખીછે. તાંહાંની નદીઓ પણ આ પાહાડોને લીધે કઢંગી રીતે દોડેછે અને તેથી એ નદીઓથી વેપારના વધારાને જાજી મદદ મલી શકતી નથી. એવી માતર કલાઈડ અને ફરથ નાંમની બે નદીઓછે. છેલી નદીને કીનારે સકાટલંડનું પાએ તખત એડીનબરો શેહેર આવેલુછે. એ દેશ મધે સને ૧૮૫૧ માં ૩૬૬૬૫૦ ઘરો મધે ૨૮૭૦૭૮૪ માણસોની વસતી હતી, જે મધે ૧૩૬૩૬૨૨ મરદો અને ૧૫૦૭૧૬૨ ઓરતો હતી.

સકાટલંડનાં રેહેવાસીઓનુ એક ચીતર તમોને મેં ભેટ કીધુંછે. આ લોકો ઘણુ કરીને હાઈલાંડનાં રેહેવાસીઓછે. મુંબઈમાં ઘણી વખત આવતાં લશકર મધે આ જાતનાં સોલજરોને તમે જોએઆ હશે. તેઓને "હાઈલાંનડર" કેહેછે. તેઓ ખુબસુરત અને જોરાવર હોએછે તથા તેઓમાનાં ગરીબ લોકો રંગ રાગમાં




સારો વખત કાહાડેછે. સકાટલંડનાં રેહેવાસીઓ ઈંગરેજી ભાશા બોલેછે અને રીતભાત તથા ધરમ ઈંગરેજોનાં જેવાંજછે. આપણા લોકો જેમ ઈંગલંડનાં તેમજ સકાટલંડ અને આએરલાંડના રેહેવાસીઓને ઈંગરેજનાં એકજ નામથી ઓલખેછે.

સકાટલાંડની જમીન જાજી ફલવંત નથી. તેમાં ખેતીવાડી થોડી ચાલેછે, પણ જંગલો મોટાં અને સારૂં લાકડું પેદા કરનારાંછે. જનાવરોની અને બીજી પેદાએસ ઈંગલંડનાં સરખીછે. આ દેશ ધરતીનાં પેટાંમાં સારો દરવ ધરાવેછે. કોલસો, લોહોડુ, ચુનો અને ફતર હીઆંની ખાણોમાંથી પુશકલ મલી આવેછે. ફરથ અને કલાઈડ નદીની વચેની કોલસાની ખાંણ ૧૦૦ માઈલ લાંબખીછે. ઈમારતો બાંધવાનો ગરેનાઈટ નાંમનો ફતર હાઈલાંડસમાં જથાબંધછે, પણ આબરડીન શાએર અને કર કડબશાઈટ નાંમની જગાઓમાંથી જે બેહદ ફતર મલેછે તે કીમતીછે અને રસતાઓ બાંધવા, ધકા પુરવા, ઈતીઆદીનાં કાંમ આવેછે. એ ફતરની ખાંણનો એક ચીતાર મેં બીડીઓછે. એ



માંથી ફતર ખોદીને તેનાં ગાડાંઓ ભરવામાં આવેછે, અને તે ગાડાંને ઘોડે ઘસડી લઈ જાએછે. ઘોડે હી



આં એખલા ઊતારૂનેજ નહી પણ માલ લાવવા લઈ જવા કાંમ લાગેછે. તેવા ઘોડા તદન જુદા રેહેછે, જેઓનાં ખુનને હીઆં ખામુખા વધારવામાં આવેછે.

પીઆરાં બેહેન, આજ સુધી હું મારી મુસાફરીનાં એકેક દેશનુ બેઆન એકેક કાગજમાં પુરૂ કરતો હતો. પણ આજ તરણ આગબોટ થઈ હજુર વેલાતનો હેવાલ મેં પુરો કીધો નથી માંટે તમે અધીરાં નહી થશો એવી મને આશાછે. મેં તમુને આગલથી જણાવેલુંછે કે વેલાત આપણાં રાજ કરતાઓનુ દેશછે, માંટે તેને લગતુ જેમ વધારે ગનેઆંન આપણ ધરાવીએ તેમ સારૂં. મારાં આવતાં કાગજમાં સકાટલંડ તથા આએરલંડનો હેવાલ હું કદાચ પુરો કરી શકશ, એજઅરજ.

હું છંઉ તમારો

વાહાલો ભાઈ.

## શરીરમાંનાં કીડાઓ—બચાંનાં કરમ.

આ વાત ઘણી અજાએબ જેવી અને ચાંનાંક આપનારીછે કે માંણસજાત પોતાનાં મોહોત પછે નાંહાંનાં કીડાઓનો ભોગ થાએછે, એટલુંજ નહી પણ પોતાની હઈઆતી છતાં તે જીનાં જનાવરોનાં ઊધર ભાવનું કારણ થઈ પડેછે. જે ગરૂરી વાલું ઈનસાંન આ જે પોતાનાં દરવ અને મોટાઈ ઊપર મગરૂરી રાખેછે તથા તકેબરી અને ખુશાંમતનું ખોરીશેં થઈ રેહેછે તેનાંજ મુવાબાદ તેનાં શરીર ઊપર લખો કીડાઓ ઘર બાંધેછે એ વાત તેની ગરૂરીને રોકેછે તથા તેને વધારે નમનતાઈ વાલો તથા દાહેઓ કરેછે. પણ એથીબી વધારે, જારે તે એમ જાંણે કે તેની હઈઆતી માંબી તેનાં શરીરની અંદર અને બાહેર અગણીત કીડાઓ જનમ લીએછે તથા ખાઈ પીને જીંદગી ગુજારેછે તારે તેને પોતાનાં ખાકીપણાંની કેટલી ખાતરી થવી જોઈએ! વઈદક શાસતરે દેખાડીઊંછે કે પેટમાંનાં કરમ, પગમાંનો વાડો અને બીજાં દરદો કાંઈજ નહી પણ સરીરનાં જુદા જુદા બાગોમાં એ કીડાઓનાં ઊપદરવને લીધે થાએછે. એ ઘણી અગતની અને જાંણવાજોગ બાબદછે, પણ તે સઘલાંની સમજ આ એક આંકમાં આપી શકાતી નથી માંટે હાલતો કરમની જાતનાં કીડાઓ વીશેજ બોલીએ છઈએ.

કોઈબી બચાંની માં આ કરમ અથવા પેટમાંનાં કીડાઓથી અનજાંની નહી હશે. ઘણાં બચાંઓનાં જાહાડા વાટે લાંબાં જીવતાં પરાંણીઓ કોઈ વાર બાહેર નીકલી પડેછે, જેઓ દુનીઆંની રોશની જોતાં વાર હીલચાલ કરવા મંડી જાએછે. તેઓનો દેખાવ કોઈવાર બીહાંમનો અને સદા નાપસંદ પડે એવો હોએછે, પણ તોબી તેઓમાં તે કીરતારની એવી હીકમત દેખાએછે, કે જેથી ઘણી વાંચનારી બાઈઓ તદન અનજાંની હશે. તે *અજીમ કુદરતનાં ખાવંદનો ખેલ* નેહારોછે. કોઈએ સપનાંમાંબી નહી ધારી હોએ તેવી જગામાં તે હજારો જીવજંતોને જીવાડેછે, અને થોડીજ વાંચનારી બાઈઓ ધારતી હશે કે માંણસનું શરીર વતીક એવાં પરાંણીઓને જનમ લેવાની એક દુનીઆં સરખુંછે. પણ તેઓની હસતી ફીલશુફની અકલને ગુમ કરેછે. આ કીડાઓની બાબદમાં જેટલું જાંણવું જોઈએ તેટલું હજુર માંણસ ખાતરી ભરેલી રીતે જાંણી શકીઆ નથી.

આ નાંહાંનાં જનાવરો ઘણુ કરીને આંતરડાંઓ મધે વસેછે. કરમો ચાર અથવા પાંચ જાતનાં હોએછે અને તે ઊપરથી વીદવાંનોએ તેમને જુદાં જુદાં નાંમો આપીઆંછે. તેઓમાં કોઈનું શરીર ગોલ, કોઈનું ચોરસ, અને કોઈનુ દોરડીનાં સરખું પાતલું હોએછે. કોઈનો રંગ પીલો હોએછે, કોઈ જરા સફેદાઈ ઊપર રેહેછે, ઈતીઆદી. પણ તેઓની જાત અથવા રંગ પારખવાનું દરદીનાં કરતાં ડાકટરનું વધારે કાંમછે. તોબી તેઓની લંબાઈ, શંખીઆ અને બીજી વીગતો અજાએબ જેવીછે. તેઓ જોકે ઘણુ કરીને આંતરડાંમાં રેહેછે તોપણ કોઈ વાર તેઓ હાજરીમાં આવેછે અને ઓકારીની સાથે ચોહોડાં વાટે અથવા નાંખમાં ચહડીને નસકોરી વાટે બાહેર નીકલી પડેછે. આ પરાંણીઓમાં નર અને માદા પણ હોએછે. કરમોની લંબાઈ એક અથવા બે ઈંચથી એક ફુટ સુધીની જણાઈછે, અને કોઈવાર માંણસોનાં સરીરમાંથી એથીબી મોટા કીડાઓ નીકલેલાછે.

બચાંઓનાં આંતરડામાં ઘણું કરીને કરમોનો ઘણો વાસો હોએછે. તેઓ તેમાં જથાબંધ રેહેછે અને આખાં ગુચરાંને ગુચરાં જાહાડા વાટે બાહેર આવે

છે. ડાકટર કુપર નાંમનો એક તબીબ લખેછે કે તેણે એક આઠ વરસની વએનાં બાલકનાં શરીરમાંથી એ કજ અઠવાડીઆંમાં ૨૦૦ કરમ કાહાડીઆ હતા. એ જ પરમાંણે એક સોલજરનો દાખલો જણાંએલોછે, જેનાં સરીરમાંથી છ દીવસમાં ૨૬૭ કરમ નીકલીઆ હતા, અને એક બીજા દરદીએ એક પખવાડીઆંમાં ૪૬૦ કરમોને બાહેર કાહાડીઆ હતા. વલી કેટલાક કરમોમાં નર અને માંદા જુદી હોએછે, જેઓ પોતાની ઓલાદને વધારવાની ઈંદરી ધરાવેછે. પણ એક જાતનો કરમ, જેને ઈંગરેજીમાં "ટેપ વરમ" કરી કેહેછે તેનાં સરીરમાં જુદા જુદા સાંધાઓ હોએછે અને તે દરએક સાંધામાં નર તથા માંદાનાં ગુણ હોએછે, જેથી તેઓ હજારો ઈડાં મેલવાની શકતી ધરાવેછે, એવું ધારવામાં આવેછે. આ કરમની લંબાઈ ઘણી કેહેવાએછે. એવા આસરે ૨૦ ફીટની લંબાઈનાં કીડાઓનાં નમુના જાલવી રાખવામાં આવીઆછે, પણ કેટલાક લખનારાઓ તે લંબાઈને ઘણી વધારી મેલીને ૧૫૦ થી ૩૦૦ ફીટ શુધીનાં કરમો વીશે લખી ગએઆછે. એ ઘણી શક ભરેલી બીનાંછે.

કરમની જાતનાં કીડાઓ કેટલીકવાર પેટમાં દરદોનાં મુલ થઈ પડેછે. આંતરડાં એ હાજરીમાંનાં ખોરાકનાં ખરાબ ભાગને બાહેર નીકલવાનો ગોએઆ મારગછે. તે મારગ કેટલીક વખતે જુદી જુદી વસતુઓનો અટકાવ પડવાથી જારે થોડો ઈઆ ઘણો બંધ થઈ જાએછે તારે આંતરડાંને લગતાં દરદ થવાતું કારણ મલેછે. કરમ કેટલીકવાર આ પરમાંણે અડચણ કરેછે અને જેમ પેટનાં નીચલા ભાગમાં રેહેવાથી દરદી બેજારી પાંમેછે તેમજ ઊપલા ભાગમાં છેક નસકોરાં સુધી રેહેવાથી તે ઘણી હેરાંનગતી પાંમેછે. એથી વધારે ઊંચે કરમો જતા નથી અને મગજે કરમ ચહડેછે એ લોકોમાં ખોટો વેહેમછે. ઊપર ચહડેલા કરમોથી ગુંગલાટ અને મોહોત નીપજવાનાં દાખલા બનેલાછે, પણ તે ઘણા જુજ હોએછે. શરૂઆતમાં ચાંપતા ઊપાએ કીધાથી આ મરજ જાજી ઘાસતી આપતો નથી. દરદીના શરીરમાંની તેમની શંખીઆ ઈતીઆદી નહી જાણવાથી વઈદને તેમનો ઊપાએ કરતાં લગાર મેહેનત પડેછે તોપણ આ મરજ સાજો થાએ એવોછે. તેની સાધારણ નીશાનો એ હોએછે કે પેટમાં જરા દુખારો થાએછે અને પેટ સુજી આવેછે; નાખમાં વવ છુટેછે; ઊંઘમાં દરદી દાંત કકરાવેછે; કોઈવાર જબર ભુખ છુટેછે અને કોઈવાર ખાવા ગમતું નથી તથા જાહાડો સાફ આવતો નથી. આ નીશાનો વઈદની સલાહા લેવાની ગોએઆ ચેતવણી આપેછે.

આ કીડાઓ આંતરડાંમાં કાંહાંથી આવેછે તે વીસે વીદવાંનો હજુર સુધી એક ચોકસ મત ઊપર આવીઆ નથી. એ બીના પારખવી ઘણી મુસકેલછે. ઘણું કરીને એવું ધારવામાં આવેછે કે ખોરાક અથવા પાંણી સાથે ચોકસ જણાવરોના ઈંડાં સરીરમાં દાખલ થવા પછે તેમાંથી પેટ મધેજ પરાંણીઓ પેદા થાએછે, આ મતને ટેકા દાખલ મુશકલ દાખલાઓ ટાંકવામાં આવેછે, જેમાં માણસના પેટ તથા મોહોડાં વાટે માતર કરમજ નહી, પણ જીવતા કાંમડીઆ, અને પતંગીઆં નીકલેલાંછે. ડાકટર ઍલીઅટસન કેહેછે કે એક બચાંના સરીરમાંથી સાધારણ માંખના આસરે ડજણ ઈંડાં બાહેર પડીઆં હતાં. તેજ પરમાણે વલી કેટલાંક માણસોના ખાધામાં ભાજી પાલા સાથે પરાંણીઓના ઈંડાં પેટ મધે જવાના ઘણા દાખલા મલી આવેછે, પણ સહુથી અજાએબ જેવો દાખલો એક ડાકટર પીકેલસ આપી ગએઓછે. તે કેહેછે કે એક સ્ત્રી કાંઈ વેહેમના સબબથી બે પાદરીઓની ઘોડમાંથી મટોડી ખણી કાહાડી તેને પાંણીમાં પીગલાવીને પીતી હતી તેથી કરીને તેના પેટમાં જીના જણાવરોના ઈંડાં ગએઆં હશે, કારણ કે આસરે બે વરસમાં ઓકારી તથા પેટને રસતે તેણે ૨૦૦૦ થી વધારે ભમરાં સરખાં નાહાના પરાંણીઓને બાહેર કાહાડીઆં હતાં, જેઓમાંના કેટલાંક આસપાસ દોડી ગએઆં હતાં, તથા એકુએ ઊડી પણ ગએઆં હતાં. વલી તે સ્ત્રી આ પરાંણીઓના ઊપદરવથી ઘણી હેરાંન થઈ હતી. આ સઘલા દાખલાઓ એવું દેખાડેછે કે જીના જનાવરો ખાધા સાથ શરીરમાં પેવસ થઈ શકેછે—તોપણ એ દાખલાથી કરમ સંબંધી ખોલાસો થતો નથી. બરેમસર નામના વીદવાંને બાર વરસ સુધી તપાસ કીધા પછે જણાવીઊંછે કે દુનીઆંના તમાંમ પરાંણીઓમાં કરમ સરખું કોઈ જીવજંત જણાતું નથી આ તથા બીજી બીનાઓ વલી ઊપલી ધારણાને શકમાં નાખેછે. પણ એ કરમ તથા બીજા કીડાઓની ઊતપંતીની બાબદ બેઆન આપવા જોગછે, માટે તે ઊપર બીજીવાર ખોલાસો કરીશું.

કરમ ટોડી પાડવાના એક સેહેલા ઊપાઓની હાલ શોધ થઈછે. ટરીચરની તથા બીજા ડાકટરોની દુકાનમાંથી "બોન બોન" નામની એક મીઠાઈ વેચાતી મલેછે જે બચાંઓ ખાવાથી તેના પેટમાંથી કરમો નીકલી પડેછે.

## એક જુવાંન જોડું—મોહોબતની અસર.

જરમણીનો એક જુવાન ઊમરાવ પોતાને લાઅકની એક જુવાન સ્ત્રી સાથે પરણવાને ખાએશમંદ હતો. તે ઊમરાવ ધન દોલતથી પુર હતો તથા તેની સોડે પોતાના દેશમા કેટલીએક જાગીરો પણ હતી. પેલી સ્ત્રીનીબી તેની સાથે પરણવાની ખુસી હતી પણ તેના બાપની મરજી પુછીઆ વગર તેનાથી પરણવાની કબુલાત અપાઈ સકાતી હતી નહી. એક દીવસે હીમત કરીને પેલા જવાન આશકે પોતાની માસુકના બાપ આગલ પોતાનો વીચાર કેહી સંભલાવીઓ. બીજી કેટલીએક વાતોમા છોકરીના બાપે આ વાત તે ઊમરાવને તાકીદ કરીને પુછી કે તે તેની છોકરી સાથે પરણવા માંગેછેતો ખરો પણ તેનું પોશણ કઈ રીતે તે કરશે. બાપના આવા સખુંનો સાંભલીને પેલો જવાન શખસ લગાર ઘબરાએઓ અને બોલીઓ કે તેની સોડે શું માલ મતાછે તથા તેના કુલની આબરૂ કેવીછે તે વાતતો સરવે કોઈને રોશણછે.

છોકરીનાં બાપે જવાબ આપીઓ કે "તમે કહેવો છો તે સંધું ખરું છે, પણ તમે જાણોછો તો ખરા કે આ પણું મુલક લડાઈ અને નાસથી બેકરારી પાંમીઊંછે, અને કોણ જાણેછે કે કાલે તેવાજ બનાવો બનીઆથી તમારી જાગીર તથા ધન દોલત ઘસડાઈ જાશે કે જેથી તમો ઓસીઆલા થાઈ પડશો. તમોને ખોલી રીતે જણાઊંછું કે મેંતો મારા મન સાથે આ પકો ઠરાવ કીધોછે કે મારી છોકરીને કોઈબી એવા પુરૂશ સંગાથે પરનાવવી નહી કે જે ગમે એટલી દોલત ધરાવીઆ છતાં કોઈબી જાતના હોનરથી વાકેફ નહી હોએ કેમ કે તે જો કોઈબી તહરાંનો હોનર જાણતો હશેતો નહી ધારેલા માઠા બનાવોની વખતમાંબી તે પોતાના ઊદીઓગથી પોતાનું તથા પોતાના કુટુંબનું આબરૂ ભરેલી રીતે ગુજરાન ચલાવી સખશે."

આ શખદો તેને ઘણીજ સલુકાઈ તથા પીઆરની રીતે કેહી સંભલાવીઆ તેથી તથા તેઓની દાંનાઈથી પેલા ઊમરાવના મન ઊપર ઘણીજ નેક અસર થાઈ. તે કેટલોએક વાર સુધીતો ચુપ બેસી રેહેઓ, અને પછે બોલીઓ કે "તમારી છોકરીસે પરણીઆ ઊપર મારૂં સુખ એટલુંતો આધાર રાખેછે કે તે ગુરાદ બર લાવીઆની આગમજ ગમે એવી અડચણો તથા મુસીબતો નડશે તેથી હું પાછો હટીસ નહી; મારે કોઈ હોનર શીખવા વકી મને છ માસની મુદત આપો."

પેલા જવાનના આવા ઠેરાવ તથા પોતાની પુતરી તરફનો પીઆર જોઈને બાપ ખુસી થાએઓ, અને તેની માગણી કબુલ રાખી, તથા તેને કેહીઉં કે છ માસની મુદતમા તે જો કોઈ હોનરથી માહીતગાર થાઈને આવશેતો તેના હાથમા તે પોતાની છોકરીનો હાથ આપવાને પોતાના સખુનથી બંધાએલોછે.

પોતાના મનથી ઘણોજ મંઘન થાઈને ભર ઊલટમા ઊમરાવ ફ્લાંનડરસ નામની જગો ઊપર તોપલી ગુંઠવાનો ધંધો સીખવા ગીઓ. તીઆં એક કારીગરના હાથ તલે રેહીને, અને ઘણીજ ચતુરાઈ તથા ઊદીઓગ કામે લગાડીને તે કામમા એક અછો કીસબી બનીઓ. થોડાએક મહીનામા તે હોનર હાથ કરી લેઈને દીવાનખાણામા મુકવા લાએક ફુલ, તથા મેવો ભરવાની, અને સીવવાનો સામાન ભરવાની જુદી જુદી તોપલી તથા કરણડીઆ બનાવીને પોતાની સાથે લેઈને પેલા છ માસ ગુજરીઆની આગમજ તે પોતાના (પાછલથી થનાર) સસરા આગલ આવી ઊભો અને પોતાના નમુના પેલી જુવાન સ્ત્રીને ભેટ આપીઆ. તે નમુનાઓ એવીતો બારીકી, નાજુકાઈ તથા સંભાલથી બનાવેલા હતા કે સરવે કોઈ તેઓની તારીફ કરવા લાગાં. તેવાર પછે નેકાની તઈઆરી થાઈ અને તે શુંદર જોડું લગણના મીઠા પણ પવીતર ગાંઠથી જોડાઈને સુખ ચેનમા દાહાડા કાહાડવા લાગું. તેઓની નેકી તથા મધીઅમપણાને લીધે ઘણાએક વરસો સુધી તેઓ આબાદાંની ભરેલી રીતે સાથે રેહેઆં, પણ છેલે અંતે જરમણીમા જેવી લડાઈઓ આગલ થાઈ હતી તેવી લડાઈઓએ પોતાનો ભઅઅંકાર દેખાવ દીધો તથા ઘણાએક રાંક કુટુંબોના સુખનો નાશ કીધો. તેજ લડાઈના દોરમા પેલા સસરા તથા જમાઈ બનેના કુટુંબની મીલકત તથા માલ ખજાણો સ

રકારે જપત કરી લીધો, અને તેઓને દેશનીકાલ લેવો પડીઓ.

ઊપલા બનાવમાથી શું પરીનામ નીપજીશે તે જોવો. પેલા જુવાન ઊમરાવે પોતાનો હોનર તુરત કામે લગાડીઓ, અને વલી તે એવી હોસીઆરીથી લગાડીઓ કે થોડી મુદતમા તેનું કાંમ વધી પડીશ. ઘણાએક વરસો સુધી તેને પોતાના કુટુંબનુંજ નહી, પણ પોતાના જઈફ પણ દાનાઈ ભરેલા અને નેક ખશલતના સસરાના કુટુંબનું આબરૂ ઈજતથી પાલણ કીધું, અને તેના દુખના દાહાડા વીસરાવી તથા પોતાના વીસરી જાઈને સંતોશથી જીંદગી ગુજારી.

માંણસનાં જીગરમાં એક જાતનો પીઆર ભરેલો જુસો વસેછે તેને "મોહોબત" કેહેછે અને તે મોહોબત જાંહાં ખરાં દીલની હોએ તાંહાં માંણસ મોટી મુસીબતો ખમેછે.

## મેહેરબાંનુંની મેહેરબાંની.

(મોટા બાવાની વાત.)

એક દાહાડે હું અને મારો કબીલો પરવારતા બેઠાથી મોટા બાવાજીને એક રાજાની વાત કરવાની અરજ કીધી. તે ઊપરથી તેવણે તપકીરનો ફુંશકો મારીને પછે હમારી આગલ નીચે મુજબ વાત કીધી.

"ઘણા વરસની વાત ઊપર જારે મુંબઈમાં થોડાજ પારસીઓની વસતી હતી અને જારે લોકો હાલની માફક શીખેલા તથા માતંબર નહી હતા તારે મુંબઈથી થોડીક વેગલાઈએ અંધેર નામની નગરીમાં ચંદુલાલ નાંમનો રાજા રાજ ચલાવતો હતો. તે રાજો રઈએતની કાંઈજ દરકાર રાખતો નહી હતો. રાજ દરબાર સઘલુ પરધાનોને સોપીશે હતું. તેઓ રાજમાં જેમ ગમે તેમ દોર ચલાવતા હતા તથા રાજો પોતાનાં જનાનખાનાંમાં ભાંગ અને ચંદુલ પીને જેમ ગમે તેમ મોજ કરતો હતો.

"આ રાજાની ખીદમતમાં પારશી નવલસા ગોરી નામનો એક કેલવણી પામેલો અને હોશીઆર તબીબ રેહેતો હતો. તે મુંબઈનાં આબરૂવાલા ખાંનદાનમાં જનમેલો હતો અને વેલાત જઈ વઈદક શાસતરનો અભીઆસ કરી આવીઓ હતો. તે રાજાનો ઘણો માંનીતો હતો અને તેનાં ખરાબ હવસોને લીધે તેને જે દરદ થતાં હતાં તેમને નવલસા ગોરી જેમ સાજાં કરતો તેમ રાજો તેનાં ઊપર વધતી મેહેરબાંની રાખતો હતો.

"રાજાનાં પરધાનો સઘલા નઠારા માણસો હતાં. તેઓ ગુજરાતના રેહેવાસી હતા અને ઘણું કરીને વાંણીઆઓને મલતા આવતા હતા. તેઓ ઘણા અગનાન હતા. રાજ ચલાવતાં તેઓને આવડતું નહી હતું અને રઈએત ઊપર તેઓ જુલમ ગુજારતા હતા, તેથી કરીને નવલસા ગોરી ઘણો દલગીર થતો હતો. તેનો આ રાજકારોબારીઓથી તદન ઊલટોજ ખવાશ હોવાથી તેઓ સાથ તેને બનતું નહી હતું. રઈએત પણ નવલશા પાસે પોતાની ફરીઆદ કરવા આવતા હતા અને તેની મારફતે તેઓ દાદ માંગતા હતા. નવલસા તેઓનાં અવાજને છેક રદ થવા દેતો નહી હતો. જારે તે જોતો કે રાજાજી ખુશ મીજાજમાં આવેલાછે તારે તે ઊપલી ફરીઆદથી તેનાં કાંન ખોલતો હતો અને નવલસા જે કેહે તે સઘલું ખરૂં માંનીને રાજો જેબી અધીકારીનો વાંક હોએ તેને બરતરફ કરાવતો હતો.

"પણ કોઈબી માણસનાં બધા દાહાડા સરખા આવતા નથી. નવલસા ગોરીનાં આ ભલા કાંમો ઊપરથી તે શંકટમાં આવી ગએઓ. રાજાના બીજા સરવે પરધાંનો સાથ તેને દુશમની થઈ અને તેઓ બીહીવા લાગા કે આ હકીમની ઊસકેરણીથી રાજો તે સરવેને સજા કરશે. એટલા માંટે નવલસા ગોરીને બનતાં સુધી હેરાંન કરી તેનાં ઊપર વેર લેવાનો તેઓએ ઠરાવ કીધો. તેઓએ તેને રાજાના મનમાં અકારો કરવાની ઈઊકતી કીધી અને તે ઈઊકતીમાં મુખીઅ ભાગ લેનાર મકરશીંહ નાંમનો એક રાજદુવારી હતો.

"આ સરદારની ચાલથી નવલસા ગોરીને ઘણું દુખ લાગતું હતું. પરધાનોનો સંપ તે સારી પઠે જાણતો હતો અને તેથી તેની તરફ ગમે એવી સચાઈ છતાં તેને ધાસતી લાગતી હતી ખરી. રાજા સાથે મુદત બાંધવાને લીધે તેની ચાકરીમાંથી નીકલી જવાનુ બને એવું નહી હતું, અને તેથી નવલસા બીહીતો હતો કે આ લોકોનાં કારસતાંનથી તે તદન નાસ પાંમસે. એવી દેહેસતથી તે જારે પોતાની બાએડી છોકરાંનો વીચાર કરતો તારે તેને મોટો અંદેશો ઊપજતો હતો.

તેઓને તે મુંબઈ ખાતે રાખી આવેલો હતો અને કાગજ પતરોની મારફતે વેહેવાર ચલાવી ખબર અનતર પુછતો હતો.

“નવલસા ગોરીની બાએડીનુ નામ મેહેરબાઈ કરીને હતું. તે આસરે પચીસ વરસની વએની એક જવાંન અને ખુબસુરત અબલા હતી. તેનાં વરનો તેનાં ઊપર ઘણો પીઆર હતો અને તેનાં બદલામાં તે પોતાના ખાવંદને અતીશએ ચાહાતી હતી. તે ઘણી કેલવાએલી સ્ત્રી હતી. તેણે પોતાનાં ભરથાર પાસેથી ઈંગરેજી ભાશા સારીપેઠે સીખી લીધી હતી. એટલુજ નહી પણ વલી જારે નવલસા ગોરી વઈદનો ધંધો શીખવાને વેલાત ગએઓ હતો તારે આ બાનું તેની સાથે તેની ચાકરી કરવા તથા તેનો સંભાલ લેવાને તાંહાં સુધી ગઈ હતી. તે વખત ઊપર કાંઈ જાજી આગબોટો નહી હતી. માટે આ માટી બઈએરની મુસાફરી વાંહાંણમાં થઈ હતી. જેમાં તેઓએ બેવાર તોશાણ ખમીઆં હતાં. તેથી તેઓને કેટલાંક ગાંમોમાં ખુસકી ઊપર મંજલ કરવી પડતી હતી અને તેને લીધે મેહેરબાંનુને લાંબી મુસાફરી કરવાની તેવ પડી હતી તથા તોશાંણો અને આફતો ખમવાથી તેની છાતી ધારી થઈ હતી. આ હીમતવાંન સ્ત્રી પોતાનાં ભરથાર સાથ વેલાતમાં ચાર વરસ સુધી રહી હતી. તેટલાં તે ઘણી ચીજો જોઈ વલી હતી. તેને કસી છીટ ઈઆ વેહેમ નહી હોવાથી તે ઇ ગરેજ લેડીઓની મીશાલે ઘોડેસવાર થઈ ફરતી હતી. માંટે હવે નવલસા ગોરીનો સઘલો વીચાર પોતાની બાનું તરફ ફરીઓ હતો અને જો પરધાનો તરકટ કરીને તેનો નાંસ કરેતો તેની આ બાએડીના શું હાલ થાએ તેનો તે શુમાર કાહાડી શકતો નહી હતો. તોપણ તેણે છેક આશા મેલી નહી હતી. રાજા પાશેથી થોડા દીવસની રજા લઈ નીકલી જવાની અને ગડબડ નરમ થવા પછે પાછો આવવાની તેને આશા હતી.

“પણ તેની આગમચથી ધાર ચાલુ થઈ હતી. પરધાંનોએ દરએક પરકારનુ ધાટકીપણુ અને તરકટ ચલાવા માંડીઊં. તેઓએ ભર દરબારમાં નવલસાગોરી ઊપર ચોરીના, રાજાના જનાંનખાંનાંમાં નજર કરવાના, આદમીઓને જેહેર દઈ મારી નાખવાનાં અને બીજા અપરાધો મેલવા માંડીઆ. તેઓ ખોટા શાખસીઓ ઊભા કરવા લાગા અને એ વીનાએ બીજાં એવાં કારસતાંન ચલાવીઆં કે રાજો જરા જરા ગુસે થવા લાગો. પણ નવલસાગોરીના સારાં બાએગ હતાં. આટલુ છતાં રાજો તેના ઊપર માએઆ રાખતો હતો. તે સેહેજવાર ખફા થતો અને નવલસાની હોશીઆરી જોઈ વલી પાછો ખુશી થઈ આગલી વાત ભુલી જતો હતો. તેવા વખતમાં એક દાહાડે નવલસાએ રાજાને અરજ કીધી કે તેને મુંબઈ જવાની થોડા દીવસ રજા આપવી. રાજાએ જરા આંનાંકાંની કરીને રજા આપી અને નવલસાગોરી આ દુખ ભરેલી જગામાંથી નીકલી જવાની તઈઆરી કરવા લાગો. તેણે પોતાની મેહેર ઊપર કાગજ લખીઓ. ગમે એવાં દુખ છતાં નવલસા પોતાની બાએડીને ભુલીઓ નહી હતો. દરબારમાં શું બનતું હતું તે દરરોજ લખી જણાવતો હતો અને પાછલા દાહાડાઓ ઊપરતો તેનાં કાગળો રસતે ઊખેડાઈ વંચાવાની ધાસતી હોવાથી નવલસા તેમને બેધડક ઈંગરેજીમાં લખતો હતો. કેમકે મેહેરબાંનુને ઈંગરેજી ઘણી સારી આવડતી હતી.

“મેહેરબાંનું એકગમ પોતાના ભરથારને આવવાની વાત વાંચી ખુશી થતી હતી તેવામાં બીજી ગમ નવલસા ગોરીનો છુપો કાસદ એક બીજું ઈંગરેજી કાગજ લઈ આવીઓ અને તેમાં ભરથારને કેદ થવાની અચબુચી ખબર વાંચી તે દુખી થઈ. નવલસા પોતે એક ગમ રજા લઈ નીકલી આવવાની ગોઠવણમા હતો તેવામાં બીજી ગમ રાજાએ તેને વલી કેદ કરવાનો હોકમ કીધો. હીંઆં પાછાં દરબારીઓના કારસતાન હતાં. રાજાની એક રાંણી રાજા સાથ રૂસાઈ ગઈ. રાજાએ તેને ઘણી પટાવી તારે તે બોલી કે નવલસાગોરીએ તેના ઊપર હોમલો કરવાની તે દીને પેરવી કીધી હતી. હવે રાજો ગુસે થએઓ તે ખરો, પણ તેને ખબર નહી હતી કે આ રાંણી મકરસાંહની ફુસલવણીથી ખોટું બોલી હતી.

“મેહેરબાંનુંએ આ ખબર વાંચતાંને વાર તુરત પોતાના ભરથાર ઊપર દીલાસાનો એક ઈંગરેજી પતર લખીઓ, કે તેની આસપાસના કોઈ માણસો તે વાંચી શકે નહી, અને તેમાં એ હીમતવાન સ્ત્રીએ પોતાથી બનતી મદદ આપવાની કબુલાત કીધી. મેહેરબાંનુંએ ઈંગરેજી ગાએણનો સારો અભીઆસ કીધો હતો. માટે તેણે એક ઈંગરેજ ગવઈઆનો પોશાક લીધો,

પોતાની પાસે એક ઈંગરેજી સીતાર (ગીટાર) રાખીઓ અને પછે પોતાના બચાંને એક સગાંને સવાધીન આપી છુપી રીતે તે ઘોડસવાર થઈ મુંબઈથી નીકલી. તેને ઈંગલંડમાં ઘોડેસવાર ફરવાની ટેવ પડેલી હતી અને વરને છોડવવાની ઊમેદ હતી માટે થાક અને ભુખ ખમીને મોટી ઊલટથી તે આગલ ચાલી. અંધેર નગરીથી થોડુંક દુર આવીને તે ઘોડા ઊપરથી ઊતરી અને સીતાર વગાડતી વરના બંદીખાંના આગલ આવી પુગી.

"હીઆં એક ચોકીબાન નાગી તલવાર લઈ પેહેરો ભરતો હતો, પણ મેહેરબાંનુ તેને જોઈને બીધી નહી. તેણે ગાએણ ચાલુજ રાખીઊ અને તેથી ચોકીખાંન ઊપર એટલી અસર થઈ કે તે ફીદા ફીદા થઈ ગએઓ. અંધેર નગરીમાં ઈંગરેજ ગવઈઓ કદી કોઈએ જોએઓ નહી હતો. રાજોબી તેથી અંનજાંનો હતો અને તેટલા માટે ચોકીબાંને ઇનાંમની આશાથી તેને રાજા પાસ લઈ જવાનો વીચાર કીધો. પણ બંદીવાંનને મુકીને તે પેહેરેગીર જાએ કેમ ? માટે તેણે આ ગવઈઆને અરજ કીધી કે "ભાઈ જો તું ચોકીદાર થોએતો મારો પેહેરો બદલાતાંવાર હું તુંને રાજા પાસ લઈ જવશ કે જેથી હું અને તું બંને જણ નેહાલ થઈશું." પણ મેહેરબાંનુએ તે વાત માંણી નહી. તે બોલી કે "જો તું મને લઈ જવાનો હોએતો અતર ઘડી લઈ જા હું જરાવાર થોબવાનો નથી." એ ઊપરથી ચોકીબાંન અંદેશો કરવા લાગો અને મેહેરબાંનુએ ઘણો ભરોશો આપવા ઊપરથી ચોકીબાંન બંદીવાંનને તેનાં ઈતબાર ઊપર મેલીને રાજાને ખબર કરવા ગએઓ.

"પણ એનાં સરખી બીજી કંઈ તક મેહેરને મલતે ? તે તુરત બંદીખાંનાંમાં ગઈ, નવલશાને ઊઠારીઓ, તેને બાહેર લઈ આવી, તેને કોટી કીધી સઘલી હકીકતથી તેને વાકેફ કીધો અને તેનાં ભોમીઆએ જે ઘોડો તઈઆર રાખીઓ હતો તે ઊપર બેસાડીને રાજાનાં રાજની શરહદની બાહેર નીકલી આવી. નવલસાગોરીને તે વખતે કેટલો આંનંદ ઊપજીઓ હશે. ચોકીબાંન પાછો આવીઓ તારે નહી ગવઈઓ મલીઓ કે નહી બંદીવાંન, અને તેની એ ગફલતીને માટે રાજાએ તેને સજા કીધી."

આ વાત પુરી કીધા પછે માંરા મોટાબાવાએ હમને સવાલ કીધો કે જો મેહેરબાનું ઈંગરેજી શીખેલી હતી તેથી આ કાંમમાં તેને કેટલી મદદ મલી ?

---

## એક કંજુસ સખી.

અમેરીકાના નીઊઆરલીએનસ નામના સેહેર મધે મેંકડોનાલ્ડ નામનો એક પુરૂશ રેહેતો હતો. તેની સોડે જોકે ઘણીએક માલ મીલકત હતી તોપણ તે કંજુસાઇ કરતો હતો તથા પોતાના અતલગના ખેસીઓ ઊપર લુખમરો પડતો હતો તોબી તેઓને મદદ કરતો હતો નહી. પણ અજાએબ જેવું એછે કે તેજ શખસને તીઆં જે ગોલાંમો હતા તેઓ તરફ તે ઘણો સખી હતો તેમને છુટાપણુ આપવા માટે હમેસ તઈઆર હતો. તે તેઓને એવી રીતે છુટાપણુ આપતો હતો કે જેથી તેને પોતાને કસશુ નુકસાંન થાએ નહી. ગોલાંમોને ખરીદીઆ પછે પેહેલે વરસે અઠવાડીઆંના પાંચ દાહાડા તેઓ સોડેથી મેહેનત કરાવતો હતો તેના બદલામાં તેઓને ખાણુ, કપરાં, અને રેહેઠાંણ આપતો હતો; અને બાકીના બીજા બે દીવસોની મેહેનતના અવેજમાં નાણુ આપતો હતો. બીજે વરસેબી તેઓની ચાલચલણ સારી જોઇને તેજ મીસાલે તેઓને બે દીવસનો પગાર આપતો હતો, તથા તરીજે વરસે તરણ દીવસનો આપતો હતો. એ પરમાણે હરેક ગોલાંમને ખરીદવા થકી જેટલુ નાણુ ખરચાઊં હોએ તેટલુ નાણુ તે ગોલાંમ સોડે એકઠુ થાઓ, ઈઆને તેને નામે તેના શેઠના ચોપરામાં જમે થાએ તીઆંસુધી તેની સોડે મેહેનત કરાવતો હતો, અને પછે તેને થોડુએક નાણુ આપી છુટાપણુ બખસીને પોતે પોતાની મેહેનતથી ગુજરાંન ચલાવી સકે એવો મારગ બતાવતો હતો.

ઊપલી રીત કામે લગાડીઆથી તેના ગોલાંમો સારી ચાલના તથા ઊલટથી કાંમ કરનારા થાતા હતા કેમકે તેઓ ગોએઆ પોતાનુ છુટાપણુ અને છુટાપણાના અગણીત સુખો મેલવવા સારૂ મેહેનત કરેછે એમ સમજીને પોતાનુ કાંમ કરતા હતા. એ પરમાણે ઘણાએક ગોલાંમોએ પોતાનો છુટકારો મેલવીઓ હતો.

તેની કરકસર ભરેલી ચાલ સાથે આવી સખીસોચણાનો મુકાબલો કરીઆ ઊપરથી અજાએબી શીતપણ થાએથા વગર રેહેતી નથી. તે પુખત વીચારવાલો પુરૂશ હતો, અને ઘણાં વરસ જીવીઓ હતે

તો ગોલામોના લાભમાં સારૂજ થાતે પણ તે ટુક વખે માં મરણ પાંમીઓ. મરતી વખતે પોતાની લખો રૂપીઆની પુંજી તે સખાવતના કાંમોમાં આપી ગીઓ હતો.

## અજાએબ જેવાં માણસો.

આ દુનીઆમાં સાધારણ આદમીઓથી જુદાં કદ, આકાર તથા ખવાશનાં ઘણા માંણસો થઈ ગએઆંછે અને તેઓના ચોકસ હેવાલ ખાશ રમુજ ઊપનાવેછે. તેવાં થોડાંક માંણસોનાં ચીતાર પાસેનાં,સફામાં હમે આપીઆછે અને તેઓનાં જુદા જુદા હેવાલને હમે હેઠલ ઊતારીએ છઈએ.

### સર જેફરી ડનસટન.

આ એક જાંણીતું વેંહંતીઊ થઈ ગએઊંછે. વેંહંતીઆં માંણસો સઘલા જમાણાંમાં જોવા લાએક ગણાતાં આવીઆંછે અને સર જેફરીડનસટન પોતાની હઈઆતીમાં લોકોને કેટલો નવાઈ સરખો લાગતો હશે તે તેની તસવીર ઊપરથી દેખાએછે. આ વાત રમુજીછે કે સતરમી સદીમાં એનાજ નામનુ એક વેંહંતીઊ માંણસ થઈ ગએઊંછે જે એટલું ઠીગણું ઊં હતું કે બગીંગહાંમની ડયેસે મજાખને ખાતર એક પાદશાહી ખાંનાંની ટેબલ ઊપર તેને એક રકાબીમાં ઘાંકીઊં હતું અને જારે રાજા રકાબી ઊંઘાડવા ગએઓ તેવુજ તે વેંહંતીઊં બાહેર કુદી પડીઊં હતું. તેના મોહોત પછે આ બીજો જેફરી ઠીગણાં કદને માંટે જાંણીતો થએઓછે.

સને ૧૭૫૯ માં આ વેંહંતીઊં જારે એક દુધમલ બાલ હતું તારે તેને કપડાંમાં લપેટીને વેલાતનાં એક ગાંમડાનાં દેવલનાં દરવાજા ઊપર કોઈ નાંખી ગએઊં હતું. તાંહાંથી તેને એક ધરમખાતાંમાં રાખીઓ હતો, જે જગા ઊપર બાર વરસની ઊમર શુધી તે રહેઓ હતો. એ ઊમર પછે ૯ વરસની બોલી કરીને તે એક ગાંધીની દુકાંનમાં ચાકરીએ રહેઓ હતો, પણ તે બોલી તોડીને તે બર્મીંગહામ નાહાઠો હતો જાંહાં ઘણાંક કારખાંનાંઓમાં તેણે ચાકરી કીધી હતી.

પોતાની ૧૭ વરસની ઊમરમાં જેફરીડનસટન લંડન ખાતે આવીઓ તાંહાં એક ખુબશુરત સ્ત્રી તેની સાથ પરણી હતી. તે વખતે તેનો દેખાવ કાંઈબી શોભા આપતો નહીં હતો. તે બટકી બલામાં ખપતો હતો અને તોબી એટલો રમુજી તથા રમતીઆલ હતો કે એક સ્ત્રીનો પીઆર તે મેલવી શકીઓ, જેને પેટે બે દીકરીઓ જનમી હતી, પણ તે બાપનાં સરખી ઠીંગણી નહી હતી. જેફરીને પોતાનાં નાંહાંનાં કદ ઊપરથી કપડાં સીવાડવામાં કાંઈ ખરચ બેસતો નહી હતો તોબી તે મેલાં કપડાં પેહેરતો અને છાતીને ઊંઘાડી રાખતો હતો.

આ બટકી બલાને નાઈટનો ખેતાબ કેઆરે મલીઓ તે જણાતુ નથી. પણ એવુ ધારવામાં આવે છે કે સને ૧૭૮૪ માં જારે તેને એક શેહેરનાં "મેઅર" ની પદવી મલી તે વખત ઊપર તેને આ ખેતાબ પણ મલીઓ હશે. આ ઓધો તેણે પોતાના મોહોત સુધી ચલાવીઓ હતો. તેને તે ઓધો જારે પેહેલવેહેલો મલીઓ તારે મોટુ સરઘસ નીકલીઊં હતું અને તેને એક ઘણી શંકડી ગાડીમાં બેસાડી ફેરવીઓ હતો. એ ઓધા ઊપર તેણે સારૂં માન મેલવીઊં હતું અને તેની ચાલચલણબી સારી હતી.

સર જેફરીડનસટન ૧૭૯૭ માં અચબુચો મરણ પાંમીઓ હતો. પોતાની આખી હઈઆતીમાં તે લોકોને રમુજી થઈ પડીઓ. પોતાની સબીને તે પોતેજ વેચતો અને તેમાં તેને નફો થતો હતો. તે જોકે આડતીસ વરસ સુધી જીવીઓ તોબી એક નાહાના બચાંના જેવો લાગતો હતો.

### જોસેફ ક્લારક.

આ એક ઘણો નવાઈ સરખો પુરૂશ થઈ ગએઓછે. તે સરીરે જાડો અને ભરેલો હતો પણ તેના સરીરના સઘલા સાંધા એવા છુટા હતા કે તેમને તે હરએક રીતે વાલી શકતો હતો. આજે તેને જેવી હાલતમાં તમે જોએઓ હોએ તેથી વલી જુદાજ આકાર તમુને જણાશે. એ સઘલું પોતાની મરજી માફક તે કરતો હતો. જે ઠેકાણે ખુંધ નહી હોશે તે ઠેકાણે તે ખુંધ કાહાડતો અને ખુંધ હોએ તાંહાંથી તુરત તેને એવી રીતે ખેંચી લેતો કે આખો બરડો જાંણે સાફ દેખાઈ આવે. તે ઘડીમાં સીધો અને ઘડીમાં પેંગો થતો હતો. આવા વારેવારના ફેરફારથી લોકો ઠગાતાં




અજાએબ જેવાં માણસો.

હતાં અને જેઓએ એક વખત તેને જોએઓ હાએ તેઓ બીજી વખત તેને એવો બદલાઈ ગએલો જોતાં કે ઓલખી શકતાં નહી હતાં. આ શકતીથી જોસેફ કલારક કેટલીક લુછાઈ કરીને ફાવી જતો હતો. દરજીને તે પોતાનો ડગલો સીવવા આપતો તારે એક રીતે ખભાંને ઊચું રાખતો. ડરજી તે માંફકનુ ભરત લઈ ડગલો સીવી લાવતો અને પેહેડી જોતી વખતે જોસેફ આગલું ખભું ઊતારી બીજી બાજુનુ ખભું ચહડાવી મેલતો. એથી ડગલો ઘણો કઢંગો દીસતો અને દરજી પોતાની ભુલ સમજી ફરીથી સીવવા જતો. પણ વલી પેહેડી જોતી વખત જોસેફ કોઈ ઠેકાંણે આડું હાડકું અથવા માસનો ગોલો એવો ચહડાવી મેલતો કે દરજી પાછો ઘભરાતો હતો! એજ પરમાણે તે વઈદોને પણ ઠગતો હતો. વલી આ શખસ પોતાના મોહોડાંને તરેહવાર રીતે ફેરવી શકતો હતો. ઈંગલંડમાં રાજા વિલીઅમનાં વખતમાં જોસેફ કલારક થઈ ગએઓછે.

## ફ્રાંનસીસ બટેલીઆ.

આસરે ચાલીસ વરસની વાત ઊપર ઈટલી દેશનો આ રેહેવાસી લંડનમાં આવીઓ હતો. કેહેછે કે જારે તે જનમીઓ તારે તેનાં એક હાથમાં બે અને બીજામાં એક મલી તરણ ફતરો હતા. એટલુજ નહી પણ એવુંબી કેહેવાએછે કે એ શખસની મા જારે તેને ધવરાવતી તારે દુધને જોઈને તે મોહો ફેરવતો હતો અને બીજી ખાવા જોગ પદારથોબી તેને ગમતી નહી હતી. એ ઊપરથી એક મરોડીનાં નાંહાંનાં ગાગડાને પાંણીમાં નાંખીને તે પાંણી તેને પીવા આપીઊં અને તે તુરત પી ગએઓ હતો. તારથી તેનાં રખેવાલો તેને કાંકડા અને ફતર ખવાડતાં હતાં અને બચપણથી તેનું પોશણ એ ઊપરજ હતું. આ વાત માનવા જોગ લાગતી નથી તોપણ આટલું ખરૂંછે કે જારે એ શખસ લંડનમાં હતો તારે બેસુમાર ફતર ખાતાં તેને લોકોએ નજરે જોએઓ હતો. ચમચામાં બીજા ખોરાકને બદલે તે ફતરા લેતો અને પછે એક ણુકે તેમને ગલી જઈ ઊપરથી તે બીર દારૂ પીતો હતો. એ પરમાંણે દરરોજ ઘણાં ફતરા ખાધા પછે જારે તે પેટ હીલવતો તારે તેમાં તે ફતરાનો ખખડાત પણ સંભલાતો હતો. ફતરા ઊપર તેનો સઘલો આધાર હતો કેમકે ગોસત અને બીજો ખોરાક તેને માફકબી આવતો નહી હતો.

## પાઊએલ.

જેમ ઊપલો શખસ ફતર ખાવામાં તેમ આ શખસ આતસનાં ગાંગડા ગલી જવામાં મશહુર થએઓ હતો. જે ચોપડીમાંથી હમે આ આખો હેવાલ ઊતારીઓછે તેમાં લખેછે કે સને ૧૭૫૪ માં એક મી૦ પાઊવેલ નાંમનો શખસ આતસ ખાવાને માંટે ઈંગલંડમાં જાંણીતો થએઓ હતો. અલબતાં એમાં તેની કાંઈ ઈકીકતી હતી પણ તે આતશનાં ગાંગડાં મોહોમાંતો ખરેખર મેલતો હતો. એ કાંમ તેણે કેટલાંક રાજવંસીઓની હજુર કીધું હતું તથા એક વાર લંડનની રાએલ સોસાઈટી આગલ પણ તેણે આતસ ખાધા હતા તેથી તેને એક ચાંન મલીઓ હતો. જે કોઈ માણસથી નહી ખવાએ તે પાઊવેલ ખાતો હતો અને એ કાંઈ નાંહાંનો જેવો તમાશો નહી હતો.

---

# અજાએબ જેવા સપનાંઓ.

ઘણીક બાનુઓ સપનાંઓ વીશે વેહેમ રાખેછે. કોલીઆઈ જારે પોતાના મરનાર દીકરાને સપનાંમાં જુવેછે તારે સવારનાં ઊઠીને તેને નાંમની એક પતેત ભણાવેછે. સપનાંમાં દેખાતી કેટલીક ચીજોને હમારી બેહેનીઓ સારા સગણની ગણેછે અને બીજી કેટલીક ચીજો જો દેખાઈતો એવું સમજેછે કે કાંઈ માંઠો બનાવ બનશે. એ સઘલો વેહેમછે, પણ સપનાંની બાબદ પોતે એટલીતો અજાએબ જેવીછે તથા માંણસજાત તે વીશે હજુર એટલું અગનાંનપણું ધરાવેછે કે આવા વેહેમોમાં કાંઈ નવાઈ નથી.

સપનાંની બાબદમાં વીદીઆથી જેટલો જોઈએ એટલો પરકાશ પડીઓ નથી, પણ તેમને લગતી કેટલીક તપાસ થઈછે અને તે ઊપરથી થોડોક સાર કાહાડી શકાએછે. સપનામાં માણસની ઈચ્છાદદાસત તથા ખેઆલ શકતી કાંમ કરેછે, પણ જે મનશકતીને અકલનું નાંમ આપીઊંછે અને જેથી ખરાં ખોટાં તથા એક બીજાંની પીછાંણ થાએછે તેનો સપનાં ઊપર કાંઈ અખતીઆર રેહેતો નથી. એથી અને બીજા સ

બબોને લીધે કેટલીકવાર ઘણાજ અજાએબ જેવા સપનાંઓ જોવાએછે અને તેની જાંણવાજોગ નોંધો રાખવામાં આવીછે.

એમાનાં કેટલાક દાખલા ,એવી જાતનાં સપનાંનાંછે કે જે સરીરની ઈંદરીઓ ઊપર ચોકસ અસર લાગાથી ઊતપંત થાએછે. ડાકટર ગરેગરી કેહેછે કે એક રાતનાં જારે પોતાના પગ આગલ ગરમ પાંણી રાખીને તે સુતો હતો તારે તેને એવો સપનો આવીઓ કે જાંણે તે કોઈ બલતા પાહાડ ઊપર ગએઓ અને તાંહાં તેનાં પગ આગથી તપતા હતા. આગલ એક ડાકટર રીડનાં માથાં ઊપર બલીસટર મુકવાથી તેનાં છાગરામાં જે આગ બલતી હતી તેની અસરથી તેણે એવો સપનો જોએઓ હતો કે તે જંગલીઓના એક દેશમાં જઈ લાગો હતો અને તેઓ તેનાં માથાં ઊપર સખત જખમ કરતા હતા.

સાંભલવાની ઈનદરી ઊપર થતી અસરથી પણ સપના આવવાના દાખલા જણાએલાછે. આગલ જારે ઈંગલંડ તરફ ફરેંચોનો હામલો થવાની વકી હતી અને લડાઈની મોટી તઈઆરી થતી હતી તારે એક શખસના ઘરમાં એક ચીમટો ટુટી પડવાથી તેને એવો સપનો આવીઓ હતો કે ફરેંચો આવી લાગાછે અને તોપો ફુટવા માંડીછે. અજાએબ જેવું એછે કે આવીજ કીસમના એક સપનાથી તેજ વખતે તેની બાએડી ઊંઘમાંથી ભરકી ઊઠી હતી અને પોતાના ભરથારને કેહેતી કે "ઊઠો ફરેંચ લોકો આવીઆછે."

આ જાતના સપનાઓનાં સઊથી અજાએબ જેવા દાખલા લુઈસબરગ ખાતેના એક અમલદાર સંબંધીછે. તેની ઊંઘમાં તેના કાન આગલ કોઈબી જઈને જો કાંઈ વાત કરતું તો તે વીશે તુરત તેને સપનો આવતો હતો. તેથી તેના મીતરો તેના કાનમાં તરેહવાર વાતો કરીને તેને બીહાંમના સપના દેખાડતા હતા. એક દાહાડે તે અમલદાર એક વાંહાણની કેબીનમાં સુતેલો હતો તારે તેના મીતરોએ તેના કાનમાં એવું કહેઊં કે "તું દરીઆમાં પડીઓછે વાસતે તરીને ઊપર આવ." એ ઊપરથી તેને સપનો આવીઓ કે તે દરીઆમાં પડીઓછે, લોકો તેને જુવેછે અને તે ડુબી જાએછે. માટે તે તરવાની કોશેસ કરવા ગએઓ અને તેમ કરતાંબીછાંના ઊપરથી એટલા જોસથી નીચે ટુટી પડીઓકે તેને ઇજર વાગું અને આસપાસનાઓને હસવાનું થએઊં.

કેટલીક વખતે સપનાઓથી અગતના બનાવની ચેતવણી મલેછે અને તેના નીચલા દાખલા ખરેખર બનેલાછે. એક ગરહસથ બલાસગો ખાતેની એક બેંકમાં નોટ વટાવી આપવાના કાંમ ઊપર રહેલો હતો. એક દાહાડે તેની આગલ લોકોની ભીડ હતી અને એક જણ પોતાની વારી આવે તાંહાં સુધી ખોટી રેહેવાને બદલે ઊતાવલ કરીને નોટ વટાવી નાણા લઈ ગએઓ. તાર પછે તે વરસની આખેરીએ આ શરાફના હીસાબમાં થોડા પઈસાની ખુટ પડી પણ તે કેમ પડી તે શોધી કાહાડવાને શરાફે ગોએઆ પોતાના મગજને ચેરવી મુકીઊં અને અતીશએ કંટાલી ગએઓ તોબી તે પોતાના હીસાબને બરોબર કરી શકીઓ નહી. તેવામાં એક રાતના તેણે સપનો જોએઓ કે તે પોતાની આફીસમાં બેઠેલોછે અને લોકોની ઘણી ભીડછે; તેમાં એક ઊતાવલો શખસ આવેછે અને તે આગલથી આવેલાઓને પડતા મેલીને ઘણી અધીરાઈથી નોટ વટાવી લઈ જાએછે. એ રીતે નવ દસ મહીના ઊપર બનેલો બનાવ આ શરાફે અતીઆરે પોતાના સપનામાં જોએઓ અને બીજી સહવારના આફીસમાં જતાંવાર તેને જણાએઊં કે પેલા ઊતાવલા શખસને આપેલાં નાણા નોંધતાં તે ભુલી ગએઓ હતો.

થોડાંક વરસની વાત ઊપર બોલાંડમાં વસનારા એક આબરૂવાલા શખસ ઊપર એક ધણીએ કોઈ મીલકત સંબંધી ફરીઆદી માંડી હતી. જેની ઊપર ફરીઆદી મંડાઈ હતી તેને એવી ઈઆદ હતી કે દેવુંતો તેનાં બાપે અદા કીધેલું હતું અને તેને લગતા કાંઈક દસતાવેજોબી હતા. એવા વીચારથી તેણે તે દસતાવેજોની ઘણી ખોલ કીધી પણ તે મલીઆ નહી. તેનો બાપબી મરણ પામીઓ હતો માંટે પોતાનો આ બચાવ કેમ કરવો તેને માંટે તે ઘબરાટમાં પડેલો હતો. તેવામાં તેણે સપનો જોએઓ કે તેનો મરનાર બાપ જાંણે તેની પાસે આવીઓ અને તેનાં ઘબરાતનુ કારણ પુછીઊં. તેણે જે ખરૂં કારણ હતુ તે કહી દીધું તારે તેનાં બાપે જવાબ દીધો કે "દીકરા ઘબરાનાં— એ દેવુંતો મેં અદા કીધેલુંછે અને તેને લગતા દસતાવેજો ફલાંણાં ધણીની પાસેછે. વાસતે તું તેની આગલ જા અને તે દસતાવેજો માંગ, જો તે ધણીને ઈઆદ નહી આવેતો આ નીશાંણીથી તેને ઈઆદ આપજે કે જારે મેં તેની સાથે હીસાબ નકી કીધો હતો તારે એ

ક સીકો મારે હીસાબે નીકલતો હતો અને તે વખતે તેની પાસે છુટો ખુરદો નહી હતો માંટે પીઠામાં જઈને તેટલા સીકાનો હમે બેહુ જણ દારૂ પી આવીઆ હતા." આ સપનો જોઈને ઊપલો ગરહસથ તુરત તે ધણીની પાસે ગંએઓ અને ઊપલી ઈઘાણી સુધાં જારે તે દસતાવેજ માંગીઓ તારે તેની પાસેથી તે મલી આવીઓ અને તેથી ઊપલી ફરીઆદીનો અંત આવીઓ. વાંચનારે એમ નહી વેહેમ લઈ જવો કે ઊપલા ગરહસથનો મરનાર બાપજ ખરેખર તાંહાં આવીઓ હતો. તેને તેનાં બાપે પોતાની હઈઆતીમાં ઊપલીજ વાત કહી મેલી હતી પણ આ શખસ ઘબરાટમાં તે વાતને તદન ભુલી ગએઓ હતો. તેવામાં ખોદાનુ કરવું એવું થએઊં કે સપનામાં તેને તે દીવસની વાત ઈઆદ આવી અને તે વખતે તેનો બાપ મુવેલો માટે તેને એવું લાગું કે જાણે તે બેહેસતમાંથી ઊઠી આવીઓ હોએ.

એડીનબરો શેહેરના એક પાદરીને વીશે એવું કેહેવાએછે કે તે જારે પોતાના ઘેરથી દુર એક ધરમશાલામાં રેહેતો હતો તારે એક રાતનાં તેણે એવો સપનો જોએઓ કે તેના ઘરમાં આગ લાગીછે અને તેનું એક બચુ આગમાં ફસી પડીઊંછે. આ સપનો જોવાથી તેનો જીવ નહી માંનવાને લીધે તે પાદરી તુરત ઊઠીને પોતાને ઘર ગએઓ અને જોઈઊંતો ખરેખર તે ઘરમાં આગ લાગી હતી તથા તેનું એક બચું ખરેખર ઘરની અંદર રહી ગઊં હતું, જેને આ પાદરીએ ઘણી મેહેનત કરીને બચાવીઊં હતું. આ હકીકત ઊપરથી કોઈ વાંચનાર કદાચ એવો વેહેમ લઈ જાએ કે કોઈ ફરેસતાની ખુબીથી તે પાદરીને સપનામાં આઘાહી થઈ હોશે પણ તેનો ખોલાસો નીચે પરમાંણે છે. તે પાદરીના ઘરમાં એક ચાકર હતો અને તે ચુલાની સંભાલ લેતો નહી હતો, માટે તે પાદરીને વારેવાર એવી ધાસતી લાગતી હતી કે કોઈ દાહડે આ ચાકરની ગાલથી તેનું ઘર સલગી જશે. આ ધાસતી જીઆરે તે ઘરથી દુર હતો તીઆરે તેને વધારે લાગતી હતી, અને વલી તીઆરેજ તે ચાકરને વધારે ગફલતી સુજતી હતી. તે દાહાડે વલી ઘરની પડોસમાં એક મેલો હતો અને ચાકરને તીઆં છાકટો થવાની ટેવ હતી તેથી કરીને તેના સેકની ધાસતીમાં વધારો થએલો હતો. છેલું તે પાદરીને પોતાના બચાંઓ ઊપર ઘણો પીઆર હતો. એ સઘલા વીચાર તેના મનમાં ભમતા રેહેવાથી તેને સપનો આવીઓ તેની નવાઈ નથી, કેમકે જે ચીજ મનમાં ઘણી ભમતી હોએ તે સપનાંમા આવવાનુ સાધારનછે. તેજ પરમાણે વલી શેઠની ધાસતી મુજબ તે ચાકરના છાકટપણાથી આગ લાગી હોએ તેની બી નવાઈ નથી માટે એમાં કુદરતની આગાહી સરખું કાંઈ નથી.

સપનાની બાબતમાં આવતી વખતે હમે કાંઈક વધારે લખીશું.

## ગજવું.


"કપડાં સીવનારા દરજીએ પોતાનાં ધંધામાં જે કંઈબી સોધ કીધી હશે તેમાં ગજવું બનાવવામાં ખચીત તેને સારી અકલ ખરચી હશે." ગજવાંની અગત સરવેને હોએછે. ખુદરતે પોતેબી એ સેહેલી કલા કીધેલીછે. માણસને ખોરાક ભરવા માંટે જે હોજરી આપી છે તે ગજવાં સરખીજછે. પંખીઓની ચાંચ, વાંદરાના ગાલ, અને બીજા જણાવરોના મોહોડાં આગલની કોથલી તેઓનાં ગજવાં સરખીજછે. માણસના સુધારા સાથે ગજવાંની સગવડ સુધરતી આવીછે. એક હીંદુ પોતાની તપકીરની દાબડીને પાઘડીમાં ખોશેછે. કાફરી લોકોની મતુલા નામની એક જાત પોતાના બાલને એવી રીતે વાલેછે કે તેમાં કેટલાએક હથીઆરો સમાઈ શકે. કેહેછે કે નીઊજીલાંડનાં જંગલી રેહેવાસીઓ પોતાના કાંનમાં એક મોટું આંઘરૂં પાડીને તેમાં પોતાની છડી ખોસી રાખેછે. તે તેઓનુ ગજવું. સોલાકાકા પોતાની કુંચીને પોતાના નાલાં સાથે બાંધેછે, તથા કુકીઆઈ પોતાનાં રોમાલને લંગીમાં ખોશેછે. પણ એ સરવે કરતાં કપડાંના ગજવાંની સગવડ કેટલી?

ગજવાંની બાબત પણ રમુજથી ખાલી નથી. એક ડાકટર ઈનગેનહાઊસે પોતાનાં કપડાંમાં બેહુમાર ગજવાં રાખીઆં હતાં અને અગતજોગ ચીજોને તેમાં ભરતો હતો એટલુજ નહી, પણ ચોપડીઓ, અખતરા કરવાના હથીઆરો, દવાઓ ઈતીઆદીની એક નાહાની વખાર ગોઆ તેના પોશાકમાં હતી. એક લખનાર એવી બલામણ કરેછે કે દરેક માણસે બેથી આછાં ગજવાં રાખવાં નહી, કાંએક જો તે નાહાનો હોએ તો રોમાલ, બુઢો હોએતો તપકીરની દાબડી, ઊદીઓગી

હાએતો છરી, પેનખાજ હાએતો કલમ અને કાગજ, આડતીઓ હાએનો જુદા જુદા લાખોતાઓ, ભુખો હાએતો બીસકીટ, માંડો હાએતો કાંસાની તાંકલી, એ સરવેને જીઆરે પાસે રાખવું હાએ તીઆરે તેમને એકજ ઠેકાને સીચવાથી એકને કાહાડતાં બીજુ, અને બીજાને કાહાડતાં તરીજું નીકલી આવેતો થોડી અગવડ પડે નહી.

પોતાનુ ગજવું ભરવાને કોણને નહી ગમસે ? પણ જેવો તે ભરાતોંવાર રસતામાં વેરેછે તેઓ જો તેમ નહી કરેતો કેટલાં બધાં ગજવાં ભરીને એકઠું થાએ. ગજવાં ઊપરથી માણસને ઘણી શીખામણ મલેછે.

## સીસોલીઊં નામનું જાનવર.



આ એક અજાએબ જેવું પરાણીછે. દુનીઆની સપાટી ઊપર ખોદાતાલાએ અજાએબ જેવાં પરાણીઓનો ઘણાં પેદા કીધાંછે. તેઓમાં તરેવાર ખવાસો મેલેલાછે તથા તેઓને જુદી જુદી સકતી બખસેલીછે. તેઓને પોતાના બચાવના હથીઆરો આપેલાછે અને તે દરએકનો બાંધો તપાસતાં તે સાહેબની બેહાલી કુદરતનો વીચાર આવેછે. સીસોલીઆંને પોતાનાં સતરૂથી બચી જવાને ખોદાએ જે શકતી મેલીછે તે તેના અગતનાં પીછાંમાં છે. તે પીછાં પુછરી આગલથી પોકલ હોએછે, અને તેથી કરીને તેમાં પોતાનાં બચાંનુ પાણી પણ તે લાવી શકેછે.

સીસોલીઆના પીછાં ઊપર રૂઆંતી આવતી નથી. તે વચમાંથી જાડાં અને છેડા આગલથી અનીદાર હોએછે. તે ઊપરથી લોકોમાં એવો વીચારછે કે જીઆરે દુસમનનો તેના ઊપર ધસારો થાએછે તીઆરે સીસોલીઊં પોતાના પીછાંને જોરથી ફેકેછે, પણ એ પરાણી તેમ પોતાનો બંચાવ કરતું નથી. ખોદાએ તેના સરીરના દરએક ભાગ ઊપર ગોએઆ અનીદાર ભાલા આપેલાછે અને તેથી કરીને જીઆરે હુમલો થાએ તીઆરે તે ભાલા ઊભા કરવાની સીસોલીઆને ઓટીછે. એમ કરીને પડી રેહેવાથી વાઘ વઠીક જો તેની આગલ આવેતો તેને સગલું ભોકઈ જાએછે અને કેટલાએક દીવસ સુધી તેનાં મોહોમાંના જખમ સારા થતા નથી. આ પરાણી જાજુ ઊડી સકતુ નથી પણ જાહાડ ઊપર ચડી જવામાં તે સારી જરપ રાખેછે અને તે રીતેબી કોઈવાર તે પોતાનો બચાવ કરેછે.

સીસોલીઊ એ બોલ ખુદ પરાંણીનાં પીછાંને વધારે લાગેછે અને તે જાનવરને સાહુડી કરીનેબી કેહેછે. કેટલાએક લોકોમાં એવો વીચારછે કે સીસોલીઆંને જો ઘી લગાડીને ઘંતી તળે મેલીએ હોએતો તે બીજાં સીસોલીઆં જનેછે. આ ખોટો વેહેમછે. સીસોલીઆમાં કાંઈ જીવ નથી પણ સાહુડીમાં જીવછે. એ જનાવર સાંપને તથા બીજા કીડાઓને ખાએછે અને તે વખતે એવાં જેહેરી જનાવરોને મારી નાખવામાં તેના પીછાં જે કોઈવાર બે ફીટથી વધારે હોએછે તે તેને ઘણા કામ લાગેછે. મુંબઈમાં થોડાં વરસની વાત ઊપર જીઆરે એક મીઊઝીઅમ અથવા સંગરસથાન ઊંઘાડીઊં હતું તીઆરે તેમાં એક સીસોલીઊં હતું, તે કેટલાંક વાંચનારાંઓએ જોઈઊ હશે.

### રમુજે ફુરસત.

૧ હું ગોલછેઉ અને ગાડીમાં જોતરાઉ છેઉ. મારૂં માથું કાપી નાખો તોબી હું ગોલ છેઉ અને તમારા પેટમાં જાઉછુ. મારૂં પુછરૂં કાપી નાખો તોબી હું ગોલછેઉ અને તમારે હાથોહાથ થઇ જાઉં છેઉં.

૨ હું ૬ અખેરનો બોલ છઉં. મારા ૧, ૨, અને ૩ શરીરનો એક ભાગછે. ૧ અને ૩ સરકારને લેવાના પઈસાછે. ૩ અને ૪ એક ગાલછે. ૧ અને ૬ ચાવલ સાથ ખાવાની ચીજછે. ૪, ૫ અને ૬ એક ફલછે. ૨ અને ૬ એક જાતનો મસાલોછે. અને મારો આખો બોલ એક કાલી, ગોલ, ખાવાની પદારથછે.

૩ ઉલટાવેલા શબદો.
૧ પીલલાં પીઉં.
૨ આતા રસ બન.
૩ ઘરબાવાસ.
૪ કાઉ ચલી દસ .

### પરચુરણ બાબદો.

**એક ઊંદરની વાત**—બેરન ફરેડરીક વોનટરેનક જારે મેગડેબરગના બંદીખાંનામાં હતો તીઆરે તેણે એક ઉંદર સાથે દોસતી બાંધી હતી. એક રાતના તે ઉંદરે ખુશીમાં આવીને એટલીતો ગડબડ કીધી કે આસપાસના માણસો દોડી આવીઆં હતાં. તેઓ આ ઘોંગાટનું કારણ સમજી

-આં નહી હતાં માટે સવારના પોરમાં, તાંહાં જે કોઈ શખ્સ દાખલ થએો હોએ તેને પકડીને બાંધવા માટે તેઓ સાંકલ, બેડી લઈને આવીઆં. જારે તેઓએ ઘણી તપાસ કીધી તારે આ ધોંગાટ કરનારને પકડી નહી સકીઆ તે ઉપરથી બેરને ખોલાસો કીધો કે તેનો તે રાતનો સાથી એક ઉંદર હતો. એ ટલું કહીને તેણે સીસોરી વગાડી જેથી તે ઉંદર તુરત દોડી આવીને તેના ખભાં ઉપર ચહડી બેઠો. બેરને અરજ કીધી કે તેને મારવો નહી, પણ ચોકીબાંન તેને પોતાના ઓરડા માં લેઈ ગએઓ જારે તે રમવાને બદલે એક ડરમાં ભરાઈ રહેઓ. તાંહાંથીબી તે રાતના છુટીને હરૂસેથી બેરનની કો ટડીમાં આવીઓ અને પાછો રમવા લાગો તેથી તેને ચોકી બાંને એક પીંજરાંમાં નાખીઓ પણ તાંહાં તેને ખાધું નહી અને થોડા દીવશમાં મરણ પાંમીઓ.

---

**લવંગ**—મોલકાના ટાપુમાં લવંગનુ જાહાડ પેહેલું ઉગી ઉંહતું. વલંનડા સરકારે એ જાડને બીજી જગીઆમાં ઉગા ડતાં ઘણુ સુધી અટકાવીઉં હતું પણ સેવટે તેઓ ફાવીઆ નહી હતા. લવંગનુ જાહાડ તીસ ફીટ ઉંનચુ હોએછે અને તેના પાતરાં તથા ફુલમાં ખસબોછે. તેનાં ફુલની જીની ક લીને ખીલવા દીધા વગર તોડી નાખેછે, તથા તેને લવંગ કેહેછે. લવંગમાંથી તેલ નીકલેછે અને કેટલીકવાર તેલ કાધે લાં લવંગ પણ વેચાએછે. કેહેછે કે લવંગમાં પાણી ચુસવાની સકતીછે અને તેથી તેને વેચનારાઓ તેને ભીનાસમાં રાખી ને ભારી કરી મેલેછે.

---

**છાકટાં માણસો**—ઈંગલંડમાં છાકટપણુ જબરો ફેલા વો પામેછે. ગઆ વરસમાં એ વાંકને માટે ૯૪૯૦૮ છાક ટાઓને ઇઆને દરરોજ ૨૬૦ માણસોને પોલીસમાં ઉભા કીધા હતા. તેમાથી ૬૩૨૫૫ જણાને સજા થઈ હતી, અ ને મુંખીઅ સજા દંડની હતી કેમકે બંદીખાનેતો માતર ૭૦૦૦ માણસોજ ગઆં હતાં. વલી ઘણો દારૂ પીધાથી એ એક વરસમાં ૧૪૫ મરદો તથા ૬૬ અસતરીઓ, મ લી જુમલે ૨૧૧ માણસોના મોત થઆં હતાં.

---

**ચેતવણી**—કેહેછે કે એક ઓરડામાં જીઆરે તાજે રંગ લગાડીઓ હોએ તારે જો રંગનો વાસ આવેતો નીચલો ઉપાએ કરવો. એક મુઠી ભરીને ઘાસ લઈને પાંણીના એક વાસનમાં બોરવું અને તેને તેવી હાલતમાં ઓરડા મધે રે હેવા દેવું.

---

**થોડીએક શીખામન**—"ઇઆતો મુંગા રેહીએ અ થવા મુંગા રેહવા કરતાં કંઈ વધારે સારૂં બોલીએ."

"ચેંચીથી જલકતું બલતું થાએછે પણ દાહાપણનો આ તસ મનજુનાઈથી ગરમી આપેછે."

"દુનીઆં કેવી જોઇએ તે જાણવાને ચોપડીઓ વાંચો, અને દુનીઆં કેવીછે તે વીશે માણસ જાતને વાંચો."

"સંકટ આવે તેની ધાસતી રાખવા કરતાં સંકટ પડે તારે ખમવામાં દાહાપણછે."

"મોટી ખુબીઓ કરતાં નાહાની ખાંમીઓ સેલાઈથી દે ખાએછે."

**એક ચોરને પકડવાની નવી રીત**—આશરી આ દેશની રેલવેના એક મથક ઉપર એક ઓધેદારે અજાએ બ જેવી રીતે એક ચોર પકડીઓછે. તેની ટેબલમાંથી વારે ઘડીએ પઈસા ચોરાએઆ હતા, પણ અમલદારે તે વાત કોઈને કેહા વગર તે ટેબલને એક વીજલીનો તા ર લગાડીઓ અને તે તારને છેડે તુરત સલગી ઉઠે એવી એક ચીજ મુંકી. તીઆર પછી તેણે તે તારને પઈસાની દેલી સાથ લગાડી મેલીઓ. થોડાવારમાં પેલો ચોર પઈસા ને હાથ લગાડવા ગીઓ જેના ઘસારાથી તે તારને જે ગર મીલાગી તે પેલી ગરમ ચીજને પોંચીઆથી તે ચીજ મોટા ટડાકા સાથે સલગી ઉઠી. આ અવાજથી કરીને આસપાસનાં લોકો તે ઓરડામાં દોડી ગઆં અને તે ચોર તીઆંને તી આંજ પકડાઓ.

---

**ખબુતરની જરપ**—આ પરાંણી ચોકસ વખતમાં કેટલી મંજલ કરેછે, તેની તપાસ હમનાં બેરજીસ ખાતે થઈછે. એ વખતે એક સરત બકેલી હતી અને તેથી ૧૪૫ ખબુતરોને ઉરાડીઆં હતાં. તેઓ ૯ કલાકમાં ૩૭૫ માઈ લ સુધી દોડીઆં હતાં.

---

**માણસનો જીવ માણસનાં હાતમાં**—એવુ કેહે વાએછે કે પોતાના જીવને જાલવવાનુ માણસના હાતમાંછે અને તે જો ચાએતો તથા તેનાથી જો બનેતો જેવો તેનો સં ભાલ તેવી તેની જીંનદગી રેહેશે. દરદોનો મુખીઅ ભાગ માણસની ખામીથીજ થાએછે જેમકે ઘણા કાંમ અને થોડા ખોરાકથી અતેસાર અને મોરમી થાએછે. અતીઘણાં કાંમ અને ખરાબ હવા તથા ખરાબ ખોરાકથી ટાઈફસ નામની તાવ આવેછે. અતીઘણું કાંમ અને ખરાબ હવાથી ખહીની ઉતપંતી થાએછે. મનનું ઘણું કાંમ કીધાથી અને તનને કસ રત નહી પાડવાથી ભેજાંના દરદો થાએછે.

---

**પાંણી ઉપર ચાલવાનો સાંચો**—વેલાતનાં બીલો રી મેહેલમાં એક નવા સાંચાનો અખતરો કરવામાં આવેછે. તે સાંચાની મદદથી માંણસ ઉભું દીલ રાખી પાંણી ઉપર ચાલી શકેછે. તે સાંચો ઘણો સારોછે. બેહુ પગની એડી ની પછવાડે બે પઈડાં બાંધવામાં આવેછે અને કમરની આ સપાસ હવા ખાલી કરેલી એક નલીને વીંટાલવી પડેછે. તે પછે પાણીમાં ઉભા રેહેતાં પઈડાં એવી રીતે ફરી શકેછે કે જેથી તેમાં પગ હીલવીને બરોબર ચાલી શકાએછે. આ સાંચો એટલોતો અગતનોછે કે તેનું મુલ થઈ શકવાનુ નથી.

---

**કુતરાને વારસો**—થોડાક દીવસની વાત ઉપર વેલા તની એક અદાલતમાં એક મુકદમો નીકલીઓ હતો. તેમાં એક જાંણીતા બબરચીની વીધવાના વશીએતનાંમાં વીશે વાં ધો પડીઓ હતો. તે વીધવાના મોહોતની વખતે તેનાં તર ણ કુતરા હઈઆત હતા અને તે વીધવા એવું ફરમાવી ગ ઈ હતી કે આ કુતરાઓનાં પોશણને માંટે દર વરસે ૧૦૦ રૂપીઆની ઉપજ થાએ એવી એક પુંજી વીઆજે મેલવી અ ને જમી ઘણી તેઓનુ પાલણ પોશણ બાંધે લીએ તેને તે વી

આજ કુતરા જીવે તાંહાં શુધી વંઉસ પંરમપરા આપવું. કો રતે એવો ચુકાદો કીધો હતો કે એ કારણને માટે ૬૬૬૬ રૂ પીઆનુ ફંડ અનાંમત કાહાડવું જોઇએ.

---

**કંજુસ અને ગરીબમાં શું ફેર?**—લારડ બરાકો નાંમનો એક માંતબર ઉમરાવ એટલો કંજુસ હતો કે રસ તા ઉપરથી તેને જારે એક ફારડીંગ (દુકાંની) જડી તારે એ ક ભીખારીને આપવાને તેણે નાંપાડી હતી. એક દાહાડે લારડ બરાકોનાં એક ભાડુતે તેને અરજ કીધી કે જો મને તમારી બધી દોલત દેખાડોતો હું એક શીલીંગ (અરધો રૂપી ઓ) આપું. બરાકો કબુલ થએઓ અને તેને પોતાની તી જોરી આગલ લઈ જાઇને શુનાં રૂપાંથી ભરેલી પેટીને પેટી ઓ દેખાડી. તે જોઆ પછે ઉપલો ભાડુત તેને કબુલેલી શી લીંગ આપીને બોલીઓ કે "લારડ બરાકો હવે હું તમારા સ રખોજ દોલતમંદ થએઓ છઉં." લારડ બરાકોએ તેનું કાર ણ પુછીઉં તારે તે બોલીઓ કે "તમે તમારી દોલતને વાપ રતા નથી પણ માતર જોએઆ કરોછો અને પોતાને માંત બર ગણોછો, તારે મેંભી આ મોટા ખજાણાંને જોએઓછે મા રે હુંભી તમારા સરખો માંતબર ગણાઉં."

---

## બચુબાઈ નાંમની એક છોકરી.

((આ છોકરી જરતોસતી છોકરીઓની નીસાલમાં હતી. તે ગા વામાં એટલીતો હોશીઆર હતી કે થોડાક બ્રરહસથોએ તેને એક ઈ નામ આપવા માટે સારૂ ફંડ કીધું હતુ, પણ તેટલા તે બીચારી મર ણ પાંમી હતી))

(ગરબી.)

બેનીઓ ભુલો મા રૂડાં ઢોળથી;
હાંરે કળી ખીલતી ખરી પડી વ ટોળથી.—હોજીરે-બેની૦

હાંરે કેવી ઠાવકી દેખાતી હતી બોલવે
હાંરે કેવી વાજબી હતી તે વાત તોળવે—હોજી૦ બેની૦

હાંરે કેવી તાન સાથ ગાતી મધુર ગીતડાં
હાંરે સુણી ખુશીથી થતાં ફીદા જન ચીતડાં—હોજી૦ બે૦

હાંરે બીજાં કાંમમાં માહીતી તેને ઘણી
હાંરે ગળી શી વખાણું તેની કોકીલ કંઠની—હોજી૦ બે૦

હાંરે રૂડી મેળવી શીખીને પદવી ઉંચી
હાંરે મુકી કીરતી અહીંને તહીં ગઈ ઉંચી—હોજી૦ બે૦

હાંરે તેના મંનની તે મંનમાં રહી ગઈ
હાંરે તેની સહુ મુરાદ તે પડો પુડી તહીં—હોજી૦ બેની૦

હાંરે પુરી ખીલતાં સુગંધ કેવી આપતે
હાંરે રૂડો દાખલો બીજીને બતલાવતે—હોજી૦ બેની૦

હાંરે બેની લોની શીખ સાચી કહું આપકી
હાંરે ભણી કીરતી વધારો નવું ઝટ નકી—હોજી૦ બેની૦

હાંરે ગાયન કાંમમાં તે સાતસેમાં એકલી"
હાંરે ભુલે નરમદા તે કેમ બચુને ભલી—હોજી૦ બેની૦

## આ દુનીઆમાં કોઇ રેહવાનું નથી, તે વીશે ગરબી.

---

"અલબેલીરે અ બેમાત, જોવાને જઇએ"
એ રાગનીછે.

થીર ઠરીને કોઇ આ ઠામ, રે નથી રહેવાનું;
કરીલો કાંઈ રૂડું કાંમ, રહેશે કહેવાનું. ટેક.

વીકરમ સરખા વીર ગયા ને, ભુપ ગયો વળી, ભોજરે;
જોરાવર જયકારી જગતમાં, ફરતી જેની ફોજ; રે નથી૦

છતે ગયો શાહુ છત્રપતીનો, દુનીયાથી દેખાવરે;
બાજીરાવ ગયા બળવંતા, ગયા શીવાજીરાવ; રે નથી૦

બારોનેટ બહુ જશવંતા, શેઠ ગયા જમશેદ રે;
કહો રહયા કીયાં ધનજી કામા, ખલક ધરેછે ખેદ; રે નથી૦

જેણે બહુ જર જોડી જગતમાં, કરીયા ગુપત ઉપકારરે;
કંઈ દુખીયાના દુખ કાપીયાં તે, સંભારે સંસાર; રે નથી૦

મોતીશા મુંબઇમાં મોટો, સરસ હતો સાહુકારરે;
નામ ગયું ને ઠાંમ ગયું ને, ગયા ગરથ ભંડાર; રે નથી૦

કંઈ ગુણવંતા ગયા ગવરનર, સરસ ગયા સરદારરે;
રાજા રાણા કોઈ રહયા નહી, કટા અમલ કરનાર; રે નથી૦

હેમાબાઈ હયાત હતા ને, શેઠ હતા હઠીસંગ રે;
તે પણ દુનીયાં તજી ગયા ને, મનમાં રહય ઉમંગ; રે નથી૦

કયાં પ્રીનસાળબરટ પુરૂથવીપતી, રાણીનો ભરથારરે;
જોતાં જોતાં ગયા જગતથી, જરા ન લાગી વાર; રે નથી૦

પડીઉં રહે નાણું પુરૂથવીમાં, અગણીત આડે આંકરે;
સમજી લેજો કાંઇ પણ સાથે, નહી આવે નવટાંક; રે નથી૦

બાગ બગીચા બેઠક બંગલા, મોટા મોટા માળ રે;
એતો સઉ એમના એમ રહેશે, પરથમ મણજો પાળ, રે નથી૦

આરંભેલાં અધુરાં રહેશે, કંઇક જગતમાં કામરે;
તુરત અજાણીઉં તેડું આવે, તજીને જવું તમામ; રે નથી૦

કાલ કરીયાનું આજ કરીલે, કોણે દીઠી કાલરે;
પગલા હેઠે મોત પડીઉંછે, ચેતી ચેતી ચાલ; રે નથી૦

લાચારોની આશીશ લેજો, નીશચળ કરજો નામરે;
સમજોતો સાચી શીખામણ, દેછે દલપતરામ; રેનથી રેહેવાનું.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૭ મું. નવેમબર ૧૮૯૩ આંક ૧૧ મો.


## વફા ઉપર જફા

અથવા

## "માંણસનુ ધારવું—ખોદાનુ કરવું."

એક વારતા.

---

### પરકરણ આઠમું.

### ખરી માએચા.

*શાહાજાદી ગોલશેહેર કાંહાં ગઇ!*

એ સવાલ તેના મેહેલમાં સરવે કોઇ પુછવા લાગું.

નહી બાગમાં કે નહીં મેહેલમા, નહીં નદીને કાંનારે કે નહી ગામમાં કેથે તે મલી નહી. રાતનાતો તેની સાહેલીઓએ તેને પોતાના ઓરડામાં સલામત સુવાડી હતી, સાંજનાંતો તેની માએ તેને એકાતપણે તથા ગંભીર ચેહેરે ફરતાં જોઇ હતી, બપોરનાંતો પેલા બેવકુફ પશંગે તેને પોતાની પરીતી જણાવી હતી. અને એકાએક રાતોરાત તે કાંહાં નીકલી ગઇ?

તેનાં ઓરડાને બારણે ટાલાં હતાં, અંદર કોઇબી માંણસ જણાંતું નહી હતું. ગોલશેહેર પોતાના વાહાલા ધણી અને ખાવંદ મનોચેહેરનાં ગમને લીધે કેથે જતી રહીછે એવો સરવેને વીચાર આવીઓ.

રાજા ફરીબરોજને આ બનાંવથી ઘણું દુખ લાગું હતું. દરરોજ સહવારનાં તેની આ નેક દીકરી તેની ભેટ લેવા આવતી હતી. તેનાં બાપે જોકે એક હલકા રાજવંસીને ખાતર પોતાનાં જવાંણ જમાંઇને દેશનીકાલ કીધો હતો અને તેની તરફની વફાને ખાતર જોકે આ બાંનુ ઉપર જફા પડતી હતી તોપણ ગોલશેહેર પોતાનાં બાપને દરરોજ સહવારનાં માંન આપવાનું ભુલી જતી નહી હતી. તેટલા માંટે તો ફરીબરોજને આ દીકરી ઉપર પુરાકલ હેત હતું અને તેની સાવકી માની ઉસકેરણીઓ છતાં એ દીકરી ગોએઆ તેનાં હઇડાંનો હાર હતો.

'પણ આજે તે પોતાના બાપની મુલાકાતે આવી કેમ નહી? સહવાર પડી ગઈ. વખત થઇ ગએઓ. રાજાએ પોતાંની રાજદરબારનું કાંમ કીધું અને તેના દુશમન મદાએનનાં રાજાએ મોકલેલા એલચીઆને દરબાર ભરી રોકડો જવાબ આપીઓ કે હું કાંઇ તમારા રાજાની માંગણીઓ બાહાલ રાખનાર નથી. એટલુ બધુ કાંમ કીધા છતાં જારે ગોલશેહેર પોતાના બાપ પાસ આવી નહી અને તેથી ખોલ કરતાં જારે રાજાને ખબર પડી કે તેને બારણેતો ટાલાં મારેલાંછે તારે તે મોટો ગમ કરવા લાગો.

રાંણી, તે ગોલશેહેરની સાવકી મા, આ બનાવથી દુખી નહી હતી. તેણે જારે ઉપલા સમાચાર સાંભલીઆ તારે વીચાર કીધો કે "એતો ઠીકજ થએઉછે. એ છોકરી ગઇ એટલે પાપ પટીઉંછે. હવે એ જોઇએ તાંહાં જાએ, પણ જાંહાં સુધી તે આ મેહેલમાં હતી તાંહાંસુધી તે ગાદીનો વારેસ હતા અને મારે માંથે તાજ મેલવાની આશા નહી હતી. તે કવાબમાંથી હાડકુ ગએઉ એ બહુજ થએઉછે અને ખોદા કરેને તે પોતાની સીકલ પાછી નહીં દેખાડેતો સારૂ. પેલો ચાકર પીલસુમ જે મારાં કાંમમાં નડીઆ કરતો હતો તેતો અતાંઆર સુધીમાં મુવોજ હશે, મેં તેને ઠગીને જેહેરી દવાઈ આપી હતી અને તે જો તેણે દવા જાંણીને પીધી નહી હોએતો મારા હાથની કલમ કરૂ." વાંચનારી બાનુઓ જાંણેછે કે જારે આ રાંણીએ પોતાના વઇદ પાસેથી જેહેરી દવા માંગી હતી તારે વઇદે ખાનુખા તેને તે જેહેરને બદલે એક એવી દવા આપી હતી કે જે પીધાથી માંણસ મરે નહી પણ થોડા કલાક બેસુધ થઇને પડી રેહે.

આ રાંણીનાં દીકરા પશંગે જારે ગોલશેહેરનાં નીકલી જવાનાં સમાચાર સાંભલીઆ તારે વલી તેણે જુદોજ વીચાર કીધો. "એ છુકતી ગઇ તે કાંઇ ઠીક નહી થએઉ. તે હીઆં હતેતો મારૂ કાંમ થઈ જતે અને દુનીઆંમાંનો સઉથી સરસ ઓરતનો હું ભરથાર કેહેવાતે. પણ તે ઘણીજ હટીલી હતી. તે મને ધીકારતી હતી માટે હું તેની સાથે પરણતેખી કેમ? તેણે રાંડે મને અપમાંન આપીઉછે અને હજુ રલો હું તેનુ વેર લેવાનોછુ. કાંઇ નહી ખોદાએછે! હું પેલા એના બુઢા ચાકર પીલસુમને શોધી કાહાડુ અને તેને પુછુ કે ગોલશેહેર કાંહાં ગઇછે. તેની પુઠે હું જાંઉતોજ મારી આ મુછ મને છાજે."

પણ આ શાહાજાદીનાં બાપનાં વીચાર વલી ઓરજ હતા. તે તદન શોકમાં ગીરફતાર થએઓ હતો અને બુમ મારતો હતો કે "અરે દીકરી! મારી પીઆરી એકપુતી દીકરી! બુઢા બાપને મેલીને તું કાંહાં ગઇછે! હા બેટી મેં વાંક કીધોછે. મેં તારા વાહલા ખાવંદને દેશનીકાલ કરીને ઉ

ને દુખી કીધીછે અને તેમા હું દુખી થએઓ છઉ   અરે! મારા નસીબ કેવા ફુટેલાછે ! મારા એ ગેલાબ જેવા દીકરા બચગીમાથીજ ચોરાઈ ગએઆ, તારે મેં સઘલી આશા તું ઉપર બાધી, પણ એ મારી વાહાલી પુતરી તુ પણ હવે ગુમ થઈછે—તારે આ તાજ, આ તખત સઉ નાખપતુ"

રાજાના માણસોએ કુવે કુવે અને ખુણે ખુણે ખોલ કીધી પણ કેહેથી સુંદર શાહાજાદી ગોલશેહેર હાથ લાગી નહી

આ સરવે લોકોને ખબર નહી હતાં કે શાહાજાદી જીવતી હતી અને મેહેલમાથી નીકલીને ફીરમાનના જંગલમા તે જઈ લાગી હતી

જારે આણીગેમથી તે શુંદરીની શોધ થતી હતી તારે પેલી ગમથી તે આ જંગલમા પોતાના નીમખ હલાલ નોકર પીલસુમ સાથ ભટકતી હતી   જોકે પોતાના ધણી મનોચેહેરને જોવાની તે આશામા હતી, તોપણ તે મનોચેહેરનું કીનર લગેલુ કાગજ, જેમા તેણે આ ખાતુનુ ખુન મરવનુ પીલસુમને ફરમાવાઉ હતુ   તે જારે તેણે વાચીઉ તારે તેને મલવાની સરવે આશા ભશત થઈ હતી   તે બુમ મારીને હાએ અને અફસોસ મરતી હતી તથા પીનસુમને કાલાવાલા કરી કેહેતી કે જારે તેની વફાદારી છતા તેના ખાવંદ તેને બેવફા ગણીછે તારે તેની જીંદગીનો અંત જેમ બને તેમ જલદીથી લાવવો   પીનસુમ તેને ઘણી ધીરજ દેતો હતો પણ આ છોકરી તે માણતી નહી હતી   "એ ખોદા! મારા મનોચેહેરને જોવા માટે હુ એની ઈનતેજાર હતી કે તેની ઈનતેજારી મારી માએ મને જનમ દેતી વખતે મને જોવાને દેખાડી નહી હશે અને તોબી મેં શુ ગુનાહા કીધો કએ બેમરવત ધણી મારી દામણ ઉપર શક નાખેછે"

પીનસુમ કેહેતો કે "શેઠાણી તમે ઘબરાવોના! એમા કોઈ તરીજાના કારસતાન હશે"

પણ ગોલશેહેરતો મરવાજ માગતી હતી   "જો બુઢ પીલસુમ તારા શેઠે મને મારવાનો તુને હોકમ કીધોછે અને જો તુ તેનો નીમખહલાલ ચાકર હોએતો તે હોકમને બજાલાવ   જો આ તારી તલવાર મારા હાથમાછે પણ આપઘાત કરવો એ ગુનાહાનુ કામછે, માટે તારે હાથ મરવાને હુ તઈઆર છઉ"

**પીલસુમ**—બાઈ, ખોદા સાહેદછે કે જારથી મારા શેઠે એ નીમકામનો મારી ઉપર હોકમ લખીઓછે તારથી મને જરા ઉંઘ આવી નથી

**ગોલશેહેર**—તારે લે એ હોકમ પુરો પાડીને પછે ઉંઘાઈ જજે આ બકરૂં કસાઈને બારણે મરવાની તલપ કરેછે અને તોબી તુ તારી છરી ચલાવતો નથી તેથી તે બકરૂ વધારે રીબેછે

**પીલસુમ**—અરે તેની આગમચ તે છરીને હુ મારી છાતીમા ચલાવશ   તે બકરાને મરતુ હુ નહી જોઉં તેટલા માટે પેહેલા મારી આખો ફોડી નાખશ

આ માએઆ ભરેલા શુખનોથી ગોલશેહેરનુ દીલ જરા પીગલીઉ   પણ તોબી તેનો કરોધ ઓછો નહી હતો   તે બોલી કે "અરે બુઢા તારી એ દએઆ શુ કામનીછે ? તુ જાણતો હતો કે તારો શેઠ હીંઆ મને મલવાનો નહી હતો તો પણ તેવે બાહાને તું મને હીંઆ વેર લઈ આવીને હવે જીવાડવાનું શુ ખોળછે ? તારે તુ હીંઆ મને લાવીઓ કાએ ? મને, મારા પગને, મારા ઘોડાને એટલી તસદી આપી કાં એ ? મારા બાપને એટલો દુખી કીધો કાએ ? મારો કીમતી વખત એટલી નકામી મજલમા રોકીઓ કાએ ?"

**પીલસુમ**—વહાલી શેઠાણી વખત રોકવાનીતો મારી મતલબજ હતી, તમારા બાપથી તમોને દુર લાવવાનોતો મારો વીચારજ હતો, અને તેમ કરીને મેં એક ઉપાએ શોધી કાહાડીઓછે, તે જો તમે ધીરજથી સાભળોતો હુ કેહુ

**ગોલશેહેર**—બોલ બોલ—હવે સાભલવાનોજ વખત આવીઓછે અને પાદશાહી મેહેલમા હોકમ કરવાનો વખત ગએઓછે

**પીલસુમ**—હુ ખુશી છઉ બાઈ કે તમે પાછી ધીરજ પકડીછે   હવે હુ ધારૂ છેઉ કે તમે તમારા બાપના મેહેલમાતો પાછા જવાના નથી

**ગોલશેહેર**—અલબતા નહી   જારે હીંઆજ મોહોત આવવાનુ તરે તાહા જવાએ કેમ ?

**પીલસુમ**—વરી બઈ તમે મોહોતની વાત કીધી ? તમે સાભળોતા ખરા   આટલુતો તમે કબુલ કરશો કે તમારી સામે કેઈએ ટરકટ કરીને શીઆના મનોચેહેરના મનને ફેરવી નાખીઉછે

**ગોલશેહેર**—કદાચ કોઈ છીનાલ દદાએ.

**પીલસુમ**—નહી, મારી શેઠાણી, કોઈ ઉપર એમ શક નહી લાવાએ   તમારા વરે તમારા ખુનની મારી પાસેથી ઈનાણી માગીછે   માટે તેવણને હાલ તરતનો હુ આવુ જણાવશ કે જારેતમે મરણ પામીઆ તથા તેની નીશાન દાખલ ગેહેથી ખરહેતો એક રૂમાલ હુ તેવણ ઉપર બીડી દેવશ

**ગોલશેહેર**—પણ, ભલા આદમી એટલુ બધુ કરવાની શુ જરૂર છે ? મારા ભરથારને મનમે જારે હુ મુએલી તારે મારે મનસે જીવતી શુ કામ ?

**પીલસુમ**—જીવવુ શુ કામ ? એ તમે કેમ પુછોછો ? તમુને બચપણમાં મેં રમાડેલાછે અને તમારી કેલવણી કીધીછે તે મેં પાછાણીછે   તે છતા બાઈ તમે જીવવાને કેમ ના પાડોછો ? શુ તમે નથી શીખીઆ કે ખોદાને તાહાથી તેડુ આવીઆ વગર તેને બાર જવુ એ ધાઈખોરા સરખું અને ગુનાહનુ કામછે ? જુવો શાહાજાદી—જો જીવશોતો પાછલથી કાઈબી ખોલાસો થશે

આ ભલા ચાકરની દાનાઈએ વલી અસર કીધી

ગોલશેહેરે કાહા જીવવુ તેનો તેણે એક ઉપાએ દેખાડીઓ.

તે બોલીઓ કે—"તમારા બાપના દુશમન મદાએનના રાજનો એલચી આજ દીને તમારા બાપના રાજ તરફથી પાછો ફરીઓછે અને તે જલદીથી આવી પુગશે   માટે જો તમે હીંમત ધરો, આ નારોની નાહીંમતને દુર કરો અને તે એલચીના રસાલાની સથે મદાએન જાવોતો ઠીક પડે   તાંહા તમારા વરબોછે અને તેનાજ શેહેરમા તમારા રેહેવાથી કાઈ સારૂ જ થશે"

આ વાત ગોલશેહેરને પસંદ પડી   હજુરબી તેને ભરથાર તરફ વફા હતી અને તેને ખાતર હજુરબી વધારે જફાઓ ખમવાને તે તઈઆર હતી   પણ વીચાર એ હતો

કે એક ઓરત થઈને આવા એક એલચીના રસાલા સાથ તે ભેલાએ કેમ !

એનો પીલસુમ પાસ ઉપાએ હતો. તે એટલો દુરઅંદેશ હતો કે આ સઘલું પરીનામ ચેતીને તે પોતાની સાથે મરદનો એક પોશાક લઈ આવીઓ હતો. માટે તે બોલીઓ કે "બાઈ તમે ધાસતી ના કરો. જો ધાસતી હોએતો પાછાં તમારા બાપના મેહેલમાં આવો અને નહીતો કે જો તમે તમારા વરની નજદીક જવા માંગતાં હોવેતો હીમત રાખીને આ એલચી સાથ જવાની તમોને ઘણી સરસ તકછે. તમે ઓરતની નાજુકી, નાજ અને નખરાંને હવે વીસરી જાઓ, તમે મરદના સરખાં છાતીવાલા, ચંચલ અને જડફી થાએઓ. ગાએની નરમાસ છોડીને તમે કુતરાંની માફક કજીઆખોર સવભાવ દેખાડો. એવો બધો ફેરફાર કરીને આ મરદનો પોશાક જે હું લઈ આવીઓ છઉં તે પેહેરો. બોલો તમારી મરજીછે ?"

પણ પીલસુમની મેહેરબાંની એટલીજ નહી હતી. કદાચ વાટમાં જરૂર પડેતો ખરચવા માંટે તે પોતાની સાથે નાંણું લઈ આવીઓ હતો તે તેણે ગોલશેહેરને આપીઉં. તે સાથે વલી પેલી દવા, જે રાંણીએ જેહેર ધારીને પીલસુમને આપી હતી પણ જેમાં માણસને બેસુધ કરવાનો ગુણ હતો તે દવા પણ આ ચાકર લઈ આવીઓ હતો. તે ગોલશેહેરને આપતી વખત બોલીઓ કે "આ દવા તમે રાખો. મને તે રાંણીએ આપીછે અને કેહેલુંછે કે જારે જીવ બગડી આવે તારે તે પીવાથી કરાર વલેછે." એ રીતે ગોલશેહેરને તઈઆર કરીઆ પછે પીલસુમ ખુશી થએઓ અને પોતાની શેઠાંણીને દુવા દઈ બોલીઓ કે "હવે હું તમારી રજા લેઉંછેઉં. તમારા બાપના મેહેલમાં કદાચ મારીબી શોધ થશે અને જો હું મલી નહી અવશતો મારા ઉપર પણ શક જશે." એટલા માટે ગોલશેહેરે પીલસુમને રજા આપી જેથી પોતાની વાહાલી બાઈથી છુટો પડતાં ભલા પીલસુમની આંખ આંસુથી ભરાઇ હતી.

એતે ખરી માએઆ ! પીલસુમ પોતાની શેઠાંણીનો ગોએઆ એક બીજો બાપ હતો. તે આ છોકરીને પીઆરના નીરમલ જહરામાંથી જોતો હતો અને તેનું ભલું કરવું એને તે ખુદો પોતાનું ભલું કરવા સરખું ગણતો હતો. ગોલશેહેરનો બાપ પોતાની દીકરીના ગુંમ થવાથી ગમમાં પડીઓ હતો, તે પણ ખરી માએઆને લીધે હતું.

---

## પરકરણ નવમું.

## બે નગીણાંઓ.

ગોલશેહેર મરદનાં પોશાકમાં કેવી લાગી હશે! તે ઉમરે ઘણી જવાંણ હતી અને તેથી જારે તેણીએ નાંજુક નારને બદલે જવાં મરદનુ રૂપ લીધું તારે તે એક સોબાઈતો પઠાંણ સરખી દીસવા લાગી. એક ખુબસુરત જવાંણ છોકરો, જે મરદપણાંમાં તરતજ આવેલો હોએ અને જેની મુછ ઈઆ દાહીબાં ખીલેલી નહી હોએ તેનાં સરખો ગોલશેહેર દેખાવ આપતી હતી અને ખચીત તે દેખાવ ઘણોજ સુંદર હતો. રાજાની છોકરી હોવાથી તેને ઉંચી તાલીમ તથા સારી કેલવણી મલેલી હતી. કસરતથી તેને લાંબે તપે ચાલવાની અને મુશકેલો માંથે લેવાની ટેવ પડેલી હતી. જાતે હીમતવાંન હોવાથી અને વલી પોતાનાં જીવની જાજી દરકાર નહી હોવાથી જે થાએ તે ખરૂં એવું વીચારીને તેણે કસાંનો દર રાખીઓ નહી હતો.

બીઆબાંન જંગલ મોટા વીસતાર સાથ પહેલું હતું અને તેની વચે ગોલશેહેર વાસો કરી બેઠી હતી. જાંહાં આંખ ફેરવે તાંહાં ઉપર આસમાંન અને નીચે જમીન સીવાએ બીજી કાંઈબી વસતી તેની નજરે આવતી નહી હતી. તે મદાએનનાં એલચીની વાટ જોતી રહી હતી. તેની વાટ જોતાં ઘણો વખત નીકલી ગએઓ હતો, પણ તે એલચી ઈઆ બાજુ કોઈબી માંણસ તેને જણાંએઉ નહી. તે કાંહાં સુધી વાટ જુવે ? સાંજ પડવા આવેલી હતી, આખા દાહાડાની તે થાકેલી તથા ભુખી હતી અને અગર જો તે એલચી આવી નહી લાગેતો પછે ગોલશેહેર કાંહાં જાએ ?

લાંબો વીચાર કીધા પછે ગોલશેહેરે આગલ ચાલવાનો ઠરાવ કીધે, કેમકે જેમ તે આગલ ચાલે તેમ કોઇબી વસતીની નજદીક જવાની વધારે આશા હતી; તેટલામાં જો મદાએનનો એલચી મલી જાએતો તેમ નહીંતો એટલું આગલ ચાલેલું ભલું. આ ઠરાવથી ગોલશેહેરે જહદફથી પગ ઉંચકવા માંડીઆ. તેનાં બાલ છુટા, તેનો પોશાક તંગ, અને તેની તલવાર લટકતી હતી તેથી કરીને ગોએઆ આખું જંગલ જહલકતું હતું. પણ તે વખતે તે ભુખ અને થાક આગલ સરવે ચીજને ભુલી ગઈ હતી. રખે તે જંગલ માંજ ભુખે મરે, રખે કોઈ લુટારો તેનો નાસ કરે, રખે કોઈ વાઘ વરૂ ઈઆ ફાડી ખાનાર પરાંણી તેની જીંદગીનો એવો અંત આંણે કે તેનાં શરીરમાં લોહીનું ટીપુ રેહેવા દીએ નહી!

પણ નહી, ગોલશેહેરને માંથે ખોદાનો છાએઓ હતો.

ઘણું ચાલવા બાદ આ જવાંન છોકરો એક ગોફાની નજદીક આવી પુગો. તે ગોફામાં દાખલ થવાનો એક રસતો હતો અને આસપાસ જાહાડપાંણની ઠીક વનસપતી હતી. ગોલશેહેરે તે ગોફામાં ડોકું કીધું. તેમાં કાંઈ વસતી હોએ એવું તેને માલુમ પડીઉં, અને તેથી તેણે હાંક મારીઓ, "અરે અંદર કોઇછે !—કોઈછે !—હોએતો જવાબ દેવો ! કોઇ માંણસ હોએતો ઉતર વાલો—કોઈ હેવાંણ હોએતો જીવ આપો ઈઆ લેવો." આ સઘલા પોકારોથી જારે કસો જવાબ નહી મલીઓ અને જારે ગોલશેહેરની ભુખે તેનાં પેટમાં ભભુક ઉઠાડી તારે તે શાહાજાદી હાથમાં નાંગી તલવાર રાખીને તથા ખોદાનું નાંમ લઈને વગર દેહેસતે તે ગોફાની અંદર ચાલી.

ગોફામાં જઈને જોએછેતો એક નવાઇ સરખો દેખાવ તેની નજરે પડીઓ. ખોદાએ ગોએઆ આ બીઆબાંન જંગલમાં તેને માટે આ ગોફા મધે મદદ મોકલી હતી. તેમાં વાસણો હતાં જે મધે થોડોક વાસી ખોરાક ઢાંકેલો હતો, તાજું અને નીરમલ પાંણી પણ એ ગોફામાં ભરેલું હતું અને આસાએસને માટે ખીછાંનાં પણ તાંહાં તઈઆર હતાં. એ જેવું શુખ ગોલશેહેરને બીજું શું જોઈએ ! આવાં જંગલમાં આ ખોરાક તેને નહીતો બીજાં કોણને માટે ઢાંકેલો હોએ ! માટે જેમ એક ભુખો વાઘ પોતાનાં શેકા

ર ઉપર તરાપ મારે તેમ ગોલશેહેરે ઉપલા વાસણો ઉંઘાડી એટલીતો ઉતાવલથી મોટા દબુસા ભરવા માંડીઆ કે પાસે જ ચુલો હોવા છતા ખાંણુ ગરમ કરવાનીબી તેને સુજ પડી નહી.

અલબતા આ ગોફે કોઈ વાઘ વરૂનું નહી પણ માણસનું રેહેથાન હોવું જોઈએ અને જારે હાલ તરતતો ગોલશેહેર એખલી તેનો ધણી ધોરી થઈને બેઠી તારે તેના રેહેનાર અથવા રેહેનારાઓ બાહેર ગએલાજ હશે પણ હીઆ આ મોટા જંગલમા ભએંકાર ગોફા મધે કોણ માણસો રેહેતા હશે. શું તે કોઇ ચોરો અથવા વાતપાડાઓને ભરાઇ બેસવાની જગા હશે? આ વીચારો ગોલશેહેરને સઘલા હાલા સાફ કીધા પછે ઇઆદ આવીંઆ હતા. પણ તેનો ખોલાસો તરત થએઓ હતો

ગોલશેહેર ગોફામાજ હતી તેવામા બાહેરથી માણસોનો અવાજ સંભલાએઓ તેઓમાના એક જણે આ ફરેસતા રૂપી છોકરાને દુરથી જોઈ પોકાર કીધો કે "અરે ઉભા રેહેજો અંદર કોઈ પરી ઇઆ ફરેસતા સરખુ માણસ આવેલુ છે"

આ માણસોના અવાજ સાંભલીને ગોલશેહેર વેહેલી વેહેલી બાહેર આવી. તેણે જોઈંઉતો તરણ જણાઓ તેને બાહેર આવવાની વાટ જોતા ઉભા હતા તેઓમા બે ઘણા જ જવાણ અને ખીલતા છોકરાઓ હતા તથા એક બુઢો પણ કદાવર મરદ હતો જેને તે છોકરાઓ બાપ કરીને કેહેતા હતા. આ છોકરાઓ ગોલશેહેર ઉપર ઘણા ગુસે થએલા હતા. તેઓના હાથમા તીર કામથા હતા અને તુરત શેકાર કરી આવીઆ હતા ગોલશેહેર આવતાને વાર બોલી કે "જો તમે ખરા દએઆલુ હશોતો મારા સરખા એક ગરીબ છોકરા ઉપર જફા નહી પાડશો એવી મારી ખાતરીછે હું આ ગોફની અંદર દાખલ થએઓ તેની આગમચ મેં ઘણા સાદ મારીઆ પણ જારે મને જવાબ નહી મલીઓ તારે હું અંદર ગએઓ હતો ભઈઓ અંદરથી મેં કેટલોક ખોરાક ખાધોછે, પણ મેં ચોરી કીધી નથી કેમકે તેના પઈસા આપવાને હું તઈઆરછુ"

એ ઉપરથી એક છોકરો બુમ પાડી ઉઠીઓ કે "પઈસાને જંહાનમમાં નાખ તારૂં સુનુ અને રૂપુ નથી જોઈતુ"

બીજો છોકરો બોલીઓ કે "ચાલ ચાલ એ લાલચ હમોને નથી જોઈતી જેઓ મેહેલમા વસતા હોએ અને પઈસાના ગોલામ હોએ તેઓજ પઈસાને જોઇને તારા સરખા અપરાધીને જતો મેલે."

ગોલશેહેર—તમે મારા ઉપર ગુસે છો. પણ તમે મને મારી નાખો તેની આગમચ વીચાર કરજો કે જો મેં આ તકસીર કીધી નહી હતે તોબી હું મરી જતે.

આ વીનતીનાં કરતા ગોલશેહેરની ખીજ્ઞશ ભરી બોલી તથા રૂપથી આ તરણે જણ વધારે પીગલી ગએઆ તેઓનો ગુસો નરમ પડીઓ અને દએઆ આણી તેઓએ "છોકરા" ની હકીકત પુછવા લાગા ગોલશેહેરે કહીઉં કે "સાહેબ મારૂ નામ દારા છે હું મદાએનમા મારા એક સગાને મલવા જતો હતો, પણ મંજલની થાક તથા ભુખ નહી ખમાયાથી તમે રાંધેલુ મેં ખઇ જવાનો અપરાધ કીધોછે." આ હેવાલથી ગોલશેહેર જીહીતી.

પેલા પીર મરદે તેને ધીરજ આપી કે "છોકરા દારા તું કાંઈ ફકર ના કર. હમે કોઇ લુછા માણસ નથી અથવા આ ગોફામાં રહીએ છઈએ તેટલા માટે હમે કાંઇ હલકી કીસમના નથી. તુ સારે ટાકણે આવીઓછે. હમણાં રાત પડીછે અને જંગલ ઘણું બીહામણુંછે, વાસતે આ રાત તું હમારી ઝુંપડીમા ગુજાર, હમારીથી બનશે તેટલી તારી ચાકરી કરીશુ."

છોકરાઓ પણ ગોલશેહેરને આ વીનંતી કરવામા સામેલ થએઆ તેઓ આ નવા સોબતીનુ રૂપ જોઇ ગોએ આ ફીદા ફીદા થઈ ગએઆ એક બોલતો કે "છોકરા જો તુ છોકરી અવતરી હતેતો હું તારો ગોલામ થઈ રેહેતે." બીજો બોલતો કે "દારા, જેવો મારો ભાઈ વાહાલોછે તેવો તું મને વાહાલો લાગેછે," એમ વાત કરતા બે બાજુએ પોતે થઈને તથા વચમા આ નવા પહેરોણાને રાખીને ઉપલા છોકરાઓ તેને પાછો મોટા પીઆર સાથ ગોફા મધે લઇ ગએઆ.

અંદર જવા પછે ગોલશેહેરને ઘણો ગંતેશકારક દેખાવ નજરે પડીઓ પેહેલ તેને જે અચરતી ઉપજી તે ઉપલા બે ભાઇઓને જોઇને હતી. તેઓ ઘણાજ રૂપાલા તથા શોહામણા હતા તેઓ ઘણાજ જવાણ હતા અને તેઓની ઉમર વચે આસરે એકુ બે વરસનોજ ફરક લાગતો હતો. તેઓના ચેહેરા ઉપરનુ નુર તેઓના મનની ચાલાકી કહી આપતું હતું. તેઓ તનદરોસત, શરીરે ભરેલા તથા જોરાવર હતા તેઓની છાતી ખીલેલી હતી અને પોતાના બાપને અતીશએ માન આપતા હતા

તેઓના બાપનું નામ આતબીન કરીને હતું. તે જઈફ તોપણ કદાવર અને લડાએક હતો. તેના એક છોકરાનુ નામ જાહાબખરા તથા બીજાનું નામ શીઆવખશ હતાં. જાહાબખશ અને શાઆવખશ વચે અતીશએ પરીતી હતી. તેઓએ નવા શેકારને પોતાને હાથે પકાવીઆ હતા, જે પછે સુફરા ઉપર તેઓ પોતાના બાપને તથા દારા (ગોલશેહેર) ને સાથે લઇ જમવા બેઠા હતા. જમી રેહેવા પછે લાબી રાત સુધી તેઓએ તરેહવાર વાતો કીધી અને જારે ગોલશેહેર થાકને લીધે ઉંઘાવાની થઈ તારે બને ભઈઓએ સારી મદદથી તેનુ બીંછાનુ તઈઆર કીધુ. તેઓ દારા (ગોલશેહેર) ને ભાઈ કરીને કેહેતા હતા તથા ભાઈના સરખી દોસતી રાખતા હતા.

પણ એ છોકરાઓ ગોલશેહેરના સગા ભાઇજ હતા !

ગોલશેહેરના જે બે ભાઇઓ પોતાની બચપણમા ચોરાઈ ગએઆ હતા અને જેઓને રાજો ફરીબોજ વારેઘડીએ મોટા ગમ સંથે ઇઆદ કરતો હતો તે આ છોકરાઓ હતા.

આતબીન જેને તેઓ પોતાનો બાપ કરી ગણતા હતા તે કાંઈ તેઓનો બાપ નહી પણ તેઓનો ચોર હતો આગમ તે આ છોકરાઓના બાપની ચાકરીમાંનો એક મોટો સરદાર હતો, પણ કાંઈ એક નજીવા વાંકને માટે તે રાજાએ તેને દેશનીકાલના મોટા વાકની સજા કીધી હતી તેનુ વેર લેવા માટે તેણે એક રાતના પેતાનું દેશ છોડવાની આગમચ આ છોકરાઓની દાઈને લાલચ આપીને તેમને પોતાને તાહા મંગાવીઆ હતા અને તારબાદ તેઓને પોતાની સાથે લેઇ રાતો રાત નીકલી આવીઓ હતો.

તે વખતથી આતબીને આ ગોફામાં પોતાનુ રેહેઠાંણ કીધું હતું. તાંહાં તેણે આ શાહાજાદાઓને પોતાનાં ફરજંદનાં સરખા પીઆરથી પાલીઆ હતા. પાહાડી જગામાં તેઓને જેવી કેલવણી આપી શકાએ તેવી આપી હતી અને જો કે તે મેહેલની કેલવણી સરખી નહી હતી, જો કે તે છોકરાઓ એલમો ઈલ્મા વીદીઆઓથી અનજાંણા હતા તોપણ તે વખતનાં શાહાજાદાઓને બરની બીજી સરવે કેલવણી તેણે તેઓને આપી હતી. તે છોકરાઓ ઘણા નીતીવાંન હતા. તેઓ દરરોજ સહવારના ખોદાની બંદગી કરતા હતા તથા તે જંગલમાં જે નીમખ રોટી મલતું તેને માંટે તેઓ સુકરાનાં કરતા.

આતબીને એવો ધારો પાડેઓ હતો કે દરરોજ આ બે ભાઈઓએ તીરકાંમઠાં લઈને શેકાર કરવા જવુ. તેને માટે જારે તેઓ ઉંચા પાહાડો ઉપર પોતાની કમાંન ફેંકતા પરાંણીઓની પુઠે દોડતા હતા તારે આ બુઢો આતબીન હેઠે બેસીને તેઓને જોએઆ કરતો હતો. જો તેઓ શેકાર કરી લાવતા હતા તોજ તેઓને ખાવાનુ મલતુ હતુ અને તેથી કાંઈને કાંઈ લાવવાની તેઓને દરરોજ ફરજ હતી. વલી તેઓમાંનો જે ભાઈ શેકાર જીહીતતો હતો તે ગોફામાં બેસી રેહેતો હતો અને બીજો ભાઈ તેને ખાંનું પકાવી આપતો તથા આતબીન તેની ચાકરી કરતો હતો.

શેહેરો અને મેહેલો તથા લડાઈઓની ઘણી વાત છોકરાઓએ પોતાના આ નામના બાપને મોહોડે સાંભલી હતી. તેથી તાંહાં જવાની અને સઘલું નજરે જોવાની તેઓને કુદરતી ખાહેશ થતી હતી. એક બોલતો હતો કે "બાવા જો એકાંત જીંદગી ગુજારવામાં સુખ હોએતો તમોને આ ગોફાની જીંદગી સારી લાગતી હશે. પણ હમે તદન નવા, તદન અનજાંના હોવાથી ભરપુર શેહેરની રચનાનો પણ સવાદ લેવાને હમોને શોખ થાએછે." આ વાતને બીજો છોકરો ટેકો આપતો હતો. "બાવા તમે જારે બુઢા થએઆછો તારે તમારી જુવાંનીના દમાંમ તથા દોરની વાતો કરોછો; પણ જારે હમે ઘરડા થઈશું તારે હમે જુવાંનીમાં કાંઈ નહી જોવાથી શું વાતો કરીશું!" એ રીતે આ છોકરાઓના દીલમાં ગોએઆ પાદશાહી લોહી ઉકલતું હતું.

ગરીબ બીચારા છોકરાઓ! તેઓ જાંણતા નહી હતા કે તેઓ તાજના ઉઠાવનારા શાહાજાદા હતા. ગોલશેહેરને ખબર નહી હતી કે તેઓ તેના સગા ભાઈઓ હતા અને તેમજ આ ભાઈઓ પોતાની બેહેન જે છોકરાના લેબાસમાં આવી હતી તેને પીછાનતા નહી હતા. પણ ખોદાનું કરવું મારે તરણે જણ એકઠાતો થએઆં હતાં!

## પરકરણ દસમું.

## પશંગની પંચાતી.

પેલો બેવકુફ શાહાજાદો પશંગતો મેહેલમાં બલી જલીને ગોએઆ કબાબ બનતો હતો. ગોલશેહેર સાથ પરણવાનેતો તે એક પગે તઈઆર હતો અને વલી તે છોકરીએ તેને માટે રાખેલા ધીકારનું તે વેર લેવાનો હતો પણ તેવામાં તે મેહેલમાંથી જતી રેહી માટે તેને મોટો ફફડાટ લાગો હતો. તે પેલા બુઢા પીલસુમની વાત જોતો હતો. પશંગની ખાતરી હતી કે ગોલશેહેર કાંહાં ગઈછે તેની સઘલી ખબર પીલસુમ જાંણતો હશે. એટલા માટે તે નીમખહલાલ ચાકર પોતાની શેઠાંણીને કીરમાંનનાં જંગલમાં મરદનાં લેબાસમાં સલાંમત મેલીને જેવો રાજાનાં મેહેલમાં પાછો આવીઓ તેવો પશંગ તેની પુઠે ગએઓ અને બુમ પાડી કે "ઉભો રેહેરે—તું નાંહાંસેછે કાંહાં?"

પીલસુમે પશંગની મતલબ સમજી જઈને ઉભો રહી પુછીઉં કે "કેમ સાહેબ કાંઈ ફરમાસ?" આ ચાકરેતો બનતાં સુધી અનજાણપણું બતલાવાનો ઠરાવ કીધો હતો.

પશંગ—તારી બાઈ કાંહાંછે?

પીલસુમ—બાઈ—સાહેબ—કીઆં બાઈ?

પશંગ—તારી શેઠાંણી—ગોલશેહેર—તે કાંહાંછે?

પીલસુમ—પણ સાહેબ મને બીહીવારોછો કાંએ? આસતેથી પુછોની.

પશંગ—અરે આસતે શું? નાપાક તું હવે મારી આગલથી જીવતો જવાનો નથી. અતર ઘડી સાચું બોલ કે શાહાજાદી ગોલશેહેર કાંહાંછે નહીતો કે આ તારી ગરદન તારા દીલથી છુટી પડશે.

એટલું કહી પશંગે પીલસુમને બોચીમાંથી પકડીઓ. પીલસુમ બનતાં સુધી વાત ઉડાવતો હતો. તે બીહીતો હોએ તેમ બોલીઓ કે "અરે શેઠ! શેઠ! હું ગરીબ માણસ! હું બુઢો, મને ના મારો."

પશંગ—ચંડાલ એ બધાં તારાં કારસતાન. તું તે બાંનુંને કેથે મેલી આવીઓછે.

પીલસુમ—અરે સાહેબ કેઈ બાંનુ ને કાંહાં મેલી આવીઓ? મારાં શેઠાંણી કાંહાં ગીઆં તે તમે તેનાં ભાઈ વધારે જાંણો. હું ચાકર આદમી શું જાંણું!

પશંગ—તારે તું આજે આખો દાહાડો કાંહાં હતો.

પીલસુમ—અરે સાહેબ અતરઘડી મારે ઘરથી આલીઓ આવીઓ.

પશંગ—નાં, નાં, નાં—જો! મને ઘણો ગુસો ચહડીઓછે. હું હમણાં ખુનાંમરકી કરી નાંખશ, નહીતો સાચું બોલ.

પશંગે કાંઈ અમથી આ ખાલી ધમકી નહી આપી, પણ તલવારબી ખેંચી અને પીલસુમ તતકાલ મોહોતની ધાસતીમાં આવી ગએઓ. માટે તેણે ખરી વાત કેહેવાને વધારે આનાંકાંની કીધી નહીં. "જુવો સાહેબ મારાં શેઠાંણી હમણાં કાંહાંછે તે હું જાંણતો નથી. પણ જો તમુને જવુ હોએતો કીરમાંન તરફ જાવો કેમકે તાંહાં તેવણનાં વર આવવાના હતા એટલુ હું જાંણું છઉં અને બાંનુ ગોલશેહેર કદાચ તેવણને મલવા સારૂ ગએઆં હશે."

આ વાત પશંગને ખરી લાગી. પીલસુમ વીચારતો હતો કે એકબારગી આ બેવકુફ શાહાજાદો તેની શેઠાંણીની પુઠે જશેતો કાંઈ ચીંતા નથી, કેમકે તે તેને મલવાની નથી અને જો મલશેતો તેના મરદનાં લેબાસને લીધે તેને પશંગ ઓલખવાનો નથી. એટલા માટે ઉપલો ખોલાસો કીધાથી પીલસુમ મોહોતમાંથી બચીઓ.

પશંગેતો તરત ગોલશેહેરની પછવાડે જવાનો ઠરાવ કીધો. અને તેબી વલી મનોચેહેરનાં લેબાશમાં તે ઓરતની પુઠે જઈ તેને રસતામાં પકડીને ઠગવા ધારીઉં. પીલસુમે તેને દખાવવા માટે જારે કહેઉ કે મનોચેહેરતો તાંહાં આવેલોછે તોબી

ર ઉપર તરાપ મારે તેમ ગોલશેહેરે ઉપલાં વાસણો ઉંધાડી એટલીતો ઉતાવલથી મોટા દબુસા ભરવા માંડીઆ કે પાસે જ ચુહુવો હોવા છતાં ખાણું ગરમ કરવાનીબી તેને સુજ પડી નહી.

અલબતાં આ ગોફો કોઈ વાઘ વરૂનું નહી પણ માંણસનું રેહેથાન હોવું જોઈએ અને જારે હાલ તરતતો ગોલશેહેર એખલી તેનો ધણી ધોરી થઈને બેઠી તારે તેના રેહેનાર અથવા રેહેનારાઓ બાહેર ગએલાજ હશે. પણ હીઆ આ મોટાં જંગલમાં ભએંકાર ગોફા મધે કોણ માંણસો રેહેતાં હશે. શું તે કોઈ ચોરો અથવા વાતપાડાઓને ભરાઈ બેસવાની જગા હશે? આ વીચારો ગોલશેહેરને સઘલા હાંલાં સાફ કીધા પછે ઈઆદ આવીઆ હતા. પણ તેનો ખોલાસો તરત થએઓ હતો.

ગોલશેહેર ગોફામાંજ હતી તેવામાં બાહેરથી માંણસોનો અવાજ સંભલાએઓ. તેઓમાંનાં એક જણે આ 'ફરેસતા રૂપી છોકરાને દુરથી જોઈ પોકાર કીધો કે "અરે ઉભા રેહેજો અંદર કોઈ પરી ઇઆ ફરેસતા સરખું માંણસ આવેલુંછે."

આ માણસોનાં અવાજ સાંભલીને ગોલશેહેર વેહેલી વેહેલી બાહેર આવી. તેણે જોઈઉતો તરણ જણાઓ તેને બાહેર આવવાની વાટ જોતા ઉભા હતા. તેઓમાં બે ઘણા જ જવાંણ અને ખીલતા છોકરાઓ હતા તથા એક બુઢો પણ કદાવર મરદ હતો જેને તે છોકરાઓ બાપ કરીને કેહેતા હતા. આ છોકરાઓ ગોલશેહેર ઉપર ઘણા ગુસે થએલા હતા. તેઓના હાથમાં તીર કાંમઠાં હતાં અને તુરત શેકાર કરી આવીઆ હતા. ગોલશેહેર આવતાને વાર બોલી કે "જો તમે ખરા દએઆલું હશોતો મારા સરખા એક ગરીબ છોકરા ઉપર જફા નહી પાડશો એવી મારી ખાતરીછે. હું આ ગોફાની અંદર દાખલ થએઓ તેની આગમચ મેં ઘણા સાદ મારીઆ પણ જારે મને જવાબ નહી મલીઓ તારે હું અંદર ગએઓ હતો. ભાઈઓ અંદરથી મેં કેટલોક ખોરાક ખાધોછે, પણ મેં ચોરી કીધી નથી કેમકે તેના પઈસા આપવાને હું તઈઆરછુ."

એ ઉપરથી એક છોકરો બુમ પાડી ઉઠીઓ કે "પઈસાને જાંહાંનમમાં નાંખ. તારૂં સુનું અને રૂપુ નથી જોઈતુ"

બીજો છોકરો બોલીઓ કે "ચાલ ચાલ એ લાલચ હમોને નથી જોઈતી. જેઓ મેહેલમાં વસતા હોએ અને પઈસાના ગોલાંમ હોએ તેઓજ પઈસાને જોઇને તારા સરખા અપરાધીને જતો મેલે."

ગોલશેહેર—તમે મારા ઉપર ગુસેછો. પણ તમે મને મારી નાંખો તેના આગમચ વીચાર કરજો કે જો મેં આ તકસીર કીધી નહી હતે તોબી હું મરી જતે.

આ વીનંતીનાં કરતા ગોલશેહેરની ઓઢાશ ભરી બોલી તથા રૂપથી આ તરંણે જણ વધારે પીગલી ગએઆ. તેઓનો ગુસો નરમ પડીઓ અને દએઆ આણી તેઓ એ "છોકરા" ની હકીકત પુછવા લાગા. ગોલશેહેરે કહેઉ કે "સાહેબ મારૂં નાંમ દારાછે. હું મદાએનમાં મારા એક સગાને મલવા જતો હતો, પણ મંજલની થાક તથા ભુખ નહી ખમા ગ્રી તમે રાંધેલુ મેં ખાઈ જવાનો અપરાધ કીધોછે." આ હેવાલથી ગોલશેહેર જાહીતી.

પેલા પીર મરદે તેને ધીરજ આપી કે "છોકરા દારા તું કાંઈ ફકર નાં કર. હમે કોઈ લુછાં માંણસ નથી અથવા આ ગોફામાં રહીએ છઈએ તેટલા માટે હમે કાંઈ હલકી કીસમનાં નથી. તું સારે ટાંકણે આવીઓછે. હમણાં રાત પડીછે અને જંગલ ઘણું બીહાંમણુંછે, વાસતે આ રાત તું હમારી જાુફડીમાં ગુજાર, હમારીથી બનશે તેટલી તારી ચાકરી કરીશું."

છોકરાઓ પણ ગોલશેહેરને આ વીનંતી કરવામાં સાંમેલ થએઆ. તેઓ આ નવા સોબતીનુ રૂપ જોઈ ગોએ આ ફીદા ફીદા થઈ ગએઆ. એક બોલતો કે "છોકરા જો તુ છોકરી અવતરી હતેતો હું તારો ગોલાંમ થઈ રેહેતે." બીજો બોલતો કે "દારા, જેવો મારો ભાઈ વાહાલોછે તેવો તું મને વાહાલો લાગેછે." એમ વાત કરતાં બે બાજુએ પોતે થઈને તથા વચમાં આ નવા પહરોણાંને રાખીને ઉપલા છોકરાઓ તેને પાછો મોટા પીઆર સાથ ગોફા મધે લઈ ગએઆ.

અંદર જવા પછે ગોલશેહેરને ઘણો શંતોશકારક દેખાવ નજરે પડીઓ. પેહેલા તેને જે અચરતી ઉપજી તે ઉપલા બે ભાઈઓને જોઈને હતી. તેઓ ઘણાજ રૂપાલા તથા શોહામણાં હતા. તેઓ ઘણાજ જવાંણ હતા અને તેઓની ઉમર વચે આસરે એકુ બે વરસનોજ ફરક લાગતો હતો. તેઓનાં ચેહેરા ઉપરનુ નુર તેઓનાં મંનની ચાલાકી કહી આપતું હતું. તેઓ તનદરોસત, શરીરે ભરેલા તથા જોરાવર હતા. તેઓની છાતી ખીલેલી હતી અને પોતાનાં બાપને અતીશએ માંન આપતા હતા.

તેઓના બાપનું નામ આતબીન કરીને હતું. તે જઈફ તોપણ કદાવર અને લડાએક હતો. તેના એક છોકરાનું નામ જાંહાંબખશ તથા બીજાનું નામ શીઆવખશ હતાં. જાહાંબખશ અને શીઆવખશ વચે અતીશએ પરીતો હતી. તેઓએ નવા શેકારને પોતાને હાથે પકાવીઓ હતો, જે પછે સુફરા ઉપર તેઓ પોતાના બાપને તથા દારા (ગોલશેહેર) ને સાથે લઈ જમવા બેઠા હતા. જમી રેહેવા પછે લાંબી રાત સુધી તેઓએ તરેહવાર વાતો કીધી અને જારે ગોલશેહેર થાકને લીધે ઉંઘાવાની થઈ તારે બંને ભઈઓએ સારો મદારતથી તેનું બીછાંનું તઈઆર કીધું. તેઓ દારા (ગોલશેહેર) ને ભાઈ કરીને કેહેતા હતા તથા ભાઈના સરખી દોસતી રાખતા હતા.

પણ એ છોકરાઓ ગોલશેહેરના સગા ભાઈજ હતા!

ગોલશેહેરનાં જે બે ભાઈઓ પોતાની બચગીમાં ચોરાઈ ગએઆ હતા અને જેઓને રાજો ફરીબરોજ વારેઘડીએ મોટા ગમ સાથ ઈઆદ કરતો હતો તે આ છોકરાઓ હતા.

આતબીન જેને તેઓ પોતાનો બાપ કરી ગણતા હતા તે કાંઈ તેઓનો બાપ નહી પણ તેઓનો ચોર હતો. આમલ તે આ છોકરાઓનાં બાપની ચાકરીમાનો એક મોટો સરદાર હતો, પણ કાંઈ એક નજીવા વાંકને માંટે તે રાજાએ તેને દેશનીકાલનાં મોટા વાંકની સજા કીધી હતી. તેનુ વેર લેવા માંટે તેણે એક રાતના પોતાનું દેશ છોડવાની આગમચ આ છોકરાઓની દાઈને લાલચ આપીને તેમને પોતાને તાંહાં મંગાવીઆ હતા અને તારબાદ તેઓને પોતાની સાથે લેઈ રાતો રાત નીકલી આવીઓ હતો.

તે વખતથી આતબીને આ ગોફામાં પોતાનુ રેહેઠાંણ કીધું હતું. તાંહાં તેણે આ શાહાજાદાઓને પોતાનાં ફરજંદનાં સરખા પીઆરથી પાલીઆ હતા. પાહાડી જગામાં તેઓને જેવી કેલવણી આપી શકાએ તેવી આપી હતી અને જો કે તે મેહેલની કેલવણી સરખી નહી હતી, જો કે તે છોકરાઓ એલમો ઇલ્મા વીદીઆઓથી અનજાંણા હતા તોપણ તે વખતનાં શાહાજાદાઓને બરની બીજી સરવે કેલવણી તેણે તેઓને આપી હતી. તે છોકરાઓ ઘણા નીતીવાંન હતા. તેઓ દરરોજ સહુવારના ખોદાની બંદગી કરતા હતા તથા તે જંગલમાં જે નીમખ રોટી મલતું તેને માંટે તેઓ સુકરાનાં કરતા.

આતબીને એવો ધારો પાડેઓ હતો કે દરરોજ આ બે ભાઈઓએ તીરકાંમઠાં લઈને શેકાર કરવા જવુ. તેને માટે જારે તેઓ ઉંચા પાહાડો ઉપર પોતાની કમાંન ફેંકતા પરાંણીઓની પુઠે દોડતા હતા તારે આ બુઢો આતબીન હેઠે બેસીને તેઓને જોએઆ કરતો હતો. જો તેઓ શેકાર કરી લાવતા હતા તોજ તેઓને ખાવાનુ મલતુ હતુ અને તેથી કાંઈને કાંઈ લાવવાની તેઓને દરરોજ ફરજ હતી. વલી તેઓમાંનો જે ભાઈ શેકાર જીહીતતો હતો તે ગોફામાં બેસી રેહેતો હતો અને બીજો ભાઈ તેને ખાંનું પકાવી આપતો તથા આતબીન તેની ચાકરી કરતો હતો.

શેહેરો અને મેહેલો તથા લડાઈઓની ઘણી વાત છોકરાઓએ પોતાના આ નામના બાપને મોહોડે સાંભલી હતી. તેથી તાંહાં જવાની અને સઘલું નજરે જોવાની તેઓને કુદરતી ખાહેશ થતી હતી. એક બોલતો હતો કે "બાવા જો એકાંત જીંદગી ગુજારવામાં સુખ હોએતો તમોને આ ગોફાની જીંદગી સારી લાગતી હશે. પણ હમે તદન નવા, તદન અનજાંના હોવાથી ભરપુર શેહેરની રચનાનો પણ સવાદ લેવાને હમોને શોખ થાએછે." આ વાતને બીજો છોકરો ટેકો આપતો હતો. "બાવા તમે જારે બુઢા થએઆછો તારે તમારી જુવાંનીના દમાંમ તથા દોરની વાતો કરોછો; પણ જારે હમે ઘરડા થઈશું તારે હમે જુવાંનીમાં કાંઈ નહી જોવાથી શું વાતો કરીશું!" એ રીતે આ છોકરાઓના દીલમાં ગોએઆ પાદશાહી લોહી ઉકલતું હતું.

ગરીબ બીચારા છોકરાઓ! તેઓ જાંણતા નહી હતા કે તેઓ તાજના ઉડાવનારા શાહાજાદા હતા. ગોલશેહેરને ખબર નહી હતી કે તેઓ તેના સગા ભાઈઓ હતા અને તેમજ આ ભાઈઓ પોતાની બેહેન જે છોકરાના લેબાસમાં આવી હતી તેને પીછાનતા નહી હતા. પણ ખોદાનું કરવું. માટે તરંણે જણ એકઠાતો થએઆં હતાં!

---

## પરકરણ દસમું.

## પશંગની પંચાતી.

પેલો બેવકુફ શાહાજાદો પશંગતો મેહેલમાં બલી જલીને ગોએઆ કવાબ બનતો હતો. ગોલશેહેર સાથ પરણવાનેતો તે એક પગે તઈઆર હતો અને વલી તે છોકરીએ તેને માટે રાખેલા ધીકારનું તે વેર લેવાનો હતો પણ તેવામાં તે મેહેલમાંથી જતી રહી માટે તેને મોટો ફફરાટ લાગો હતો. તે પેલા બુઢા પીલસુમની વાત જોતો હતો. પશંગની ખાતરી હતી કે ગોલશેહેર કાંહાં ગઈછે તેની સઘલી ખબર પીલસુમ જાંણતો હશે. એટલા માટે તે નીમખહલાલ ચાકર પોતાની શેઠાંણીને કીરમાંનનાં જંગલમાં મરદનાં લેબાસમાં સલાંમત મેલીને જેવો રાજાનાં મેહેલમાં પાછો આવીઓ તેવો પશંગ તેની પુઠે ગએઓ અને બુમ પાડી કે "ઉભો રેહેરે—તું નાંહાંસેછે કાંહાં?"

પીલસુમે પશંગની મતલબ સમજી જઈને ઉભો રહી પુછીઉં કે "કેમ સાહેબ કાંઈ ફરમાસ?" આ ચાકરેતો બનતાં સુધી અનજાણપણું બતલાવાનો ઠરાવ કીધો હતો.

પશંગ—તારી બાઈ કાંહાંછે?

પીલસુમ—બાઈ—સાહેબ—કીઆં બાઈ?

પશંગ—તારી શેઠાંણી—ગોલશેહેર—તે કાંહાંછે?

પીલસુમ—પણ સાહેબ મને બીહીવારોછો કાંએ? આસતેથી પુછોની.

પશંગ—અરે આસતે શું? નાપાક તું હવે મારી આગલથી જીવતો જવાનો નથી. અતર ઘડી સાચું બોલ કે શાહાજાદી ગોલશેહેર કાંહાંછે નહીતો કે આ તારી ગરદન તારા દીલથી છુટી પડશે.

એટલું કહી પશંગે પીલસુમને બોચીમાંથી પકડીઓ. પીલસુમ બનતાં સુધી વાત ઉડાવતો હતો. તે બીહીતો હોએ તેમ બોલીઓ કે "અરે શેઠ! શેઠ! હું ગરીબ માણસ! હું બુઢો, મને ના મારો."

પશંગ—ચંડાલ એ બધાં તારાં કારસતાન. તું તે બાંનુંને કેથે મેલી આવીઓછે.

પીલશુમ—અરે સાહેબ કેઇ બાંનુ ને કાંહાં મેલી આવીઓ? મારા શેઠાંણી કાંહાં ગીઆં તે તમે તેનાં ભાઈ વધારે જાંણો. હું ચાકર આદમી શું જાંણું?

પશંગ—તારે તું આજે આખો દાહાડો કાંહાં હુતો.

પીલશુમ—અરે સાહેબ અતરઘડી મારે ઘરથી ચાલીઓ આવીઓ.

પશંગ—નાં, નાં, નાં—જો! મને ઘણો ગુશો ચહડીઓ છે. હું હમણાં ખુનાંમરકી કરી નાંખશ, નહીતો સાચું બોલ.

પશંગે કાંઈ અમથી આ ખાલી ધમકી નહીં આપી, પણ તલવારબી ખેંચી અને પીલસુમ તતકાલ મોહોતની ધાસતીમાં આવી ગએઓ. માટે તેણે ખરી વાત કેહેવાને વધારે આનાંકાંની કીધી નહી. "જુવો સાહેબ મારાં શેઠાંણી હમણાં કાંહાંછે તે હું જાંણતો નથી. પણ જો તમુને જવુ હોએતો કીરમાંન તરફ જાવો કેમકે તાંહાં તેવણનાં વર આવવાના હતા એટલુ હું જાંણુ છઉં અને બાંનુ ગોલશેહેર કદાચ તેવણને મલવા સારૂ ગએઆં હશે."

આ વાત પશંગને ખરી લાગી. પીલસુમ વીચારતો હતો કે એકબારગી આ બેવકુફ શાહાજાદો તેની શેઠાંણીની પુઠે જશેતો કાંઈ ચીંતા નથી, કેમકે તે તેને મલવાની નથી અને જો મલશેતો તેના મરદનાં લેબાસને લીધે તેને પશંગ ઓલખવાનો નથી. એટલા માટે ઉપલો ખોલાસો કીધાથી પીલસુમ મોહોતમાંથી બચીઓ.

પશંગેતો તરત ગોલશેહેરની પછવાડે જવાનો ઠરાવ કીધો. અને તબી વલી મનોચેહેરનાં લેબાશમાં તે ઓરતની પુઠે જઈ તેને રસતામાં પકડીને ઠગવા ધારીઉ. પીલસુમે તેને દબરાવા માટે જારે કહેઉ કે મનોચેહેરતો તાંહાં આવેલોછે તોબી

આ શખસે જવાની હીમત કીધી તે એવા વીચારથી કે મનો ચેહેરને મારીને હું ગોલશેહેરને પકડી લાવશ.

માટે પશંગે વલી મોહોતની ધાસતી આપી મનોચેહે રનો એક પુરાંણો પોશાક મંગાવીઓ જે પોતાના દીલ ઉપ ર નાંખીને એ હુલર રાજવંઉસી કોઈનીબી રજા લીધા વગ ર એકદમ નીકલી પડીઓ. એ વાતની જારે તેની માંને ખબર થઈ તારે તે મોટા ધબરાટમાં પડી અને પોતાના આ છોકરાને એટલીતો ચાહાતી હતી કે એકદમ આજારી થઈ પડી.

શું પશંગ પોતાની મતલબમાં ફાવશે?

ગોલશેહેરતો આતબીનના ગોફામાં નવી જીની થઈ ગ ઈ હતી. તાંહાં રાત ગુજારવા પછે જાંહાંબખશ અને શાવ ખશ એ બંધે છોકરાઓએ તેને અરજ કીધી કે ગોફા મધે તેણે એકુ બે વધારે દાહાડા રેહેવું અને તે અરજને તેઓ નાં પીઆરા દારા (ગોલશેહેરે) બાહાલ રાખી હતી. પણ તો બી તેઓ આ પહરોણાને જરાબી મેહેનત આપવાને રાજી નહી હતા. સહવાર પડવા પછે જારે આ છોકરાઓ પો તાનાં "બાપ" સાથે શેકાર કરવા ગએઆ તારે ગોલશેહેરને પોતાની સાથે લેઈ ગએઆ નહી હતા, કેમકે તેઓને મનસે એ "નાંજુક છોકરાને વધારે થાક ચહડશે તથા તે હેરાંન થ શે." તેઓ તેને સોહોવાએ એટલાં માંટે વજંતરો ઈ તીઆદી આપીને તાંહાંજ રાખી આવીઆ તથા જંગલ તર ફ વાત કરતા ચાલીઆ.

પણ આગલ ચાલતાં શાહાજાદો પશંગ તેઓને સાંમો મલીઓ. તે પોતાની માંશુક ગોલશેહેર નહી મલવાને લીધે ઘણો ખીજવાએલો હતો અને તેવામાં વલી તેઓને આ અ પરખંદા સરખા શખસો મલવાથી તેનાં લેપરા લેવાએઆં હ તાં. અલબતાં આ છોકરાઓ તેને ઓલખી શકીઆ નહી પણ બુઢો આતબીન તેને પીછાંણતો હતો અને તેને આ જં ગલમાં જોઈને તે બીહીવા લાગો કે રાજાનો રસાલો રખે તાંહાં કોઈ કાંમસર આવેલો હોએ. જો તેમ હોએતો આત બીન તથા આ છોકરાઓને પકડાઈ જવાની ધાસતી હતી અને તેટલા માંટે તે શીઆવખશને લઈને આસપાસ એ વીશેની ખોલ કરવા ગએઓ.

વહો ભાઈ જાંહાંબખશ પશંગને જોતો ઉભો રહેઓ. પશંગ પોતાને મનસે એટલો મગરૂર હતો અને પોતાની આશા ભંગ થવાથી એવો ગુસામાં હતો કે તે ધસીઓ જાં હાંબખશ ઉપર ખાર કાહાડવા આવીઓ. તે બોલીઓ કે "છોકરા આ હદથી મને જોઈને કોણુ જતા રહેઆ? એ કોઈ પીનડારાઓ હશે. તુંબી શું તેઓમાંનોછે?" આ સ વાલનો જીહાંબખશે જવાબ આપવાને બદલે હસી કાહાડી ઓ જેથી પશંગ વધારે ખીજવાએઓ અને ફરીથી પુછીઉં કે "ગોલાંમ, તું કોણછે?"

જાંહાંબખશ—ગોલાંમ પોતે હોવા વીનાં કોઈ આવો સવાલ પુછે નહી અને તેવા ગોલાંમને જવાબ આપવાનું હું માંન ભરેલું સમજતો નથી.

પશંગ—અરે નાદાંન છોકરા! તું એટલી બધી પતરા જી નાં કર. ખચીત તું હીઆંનો કોઈ રાહામારૂછે, પણ બચા આજે મારે હાથ ફસીઓછે.

જાંહાંબખશ—ચાહે શું પીએછે? તારા જેવડો મો ટો હાથ ખોદાએ મનેબી આપેલોછે, અને તારાં કરતાં મોટી છાતી મારામાંછે. તારી ચેંચી ખચીત વધારેછે, પણ એજ તારી તલવારછે, અને સઘલા હીચકારાઓ એથી બીજી તલ વાર રખી જાંણતા નથી.

પશંગ—અરે મોહોતે ઘેરેલા તું મને ઓલખતો ન થી? મારા કપડાં જો.

જાંહાંબખશ—જોએઆં. જેહેરી સાંપની ચાંમડી ઘ ણી રંગત હોએછે. અતીઆરથીતો તારા પગ ધ્રુજેછે. જા હું તુંને જતો મેલું છઉ. ભાઈ તારૂં નાંમ શું?

પશંગ—છોકરા મારૂ નાંમ સાંભલીને તું બેહોશ થશે.

જાંહાંબખશ—ઓ! હો! એટલું બધું. તારેતો બો લની વારૂ જોઉ?

પશંગ—મારૂં નાંમ પશંગ, અને રાંણીનો છોકરો છઉં.

જાંહાંબખશ—તારેતો હું વધારે દલગીર છઉં, કે ગા એને પેટે તું વાછરડો અવતરીઓ.

આ શુખનો પશંગથી ખમાએઆ નહી. તે લડાઈમાં ઉતરીઓ, પણ કાંહાં જાંહાંબખશ અને કાંહાં પશંગ! પશં ગ દારૂનાં લખ, મોજ અને બદીઓને લીધે નબલો તથા લુ લો થઈ ગએલો હતો. જાંહાંબખશ ખીલતો, ઉઘરતો અ ને ખાલેશ છોકરો હતો. માંટે અલબતાં તે જીહીતવો જોઈ એ. પશંગે જારે છેડતી શોધી અને તેનાં ઉપર ધસારો કી ધો તારે પોતાનો બચાવ કરતાં જાંહાંબખશે તેનીજ તલવારે તેના ધર ઉપરથી દોકાંને છુટું કીધું.

પણ આ કાંમ જાંહાંબખશનાં મુરબીએ પસંદ કીધું નહી. તેણે આવતાને વાર કહેઉં કે "છોકરા તેં એક શાહાજાદાને મા રીઓછે એ કાંઈ નાંહાંનું સુનું કાંમ નથી થએઉં. જો રાજા જાંણશેતો આખાં જંગલે શોધ કરાવશે અને આ આપણો ગોફો સઘલો ઉખેડી નાંખી આપણુને ખુવાર કરશે." જાંહાં બખશે પશંગ સાથની લડાઈની સરવે હકીકત કહી. તેણે પુછીઉં કે "શું હું એ જંગલી જેવાં આદમીનાં સઘલા અપમાંન ખમું. સા માંટે? શું ખોદાએ મને હાથ નથી આપીઆ કે એક નીચ શાહાજાદાના હોમલાનો હું અટકા વ નહી કરૂ?"

આ ભાંજગડમાં દાહાડો પુરો થવા આવીઓ અને તે દીવસનો શેકારતો બીલકુલ થએઓ નહી. માંટે આ તરડે જણ દલગીર થએઆ. એકતો ઘરમાં પહરોણો આવેલો, બી જુતો તે બીચારો થાકેલો અને નાંજુક, તેજ દાહાડે આ છોકરાઓએ બપોર પડવા છતાં કાંઈ ખાવાનું મેલવીઉં ન હી એ વાત જારે તેઓને ઇઆદ આવી તારે તેઓ વીચાર માં પડીઆ, પણ તેઓની કાંઈ તકસીર નહી હતી. જારે આવી અડચણ આવી નડી તારે તેઓ શું કરે? તોપણ આ તબીનનાં હોકમથી નાંહાંનો ભાઈ શીઆવખશ પહરોણાં દા રા (ગોલશેહેર) સોડે માંફ માંગવાને ગોફામાં ગએઓ.

ગોફામાંતો એક ભએંકાર દેખાવ તેની નજરે પ ડીઓ. તેઓનો પહરોણોતો તાંહાં સુવેલો પડેલો હતો! ગો લશેહેર લાંબી થઈને જમીન ઉપર સુતી હતી. શીઆવખ શ ધબરાટમાં તેની પાસે ગએઓ. તેની નાડ તપાસી, પ ણ નાંડી બંધ પડેલી હતી. છાતીનો દમ બંધાઈ ગએઓ તેહો. ચેહેરા ઉપરનું લોહી સુકાએલું હતું. ટુંકમાં આ છો

કરાનો નવો દોસત દારાં (ગોલશેહેર) નો લોથ મુવેલી મલી આવી હતી.

આ દેખાવ નહી જોવાઈ શકાવાથી શીઆવખસ મોટી ચીચારી પાડતો ગોલશેહેરને પોતાની ખાંધ ઉપર માંરીને બાહેર આવીઓ. તાંહાં તેનો બીજો ભાઈ તથા આતબીન તેને આવી હાલતમાં જોઈને મોટા ધબરાટમાં પડીઆ. આ બંને છોકરાઓતો ફોક્ મુકીને રડવા લાગા. "દારા! દારા! દોસત દારા ઉઠ હમોને જવાબ દે, હમારી રડતી આંખોના આંસુ લુછ! હમારી ફાતેલી છાતીનો ઘા રૂજવ" એવી રીતે તેઓ ગમ કરવા લાગા. તેને આવી હાલતમાં જોઈને આતબીન સરખા સરદારની કઠણ છાતી પણ પીગલી ગઈ, જેથી તે બોલીઓ કે "અફસોસ ઓ શુંદર છોકરા! બે દાહાડાની જીંદગીને વાસતે તેં આ ગોફામાં વાસો કીધો."

વાંચનારી બાનુઓએ જાંણવુ કે ગોલશેહેર કાંઈ ખરેખર મુવેલી નહી હતી. તેતો માંતર બેસુધ થઈ હતી અને તે પેલી દવાની અસરથી થઈ હતી, જે દવા રાંણીએ તેનાં ચાકર પીલસુમને જેહેર સમજીને આપી હતી તથા જે દવા પીલસુમે પોતાની શેઠાંણીને હવાલે કીધી હતી. જારે આતબીનને તથા બે છોકરાઓને શેકારગાહાથી ગોફામાં આવતાં ઘણોવાર લાગો અને તેથી જારે ભુખે કરીને ગોલશેહેરનુ માથુ ફરવા લાગુ તારે તેણે આસાએસ મેલવવાની ધારણાથી આ દવા લીધી હતી અને તુરત તે બેસુધ થઈ હતી.

આ બેસુધીને આતબીન તથા તેના છોકરાઓ મોહોત સમજીઆ. તેઓના હાથ આગલ એકતો શાહાજાદા પશંગની લાસ પડેલી હતી તેવામાં આ બીજી લાસનુ શું કરવુ તેનો તેઓ અંદેશો કરવા લાગા. પશંગનાં દોકાંનેતો આતબીને એક તલાવમાં નાંખી દીધુ અને તારબાદ ઘણો ગમ તથા રૂદન કરીને ગોલશેહેરને એક દુરનાં મેદાંનમાં જાહાડના છાએઆ તલે મેલી આવીઆ. તેનીજ પાસે તેઓએ પશંગનાં દોકાં વગરની લાસને પણ સુવાડી અને એ રીતે સાંજ પડી તારે ઘણાં ગમગીન ચેહેરે પોતાના ગોફામાં જઈ તેઓએ અપવાસમાં રાત ગુજારી.

પેલી ગમથી પશંગની આગલ બેસુધ થએલી ગોલશેહેર કેટલોકવાર પડી રેહેવા પછે તે સુધીમાં આવી. તે ગોએ આ ભરઉંઘમાંથી ઉઠી હોએ એવુ તેને લાગુ હતુ. ઉઠતાંવાર તરત તેણે પશંગનાં ધરને જોએઉ નહી હતુ. તે આંખ ચોલવા અને હીઆં કેમ આવી તેનો વીચાર કરવા લાગી. તેને તુરત પોતાનો મનોચેહેર ઈઆદ આવીઓ અને તેને મલવા માટે મદાએન જવા સારૂં જેવી તે ઉઠવા જતી હતી તેવીજ તેની નજર પોતાની પડોસની દોકાં વગરની લાસ ઉપર પડી. અરે! તે લાસ કાંહાંથી આવી! તેનુ દોકુ કાંહાં ગએઉ? ગોલશેહેર તેને ઓલખે કાંહાંથી? પણ તે લાસના દીલમાંતો તેના વાહાલા મનોચેહેરનો પોશાક હતો. ડગલો, સુરવાલ, સઉ મનોચેહેરનુ હતુ. હાથ અને પગબી મનોચેહેરના જેટલાજ લાંબા હતા. તારે તે મનોચેહેર નહીતો બીજુ કોણ? એ વીચારથી ગોલશેહેર ફોકેફોક રડવા લાગી. તે બુમો પાડીને પોતાના બાલ પીંખવા લાગી અને મનોચેહેરનુ ખુન કરનારાઓને સરાપ તથા કડવા દેવા લાગી. તેને ખબર નહી હતી કે તે પશંગની લાસ હતી, પણ મનોચેહેરને સમજીને તે રડવા લાગી કે—"વાહાલા ભરથાર જોકે તેં મને બેવફા ગણી હતી તોપણ મારો સઘલો પીઆર તું ઉપર હતો! પણ હવે જારે તું મુઓછે તારે હું જીવીને શું કરશ."

ગોલશેહેર છોકરાના લેબાસમાં બેસીને આ રીતનો ગમ કરતી હતી તેવામાં મદાએનનો એલચી તાંહાં આવી પુગો.

---

# દુનીઆંનો મુસાફર.

## પત્ર ૧૫



પીઆરાં બેહેન,

જેમ ઈંગલંડ તેમજ સકાટલંડ, જાંહાંનો હેવાલ હાલ હું લખું છંઉ, તે ઘણાક પરખેચાત સાહેરોની જનમ ભુમીછે. ઊપલું ચીતર એવા એક કવેશવર અથવા સાહેરનું છે. તેઓ પોતાના દેશ તરફ ચોકસ કાંમ બજાવી ગએઆછે અને ઈંગરેજી ભાશા જે આજે આટલી બધી માતબર અને મોતેબર ગણાએછે તેને તેવી સમપુરણ હાલત ઊપર લાવવામાં એ કવીરાજોએ સઊથી મોટો ભાગ લીધોછે. એવા જે પનોતા પુતો સકાટલંડમાં નામ મેલવી ગએચાછે તેઓમાં બરનસ, કેમપબેલ અને હાગ નામના કવીઓ ઘણા નામીચાછે અને સર વાલટર સકાટ નામનો એક સાહેર જેણે પોતાની સાહેરી ભરેલી ચોપડીઓ છાપવા પછે નાણાનું ઘણું મોટું દેવું અદા કરેલું કેહેવાએછે તે માહા પુરશની જનમભુમી દાખલ પણ સકાટલંડ દેશ મગરૂરછે.

કદાચ તમે કેહેશો કે મારી મુસાફરીના બેઆન સાથ ઊપલી બાબદને કાંઈ સંબંધ નથી, પણ બેહેન તેના ખોલાસાને માટે મારે જણાવવું જોઈએછે કે ઊપલા વીચારો સકાટલંડ દેશના માહેલા ભાગો ખાતે ફરવા પછે મારા મનમા ઊતપંત થએઆછે. ખરેખર એ દેશનો કેટલોક ભાગ એવોતો રસીલો અને નાદર છે, કુદરતની કલમે તાંહાંના એક કરતાં એક સરસ દેખાવો ચીતારવામાં એવીતો કારીગરી બતાવીછે કે તેવી જગામાં સાહેરોને પોતાની મનશકતી ખીલવવાને પુરતું ખેતર મલે તેની કાંઈ નવાઈ નથી. પાંણીના

મોટા સરોવરો લીલોતરી ભરેલી જમીન ઊપર ચાદરની મીસાલે ઘણા વીસતાર સુધી પંથરાઈ રહેઆછે, અને સકાટલંડનો એવો દરેક સરોવર ચોકસ રચણા ધરાવેછે. તેઓની આસપાસના પાહાડો અને તેમની પાછલનો દુરનો દેખાવ આંખને ઠંડક આપેછે, અને અગત કરીને લોકલોમંડ નામના સરોવર તરફ ઘણા મુસાફરો આવી જાએછે. તે ઊપરાંત સકાટલંડમાં બીજા કુદરતી તલેસમાંતોછે. જેમકે કલાઈડ અને ફોએઅરસ નદીના ધોત જોવાલાએકછે. એમાંનો છેલો ધોત વરસાદના દાહાહા ડુંગરની એક સાંકડી ફાટને રસતે ૨૦૦ ફીટની ઊંચાઈએથી જોસમા પડેછે અને તે રલીઆંમણું દીસેછે. વલી "સટાફાનું ટાપુ" તથા "ફીંગાલના ગોફા" માં કુદરતી હાથથી ખડક ગધે હારેદાર થાંબ થએઆછે અને છેલા ગોફામાં જારે દરીઆના મોજા વેહેછે તારે એવો અવાજ થાએછે કે તેને કેટલાકો "ગાએણનો ગોફો" કરી પણ કેહેછે. મારી કેહેવાની મતલબ એછે કે આવાં એક દેશમાં જારે કેલવણી ફેલાવો પાંમેલી હોએ તારે સાહેરો પોતાની શકતીને સઊથી સરસ રીતે નહી કાંએ દેખાડે? કેમકે તેઓને એકાંત જગા અને કુદરતની રચણા (ઊપલા ચીતરમાં દેખાડીઊંછે તેમ) ઘણું મન ભાવતુંછે.

સકાટલંડના લોકોની કેલવણી વીશે બોલતાં તાંહાં તે સંબંધી જે ગોઠવણો કીધેલીછે તેનો થોડોક હેવાલ આપું છેઊં. હીંઆં પાંચ મોટાં શેહેરોમાં પાંચ "ઈઊનીવરસીટી" અથવા મોટી મદરેસાઓ કાહાડેલી છે, જાંહાં ઘણાજ વીદવાન ઊસતાદો જુદી જુદી બાબદો શીખાડવાને રાખેલાછે. તે મદરેસામાં શીખનારાઓને ઘણી ચહડને દરજેની કેલવણી આપવામાં આવેછે, અને તેઓને ચહડતી પદવીઓ મલેછે, જે પદવીઓ તેઓના નામ સાથ હમેસાં જોડાએછે અને તે પરમાણે તેઓને પરજામાં માન મલેછે. પણ આ ચહડતી કેલવણી ઊપરાંત પરજાનાં તમામ લોકોને સાધારણ ગનેઆન મલે એટલા માટે રાજની તરફથી એવો કાએદો કીધેલોછે કે દરએક જમીનદારે પોતાના પરાંતમાં એકેક ઈસકુલ કાહાડવી અને તેમાં પોતાને ખરચે શીખસક રાખવો. તે સાથે વલી દરએક ગાંમના કોટવાલને એકેક ચહડતી શાલા કાહાડવાની રાજનો કાએદો ફરજ પાડેછે. સકાટલંડના લોકોની વસતી તપાસતાં તાંહાં ગરીબ માણસોને કેલવણી આપવાને જેટલાં બધાં ખાતાંછે તેટલાં ઈંગલંડમાં પણ નહી હશે. એ કેલવણી ખાતાંઓમાંના કેટલાંક ધરમની કેલવણી આપવાનાજછે. સકાટ લોકો ધરમ ઊપર અતીઘણા ચુસતછે અને દુનીઆંના જુદા જુદા ભાગો ઊપર ખરીસતી ધરમના ફેલાવાને માટે પાદરીઓ મોકલવાનો જે મોટો ખરચ ચાલેછે તેમાં વધતો ભાગ સકાટલંડ લીએછે.

જેમ કેલવણીનો તેમ બીજી બધી બાબદનો હીંઆં સારો બંદોબસતછે. દાખલા તરીકે ખેતીવાડી લઈએ. સકાટલંડની જે જગાઓ ખેતીવાડીને લાએકછે તેમાં સુધરેલી કલા તથા સાંચાઓથી ખેતીવાડી ચાલેછે. અલબતાં તે ખરચનું કાંમછે પણ એ ખેતરના ધણીઓ તે ખરચ આપવાને સાંમરથવાનછે. તે "લારડ" અને "અરલ" સરખાઓના ખેતર હોએછે. "લારડ" અને "અરલ" એ ચોકસ ઊમરાવોના ખેતાબછે. એ ખેતાબો લાએક માણસોને કાંઈ સારા ગુણ અથવા ભલાં કાંમોના બદલામાં રાજની તરફથી મલેછે. એ ખેતાબ વંશપરમપરા મલેછે, અને તે ખેતાબ ધરાવનારાઓ જેમ ઘણા માતબર તેમજ ઘણા શીખેલા અને રાજ દરબારે બેસનારા હોએછે. તેઓ મોટી મોટી ૫૦ થી ૫૦૦૦ એકર સુધીની જમીનોને પોતાની મીલકત દાખલ રાખીને તે ઊપર ખેતીવાડી કરાવેછે અને એ રીતે પોતે તથા દેશને આબાદાંની ઊપર લાવીસકેછે. સકાટલંડમાં



એવા આસરે ૮૦૦૦ જમીનદારોછે. ખેતરો ઊપરાંત સકાટલંડમાં કેટલાંક મોટાં જંગલોછે, અને ઘણીક ખાલી જગા શેકારને માટે રાખેલીછે જાંહાં મુખીઅ કરીને આ જાતના હરણની વસતી શેકારીઓની ગમત અને શોખને ખાતર વસાવેલી હોએછે.

કારખાંના અને વેપારની બાબદમાં સકાટલંડ ઈંગલંડ કરતાં ઊતરતુંછે. એડીનબરો શેહેર સકાટલંડનું પાએતખતછે. ગલાસગો નામનું શેહેર, જેમાં ચાર લાખ માણસોની વસતીછે તથા પેસલી નામના શેહેરમાં દર વરસે પાંચ કરોડ રૂપીઆના રૂની વણત થાએછે. હારવીક અને આબરડીન નામના શેહેરો ઊંનના કારખાંનાઓને માટે પરખીઆતછે; મીડલોદીઅન અને ફાઈફ ખાતે કાગલના નામીચાં કારખાંનાંછે. લાંનાર

ક શેહેર લોહોડાંનાં સાંચાઓ બનાવવાની મુખીઅ જગા છે અને કલાઈડ ખાતેની લોહોડાંનાં વાંહાંણો બાંધવાની કેટલીક ગોડીઓ ઘણી નાંમીચીછે. એક બીનાં જાંણવા જોગછે. ઈંગલંડનાં લોકોમાં વાઈન, એલ, તથા બીર દારૂનો સારો ખપછે. પણ આખાં સકાટલંડમાં જે પીઠાં ઈઆ પોંહાંચખાંનાં જોશો તાંહાં વીશકી નાંમનોજ દારૂ મલવાનો અને તેથી ઈંગલંડનાં રેહેવાસીઓને કેટલીકવાર પોતાના ગાંમનો દારૂ મેલવતાં મુસકેલ પડેછે. સકાટલંડમાં દર વરસે ૬૦ લાખ ગેઆલન વીશકી દારૂ બનેછે ! હીઆં હું સકાટલંડનાં હેવાલને બંધ કરૂં છઉં.

આએરલાંડનું ટાપુ સકાટલંડની પડોસમાંજ આવીઉંછે અને તે પણ ઈંગલંડની રાંણીનાં તાબામાંછે. ઈંગલંડ અને સકાટલંડ સાથે મલવાથી એક ટાપુ થાએછે, જેનું એક નાંમ ગરેટ બરીટનછે તથા આએરલાંડ એક નાંહાંનાં સમુદરથી છુટું પડીઉંછે, તે સુધાં વેલાતનું રાજ કેહેવાએછે. એ સમુદરનુ નાંમ "આઈરીશ ચાંનલ" કરીનેછે; તે આએરલાંડની ઊગમણ દસાએછે તથા તેનો બાકીનો ભાગ આટલાંનટીક માહાસાગરે કરી ઘેરાવાએછે. એ ટાપુ ૩૦૦ માઈલ લાંબું અને ૨૦૦ માઈલ પોહાલુંછે. સને ૧૮૫૧ ની ગણતરી પરમાંણે આએરલાંડમાં ૧૦૪૭૭૩૫ ઘરો મધે ૩૧૭૬૭૨૭ મરદો તથા ૩૩૭૯૦૬૯ ઓરતોની વસતી હતી.

આએરલાંડની જમીન સકાટલંડનાં જેવી ઘણી પાહાડી અને કઢંગી નથી. તેમાં થોડાક પાહાડોછે, પણ તે નાંહાંનાં અને થોડા વીસતારનાંછે. હીઆંની હવા સીતલ અને મંનપસંદછે. તેની જમીન ઘણી ફલવંતછે. પાહાડો ઊપર પણ ખેતીવાદી ચાલેછે. ૩ લાખથી વધારે એકર જમીન ઊપર પુશકલ પાક થાએછે. જમીનની ભીતરમાંથી સંગેમરમર અને બીજા ફતરો, સલેટ,.મટોડી, કોલસો અને થોડુંક જહવેરાત મલેછે. આએરલાંડમાં ધાતુઓનો સઊથી વધતાંમાં વધતો જથો લોહાડાંનોછે. તેથી ઊતરતો ભાગ સીસાંનો અને થોડી થોડી સુનાં તથા રૂપાંની ખાંનોનો જોવામાં આવેછે. આએરલાંડમાં ઘરઘતુ ઢોરોની સારી વસતીછે. પણ જંગલી પરાંણીઓ નાંમે નાબુદ થએઆંછે. કોહાલું અથવા શીઆલ જે કોઈ કોઈ ઠેકાં



ણે મલેછે, તેથી ચહડતે દરજેનાં જંગલી તથા માસ ખાનારાં ઢોરોની અગાઊ એ ટાપુમાં વસતી હતી તે એટલા સુધી કે હાથી સરખાં પરાંણીઓની પણ તાંહાં હસતી ધારવામાં આવેછે. વખતનાં ફેર સાથ તેઓ નાંબુદ થએઆંછે અને સાંપની જાત વટીક હીઆં ઘણી કમછે.

આએરલાંડનાં લોકોની હાલત કાંઈ ઘણી સારી નથી. હીંઆં પણ રૂનાં, કાચ બનાવવાનાં, રેસમ વણવાનાં અને બીજાં થોડાંક કારખાંનાંછે તથા ઈંગલંડ અને બીજાં દેશો સાથે થોડો ઘણો વેપાર ચાલેછે. પણ લોકોની સથીતી આબાદાંનીથી વેગલીછે. પરજાનો મુખીઅ ભાગ ખેતીવાદી ઊપર આધાર રાખેછે, પણ તે ખેતીવાદી ઘણી હલકી કીસમનીછે. ખેતરો ઘણાં નાંહાંનાં અને જમીન થોડા થોડા કટકાઓમાં વેંહેંચાએલીછે. ખેતીવાડીનાં હથીઆરોબી જેવાં તેવાં ચાલેછે. આઈરીસ લોકોનો મુખીઅ ખોરાક પટેટાછે અથવા જો એમ કહીએ કે તેઓ પટેટા ખાઈને જીવેછેતો તે ખરી વાતછે; કેમકે જારે એ પાક ખરાબ થાએછે તારે આ ટાપુમાં મોટો દુકાલ પડેછે અને ઘણા માણસો મરણ પાંમેછે. કેલવણીમાં તેઓ ઘણાં પછાતછે અને તેથી તેઓ



વેહેમી, ફીતુરી અને કજીઆખોરછે. આ એક કજીઆખોર સ્રીનું ચીતરછે અને એવી મેહેનતુ પણ આકલી અને અગનાંન ઓરતો તેમજ થોડી સુધરાઈ ધરાવનારા મરદો આઈરીશ કબીલાઓમાંથી મલી આવેછે. અલબતાં આ લોકો વાંચવા લખતાં શીખેલાછે પણ તેમાં કાંઈ કેલવણી આવી ચુકી નથી. આઈરીશો ઈંગલંડનાં લોકોથી જુદી રીતે ધરમ પાલેછે. તે ખરીસતી ધરમજછે

પણ ફરક એછે કે આઈરીશો રોમ શેહરનાં પોપ નાં મનાં વડા ધરમગુરૂને તાબેછે, જેઓ આગલા વખત થી ધરમને બ્હાંને લોકો ઊપર મોટો દોર ચલાવતાં આવીઆછે. ઈંગલંડનાં રેહવાસીઓ તે ધરમગુરૂના જુલમમાંથી છુટા થએઆછે, પણ આઈરીસો હજુર તેમાં રહેલાછે અને ઘણી વેહમ બરેલી કીરીઆઓ થી પોતાનાં પેગાંમબરની માંણતા કરેછે.

હવે બેહેન, વેલાત ખાતેની મારી મુસાફરી મેં પુરી કીધાથી ઈંગલંડ પાછો જઈ ઈઊરોપખંડ તરફ હું ફરવા નીકલનાર છઊં, માટે આવતાં કાગજમાં હાલૂંડ દેશનું થોડું બેઆંન તમોને લખી જણાવશ. તેટલાં નાંહાંનાં ભાઈની રમુજને ખાતર આ કાગજને છેડે એક ગરીબ ખેડુતની બાએડી પોતાનાં ધણીનાં ઢોરનો ઊપીઓગ કેમ કરેછે તેનું એક નાહાનું ચીતર ભેટ કરવાની રજા લઊં છઊં, એજ અરજ.



હું છઊં તમારો
**વાહાલો ભાઈ.**

## શરીરમાંના કીડાઓ—વારાનું દરદ.

માણસના બદનમાં રેહઠાંણ કરનારા કરમની જાતના કીડાઓનું તથા તેઓથી થતાં દુખનું કેટલુક બેઆન હમે ગઈ વેલા આપીઊં હતું. હાલ વારાના દરદ ઊપર ધેઆંન પોંહોંચાડીએ છઈએ. કેટલીક વાંચનારી બાંનુઓ જાણતી હશે કે જેને આપણા લોકો વારો કરીને કેહેછે તેખી શરીર માહેલા કીડાઓની એક જાતછે. તેથી માણસને કોઈ કોઈવાર નહી ખમાએ એવું દુખ થાએછે, પણ વઈદક શાશતરે તે દુખના કારણો તથા ઊપાએઓની સારી શોધ કીધીછે.

વારાની જાતનો કીડો લાંબો, પાતલો અને ગોલ હોએછે તથા તંબોરા ઊપરના ઘોડાના બાલ સરખો દીસેછે. તેની લંબાઈ પાંચ અથવા છ ઈંચથી છેક દસ અથવા બાર ફુટ ઈઆને હડીથી તરણ વાર સુધીની હોએછે. એ કીડો ઘણું કરીને માણસના નીચલા ભાગ જેવાકે પગ, ગુંતી અથવા જાંગમાં રેહથાન કરેછે, પણ કોઈવાર ખાનગી ભાગો આગલ, પેટની તરફ, હાથમાં, આંખની હેકલ અને બીજી જગાઓમાંથી પણ નીકલેછે. કોઈ વખત તે એખલો હોએછે, પણ કોઈ વખત તેમનો જુખંડો થઈ રેહેછે અથવા એક પછે એક નીકલી આવેછે. એક ડાકટર માંરૂડરીને એક પછે એક અઠાવીસ વારા નીકલીઆ હતા.

આ કીડાઓનો ઊપદરવ મુખીએ કરીને ગરમ દેશમાં ઘણોછે. એશીઆ અને આફરીકાખંડોમાં વારાનું દરદ ઘણું સાધારણ અને શખત થઈ લાગુંછે. ગીનીઆના કીસટા ઊપર પણ લોકોને તે હેરાણ કરેછે અને તે ઊપરથી વારાને ઈગરેજીમાં "ગીની વરમ" અથવા ગીનીનો કીડો કરીને કેહેછે. કોઈવાર વારાનું દરદ લોકોને એક વખતે થઈ આવેછે અને એ કીડા ઘણા જણને સાથે હેરાંણ કરેછે તેની કીમતી નોધો મલી આવેછે. સર જેમસ એમગરેગર મુંબઈને લગતી કેટલીક હકીકત આપી ગએઓછે. સને ૧૭૯૯ ના સપટેમબર મહીનામાં એક (૮૬ મી) પલટણ મુંબઈની બરાખમાં રહી હતી. સને ૧૮૦૦ માં ચોમાંસું બેઠા પછે એ પલટણમાં એકાએક વારાના દરદે દેખાવ દીધો અને ૩૦૦ માણસો તેથી દરદી થઈ પડીઆં, તે ઊપરથી તે પલટણને મુંબઈથી બાહેર જવાનો હોકમ થએઓ અને તેજ વરસના અકટોબર મહીનામાં તેઓની બદલીએ એક બીજી પલટણ આવી. આ નવાં લશકરમાં આસરે એક માસ સુધી વારાનો એકબી દરદી નહી હતો, પણ તાર પછે તેઓ ઈજીપટ ખાતેના કાફલા સાથે વાંહાંણે ચહડીઆં અને મુસાફરી કરતાં ૩૬૦ માણસોમાંથી ૧૯૯ માણસોને અચણુચ વારો નીકલી આવીઓ. એઓમાંના ૧૨૪ માણસોને પગમાં વારો થએઓ હતો.

આ કીડાની બાબદમાં વીદવાંનો વચે હજુર ઘણો વાંધોછે તોપણ એટલું શોધ થાએછે કે વારો એક પાંણીનું જણાવરછે અને તે માણસના શરીરમાં જાએછે તારે દુખ દીએછે. તલાવોને તલીએ અને ગડલાં પાંણીમાં આ કીડો વસેછે. તેની લંબાઈ એક ઈંચનો ૬૦ મો ભાગ હોએછે ઈઆને એવા ૬૦ કીડાઓને એકઠા મેલીએનો એક ઈંચ થાએછે, પણ તે શરીરમાં દાખલ થવા પછે વધેછે અને ઊપર કહેલી તેટલાં મોટાં કદનો થાએછે. એ કીડાઓ કાંઈ એખલા મોહાડાં વાટેજ શરીરમાં જતા નથી. ચાંમડીના જેબી ભાગને તે

લાગેછે તે ભાગ તરફ ચાંમડીમાં આંધરૂં પાડીને તે અંદર દાખલ થાએછે, જાંહાં તે લાંબો વખત સુધી પડી રેહેછે અને કોઈવાર ઈંડાં મેલેછે તથા પોતાની વસતીને વધારેછે. એની એક સાબેતી એછે કે કેટલાક પાંણી ભરનારાઓ જેઓ ઊંઘાડે શરીરે બરદા ઊપર પાંણીના હાંડા રાખેછે તેઓનાં બરદામાંથી ઘણીવાર વારો નીકલેછે.

ચાંમડીની તલે રેહઠાંણ કીધા પછે વારો કાંઈ તરત દુખ દેતો નથી. તેથી કરીને જેનાં શરીરમાં તે પેવસ્ત થએઓ હોએ તે તે વખતે જાણતો નથી કે માંરાં દીલમાં એક હલકો કીડો દાખલ થએઓછે. પણ તેને છથી બાર મહીનાં ગુજરવા પછે તેની નીશાંણ દેખાએછે, અને તારે વારાની હસતીની ખબર પડેછે. તેનાં આ ગુણને લીધે કોઈ કોઈ ઈંગરેજો અને બીજાઓ જે આ દેશમાં આવેછે તેઓ પોતાનાં શરીરમાં એમનાં એમ કીડાઓ રાખીને પોતાને વતન જાએછે અને તાંહાં પછે તે નીકલી આવેછે. ડાંમપીઅર નાંમના નાંમીચા મુસાફરને એક જગોએ વારો લાગા પછે હરશાં વરસે બીજી જગામાં તે હેરાંણ થએઓ હતો.

આ દરદની નીશાંણો ઊપરથી વઈદો પારખી શકેછે કે વારોછે કે નહી. જે ભાગમાં એ કીડો વધીને મોટો થએઓ હોએ, તે ભાગમાં કીડ લાગેછે. ચાંમડીની અંદર કાંઈ ચાલતું હોએ એવું જણાંએછે. તેને કેટલેક વખત પછે તાંહાં એક ઘડ અથવા ગુમડાં સરખું દરદ થાએછે, જેમાં એક મોહોડું બનેછે અને તે વારે આ કીડો પોતાનું માંથું બાહેર કાહાડેછે. એટલા વખતમાં તાવ આવેછે અને બીજી પીડાકારી થાએછે.

વારાનાં દરદનો વઈદ જે મુખીઅ ઊપાએ કરેછે તે તેને બાહેર ખેંચી કાહાડવાનોછે. એ કીડાને બાહેર કાહાડતાં પુશકલ સંભાલ અને મેહેનત લેવી પડેછે. કીડાનો જે છેડો બાહેર આવીઓ હોએ, તે પાછો અંદર નહી જાએ અથવા તુટી નહી જાએ એટલા માંટે તે છેડાને એક સોટી ઈઆ બીજી વલગી રેહે એવી આગરી સાથ વીટાલવામાં આવેછે અને તેની ઊપર પાટો બાંધી લીએછે. કેહેછે કે જારે તે તુટી જાએછે તારે દરદીને વધારે હેરાંણ થવું પડેછે, પણ જો સંભાલથી ખેંચવામાં આવેતો તે બધી વખત તુટી જતો નથી. કોઈ સેહેલી જગામાં જો વારો નીકલીઓ હોએતો તે એકજ વખતમાં ખેંચાઈ આવેછે, પણ કેટલીકવાર દાહાડાનાં દાહાડા લાગેછે.

આ દરદ ગમે એવું કંટાલા અથવા કમકમાટ ભરેલુંછે તોપણ તેની ઊપર મુજબ થોડી હકીકત જાંણવાથી શએદો થાએછે. તેમાંથી ખોદાતાલાની બોહોલી કુદરતનો આપણને ખેઆલ આવેછે, પણ તે બીનાં કરતાં તેમાંથી આપણને પોતાને સંભાલ લેવાનું જે બની આવેછે તે આ દરદ સંબંધી ગનેઆંનનો સઉથી મોટો શએદોછે. વારાનાં દરદનુ જે ટુક બેઆંન હમે ઊપર કીધુંછે તે વાંચતાંજ ચતુર વાંચનારી ચેતી જશે કે શરીરનો જો ઘટતો સંભાલ લેવામાં આવેતો વારો કવચીતજ થાએ. આપણે જોઈએછે કે તેની ઊતપંતી ઘણુ કરીને પાંણીમાંછે, અને વલી તે ચાંમડીને રસતે શરીરમાં જાએછે. માંટે પાંણી પીતાં અને વાપરતાં બહુ સંભાલ લેવો ઘટેછે. ગલીચી વારાનાં દરદને એક મોટું કારણ આપેછે અને હમે દલગીર છઈએ કે આપણાં ઘણાં ઘરોમાં ઘટતી સુઘડાઈ ઊપર ધેઆંન અપાતું નથી. દરરોજ જો શરીરને ધોવાની ટેવ રાખી હોએ, ચાંમડીને હમેશા સાબુ ચોરીને સાફ કીધી હોએ, પીવાનાં પાંણીને બનતાં સુધી સોજુ રાખી પીતી વખત તપાસ લેવાતી હોએતો આવા નુકસાંનકારક કીડા અથવા તેમનાં ઈંડાં દીલમાં દાખલ થાએ એ મુશકેલ વાતછે.

## એક વાતમાં સાત વાત.

(ખોટી ગાલની મોટી પંચાતી.)

બેહરાંમ બબરચીનાં બપાઈ બાઈઆઈ બેઆસી વરસની ઊમરમાં બેહેસતનસીન થએઆં. તેવણનો બધો જનમારો બેહરાંમનાં ઘરમાં ગુજરીઓ હતો અને તેટલાં તેવણ કીપર દાહાડસો ચોવડીઆં વીટીઆં હતાં. તેવણે ઘણો વખત ગરીબાઈમાં કાહાડવા પછે બેહરાંમે દાહાડો ફેરવી નાંખીઓ હતો. તેનાં બપાઈએ તેને પાલી પોસીને મોટો કીધો હતો અને જીંદગીના આગલા વખતમાં જો કે તેણે બબરચીનો ધંધો કીધો હતો તોપણ પાછલા વખતમાં તે આસતે આસતે વધતો ગએઓ હતો અને જારે બપાઈ ગુજરેઆં તારે તેણે સારી પુંજીવાલો થઈને એક ઘરબી બંધાવીઉં હતું.

વલી બેહસતન બાઈઆઈની બધી ઊમેદો પાર પડેલી હતી. તેવણને મરવા ગમતું નહી હતું અને તેથી જીંદગીની સારી જતન લેવાથી જે જઈફ ઊમરે તેવણ પોહોંચીઆં હતાં તે ઊમરમાં તેવણને જેટલી ભલાઈ જોવાની આશા હતી તેટલી જોઈ લીધી હતી. તેવણે પોતાનાં દીકરા તથા તેના દીકરા બેહરાંમને પરણાવીઆ એટલુંજ નહી પણ બેહરાંમનાં બેટા બેટીઓને પણ નાંહાંનાં નાંહાંનાં અદરાવી પરણાવીને તેવણ કેહતાં તેમ "માંથા ધોઈ નાંખી હલકાં કીધાં" હતાં. તેવણનો વેલો ઘણો મોટો હતો અને તેથી તેવણના મોહોતને વખતે બીછાંના આગલ નાહાના મોટાં મલીને ઘણા જણ ફરજંદ એકઠાં થએઆં હતાં.

પોતાના બપાઈનો સઘલો ખરચ બેહરાંમે પોતાને માંથે લીધો હતો. તે જરા કંજુસ હતો પણ આવે વખતે લાંબો હાથ કાહાડતો હતો અને પોતાના વેહમને લીધે લગણ તથા મરણ એ બે ટાંકણા ઊપર ધુમ પઈસા વેરનો હતો. તેને સમજાવે એવા કોઈ સગા વાહાલા નહી હતા. માતર તેની એક બેહેનનો જમાઈ સાવખશા છાપગર કરીને હતો. તે જરા સીખેલો અને તેથી સમજુ હતો. તે પોતાના મામા સસરાને ઘણું સમજાવતો કે મોહોત પાછલ એવો ખરચ રાખીને ખાંણા પીણા કરવાં એ ઘણું ખોટુંછે. તે કેહતો કે "જુવો મામા મોહોત જેછે તે ગમીનો વખતછે અને ખાંણા પીણા જેછે તે ખુશીની નીશાનછે વાસતે એકને વખતે બીજું કરવું બેજાછે. બીજું તમે વીચારો કે જે ખરચ થાએછે તે સઘલો ખાવાનું કરવામાં થાએછે અને મોટો ભાગ ધરમના ઊપાધીઆઓના ગજવામાં જાએછે તેમાં શું ફાએદો ?" પણ બેહરાંમને આજે પઈસા આવીઆતો શું થએશે ? આગલતો બબરચીજ મારે "જા—જા—પોરીઆ મુગો બેસ" એ સીવાએ બીજા કીઆ જવાબ તેને આવડે ? તેણે વગર સમજે તરણ દાહાડા ભાતી કરવામાં મોટી રકમ ખરચી નાખી.

બેહસતન બાઈઆઈની ભાતી ખાવાને સગાં વાહાલાઓની સારી સંખીઆ બેહરાંમનાં ઘરમાં ભેગી થઈ હતી. તેઓ એમ સમજતાં હતાં કે ઊંઢાં માંણસની ભાતી તથા ચેહારમ ખાધાથી આપણાંબી આવરદા લાંબા થાએછે. આ હસી કાહાડવા જોગ વીચારને લીધે ઘણાં બઈરાંઓ બેહરાંમનાં ઘરમાં ચાર દાહાડા સુધી રહેઆં હતાં. દીસના પાંઠરણુ થતું હતું અને રાતના ભાતી ખાધા પછે સરવે ખરકીમાં સુતાં હતાં. તેઓમાં બેહરાંમની બાએડી તરફનાં સગાંઓ, બેહરાંમનાં ભાઈ તથા બેહેનોનાં છોકરા છોકરીઓ અને તેઓની વેહવાંણો ઈતીઆદી હતા. સાવખશા છાપગરની માં પણ ચાર દાહાડા રહી હતી.

બાઈઆઈ ગુજરવા પછે બીજે દીને સાંજનાં બધી સોમલી કોમલીઓ ખરકીમાં ઘહુની એકકી થાલીમાંથી ઘહું ચુંટવા બેઠી બેઠી તરેહવાર વાતો કરતી હતી. બપોરનાંતો તેઓએ સારી પઠે કુટીઊં હતું અને તેથી કોઈનું ઘાતું બેઠેલું હતું તથા કોઈને માંથે પાતા બાંધેલા હતા. પણ વલી સાંજનાં તેઓ વચે જે વાતો ચાલતી હતી તે ગંભીરાઈની હતી અને હસવાનીબી હતી. તાંહાં ગુજરેલાં માણસોની વાત નીકલી અને તેમાં કોલી ફુઈ બોલી કે—"હા માએ હા—બરીઆ એવો જમાનોજ ઊંધો આવીઓ. માએ મારા બાપુજીએ નુસરેપનમાં વાંચીઊં કે હવેથી બધાંના રૂવાનને વેલવેલની ગાડમાં નાખીને છેક છાસતીગમ લઈ જવાના." આ ખબર સાંભલીને તરણ ચાર જણ "મરેરે, મરેરે," કરવા પડીઆં અને તે ઊપરથી વાત ઘણી વધી પડી.

**કુકી કાકી**—અરે માએ કાંઈ ખોદાએ ખોદાએ કરો. મુવા કેહતાતો દેવાંના પણ સુનતાબી દેવાંના !

**કોલી ફુઈ**—શું નહી ! ખરી વાતછે. છાપામે છપાએઊં તારે કાંઈ ખોટું હોએ.

**કુંવર દાસી**—હા, હા, ઓજીઊં બધું ગાંમતો એનો હાવરકુતો લઈ બેઠુંછ. કેજે મુઈ સરકારે ધારો પાડીઓછ કે દખમાં બધાં ભાંજી નાખવાં.

**મીઠી મામી**—અરે તમે મરેરે કોટકના કાહાડતા ! બીચારાં કોણ કોણ જવાન જમાનના હાડકાં રખડવાની વાત આવીતો.

**જાઈ માસી**—અરે નાંરે માંએ ! એ શી બલા ? એવું બોલતાંને ઓવારી નાંખીઆરે ગાંમનાં રૂવાંન પરથી. નાં, નાં, એમ જો હાએતો મમબઈ છોડીને નાહાસી જઈએ. પેલાં કેજે મરતાંને મારે તેમ મુવાઓ મરતાંને મારવા નીકલીઆછ.

આ ઓરતોનો ઘબરાત બેહરાંમ બબરચીની બેહેનની છોકરી વીરસે નરમ પાડીઓ. તે જરા સમજી હતી અને તેનાં સારા વીચારો ઊપરથી આવાં વેહેમી બઈરાંઓ સાથ જાજું ભેલાવા તેને ગમતું ન

હી હતું. મારે તે માલા ઊપર પોતાનાં ધણીની સાથે વાતો કરતી બેઠેલી હતી અને જારે હેઠેનાં બઈરાંઓ આ નકાંમી કલબલ લઈ બેઠાં હતાં તારે ખરકીમાં કાંઈ કાંમ સારૂં આવતાં દાદર ઊપરથી તેણે ઊપલી વાત સાંભલી હતી. મારે પાછી જતી જતી તે બોલી કે—"તમે લોકો એ નકાંમી ગડબડ કરોછો. મારા સાવખેશાનાં છાપાખાંનાંમાંથી દરરોજ જે નીઊસ આવેછ તેમાં મેતો કદી એવું નથી વાંચીઊં કે રવાંનને રેલવેમાં લઈ જવાનો સરકારે હોકમ કીધો હોએ. ખરી વાતતો એછે કે મુંબઈમાં હમણાં કેથે જગા મલતી નથી, અને તેથી ઊલટું વસતી ઘણી વધીછે—પણ જાંહાં વસતી ઘણીછે તાંહાંજ બધાં લોકોનાં મુડદાં દાટવાની તથા બાલવાની જગાછે, જેથી લોકોની તનદરોસતીને ઈજા થવાને લીધે તે જગાઓને બંધ કરવાની લોકો જારે ભલાંમણ કરેછે તારે સરકારે તે વીશે તપાસ કરવા માંડીછે. બાકી સરકારે કાંઈ તમે કેહોછ તેવો હોકમ કીધો નથી. વાત બધી એટલીછે કે મુંબઈમાં જગા મલતી નથી."

**કુકી કાકી**—અરે માએ જગાનેવાસતેતો નહીજ બોલીએ તેનાં ઘણાં ગુણ. મુવા મારા ઘેરવાલાએ હધરીઆત ખાલી કરવાની મને નોટીસ આપી તારે આખાં ગાંમમાં તવલી વલી, પણ મારે લાએક એક ઘેર ખાલી હોએરે ? તો એક ઘેર નહી મલે.

**કોલી ફુઇ**—અરે ખદાએ ! ઘેર બાબત હમે જેવી વેહેલા ભોગવીએછ તેવીતો મુવા દુસમનને કહીએ તું બી નાં જોતો. ઓંજણી એક નાહાલી કોઠરી, ને વેંહેંત જેટલી એક નાહાલી ખરકી. તો તેમાં છીવખાઈ હું, માએ મરે મારો સોલુ ને મારી વહુ સઊ કેમ રેહેતાં હોઈશું.

**જાઈ માશી**—પણ તેમાં વરી તમે મોટો હરીમ જેવો ઘેરે માંએ નહી ને બારે સમાએ નહી તેવો છતરપલંગ ઘુસાવી મેલીઓછ કે ચાલવાની જગા નહી મલે.

**કોલી ફુઇ**—માએ શું કરીએ. નાહાલા ખાટલા હોએતો સહવારનાં ઊભા કરી મેલીએ ને રાતનાં વારીને સુઈએ. પણ ઓંજીઊં મોઘવારૂં થતું મરે, તેતો કેને મારૂં કાંમ, તારે તેને કાંઈ વેચવા જવાએછ. છી ભરાએઆ સોલુની અરધી અરધ કમાઈતો હરવાએઆ ઘેર ધણીનાં ભારાંમાં પેસી જાએછ.

**મીઠી મામી**—ગમે તે કરો, આજને કાલતો ઘેર ધણીઓ કમાએઆ. કેને દુજતું ધન તે એ જો માએ ! એક ઓરડીનાં જાંહાં ચાર રૂપીઆ હુતા તાંહાં આજે બાર બાર ને પંદર પંદર રૂપીઆ.

**કુવર દોસી**—પણ મમઈ કાંઈ એખલાં ઘેરનાં ભાડાંજ હોએતો તેની એક પીરા કાહાડીને મરીએ. પણ મુઈ અનીથી તે પણી સુધીની બધી ચીજ મોઘી થઈ તારે હાંજીઆ ઘેરવાલા નહી કાંએ મોઘા થાએ.

**કુકી કાકી**—જર ને ચાહેસો કર. એ પઈસાવાલાઓને કાંઈ લાગે નહી, પણ બીચારાં ગરીબ લોકનું મોહોતછે.

**જાઈ માસી**—મરેરે ! પણ હુંતો કેહુંકે ડાક્ટરો વટીક મોઘા થએઆ. આગલ આએ આંમલી ગાગલનાં હોરાને અરધો રૂપીઓ આપતાં તેમાં ફેરાનુંબી તેજ ને દવાનુંબી તેજ, તો આજે નવા નવા ડાકટરો બી નીકલીઆ તે બબે રૂપીઆ ફી લીએ ને દવાઈનું લીએ તેતો જુદું.

ડાકટરોની વાત નીકલી કે કોલી ફુઈએ નોસાસ મુકીને અવાર્યો બાધી. તેવણને તેઓ વીશે ઘણો કેરોધ હતો. તેવણનો મરનાર ધણી જારે ખહીનાં મરજથી મરણ પાંમીઓ તારે તેવણને મોટો વીચાર એ લાગો કે ડાકટરોએ જારે તેને સારો નહી કીધો તારે તે કાંમનાં શું. જાંણે કે એકએક આજારી માંણસ સારૂંજ થવું જોઈએ અને જાંણે કે મોહોતતો દુનીઆંમાં હોએજ નહી. બઈરાંઓનો તો ધારોજછે કે જો કોઈને ડાકટરથી સારૂં થએઊં તો ઠીક, અને નહીતો પોતાની ખાંમીપીબી જો તે દરદ દરૂસત નહી થએઊં, જો તે દુખ ઘણુંજ કઢંગું હોએ અથવા વધારી મેલીને પછી ડાકટરને બોલાવીઆથી તે સારૂં થવાની આશા નહી હોએ, જો ડાકટરનાં હોકમથી ઊલટા ચાલીને તેની દવાની સાથે બીજા આડા અવડા વેહેમો કીધાં હોએ, એમ કરતાં જો તેની અજલ આવીતો બસ તેઓ એકનેબી નહી પણ બધા ડાકટરોને બદનાંમ કરવાનાં. તેમ કોલી ફુઈ તથા તેની ઊપલી સહીઓને જે ગુસો હનો તેને ખાતર તેવણ બોલીઆંકે—"અરે માએ—દરદથી બરીઆં ને ડાકટરો મુવા. હાંજીઆઓએ બધી દુનીઆને ખરાબે હાલ કરી નાખી. આજે ચચાર વરસ થએઆં રંડાપો સેહેવીએછ તે સાથી?"

**જાઈ માસી**—હું તો કેહું કે એવા આજ કાલનાં પોરીઆઓની કમાઈબી કેટલી થાએછ? જેમ ડાકટરો વધેછ તેમ દરદબી વધેછ!

**કુવર દાસી**—તો માએ બીજું શું? હાસરેરી આ ને એવાં એવાં દરદ આગલ કોઈનાં સપનાંમેબી ઊતાં? એતો જમાંનો બગડીઓ ને વધારે પાપી થ એઓ.

**કુકી કાકી**—પણ તેબી એવા એવાઓને લીધેરે માડી, એનો અંગરેજી સીખીને બધા બગડીઆ.

**કાલી ફુઇ**—બેહેરાતન બાઈઆઈને ડાકટરોએ કેટલાં હેરાંન કીધાં તે જોવોની. અભાગીઆઓનુ કાંઈ નહી વલે તારે જટ દઈને કેંજે વારી લઈ જાવો. તો કારમખાઓને કોઈ એટલું પુછે કે દુખ તે દુખ—તે માં એ ફાંફાં કેવાં?

**મીઠી માંમી**—અરે દુખનો બાપ મરે. દુખે દુખે બેજારી પાંમીએછ. હજુર આએ હારાને સાબા સની માંએ કે નાડ જોઈ એટલે તમુને ફલાંનું છે, ફલાં નું છે એમ કહી આપે. આએતો હાંજીઆનાં જણીઆ આવે, ઘડીઆલ કાહાડે, નાંડ જોએ—તો મુવાં ઘડીઆલમાં તે કોઈ દરદ પરખાએ? એવાં વેજાં મા રીને તમુને પુછે કે શું છે—ને તમે કેહો તારે દરદ પારખે. એતે શું કાંઈ ડાકટર?

**જાઈ માસી**—મારા ધનજીશાને કરમ થએઆ તો માંએ પાંચ દાહાડાનાં સાત રૂપીઆનું બીલ કીધું. બાવા બેઠા જપે ને જે આવે તે ખપે.

**કાલી ફુઇ**—તે તાંહાંસુધી આલકાકાનાં ડગલાને પાલખીનો ખરચ કાંહાંથી નીકલે? એ ધુતારા રે મા એ—ગાંમ બધાંને ધુતી વલે. કેહેતીછે કે રોગા ને પઈસા જોગા. પણ એ લોકો પઈસા ઘણા લુટેછ.

**મીઠી મામી**—ઓ વાએ પણ નથી કોણ લુટતું? લાકરાં વાલા જોવોની. મુવાઓએ સપ કરીને ભાવ એવા વધારી મેલીઆછ કે છાંનાં બારવાનો વખત આવીઓછ.

**કુકી કાકી**—પણ માએ મુવા તેબી શું મરે કે માંદા પડે? સરકારે કેંજે લાકડાં કાપવાની મનાં કીધી તારે તે કીઆ ચુલામાંથી લાવે.

**કાલી ફુઇ**—સરકાર કાંહાં દુખની દેતી નડેછ! મુવા અંગરેજોએ આવીને બધું મોઘું કરી મેલીઓરે માંએ.

**કુવર દાસી**—મરેરે—કેંજે કોલીને કાંને કીરા ને એક ઊઠે ને બીજી પીરા, તેમ એક પછી એક નવી પીરા નીકલીઆજ કરેછ.

**જાઈ માસી**—ગમે તે કરોની. પણ નુસવાલા ઓતો કેંજે એ મોઘવારી તે લોકોની આબાદાંનીની નીશાંનછે.

**કુકી કાકી**—ધરેરે એ છાપતા! મુવાં ગરીબ લોકનો મરો થાએછ ને તેમાં આબાદી કાંહાંથી આવી વારૂ?

**કાલી ફુઇ**—પણ માએ રોજ ઊઠીને છાપેબી શું? ગજ ગજ જેટલાં કાગજબીતો રોજ ભરવાં જોઈએ તે મુવા કાંહાંથી લાવે. આ કોઈની તારીછે, મારીછે, ફલાંનાંએ લાવરા કીધા, ફલાંણાંએ પોરી ચહડાવી, એવું એવું છાપે.

**મીઠી માંમી**—છાપતા તુરી પડે. "ધાંમો મુવો, કાંમો મુવો, લીલ ખોદી નાંખી આવીઆ" એવી વાતો તે લોકો પાસેછે. તે લોકો કાંઈ દીન સમજેછ કે દુનીઆં સમજેછ. ભલા કાજે ગુઠણ જેટલા સીસોરીનાં પોરીઆ નીકલીઆ કે આજે એટલો બકબકારો કરવાનું બનેછ.

આ વાતતો કજીઆનું મુલ થઈ પડીઊં. સાવખશા છાપગરની માં દાદરની હેઠે બેઠેલી હતી અને ઊપલી બઈરીઓ એવું જાંણુતી હતી કે તે ઊપર પોતાની વહુ વીરલની સાથે હશે, પણ તેતો છાપખાંનાવાલાઓની ગાલ સાંભલીને લડવા નીકલી. તેને જોઈને ગાલ દેનારાંઓતો શરમ થઈ ગએઆં. "ઓવાએ ઓવારી નાંખુરે! હુસ્ રે બોલતીઓને! છાપગરને ગાલનાં દેતાં મરેરે. તેનાંનાં પેટલાં બરેરે. મુઈઓ વીચાર કરો કોઈનાં કેવા હોવાઈ નવાઈનાં હોશે, તેને તમે સાંની ગાલો દેવોછ. રાંડોની ટકટકથી માંથુંબી દુખી આવીઊં. જરા મુગીઓ બેસો. કાતરની કાંની જબાં ચલાવેછ. ડાકટરને, પેલાંને ઓલાંને મુવા વગરતો કેહેતાં નથી. તો રાંડો તેનાંઓએ તમારો શું ગુનાહ કીધો. તમે ગાલની દેતીઓ મરે ને તમારૂ સતીઆનાસ થાએ."

આ શબદો ઊપરથી મોટી પંચાતી થઈ પડી. ઘણાં બઈરાંઓ શાવખશાની માને જોઈને દઈ ગએઆં. કોઈનું માંથુંબનું સરી ગએઊં અને કોઈનાં હાથમાંથી ઘઊંની થાલી પડી ગઈ, પણ "કાલી ફુઈ અ

ને જોઈ મારી લડવા ઊતરીઆં. તેવણે સારીપઠે જ વાળો આપીઆ અને તેથી એટલેતો કજીઓ થઈ પડીઓ કે દીકરા દીકરી ઊપર ઊતરી પડીઆં. આ ઘોંગાટથી શાવખશા તથા તેની બાએડી વીરલ નીચે ઊતરી આવી. વીરલે ઊપલાં બઈરાંઓની વાતચીત નો ઘણો ભાગતો સાંભલીઓ હતો, માટે પરથમ તેણે સંધો કજીઓ નરમ પાડીઓ. તે એવીતો નરમાસ વાલી હતી કે સાધારણ બઈરાંઓ તેથી ઊલટા વીચા રો ધરાવવા છતાં તેને વજણ આપતાં હતાં. માટે જા રે વીરલે બધી આગ હોલવી નાંખી તારે શાવખશા તેઓને નીચલી શીખાંમણ દેવા બેઠા—

તમો લોકોને માંરાં માએ ગાલ દીધી તે અન ઘટતી હતી કેમકે તમે અનજાંનપણાંને લીધે છાપખાં નાંવાલા અને બીજાંઓને ખુરૂં બોલીઆંછો, પણ તમે તેઓને ગાલો દીધી એબી અનઘટતુંછે. મારો ધંધો બધો છાપાખાંનાંમાંછે અને છાપાખાંનાંવાલા ઓને ગાલ દીધી તે મારાં માંઓને મનસે મને લા ગેછે. તોબી કાંઈ નહી. છાપાખાંના નીકલીઆ પ છે કેટલો ફાએદો થએઓછે, લોકોનું ગનેઆંન કેટલું વધીઊંછે, લોકોનાં વેહેમ કેટલા ઘટીઆછે તે તમે જાં ણતાં નથી. હીઆં વેપાર ચાલીઓ, સાંચા થએઆ, નીશાલો નીકલી, હું અને તમારા છોકરા તાંહાં શીખીને રરતા કમાતા થએઆ, રાજનો જુલમ ટ લીઓ, લોકો પઈસાવાલા થએઆ એ બધું જારે ની ઊસપેપર વાલાઓએ છાપીઊં તારે બનીઊંછે. વે લાંતમાં તેઓનેતો ઘણુંજ માંન મલેછે. તેઓ જે છા પે તે સાચું કેહેવાએછે. જેમકે હાલની મોંઘવારીમાં લોકોની આબાદી દેખાએછે એ વાતને તમે હસી કા હાડી પણ તે ખરી વાતછે. તમે જોવોકે હાલ ગમે એ વી મોંઘવારીછે પણ લોકોની દોલત આગલ કરતાં વ ધારેછે કે નહી ? હવે એ દોલત કાંહાંથી આવી ? રૂ નાં વેપારથી. રૂ કાંહાંથી આવીઓ ? ખેડુતોએ અ નાંજ મેલીને રૂ પાકવીઓ તેથી. હવે તેમાં તેઓ ક માએઆ અને અનાંજ ઘટીઓ માટે મોંઘો થએઓ. બીજું આગની ગાડી ઊપર ઘણા ખેડુતો વધારે કમા ઈને લીધે મજુરીએ ગએઆ, કારખાંનાંઓમાં કાંમે લાગા. એવાં કારણોથી મોંઘવારી થઈ પણ તેઓતો સુખી થએઆ કે નહી ? વાસતે વગર સમજવે છાપ ખાંનાંવાલાઓ અથવા બીજાઓને ગાલો દેવી ઘણી નઠારી ચાલછે. ડાકટરોને તમે ગાલ દીધી, પણ વી ચાર કરો કે ઈસપીટાલોમાં લોકો સાજાં થાએછે તે શું હોરાઓથી ? તેઓ પાંચ પાંચ વરસવેર શીખીઆ તે શું નકાંમું ? તમે સરકારને ગાલ દીધી, પણ જુવો કે જો ઈંગરેજ સરકાર આપણે માંથે નહી હોતેતો શું ચોરો આપણાં ઘરમાં આવીને આપણને લુટી નહી જતે ? અથવા મુસલમાંનો શું આપણને વટલાવા ન હી આવતે ? હું દલગીર છઊં કે તમે લોકો વગર સ મજે મોહોમાંથી શટું શટું બોહોકવાની આદત રા ખોછો."

આ શીખાંમણથી અસર થઈ. એક વાતમાં સાત વાત થઈ. રૂવાંન વીશે પરથમ વાત શરૂ થઈહ તી પણ બઈરાંઓની ટેવ પરમાંણે તેમાંથી ઘણી બા બદોની વાત નીકલી હતી, જે દરએક બાબદ અધુરી હતી અને તેમાંથી અંતે કજીઓબી થએઓ હતો.

## કાલુના છટકાં.

કાલુ એક જાતની માછલીનુ નામછે. તે માછ લી બે સકત સીપોથી ઢંકાએલીછે. તે સીપો એક બી જા ઊપર એવીતો મજબુતાઈથી બેઠેલી હોએછે કે માં હેલુ જનાવર જેવારે તેઓને ઊગાડીને પાછી બંધ ક રી લીએછે તેવારે તેઓની કીનારી વચે જે ચીજ આવી હોએ તે સપડાઈ જાએછે. એવું કેહેવાએલુછે કે એક વખતે એક માછીના જુશડાંના છાપરાં ઊપર કેટલાંએક કાલુ પડેલાં હતાં તીઆં રાતની વેલાએ એ ક ઊંદર જાઈ લાગો, અને પેલાં કાલુ પકડવાને તેને પોતાનો પગ જેવો સીપોમાં ઘાલીઓ તેવીજ તેઓ એવીતો મજબુત બંધ થાઈ ગઈ કે ઊંદરમામાનો ટાં ટીઓ બાહેર નીકલી સકીઓ નહી તેથી તેવણ અછા ર પછાર કરવા લાગીઆ. તેની હીલ ચાલના અવા જથી છાપરાં તલે સુનેલાં આદમીઓ જાગી ઊઠીઆં અને પોતાને મન સાથે સમજીઆં કે કોઈ ચોર ચોરી ક રવાને આવીઓછે. પણ બાહેર જાઈને જોએછેતો કાલુની સીપો વચે એક મોટો ચોર સપડાએઓછે, અને પોતા ની જાતી ખાશીએત પરમાણે સપડાંણમાથી નાહાશી જાવાની બેહદ કોશેશો કરેછે. એજ મુવાફેક એક વખ તે કાલુની ઊઘાડી સીપ જાહાલવાને તરણ ઊંદરોએ કોસેશ કીધી હતી તેવાંમાં તેઓ તરણેડ જણ પકડાઈ

ગંએઆ હતા અને તેના જોરથી ભચડાઈને મરણ પાં મીઆ હતા.

અશિરાંગ અશિટાંગ નામના વાંનરો વીશે કેહે છે કે તેઓને ભાજી પાલાના ખોરાકની તંગી પડેછે તે વારે સમુદર કાંઠે જાઈને એક હીકમત વાપડીને કાલુ માછલી પકડવા જાએછે. પેહેલાં તેઓ કાલુને સોધી કાહાડેછે અને તેઓ જેવી પોતાની સીપો ઊઘાડેછે તેવાંજ તે સીપો વચે પથર અથવા લાકડાંના કકડા ઘાલેછે કે તેથી તેઓ પાછી ધંકાઈ જાએ નહી તથા અંદરની માછલી બાહેર કાહાડી લેતાં તેઓનો હાથ અંદર ભચડાએ નહી. આ હીકમત જબડી !

## નાટકો, નાટકકારો અને નાટકશાલાઓ.

નાટક, એ ખેલ કેટલીક વાંચનારી બાંનુઓએ સાંભલીઓ હશે. તેનો અરથ તથા તેની મતલબ સમજવાની ઘણી જરૂરછે. અગત કરીને હમણાં તેની સમજ આપવાનો વખતછે કેમકે આ શેહેરમાં દેસી ઓરતોને સારૂં નાટકો શરૂ થવાની નીશાંણી માલંમ પડેછે. ખોદાતાલાએ એવું સરજેલુંછે કે માંણસ જાતે આ દુનીઆંની રંજ તથા મેહેનતમા ભાગ લેવા છતાં ચોકસ વખત ગમત ઈઆ મોજમા ગુજારવો. તેનો બાંધોજ ખોદાતાલાએ એવી મતલબનો બનાવી ઓછે, અને તેટલા માંટે દરએક આદમી પછે જંગલી કે સુધરેલો, મરદ કે ઓરત પોતાની ફુરસત તથા આસાએસનો વખત અનેક તહરાંની ગમતમાં ગુજારેછે. જુદી જુદી પરજાઓમાં ગમત મેલવવાની જુદી જુદી રીતીઓ હોએછે અને નાટક એ સુધરેલાં ઈઊરોપખંડમાં એક ગમતછે.

ફુરસતનો વખત ગુજારવા માંટે ખાવા પીવાથી અથવા નાચ રંગથી માતર ઈંદરીઓનો હવશ પુરો પડે તેના કરતાં મોજ મલે, જીવ ખુસી થાએ, ગનેઆંન વધે અને નીતી શીખાએ એવી ગમત જો પસંદ કરવી હોએતો તે નાટકછે. તેમાં ચોકસ આદમીઓ જુદા જુદા સોંગ કાહાડી તથા વેસ બદલીને ખેલ કરી બતાવેછે. પણ ગમત આપતાં વલી એ ખેલે ઘણી રીતે કેલવણીનું રૂપ લીધુંછે અને ઈઊરોપખંડમાં તે મધે એટલો સુધારો થએઓછે કે નાટક માંણસને સુધારવાનાં હથીઆર દાખલ ગણાંએછે.

એ ખેલ કેવા થાએછે ? તેમાં દુનીઆં મધે બનતા ખરેખરા બનાંવોને નજર સાંમું ધરવામાં આવેછે. જાંણેકે આગલા વખતમાં એક મોટો રાજા પોતાની રઈએત ઊપર જુલમ કરતાં પોતાનો નાંસ પાંમીઓ અને ફકીરી હાલતમાં આવી ગએઓ તથા રઈએતમાંનોજ એક ગરીબ શખસ ભલી ભલાઈથી લોકો તરફથી લડીઓ માંટે રઈએતે તેને રાજા બનાંવીઓ. એ બનાવ નાટક કરનારાઓ હાલના વખતનાં લોકોની ચાંણાકને માટે કરી બતાવેછે. એક જણ રાજા થાએ; બીજી તેની રાંણીઓ થાએ. રાજા દરબાર ભરે; તેમાં તે પોતાનાં પરધાંનને રાજ સોપે અને પોતે રાંણીઓને લઈને ભાંગપીઆ કરે; અને અંતે તેથી રઈએત લડાઈ કરી રાજાને ગાદીએથી ઊઠાડીને નવો રાજા ઠરાવે. એ સઘલું જોવાથી હાલનાં વખતનાં માણસો કેટલાં સુધરે તે જુવો. રાજા કેવો હોએ, તે દરબાર કેમ ભરે, તેમાં કેટલો દમાંમ થાએ, પરધાંનો તેને કેમ માંન આપે એ સઘલું ઘણા અનજાંનાં લોકો જોઈ શકેછે. વલી ભલુ માણસ કેવું અને ભુડું કેવું, તેઓ ભલાઈ કેમ અને બુરાઈ કેમ કરે, ભલાને કેવું માંન અને બુરાને કેવી સજા તે પેલા જુદા જુદા ખેલાડીઓ પોત પોતાનાં વેસમાં કરી દેખાડેછે. તે ઊપરાંત રાજાનું શેહેર જેઓએ જઈને જોઈઊં નહી હોએ તેઓ નાટકમાં તે જોએછે કાંએકે નાટક કરનારાઓ ઊપલી બાબદોજ નહી પણ રાજ અને શેહેરને પણ આપણી નજર આગલ ધરેછે અને તેમાં જારે ઊપલા સરખા બનાવો બનતા જોઈએ તારે ગોઓઆ આપણ ખરેખર તે બનાવની જગામાં જઈ લાગા છઈએ એવું આપણને લાગેછે. ઊપલા રાજાનો તો માતર હમે એક દાખલો આપીઓછે. ટુકમાં કહીએછે કે જુદા જુદા સારા અને માઠા બનાવો, તેમની જગા, અને તેમને બનાવનારાઓ સુધાં આપણને બનાવી દેખાડવાની જે રમત તે નાટકછે. તેનો ખરેખરો વીચાર જોવાથી આવેછે.

આવા સરસ ખેલો અલબતાં વેલાત અને ઈઊરોપ ખંડમા થાએછે, પણ તેનો ઘણો આધાર તે ખેલ કરનારાઓ ઊપરછે. તેઓ ઘણાં કેલવાએલા અને કાબેલ હોએછે. તેઓમાં મરદો અને સ્ત્રીઓ સાથે હોએછે. ખુશી અને ગમીને વખતે કેમ બોલવું, કેવું મોહોડું તથા દેખાવ કરવો, કેવી હીલ ચાલ રાખવી તે સ



એક ખેલાડી સ્ત્રીનો તખતા ઊપર દેખાવ.

ઘણું તેઓ શીખેછે. જે શેહેર અથવા જગાને લગતો ખેલ હોએ તે કાંહાં અને કેવું હતું તેનો લોકોને ચીતાર આપવા માંટે પેહેલાં તે જાણી લીએછે. લડાઈ કેમ કરવી અને મીઠાસ ભરી વાતો કેમ કરવી, પીઆર કેમ બતલાવવો અને જહનુન તથા ગુસો કેમ દેખાડવો તેની તેઓ તાલીમ લીએછે. જે લોકોને લગતો ખેલ કરવો હોએ તે લોકોનેજ પોશાક જરીનો અને સાદો તેઓ સીવરાવેછે. એ સઘલાં કાંમોને માંટે ઘણુ મોટું ગનેઆન જોઈએછે, અને તેવાં ગનેઆંન ધરાવનારાઓજ સારા નાટક કરી શકેછે. લોકો તે નાટકકારોને ઘણું માન આપેછે. ઘણાં નાટકકારો ચોકસ મુદતમાં ખેલો કરીને લખો રૂપીઆ કમાઈ ગએઆછે. મુખીએ કરીને સ્ત્રી નાટકકારો ખેલ કરતી વખતે પોતાની એટલીતો હોશીઆરી દેખાડેછે કે વારેવાર તમાસગીરો મોહી પડેછે અને તેમાંથી ને સ્ત્રીઓનાં ભાએગ ઊઘડેછે. એકુએ દાખલા એવા બનીઆછે કે નાટક કરનારી સ્ત્રીઓના રૂપ, અવાજ અથવા હોશીઆરી ઊપરથી લોકો તેમને એટલું માન આપતા કે ખેલ થઈ રેહેવા પછે તેમને ગાડીમાં બેસાડીને પોતાને હાથે તેને ઘર ઘસડી લઈ ગએઆ હતા. એવી એક નાટકકાર સ્ત્રીનો ચીતાર હમે પાસેનાં સફામાં આપીઓછે.

હવે નાટકશાલા એટલેજે નાટકની નીશાલ વીશે થોડું બોલીએ છઈએ. ઊપલા સુધરેલા દેશોમાં નાટક લખનારા તથા કરનારા નામીચા માંણસોછે, પણ તે સાથે નાટક કરવાની જગાઓ પણ નાંદરછે. એ જગાઓ ઊપર એક ખેલની ખુબીનો ઘણો આધારછે. ને બાહેરથી અને અંદરથી સઊથી સરસ મેહેલનાં જેવા હોએછે. તેમાં લોકોને વાસતે ગોલ ઘેરાવામાં બેઠકો કીધેલી હોએછે તથા નાટક બધાંને દેખાએ એવી જગામાં થાએછે. તે જગા ઘણીજ મોટી હોએછે. તેમાં ખેલાડીઓની પુરતી સગવડ કીધેલી હોએછે. તેમાં જુદાં જુદાં શેહેરો અને દેખાવોના ચીતારેલા પરદા કીધેલા હોએછે, જે ચોકસ જગાનાં ખેલને વખતે આગલ ધરવામાં આવેછે. તેમાં સાંચાઓ પણ હોએછે જેથી જરૂર પડેતો નાટક કરનારાઓ આગલ ગાજવીજનાં તોફાણો થાએછે, તેમાં વાંહાણો ભાગેછે, તેમાં પરીઓ ઊડેછે, તેમાં લોકો બચી જાએછે, પછે લડાઈઓ થાએછે, અને એ બ્નીનાંએ મોટા મોટા બનાવો આપણી આંખ આગલ એવી રીતે બનેછે કે પુશકલ મોજ સાથે ગનેઆંન મલેછે.

ખરા નાટકો જોવા હોએતો વેલાતમાં જોવાશે. મુંબઈમાં એક નાટકશાલાછે. પણ તેની તથા તેમાના નાટકોની હાલત ઘણીજ માઠીછે. એટલેજે ઊપર મુજબ કાંઈ નાંમીચા દેખાવો કે નામીચા ખેલાડીઓ આપણને ગમત આપતા નથી. હીઆં કાંઈ ઘણાં સરસ ખેલ થતા નથી, પણ "નહી મામાનાં કાણાંમામા ઠીક" તેમ કાંઈજ નહી થાએ અને આપણી બાનુઓ તારીમારીમાં તથા મરદો ખરાબ મોજ મજાહમાં વખત કાહાડે તે કરતાં જરારતી નાટકો થાએ તે ભલા. હીઆં કોઈવાર જરા સારા નાટકો થાએછે અને તે પોતે અથવા પોતાનાં ધણીઓની સાથે જોવા જવાની આપણી બાનુઓએ શરમ રાખવી નહી જોઈએ.

## લુકરીશીઆ અને મારગરેટ— બે કવી બેહેનો.

આ બે બેહેનો અમેરીકામા પલાટસબરગ ખાતે ઓલીવર ડેવીડસન નામના એક ગરહસથની દીકરીઓ હતી. એ બેહેનોનો હેવાલ આજ સુધી વાચનારી આલમને અચરતીમા નાંખેછે. તેઓને લગતી ઘણી અજાએબ જેવી બીના એ છે કે તેઓને ઘણી નાંહાંની ઉમરમાથી વાંચવા લખવાનો શોખ હતો, અને જારે બાંહે ઉંચી કરી રમવા ઉતરવાનો વખત તારે તે બંને જણીઓએ સારી કવીતાઓ જોડવા તથા લખવાના અચરતી ઉપજાવનારા દાખલાઓ આપીઆછે. જોકે એ બે બેહેનો એક પછે એક જીવી હતી તોપણ વડીના ખવાસ નાંહાંનીએ એવી રીતે પકડી લીધા હતા કે તેનામા કોઈ ફરેસતાથી બસારત થઈ હશે એવું કદાચ અગનાન માણસો વીચારીબી શકે

પેહેલી છોકરી લુકરીશીઆ સને ૧૮૦૮ માં જનમી હતી પણ તે વડી નહી હતી. લુકરીશના જનમને વખતે તેની બીજી બેહેનો મોટી હતી. આઠ વરસમા લુકરીશીઆને વાંચતાં આવડીઉં પણ તે વખેતે તે લખી જાણતી નહી હતી. એક દાહાડે તેની માંની ટેબલ ઉપરથી એકદમ કાગજના બે ડજણ તાવ ગેપ થએલા માલુમ પડીઆ અને પરપુછ કરતાં લુકરીશીઆએ ધ્રુજતાં ધ્રુજતાં જવાબ દીધો કે "માં તે કાગજતો મેં વાપરીઆછે." લુકરીશીઆને લખતાં તો આવડતું નહી હતુ અને ચોવીસ કાગજોનાં એક કુવેરનું તેણે શું કીધુ ! તે વીશે અચરત થઈને તેની માએ તે કાગજ જોવા માંગીઆં અને જારે લુકરીશીઆએ પોતાનાં કાંમને અનઘરતું ગણીને બીહીતાં બીહીતાં તે કાગજ લાવી આપીઆં તારે તે દરએક તાવની એક બાજુ ઉપર કોઈ જાણીતી પદારથનું અધુરું ચીતર તથા બીજી બાજુએ આડા

અવડા અખેરો લખેલા જોઈને તે અતીશએ ખુશીમાં આવી'ગઈ. તે દાહાડેથી લુકરીશીઆની કુદરતી શકતી વધારે જાંણમાં આવી.

શું વાંચનાર માંનશે કે જારે આ છોકરીની ઉમર માંતર બાર વરસની હતી તારથી તેણે પોતાની ઈંગરેજી ભાશામાં કવીતાઓ બનાવવાનું શરૂ કીધું હતું ! પેહેલ વેહેલી કવીતા તેણે એક વાસણ વીશે જોડી હતી, અને પછે પોતાની માં જે બીછાના ઉપર હતી તેને બતાવા આવી. પોતાની દીકરીની ચાલાકીનો આ નમુનો જોઈ તેણે એવોતો હરખ દેખાડીઓ કે તેથી લુકરીસીઆની છાતી ધકધકી રહી અને તેણે જલદીથી પાછી જઈને પોતાનું કામ થોડા વખતમાં પુરૂ કીધું. જારે તે પુરૂ થએઉં તારે માએ તેને પોતાની છાતામાં જોસથી દાબી, જે વખતે તેની આંખમાંથી ખરા શંતોશનાં આંસુ નીકલીઆં અને મારૂ કાંમ મારી માને પસદ છે એવું જોઈને લુકરીશીઆને લખવા ઉપર વધારે ધેઆન આપવાની ઉલટ થઈ. આ વાત ઈઆદ રાખવી કે લુકરીશીઆ અને તેની બેહેન મારગરેટનો સવભાવ તેમની માની માફક એવો હતો કે ખુશી ઈઆ ગમીમાં તેઓ જલદીથી ગરક થઈ શકતાં હતા. તેથીજ તેઓને લખવાનો ઈઆ વાચવાનો ગોએઆ અમચણુંચો પવન થઈ આવતો હતો.

તેર વરસની વએ પુગા પછે લુકરીસીઆને કવીતા જોડવાનો ગોએઆ હવસ થઈ લાગો. તેના મનમાથી વીચારો એટલીતો ઉતાવલે દોડતા હતા કે તે લખવાની આગમપ કોઈવાર તેમને ભુલી જતી હતી અને વારેવાર કેહેતી હતી કે " ખોદાએ મને જલદી લખવા માટે હાથની બે જોડ ખાપી હતેતો સારૂં ! " અંક્લે જોકે તે એક ડાહી દોહોરી મઈરી હતી તોપણ કદે અને સવભાવેતો એક બાલક હતું. તે બચાની પેઠે હસતી, બોલતી હતી. તે છતાં વીદીઆ અભીઆસને લીધે ખાણા પીણા અથવા નાચ રંગની મોજ તેણે પડતી મેલી હતી. "બાલ" નામનો જે નાચ ઘણો સાધારણછે, તેબી તેણે કદી જોએઓ નહી હતો. તેથી તેની માએ એક વખત તેને પોતાની સાથે તાંહાં લઈ જવાનું ઠરાવીઉં. આ ખબર સાંભલી બાલક લુકરીશીઆ પેહેલાંતો મોટી ખુશીમાં આવીને બોલી કે "અરે વા ! ઘણું મજાનું થશે. હું બાલમા જવાની ! અરે વા વા ! " એ રીતે થોડોવાર ખુશીમાં આવીને પછે તે વાંચવા બેઠી અને રાતના વખત થઈ ગએઓ તોપણ લુકરીશીઆ તઈઆર નહી થવાથી તેની માં તેને થપકો આપવા ગઈ પણ જોએછેતો નાચમાં જવાનું તદન ભુલી ગઈ અને પોતાની નાહાની ટેબલ ઉપર દુનીઆંની મોજ મજાહ ઉપર એક કવીતા લખતી બેઠેલી હતી!

સને ૧૮૨૩ નાં લુકરીશીઆની બેહેન મારગરેટનો જનમ થએઓ. તેથી લુકરીસના મંનમા એટલા બધા નવા જુસાઓ પેદા થએઆ કે તેજ દાહાડે પોતાની નવી બેહેનની મુબારકબાદીમા તેણે એક કવીતા જોડી જેનો તરજુમો હેઠલ આપીઓછે.

"મીઠાં બાવ ! હું આશા નહી રાખી શકતી કે ઝરવે આદમજાતને અસલી વખતથી જે ઠંકટો લખી આપેલાછે તેમાંથી તું છુટી થશે; પણ ખોદા તુને એવી શકતી મેલે કે ધારજથીતું તેવા દર એક ઠંકટને ખમે.

"તે તોફાની ઝખતમાં આશા તુને પોતાનું લંગર આપે અને પોતાના ફરેસ્તા રૂપી આકારથી તારે સાથે ટીગાઈ રેહે. મીઠી શખાવત, જે સદા સુલેહ બોયેછે તે આ તોફાનના કાંણમાં કેફ્રકે બંધ થા !

"અને ખોદા કરેને ધરમ, જે બેહેસ્તનું વાહાલું બચુ છે તે આ દુનીઆંના દુખ અને જંજાલ ઊપર તુને હસતાં શીખવે, તથા તુને આ દુખી દુનીઆંની બાહેર ઊંચા આકાશ તરફ જોતાં શીખવે કે જાંહાથી હમેસ દએઆ વેહેછે.

"છેલે જારે તુ આ દુખના સાગરમાંથી છુટે તથા જારે મોહોતનો કાલો પરડો પડે તારે તારૂં રૂહુ આ માટીના રેહેઠાણને જલદીથી છોડે અને તારા ખોદાની છાતી સાથ દબાએ ! "

તેર વરસના કેટલાં બચાં આવા નાદર વીચારો આપે ! લુકરીશીઆને લખવા વાંચવા ઉપરાંત તરીજો હવસ મા બાપ તરફના પીઆરનો હતો. મારગરેટનો જનમ થવા પછે તે તથા તેની મા બંને જણ આજારી પડીઆં અને તે વખતે લુકરીશીઆએ ચોપડી તથા કાગજને એક કોરે મેલીને રાત દાહાડો મા તથા બેહેનની ચાકરી કીધી એટલુંજ નહી પણ પોતાના બાપને મુખીઅ દીલાસો દેનારી થઈ પડી. પણ એ રીતે કલમ કે ચોપડી હાથમાથી મેલતાં તેને ખોદા ઈઆદ આવતો અને જારે તે પોતાના અભીઆસથી ઘણુ સુધી દુર રહી તારે છાંનીમાંની રડવા લાગી. એક દાહાડે તેની માએ તેને તેવી હાલતમાં પકડી કાહાડી તથા કારણ પુછીઉં અને તેણે સંધું કબુલ કીધાથી લુકરીસને પાછો અભીઆસ ચલાવાની રજા મલી. તેની પંદર વરસની વએમાંતો તેને જુદો ઓરડો કરી આપવાની ફરજ પડી. કોઈવાર તેમાં તે એકેક પખવાડીઉં સુધી એખલી રેહેતી હતી, ખાવા પીવા બાહેરબી આવતી નહી હતી. અને કોઈવાર તેની મા જઈ લાગતી તોં જોતી કે તેનું ભોણું તાહાડું પડતું અને લુકરીસ લખવાથી ઉઠતી નહી હતી. એવી મેહેનતે તેણે બીજી કવીતાઓ સાથે અમીરખાન નામની એક શુંદર કવીતા પોતાને પંદરમે વરસે પુરી કીધી, આ કવીતામાં તેણે એક કાશમીરના અમીરની કાંહાંની લખી હતી અને તેમાં દુનીઆંના આ ભાગને લગતું તેણે અછું ગનેઆન દેખાડીઉં હતું. આ વખતે લુકરીશીઆને એક નવાઈ સરખો શોખ હતો. તે કાગજના તાવોની નાહાની નાહાની ચીપો કરીને તેમને છેડા આગલથી વલગાવતી અને પછે તેમની બેઉ બારદુએ લખી જતી, એ રીતે પોતાની માને કોઈ વખતે વારના વાર કાગજ ઉપર લખેલું દેખાડતી હતી.

હવે આ હેવાલનો શીહા ભાગ શરૂ થાએછે. લોકો કેહેછે કે એવાં હોશીઆર બચાં જીવે તારની વાત, તેમ બીચારી લુકરીશીઆની માંને પણ જોવું પડીઉં. લુકરીશીઆ માતર ૧૭ વરસની ખીલતી જોબન ભરેલી વએમાં મરણ પામી. તેને નબલાઈ તથા નાકઉતી પેદા કરનારાં દરદો થએઆં હતાં, જેની અસર દાહાડે દાહાડે માંડી થવા લાગી, પણ તોબી વાંચવાનો શોખ તેનાં મોહોત સુધી રહેઓ હતો. તેણે લાંબા દાહાડા બીછાનું ભોગવીઉં હતું અને તેટલાં તેનાં સાથી તેની ચોપડીઓ હતી. પણ દરદ સાને કેહેછે ! આસતે આસતે તે બીચારી એટલી માંદી પડી કે ચોપડીઓ વાંચવાનુંબી તેને બનીઉં નહી. તેના જીવની છેલી ઘડી નજદીક આવવા લાગી. તે વખતે લુકરીશીઆએ પોતાની માને અરજ કીધી કે મારી સઘલી ચોપડીઓને મારી પાસે

લાવો. તે પછે તેણે તે ચોપડીઓને પોતાના બીછાંના ઉપર મેલાવી અને એક એક ચોપડી ઉઘાડી તેમાંના એકેએક સફાને ચુમી લઈને પોતાની પાસે ટેબલ ઉપર મેલાવી. તે વખતથી તે જાંહાં સુધી મરણ પાંમી તાંહાં સુધી ચોપડીઓ તેણે જોએઆ કીધાં અને એવી અચરતી ભરેલી હાલતમાં સને ૧૮૨૫ ના જુલાઈ મહીનામાં આ ચંચલ છોકરીએ ૧૭ વરસની ખીલતી ઉમરમાં પોતાનો જીવ પોતાના કીરતારને સવાધીન કીધો

(એતું સાંધણછે.)

—∞o∞—

## એક માનો ખોટો ઘભરાટ.

વારવીકશાએર ખાને એક ઘણો રમુજી બનાવ બનીઓછે. થોડાક દીવસની વાત ઊપર તાંહાંનાં એક ખેતરમાં કેટલાક છોકરાઓ રમતા હતા તેવામાં એક જણ છુટો પડીને એક ચેન પકડવા ગએઓ. તે કાંમમાં તે ફતે પાંમીઓ અને તેની ખુશાલીમાં એક દોરીને પોતાની ટોપીની આસપાસ વીટાલીને તે સાથે ચેનને બાંધી રાખી. તાંહાં રમતાં રમતાં તેને થાક ચહડી માટે ટોપીને જુદી રાખી પોતે તાંહાંજ ઊંઘાઈ ગએઓ. તેવામાં ગીદની જાતનુ એક પખશી તાંહાં પેલી ચેનને જોઈને આવી લાગુ અને ચેનને પોતાની ચાંચમાં પકડીને ઊડી ગએશી, તેથી તે છોકરાની ટોપી પણ દોરી સાથ બાંધેલી હોવાથી ઊપર ગઈ. આવી રીતે ઊડતાં તે પખશી એક પુલ આગલ આવીઆ પછે ઊપલી ટોપી દોરીમાંથી ટુટીને નીચેની નદીમાં પડી અને ઊંદર તેની ચાંચમાં રહી ગએઓ. થોડીવાર પછે પેલા છોકરાની મા પોતાના કાંમથી પરવારીને પુલ ઊપરથી જતી હતી. તેણે નદીમાં એક ટોપીને તરતી જોઈને તે ઊભી રહી અને બારીકીથી તપાસતાં તે ટોપી તેના પોતાના વાહાલા દીકરાની માલમ પડી. તે ટોપી હીંઆં કોહાંથી આવી ? તેને ધાસતી લાગી કે મારો છોકરો રમતાં રમતાં નદીમાં પડીઓ હશે અથવા કોઈએ તેને નાખી દીધો હશે. આ ધાસતીથી તે મોટા ઘભરાટમાં પડી અને બુમો પાડવા લાગી. તુરત આસપાસ લોક ભેગાં થએઆં અને સઘલાઓએ નદીમાં પુરતો ખોલ કરાવી પણ તે છોકરાની કસી નીશાન હાથ લાગી નહી. તે ઊપરથી તેની મા રડતી કુટતી પોતાના વરને કેહેવા માટે ઘર તરફ ગઈ—પણ રસ્તામાંજ તે છોકરોનો સાંમો આવી લાગો. તે છોકરો ખેતરમાં જારે ઊંઘાઈ ઊઠીઓ તારે પોતાની ટોપી ચોરાએલી જોઈને ઘણો બીહીધો હતો અને ઘરમાં મા મારશે એવી ધાસતી કરતો ઘર જતો હતો. પણ તેની માતો રસ્તામાંજ મલી અને ટોપી વીશે પુછવાને બદલે વલગી પડીને ખુશ ખબરી પુછવા લાગી. તે પછે તેની માએ ખબર કીધી કે તેની ટોપી નદીમાં પડી હતી અને પોતાના ઘભરાટની વાત કરતી તેણે પોતાને ઘર જઈ વરને સરવે બનાવથી વાકેફ કીધો.

—∞o∞—

## રમુજે ફુરસત.

૧. હું સફેદ છું, કાલુછું, રાતુ, પીલુ અને સરવે રંગનુબીછું. હું જાડુંછું અને પાતલુંબીછું. હું લાબુંછું અને ટુકુંબીછું. હું પોહોલુંછું, ગોલછું અને ચપટબીછું, મને કપડામાથી બનાવેછે, પાતરાંમાથી બનાવેછે, અને ચાંમડાંમાથીબી બનાવેછે. હું લખવામાં કામ લાગુંછું અને છાપવામા તથા ચીતારવામાબી કામ લાગુંછું. મારો પેહેલો બોલ કાહાડી નાંખો અને હું એક કાલો ચીજછું; મારો છેલો બોલ કાહાડી નાખોતો હું એક કાલું પંખીછું.

૨. ચોરસ કરવાનાં બોલો.

| | | | |
|---|---|---|---|
| વ ખ ત | અં જી ર | જ ત મ | છં દ ગી |
| ખ . . | જી . . | ન . . | દ . . |
| ત . . | ર . . | મ . . | ગી . . |

---

### સવાલનાં જવાબો.

(જુઓ ગએઆ આકના સવાલો)

૧ પઈડું—ઈડુ—પઈ.

૨ કમરકાકરી—કમર, કર, મર, કરી, કાકરી, મરી.

૩ ઉલટાવેલા શબદો—પીલ પીલાંઉ, આરબસતાંન, વાઘબારસ, કાલી ચઉદસ.

—

## પરચુરણ બાબદો.

**નવાઈ સરીખો બનાવ**—ઈંગલંડમાં બીમેંગટર નામના ગાંમડાંમાં એક જોડાંના લગનને વખતે એક નવાઈ સરખો બનાવ બનીઓ હતો. તેંએકે પરણતાં જોડાંનું, પરણાવનાર પાદરીનું, પછવાડે ઉભા રેહેનારાઓનું, લગનની નોધ રાખનારનું અને કવારકનું એકજ નામ હતું. તે સઘલાઓ સમીક નામના હતા.

---

**વીજલીક કલમ**—આ નાંમથી ફરાંનસમાં નવી જાતની કલમો બનાવવામાં આવીછે તેમાં એવી શકતીછે કે લખતી વખતે તેમાં એક જાતની વીજલી પેદા થાએછે અને તે શરીરમાં ફરી વલીને એવી અસર કરેછે કે લખનારને થા

ક ચહડવાનો અથવા હાથ દુખવાનો અટકાવ થાએછે ! ગો એઆ તેનાં હાથનો વઈદ તેની કલમ થઈ પહેછે. કેહેછે કે આ કલમમાં બે ધાતુઓની મેલવણીછે અને વીજલીની જે અસર પેદા થાએછે તે ઉપલી ધાતુઓને હાથનો પરસેવો લાગાથી થાએછે.

**આંમનીબશો**—મુંબઈમાં હમણાં નવી મોટી શીગરાંમો ભાડે ફરેછે. તેને બઈરાંઓ "આંમલીબાસ" કરી કેહેછે પણ ખરો ઈંગરેજી બોલ "આંમનીબસ" છે. ઈંગલંડ અને ફરાંનસનાં મોટાં શેહેરોમાં મોટી મોટી આંમનીબસો ઘણી ભાડે ફરેછે, જેઓને એક જગોએથી બીજી જગોએ નીકલવાનો વખત રેલવેની મીશાલે ઠરાવી રાખેલો હોએછે અને તેથી ગરીબ લોકોને સગવડ થાએછે. તેની સાબેતી એછેકે ગએઆં એક વરસમાં એખલાં પારીસ શેહેર મધે ૮૭૦૦૦૦૦૦ માણસોએ આંમનીબસમાં આવજાવ કીધી હતી.

**આએરલાંડમાં ઘરડાઓની વસતી**—આએરલાંડનાં ટાપુ મધે વસતીનો જે છેલો હીસાબ કાહાડવામાં આવીઓ હતો તે મુજબ તાંહાં સઘલાં મલીને ૫૭૯૮૯૬૭ માણસોની વસતી હતી જેમાંના ૭૪૨ માણસો ૧૦૦ થી વધારે વરસની ઉમરના હતાં. એ ઘરડાઓમાં ૨૭૮ મરદો તથા ૪૪૬ સ્ત્રીઓ હતી.

**શીખામણની વાત**—"જેબી માણસ આબરૂવાલું અને નમનતાઈ વાલું, ઈમાનદાર અને સાચુંછે તે કાબેલ અથવા બોથર, માતબર અથવા ગરીબ હોએ તોબી ગરહસથ આસાંમીછે."

"જીંદગીની નાહાલી અવસથામાં દુનીઆંના મોટાં કાંમો થાએછે."

"સારા મીતરો મેલવીઆ પછે સારી ચોપડીઓ મેલવવી જોઈએ."

"અગનાનપણાને કબુલ કરવું એ અકલ દેખાડવાનો સઉથી સરસ ઉપાએછે."

"ખુબસુરતમા ઈમાનદારી નહી હોએ તે સુનાની દાબડીમાં જેહેર રાખવા બરોબરછે."

"નરમાસ ધીમાં જહરાની મીશાલે સઉથી ખબરાએલા ફતરને સાફ કરેછે."

"પોતાનું અગનાનપણું કેટલુંછે તે દરએક જણે પેહેલાં પુરેપુરૂં શીખવું જોઈએ."

## છોકરીઓને ઈંગ્રેજી નિશાળ તથા શિક્ષક વર્ગમાં દાખલ થવા વિશે-(ગરબી).

લીલા તે વાંસની વાંસલી રે આડે મારગે વાગતી જાય એ રાગે.

સુનો સખીઓ† સહુ સજની રે,
આજ કેવી રૂડી તક જાય;
કેવા પરમારથી શેઠીઆ રે,
આંજ હીત તમારૂં રે ખાય. ૧
તને મને ધને એકઠા રે,
લીએ શ્રમ બહુ દિન રાતઃ
તમ અબલાઓના સુખની રે,
કરે યુક્તિ સદા ભલી ભાત. ૨
આગલ એવા દી ન આવતા રે,
નવ લેતું તમારૂં કોઇ નામ;
ગણતાં સદા સહુ હલકાં રે,
ઘર ખુનો તમારૂં રે ઠામ. ૩
વહીતરૂં કરી પેટ ભરવું રે,
રહી પડદે અંધારાંની માહય;
પશુ પેરે પડી બંધમાં રે,
અજ્ઞાન રોગે ખઈ જાય. ૪
ધન્ય દિવસો છે આજના રે,
સહુ ભુલ્યા હવે તે તમામ;
વ્હેમ વંટોલીઓ વહિ ગયો રે,
હવે દીપે તમારાં રે નામ. ૫
ધન્ય ભાયગ બહુ તમતણા રે,
આજે છે કંઈ નામીયા નર;
જન્મ લીધો હશે એ રૂડો રે,
તમ અબળાઓને ખાતર. ૬
કે ખર્ચી ગાંઠેનું અતિ રાત દીરે,
વળી અપદ્દોતણા બહુ દોષ;
સોળી નમાવી નિજ સરને રે,
અપશબ્દો ભર્યા અતિ રોષ. ૭
તોય હઠયા કદી ન ડગ એકબી રે,
દીધું આરંભી રૂડું કાજ;
શાળા ઈંગ્રજી ભલી સ્થાપી રે,
તમ અબલાને શીખવા કાજ. ૮
ધન્ય છે તેવા સખી શેઠોને રે,
કેવું કીધું રૂડું બહુ આજ;
જ્ઞાનનો સાગર ખોલીયો,
જેથી રેહશે તમારી રે લાજ. ૯
ધન્ય દિવસો ગણો આજના રે,
માનો દીસે પ્રભુતણો પાડ;
સુખના બીજ હવે રોપાયાં રે,
ફલ દેશે પછી તેના ઝાડ. ૧૦
વળી શિક્ષક વર્ગ છે ખોલીયો રે,
કરી રૂપાંની ઉપરથી ભેટ;
તોય કેમે નવ સાંચરો રે,
રાખી અંગે ઉમંગ ને હેત. ૧૧
શિખીને શીખવો પ્રેમથી રે,
તમ બેનપનીઓને નીત;
જેથી ઉલટ વધે તેમને રે,
ભાગે મનમાં જે ખોટી છે છીત. ૧૨
માટે બેનીઓ સહુ ઉઠોની રે,
નવ જોવી હવે રાહ કાંઈ;
હોંસે કરી સહુ નીકલો રે,
કરે વીનંતી નાનાભાઈ. ૧૩

† જે જે શબ્દોમા કાળા અક્ષરોછે તે અક્ષરોને ઘણા લાંબા વાચવા.

# સ્ત્રીબોધ.

પુસ્તક ૭ મું. ડીસેમ્બર ૧૮૯૩ આંક ૧૨ મો.

## વફા ઉપર જફા

અથવા

### "માંણસનુ ધારવું—ખોદાનુ કરવું."

એક વારતા.

---

પરકરણ અગીઆરમું.

### ભુલાં પડેલાંનો મેલાપ.

લડાઇ—લડાઇ—લડાઇ !

કેવો ભયંકાર શબદ ! કેવો ગભરનાક બનાવ ! કેવી આફત ! કેવો નાસ !

જાંનની ખોવારી, ઝીલકતની પાએમાલી, દેશનુ નખોદ, રાજની હાલહવાલી એ લડાઇના માહાઠુરાં પરીનામછે. રડતી માતાઓ, આશાભંગ પીતાઓ, દુખીઆં બાલકો, નાચાર વીધવાઓ એમાં લડાઇનુ શેવટ આવેછે.

અને તેવી લડાઇ જારે રાજા ફુરીબરોજના રાજ ઉપર આવી, જારે મદાએનના રાજાનું લશકર ફરી બરોજની શરહદ ઉપર ચહડાવો કરતુ ઉતરી પડીઉ, જારે તે રાંક રાજાને પોતાના દીકરા દીકરીઓનાં ગુમ થવાથી લાગેલાં દુખ ઉપર આ નવાં દુખથી દાહાંમ થએઓ તારે શું તેને ઘબરાટ નહી લાગે ?

ફતર સરખી છાતી ફાટે તેવુ એ રાજાનુ શંકટ હતુ. "નબલા હાકમે રઇએત જોરાવર" તેવો તેનો હાલ હતો. માટે જારે તેણે સાંભલીઉ કે મદાએનના એલચી તથા સરદાર ફોજ લઇ તેની નજદીક આવી લાગાછે તારે તે ધાસતીથી કાંપવા લાગો. તે પોતેતો પોતાની ઉમરની ભરતીમા હતો, અને રાજની તરફથી કુંમર તંગ કરી લડાઇનાં મેદાનમાં ઉતરે એવા વીસવાસુ માણસોની તેને તાંણ હતી.

તે મોટા અંદેશાથી બોલતો હતો કે "ઓ ખોદા ! આ કેવો જુલમ ! શું દુખ આવે તારે સઘલુ સામટુજ આવેછે ? મારી સરવે આશા ભંગ થઇછે. મારા બેટાઓ ઉપર મેં બાંધેલી ઉમેદ તુટીછે. મારી દીકરી અચાણચી ગુમ થઇ પોતાના ભાઇઓના ફેજને પોહોંચીછે અને છેલે મારો સાવકો દીકરો પરશંગ જેણે આ લડાઇમા જવાની ઘણી હીમત આપી હતી તથા જેની કુંમક ઉપર હું મુસતાક રહેઓ હતો તે પણ મને છોડીને ખોદા જાંણે કાંહાં જતો રહેઓછે. વલી મારી રાંણી એ છોકરાના જવાથી હેભત ખાઇ બજારી પડીછે અને તે આ જુલમ ઉપર ગોએઆ ચોટલી થઇછે."

આ અંદેશામાં રાજા ગોએઆ તદન દુખી જતો હતો. શું ઉપાએ કરવો તે તેને સુજતુ નહી હતુ. શું તે લડાઇ ઝાડી વલાવે ? અથવા શું તે લડાઇ ચાલુ રાખી હાર પામવાની શરમ પોતાને લાગવા દીએ ? રાજાએ ઘણો વીચાર કીધો, દરબારીઓની ઘણી મસલત લીધી અને અંતે સુલેહનો વીચાર ઝાડી વાલવાની ફરજ પડી. રાજાએ પોતે લડાઇમા જવાનો ઠરાવ કીધો તથા તેના સરદારોએ તેને સારીપેઠે હીમત આપી.

એજ લડાઇમાં તેની છોકરી ગોલચેહેર શાંમેલ હતી એવી એ રાજાને શું ખબર હતી ? નહી. તે કાંહાંથી જાંણે ? કીરમાંનના જંગલમાં આપણે તેને છેલવેલી પરશંગની બાજુએ જોઇ હતી, અને વાંચનારને ઇઆદ હશે કે પરશંગ મે પેલા બેઆના એક છોકરા (ગોલચેહેરના ભાઇ) એ મારી નાંખીઆથી તેના ડોકાં વગરની લાસને જોઇને તથા પરશંગના દીલમાં પોતાના મનોચેહેરનો પોશાક જોઇ તે પરશંગને પોતાનો વાહાલો ઘણો સમજી શુંદર ગોલચેહેરને રૂદન કરતી આપણે મેલી હતી. તાહા મદાએનનો એલચી તથા સરદાર આવી લાગા હતા અને એક ખુબશુરત છોકરા (કેમકે ગોલચેહેરનાં દીલમાં મરદનો પોશાક હતો) ના આવા હાલ જોઇ તેને હકીકત પુછી હતી. ગોલચેહેરે જે નાંમ ગોફા મધે વસનારા છોકરાઓને જણાવીઉ હતુ તેજ, નાંમ આ એલચીને બી આપીઉં, ઇઆને કે "મારૂં નાંમ દારાછે." તેણે જણાવીઉં કે "સાહેબ હું એક મીસકીન ચાકર છઉં. આ લાસ મારા શેઠનીછે. જે મદાએન તરફ આવતો હતો અને જે વાટમાં ધીનડારાઓથી મારીઓ ગએઓછે." એલચીને આ શુંદર ખીદમતગાર ઉપર દએઆ આવી. તેણે પુછીઉં કે છોકરા તું હમારી સાથે સામેલ થશે ? ગોલચેહેરે હા કહેઉં અને એલચી ખુશી થઇ ગએઓ. ગોલચેહેર જોકે મરદનાં લેબાશમા હતી તેપણ તેનો ચેહેરોજ દરએક આદમીને પીજ લાવવાને બસ હતો. એલચી સઉનાં કરતાં આ ચાકરને ઘણો ચાહાતો હતો અને લડાઇમાં તે તેને ઘણી મદદ આપશે એવું વીચારતો હતો. ગોલચેહેર પોતાને મનસે બોલતી

કે "ખોદા શરમ રાખે! મનોચેહેર! મનોચેહેર! તારે ખાતર આ સરવે આપડા ખમવી પડીછે."

વલી ગોલશેહેરને ખબર નહી હતી કે જે મોટી લડાઇને માટે આ સરદારો સાથ તે નીકલી હતી તેજ લડાઇમાં તેનો વાહાલો મનોચેહેર પણ હતો. ગોલશેહેરની ખાતરી હતી કે મનોચેહેર મુવેલો હતો, કેમકે મુવેલા પશંગનાં દીલમાં મનોચેહેરનો પોશાક જોઇ તેણે પોતાનાં ધણીને આ જીહાંનમાં મલવાની આશા મેલી હતી. તેમજ બીજા હાથ ઉપર મનોચેહેર ગોલશેહેરને મુવેલી સમજતો હતો, કેમકે તેના ભલા ચાકર પીમસુમે પોતાની બાઇને જીવતી રાખી મરદનો પોશાક આપવા પછે પોતાના શેઠ ઉપર એવું લખીઉં હતું કે તેણે તેનાં હોકમ મુજબ શેઠાંણીનું ખુન કીધુંછે અને તેની ઇધાણી દાખલ તેણે મનોચેહેર ઉપર લોહીથી ખરડેલો રૂમાલ પણ મોકલીઓ હતો. તારથી આ નોજવાન ગરહસથ બેચેન થએઓ. ગોલશેહેરના ખુનની ખબર સાંભલી તેને દએઆ લાગી હતી. આગલી પરીતી અને જુસાઓ તેને ઇઆદ આવતા હતા. તે આ દુનીઆમાં જીવવું હવે દરૂસત ધારતો નહી હતો અને આ લડાઇમા ભાગ લેવાનો તેણે ઠરાવ કીધો હતો, પણ વાંચનારે ઇઆદ રાખવું કે મનોચેહેરતો પોતાનાં રાજા ફરીબરોજની તરફથી છુપી રીતે લડવા આવીઓ હતો. તેને પોતાનુ દેશ વાહાલુ હતું અને જોકે રાજાએતો તેને દેશનીકાલ કીધો હતો, તોપણ દેશને ખાતર ભરવાડનાં લેબાસમાં બાહેર પડી મરવાને તે તઈઆર હતો.

બીજા હાથ ઉપર વલી આ લડાઇનાં મેદાનમાં પેલો તરકટીઓ કાવે પણ સાંમેલ હતો. તેણે જારથી ગોલશેહેરની બાંગડી લુટીને મનોચેહેરને ઠગીઓ તારથી તે સુખી નહી હતો. મનોચેહેરે તેને ગોલશેહેરની જે વીટી આપી હતી તથા જે વીટીને ખાતરતો તેણે ઉપલું મોટું કામ કીધું હતું તે વીટી જોકે તેનાં આગલાને જેમ દેતી હતી તોપણ તેનું હઈડું તેને દંખતું હતું. કાવે મદાએનમાં ઘણો આબરૂવાલો (!) હતો અને તેથી લડાઇમાં સામેલ થવાની તેને જે ફરજ હતી તેમાં તેનાં મંનનાં દુખથી રેકો મલીઓ હતો.

હજુર બીજા ભુલા પડેલાઓનો હેવાલ આપવોછે. પેલો શીઆનો પીલસુમ ગોલશેહેરનો ખરો દોસત અને મનોચેહેરનો ભલો ચાકર આં લડાઇમાં હાજરી આપવાથી ચુકો નહી હતો. એકતો પોતાનાં રાજાને તેનાં નબલા વખતમાં મદદ કરવાની તેની ફરજ હતી, અને બીજુતો પોતાની શેઠાંણી વીશે તેને ઇનતેજારી લાગતી હતી. તેને મરદનાં પોશાકમાં તે કીરમાંનનાં જંગલમાં મેલી આવીઓ પછે તેનું શું થએઉં તે વીશે પીલસુમે અનજાનો હતો. તે પોતાના રાજાનાં લશકર સાથ લડાઇમાં આવીઓ હતો.

અને છેલે પેલા બે નગીનાઓ—પેલા બે હીમતવાન, કદાવર છોકરાઓ—પેલા બે રાજાના ખુબસુરત પણ અનજાના બેટાઓને કાંએ ભુલી જઇએ ? તેઓ શું આ લડાઇમાં શાંમેલ નહી થએઆ હશે ? તેઓનુંતો તાંહાંના ગોફા મધે રેહેઠાણ હતું. પણ તે ગોફામાંથી નીકલી બીજા કોઇ જંગલમાં જવાની જેને તેઓ બાપ કરી કેહેતા હતા તેની ઘણી મરજી હતી, કેમકે જો તે તાંહાં રેહેતો પકડાઇ જવાની તેને ધાસતી હતી. આંનીગેમ શુરા છોકરાઓ હતા. તેઓની નેસમાં પાદશાહી લોહી હતું અને શું તેઓ બીહીક બતાવે ? ના—પોતાની જીંદગીમાં પેહેલીજવાર તેઓ આ "બાપ"ની સાંમે થએઆ અને કહેઉં કે "તમે શા માટે બીહોછો ? હમે અને હમારી છાતી ઉપર ખોદાનો છાએઓછે ! હમે લડાઇઓ જોઇ નથી, માટે પેહેલાં હમે તે જોઇશું અને પછે જરૂર પડશેતો તેમાં શાંમેલ થઇશું."

એ રીતે આ કાંહાંનીમાં એક એવોબી વખત આવીઓ કે જારે સઘલા વીખરાએલાઓ, રાજા, તેની દીકરી, તેના દીકરાઓ, મનોચેહેર, પીલશુમ, કાવે, સંધાઓ એકઠા મલીઆ હતા; પણ ફોજ મોટી પડેલી તેથી કોઇની કોઇને ખબર નહી હતી.

---

## પરકરણ બારમું.

### લડાઈ—મદદ—ફતેહ.

લડાઇ ચાલુ થઇ એમ કેહેવાનીતો કાંઇ જરૂર નથી. તેમજ આ ખુનખાર મારામારીનું બેઆન કરવાનુંબી સેહેલું નથી.

કતલ, કાપાકાપી અને ઘબરાટ જે આવા બનાવને વખતે હોવુંજ જોઇએ તે આ લડાઇમાં ભારી જોસથી જણાતું હતું. આખ વીચીએ તેટલાં માણસો કપાઇ જતાં હતાં અને લોહીની રેલ ચાલતી હતી. તે વખતે સઉથી વધતો ઘબરાટ આપણી ગોલશેહેરને લાગતો હતો. જોકે તે મરદના આકારમાં હતી, પણ જાતેતો સ્ત્રી, માટે આવા બનાવ તેણે કેઆરે જોએલા ! તે લડાઇને વખતે એક ખુણે ભરાતી અને કતલ જોઇને થરથર કાંપતી હતી.

વાંચનાર શું ધારેછે ? નસીબે કોણને ઇઆરી આપી! અલબતાં મદાએનના લશકરને. રાજા ફરીબરોજતો બીચારો નબલો હતો અને તેની ફોજમાં પણ કાંઇ દમ નહી હતો. સાંમી ખોરદુએતો જબરદસત લશકર હતું અને તેથી રાજા ફરીબરોજ જીહીતે એવી થોડાઓનેજ આશા હતી. તેમજ થએઉં, રાજાનું ઘણું લશકર મારીઉં ગએઉં, દુશમનનું લશકર શેહેર તરફ આગલ વધતું ગએઉં. એટલુંજ નહી પણ છેલે ગરીબ બચારો રાજા ફરીબરોજ—કેદ—કેદ પકડાએઓ !

આ ! હા ! આ વખતે તેને કેવું લાગું ! તેને મદદ આપનારાઓ કાંહાં ગએઆ ! મનોચેહેર અને પીલસુમ સરખાં ભલાં માણસોનું કાંઇ ચાલીઉં નહી ! એક ગીચ જાહાડી જાંહાંથી એકું બે માણસ જાએ એવો વાટ હતો તાંહાં દુશમનના માંણસો ફરીબરોજ રાજાને ઘેરી શકીઆ ! તે વાત તેના આખાં લશકરમાં ફેલાઇ અને સઘલાઓ નાંઉમેદ થએઆ.

પણ ખોદા નબલાની હરએક રીતે દાદ લીએછે.

જેવો રાજા કેદ પકડાએઓ કે—"બાઇ આંણી ગેમ આવો, આંણી ગેમ આવો," એવો પોકાર ઉઠીઓ અને બે નોજવાન, સુરા છોકરાઓ જાહાડી કુડાવતા નીકલી આવીઆ. તેઓએ હીમતથી રાજાનાં ચોકીબાંનો ઉપર ધસારો કીધો તલવારો અને તીરકાંમથાંઓમાં હાત ચાલાકી દેખાડી અને વાચનાર શું પરીનામ ધારેછે ? ચોકીબાનોનાં મુવાથી રાજા છુટો, તદન છુટો થએઓ !

આ છોકરાઓ પેલા બે ગોફામાં વસનારા ભાઇઓ હતા—પેલા એજ રાજાનાં પોતાના સગા દીકરાઓ હતા. તેઓ રાજાને રાજા દાખલજ ઓલખતા હતા અને એમ નહી જાણતા કે તે તેઓનો બાપ હતો. તોબી જારે રાજા કેદ પકડાવા પછે વીચાર કરતો કે "ખોદા ! મારા છોકરાઓ આ વખતે મને કેટલી મદદ કરતે" તારે તેનાંજ છોકરાઓએ ઉપલી કીમતી મદદ આપી હતી.

પણ આ શાહાજાદાઓ માતર તેટલું કરીને જોવા નહી ઉભા. બે સાધારણ છોકરાઓને આટલી મરદાનગી દેખાડતા જોઇને, તથા રાજાને છુટેલો જોઇને તેના લશકરમાં પાછી ઉલટ આવી. વલી દેશનીકાલ આતબીન જેણે આગલ ઘણી લડાઈઓ મારેલી તેણે આ વખતે પોતાની મેલે રાજાની ફોજની સરદારી લીધી અને એક મરતબે ફરીને લડાઈ ચાલુ થઈ.

એક ગમથી આતબીન રાજાની ફોજને લડાવતો હતો અને બીજી ગમથી જહાંગબખશ અને શાવખશ એ બે ભાઈઓ રાજાને કેદ કરવા માટે તેની આગલ આવનારા દરએક સીપાઈને કાપીઆ જતા હતા. ઉપર જણાવેલુંછે કે એ જગા ઘણી સાંકડી હતી અને તેથી ઉપલું કામ આસાંનીથી થતું હતું.

અંતે શેવટ આવીઉં. આ બે છોકરાઓ અને તેમના પેલા બાપની કોશેસથી બનાવનું ચકર તદન ફરી ગએઉં. મહાએનના લશકરની હાર થઈ, મહાએનનો એલચી, સરદાર, પેલો તરકટીઓ કાવે અને બીજાઓ કેદ પકડાએઆ.

ગોલશેહેરબી દારાના પોશાકમાં કેદ થઈ હતી. તે એલચીના નોકર દાખલ તેની પાસેની પાસે હતી પણ તે જાંણતી હતી કે પોતાના બાપનાજ લશકરે તેને કેદ કીધી હતી. અલબતાં હવે તેને જાજી ધાસતી નહી હતી, પણ શું થાએછે તે જોવાની તેને ખાહેશ હતી. વલી એલચીની ચાકરી એકાએક મેલીને તે જઇ શકતીબી નહી હતી.

મનોચેહેરે જોકે રાજાને મદદ કીધી હતી તોપણ તેબી કેદ પકડાએઓ હતો ! સરવે સીપાઈ કેદીઓને શેહેરમાં જુદા જુદા લઈ જઈને કેદ નાખીઆ હતા જેમાં મનોચેહેર એક જુદી કોઠડીમાં પડીઓ હતો તથા એલચી, ગોલશેહેર ઇતીઆદીને એક સારી જગામાં રાખીઆ હતા. રાજા દરબાર ભરી તેમની તપાસ કરનાર હતો.

એ રીતે સાંજ પડી અને લડાઇનું શેવટબી આવીઉં. આખાં ગાંમમાં ખબર પડી કે એક ગામડીઆ તથા તેના બે છોકરાઓની મદદથી રાજાની ફતેહ થઈ. રાજા તેઓને મોટાં માન સાથે પોતાની દરબારમાં લઇ ગએઓ અને આખી રાત સરવે જણે આસાએસમાં ગુજારી. જહાંગબખશ અને સાવખસે તે દાહાડે પેહેલ વેહેલું એક વસતીનું શેહેર જોએઉં. મેહેલની રચણા અને ધાંમધુમ જોઈ તેઓ ઘણા અચરત થએઆ અને તેથી રાજા એ સાદા છોકરાઓ ઉપર આફરીન કરવા લાગો.

પણ હજુર તે જાણતો નહી હતો કે તે તેના પોતાના દીકરા હતા !

---

## પરકરણ છેલું.

## જફાનો અંત.

કાલ અને આજમાં કેટલો બધો ફેર ! ગઈ કાલેજ રાજા મોટા અંદેશામાં પડેલો હતો, લડાઇનું કેમ કરવું તેનો વીચાર કરતો હતો અને તે જીતી આવશે એવું બીલકુલ ધારતો નહી હતો, માટે પોતાના રાજ અને તાજને તે છેલી સલાંમ કરી ચુકો હતો. આજે તે મોટા હરખમાં ચકચુર હતો, તેનુ રાજ તેને મલીઉં હતું અને પુરતા દબદબાથી જે દરબાર ભરી તેમાં જે દુશમનોનો તેને ડર હતો તે દુશમનો તેની સાંમે નીચા થએઆ હતા.

"માણસ ધારેછે—ખોદા બજાવેછે" એ સુનાંનાં શબદોછે, એ ખરેખરી કેહેવતછે.

જે બે ગામડીઆ દેખાવનાં છોકરાઓએ રાજાને મદદ કીધી હતી તેઓને તથા તેમના બાપને રાજાએ પોતાની આંખ આગલ રાખીઆ હતા. તેઓમાંનાં એકને તે રાજાનુ હઇડું, બીજાને કલેજું અને તરીજાને ભેજું કરી કેહેતો હતો, ઇઆને આ તરણ માણસો તેને એ તરણ અવીઅવોનાં જેટલા કીમતી માલુંમ પડીઆ હતા.

દરબારમાં તેનુ જે પેહેલું કાંમ હતું તે આ તરણ જણુંઓને માંન આપવાનું હતું. રાજાએ પોતાની જમણી તથા દાવી બેઉ કુએ તેઓને બેસાડીઆ હતા, તથા પોતે તેઓની વચે તેઓની ખાધ ઉપર હાથ નાખી બેઠો હતો. તેણે તેઓને બેતાબો તથા ચાંનોની ભેટ કીધી અને ખરેખરો ઉપકાર જાહેર કીધો. એ બધો વખત આતબીનને એક અંદેશો હતો અને તે એટલોજ કે આ છોકરાઓ રાજાનાં પોતાનાછે એવું જાહેર કરવું કેમ.

અલબતાં તે તક શોધતો બેઠેલો હતો.

રાજાની રાંણી તેની પાસે નહી હતી ગોલશેહેરની તે સાવકી મા પોતાનાં સગા દીકરા પશંગના જવા પછે એટલી તો બીમાર થઈ હતી કે તેની જીવવાની આશા નહી હતી અને આ દરબારને વખતેજ તે મરણ પાંમવાથી રાજાનો વઇદ ખબર કરવા આવીઓ કે "રાણી મરણ પાંમીછે," પણ એ ખબરથી રાજા જેટલો દલગીર થએઓ તે કરતાં એક બીજી ખબરથી તેને વધારે અચરતી ઉપજી હતી તે વઇદે કહેઉં કે "જહાંપનાંહા અરનવાજ - રાંણીએ બીછાંનાં ઉપર છેલી ઘડીએ કબુલ કીધું હતું કે તેવણ તમારી તરફ જે પીઆર બતાવતાં હતાં તે માતર બાહેરનો હતો, અને તમારૂ તાજ લેવાનાં લોભને ખાતર તેવણ તમોને ચાહાવાનું ઢોલ ઘાલતાં હતાં. બીજું તેવણે એ કબુલ કીધુંછે કે તેવણ તમારી બેટી બાંનુ ગોલશેહેરનાં નાહાસી જવાથી ખુશી હતાં અને તેનાં ખાવંદ મનોચેહેરને માતર તરકટથી તેવણે દેશનીકાલ કહડાવીઆ હતા."

ખાકી ઇનસાંન જીંદગીનો શું ભરોસોછે ! આ રાંણી થોડીજ મુદત ઉપર મોટો દમર રાખતી હતી પણ મોહોતે તેનાં ઉપર અસર કીધી અને તે પોતાના પાપનો એ રીતે પસતાવો કરી મરણ પામી.

વાંચનાર કદાચ વીચારશે કે આવી એક રાણીનાં મોહોતથી રાજા જાજો દલગીર થએઓ નહી હશે, પણ તેને દ

લગીરી ઈઆ ખુશાલી દેખાડવાની જરા તક મલી નહી હતી, કારણ કે ઉપલા વઈદે આ ખોલાસો કીધા પછે તરતજ રણસીંગડાનાં અવાજ થએઆ અને કાલની લડાઈમાં પકડેલા બંદીવાંનોને ચોકીબાંનોએ હાજર કીધા.

આ બંદીવાનોમાં મદાએનનો એલચી તથા સરદાર હતા. ગોલશેહેર પણ પોતાનાં મરદનાં પોશાકમાં આવી ઉભી હતી. મનોચેહેરખી ભરવાડની પેઠે તાહાંજ હતો અને પેલો તરકટીઓ કાવે તેની પાસેજ હતો.

શું આ વખત કાઈજ ધભરાટ થએઓ નહી હશે? હા ધભરાટ હતો. પીલસુમે પોતાની શેઠાંણીને તરત ઓલખી અને તમાસો જોતો ઉભો રહેઓ. પેલા શાહાજાદાઓ પોતાનાં મુવેલા દોસત દારાને તાંહાં ઉભેલો જોઇ મોટી અચરતીમાં પડીઆ હતા અને વીચારવા લાગા કે "તેને આપણે જાહાડની હેઠે મુવેલો નાંખીઓ હતો અને તે જીવતો કેમ થએઓ." *મનોચેહેર આ મેહેલ જોઇ પોતાની આગલી મોજ* ઈઆદ કરવા લાગો. ગોલશેહેરની છાતી ઈનતેજારીથી ધકધકવા લાગી. આ કેવો તમાસો!

પરથમ રાજો બોલીઓ. મદાએનનાં એલચીને તેણે કહેઉ કે "ભાઈ હવે તું કાંઇ શુલેહનો પેગાંમ લઈને નથી આવીઓ પણ મારા કેદી દાખલ આવીઓછે અને હમારૂ બલ કેટલુછે તે તેં જોઈ લીધુછે." એલચીએ અદા બજાવીને રાજાને અરજ કીધી કે "હું મરવાને અથવા તમો નાંમદારજે સજા કરો તે ભોગવવાને તઈઆર છઉ પણ એક વાત માંગી લઉછઉ. તે એછેકે સરવે કેદીઓને તમો ગમે એટલુ દુખ દેજો, પણ આ મારો ખીદમતગાર દારા (ગોલશેહર) ને તમે હલાક કરતાનાં. એ છોકરો ઘણો રાક અને સમજુછે. વલી તેણે તમારૂ કે મારૂ કાંઈ નરશુ કીધુ નથી. તે કાંઈ લડીઓખી નથી, પણ ઉલટો એટલો નાજુકછે કે લડાઈ જોતાંજ તે ધુજેછે. વાસતે તમારે ગમેતો સરવેને ગરદન મારજો પણ ખોદાને વાસતે એ ગરીબ છોકરાનો જાંન લેતાનાં."

આ વાત સાંભલીને રાજાએ ગોલશેહેર તરફ જોએઉં. ગોલશેહેરેતો ઠરાવ કરી રાખીઓ હતો કે બનેતો કાંઇ હીઆં તાલ લગાડીને વાત કરવી, માટે ચુપ રહી હતી, પણ તોબી તેનો ચેહેરો ફગશાએલો હતો અને ખુશી તથા ધાસતીની તે ઉપર નીશાંન દીસતી હતી.

આવા જવાંન, શુંદર છોકરાને શુ રાજો માંફી નહી બખશે? તેણે એલચીની અરજ તરત બાહાલ રાખી. આ છોકરાની સુરત ગોએઆ તેણે આગલ જોએલી હોએ એવુ તેને લાગુ. માટે દારાને તેણે પોતાની પાસે બોલાવીઓ, તેને માંફી બખશી એટલુજ નહી પણ તેને કહેઉ કે "શુંદર છોકરા તુંને જે ગમે તે માંગ અને તેં હું આપવાને તઈઆર છઉ"

પણ આ સુંદર છોકરાનુ ધેઆનતો બીજી ગમ લાગુ હતુ. પેલો બાંગડીચોર તરકટીઓ કાવે તાહા બંદીવાન દાખલ ઉભેલો હતો અને તેની આંગલીએ જે વીટી હતી તે ગોલ શેહેરે પોતાના ધણીને આપેલી હતી. તે વીટી કાવેએ પેહેડવા ઉપરથી ગોલશેહેરને શક આવવા લાગો અને એ ઉપરથી વધતો ખોલાશો મેલવવાની તેને ખાહેશ થઈ.

રાજો ફરીથી બોલીઓ—"છોકરા તું માગી લે—શું માંગેછે? હમે ખોટી છઈએ." ગોલશેહેર હજીર પોતાનાં ધેઆંનમાં હતી અને તેથી રાજો વીચારમાં પડીઓ. તે ફરીથી બોલાઓ—"ખુબશુરત જવાંન મારી આએઆ તું ઉપર ઘણી દોહેછે. મારી ખુશીછે કે હવે પછે તું આ મેહેલમાં રેહે અને મારી સાથ પરીતી બાંધે. છોકરા દારા તું બોલ તારી શું મરજીછે."

હવે ગોલશેહેરે જવાબ આપીઓ. કાવે તરફ આંગલી કરીને તે બોલીકે "જાંહાંપનાંહાં તમુને એક તસદી આપવા માગુ છઉ અને તે એછે કે પેલા કેદીને પુછો કે તેને આંગલે જે કીમતી વીટી જેબ દીએછે તે વીટી તેને કાંહાંથી મલી?"

રાજો—(કાવેને) ભાઈ બાહેર નીકલ. આ જવાંન છોકરો જે કાંઇ પુછેછે તેનો જવાબ દે અને અગરજો જુઠાંનેરાસતીનુ રૂપ આપશેતો તારી સજા બમની થશે.

*ગોલશેહેર—હું જાંણવા માગુ છઉ કે એ શખસ વી*ટી કાંહાંથી લાવીઓ?

મનોચેહેર મનશે વીચાર કરવા લાગો કે "એ વીટી તો મેં એને આપેલીછે અને આ છોકરાને શું એટલી ગરજ પડીછે કે તે પુછવા નીકલોછે."

કાવેથી ચુપ નહી રેહેવાઈ શકાવાથી તે લગાર જુસાથી બોલીઓ કે "નાંમદાર રાજા. એવી વાત તમે મને પુછોછો કે જે જાંહાંસુધી મારા મનમાછે તાંહાંશુધી હું પશતાવો કરૂ છઉ અને જાંહાંસુધી તમારાં મનમાં રેહેશે તાંહાંસુધી તમે દુખી થશો."

રાજો અચરતીમાં પડીઓ અને મનોચેહેરને શક આવવા લાગો. પણ કાવેના પાપે હવે જુસો કીધો. તેણે જોએઉ કે બંદીવાંન દાખલ તેને સજાતો લખી આપેલીછે માટે સઘલી વાત કબુલ કરવાને તેને આચકો લાગો નહી.

તે બોલીઓ કે "રાજા મારી બેઅદબી માફ કરજે પણ મને બોલવા વીનાં ચાલતુ નથી. મારૂ પાપ મારી છાતીમાં સમાતુ નથી. રાજા, તારી દીકરી, તારી શુંદર, શીરીન ગોલશેહેરની આ વીટીછે અને તારા નેકનાંમ સુરા જમાઈ મનોચેહેરે મને આપીછે. એ વીટીને ખાતરતો તે શુંદરને મેં દગો દીધોછે અને તારા જમાઇને મેં ઠગીઓછે. એ વીટીને ખાતરતો મેં તારી છોકરીની બાંગડી ચોરીછે અને મારા આખાં તંનને પાપમાં બોરીઉંછે. પાદશાહા મારી છાતી ભરાઈ આવેછે, માટે મને વધુ નો બોલાવ."

આ વાતોથી રાજાનીતો ગોએઆ છાતીજ બેઠી. પણ તેણે પુરેપુરૂં બેઆન કરવાની તુરાંની કાવેને ફરજ પાડી અને તે વખતે મનોચેહેરને થઈ આવેલા જુસાનું કેમ બેઆન થાએ! કાવે, ગોલશેહેરની વીટી ઉપર કેવો લલચાએઓ, તેટલા માટે ગોલશેહેરને ફસાવાની તે કેવી ઈઉકતીઓ કરતો, નહી ફાવીઓ તારે પેટીમાં ભરાઈને ગોલશેહેરની બાંગડી તેણે કેમ ચોરી એ સઘલાંનુ બેઆન જારે આજે મનોચેહેરે સાભલીઉં તારે શું તેનો પીતો નહી ઉછલી આવે?

આજે મનોચેહેરે ગોલશેહેરની વફા જોઇ, આજે તેનું મન પાછું ફરીઉં. તેને એવો જુસો થએઓ કે જો આજે ગોલશેહેર જીવતી હોએતો પાછો તેને ગલે વલગે અને માફ માગે. પણ તે એવું જાણતો કે તેણે તે *પરીજાતનું* નાહેકનું ખુન કરાવીઉં. માટે કાવેના એકેક બોલમાં તેની છા

તીએ તીર વાગતો હતો તથા કાવે ઉપર મહડી બેસવાનો ઈરાદો થતો હતો. પણ તેણે તે ખમી રાખીઉં અને જારે વધારે નહી ખમાએઉં તારે બાહેર આવી બોલી ઉઠીઓ કે—

"ઓ ખોદા ! હે દેવ ! મારૂ મોહોત મોકલ ! ઓ ગોલશેહેર તું બેહેસતમાં મને તેડી લે. અરે—રે ! ઓ જાલમ કાવે તેં મારૂં નખોદ વાલીઉં, તેં મારૂં ખાંનું ખરાબ કીધું. હે જીવ ! ખુંની, ભોલા, ઠગારા જીવ આ શું બની ગએઉં ! જાંહાંપનાહા ખોદાને વાસતે તમારા જલાદને બોલાવો અને જલદી મારી ગરદન કપાવો. મને નરખમાં નાંખો, મને કોહેલાં ઈંડાંનો માર મારો, મારી સાંમે સઉથી જંગલી હેવાંણોને છોડી મેલો. અરે હું સઉથી મુંજી ખુંની છઉં ! મેં તમારી છોકરીને મારી નખાવેલીછે અને તેમાં જાણે મેં મારૂંજ ખુન કીધેલુ છે. અરે કોઇ એવો સુધો નેઆએબીસ નથી કે મને દોરડુ, છરી ઈઆ ઝેહેર અપાવે ? પાદશાહા હુંજ તે નીચ, જાલમ, મુરખ મનોચેહેર છઉં, જેણે તારી છોકરીને મારી નખાવીછે. અરે ગોલશેહેર, નેકીનું મંદીર, અરે મારા જીવ, મારી રાંણી, મારી મેહેબુબ."

મનોચેહેર ફોકટ પસતાવો કરતો હતો. તેની ગોલશેહેર (દારા) તો તાંહાંજ ઉભેલી હતી અને મનોચેહેરને જીવતો જોઇ ખુશી થતી હતી, પણ તોબી કાવેના વધારે કારસતાન જાણવાને તે ખુશી હતી અને તેથી મનોચેહેરને પટાવા ગઈ કે "શેઠ જરા ધીરા થાવો."

પણ આ ઉસકેરાએલા જવાનને ધીરજ નહીજ હતી ગોલશેહેરે આજ સવાલ કીધાથી તો ઉપલુ ભોકારૂં જણાઈ આવીઉં હતું માંટે "પોરીઆ તું નીકલ" એમ કહીને તેણે ગોલશેહેરને એવા જોસથી આંચકો મારીઓ કે તે બીચારી જમીન ઉપર પડી અને "પીલસુમ ! પીલસુમ !" હાંક મારવા લાગી. તરતજ બુઠો પીલસુમ "બાઈ, મારી બાઈ !" કરતો નીકલી આવીઓ. તે બોલીઓ કે "અરે મનોચેહેર, શેઠાંણી ગોલશેહેરતો એજછે, એને તમે ખરાબી કીધીછે. તમે જેને ઠેકોછો તેજ તમારી બાએડીછે. તે મુવેલી નહી પણ જીવતી હતી. તેના બાલને કોઈએ હાથ લગાડીઓ નહી હતો અને અંતે તમેજ તેને હેરાન કીધીછે."

આ વાત સાંભલતાંજ મનોચેહેર, રાજા સઉ દોડી આવીઆ. તેઓએ દારા છોકરાને ઉઠાડીઓ અને અંતે તેતો શાહાજાદી ગોલશેહેર નીકલી આવી ! આ કેટલો બધો હરખ ! રાજાએ તેને પેટમાં ચાંપી, મનોચેહેરે તેને કોટી કીધી અને ગોલશેહેરને એટલીતો ખુશાલી ઉપજી કે થોહોવાર સુધી તે બોલી શકીબી નહી.

જારે સરવે જુસો નરમ પડીઓ તારે રાજા ધીરજથી વાત કરવા લાગો. "બાઈઓ આતો એક સપનાં સરખો બનાવ બનીઓછે. ખોદાની બખ્શેશથી મારી દીકરી અને જમાઈ મને પાછાં જીવતાં મલીઆંછે એ મને મોટું સુખછે. શુકરછે ખોદા ! કે તું મારી દાદ લીએછે. પણ દીકરી ગોલશેહેર મને ખબર નહી પડતી કે તારી પછી આપણો શાહાજાદો પશંગ પણ નીકલી ગએઓ હતો તે કાંહાંછે ?"

પીલશુમ—નામદાર રાજા તે વાત હું જાણું છઉં. બાનુ ગોલશેહેરનો જવા પછે શાહાજાદો પશંગ મનોચેહેરનો લેબાસ મારી પાસેથી લઈને એ બાંનુની પછવાડે ગએઓ હતો, તે એટલા માંટે કે તે પોશાકમાં આ બાનુંને ઠગીને પકડવી. પછે શુ થએઉં તે હું જાંણતો નથી.

પણ આ શાહાજાદાંનેતો પેલા બે છોકરાઓમાંનાં વડા જાંહાંબખશે મારી નાખેલો હતો, માંટે તે બોલીઓ કે "પાદશાહા બધા સાચું બોલેછે તારે હુંબી સાચુજ કહું છઉં કે શાહાજાદા પશંગને મેં મારી નાખીઓછે."

રાજા—છોકરા એ તું શું બોલેછે ?

જાંહાંબખશ—સાહેબ હું એ ખરી વાત બોલું છઉં. એ શાહાજાદો પશંગ ઘણોજ જંગલી ખવાસનો અને મુરખ હતો. તેણે મને ઘણાં અપમાન આપીઆં હતાં અને તેને મારવાની મને ફરજ થઈ પડી હતી.

રાજા—અરે નાદાન છોકરા હું ચાહુંછઉં કે તું ખોટુ બોલતો હોએ. તેં કાલની લડાઇમા મારૂં રાજ બચાવીઉં છે અને તોબી તું એવી વાત બોલેછે કે જેથી તારી ઉપર મને નાખુશ થવું પડે. છોકરા તે એક શાહાજાદો હતો.

જાંહાંબખશ—રાજા હું સાચું બોલું છઉં અને જુઠાંને ધીકારૂં છઉં. તે પોતે શાહા હોતે તોબી હું તેની દરકાર કરતે નહી.

રાજા—અફસોસ ! નોજવાન. તારે મોહોડે તું તારો અપરાધ કબુલ કરેછે અને તેથી મોટી દલગીરી સાથે તુંને મોહોતની સજા કરવી પડશે

બુઠા આતબીને જોએઉં કે આ છોકરાઓને તેઓનાં ખરા બાપ આગલ જાહેર કરવાની એના જેવી તક બીજી મલવાની નથી. માટે જાંહાંબખશે પેલા બેવકુફ શાહાજાદા પશંગનું ખુન કીધા ઉપરથી રાજા ફરીબરોજે એ હીમતવાંન છોકરાને ગરદન મારવાની જેવી સજા કીધી તેવોજ એ સરદાર બોલી ઉઠીઓકે —"પાદશાહા ! બેઅદબી માફછે, પણ એ છોકરાને તારાથી સજા નહી થશે—નહી થશે—નહી થશે."

આતબીનનાં આ શબદો એવાતો જુસા ભરેલા, એવા તો ગંભીર અને નવાઈ જેવા હતા કે રાજા ગુસે થવાને બદલે અમરત થએઓ. "રાજા ફરીબરોજ હું તુંને સાફ કેહું છઉં કે એ છોકરાએ એક નીચ શાહાજાદાને જખે કીધો એટલા માટે તારાથી તેનાં એકબાલને આંગલી લગાડાશે નહી. જેનું એણે ખુન કીધુંછે તેના કરતાં એ છોકરો વધારે સારી બુનીઆદનો અને તારા સરખી મોટી ઓલાદનોછે."

રાજા—બુઠા, તું બોલેછે તેનો જરા વીચાર કર.

આતબીન—અરે કીધો, કીધો. પાદશાહા એ છોકરાનો જાંન જશેતો તુંને ખચીત પસતાવો થશે.

રાજા—એ જઈફ અમીર તુ શું ગુમાંન રાખેછે ? તેં અને તારા આ દીકરાઓએ રાજની જે કીમતી સેવા બજાવી તેના બદલામાં મેં હમણાંજ તુંને ઘણા માન આપીઆં અને એટલાવારમાં તું કેમ ભુલી ગએઓછે ? ઈઆદ રાખજે કે આ છોકરાએ જે અપરાધ કીધોછે તેની સખત સજા તેને થશે.

આતબીન—નાંમદાર પાદશાહા એ બોલવુંજ ઘણું અનઘટતુંછે. મેં મારાં લોહીનું પાંણી કરીને એ છોકરાઓને ઉચારીઆ શા માટે. મેં જમીન ઉપર સુઈ તેઓને બીછાણું આપીઉં, મેં હાડકાં ચાવી તેઓને ગોસત ખવાડીઉં, મેં ટાંઢી સેવી તેઓને ગરમી આપી, તે શા માટે ?

રાજા—ભલાં કાંમો કરવા માટે—નહી કે આદમીઓ નાં ખુન કરવા માટે. એ છોકરાની સારી ચાલને માટે તે ને હમણાંજ મેં બદલો આપીઓછે અને તેની નરસી ચાલ ને માટે હમણાંજ તેને સજાબી કરૂ છઉં.

આતબીન—પણ ફરીબરોબ હું માંગી લઉં છઉં કે એ છોકરાઓને તું ગમે તે કરે તેની આગમચ તેઓને ઉછા રવાનાં ખરચ અને મેહેનતનો મને બદલો આપ.

રાજા—એ બુટા તું શું દેવાંનો બનીઓછે ? તારાં ફ રજંદોને તેં ઉછારીઆં તેમા હું શા માટે બદલો વાલી આપું ?

આતબીન—હીઆંજ, એ ! પાદશાહા તારી ભુલછે. એ છોકરા કાંઈ મારા નથી અને તોબી મેં તેઓને બાપનાં સ રખા પીઆરથી પાલી પોશી મોટા કીધાછે.

રાજા—તારે એ કોણનાં ચેરાગછે ?

આતબીન—સાંભલ, રાજા સાંભલ ! આજનો દીવસ કાંઈ તારા બુલંદ સીતારા બતાવેછે. આજે તુંને સરવે રીતે લાભ થએઓછે. પાદશાહા એ છોકરા તારા પોતાનાછે, જેમ તારી બેટી ગોલશેહેર ગુમ થઈ હતી અને આજે પાછી આ વી મલીછે તેમ એ ગુમ થએલા છોકરાઓને મલવાની આજે તારી સરજતછે. નાંમદાર પાદશાહા તમો મને ઓ લખતા નથી—પણ હું પેલોજ તમારો બાહાદુર સરદાર આ તબીન છઉં, જેને તમે સેજ વાંકને માટે દેશનીકાલ કીધો હતો. તે વખતે હું જવાંન અને જોરમંદ હતો. હમણા મારી દાઢી મારી છાતી ઉપર ગોએઆ જાહાડુ કરેછે અને મારી છાતી સફેદ બાલોથી ભરાઇછે. તે વખતે આ તારા શાહાજાદા ઘણાં નાંહાંના હતા અને તેઓને ચોરી લઈ જના ર હું હતો. દેશને છેલી સલાંમ કરવાની રાતનાજ એ છો કરાઓની સાહેલી મનીજેહ પઈસાની લાલચ ઉપર તેઓને મારે ઘર લાવી હતી. હું તેઓને ટોપલીમા સંતાડીને કોર માનનાં એક ગોફામાં લઈ જઈ રહેઓ હતો, જાંહાં હું તેઓનો બાપ તથા મનીજેહ તેઓની માં દાખલ હતી. તાંહાં એ છોકરાઓ પોતાનાં જાતી લોહીની ખુબીથી કીરતી પામઆ હતા, તાંહાં તેઓનું દીલ કુદરતથીજ મેહેલો અને બગીચા ઓ ભોગવવા ઉપર તપતું હતુ અને જારે તેઓની ઉમર તે વી પાદશાહીને ઘણી છાજતી થઈ તારે એઓને તમારી સા મે ઉભા કરી મારા ગુનાહાની માફી માંગવાની હું જે છુપી તક શોધતો હતો તે ગઈ કાલની લડાઇથી મલી હતી. પાદશા હા એ તારા છોકરા, ભરેઆ પુરેઆ તારે હવાલે કરૂંછઉં અને હવે તારે ગમેતો તેઓને ફાંસીની સજા કર"

પણ રાજા સજા શું કરે ? તેતો અચરતીથી દંગ થઈ ગએઓ. તેને ધાસતી લાગતી કે રખે આ બનાવ કાંઈ સ પનો હોએ, પણ નહી તે ખરેખરો બનાવજ હતો. એ કેટ લી બધી ખુશાલી !

તેનાં વાહાલા દીકરાઓ તેને ઘણે વરસે પાછા મલી આ, તેની નેક દીકરી તેની ગોદમાં પાછી ઉભી, તેનો ભલો જમાઈ એકવાર પાછો તેની ગોદમા ચંપાએઓ, તેનું રાજ ફરીથી તેનાં તાબામા રહેઉં, એ જેવું આ રાજાને બીજું કીઉ શુખ જોઈએ ?

ગોલશેહેર જે પોતાના ભરથાર તરફ જેમ વધતી વફા દેખાડતી તેમ તેનાં ઉપર વધતી જફા પડતી હતી તેની સરવે જફાનો હવે અંત આવીઓ અને શેવટે તેની ખુબી પરકા શી નીકલી. અને તેમજ રાજા પોતે પોતાને જે મોટાં શંકટ માં સમજતો હતો તેનું પણ સેવટ આવીઉં.

પેલા બે ભાઈઓએ પોતાના દોસત દારાને ઓલખી ઓ અને ગોલશેહેર ખરેખર તેઓને સગા ભાઈ તરીકે બો લાવા લાગી.


આ ! હા ! પેલા મનોચેહેરનુ સુખ કોણ વીચારશે ! તેતો કોઈ મોટા મધનાં સાગરમા લપટાએઓ હતો. તેની પરીજાદ ગોલશેહેરના શુંદર હાથ તેનાં ગલાંની આસપાસ વીંટલાએલા હતા.

અને હવે પેલો ચંડાલ, તરકટીઓ કાવે ! તેનું શું થ એઉં ? તેણે મોટી શરમ સાથે પેલી વીટી અને બાગડી પા છી આપી દીધી તથા મનોચેહેરને અરજ કીધી કે તેનુ ખુન કરવું. પણ આ રાજાનો જમાઈ નીરદએનો બદલો દએઆ થી વાલતો હતો માટે તેણે જેમ કાવેને માંફી બખશી તેમ રા જાએ પોતાનાં સરવે કેદીઓને આ બનાવની ખુશાલીમાં માં ફી બખશી.

એ બધું કોણે ધારીઉ હતું ? "માણસ ધારેછે, ખોદા બજાવેછે." એ કેહેવાતમાં દમડીબાર શક નથી.

## દુનીઆંનો મુસાફર.

પત્ર ૧૬



પીઆરાં બેહેન,


"આ એક મુસાફરી કરતા ડચમેનનું ચીતરછે. આપણાં લોકો એ જાતને વલંડા કરી કેહેછે. તેઓ હાલંડ દેશનાં રેહેવાસીછે. હાલંડ દેશ ઈરોપખંડ નાં મધીઅ ભાગની જરા ઊપરછે અને એ દેશનું બી જું નાંમ નેધરલાંડસછે. તેની ઊગમણે જરમની દે શનાં પરાંતો આવેલાંછે, દખણે બેલજીઅમછે અને ઊ તર તથા આથમણે જરમન માહાશાગરછે. લંડનથી નીકલેલા એ માહાશાગરને મારગે પાંચ છ દીવસમાં હાલંડ ખાને અવાએછે. મેં જે વાહાંણમાં મુસાફરી કીધી હતી તે વાહાંણ એક બીજા બારકસ સાથે અ

ઠડવાથી તેમાંનાં માંણસોને હમારાં વાંહાંણ ઊપર લીધાં હતાં અને તેઓમાં એક ડચ કપટાંન તથા તેની બાએડી છોકરાં હતાં. મેં તેની સાથ દોસતી કીધી હતી, જે પછે મને માલુમ પડીઊં કે હાલંડ દેશથી ઘણાં કપટાંનો ઈંગલંડ વચે સફર કરેછે.અને તેઓનાં બાએડી છોકરાં હંમેસ તેઓની સાથે રેહેછે.

હાલંડ તથા તેની દખણનું બેલજીઅમ એ દેશો ઘણાં નાંહાંનાં અને થોડી વસતી વાલાંછે. હાલંડ દેશ ૧૨૬૦૦ ચોરસ માઈલછે, જેમાં ૩૦ લાખ માંણસો વસેછે. તાંહાંની હવા ઘણી ઠંડીછે, અને તે ઊપરથી બેહેન તમોને જણાવવાનું મને ઈઆદ આવેછે કે હવે પછે મારાં કેટલાંક પતરોમાં ઠંડાં મુલુકોનુંજ બેઆંન તમે વાંચશો. હવેની મારી મુસાફરી કેટલુક સુધી ઈઊરોપનાં ઊતર ભાગમાં થશે અને તાંહાં જેટવી ઠંડી પડેછે તેટવી એ ખંડમાં બીજે કેઠે પડતી નથી. હીઆ તે મજ બેલજીઅમ દેશમાં ઠંડીનાં દીવસો ઊપર નદી નાંલાં બંધાઈ જાએછે અને લોકો લોહોડાંનાં જોડા પેહેડી તે ઊપરથી ચાલી જાએછે. ઊપર મેં જે મુસાફરી કરતા વલંડાનું ચીતર આપીઊંછે તેણે પણ લોહોડાંનાં જોડા પેહેડેલાછે અને જોરાવંર વરસાદ તથા કકડતું બરફ પડેછે તેમાંથી તે ચાલીઓ જાએછે.


હાલંડ દેશ ઘણું કરીને પોહોલુ છે અને તેમાં મોટી મોટી નેહેરો બાંધી લીધેલીછે. દેશનાં મોટા ભાગ ઊપર આગલ પુશકલ પાંણી ફરી વલેલું હતું, જે પછે લોકોએ મોટી દેવાલો બાંધી લઈ તેનો અટકાવ કીધો હતો, તોપણ કેટલીએક વખતે પાંણી જોર કરી આવેછે અને ઊપવાં બાંધકાંમ, જેને "ડાંમ" કરી કેહેછે તે ભાંજીને જમીન ઊપર ફરી વલેછે જેથી મોટી રેલ આવેછે અને ઘણી ખોવારી થાએછે. હાલંડનાં કેટલાક સરોવરો જોવા લાએકછે. હારલેમ આગલનો એક મોટો સરોવર આગલ તાંહાં બીલકુલ નહી હતો, પણ તરણસો વરસની વાત ઊપર જારે રેલ આવી હતી, તારે એ જગોની જમીન ખોદાઈ ગઈ હતી અને તેમાં ઊપલો સરોવર થએઓ હતો. તેનો ઘેરાવો ૩૩ માઈલછે, પણ તેની પુરણી ચાલેછે. સને ૧૪૨૧માં એજ પરમાંણે તે દેશ ખાતે એક મોટી રેલ આવી હતી, જેમા ૭૨ ગાંમડાંઓ ઘસડાએઆં તથા ૧ લાખ માંણસો મુવાં હતાં. તે રેલને વખતે બીબોશનો સરોવર થએઓ હતો.

હાલંડનું મુખીઅ શેહેર આંમસટરડાંમછે. તાંહાં પઈડાં વગરની નવાઈ સરખી ગાડીઓ ફરતી જોવામાં આવેછે જેનું એક ચીતર હું તમોને ભેટ કરું છઊં.



આમસટરડાંમ શેહેરમાં નેવું નેહેર બાંધેલીછે અને તે ઊપર આસરે ૩૦૦ પુલછે. તે નેહેરોનાં પાંણી જારે બંધાએ તારે ઊપલી ગાડીઓ અલબતાં ઘણી કાંમ લાગે. આંમસટરડાંમ સીવાએ રાટરડાંમ, હેગ, લીડન અને એ વીનાએ બીજાં ઘણાં મુખીઅ શેહેરોછે. રાટરડાંમ વેપારનું મુખીઅ મથકછે અને હાલંડનો વેપાર બોહોલોછે, આગલ એ દેશ સપેનનાં જુલમ તલે હતું પણ તેમાંથી છુટાબાદ સોલમી અને સતરમી સદીમાં ઈઊરોપનો લગલગ આખો વેપાર હાલંડનાં હાથમાં હતો. ઈઊરોપમા દોલત અને વેપારની બાબદમાં હાલબી એ દેશ માતર ઈંગલંડથીજ ઊતરતું છે. હીઆ કારખાંનાંઓની શંખીઆ ટીકછે પણ મુખીઅ કરીને મખમલ, સન અને કાગજ બનાવવાનાં કારખાંનાંઓની વખાંણ થાએછે.

હાલંડમાં ખેતીવાડી ઠીક થાએછે. તેનાં જંગલનાં મોટાં લાકડાંઓનો અછો વેપાર ચાલેછે. અગત કરીને ૯૦ થી ૧૦૦૦ ફીટની લંબાઈનાં તરાપાઓ હીઆથી મલી આવેછે. પુરાંણીઓની વસતીમાં જંગલી જનાવરો હીઆંથી નાબુદ થએઆંછે અને વધતાંમા વધતી શંખીઆ મોટા ઘુસ (ઊંદરો,) દેડકાઓ, સસલાંઓ અને માછલીઓનીછે સસલાં તમે થોડાંજ જોએઆં હશે, પણ હીઆં તે ઘણાં મલેછે અને તેનુ એક ચીતર હીઆં બીડીઊંછે. હાલંડની મા



છલીઓથી તાંહાંનાં રેહેવાસીઓને મોટી કમાંની થા એછે. સ્ટારક નાંમનું એક પખશી હાલંડમાં ઘણું વ ખનાંએછે. લોકો તેને એટલુંતો ચાહેછે કે દરએક જ ણ પોતાનાં ઘરમાં તેને માલો બાધવા દીએછે અને તે ઊપરથી સરકારને ધારો કાહાડવો પડીઓછે કે જે ધણી આ પખશીને હેરાંન કરશે તેને મોટી સજા થ શે. ઘણાંક ડચ લોકોને એવો વેહેમછે કે જે ઘરમાં આ પંખીનો માલો હોએ તે ઘર ઊપર ખોદાની સા રી નજર રેહેછે.

હાલંડને છોડી જતાં તેની દખણે આવેલા બે લજીઅમ દેશનુ થોડું બેઆંન આપવું દરસત ધારૂં છ ઊં. એ દેશમા કાંઈ ઘણું અગતનું જોવાનું નથી. બે લજીઅમે ૧૧૦૦૦ ચોરસ માઈલ જગા રોકીછે, જે ઊપર ૪૦ લાખ માણસોની વસતીછે. તેના એક ભા ગમાં હાલંડની મીશાલે નેહેરો અને સમુદરના અટકા વને માંટે "ડામ" બાંધેલાછે. તેની હવા હાલંડને મલ તી નથી. કેટલાંક શેહેરોમા નરમ ઠંડી દીલને ખુશ કરેછે. વેપાર તથા ઊદીઓગની બાબદમાં હાલંડ અ ને બેલજીમ એકજછે. ખેતીવાડીનાં કાંમમાં બેલજી અન જેવા હોશીઆર લોકો કોઈ કેહેવાતા નથી. તે ઓ ખાતરો બનાવવામાં અછી ચાલાકી ધરાવેછે અ ને તેથીજ તેઓનુ ઊજડ દેશ આજે બાગ સરખું બ ની ગએઊંછે. અનાજનો પાક સારો થાએછે. તેમાં લોહોડાંની અને બીજી મલી રૂ૫૦ ખાનોછે, અને કે ટલેક ઠેકાંણે કોલસો પણ મલેછે. કપડાં વણવાનુ કા મ હીઆં સઊથી સરસ ચાલેછે અને તેમાં ૩૫૫૦૦૦ માણસોનો રોજગારછે. સરકારમાં ફરેંચ ભાશા વપ રાએછે. ગાએણનો લોકોમાં ઘણો શોખછે અને એ દેશે નામીચા ચીતારાઓને જનમ આપીઆછે. બેલ જીઅમની રાજધાની બરૂસેલસછે, પણ તે શીવાએ આનટવરપ, ગેનટ, બરૂજીસ એ મોટાં શેહેરોછે હી આં મોટા દેવલોમાં અને ટાઊનહાલોમાં ૧૦૦ ઘાંટર ડીઓને એવી રીતે ગોઠવેલી હોએછે કે દરરોજ તેમા થી નાંમીચા ખેલાડીઓ ઊંચા રાગ વગાડેછે અને તે ઓને સરકાર તરફથી પગાર મલેછે બેલજીઅમનાં જંગલી જાનવરોમા વરૂ મુખીઅછે અને ઘરઘતુ જના વરોને જતનથી ઊધારવામાં આવેછે. આ દેશનાં સં બંધમાં આ વરૂનાં ચીતર શીવાએ કાંઈ વધારે હું ત મોને લેટ કરી શકતો નથી.



બેલજીઅમ દેશ તાંહાંની નાંદર ઈમારતોને મા ટે સારીપઠે જાંણીતુ થએલછે. બરૂસેલસ શેહેરમાં મો ટી હવેલીઓ, ફુવારાઓ અને બાગો જોવા લાએક છે. હીઆં ગાલીચાઓ ઘણા નાદર બનેછે વલી હીઆ એક જાતનુ સન મલેછે, જે એટલુતો કીમતીછે કે સુંનાને તોલે વેચાએછે. આંનટવરપનુ એક દેવ લ જોવા લાએકછે. તે એટલુતો ઊંચુછે કે તે ઊપ રથી ૮૦૦૦ ચોરસ માઈલ સુધીનો દેખાવ નજરે આવેછે.

હું છઊં તમારો
**વાહાલો ભાઈ.**

## શરીરમાંનાં કીડાઓ—પરચુટણ જાત.

આંતરડાં મધેનાં કરમ અથવા પગ અને બર ડા મધેનો વાળો એજ માંતર માંણસ જાતના શરીરમાં વસનારા કીડા નથી. એ ઊપરાંત માંણસના ભેજાં, આંખ, પેટ, ઈતીઆદી જગાઓમાં પણ એવાં કેટલાંક હલકી કીસમનાં પરાંણીઓ રેહેઠાણ કરેછે જેઓને લ ગતાં હવાલ ઓળખીથી ખાલી નથી. એક જાતના કીડા જેને વઈદો "હાઈડટીડસ" ને નામે ઓલખેછે તે સરીર માંહેલાં કેટલાક બંધીઆર ભાગોનાં પેવસ થાએછે. એ કીડો કુદરતની ઘણી અજાએબ શકતી દેખાડી આપેછે. તેનો દેખાવ પાણીથી ભરેલા ફુકા અથવા કોટલીના સરખો હોએછે અને તે ઊપરથી કેટ લાક તેને "માથાં વગરની કોથલી" કરી કેહેછે. તે ઓનુ કદ ચનાંથી તે હાંસના ઇંડાંના જેટલું મોટુ હો એછે. તેઓ ગોલ હોએછે અને તેઓની અંદર એક પાતલી, પાણીજેવી, રંગ વગરની ચીજ હોએછે જેની તપાસ કરતાં રસાએણીઓએ તેમા સાધારણ નીમખ

શોધી કાહાડીછે. પણ આ કીડાની અજાએબી હીઆંજ અટકી નથી. એવી એક કોથલીમાં બીજી ઘણીએક કોથલીઓ એકેકની અંદર સમાએલી જોવામાં આવેછે અને એ દરએક પડમાં ઊપલી પરવાહી પદારથ રેહેછે. તે પદારથ કીડાને જનમ આપેછે અને એ રીતે એ દરએક પડ પેહેલી કોથલીનાં ગરભ દાખલછે. એવી જીની કોથલીઓ કોઈ કીડામાં થોડીજ હોએછે, પણ કોઈનામાં અગણીત દીઠામાં આવેછે.

આ કીડો જારે શરીરના એકજ અવીઅયનો આસરો પકડેછે તારે તે ઘણું કરીને કલેજું હોએછે. થોડાંક વરસની વાત ઊપર મીડલ એસેકસની હાસપીટાલમાં બાલડવીન નાંમની એક સ્ત્રી મરણ પાંમી હતી. તેનાં કલેજાં ઊપર હજારો કોથલીરોકા કીડાઓએ વાસો કીધેલો હતો. એમાંની કેટલીક કોથલીઓને ચીરતાં તેમાંથી નાંહાંનાં સફેદ દાંનાં નીકલીઆ હતા અને સુખશમદરશક ઈઅંતરમાં તપાસતાં તે દરએક દાંનો જીવતાં જનાવર ઠરીઆં હતાં. તે દરએક જનાવરનો આકાર કોથલી રોકો હતો અને તે દરએકને જીનું મોહાડું હતું જે કોઈમાં કોથલીની જરા બાહેર નીકલેલું હતું અને કોઈમાં અંદર ગએલું હતું. તે મોહાડાંની આસપાસ બારીક રેસા નીકલેલા હતા. પણ પછવાડેથી તે દરએક રેસો ઊપલા કીડાઓનાં બારીક બચાં સમજાએઆં હતાં.

આ જાતનાં કીડાઓ જાંહાં રેહઠાંણ કરતા હોએ તાંહાં સરીરનો ભાગ ઊપસી આવેછે અને ઘડ સરીખું લાગેછે. કોઈવાર તે ઘણું મોટું થાએછે અને દરદીને બહુ પીડાકારી કરેછે, અને કોઈવાર તેમાંનાં કીડાઓ અંદરને અંદર પોતાની મેલે મરણ પાંમીઆથી તે ઘડ નાંહાંનું થઈ જાએછે. તેઓ કેટલીક વખતે બાહેર નીકલતાં પોતાનો રસતો પોતાની મેલે કાહાડેછે, અને તે દરદ એવો આકાર પકડેછે કે વઈદ કદાચજ સમજે કે એ દરદ ઊપલા કીડાઓનાં રેહેઠાંણથી થએલુંછે.

હાઈડાટીડસની જાતના કેટલાક કીડાઓ કોઈવાર જારે આંખમાં અને બીજા ભાગોમાં રેહેઠાંણ પકડેછે. તારે તેની અસર માંદી થાએછે. તેનો એક જાંણવા જોગ દાખલો ગલાસગો ખાતે થોડાંક વરસની વાત ઊપર બનીઓ હતો. એક નાંહાંની વએમાં બાલકની આંખ જે ચોકસ દરદાને લીધે ઘણી નબલી થઈ ગઈ હતી તેમાં એક દાહાડે મી૦ લોગન નાંમનાં વઈદે એક અપાર દરશક પદારથને તરતી જોઈ. તે પદારથ તદન ગોલ હતી અને માતર એક છેડા આગલથી તેની અની હતી. તે અની વખતે વખત વધતી જતી હતી અને ફ્રોઈવાર વલી તે તદન દેખાતી નહી હતી. જારે તે બાલક મધીઅમ રોશનીમાં બેસતું તારે આ પરાંણીથી ડોલાનો થોડોક ભાગ ધંકાઈ જતો હતો. તરણ અઠવાડીઆ સુધી ઊપલા તબીબે તે પરાંણીને તપાસીઆ કીધું હતું અને તેનાં કદમાં જરા વધારો થવા સીવાએ બીજો કાંઈ ફેરફાર નજરે આવીઓ નહી હતો. છ અથવાડીઆમાં તે કીડો વધારે મોટો થએઓ, ડોલાને બરાબર ફરવામાં હરકત નડી અને તે બાલકને દુખ થવા લાગું. આ વખતે કીડાને બાહેર કાહાડવાની તબીબે કોશેસ કીધી પણ તે તેમાં ઘણી મુશકેલીઅતે પાર પડીઓ અને જોકે તે કીડો છુટા છુટા ભાગમાં નીકલી ચુકો તોપણ તે બાલકની આંખ બગડીઆ વગર રહી નહી. આ જાતનો કીડો ભેજામાંથી પણ મલી આવેલોછે, તે ઘણું કરીને હરષો ઈંચ લાબો હોએછે.

એક બીજો કીડો જે માંણસનાં ગોટલામાં કેટલીક વખતે રેહઠાંણ કરેછે તેની મુખીઅ તપાસ પરોફેસર આવને કીધેલીછે. ગોટલાં શરીરના જુદા જુદા શાંધાઓને હીલચાલ કરવાની શકતી આપેછે, તેવા બંધીઆર અને માસના જથામાં કીડાની જાત વાસો કરે એ ઘણીજ અચરતી ભરેલી વાતછે. આગલ વેલાતની એક ઈસપીટાલનાં આધેદારે ઊપલા પરોફેસર ઊપર માંણસનાં શરીરમાંનાં ગોટલાંનો કેટલોક ભાગ તપાસને માંટે મોકલીઓ. તેનો દેખાવ ગોએઆ તે ઊપર ફુગ ચહડી હોએ તેવો લાગતો હતો. બારીકીથી તપાસ કરતાં માલુમ પડીઊંકે ઊપર જીનાં જીનાં કીડાઓ વલ ખાઈને પડેલા હતા. પણ તેમનાં આંટા છોડવીઆ પછે તેમની લંબાઈ ૧ ઈંચના ૩૦ માથી ૭૦૦ માં ભાગ સુધીની હતી. તે વખતે આ બીનાં પેહેલ વેહેલી જાંણમાં આવી હતી અને તારપછે પરોફેસર આવને ચણીદ માંણસોનાં ગોટલાંમા એવા કીડાઓ જોએઆ હતા.

પીસાબનાં અવીઅયમાં પણ એક જાતનાં કીડાનુ રેહેઠાંણ થાએછે. પણ એ તથા ઊપરે કેહેવા કીડાઓ કરમ તથા વારાના દરદની મીશાલે સાંધારે

ણ નથી. પરાંણી માતરના શરીરમાં ખોદાએ જે ગુરદો મેલીઓછે તે શું કાંમ કરેછે તેથી કેટલીક વાંચનારી બાઈઓ અનજાંની હશે. એ પીશાબ બનાવવાનાં કાંમમાં આવેછે. શરીરમાંનુ લોહી ફરી વલતુ એક નલીની મારફતે તેમાં દાખલ થાએછે અને તેમાં ટીપે ટીપે પીસાબ બનીને તેનીજ હેઠલનાં ફુકામાં એકઠી થાએછે. એ અગતના સાંચામાં કીડો પેવશ થઈ કેટલીકવાર ખરાબી કરેછે. તે એખલો માંણસનાંજ નહી પણ ઘોડા, ગોઢા, કુતરા, વરૂ ઈતીઆદીનાં ફુકામાંથી પણ મલી આવેછે. માંણસનાં સરીરમાં તેની લંબાઈ પાંચ ઈંચથી એક વાર સુધીની હોએછે, અને તેની વીઆસ કોઈ વખતે અરધા ઈંચની હોએછે. એવા એક કીડાનો નમુનો હનટરીઅન મીઊશીઅમમાં રાખેલોછે. તે એક નાંહાંનાં સાંપ જેવો દીસેછે અને તેને "રાખશી કીડો" એવુ નાંમ આપીઉંછે

શરીરમાનાં કીડાઓની બાબદ બંધ કરતાં તેમની ઊતપંતી વીશે થોડુક લખવાની જરૂરછે. આ અજાએબ જેવાં પરાંણીઓની હકીકત વાંચતાંવાર પેહેલો સવાલ એ નીકલેછે કે શરીરના અંધીઆર ભાગોમાં તે કાંહાંથી આવેછે. એ વીશે વીદવાંનો તરેહવાર મત આપેછે. કેટલાકો એવુ કેહેછે કે શરીરમાં તેઓ પોતાની મેલે ઊતપંત થાએછે, પણ બીજાઓ એ વાતનો ઈનકાર કરી એવી દલીલોને વચે લાવેછે કે જે રદ કરવી ઘણી મુશકેલછે જેમ ઘોડાઓનાં બદન ઊપર એક જાતની માંખ બેઠા પછે ઘોડો તાંહા કીડ લાગવાને લીધે તે જગાને ચાટેછે અને તે માખીના ઈંડાં નેથી તેની જીભને વલગીને પછે પેટમાં જઈ પાકેછે. તેમ ઘણાંઓનો વીચારછે કે માંણસનાં શરીર મધેનાં આ જુદા જુદા કીડાઓ કોઈબી રીતે બદનની બાહેરથી મોહોડાં ઈઆ ચાંમડીવાટે દીલમાં જતા હશે. કરમ તથા વારા એમ થતા હશે એમાં થોડો જ શક દીસેછે, અને બાકીનાં કીડાઓ વીશે એવુ ધારવામાં આવેછે કે તેઓ લોહી સાથે સરીરનાં જુદા જુદા ભાગોમાં ફરી વલતા હશે. ખોદાની કુદરત નેહારીછે. તેનાં સઊથી નાંહાંનાં કાંમનો ભેદ પીછાંણવાને માણસ અશકતીવાંનછે, અને તોબી તે બાપતો જેમ માણસનો તેમજ આ જીનાં પરાંણીનો એકસરખી રીતે સંભાલ લીએછે.

## એક ફરેંચ પાહાદસાહની સાદાઈ.

ફરાંસના પાહાદસાહ ચોથા હેનરીની હવીજ મરજી હતી કે તેના છોકરાં (તેની સાથે વાતચીત કરતી વખતે) તેને **સાહેબના એલકાબથી** બોલાવે નહી પણ ફકત **બાવા** કરીનેજ કેહે. જેવારે તેના બચાં કોઈ રમતમાં ગુંતાતાં તેવારે વારે ઘડીએ તે પોતેબી તેમની રમુજમાં સામેલ થાતો, અને તેથી પોતાને ગમત ઊપજાવતો. એક દીવસને સમે આ માહરાજા પોતાની પીઠ ઊપર પોતાના પુતર અને ફરાંસની ગાદીના વારેસને બેસાડીને એક ચોપગાંની મીસાલે હાથ તથા પગ વતે મેહેલના એક ઓરડામાં પસાર કરતો હતો તેવામા એક એલચી તેની મુલાકાત લેવા આવીઓ, અને આગમચથી કસીબી ચેતવણી આપીઆ વગર તે એકાએક પેલા પાહાદસાહની આગલ જાઈને ઊભો. પણ પાહાદસાહ તેના આવીઆથી મુદલ અચકીઓ નહી; તે બોલીઓ કે "એલચી સાહેબ તમારે તીઆં ફરજંદછે ?" એલચીએ જવાબ આપીઓ કે "હા સાહેબ." પાહાદસાહ બોલીઓ "ઠીકછે—આ ઓરડાના પેલાં ખુણા સુધી હુ મારી મંજલ પુરી કરી આવીઆ પછે હું તમારી સાથે વાત કરીશ." એટલુ કહીને તે પાછો આગલની મીસાલે ઈઆને બે હાથ અને બે પગ ઊપર ચાલી ગીઓ. ફરાંસ તથા આખા ઈઊરોપખંડને લડાઈના હીંગાંમમાંથી સમાધાનીમા લાવી મુકનારો પાહાદસાહ પોતે હાવી સાદાઈ ધરાવતો હતો ! જે ખરેખર મોટાં મંનનાં માણસોછે તે પોતાને માટે કસી ગરૂરી ધરાવતા નથી અથવા બાહેરથી કોઈ મોટાઈ દેખાડતા નથી.

## પરીતી.



શું આ તરણ અબલાઓનું ચીતર વાંચનારી બાંનુઓના મનમાં કાંઈજ ખેઆલ ઊતપંત નહી કરશે ? શું આ નાંહાંની તસવીરનો બારીકીથી અભીઆસ કરતાં અને તેઓનાં ખુશ ચેહરા ઊપર ધેઆંન લગાડતાં હમારી બેહેનીઓ વીચારમાં નહી પડશે ? આ સ્રીઓ કોણ હશે ? એ કાંઈ હીઆં અગતનો સવાલ

નથી. કોઈબી હોએ, કદાચ તે તરણ માંએ જણી બેહેનો હોએ, કદાચ તે દોસતીનાં ગાંઠથી બંધાએલી તરણ સહીઓ હોએ, કદાચ તે એક મેકની નજદીકમાં રેહેનારી તરણ પડોશણો હોએ, તેઓ ગમે તેબી હોએ, પણ તેની કાંઈ આપણને વાતજ કરવી નથી. પણ તેઓનો દેખાવ હીઆંતો વધારે અગતનોછે, તેઓની ઊભાં રેહેવાની ઢપ, તેઓનુ અરધું હસતું, અરધું ગંભીર મોહોડુ, એ આપણાં મન ઊપરનો અસર કરેછે. કેવાં તેઓ એક એકનાં પીઆરમાં પરોટાએલાંછે! કેવી એકજણી બીજીનાં ખભાં ઊપર હાથ મેલી તેને બે શખુનો કેહેછે અને તરીજી કેવી ધીરજથી સાંભલેછે કે જાંણે તે સઘલી વાત તેને કબુલ હોએ! કેવાં તેઓનાં મંન એકજ બાબદમાં પેવસ થએલાં દીસેછે અને તે ઊપર તેઓ કેવાં એકમત થએલાં લાગેછે! ટુકમાં આ દેખાવ કેવો શંતોશકારક લાગેછે! પણ તે સાથી? પરીતીની ઊસકેરણીથી. આ તરણ જવાન અબલાઓ, એ ભેદ ભરેઆ ગુણની ખુબીથી ગોએઆ એક ગાંઠમાં વીટલાએલીછે અને આપણો એટલોજ વીચાર કરવો છેકે જો ખોદાતાલાએ માણસ જાતમાં પરીતી સરખો ગુણ નહી મેલીઓ હતેતો દર પલે ઊપલાને મલતા જે શંતોશકારક દેખાવ આપણી નજરે પડેછે તે શું એમના એમ ચાલુ રેહેને?

ખરેખર પરીતી જેને સાધારણ રીતે આપણ પીઆર કહીએ છઈએ તે ઈનસાન માતરમાં એક અતી ઊમદા ગુણછે. તે એક ભેદ ભરેલો પણ ઘણો ફાએદાકારક જુસોછે અને આ ભરોસા વગરની જીંદગીમાં જે મીઠાસ તથા માએઆ લાગેછે તે એ જુસાથીજછે. પણ વધારે ઈઆદ રાખવાજોગ બીના એછે કે પરીતીનો આતશ પરમેશવરે નર કરતાં નારી જાતીમાં વધારે મેલીઓછે. ઓરતજાતને આ દુનીઆંમાં તેણે જે કાંમ સરજેલાંછે તે મરદના કાંમોથી જુદાંછે. મરદ તીખો, આકલો, શખત મેહેનત કરનારો અને વધારે બીકઠ કાંમોને ઊઠાવનારોછે. ઓરતમાં સઘલી નરમાસ, સઘલો મીઠાસ, સઘલી શીરીની જોવામાં આવેછે જેથી મરદના કાંટાદાર કાંમ ઊપર લેહેજતદાર ફુલ પાંથરવાનું, ઘરને સુખી અને કબીલાને અમન ચમન કરવાનું ઓરતથીજ બની શકેછે. તેમ બનાવવા માટેજ, દુનીઆંમાં શુખની ચાદર પાંથરવાના સ્રી જાતીના કાંમને માટેજ ખોદાએ મરદ કરતાં તેનામાં પરીતીનો જુસો વધારે મેલીઓછે અને તે તેની નરમાસ, તેની ગંભીરતા તથા માએઆનું મુખીઅ કારણછે.

દાહાડાની રંજથી થાકેલા પરાકેલા બે દોસતો સાંજને છેરે એકઠા મલી સુખ દુખની વાતો કરેછે તે સાથી? એક આશક માશુકનું જોડું રાત અને દીન એક એકનાજ વીચારમાં ચકચુર રેહેછે, એકકને ઈઆદ કરેછે, એક એકને મલવા માટે ઈનતેજાર રેહેછે અને જારે મલેછે તારે મોટા મીઠાસથી ગલે વલગેછે તે સાથી? એક માટી પોતાની બાએડી તરફ તથા બાએડી પોતાના ધણી તરફ ખરાં દીલથી વફાદાર રહી દુનીઆંના સંસાર સાથે ગુજારવાના સોગંદ લીએછે તથા પછે શુખ કે દુખ, ગરીબાઈ કે તવંગરી, જુવાંની કે ઘડપણમાં અરસપરસ મદદ તથા મેહેનત કરેછે તે સાથી? મા બાપ પોતાના ફરજંદોને મોટા હરખથી છાતી સાથે દાબેછે અને તેમની આસાએસ, આરાંમ તથા કેલવણીને ખાતર પોતાના તન મનને થાકવી નાખેછે તે સાથી? નીશાલીઆઓ સહવારથી સાંજ સુધી એક વરગમાં સાથે બેસી સલાહ સંપજથી પાઠ કરેછે, તથા એકેકસે બગલગીરી કરી રમતા ફરેછે તે સાથી? પરીતી—નીરદોશ, ખોદાઈ પરીતી અથવા પીઆરથીજ દુનીઆમાં એટલાબી આસીરવાદ, એટલુબી શુખ ઈઆ શંતોશ નજરે આવેછે. એક સુરો સીપાઈ પોતાનાં જીવની દરકાર ન કરતાં ભરેલી તોપનાં મોહો સાંમો ઊભો રેહેછે, અથવા એક હીમતવાંન પેહેલવાંન, વીજલીની પેરે ચલકતી તલવારોની વચે પેવસ થઈ જાએછે, તેમાં કાંઈ લાલચ ઈઆ લોભ કરતાં પરીતી વધારે ભાગ લીએછે. તે વલી નવી જાતની પરીતીછે અને તેને દેશનો પીઆર કરી કેહેછે. એક બાઠેનાં રેહેવાસીને જો એમ કહીશું હોએ કે તારી આખી જાત છાકટીછે, અથવા જો એક સુરતીને કહીશું હોએ કે સુરતી લોકો ઠગછે તો તેનાં ચેહેરા ઊપર તુરત લોહી ચહડી આવશે અને તે હીમતથી જવાબ આપશે. એ માંબી પરીતી આવીછે અને તે પોતાનાં હમજાતીઓ તરફનો પીઆરછે.

હવે તારે વાંચનારી બાંનુઓને કાંઈ કેહેવાની જરૂર નથી કે પરીતી સરખો ગુણ ખોદાએ માંણસમાં ભલાંને માંટે મેલીઓછે. તેથી એકને અને અનેકને લાભ થએઆછે; તેથી નાચારોને દાદ તથા અસકતને મદદ મલીછે; તેથી દુનીઆંમા કેલવણી અને સુધારો

વધીઓછે; તેના દાખલાથી દુનીઆંની તવારીખ ભરાઈને ચીકાર થએલીછે, પણ તેટલા માંટે એમ નહી કેહવાશે કે તેનો આડો ઊપીઓગ થતોજ નથી. દરએક ચીજનો સારો ઈઆ નરસો ઊપીઓગ થઈ શકે છે. તે ચીજને વાપરવા ઊપર તેનો આધારછે, અને તેજ પરમાણે સંણીથી અગતની વાતનો એછે કે પરીતીને બરોબર વાપરતાં શીખવી જોઈએછે. એક માં પોતાનાં બચાને ઘણી પરીતીથી લાડ લડાવેછે તો પછે બચાં બેખડ થઈ જાએછે. એક દોસત વગર સમજવે સઘલાઓને સરખા સમજી સરવે તરફ સરખી પરીતી દેખાડવા જાએછે નો કોઈ વાર તેમાં તે ફસી પડેછે. માંટે પરીતીનાં જહરા ઊપર આપણેજ અખતીઆર રેહે એવું કરવું જોઈએ અને તે જહરે કોઈને પોતાનાં જોસથી દુબાડી નહી નાખે અથવા કોઈને તંગીથી કુમલાવી નહી નાખે તેનો સંભાલ રાખવો જોઈએ.

## ધનબાઈ ધતુરો—તે કંટાલેછે કાંએ?

“આખું ઘર માંથે પડીઊંરે માએ? હવે તેને લઈ તે કેમ ચલાઊ? હું એખલી ને અટુલી તે કાંહાં જઈને મરૂ? જો રાંધણીમાં રોકઊતો ઓરડામાં કોઈ મલે નહી ને ઓંજીઆં છોકરાં મારામારી કરીને ધુળારો કરી મેલેછ. જો તે મુવાંને રાખવા બેસુંછતો રાંધણીમાં મારા કીઆ કાકાને મોકલું? ને છેવે જોકેચાકરને હાથે જો ખાંણું દાજી ગએઊંતો દીકરાઓનાંઠપકા કીએ કાંને સાંભલું? તે લોકોતો જીવતી ને જીવતી જઈને ગેલી આવે એવા, તેથી ઘેં ઘેં કરતા આવેલાજછે ને ભાનુ માંગેલુંજછે, પણ હું તે શું સુલે ચહડી બેશું? મરેરે ઘેર લઈ ચલાવવાનુ કાંમતો માહાભારીછે. મારા ખોદાએ પરથી મરદ તે મનેબી માંટીડો બનાવીઓ હોતતો પીરા ઓછી!”

ધનબાઈ ધતુરો દરરોજ આ બોલ બોલેછે, પણ બોલતી જાએછે અને વલી ઘરનો ધંધો ચલાવતી બી જાએછે, એમ કાંએ વારૂ? ઘર ચલાવતાં તે તથા બીજી ઘણી બાઈઓ કંટાલેછે કાંએ? ખોદાએ ઓરત જાતની સંરજત એજ કીધેલીછે. મરદ બાહેરનો ને બઈરી ઘરનીછે પણ મરદ પોતાના કાંમ કરતાં જેટલો કંટાલે તે કરતાં બઈરીનુ કાંમ સેહેલુ છતાં તે વધારે કંટાલો કાંએ પાંમેછે? પણ વલી જેમ એ કાંમ ધનબાઈ ધતુરાનુ અથવા બીજી કોઈબી બાંનુંનુંછે તેમજ ઈંગરેજી ઓરતોનુંબીછે; તોબી તેઓ નહી કંટાલતી ને આપણી બેહેનો ઘર ચલાવવાનું હલકું સમજેછે તેનું શું કારણ? એનો વીચાર કરવાને ધનબાઈ ધતુરાની હાલત તપાસીએ.

આ ઓરત કાંઈ ગરીબ નથી. ઈછાપોરીઆની એહેલી ઊપર તેનું ઘરતુ ઘરછે. તેનો વર ચીનમાં ચાકરીએ ગએલોછે અને ધનબાઈ ધતુરો ભાડાં વધારી વધારીને મહીને દાહાડે સારી કમાઈ કરેછે એટલુંજ નહી, પણ તેનો વર પગાર મોકલેછે અને કપડાંની પણ જરારતી સારી મોકલ ચાકલ કરેછે. આ બાઈનાં ઘરમાં વહુઓ ચાકરની બધી ગરજ સારેછે અને તોબી ધનબાઈ ધતુરો પોતાને દુખી સમજેછે. જોકે આજારી વખતમાં ને મરતાં બીહેછે તોપણ “મરેરે! ખોદાએ હવેતો જલદી તેડી લીએ ને આ અખઈ રેહઆંઓની આગલ થઈ જાંઊ એટલે બસ.” એવો જારે તે વહુઓ સાથ લડેછે તારે તે વીચાર કરેછે. ધનબાઈનાં આકલા સવભાવ તથા આડું આડું બેહેકવાની રેવ ઊપરથી પાર પડોસીએ તેનું નાંમ ધનબાઈ ધતુરો રાખીઊંછે. ઘરમાં કજીઆનાં પારાવાર થાએછે અને ગડબડ તથા દુખનોતો કાંઈ સુમાર નથી.

આપણ ધનબાઈ ધતુરાનાં ઘરમાં જઈએ. ચેહેલી ઊપરથી ચાલી જતાં કોઈ ઘરમાંથી રાખ અથવા વેહેરે કરીને આપણને કદાચ વધાવી લેવામાં આવે ઈઆ નહી આવે તોબી આપણ ઓટલા ઊપર ચહડતાંવાર બકરીના લીંડાં પગે ચમપાએછે તથા મરઘાં બટકો પગે પગ લીટલાએછે. ખરકીમાં પેસતાંજ પીંજરાંઓ ચરકાંચરકાં ગનધાએછે. ધનબાઈ પેહેલા માલા ઊપર રેહેછે. દાદર ઊપર એટલુતો અંધારૂં કે આપણ પગ થઠોસતા ચહડીએ છઈએ, અને કોઈ લુછો ખુનાંમા બેસીને ખીસો કાતરી જાએ તેની ધાસતી કદાચ શરજેટ સાહેબનાં વખતમાં આપણ નહી રાખીએ તોબી પગ તલે કોઈ બચું આવી જવાની અથવા કોઈ ચેન ચાલી જવાનીતો જરૂર વકી રાખવી જોઈએ. માલ ઊપર ગએઆ કે અંધારી ચાલમાં એકુ ધાલીઓ એવી રીતે ઊભા કીધેલા કે માંથામાં દીણું થાએ એટલું વાગે અથવા ઘરીને એવી રીતે મેલેલી કે પગનો નલો સારી પખે અફડાએ એતો ચોકસજે. ધન

બાઈના કબીલાનુ ખબરચીખાનું તથા બેઠક લોએતલી એછે, તેથી માલ ઊપર જાજુ વાપરવાસ નથી તાહાં આગલો અને પાછલો મલી બે ઓરડા તથા તરીજી કોટડીછે અને માંતર રાતનાં સુવાંને સઊ ઊપર આવે છે. ધનબાઈ જરા જીવવાલીછે માંટે આપણે ધારીએ કે ઓરડાઓમાં કંઈ નહીતો જરા હાંડી, આરસી હશે પણ તેને બદલેતો જુની અને માંથાંને નડે એવી અભડાઈઓ ઊપર ખાલી બાટલીઓ અને ખીલે ચાનનાં અથવા સુપરાં ઓરવી મેલેલાં જોઈએ છઈએ.

ધનબાઈ ધતુરો ખચરવાલછે માંટે તેનો કબીલો જોઈએ. બે મોટા છોકરાઓ આફીસમાં જાએછે જેઓમાનો એક પંદરનો પગાર લાવેછે અને બીજો કામ શીખેછે. એ બંને છોકરાઓની બાએડીઓ તથા વલી તેમનાં છોકરાં ધનબાઈની સાથેછે. તે સાથે ધનબાઈનો તરીજો નાંહાંનો છોકરો નીશાલે જાએછે અને બે દીકરીઓ પરણેલી તથા વેઆઈ જણેલીછે. પણ બીચારી ધનબાઈ બચાંની બાબદમાં કાંઈ સારા ભાએગની નથી. સાત છોકરાઓમાંથી કાહાની કીરતે આ તરણ છોકરાઓને જીવાડીઆછે અને જોકે ધનબાઈ તેઓ વીશે વાત કરે તારે કેહેછે કે "મારા જેવા હીરા છોકરાઓ કેથે દુનીઆંમાં મલશે નહી" તોબી તેઓ ખરેખર તેવા નથી. વડો છોકરો તદન બીગડી ગએલોછે. પંદર રૂપીઆનો બધો પગાર કપડાં અને ખાવા પીવામાં ખરચેછે, અને બાએડી તથા છોકરાં તેને નામે રડેછે. વચલો છોકરો તદન બાએલો અને કસી સમજ વગરનોછે. તોબી એક છોકરાનો બાપ થએઓ તોપણ કાંઈ રોટલી પેદા કરે એવી હાલતમાં નથી. સઊથી નાંહાંનો છોકરો બધા દાહાડાનો આજારીછે, તોપણ તે મસતીખોર ઘણોછે તેને જરા જરામાં રડવાની ટેવછે અને તે રડેછે તારેબી એવો કે કલાકનાં કલાક નીઠી જાએ પણ મુંગો રેહે નહી. તે છ વરસનોછે તોબી જોહાલીમાં સુવેછે, અને કેહેવતછે કે "બરી ફજર ને હાંલીમાં નજર" તેમ સહવારે ઊઠતાં વાર પેહેલ વેહેલું તે ખાવાનું માગેછે. ખાવાનીતો કાંઈ વાતજ ના પુછો. આખો દાહાડો તેનું મોહાડું ચાવતુંછે, તે લોણે લોણે ખાવા બેસેછે, અને જરા જો તેની મરજી પરમાણે કાંઈ નહી થએ ઊંતો રડવા માંડેછે જેથી ધનબાઈ ધતુરો કંટાલીને તે જે માંગે, તે તેને આપેછે. ધનબાઈની મોટાંમાં મોટી ધાક તેને નીશાલે મોકલવાનીછે, માંટે આ બચું નીશાલે જવું એ કોઈ મોટી સજા સમજેછે અને તેથી એક દાહાડો એવો નહી જતો કે જારે તે છોકરો મેહતાજીની પાંખરી વલગીને સુગે મોહાડે જતો હોએ.

ધનબાઈની બેહુ વહુઓ જવાંનછે, પણ ધનબાઈ તેઓને ઘણી ધાકમાં રાખેછે. તેઓમાંની વચલી વહુ જરા હોશીઆરછે, પણ તેને નસીબે તેનો વર ધોબીનાં ફતર જેવો મલીઓછે. તે બીચારી હેરૂસે હરૂસે ચોપડીઓ વાચેછે, કેમકે વહુઓ લખે વાંચે તેની ધનબાઈને છીરછે અને આ વહુ જારે જુવેછે કે તેનાં સારા વીચારો પાર પડતા નથી; ભરથારનુ જે સુખ તે વાચીને સમજેછે તે તેના વરથી મલતુ નથી તારે તે ખોદા સાંમે મોટી ફરીઆદ કરેછે. પણ ધનબાઈને મનસે તેનો દીકરો બઈરીને "રાહારેછે" એટલે બધુ શુખ તેમાં આવી રહેઊ. વર તેને ચાકરની માંફક તુંતાંથી હાંક મારે, બાએડી ગોલાંમડીની મીશાલે તેનીજ નહી પણ તેની માં તથા તેનાં ભાઈ બેહેનોની ચાકરી કરે, ઘરમાં છતો ચાકર તોબી તે સરદીમાં ભીનાંએ અને તાપ આગલ તપે, વર તેને એ મેહેનતનાં બદલામાં જરા વાંક પડે કે ગાલ દીએ, તેની બીચારી સમજુ બાએડી ખોલી રીતે જુવે કે તેણે મોજં નહી પેહેડવાથી સરદી થાએછે. અને દુનીઆંની રચનાં આ વર સઘલી એખલો જુવેછે અને લોગવેછે એને ધનબાઈ દીકરાનું રાહાતવું સમજેછે અને તેને મનસે એમા વહુનુ પુરતુ સુખ થએઊ ! ધનબાઈની વડી વહુ ઓદલાં જેવીછે. તેને કસુ આવડતુ નથી અને તેથી તે તેનાં એસકી વરને ગમતી નહી. તેનો વર આખો દાહાડો અને રાત ઘરની બાહેર રેહેછે. તે બીચારી સારીનો કછોટો કરી વચલી વહુ કરતાં વધારે કાંમ કરેછે કેમકે તે ઘણીજ એક મારગી અને થોડુ બોલનારીછે અને તેથી તેનાં ઊપર વધારે જાપતી પડેછે. જેનુ ચાલે તેની સાથ સાસુ ચલાવેછે અને તેથી ધનબાઈ "પાચી મરોડી કોપરી એ ખણે" છે. તે વહુઓને દુખ દખાડી જુલમ પાડેછે. પોતે આજારી પડે તારે ડાકટરોને બોલાવેછે અને વહુઓને આજારી છતાં કાંમ કરવુ પડેછે. લોણાં સાસુ કરેછે પણ કાંમ બધુ વહુઓને માથેછે તોબી સાસુ બાહેર એવુ દેખાડેછે કે જાંણે કાંમ કરતાં તે મરવા પડતી હોએ [illegible] બે વહુઓને [illegible]તપોતામાં બા

જતુ નથી, તેમજ તેઓને સાસુ સાથ કજીઓ ચાલેછે અને વરની તરફનુ દુખછે. માટે આખા દાહાડા કજીઆ ચાલેછે

ધનબાઈ વેહેમી ઘણીછે. દરએક તીરથની તે માણુતા કરેછે. અગત કરીને નાંહાંનો છોકરો હંમેસ નો માંદો હોવાથી તેની પાછલ તે વેહેમે ચરી ગઈછે. તે દર મહીને આતસ બેહેરાંમમાં શુખડની એકેક માંચી ચહડાવેછે, અને ફરેસતાનાં દરાંનનો મોટો ખરચ કરેછે તે દર વરસે તાણુતમાં છોકરાને ફકીર કરેછે. હોલી ઊપર ધાંની તથા સુખડ મોકલી તથા કપડાં રંગાવી તેને હોલીઓ કરેછે. દર તલસંકરાતને દાહાડે તે છોકરાને મોટા તરાજુમાં બેસાડી ભાજી તરકારી વરે તોલી જુવેછે તે વરસમાં એકવાર ભુલેશવરમાં મરઘાં ચહડાવેછે, માંમાં અરજાંનીની એકવાર માનતા કરી આવેછે, મેહેમનાં પીરને મીઠાઈ અને મોટમાવલીના દેવલમાં મીનના હાથ તથા પગ ચહડાવી આવેછે. પોતાના એ છેવા છોકરાની દર વરસગાંઠ ઊપર તેને સુરજ આગલ ઊભો રાખી સુના, રૂપાંના ફુલે કરી વધાવી લીએછે. વલી આ ખટપટ ઊપરાંત ધનબાઈના ઘરમાં બાજ રોજતો દરરોજ ચાલુછે અને તેની ખટપટ ધનબાઈને કાંઈ ઓછી નથી. આજેતો ગોરાંણીએ પાપરીમાં ખાન ઓછી લીધી અથવા નાનખટાઈ બાલી નાખી; કાલે મોબેદ મેજને બરોબર ધોઈ નહી અથવા સેતરંજી ઊપર છોકરો જોડા લઈને ચાલી ગએઓ; એવી એવી વાતનો ધનબાઈને દરરોજ બલાપો થાએછે અને તે બુમો પાડેછે ધનબાઈ દીવાલી ઊપર ગેરીઆ રમાડેછે, નેમને દાહાડે અપવાસ કરેછે તથા ઘહુંનાં આટાનાં દીડવા બનાવી એક થાલીમાં મેલી તેમની પુજા કરેછે, નોરતાનાં ગરબાની માનતા કરેછે, દર છોકરાની સાલગરેહ ઊપર આવાંઈજતમાં પલી મોકલેછે, અને વરસમાં તરણ ચાર વાર ચોખીઆર ભરેછે તારેબી ધનબાઈને મોટી મેહેનત પડેછે. તે પાર પડોસનાં તથા સગા વાહાલાનાં છોકરાંને બોલાવેછે, જેઓને પતરાવરીમાં ચાવલ તથા દુધ ખવાડતાં અને મોધરેસના ટીલા તથા નારાંના કટકા આપતાં ધનબાઈને પચીસ વખત બુમ પાડવી પડતી હશે.

ધનબાઈને કજીઆખોર તથા બોલકનાં સવભાવને લીધે કેટલીક ખરાબ ટેવો પડેલીછે એક ટેવતો ઊપર કહેશે તેમ વહુઓને ધાકમાં રાખવાનીછે. તે એમજ સમજેછે કે સાસુને વહુ ઊપર હદથી જીઆદે શેઠાઈ કરવાનો હકછે માંટે દરએક તરાંહની આપખુદી ચલાવાને તે દરતી નથી. ધનબાઈને વલી લોકોનો કાંઈને કાંઈ વાંક શોધવાની ટેવ પડેલીછે. તેથી તે વારેવાર ભાહુતો સાથ મરાએછે. મહીનાંમાં બે તરણ વખત મોરી ઈઆ સંડાસને તે ટાલાં મારી જાએછે અથવા ભાહુતોને ધમકાવેછે જેથી કોકટ ભાહુતણીઓ કજીઓ કરેછે. વલી ધનબાઈને એક ટેવ એ પડેલીછે કે બારણેથી જે જાએ તેને હાંક મારવું. તેથી કાપડીઆ, રંગારા, મરચાં કોથમીવાલા, ઈતીઆદીને ધનબાઈ તેડતી ને તેડતી તથા "જોઈએ જોઈએ" કરીને તેઓનાં માથાં ઊપરનો બોજો ઊતરાવી માલ જોવા પછે જારે કાંઈ લીએ નહી તારે વલી તેઓ સાથ કજીઓ થાએછે, જેમાં કોઈવાર ધનબાઈ હસેછે અને કોઈવાર તો વલી બીજાજ ખોહીને કંટાલી જાએછે ધનબાઈ ને વલી દરનારી સાથ કજીઓ કરવાની ટેવછે. ચેહલી ઊપર જો એકુ ઘાટણ આવી લાગીતો તાંહાં રેહેનારાં બધાં બઈરાંઓ તેને ટેડવા મંડી જાએછે અને તેમાથી જે દરનારી ધનબાઈનાં ઘરમાં આવતી હશે તે ખુશી થઈને કદાચજ પાછી જતી હશે. "મરેરે જારો બકરા જેવો શું આટો પાડીઓ?" "મરેરે તારા હાડ કાં બરે, રાંડ જરા જોરથી ઘટીતો ફેરવ" હુકમા ધનબાઈ પોતાનાં રાબેતા પરમાંણે બોલેબોલ તેને ગાલ દેછે અને તે એક નવા કજીઆનું કારણ થઈ પડેછે.

ધનબાઈ ધતુરો મરઘાં તથા બકરાં પાલેછે મરઘાં પાલવાથી તેને ઈંડાં મલેછે તથા બકરાંથી બાજ રોજને વાસતે દરરોજ તાજું દુધ મલેછે. પણ એટલાને ખાતરે તે આ જનાવરોને તપાસતાં તથા ગલીચીની વચે તેઓની ગણતરી રાખતાં જાણે અરધી અરધ વેલી થાએછે. તેઓને અન પાંણી આપવાનું તે ભુલી જતી નથી. સહવારનાં પોહોરમાં તે મરઘાંઓને પીંજરાંમાંથી જતાં મેલેછે, અને સાંજ પડતાં તેમને ગણી તપાસીને પાછાં ભરેછે. એ વખતે તેને થોડી મેહેનત પડતી નથી. મરઘાંને પકડતાં તેઓની પુઠે દોડવું પડેછે અને સઘલાં પકડાઈ રેહેવા પછે કોઈ વખતે એકુ બેની ખુટ પડેછે. આવે વખતે ધનબાઈની અકલામણ જોઈ લેવી. પરથમતો તે પોતાનાં ઘરમાં સંધે જોઈ વલેછે. બાજટની હેઠે, ઘટીની નીચે, દાદર



ફતેઆબાદ રણનાં મુસાફરો.

નું ખુનાંમાં, ટોપલાઓમાં, સંધે અફાડ જીહીક કરતાં જો મરઘાં મલી નહી આવેતો ધનબાઈ ધતુરો ધાસતીમાં પડેછે. તેનો ઘભરાટ જોઈ પાર પડોશીઓ "શુંછે—શુંછે!" કરતાં પુછવા આવેછે અને ધનબાઈ શોધ કરતી જાએછે અને કેહેતી જાએછે કે "અરે મા એ એક કોલંન મરઘી, બકરા જેવી ને ભરેલી ચરબદાર જતી રહી." એ ઊપરથી બીજાઓ શોધ કરવા લાગેછે અને તોબી જારે નહી પાતી તારે તેને વીચાર આવેછે કે કોઈએ ચોરી હશે. માંટે પેહેલાંતો તે ભલમણસાઈથી બુમ મારેછે કે "મરૂરે મારી માએઓ! એક સફેદ મરઘી, લાલ માંજરની, પાંખ પુછરાં કાપેલી કોઈનાં ઘરમાં ભરાઈ હાએતો હાંકી દેજો મરૂ!" વલી ફરીથી બોલેછે, "પેટ તાહારીઓ કોઈએ લીધી હાએતો મેલી દેજોરે." અને તે છતાંબી જારે મરઘી નહી આવતી તારે તે બુમ પાડેછે કે "મરેરે! હવેતો હું દીકરા સમાંની ગાલ દેવશજો નહીતો કોઈ મારી મરઘી આપી દેજો." અંતે બીચારીને એ ધમકી અમલમાં લાવવાની ફરજ પડેછે. "અરે તમે મરઘીનાં સેતાં મરેરે. અરે મારી મરઘી ખાએ તેનાં પેટમાં તે જીવતી થઈને કરદી ખાએરે. અરે તેનાં સઉથી સારાં ફરજંદ હાએ તે મરેરે. અરે તેની સાત પેહેડીએ આગ લાગેરે. અરે મારી કાંની તે દુખી દુખી થઈને ફરેરે!" તેને અસકીઓવા થાઓરે! તેને કોલારો ઘસડી લઈ જાએરે એવી એવી અતીઘણી બુમોથી ધનબાઈ આખા મોહોલાને ધુજાવી મેલેછે. એવામાં કોઈવાર ધનબાઈ ધતુરાની મરઘી તેનાં ઘરમાથીજ નીકલી આવેછે તો બધી ગાલ તેના ઘરને લાગી એમ પસતાવો કરેછે અને જારે નથી મલતી તારે કેટલાક દાહાડા શુધી તેનો બલાપો કરીઆ કરેછે.

હવે હમે વધુ લમબાંણ કરતા નથી પણ એટલું જ પુછીએ છઈએ કે આવી એક ઓરત આ બાબદને મથાલે ટાંકવા મુજબ બલાપો અથવા ફરીઆદ કરે તેની નવાઈ શું ? જે બઈરીનો સવભાવ આવો કજીઆખોર, જે બઈરીનાં માંન તથા મરતબા સંબંધી વીચારો આવા ખોટા, જે બઈરીનાં વેહેમ આટલા બધા, જે બઈરી નહી કામનાં કાંમ શોધી કાહાડે, જે બઈરીને ફુરસતનો વખત ગુજારતાં નહી આવડે તે કંટાલો ખાએ તેમાં નવાઈ શુછે? ધનબાઈને રાધવુંતો પડતુ નથી, ત્રેવ્રી તેને કંટાલો છુટેછે, પણ એ કાંઈ ઘર ચલાવાની રીત નથી અને તે રીત નહી જાણીને જારે આ પરમાંણે ઘર ચલાવા જાએ તારે. તે કઠણ નહી કાંએ લાગે!

---

## કાઠીઆવાડનો થોડોએક હેવાલ.

આ પરાંત ખાતે થોડાક દીવસમાં જારે એક મોટો અને જોવાલાએક મેલો થનારછે તારે તેનો થોડોક હેવાલ ચીતર સુધાં આપવાથી હમે એક ટાંકણું સાચવેલુ સમજીએ છઈએ. કાઠીઆવાડ પરાંતનુ નાંમ ઘણી વાંચનારી બાઈઓએ સાંભલીઉ હશે. ગુજરાંતી લોકો તેથી સારી રીને વાકેફછે અને તાંહાં વસનારા લોકોમાં ગુજરાતીઓનો મોટો ભાગ આવેલોછે. કાઠીઆવાડ પરાંત ગુજરાતનાં માહેલા ભાગ મધે આવીઊછે અને કેટલીકવાર લોકો એ પરાંતનેજ ગુજરાત સમજેછે, જેમાં તેઓની ભુલછે કેમકે કાઠીઆવાડતો ગુજરાતનો એક ભાગછે. કાઠીઆવાડીઓ રજપુતની ઓલાદનાં કેહેવાએછે. તેઓ હીમતવાંન અને લડાએક લોકોછે, પણ તેઓની વસતી ઘણી નાંહાંનીછે. તેઓને ઠીર ઠરીને રેહેવાની જાજી ટેવ નથી, અને તેથી કરીને આ પરાંતમાં મોહોટા ઈઆ મોટાં મકાંણો સરખું કાંઈ ઘણુ જોવા લાએક નથી.

કાઠીઆવાડ પરાંત નાંહાંનાં નાંહાંનાં તાલુકાઓમાં વેંહેંચાઈ ગએલીંછે અને તે તાલુકા ઘણાંખરા દેશી તાલુકદારોનાં હાથમાંછે. તેઓને પોત પોતાની સતા તલેનાં ગાંમડાંમાં ગમે એવા બંદોબસતો કરવાની છુટછે અને તેથી તે રાજવંશીઓ પોતપોતાના રાજ પોતાની મરજી પરમાંણે ચલાવેછે. તેઓ ઘણુકરીને અગનાંન અને થોડી કેલવણી પાંમેલા હોએછે માંટે રાજદુવારી બાબદોમાં આપણ જેટલુ સુખ દેખીએ છઈએ તેટલાં સુખની તાંહાંની રઈએત દાવો કરી શકતી નથી. તેથી કાઠીઆવાડમાં ઈંગરેજ સરકાર દેશી દરબારમાં પોતાની તરફનાં આડતીઆને મોકલેછે અને જુદી જુદી બાબદો ઊપર રાજાઓને સમજાવી લોકોનુ કલેઆંણ થાએ એવાં કાંમ કરાવવાં એમ તે આડતીઆઓને સરકારની તરફથી ફરમાવામાં આવેછે. જો એ "રાજદુવારી આડતીઆ" સારા હોસે

છે તો શીપલા હોકમ બજાવવાની તેઓ કોશેશ કરે છે તથા તેઓથી દેશી રાજાોની રઈઅતને લાભ થાએ છે. કાઠીઆવાડ પરાંતમાં ઈંગરેજ સરકારનો જે આડતીઓછે તેને લોકોનો ઘણો વીસવાસ મેલવીઓછે તથા ઘણો સુધારો કીધોછે.

એવા એક અમલદારને કાઠીઆવાડ સરખાં પરાંતમાં મોટાં કાંમો માથે રાખવા પડેછે, કેમકે હીઆં જારે રાજ કરતાઓ પોતે અગનાંન તારે રઈએત કેટલી વેહમી અને કસમજ હોવી જોઈએ ? કાઠીઆવાડના રજપુતો સુરીઅની પુંજા કરેછે, પણ તેમજ તેઓ હીંદુઓનાં સુરતી પુંજક ધરમની ઘણીક કીરીઆઓમાં સાંમેલ થાએછે. બીજા હીંદુઓ નાત જાતનો જેટલો ફરક રાખેછે તેટલો ફરક તેઓમાં નથી. હમે ઊપર કહેઊછે કે કાઠીઆવાડમા રજપુતોની વસતી નાહાનીછે અને તેનુ એક કારણ તેઓની બાલ હંતીઆ કરવાની રસમ ગણાએછે. આ રસમ આગલ તેઓમાં અતીઘણો ફેલાવો પામેલી હતી. તેઓને છોકરીને નામે ગોએઆ પેટંમાં દુખતુ હતું. છોકરી જનમી કે તેને મારી નાખવાનો તેઓમાં રવઈઓ હતો અને એ રેવઈઆને તેઓની એક બીજી રસમથી ટેકો મલતો હતો. તે એ કે રજપુતો પોતાની ઘણી ઊંચ જાત સમજતા હતા અને તેથી પોતાની છોકરીઓને હલકી જાતો સાથ નહી પરણાવવી એવા પોતાના રેવાજને લીધે તે છોકરીઓને માંટે ઊંચ જાતના જમાઈઓ મેલવવાનું કઠણ પડતું હતું. તે કઠણાઈ મટાડવાનો એક ઊપાઓ તેઓને મનસે આ બાલ હંતીઆ કરવાની રસમ હતી. તેથી તેઓ ઊંઘાડે બારણે તથા વગર દેહસતે બાલક છોકરીઓને અફીણ ખવાડીને અથવા દુબાડી નાંખીને મારી નાખતા હતા. એવું કેહવાએછે કે સને ૧૮૨૦ પછે આ લોકોમાં ભાએગે સો છોકરીઓ એટલી નસીબવાલી રહી હશે કે જે આ ઘાટકી રસમના પંજોમાંથી છુટીને મોટી બઈરી થઈ હશે. અફસોસ! એ પરમાંણે આપણી કેટલી નીરદોશ બેહેનીઓ કસી તકસીર વગર ખોદાને બાર પાછી ગઈ હશે. આ રસમનાં અટકાવને માંટે ઈગરેજ સરકારે સખત ઊપાએઓ લીધાછે અને એવું કેહવાએછે કે હાલ કાઠીઆવાડી લોકોમાંથી એ રસમ લગભગ નાબુદ થઈછે.

પાસેનાં સફામાં કાઠીઆવાડનાં મુસાફરોનું એક ચીતર આપીઊછે. કાઠીઆવાડનાં ઘણા લોકો આંનીમેર પેલીમેર દમકવાની ટેવ રાખેછે અને તેથી તાંહાંનાં મુસાફરોનો દેખાવ જોવા લાએક થઈ પડેછે. તેઓ ઘણુ કરીને સઘલા એકઠા ચાલેછે અને તેથી એક ખોલાં મેદાંનમાં ઊંઠો અને અસબાબ સમેત તેઓને જતાં જોઈને એક લસકર ચાલી જતુ હોએ અથવા જાંણે એક આખુ ગાંમડુ હીલતુ હોએ તેવો દેખાવ લાગેછે. કાઠીવાડમાં મુસાફરોને વાસો કરવાની કોઈ સરસ અને ચોકસ જગા નથી. જાંહાં જગા મલી તાંહાં ખરી એમ વીચારી ખાતુ ખાવા અથવા આરાએસ લેવાને એકદમ તેઓ વાસો કરેછે અને તેથી કરીને પાસેનાં ચીતરમાં દેખાડવા મુજબ જુની ઈમારતોનાં ઓટલા ઊપર અને કોઈવાર ખોલી જગાઓમાં તેઓનાં ટોલાં ધાંમો નાંખી પડેલાં દીસમાં આવેછે. કાઠીઆવાડમાં મુસાફરીનુ કાંમ જરા ખીકટછે. મુસાફરોને પોતાની સાથે હથીઆરો રાખવાં પડેછે.

કાઠીઆવાડમાં ઘોડાઓની ઘણી સરસ ઊતપંતીછે. હીંઆંનાં ઘોડાઓની આખાં હીંદસતાંનમાં વખાંણ થાએછે. વલી હીઆંનાં ઊંટ ઘણાં ખરાં મારવારથી આવેછે. મારવાર ગુજરાતની ઊતરનુ એક પરાંતછે અને હીઆંનાં મારવાડીઓનુ તે સવદેશછે. મારવારના ઊંટ ઘણીજ ઊંચી બુનીઆદનાં, મોટાં કદનાં, જોરાવર તથા સારી ચાલનાછે એવુ લખનારાઓ બેઆંન કરી ગએઆછે.

## લુકરીશીઆ અને મારગરેટ— બે કવી બેહેનો.

(ગએઆ આકને સફે ૨૧૯ થી સાધણ)

લુકરીસીઆના મરણને વખતે તેની બેહેન મારગરેટ બે વરસની વએની હતી. શું તે વખત કોઈ ધારતું હતું કે તેની મરનાર બેહેનના સારા ગુણો તથા અજાએબ જેવી ચાલાકીનો તેની આ બેહેનને કુદરતથી વારસો મલશે ? પણ તેમજ થએઉં. સને ૧૮૩૩ માં જારે વાસીંગટન ઈરવીંગ નામના લખનારે મરનાર લુકરીસીઆની કવીતાઓનું પુસતક બીજીવાર છપાવા માટે તેની માંની ભેટ લીધી હતી તારે મારગરેટ માતર ૧૧ વરસની વએની હતી અને તેજ વખતે એ બાલક છોકરીના મનની ઈનતેજારીથી ઉપવા ગરહસથને જે અચરતી ઉપજી હતી તે મારગરેટે તેટલી નાહાની

વખેમાં જોડેલી કેટલીક કવીતાઓ વાંચવાથી ખરી પડી હતી. કહેછે કે જારે તે ૭ વરસની હતી તારથીજ કવીતા જોડવાની તેની શકતી જરા જરા ઉજાસમાં આવી હતી! તે ઉપરાંત વલી તેને એટલા વખતમાં મોહોડેથી વારતાઓ જોડી કાહાડવાનો માહાવરો હતો તેથી જારે પાર પહોસીઓ નાંહાંની મારગરેટની મીઠી વાતો સાંભલવા માટે દરરોજ તેની આસપાસ આવીને બેસતાં અને જારે એ બાલક ઘરડાંના સરખી ગંભીરાઇથી મનમાં વાત જોડી કાહાડી મોહોડેથી બોલી જતી હતી તારે ઘણો શુંદર દેખાવ થઈ પડતો હતો. એવી રીતે જારે તે ઉસકેરાતી તારે તેની વાતમાં કલાક નીથી જતા અને કોઈ વખતતો અધુરી રહી જવાનાં સબબથી ચોપાનીઆની ટપ પર આંણે તે બોલતી કે "એનુ સાંધણછે." વલી તેને ચીતારનો બી ઘણો શોખ હતો. તેની માં જારે ઘણી આજારી પડી તારે તેનાં મુઆ અગાઉ તેની સબી ઉતારી લેવાની તજવીજ કરતી હતી, એ ઉપર તેની મા નીચલા શબદોમાં પોતાનો શંતોશ જાહેર કરેછે. "કેવી વારેવાર તે મારાં બીછાનાં આગલ બેસતી અને જે ચેહેરો ચીતારવાને નાંમીચા ચીતારાઓ થાકા હતા તેની નકલ કરવાને તે કેટલી મેહેનત લેતી હતી. પણ તેમાં જારે તે નીસફલ થતી તારે તે મારે ગલે વલગીને રડતી હતી કે "અરે મા! મારે તમુને ખોહોવાં પડશે તોબી તમારા ચેહેરાનો એક નાંહાનો ચીતારબી મારી પાસે નહી રેહેશે અને જારે હું મોટી બઈરી થવશ તારે તમારો ચેહેરો કેવો હતો તે મને કેમ ઈઆદ રેહેશે." પણ તેની માં આવી માંદગીમાંથી બીજી વાર જીવી અને તેને બદલે થોડાં વરસ પછે મારગરેટ પોતે મરણ પાંમી.

હેઠલ ટાંકેલો નમુનો તેની જીંદગીના અગીઆરમાં વરસની એક કવીતાનોછે. જારે ફ્રેંચ તથા લાટીન ભાશા તે શીખી હતી.

"મારી બેહેન અના એલાઇજાના મોહોત વીશે."

"મારી બેહેન (લુકરીશ) ની ઘોડ ઊપર જારે હું રડતી હતી તશા અંતઃકરણથી ઘણાક દચકાં ખાતી હતી અને જારે નાહાંનીના જોબનમાં હતી તારે હું નહી જાંણતી હતી કે તુંબી મરી જશે.

"જારે તે નાહાની ફતરની ટેકડીને હું ટીકી ટીકીને જોતી હતી, જે ઊપર ફુલો અને માટી પાંથરેલી હતી તારે મેં નહી વીચારીઊં હતું કે તારૂં સુંદર શરીર પણ એવુંજ ગતી વગરનું અને ઠંડુ થશે.

"જારે તે નાહાની બેહેન (લુકરીશ) નો રમતીઆલ પરી સરખો આકાર ઇનતેજાર પીઆરની આંસુ ભરી આંખ આગલથી છુટો પડીઓ તારે મેં નહી વીચારીઊં કે તારે માટેથી હમોને એવોજ ગમ કરવો પડશે અથવા તુંબી એટલી જલદી મરશે.

"હા, જહલકતા હીરા! જારે તું હીંઆં મોહોતના ફરી વલતા જમાથી વેગલી હતી તારે આપણા રડતાં મા બાપ પોતાના આંસુ લુછીને તુંને કેહેતાં કે "આપણે શું કાંમ રડીએ? હજુર તું જીવતીછે."

"તેઓએ પોતાનો દરએક ભલો વીચાર તારી તરફ ફેરવીઓ હતો, દરએક ખુશાલીની આશા તુને આપતાં હતાં અને તારા રોશન ઊપર ખુશી થઇને તેઓ ઇસ્વરી ફરેસતાના રોશન અરધાં અરધ ભુલી ગએઆં હતાં.

"પણ તું એક જાલમ જંજાલની દુનીઆંમાં ખુશીથી વસનારી બેહેનતો હવે ગઇ, સદાની ગઇ; હવે હમારો ગમ કશા અટકાવ વગર રેલાશે, હમારા શોગના આંસુ કશી મના વગર વેહેશે."

આ કવીતાનો ગુજરાતી તરજુમો કરતાં અસલની ખુબી ઘણી ઓછી થઇછે, તોપણ તેમાંના વીચારો તથા જુસાનો મનમાં થોડો ઘણોબી ખેઆલ ઉતરેછે અને ૧૧ વરસની છોકરી કેવી નાદર કવીતા કરી ગઈછે તે દેખાડવાને એજ નમુનો બસછે. મારગરેટ આવા જુસાને આધીન થવાથી લુકરીશીઆની માફક તેની પણ જીંદગીની દોરી ટુક મુદતમાં પુરી થઇ કેમકે ઉપલી કવીતા જોડીઆને ચાર વરસ પછે ઈઆને પોતાની પંદર વરસની ઉમરમાંતો તે મરી ગઈ. મોહોતની આગમચ પાછલા દીવસો ઉપર તેનો લખવાનો શોખ નહી અટકે એવો હતો અને તેણે અતીઘણું લખીઉં હતું, પણ અંતે હરરતા ખહીને તે રોગ થઈ. તેની છેલી ઘડીનું બેઆન તેની મા નીચલા શબદોમાં આપેછે, જે બીચારીની બે આવી કવી દીકરીઓ ભર જુવાંનીમાં મુવાથી તેને ઘણો ઘાહા લાગો હતો. તે લખેછે કે—"હું સગડી આગલ જઈને કુપકું જોતી હતી તેવામાં મારગરેટે પોતાના બે હાથ લાંબા કરીને મને કહેઉં કે 'મા, મને તમારા હાથમાં લેવો.' મેં તેને બીછાંના ઉપર બેસાડી તથા પછે તેની પાસે બેસી મારા હાથ મેં તેની કમરની આસપાસ નાખીઆ. તેનું ડોકું મારી છાતી ઉપર પડીઉં અને તેણે પોતાની આંખો ઉંચી કીધી. તે આંખોને હું કદી ભુલી જવશ નહી. તેણે મને પુછીઉં કે 'મા મને કેહો કે આ શું મારૂં મોહોતછે?' મેં મારો હાથ તેના સફેદ કપાલ ઉપર મેલીઓ, તે ઉપર ઠંડો પરસેવો પહેલો હતો. મેં ધીમેથી જવાબ દીધો કે 'હા, મારી વાહાલી દીકરી,' પણ તેટલાંતો તેની આખર આવી ચુકેલી હતી. તેણે ફરીથી એકજ વખત મને જોઈ જે પછે તેનું રૂહ ખોદાને બાર ગએઉં હતું."

લુકરીશીઆ અને મારગરેટ ગમે એટલી હોશીઆર હતી, પણ એવાં બચાં શું કાંમના? આ બે બેહેનો જો વધારે મુદત જીવી હતેતો વધારે કીરતી મેલવતે, પણ તેઓને જીવાડવાના ઉપાએજ કીધેલા નહી, તેઓનું મન કસાએઉં તેમ તન કસવાની ગોઠવણ કીધેલી નહી, તેઓની તનદરોસતી સુધારવા માટે તેઓને કસરત મલેલી નહી, તારે તેઓ કેમ જીવે? ઘણા હોશીઆર અને થોડાં સુખી કરતાં થોડાં હોશીઆર અને ઘણા સુખી બચાં વધારે સારાં સમજવાં.

## અજાએબ જેવા સપનાઓ.

શરીરની ઈંદરીઓ ઊપર અસર થવાથી તથા આગલા બનાવો ભુલી જવા પછે અચણુચા તે ઊંઘમાં ઈઆદ આવવાથી જે સપનાં આવેછે તથા મનમાં ભમતા વીચારો સપનાંનુ રૂપ પકડવા પછે તે વીચાર ખરા પડે તારે સપનાં ખરા પડેલા કેહેવાએછે તે વીશે આગલા એક આંકમાં હમે કેટલાક રમુજી દાખલા આપીઆ હતા. બીજા દાખલાઓ એવા પુરશો વીશે જણાંએલાછે કે જેઓને ભુલી ગએલા બનાવો ઈઆ

ઇ આવેછે એટલુજ નહી પણ સપનામાં તેઓ ભુલી ગએલી ભાશાઓને પણ ઈઆદ કરેછે. ઈઆદદાસતની આ અસર કોઈવાર ફાએદાકારક થઈ પડેછે અને પેલો એક શખસ જેણે સપનાંમા પોતાના બાપને જોવાથી પોતાના દેવાદારની અગવડમાથી છુટો હતો, તથા પેલો પાદરી જેણે પોતાના ઘરમાં આગ લાગેલી સપનાંમાં ધારી હતી તે દાખલાઓને હમારી વાંચનારીઓ ભુલી ગઈ નહી હશે.

એડીનબરો ખાતે રેહેનારા એક વકીલે એક મીલકતનાં અગતનાં ખતને એવે ઠેકાંણે મેલીશ હતુ કે ઘણી શોધ કીધા છતાં તે તેને જડીઊ નહી. માટે અઓ દાહાડો તે મેલવવાને ઘણી મેહેનત કરતાં થાકીને રાતનાં તે સુવા ગએઓ. રાતનાં તે વકીલના છોકરાને તેજ વીશે એવો સપનો આવીઓ કે ઊપલુ ખાત જારે તેનાં બાપને હવાલે કીધુ હતું તારે ટેબલ ઊપર તેનાં એક ચોકસ કુલનાં પણ દસતાવેજો હતા. એ બીનાં સહવારનાં તેણે પોતાના બાપને કેહેવાથી, વકીલે આ કુલનાં કાગજો જાંહાં મેલીઆં હતાં તાંહાં જઈ તપાસ કીધી અને તેમાંથી તે ખત જારે મલી આવીઊ તારે તેની ઈનતેજારી નરમ પડી. હવે એનો ખોલાસો એછે કે તેનાં બાપે ખતને ઊપલાં કાગજોમાં મેલીશ તે તેણે જોએઊ હતુ અને તે બીનાં સપનાંમાં તેને ઈઆદ આવી હતી, માટે એમાં કાંઈ ખોદાઈ આગાહી થઈ એમ વીચારીને અચરત થવાનુ કાંઈ નથી પણ અજાએબ જેવુ એછેકે ઊપલો બનાવ જેને ઈઆદ રેહેવો ઘટતો હતો તેને નહી પણ જે છોકરાએ તેને જરાબી ઈઆદ રાખવાની કોસેસ કીધી નહી હતી તેને તે બનાવ ઈઆદ આવીઓ !

એવોજ એક બીજો દાખલો આ રહેઓ—સકાટલંડમાં થોડુક ઊપર એક ફેરીએ ફરનાર વેપારીનુ ખુન થએઊં હતું. થોડા દીવસ પછે સતાવાલાઓમાં એક શખસ હાજર થઈ કેહેવા લાગો કે તેણે સપનાંમાં એક ચોકસ ઘરના ચોકસ ખુનાંમાં તે વેપારીનો સઘલો માલ દાટેલો જોએઓછે. એ સાંભલીને સતાવાલાઓ તેને લઈને તે ઘર આગલ ગએઆ અને સપનામાં જોએલી જગા ઊપરથી તે માલ મલી આવીઓ. એ ઊપરથી સતાવાલાઓને એવો શક ગએઓ કે એ ખબર આપનાર શખસે પોતેજ ઊપલું ખુન કીધું હશે. તેઓએ તેને કેદ કીધો અને તેની તપાસ ચાલવા લાગી, પણ તેનાં સારા ભાએગે એવું બનીઊં કે તે નીરદોશને સજા થતી જોઈ ખરેખરો ખુની બાહેર નીકલી આવીઓ અને સરવે ઈઘાંણી સુધાં પોતાનો અપરાધ કબુલ કીધાથી તે નીરદોશ કેદીનો છુટક થએઓ. હવે આ અનજાનાં ધણીને સપનો કેમ આવીઓ? એ શખસ ઊપલા ખરા ખુનીનો મીતર હતો, અને તેઓ બને જણ વારેવાર દારૂ પી છાકટા થતા હતા એક વખત એવું બનીઊં કે ઊપલા ખુનીથી દારૂની બાહારમાં માલ દાટવા વીશે બોલાઈ ગએઊં હતું પણ ને આ સપનો જોનારે એવી રીતે ઈઆદ નહી રાખીઊં હતું કે જેથી જાંહાં સુધી સપનામાં તેની ઈઆદદાસત મદદ નહી કરે તાંહાંસુધી સતાવાલાઓને ખોલાસો કરવાની તેને શ્રમ રેહે.

કોઈ વખત એવું બનેછે કે એક બનાવની ધાસતી લાગેછે અને પછે તે ધાસતી ખરી પડેછે અથવા તે બનાવ ખરેખર બની જાએછે. પણ બધા સપનાં એવા ખરા પડતા નથી. સપનો નહી જોતે તોબી તે બનાવ બનતે, અને ઘણા સપનાંમા જે જોઈએછે તેમ બનતું નથી, માંટે કોઈ વખત એવો બનાવ બની જાએ તે ઊપરથી સપનો ખરો પડીઓ એમ કેહવું અનઘટતુંછે. તોબી એક વાતનો વીચાર કીધો અને તેજ વાત સંજોગે તે વખત ઊપર બનીબી ગઈ એ જરાઅચરતી ભરેલુછે અને તેટલા માંટે તેવા બનાવોની જાંણવા જોગ નોંધો લેવાઈછે.

સકાટલંડમાં એક સ્ત્રીએ એકથી વધારે વખત એવો સપનો જોએઓ કે તેની એક સગીનુ તેના ઘરમાંના એક ચાકરે ખુન કીધુંછે. એ ઊપરથી તે સ્ત્રી પોતાની સગીને ઘર ગઈ અને આ સપનાંની વાત કીધાથી તેણીએ તપાસ રાખવા માંટે તેજ રાતનાં એક મીતરને ઘર મધે રાખીઓ. મોડી રાત થવા પછે તે મીતર દાદર ઊપર પગલાં સાંભલીને આગલ ગએઓ અને જોએઊંતો એક ચાકર કોલસાની એક ટોપલી લઈ ઊપર આવતો હતો. તેને પુછવામાં આવીઊં કે તે કોલસા કાંહાં લઈ જાએછે. તેણે જવાબ દીધો કે "બાઈના ઓરડામાં" એ ઊપરથી તે બાઈના મીતરને શક ગએઓ અને તપાસ કરતાં તે ટોપલીમાંથી છરી નીકલી આવી. બીજી એક સ્ત્રીનો ભતરીજો પોતાનાં મીતરો સાથ સમુદરમાં ફરવા જવાનો હતો. તેની આગમચની રાતનાં તે સ્ત્રીએ સપનો જો

ો કે તે છોકરો પોતાનાં સઘલા સાથીઓ સાથ ડુબી મુવો. એ ઊપરથી સહવારનાં ઊઠીને તેણે પોતાનાં ભતરીજાને જતાં અટકાવીઓ અને થોડા વાર પછે ખબર આવી કે તેના ભતરીજાના સઘલા સાથીઓ બોટ ઊંધી વાલવાથી સમુદરમાં ડુબી મુવા હતા. એક ગરહસથે એક રાતનાં સપનો જોએઓ કે સેતાન તેને ઊચકીને કોલસાની એક ખાનની હેઠે લઈ ગએઓ અને તાંહાં તેને હોકમ કીધો કે "જો તું મારી ચાકરીમાં નહી રેહશેતો તારો જીવ લેવશ." એ પછે ઘણી રકજીક ઊપરથી સેતાને તેને જવા દીધો પણ તેને કબુલ કરવું પડીઊં કે મારે બદલે મારા ફલાંનાં સગાને હું તારી ખીજમતમાં મોકલશ. થોડા દીવસમાં તે સગો આપઘાત કરીને મરણ પાંમીઓ. એક સ્રીએ પોતાનું ઘડીઆલ સમારવા આપીઊં હતું, પણ ઘડીઆલીએ તે પાછું નહી વાલવાથી તેને શક આવીઓ. તારબાદ તેણે સપનો જોએઓ કે ઘડીઆલીનાં ચાકરે ઘડીઆલને ઘર લાવતાં રસતામાં નાંખી દીધું હતું અને એથી તે એટલું બીગડીઊં હતું કે બીલકુલ સમારી શકાએ નહી. બીજી સહવારનાં તે સ્રી પોતે ઘડીઆલી પાસ ગઈ અને ઊપલો બનાવ ખરેખર બનેલો જણાએઓ.

આ સઘલા ખરા દાખલાઓછે, અને વેહેમીઓ તે ઊપરથી વેહમ લાવેછે પણ તેમાં અચરત થવા જોગ માતર એટલુંજછે કે કોઈ વખત એક સપનો જોવાબાદ એકાએક એવો બનાવબી બનેછે અને સંજોગોનો એ રીતે મેલાપ થાએછે. સપનાંની બાબદમાં લખવા જોગ બીજું ઘણુંછે.

## રમુજે ફુરસત.

૧ આવો છોકરાં, મારૂ નામ પારખો. તે વીશે મારીથી તમોને બોહોસ નહી થતી, કાંએકે મારૂ નાંમજ તમોને નાપસંદ પડેછે પણ તોબી દલગીર છઊં લોકોને દુખ દેવાનુ કાંમજ અને ખોદાએ સરજેલુંછે. મારે તમે જોકે મને ધીકારોછો, તોપણ તમારાંમાંનાં ઘણાંજણ પોતાની ખાંમીથી પાધરાં નહી ચાલીને હાથે કરીને અને પોતાના ઘરમાં દાખલ કરેછે. બાકી જો તેઓ ચાહેતો ઘણુ કરીને મારૂ માથુ કાપી નાખી શકે અને જુવો તારે મારા કેવા હાલ થાએછે મારૂ જે માંથુ તેજ પુછડુંછે, તોબી જારે માંથુ કાપી નાખો છો તારે હું ૨૬ થાઉ છઉં અને તમારી ખાહેશ પાર પડેછે, પણ જારે મારૂ પુછડ઼ કાપોછો તારે મારીથી કાંઈ બનતુ નથી પણ તમોને અમસથી ધાસતી ઇઆ ધપકી આપી શકું છઉં.

### ભુગોલનાં સવાલો.

૧ બાજમાં મેલવા જોગ દેશ કીઉં ?
૨ આસમાંન ઉપર દેખાતુ શેહેર કીઉં ?
૩ તીજોરીમાં પહેલુ પરાંત કીઉં ?
૪ પરણીઆ વગરની ભુશલાકા કેઈ ?

### સવાલનાં જવાબો.

(ભુવો ગએઆ આંકના સવાલો.)

૧ કાગજ—ગજ—કાગ.

ચોરસ બોલો.

| | | | |
|---|---|---|---|
| વ ખ ત | અં જી ર | જ ન મ | જીં દ ગી |
| ખ જુ ર | જી ન ત | ન ર સ | દ મ ર |
| ત ર સ | ર ત ન | મ સ તી | ગી ર દી |

## પરચુરણ બાબદો.

**ખાશો ચુકાદો**—ડાકટર ફરાંકલીન આગલ એક જણ બીજા વીશે એવી ફરીઆદ કરવા આવીઓ કે "તેણે મને લુછો કહેઓછે." ફરાંકલીને તેને પુછીઉં કે "તેં સું જવાબ આપીઓ?" તેને ઉતર મલીઓ કે "સાહેબ મેં પાછો તેને લુછો કહેઓ." ડાકટર ફરાંકલીને ચુકાદો કીધો કે "તારે ફરીઆદ કાંએ કરેછે? તમે બેહુ જણ સાચાછો."

**નવી શોધ**—છાપવાના હોનરની કલામાં હાલ એક અગતની શોધ થઇછે. જે બાંનુઓએ છાપવાનો સાંચો જોએઓ હશે તઓને ખબર હશે કે દીબાંને તે સાંચા ઉપર મેલીઆ પછે એક ગોલ રોલરથી તે ઉપર સાહી લગાડવામાં આવેછે અને તે પછે કાગજને છાપી કાહાડેછે. હવે ઉપલી શોધ એવી થઇછે કે દીબાંને સહી લગાડવાની જરૂર પડે નહી. એક કારીગરે છાપવાનાં કાગજે બનાવતી વખતે તેમાં રસાએણ સંજોગથી કેટલીક એવી મેલવણી કીધીછે કે જેથી જેવું તે કાગજ દીબાં ઉપર દબાએ તેવું તે છપાઈ નીકલેછે.

**આંધલાઓની બરદાસત**—ઈંગલંડમાં આંધલાં માણસોનાં ભલાંને માટે અગતનાં ધરમખાતાંઓ સથાપેલાં છે. આખા બેલાતમાં એવાં માંદા બાએગતાં ૩૦૦૦૦ માંણસો વસેછે અને એખલાં લંડન શેહેરમાં ૨૬૦૦ આંધલાંઓછે. તે દેશમાં ૨૧ વરસની અંદરની વએનાં ૩૦૦૦ આંધલાઓછે અને એ શઘલાં કમનસીબ માણસોમાનાં સેંકડે ૫ જણ પોતાનો જનમારો ચેનથી ગુજારી શકે એવી હાલતમાંછે. ઈંગલંડનાં જુદા જુદા બાગો ખાતે આંધલાઓને કેલવણી આપવા, ધંધા શીખાડવા તથા પારણ પોશણ કરવાને કીમતી બંદોબસતો રાખેલાછે.

**એક નવી ધાતુ**—સટરાસ બરગનાં એક પરોફેસર અસરાવેસે એક નદીનાં પાણીમાંથી એક જાતની ધાતુ શોધી કાહાડીછે. તે સુનાનાં જેવા પીલા રંગની તથા સીસાંનાં જેવી નરમછે. આ ધાતુની ફરાંનસ દેશના જહવેરીઓ ત પાસ કરવા મંડીઆછે.

---

**રાકારે ઊઠવાની ટેવ**—જે ધણીઓ હરધી હરધી રાત ઉજાગરામાં ગુજારીને પોહોડ ફાટા પછે કલાકનાં કલાક સુધી સુઈ રેહેછે તેઓને એટલુંજ કેહો કે એ પરમાંણે તેઓ દરરોજ પોતાની જીંદગીનો જેટલો વખત ખોહેછે તેટલી ગોઓઆ તેઓની જીંદગી ટુકી થાએછે. તે ખોએલો વખત એક દાહાડામાં જણાંતો નથી પણ ઘણાં વરસ સુધી દરરોજ તે ટેવથી જે વખત જાએ તેનો જુમલો લેતાં ખરેખરો વીચાર આવશે. જે માણસ દરરોજ સહવારનાં પાંચ વાગતે ઉઠેછે તેને ચાલીસ વરસે દસ વરસ વધારે મલેછે !!

---

**ચંદનીની અજાએબ જેવી અસર**—તેર વરસની વએનો એક છોકરો કાંઈ કારણને લીધે ઘરમાંથી નાંહાસી જઈને એક ઉઘાડાં ખેતરમાં ચંદની રાતને વખતે સુતો હતો. તે આખી રાત તાંહાંજ ઉંઘમાં કાહાડીને જારે સહવારનાં ઉઠીઓ તારે તેણે આંખ ઉઘાડવા છતાં તેને કસું દેખાએઉ નહી. તેને એક વઈદ પાસે લઈ જવામૂં આવીઓ પણ તેણે કહેઉ કે એ છોકરો ચંદનીની અસરથી આંધલો થએઓછે અને તેની આંખ સાજી થવાની થોડીજ આશાછે.

---

**જેવાની સાથે તેવા**—ડાકટર હાઇમ નામનાં એક મશ્કેરા શખસને ખાવાનો ઘણો હાવરો હતો. તે પોતાનાં ઓલખીતાને તાંહાં જપાટામાં જમવા બેસવાને આંનાંકાની કરતો નહી હતો. એક દાહાડે તે એક ઉમરાવ મીતરને મલવા ગએઓ. તે ઉમરાવ તે વખતે જમવા બેઠેલો હતો અને વલી ખાવાનાં કાંમમાં તેબી હોશીઆર હતો. તેને સારીપેઠે દબુસા ભરતો જોઇને ડાકટર હાઇમનાં પેટમાં આગ લાગી આવી, માટે વાત જોઇ જોઇને તે બોલીઓ કે "ભલાં આદમી, જરા જુડાઈએ મને એમતો કેહેવો કે ડાકટર જેમ હું કરૂછું તેમ તમે કરો." ઉમરાવે જવાબ આપીઓ કે "ભાઈ મારી ભુલ થઇ. હજુરથી હું કેહુછેઉં કે જેમ હું મારે ઘર આવી જમવા બેઠા છઉં તેમ તમેબી તમારે ઘેર જઇને જમો."

---

## છોડિયોની નિશાળો થઇ તેની ખુશીનું ધોળ.

"અમે ઇડરિયોગઢ જીત્યાં રે આનંદ ભલા"
એ રાગતુંછે.

અમે આજ જગતને જીત્યાંરે, હો સાહેલિયો;
વિતનાર વિકત તે વીત્યાંરે, હો સાહેલિયો.
અમે ભાવથી ભણવા બેઠાંરે, હો સાહેલિયો;
હઈયા ફૂટાના મત પડયાં હેઠારે, હો સાહેલિયો.
લિધાં લેખણ ખડિયો ને પાટીરે, હો સાહેલિયો;
દુરમતિયાના ડાચ્યાં ડાટીરે, હો સાહેલિયો.
દેશવટો વેહેમને દીધોરે, હો સાહેલિયો;
અમે જગત વિષે જશ લીધોરે, હો સાહેલિયો.
જંત્ર મંત્રનિ દિશ નહિ જાશુંરે, હો-સાહેલિયો;
હવે ઠગ થકિ કેમ ઠગાશુંરે, હો સાહેલિયો.
ભૂત પ્રેતનિ ભ્રમના ભાગીરે, હો સાહેલિયો;
નીતિ જ્ઞાનનિ નોબત વાગીરે, હો સાહેલિયો.
ધૂતિ ખાતાતા લોક ધુતારારે, હો સાહેલિયો;
ઠગિ જાતાતા કઈક ઠગારારે, હો સાહેલિયો.
એનિ આંખોમાં મરચાં મેલ્યાંરે, હો સાહેલિયો;
અમે ખૂશિથિ જ્ઞાનમાં ખેલ્યાંરે, હો સાહેલિયો.
અમે આભ ઉંડળીમાં લીધોરે, હો સાહેલિયો;
અમે વેહેમને કેદી કીધોરે, હો સાહેલિયો.
અમે પરવત પાટુએ ફોડયોરે, હો સાહેલિયો;
વેહેમખાનનો વાવટો તોડયોરે, હો સાહેલિયો.
હવે જહાંગિરિ ઢોલડા ધમકયારે, હો સાહેલિયો;
ચારે તરફ વેહેમી જન ચમકયારે, હો સાહેલિયો.
અમે ટોડરમલ રણ રોળયોરે, હો સાહેલિયો;
અમે તાનાજે મેરૂને તોળયોરે, હો સાહેલિયો.
હતા હાજિયા જે હઠીલારે, હો સાહેલિયો,
ધીમે ધીમે તે પડયા ઢીલારે, હો સાહેલિયો.
જીત્યો સગળે ઠેકાણે સુધારોરે, હો સાહેલિયો;
હારિ બેઠો બિગાડો બિચારોરે, હો સાહેલિયો.
અમે થયાં સુધારાના સંગીરે, હો સાહેલિયો;
છોને કૂટતા લોક કુઢંગીરે, હો સાહેલિયો.
અમે પામિયાં પુસ્તક પાનાંરે, હો સાહેલિયો;
છોને દુરજન બડબડે છાનાંરે, હો સાહેલિયો.
અમે દેશમાં ડંકો દીધોરે, હો સાહેલિયો;
અમે લડી લંકાગઢ લીધોરે, હો સાહેલિયો.
અમે ભણતરે ભંડાર ભરિયારે, હો સાહેલિયો;
અમે અશલિ ધરમ આચરિયારે, હો સાહેલિયો.
અમે પાખંડ ખંડન કીધુંરે, હો સાહેલિયો;
સાચા નાહ તેને શ્રીફળ દીધુંરે, હો સાહેલિયો.
સત્ય સુરજ ઉગ્યો થયું સારૂંરે, હો સાહેલિયો;
ગયું અજ્ઞાનનું અંધારૂંરે, હો સાહેલિયો.
આખા જગમાં થયું અજવાળુંરે, હો સાહેલિયો;
કીધું કપટીનું મોઢું કાળુંરે, હો સાહેલિયો.
જાદુખોરા તે પડિયા જુઠારે, હો સાહેલિયો;
એણે હારિને પકડયા અંગુઠારે, હો સાહેલિયો.
થયો જય જયકાર જગતમાંરે, હો સાહેલિયો;
પડિ ભેલી પાખંડિના મતમાંરે, હો સાહેલિયો.
ગોરિ ભણવા લાગી ગામો ગામેરે, હો સાહેલિયો;
દીઠી દીઠીતે દલપતરામ રામેરે, હો સાહેલિયો.

# સ્ત્રીબોધ

"દેશની હાલત સુધારવાની સરવેથી સરસ રીત એકે માતાઓ ગ્યાની થાએ તેમ કરવું"

(ને૦ બોનાપારટનું વુરતાંત.)

(૫૮૩)

## પુસતક ૭ મું.

જાનેવારીથી ડીસેમબર સને ૧૮૬૩ સુધી.

૦૫૯
સ્ત્રી બો.



D 2012

મુંબઈના

દફતર આશકારા છાપાખાના મધે છાપીઉંછે.

૧૮૬૩